

જીવન-ચરિત્ર

# અધ્યાત્મ મહાવીર

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી



શાસન નાયક શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી

(જીવન-મણિ ટ્રસ્ટના સૌજન્યથી)

# કાલ્પનિક
# અધ્યાત્મ મહાવીર
## ભાગ-૨
[ પ્રસંગપટ—હિતોપદેશ ]

રચયિતા
અધ્યાત્મ—જ્ઞાનદિવાકર
સ્વ—પર શાસ્ત્રવિશારદ
યોગનિષ્ઠ આચાર્ય
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી**

પ્રકાશક
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક
પ્રકાશન સમિતિ**
ઝવેરીવાડ, અમદાવાદ.

પ્રકાશક : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક પ્રકાશન સમિતિ

૧. બાલાભાઈ વીરચંદ દેસાઈ
૧૩બી, ચંદ્રનગર સોસાયટી, અમદાવાદ-૭

૨. શાહ ચીમનલાલ જેચંદભાઈ
કાળુપુર, શેઠ મનસુખભાઈની પોળ, અમદાવાદ

પહેલી આવૃત્તિ
ઈ. સ. ૧૯૬૯
વિ. સં. ૨૦૨૫

કિંમત ત્રણે ભાગના રૂ. ૨૫

પ્રાપ્તિસ્થાનો

જૈન પ્રકાશન મંદિર
જશવંતલાલ ગિરધરલાલ શાહ
દોશીવાડાની પોળ; અમદાવાદ

મુંબઈ
શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ: પાયધુની, મુંબઈ

પાલીતાણા
શ્રી સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે, પાલીતાણા

મુદ્રકો : શાંતિલાલ જૈન • પ્રશાન્ત મુદ્રણાલય, સીટી મીલ કમ્પાઉન્ડ, અમદાવાદ
અંબિકા પ્રિન્ટરી : રાયપુર દરવાજા બહાર, જૂના લાટી બજાર, અમદાવાદ
આવરણ : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા, અમદાવાદ-૧.



શ્રી ૧૦૮ અમર ગ્રન્થોના મહાન પ્રણેતા દિવ્ય જ્યોતિર્ધર
અધ્યાત્મ જ્ઞાન દિવાકર સ્વ-પર શાસ્ત્ર વિશારદ યોગનિષ્ઠ

## આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી.

જન્મ...... સં.૧૯૩૦ વિજાપુર
આચાર્યપદ સં.૧૯૭૦ પેથાપુર

દીક્ષા..... સં. ૧૯૫૭ પાલનપુર
સ્વર્ગવાસ સં. ૧૯૮૧ વિજાપુર

પગલાં પડયાં ત્હારાં અહો જયાં, તીર્થ તે મારે સદા,
તવ પાદની ધુલી થકી ન્હાતો રહું ભાવે મુદા;
તવ પાદ્મપદ્મે લોટતાં પાપો કર્યાં રેહવે નહિ,
તેં ચિત્તમાં જે માનિયું તે માન્ય મારે સહી.




જે જેનું છે તે તેને

**પરમ દાદા ગુરુદેવને !**

—દુર્લભ સાગર

# ઓ ભવ્ય પ્રતિમા

' **સ્વ. બુદ્ધિસાગરસૂરિજી** વિરાગતામાં ખેલતા, સંપ્રદાયમાં તો શોભતા, પણ અનેક સંપ્રદાયીઓના સમુદાય સંઘમાં પણ એમની તેજસ્વિતા અછાની નહોતી.

' **એમની** ભવ્ય મૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મુખારવિંદ, ઉચ્ચ અને પુષ્ત દેહસ્થંભ, યોગીન્દ્રના જેવી **દાઢી** ને જબરદસ્ત દંડ.

' **આપણે** સૌ માનવજાત મૂર્તિપુજક છીએ. અને એ ભવ્ય મૂર્તિ અદશ્ય થઈ છે, છતાં પણ નિરખી છે, તેમના અંતરમાંથી તે જલદી ભુંસાશે નહિ જ.

' **આનંદઘનજી પછી** આવા અવધૂત જૈન સંઘમાં થોડા જ થયા હશે. સાથેના શિષ્યમંડળના તો બ્રહ્મજન્મદાતા, પિતા ને શિરછત્ર ગયા છે.

' **એક મારું ભજન** સાંભરી આવે છે, તે લખું છું. તેનું પ્રથમ ચરણ તો જૂના એક પ્રસિદ્ધ ભજનનું છે, એમાં શ્રી બુદ્ધિસાગરજીની જ જાણે આત્મપ્રતિમા ઉતરી હોય એવું છે—

**મળે જો** જતિ સતિ રે, કોઈ સાહેબને દરબાર,<br>
ધીંગાધોરી ભારખમાં, સદ્ધર્મતણા શણગાર,<br>
પુણ્યપાપના પરખંદા, કંઈ બ્રહ્મતણા અવતાર. મળે જો<br>
આંખલડી અનભોમાં રમતી, ઉછળતાં ઉરનાં પૂર,<br>
સત્ ચિત્ આનંદે ખેલે છે, ધર્મધુરંધર ધીર. મળે જો

—**મહાકવિ શ્રી નાનાલાલ**



# નિમિત્તમાત્રમ્

સારાં કાર્યોના નિમિત્ત થવું, એ પણ સદ્ભાગ્યની નિશાની છે. પૂરાં પુણ્યે એ સાંપડે છે. એવું એક સદ્ભાગ્ય આજે મને સાંપડ્યું છે, ને એ માટે હું મારા જીવનને કૃતકૃત્ય માનું છું.

ધર્મ અને સમાજની ઉન્નતિ માટે સદા ઝંખનાર, યોગ અને અધ્યાત્મને સંજીવની મારનાર, જૈનધર્મને વિશ્વધર્મ પ્રસ્થાપિત કરવા ઇચ્છનાર, આચારે અહિંસા ને વિચારે અનેકાંતને સક્રિય કરનાર પરમ પૂજ્ય મારા દાદા ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ પોતાના જીવનકાળમાં એકસો આઠથી વધુ અમર ગ્રંથો રચ્યા હતા, ને ધર્મ–સમાજને ભેટ ધર્યા હતા.

મૃત્યુંજયને પોતાના અવસાનની અંતર–ખબર આવી હતી. છેલ્લો 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' ગ્રંથ અજબ શૈલીમાં લખી રાખ્યો હતો, પણ પ્રગટ કર્યો ન હતો. તત્કાલીન સમાજની આળી લાગણીઓને ખ્યાલમાં રાખી એ યુગદ્રષ્ટાએ પોતાના અવસાન પછી પચ્ચીસી વીતે પ્રગટ કરવાનો આદેશ આપ્યો હતો.

પચ્ચીસી પૂરી થઈ. સ્વ. સૂરીશ્વરજીનું જીવનચરિત્ર યોગનિષ્ઠ આચાર્ય' શ્રી જયભિખ્ખુ ને સ્વ. પાદરાકરની કલમે બહાર પડ્યું. શ્રી. મણિલાલ મો. પાદરાકર, શ્રી. મંગળદાસ લ. ઝવેરી, શ્રી. ચંદુલાલ ન. ભાખરિયાએ ને સ્વ. સૂરીશ્વરજીના બાળગોઠિયા, શ્રદ્ધામૂર્તિ પરમ શ્રાવક શ્રી. લલ્લુભાઈ કરમચંદ દલાલે આ ગ્રંથ પણ પ્રગટ કરવાનો નિર્ણય તેમાં જાહેર કર્યો હતો.

જાણીતા લેખક શ્રી. જયભિખ્ખુને આ ગ્રંથ સંશોધિત કરવા માટે સોંપવાનો નિર્ણય પણ લેવાવાની તૈયારીમાં હતો ત્યાં શ્રી. જયભિખ્ખુને આંખની તકલીફ ઊભી થઈ, ને કામ વિલંબમાં પડ્યું. તે પછી શ્રી. પાદરાકર, શ્રી. લલ્લુભાઈ, શ્રી. મંગળદાસ ઘડિયાળી વગેરે મહાનુભાવો કાળક્રમે મહાકાળની વિવર્તલીલાને પામ્યા, અને કામ વિશેષ ખોરંભે પડ્યું.

એકદા મારા ચિત્તમાં આ અધૂરું કાર્ય હાથમાં લઈને પૂરું કરવાની ભાવના જાગ્રત થઈ. મને એમ લાગ્યું કે સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી તથા પરમ તારક વાત્સલ્યવિભૂતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. ના શિષ્યો માથે આ ઋણ છે. આ ઋણ ઓછા સાધન–સહાયવાળા મેં ફેડવાનો નિર્ણય કર્યો: ને મારા પરમ આરાધ્ય ગુરુદેવનાં આદેશ–આજ્ઞા માગ્યાં.

અંતરના આશીર્વાદ સાથે આજ્ઞા અને આદેશ મળ્યાં, પ્રથમ ભાગનું પ્રકાશન કાર્ય પણ પૂર્ણ થવા આવ્યું, તેવામાં 'સારા કામમાં સો વિઘ્ન' એ ન્યાયે કોઈ માયાવી ગુરુદ્રોહીઓના પ્રેરાયેલાં અજાણ્યાં, અજ્ઞાત ટોળાંઓ ગાડરિયા પ્રવાહે ચારે તરફથી ધસી આવ્યાં. એમાં પારકા હતા, સાથે પોતાના પણ હતા. તેઓ ગ્રંથની નુકતેચીની કરતા હતા, ને તેને સદાને માટે અંધકારમાં ધકેલી દઈ તેનું અસ્તિત્વ મિટાવી દેવા માગતા હતા. ઉપસર્ગ ને ઉપદ્રવોની તાકાત તેઓના હાથમાં હતી. મેં અને મારા સહાયકોએ શ્રી પૂજનીય ગુરુદેવના ગ્રંથનું અસ્તિત્વ જાળવવા ભરસક કોશિશ કરી. ટૂંકમાં કહું તો એ અમર ગ્રંથનું અસ્તિત્વ રક્ષવાની સામે મેં મારું અસ્તિત્વ હોડમાં મૂક્યું.

રે! જેણે જીવનભર પરમ સાધુત્વની સાધના કરી, આત્મ–કલ્યાણ પંથના અગ્રેસર રહ્યા, ધર્મને શ્વાસોચ્છાસમાં જીવ્યા–

એના કાર્ય ને વિચારમાં નુકતેચીની કરનાર આપણે પામર કોણ ?

અને દોષ દેખનાર તો ચંદ્રમાં ને સૂરજમાં પણ દોષ જુએ છે ! ઘુવડને દિવસનો રાજા સૂરજ કદી ગમ્યો નથી. એ વીતેલાં કષ્ટોની કહાણી અલ્પ કરું. સારાંશમાં જે જેનું તે તેને અર્પણ કરી આ ગ્રંથ પ્રકાશિત થાય છે.

એ પરમ કલ્યાણમૂર્તિ, મહાન યોગી, સમાજ, દેશ ને ધર્મના સાચા હિતસ્વી યોગનિષ્ઠ સૂરિરાજના ભક્તોને આ પ્રસંગે એક વાતે ચેતાવી દેવા માગું છું કે આજે એક દેહના જ અનેક અંગો વચ્ચે તેજોદ્વેષ જાગ્યો છે : અંગો–ઉપાંગો દેહથી અલગ અસ્તિત્વ માગે છે. પીંછાંને મોર ગમતો નથી. એ મહાન ગુરુદેવની સુકીર્તિના સ્તંભોને પોલા ને જમીનદોસ્ત કરવાના પ્રયત્નો પૂરજોશે ચાલુ થયા છે. આપણે સદા કાળ જાગ્રત રહીએ, કુહાડાના હાથા ન બનીએ ને સૌને સદ્બુદ્ધિ વાંછીએ.

અંગત થઈને અંતરના ઘા કરનાર પર ભાવ–દયાની દૃષ્ટિ રાખી, ટૂંકમાં મહાન ક્રાંતિકાર ને અવધૂત ઓલિયા સ્વ. સૂરિજીએ જે કહ્યું હતું તે અમે તેઓના જ શબ્દોમાં ફરી કહીએ છીએ,

'યોદ્ધો સારો અભિમુખ રહી, શસ્ત્રનો ઘાવ મારે,
પોતાના થઈ હૃદય હણતા, તે મળો ના જ ક્યારે.'

પ્રાન્તે આ ગ્રંથપ્રકાશનમાં હજારો હાથ રળિયામણા બન્યા છે. અનેક શ્રદ્ધેય આત્માઓ પાસેથી અણધારી મદદ મળી છે. એ બધું દેવ–ગુરુની કૃપા માની, એ સહુનો આભાર માની મારું વક્તવ્ય પૂરું કરું છું.

ગુરુચરણોપાસક સંઘસેવક
**મુનિ દુર્લભસાગર ગણિ**



# વિશ્વતોમુખી પ્રતિભા

' સવી જીવ કરું શાસન રસી,
ઐસી ભાવ દયા મન ઉલ્લસી.'

**ઓગણીસમી સદી**નું ચોથું ચરણ અને વીસમી સદીનું પહેલું ચરણ–એ બે ચરણોનો સંધિકાળ દેદીપ્યમાન વિભૂતિઓનો અસ્તિત્વ કાળ હતો. એ વખતે પોતાનાં શીલ, સંસ્કાર અને પ્રતિભાથી જગતભરમાં નામના પ્રસારે તેવા મહાપુરુષો કર્મભૂમિ ભારતમાં વિદ્યમાન હતા, ને આધ્યાત્મિક, યોગિક, ધાર્મિક, દાર્શનિક ને ભૌતિક ક્ષેત્રે પોતાની કામગીરી અને પ્રભાવથી સર્વને આંજી રહ્યા હતા.

એ વખતે જૈન ધર્મના ક્ષેત્રે–એક રીતે કહીએ તો જગતધર્મના ક્ષેત્રે–મહાન સાધુ, પ્રકાંડ પંડિત, પરમ યોગી, પરમ અધ્યાત્મનિષ્ઠ ને ગુજરાતી–સંસ્કૃતમાં ૧૦૮ થી વધુ ગ્રંથોના પ્રણેતા આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પ્રાકટ્ય પામ્યા, જેમની આ હજી સુધી અપ્રગટ અને અંતિમ કૃતિ આજે પ્રથમવાર પ્રકાશ પામે છે.

પુણ્યશ્લોક સૂરિજીના હૈયામાં ધર્મ, દેશ ને સમાજ માટે અનહદ લાગણી હતી. તેઓ શ્વાસે શ્વાસે એ ત્રણેનું કલ્યાણ વાંછી રહ્યા હતા. તેઓ સમાજ સિંહોનો ઇચ્છતા હતા, દેશ મૃત્યુંજયોનો માગતા હતા ને ધર્મ સમન્વયશીલ ત્યાગીઓનો ચાહતા હતા. આ ભારતભૂમિ પર તેમને અસીમ પ્રેમ હતો. તેઓ એક સ્થળે લખે છે કે–

' આર્યાવર્તની એક ચપટી ધૂળમાં જે સાત્ત્વિક અણુ–રેણુઓ વિલસી રહ્યાં છે, તે અન્ય ભૂમિમાં નથી જ.'

આ ભાવનામાંથી પ્રસ્તુત કૃતિનો જન્મ થયો હતો. જીવનનાં અંતિમ વર્ષોમાં એમનો આત્મા વિશ્વનાં અણુ–પરમાણુ સાથે સમત્વ અનુભવી રહ્યો હતોઃ એ જ ઉત્કટ ભાવનાથી સમગ્ર વિશ્વનું હિત દૃષ્ટિમાં રાખી, જીવનનાં વિશાળ ફલકોને આવરી લેતી આ કૃતિ તેઓએ નવી જ માંડણી, અનોખી બાંધણી ને અવનવીન શૈલીથી જૈનધર્મપ્રેમી ચારે વર્ણો માટે રચી હતી.

અનુગ્રહ બુદ્ધિવાળા યોગીઓ, સાધુઓ ને લેખકો ઉપાદેય સાર વસ્તુને કાવ્ય, ચંપૂ કે નાટક અથવા એવી કોઈ નવીન આકર્ષક શૈલીમાં કે ઢબમાં રચે છે, જેથી સામાન્ય જનતા પણ તેના પર આકર્ષાય અને તેનો પૂરો લાભ લે. એમ આ મહાન કૃતિ અનોખા ઉપદેશાત્મક ઢબે રચી હતી, ને વાચકોના ચિત્તમાં ચેતના પ્રગટ કરે એવી રીતે એને દિવ્યતા અર્પી હતી.

પણ એ કાળ આજથી પચાસ વર્ષ પહેલાંનો હતો. ભાવનાના દિવ્ય વિહાર જેવી આ કૃતિ સાંપ્રદાયિક અભિનિવેશવાળા જમાનાને પચવામાં સિંહણના દૂધ જેવી ભારે પડશે, એમ તેઓને લાગ્યું હતું: ને દયાપતી ભાવના દિલમાં ધરનાર એ પરમ અધ્યાત્મ યોગીએ ' ધીરે ધીરે સુધારાનો સાર ' એ દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખી—એ હસ્તપ્રત પોતાના ભક્તને સુપરત કરતાં કહ્યું હતું :

'મારા અવસાન પછી, એક પચ્ચીસી વીતે આ પ્રગટ કરજો.'

મહાન હિતચિંતક સૂરિરાજ સ્વર્ગવાસ પામ્યા, પચીસ વર્ષનો કાળ વ્યતીત થયો; એ વખતે એમની પરમ અનુરાગી કેટલીક વ્યક્તિઓ હયાત હતી. તેઓ પ્રસ્તુત ગ્રંથ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' પ્રગટ કરવાની પેરવીમાં હતી. એ માટે સારા સંશોધકને –જે સ્વર્ગસ્થ સૂરિજીને સમજતો હોય, એમના હૈયાના હાર્દને પકડી શકતો હોય તેને–શોધી રહી હતી, ત્યાં એ મહાનુભાવોનુ અવસાન થયું. વસ્તુ વિલંબમાં પડી; પણ આખરે પિસ્તાળીસ વર્ષે એ ગ્રંથ શાસનદેવની કૃપાથી જાહેરમાં આવે છે. કોઈ વાર વિલંબ પણ કાર્યક્ષમ બને છે.

યદ્યપિ કાળદ્રષ્ટા સૂરિરાજની માન્યતાની સત્યતા આજે–પચીસ નહિ પણ લગભગ પચાસ વર્ષે પણ–સત્ય અનુભવાય છે.

ચાલુ ચીલાને ચાતરતી, સત્યને નિર્બંધ રીતે પ્રગટ કરતી હરએક મહાન કૃતિ સામે જૂનવાણી સમાજે હમેશાં પાંખો ફફડાવી છે, ચાંચો મારી છે ને કોલાહલ કર્યો છે, છતાં સત્ય આખરે સત્ય ઠરે છે, અને સત્યને જ પ્રસ્થાપિત કરે છે. એવી અણમોલ કૃતિઓ મુમુક્ષુના મન–ચિત્તને ભાવથી ભરે છે ને કર્તાના પુણ્ય આશયને પ્રસિદ્ધ કરે છે.

આ પુસ્તક અંગે ઘણો સારો ઉહાપોહ થયો છે; ને એ યુગદ્રષ્ટા કર્તાના ભાવિ કથનની સત્યતાને પુષ્ટ કરે છે.

કોલસાની ખાણમાંથી ઘણી વાર હીરો મળી આવે છે–એ કહેવત

પ્રમાણે આ ગ્રંથના કર્તા મહાન સૂરીશ્વરજી ઉત્તર ગુજરાતના ગામડાના એક કણબી કુટુંબમાંથી ઊતરી આવ્યા હતા. આ કુટુંબો સાવ નિરક્ષર હતાં. સામાન્ય રીતે એ કુળનો કોઈ જાયો નિશાળના દરવાજે જતો નહિ. ધરતી એમની માતા હતી, જે ખેડીને સત્ત્વ મેળવતા : ને આકાશ એમનું શિરછત્ર હતું, જે નિહાળીને પરમ તત્ત્વનો અનુભવ કરતા.

ધરતીના આ જાયા સૂરિજીનાં માતા–પિતા શૈવ–વૈષ્ણવ હતાં, પણ ભાવિ બળવાન છે. વીજાપુરના એક સાધુએ આ હીરાને પિછાણી લીધો ને તેના પર પહેલ પાડવા શરૂ કર્યા. એ જ ગામના એક શ્રેષ્ઠિએ એને આશ્રય આપ્યો ને શિક્ષણ–સંસ્કારની સુવિધાઓ પૂરી પાડી.

દુનિયામાં ઘણા ચમત્કારો થતા રહે છે, એમ જીવન પણ ઘણી વાર કર્મદેવના ચમત્કાર જેવું બની જાય છે. જીવનની એક પચ્ચીસી પૂરી થતાં થતાંમાં તો બહેચરમાંથી બહેચરદાસ, તેમાંથી બુદ્ધિસાગર તરીકે નિર્માણ પામ્યા. નિરક્ષર કણબી કુટુંબના એ બાળકે ત્યાગી, તપસ્વી, યોગાભ્યાસી મૂર્તિના લેબાશમાં દર્શન દીધાં.

કાળનું ચક્ર થોડાક વધુ આંટા ફરે છે : ને નિરક્ષરતાને ગળથૂથીમાં લઈને જન્મેલો એ જુવાન આત્મા દ્રષ્ટા, કવિ, વિવેચક, ફિલસૂફ ને અધ્યાત્મ યોગી તરીકે સહુનું લક્ષ ખેંચે છે. ઉર્દૂ, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત ને પ્રાકૃતના અભ્યાસી તરીકે એ પંકાય છે. કર્મના ક્ષયોપશમ કેટલા શીઘ્રાતિશીઘ્ર હોય છે, એનું એ એક જ્વલંત ઉદાહરણ બની જાય છે.

એ વખતે સાધુઓમાં શિષ્યોની બહુ મોહની હતી. શિષ્યોની સંખ્યા દ્વિગુ કરવામાં ને ઊંચો આંક રાખવામાં ગચ્છ–વાડાના આચાર્યો ગર્વ લેતા. એ વખતે આપણા આ વિદ્વાન, તપસ્વી ને યોગી આચાર્યે પ્રતિજ્ઞા કરી કે—

'હું એકસો ને આઠ ગ્રંથશિષ્યો સરજીશ. મને અન્ય શિષ્યોમાં રસ નથી. આ મારા શિષ્યો મૃત્યુ, જન્મ ને જરાથી મુક્ત હશે.'

આ નિર્ણય મીણના દાંતે લોઢાના ચણા ચાવવાનો હતો. આઠ મહિના આ ગામથી બીજે ગામ ભ્રમણ, પગે વિહાર, ઘરઘરની ભિક્ષાનું ભોજન, સાધુના નિત્યના આચારોનું પાલન તેમ જ વ્યાખ્યાન આદિ કાર્યો ઘણો સમય લઈ લેતાં હતાં : પણ સમર્થ સૂરિરાજે પોતાના નિરધારને પૂરો કરવા જીવનની પળેપળ કામમાં લેવા માંડી ને પોતાનો નિર્ણીત આંક વટાવી દીધો.

જ્ઞાની સૂરિજી જાણતા હતા કે જીવનના પાત્રમાં આયુષ્યના કણ ઓછા

છે, પણ ઓછા આયુષ્યથી પ્રજ્ઞાવંત ને પરિશ્રમવંત પુરુષાર્થી વીરો કયે દિવસે ડર્યા છે? અનુભવ એમ કહે છે કે ઓછા આયખાથી અધિક કાર્યો થયાં છે. ફક્ત ૫૦–૫૧ વર્ષનું આયુષ્ય ને તેમાંય જ્ઞાન–સ્વાધ્યાય ભરી તો એક પચ્ચીસી, છતાં જ્ઞાન અને પ્રજ્ઞાનો ફાલ કેટલો મોટો?

વળી સમર્થ સૂરિવરની પ્રતાપી લેખિની કોઈ એક ક્ષેત્રને જ ખેડીને બેસી ન રહી. વાઙ્મયના તમામ વિભાગોને આવરી રહી. તેઓએ તત્ત્વજ્ઞાન ને અધ્યાત્મ જ્ઞાનની ઊંડી ચર્ચાવાળા ગ્રંથો રચ્યા. ઇતિહાસ, વિવેચન ને જીવન-ચરિત્રોનું સુંદર સાહિત્ય આપ્યું. ધર્મનીતિના બોધભર્યું ઉત્તમ પત્રસાહિત્ય સર્જ્યું. કાવ્યો, ભજનો ને ખંડકાવ્યોનો પણ સરસ ફાલ ઉતાર્યો. માતૃભાષા સાથે દેવભાષામાં એ ગ્રંથો નિપજાવ્યા. વીસ હજાર પૃષ્ઠોથી પણ વધુ પૃષ્ઠોવાળા મબલખ આ સાહિત્યે જાણે એ કાળના વાઙ્મયને વાસંતિક બતાવ્યું.

ગ્રંથકર્તા તો અનેક થયા છે ને થશે, પણ ગ્રંથલેખકમાં અને ખાસ કરીને ધર્મ, નીતિ, યોગ ને અધ્યાત્મના લેખકમાં હોવી ઘટે એ સત્યશૂરતા ને સમ્યગ્દૃષ્ટિ આપણા મહાન સૂરિરાજમાં ભરપૂર હતાં.

તેઓ સંપૂર્ણ જૈન હતા, પણ એમનું જૈનત્વ સંસાર સાથે દ્વેષ નહોતું કરતું; સુમેળ સાધતું હતું. જિતે તે જિન, અને જે જિનના અનુયાયી તે જૈન. આ સિદ્ધાંત જોતાં તેઓ જ્યાં સદ્‌ગુણ, સંયમ ને સચ્ચાઈ જોતાં ત્યાં તેના થઈ જતા. અને આ કારણે એમનું મંડળ એકપક્ષી રહ્યું નહોતું. એ અલખમસ્તનો દાયરો કે દરબાર લેખાતો, ને તેમાં સૂરિરાજો, પંન્યાસો, પદવીધરો, જ્ઞાનીઓ, સંન્યાસીઓ, શંકરાચાર્યો, વિદ્વાનો, ગૌસેવકો, ગોસ્વામીઓ, ગૃહસ્થો, ભજનિકો ને મીરો રહેતા. અઢારે આલમ અહીં એક આત્માના આરે એકત્ર થતી.

અહીં એકાંતે સૂરીશ્વરજી આત્માની વાતો કરતા. સહુને ભારપૂર્વક કહેતા :

'અધ્યાત્મી બનો. યોગ શીખો. યોગસિંહ બનો. અધ્યાત્મજ્ઞાનથી આત્મા પરમાત્મા બને છે.'

સૂરિજીની આત્મરમણા ને બ્રહ્મનિષ્ઠા અપૂર્વ હતાં. સાથે એ કાળના નમન કરી શકાય પણ ઓળખી ન શકાય એવા જોગંદર હતા. સંસારના સર્વ જીવો એમના પ્રેમી મિત્રો હતા : ને એમાં શ્વાન, સર્પ, કીડી ને મકોડી પણ આવી જતાં હતાં.

એ કહેતા કે સર્વ કાર્યનો પાયો વજ્રાંગ બ્રહ્મચર્ય છે. એમનો

પોતાનો આ પાયો ખૂબ જ મજબૂત હતો. અને આ કારણે તેઓની વાણીની અસર લોકો પર અદ્દભુત થતી. અને તેનું જ કારણ છે કે તેઓ દીક્ષિત થયા જૈન ધર્મમાં ને ગુરુ થયા અઢારે આલમના. વિશ્વતોમુખી પ્રતિભાની એ પ્રતિમા બની રહ્યા.

સં. ૧૯૬૯ની સાલમાં એ સૂરત હતા, ત્યારે તેઓએ પોતાની રોજનીશીમાં સાધુમંડળ, જૈન ગુરુકુળ, સાધુ પાઠશાળા, સેન્ટ્રલ લાયબ્રેરી, યોગ મંડળની સ્થાપના વગેરે વિશે લખતાં લખતાં એક સરસ સર્વાંગ સુંદર મહાવીર ચરિત્ર વિશે પણ ઉલ્લેખ કર્યો હતો :

'શ્રી. મહાવીર સ્વામીનું જીવનચરિત્ર હાલની ઉચ્ચ પદ્ધતિના અનુસારે રચાવું જોઈએ. અને એ ચરિત્રનો ઘણી ભાષામાં અનુવાદ થવો જોઈએ. મહાન જૈનધર્મના ઉપદેષ્ટા સર્વજ્ઞ શ્રી પ્રભુવીરના ચરિત્રથી ઘણા દેશના લોકો અજાણ છે. આર્યાવર્તમાં પણ ઘણા લોકો અજાણ છે.'

આ સાથે શાસ્ત્રોને આંગ્લ ભાષામાં અનુવાદિત કરવાની ને નવા જમાનાની શૈલી પ્રમાણે જૂનાં ચરિત્રોને નવીન ચરિત્રના રૂપમાં મૂકવાથી વધારે લાભ થવાનો સંભવ છે. એમ પણ લખ્યું,

ધર્મજ્ઞાન વિશે તેઓ એક વાત સચોટ નોંધે છે કે ધાર્મિક જ્ઞાન વિનાનું વ્યાવહારિક જ્ઞાન એક આંખે કાણા મનુષ્ય જેવું છે.

સૂરીશ્વરજીની નીડરતા પણ અપાર હતી. જૈન ધર્મને એ વિશ્વધર્મ માનતા હતા, એટલે નાના વિવાદો એમને પસંદ નહોતા. આત્મોન્નતિ કરનારાં સાધનોને એ હેતથી સ્વીકારતા ને આત્માને બાધક તત્ત્વો સામે નીડરતાથી બાખડતા. એમના વિશે—જેમ સંસારના મહાપુરુષો વિશે સામાન્ય રીતે બનતું આવ્યું છે તેમ—ભયંકર ગપગોળા ઉડાડવામાં આવ્યા હતા. કેટલીક વાર તેઓએ તેના રદિયા આપ્યા હતા ને કેટલીકવાર કાર્યરત રહીને મૂંગો જવાબ વાળ્યો હતો.

ઘણી વાર એ કહેતા કે 'દુનિયામાં ટીકા કરનારા લાખો છે. પણ પોતાની ટીકા ન થાય તે રીતે પ્રવર્તનાર અલ્પ છે.'

તેઓ કહેતા કે વિદ્વત્તા સાથે ક્ષમા, મૈત્રી ને દયા અનિવાર્ય છે. છેલ્લે ટીકાકારોની નિંદા સામે એ આર્યદ્રષ્ટા ગગનમંડળ ગજવતા સ્વરે ગાતા :

'હમ તો દુનિયાસે ન ડરેંગે,
આતમધ્યાન ધરેંગે.'

વિ. સં. ૧૯૭૦માં પુનઃ મહાવીર ચરિત્ર માટે નોંધે છે :

'જૈનોના હૃદયમાં શ્રી. વીરપ્રભુનું ચરિત્ર સ્થાપિત થઈ જાય એવું ગૂર્જર વાઙ્મયમાં અદ્યાપિ પર્યંત કોઈ પુસ્તક બહાર પડયું નથી.

'શ્રી વીરપ્રભુના બાહ્ય તથા આંતરિક ચરિત્રનો અનુભવ મળે એવું પુસ્તક ગમે તે જૈનના હાથે તૈયાર થાઓ એવી ભાવના છે. શ્રી. વીરપ્રભુના સદ્‌વિચારોથી સમગ્ર વિશ્વ ગાજી ઊઠે ત્યારે શ્રી વીરપ્રભુની દીપાવલિ સાચી ઊજવી કહી શકાય.'

સાધુના જીવનમાં આલોચના ને પર્યાલોચના સદાકાળ ચાલતાં હોય છે. વિદ્વાનસૂરિરાજે આ વસ્તુને વધુ વેગ આપવા દીક્ષાકાળના વર્ષથી ડાયરી લખવી શરૂ કરી હતી, એમાં અગિયાર વિષયો ચર્ચવાના નક્કી કર્યા હતા: આચાર, પરોપકાર, ઉપદેશ, ધ્યાન, લેખન, વાચન, સત્સંગ, અનુભવ, દુર્ગુણો, સદ્‌ગુણો, ઉન્નતિકારક કાર્યો ને સુધારાના વિચારો ઇત્યાદિ.

આ અગિયાર વિભાગો એમના આચાર–વિચારની પ્રતીતિરૂપ છે. જેનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોય એ જ મુક્તમને આવી ડાયરીઓ લખી શકે છે. કાચાપોચા કે મનના માયાવી લોકો તો એક વાકય પૂરી સ્પષ્ટતાથી પણ બોલી શકતા નથી, તો લખવાની વાત તો કેવી ? તેઓ હંમેશાં કયાંક પકડાઈ ન જવાય તેની પેરવીમાં રમતા હોય છે.

રોજનીશી એ માનસિક પ્રાયશ્ચિત્ત–પ્રતિક્રમણનું મોટું સાધન છે, ને જીવનને વધુ ખુલ્લી કરનારી વસ્તુ છે. વાચન, લેખન, મનન, વ્યાખ્યાન, વિહાર ને ધ્યાનસમાધિમાં ન જાણે લેખકે આટલી નવરાશ કયાંથી મેળવી હશે?

રોજનીશીમાં તેઓએ અનેક વિષયોને આવરી લીધા છે. લખે છે :

'પ્રેમ, સંપ, આંખમાં અમી, ગુણાનુરાગ, ઉદ્યોગ, સહાય, ઉત્સાહ વગેરે ગુણો જ્યાં પ્રગટે છે, ત્યાં તે તે ગામ શહેરનો ઉદય થાય છે !' કેટલું અનુભૂત સત્ય છે.

છેવટે કોઈ પણ જાતની ગ્રંથિ વગરના આ નિર્ગ્રંથ ધર્મના અવધૂત સાધુ લખે છે:

'અમારા ઉપર શ્રદ્ધા–પૂજ્યબુદ્ધિ ધારણ કરનારા ભક્તોએ શ્રી. વીત-રાગના વચનાનુસારે કથેલા વિચારોને આચારમાં મૂકવા પ્રયત્ન કરવો.

'અમારા વિચારો કોઈને ન રુચે તો તેણે અમારા પર દ્વેષ ધારણ ન કરતાં શુદ્ધ પ્રેમની દૃષ્ટિથી જોતાં શીખવું.

'આ દેહની પેટી વિશે રહેનાર પેટી ભિન્ન છે,
'આ દેહપેટીમાં રહ્યો, ચૈતન્ય તેનું ભિન્ન છે;
'આ પેટીનું જે નામ તેને ગાળ દે તો શું થયું?
'આ પેટીને પૂજ્યા થકી, વિશેષ તેમાં શું થયું?'

આવા મહાન જોગંદર, મહાન અવધૂત, સાથે મહાન સમાજસેવક ને સાથે મહાન સાહિત્યકારની આ કૃતિ છે. વાંચકો નીર-ક્ષીર-ન્યાયે વાંચશે, અનેકાંત દૃષ્ટિએ એની વિચારધારાને સ્પર્શશે, ને શ્રદ્ધાભાવથી આચારમાં મૂકશે તો જરૂર કલ્યાણ છે.

અલખમસ્ત ઓલિયા અવધૂતની આ કૃતિ વિશ્વનું કલ્યાણ કરો એ જ ભાવના.

# વિશ્વધર્મનું વાંગમય

'**કાલ્પનિક અધ્યાત્મ મહાવીર**'**ના** ત્રણ ગ્રંથો વાંચીને મારા આત્માને ઘણો જ આનંદ થયો. ઘણું જ ઉપયોગી અને સાચું જ્ઞાન મળ્યું, અને મોક્ષનો ખરો માર્ગ સમજવામાં આવ્યો.

એક વખત જૈનધર્મ વિશ્વધર્મ હતો, અને તેણે આપેલા જ્ઞાનમાં —સ્યાદ્વાદ ને અહિંસામાં—બધા ધર્મોનો સમાવેશ થઈ જતો હતો.

આ ત્રણ ગ્રંથોની શોધ અદ્દ્ભુત રીતે થઈ; અને તે પ્રસિદ્ધ થયા તે પણ અદ્દ્ભુત કાર્ય થયેલ છે. તેનો લાભ ઘણા માણસો મેળવી શકશે અને પ્રસિદ્ધ કરનારને મહાન પુણ્ય મળશે તેની મને ખાતરી છે.

## પહેલો વિભાગ

આ ગ્રંથના પહેલા વિભાગમાં ગૃહસ્થાશ્રમનું પૂરેપૂરું જ્ઞાન આપવામાં આવેલ છે. આદર્શ ગૃહસ્થનું જીવન કેવું હોય? માનવકર્તવ્ય શું છે? જૈનધર્મનું સ્વરૂપ શું છે? સ્ત્રીકર્તવ્ય શું છે? બાળશિક્ષણ કેવી રીતે આપવું જોઈએ તે બધો ઉપદેશ સચોટ રીતે આપેલ છે.

## દ્વિતીય વિભાગ

બીજા વિભાગમાં ત્યાગ અવસ્થાની પૂર્વતૈયારી વિષે, જે હકીકત આપવામાં આવી છે તેમાં પોતાની પુત્રી પ્રિયદર્શનાને મહાન બોધ આપવામાં આવેલ છે. દીક્ષામહોત્સવની તૈયારી અને ધર્મનો ઉપદેશ સરળ ભાષામાં ઘણો ઉત્તમ રીતે આપવામાં આવેલ છે. ત્યાગ અને સંયમનું સ્વરૂપ સમજાવેલ છે અને શ્રીમતી યશોદાદેવીને પ્રભુએ જે ઉદ્દ્બોધન કરેલ છે તે બધું ઘણું ઉત્તમ રીતે દર્શાવવામાં આવેલ છે.

## ત્રીજો વિભાગ

ત્રીજા વિભાગમાં ત્યાગ અવસ્થાનું વર્ણન ઘણું જ વિગતવાર કરવામાં આવ્યું છે. અને તેમાં ચંડકૌશિકનો ઉપસર્ગ, તેને અપાયેલી આગલા

ભવની યાદી, ત્યાગાશ્રમમાં વિહાર અને ત્યાંથી દેશના દરેકેદરેક ભાગમાં પ્રભુએ વિહાર કરીને ઋષિ–મુનિઓને આપેલો ઉપદેશ તેમ જ તેના આગલા ભવો બતાવી તેમને જે જ્ઞાન આપ્યું તે બધું જ દર્શાવેલ છે. આત્માનું સ્વરૂપ શું છે? આત્માનું રહસ્ય શું છે? પ્રેમભક્તિ કોને કહેવાય? રાજ્ય–ધર્મ શું છે, આધ્યાત્મિક વિકાસ કેમ થાય? જ્ઞાની અને અજ્ઞાનીની ઓળખ, આત્માની પ્રભુતા, મૃત્યુ પછીનું જીવન, કર્મનું સ્વરૂપ, વર્ણધર્મવ્યવસ્થા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ–તે બધા વિશે મહાન અને ઉત્તમ જ્ઞાન સર્વ કોઈ માટે આપવામાં આવેલ છે.

વિશ્વધર્મના વાઙ્મય જેવા આ ત્રણ ગ્રંથો અદ્ભુત અને ઊંચામાં ઊંચું જ્ઞાન આપનારા છે. ઘણી જ સરળ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલા છે. દરેક મુમુક્ષુ કે જેને મોક્ષની ઇચ્છા હોય તે વાંચીને દુનિયામાં રહેવા છતાં, દુનિયાનાં કાર્યો કરવા છતાં મોક્ષનો અધિકારી થઈ શકે છે તેવું સાબિત કરવામાં આવેલ છે.

દરેક માનવીને આ ગ્રંથો વાંચવા, મનન કરવા અને તેમાંથી મેળવેલા જ્ઞાનને અનુભવમાં મૂકવા હું ખાસ વિનંતી કરું છું.

આત્મા અજર અને અમર છે. અનાદિ અને અનંત છે. અનાદિ કાળથી કર્મના બંધનમાં આવેલ છે અને તેથી જ ચોરાસી લાખ જીવ–યોનિમાં રખડવું પડે છે. સંસારમાં ક્યાંય સુખ નથી. ધનસંપત્તિ અને સત્તામાં પણ ખરું સુખ નથી. તે બધું અમુક સમય પૂરતું જ છે. અને આખરે બધું છોડીને દરેક જીવને જવું પડે છે. ખરું સુખ આત્મામાં જ છે તેનો આનંદ પણ શાશ્વત છે. અને જ્યારે કર્મની નિર્જરા કરીને આત્મા પોતાના સ્વરૂપમાં આવે છે ત્યારે તે પરમાત્મા બને છે. એ માટે ગ્રંથનો સંક્ષેપ કરતાં અંતે કર્તા કહે છે કે આત્માને શોધો.

ભગવાન મહાવીરે આ ગ્રંથમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે દરેક આત્મામાં હું છું. તમે મને પ્રત્યક્ષ કરી શકો છો અને તેમ કરવાને માટે જ આ બોધ આપેલો છે. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં અને દુનિયાનું બધું કામ કરવા છતાં તમે જો તેમાં મોહ ન રાખો તો કર્મયોગી થઈને મોક્ષ મેળવી મારી સાથે એક થઈ શકો છો, તેમ સ્પષ્ટ કહ્યું છે.

ચારે વર્ણના માણસોને જો તેઓ ઊંચી ભાવના રાખીને રાગ, દ્વેષ અને મોહ છોડીને પોતાનું કામકાજ કરે તો નવાં કર્મ બંધાતાં નથી અને

આગળનાં કર્મની નિર્જરા કરી મોક્ષનું ગોત્ર બાંધી શકે છે. બધું કાર્ય ઉત્તમ વિચારશક્તિથી જ થઈ શકે છે. અનાદિ કાળથી બંધાયેલાં ગમે તેવાં કર્મોનો ઊંચી ભાવનાથી નાશ કરી શકાય છે.

આવું બધું જ્ઞાન સરળ ભાષામાં, ઉત્તમ શૈલીથી અને સાધારણ માણસ પણ સમજી શકે તેવી રીતે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. જેને દુનિયામાં રખડવું ન હોય, જન્મમરણના ફેરા બંધ કરવા હોય અને ખરેખરું સુખ અને આનંદ મેળવવો હોય તેમણે અવશ્ય આ ગ્રંથો વાંચવા જોઈએ, તેમ હું કહું છું.

## અને તેને છપાવવા

આ અપ્રગટ ને અદ્ભુત ગ્રંથને પ્રગટ કરવા માટે અધ્યાત્મયોગી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના પટ્ટપ્રભાવક ગચ્છાધિપતિ શિષ્યરત્ન આચાર્ય ભગવંત શ્રીમત્ કીર્તિસાગરસૂરીશ્વરજીના શિષ્યરત્ન અનુયોગાચાર્ય પંન્યાસપ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્યના શિષ્યરત્ન મુનિપ્રવરશ્રી દુર્લભસાગરજી ગણિરાજ વગેરેએ જે મહેનત લીધી તેને માટે જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે, અને તેમણે સમાજ ઉપર જે મહાન ઉપકાર કર્યો છે તેથી તેમનું નામ અને તેમની ગુરુપ્રીતિ અમર થઈ રહેશે.

વિનીત

રાજકોટ — મણિલાલ હાકેમચંદ ઉદાણી

૧૧-૩-૬૯ — એમ. એ., એલએલ. બી. એડવોકેટ

# ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન

**પુરુષવિશ્વાસે વચનવિશ્વાસઃ।**

**પ્રસ્તુત ગ્રંથ અમર ગ્રંથ છે.** આ ગ્રંથના કર્તા આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ છે. તેઓને સ્વર્ગવાસ પામે એક અર્ધશતાબ્દી જેટલો કાળ વ્યતીત થયો છે, પણ તેઓ પોતાના અક્ષરદેહે ને યશઃશરીરે જૈન સમાજના તેમ જ ઇતર સમાજના હૃદયમાં બિરાજમાન છે. તેઓ સ્વર્ગમાં રહીને પણ ભવ્ય જીવોના પ્રેરકસમા છે. (તેઓશ્રીની પ્રેરણા ન હોત તો આ પુસ્તક પ્રગટ કરવાનું ભલભલાનું ગજું નહોતું. એમના જ પ્રેરણાબળથી આ પુસ્તક પ્રકાશ પામી શકયું છે.) સ્વર્ગસ્થ સૂરીશ્વરે જૈન સમાજ અને ઇતર સમાજો પર જે ઉપકાર કર્યા છે, તે અવિસ્મરણીય છે.

મતિજ્ઞાનની નિર્દોષિતા અને સ્વચ્છતા ઉપર જ દિવ્ય જ્ઞાનનું તેજ અને યોગની સિદ્ધિઓ હસ્તગત થાય છે, અને પછી જ શ્રુતજ્ઞાન જાણે દેહધારી થઈને તે યોગીનાં ચરણ પખાળે છે. તે સમયે તે મહાપુરુષોનાં આન્તરચક્ષુ ખૂલી જાય છે, અને જીવન કરુણાની મૂર્તિસમું બને છે. અન્યથા પ્રસ્તુત ગ્રંથના લેખકમાં આટલી બધી અનુભવજ્ઞાનની વિશાળતા કયાંથી હોય! આવા તાત્ત્વિક, સાત્ત્વિક ને આત્મિક હિતબુદ્ધિવાળા લેખનકાર્યમાં મન, વચન અને કાયાની એકાગ્રતા ને પવિત્રતા જ મુખ્ય કારણ હોય છે.

પ્રસ્તુત આચાર્ય ભગવંતના કેવળ ૨૪ વર્ષના જ ટૂંકા દીક્ષા-પર્યાયમાં ૧૨૫ જેટલા ગ્રન્થો પ્રસાદીરૂપે જૈન સમાજને સાંપડયા

છે, જેમાંથી કર્મયોગ, કર્મપ્રકૃતિ, ઇશાવાસ્યોપનિષદ, શ્રીમદ્ દેવચન્દ્ર ભાગ ૧–૨, આનન્દઘનપદ ભાવાર્થ, ભજનસંગ્રહ ભાગ ૧૧, સમાધિશતક પ્રભૃતિ ગ્રન્થો તો ઉત્કૃષ્ટતમ ને અનન્યસાધ્ય છે. વળી આ બધા દળદાર ગ્રન્થો છે.

૨૭ વર્ષની ભરજુવાનીએ દીક્ષા લીધી, અને વૃદ્ધત્વના કિનારે પહોંચે તે પહેલાં જ સ્વર્ગવાસી થયા. દીક્ષાપર્યાયના આ ટૂંકા ગાળામાં ૨૦ હજાર પૃષ્ઠોમાં સાહિત્યસેવા કરી. આ ઉપરાંત એ યોગનિષ્ઠ મહાપુરુષે પોતાની યોગસાધના દ્વારા જે જે ભવિષ્યવાણી ભાખી, તે આજે પણ નમૂનારૂપે જોવા જેવી છે.

વિક્રમ સંવત ૧૯૮૧માં એ યોગીને શરીર ત્યાગવું છે. તે સમયે ભારતમાં સ્વરાજ્યની લડતના જુદા જુદા અખતરા થતા હતા. દેશના રાજવીઓ, શ્રીમંતો અને બીજા પણ રાજકારણી લોકો મહાત્મા ગાંધીને હસતા હતા. તે વખતે પૂ. જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજે અન્યને કલ્પનામાં પણ ન આવે તેવી આગાહીઓ કરી. જેમકે–' એક દિન એવો આવશે 'નું કાવ્ય જુઓ.

'ભારતમાં સ્વતંત્રતા આવશે અને આખા દેશમાં સ્વ–રાજ્ય પ્રાપ્તિની ખુશાલી થશે. સાયન્સ વિદ્યાઓ ખૂબ આગળ વધશે અને આશ્ચર્યચકિત કરે એવા સાયન્સ-વિજ્ઞાનના પ્રયોગ થશે.

' બધાય રાજા થશે. બધાય પ્રજા થશે. હુન્નર કલા વગેરેના પ્રયોગો ઘણા થશે, અને સૌ શાન્તિનો શ્વાસ લેશે.'

તેઓશ્રી ષડ્દર્શનના, જૈન સાહિત્યના, આગમ, ચૂર્ણિ-ભાષ્ય, ટીકાના અને ન્યાયશાસ્ત્ર જેવા દુર્ગમ ગ્રન્થોના પરિશીલનમાં રાત-દિવસ વ્યસ્ત રહ્યા છે. અન્યથા એ આચાર્ય ભગવંતના ગ્રન્થોમાં ભક્તિયોગ, કર્મયોગ, તર્કયોગ, આગમયોગ વગેરે ક્યાંથી હોય ?

ઈશાવાસ્યોપનિષદ ગ્રન્થ વાંચ્યા પછી આપણે સહજ

સમજી શકીએ કે વેદ, વેદાન્ત, સ્મૃતિશાસ્ત્ર, ઉપનિષદોનું સૂક્ષ્મ જ્ઞાન અને સાંખ્ય-યોગ તે યોગીશ્વરને કેવી સફલ રીતે પરિણમ્યાં હશે; સાથે સાથે પરિણામ પામેલા જ્ઞાનને સરળ અને લોકભોગ્ય ભાષામાં ઉતારવાની કલા તો તે યોગાનિષ્ઠ મહાત્માની અલૌકિક સિદ્ધિ જ છે, કારણ કે કોઈપણ તત્ત્વની સરળ ભાષામાં ‘ રજૂઆત ’ કરવાની કલા સૌ કોઈને પ્રાપ્ત થતી નથી.

જ્ઞાનગંગાની કઠોર સાધના પછી જ વ્યક્તિવિશેષમાં જ્ઞાનની પરિપક્વ અવસ્થા દેખા દે છે. આ પ્રસ્તુત ગ્રન્થ પણ જ્ઞાનની પરિપક્વ અવસ્થાની ચરમ સીમા છે, જે કથાનકરૂપે આધ્યાત્મિક જ્ઞાનનો સાગર છે. પાને પાને, વાકયે વાકયે નવું જ્ઞાન છે, નવી પ્રેરણા છે અને અદષ્ટ અભૂતપૂર્વ છતાં, સરળ સરસ અને વાંચતા જ દિલ-દિમાગમાં એક નવી ચેતના લાવે એવો રસથાળ છે.

પદ્ધતિની ચિંતા કર્યા વગર અને મહાવીર આવું કયારે બોલ્યા છે, એ માનસિક આર્તધ્યાનની માયાજાળમાં ફસાયા વગર, સૌ કોઈ મુમુક્ષુ કે જિજ્ઞાસુ એક વાર આ ગ્રન્થને વાંચે, મનન કરે અને મહાવીરના આચાર, સદાચાર માર્ગને જાણી-આચરી પોતાના જીવનમાં આધ્યાત્મિકતા લાવે, તો કલ્યાણ છે જ.

આ ગ્રન્થ વાંચતાં જ આપણને અનુભવ થવા માંડે છે કે જાણે મહાવીર સ્વામી આપણી સમક્ષ સાક્ષાત્ બોલી રહ્યા છે, ને આપણે સાંભળી રહ્યા છીએ. ફલસ્વરૂપે સદાચાર, નીતિ, અહિંસા અને કર્તવ્યધર્મને બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, પઠિતો, ક્રોધાન્ધો, કામાન્ધો અને સ્વાર્થાંધો પણ બરાબર સમજી શકશે.

પ્રશ્નોત્તરની રીત ભલે અનોખી હોય પણ આપણે શ્રોતા છીએ, ને તેઓશ્રી વક્તા છે: આપણે મુમુક્ષુ શિષ્ય છીએ ને તેઓ કલ્યાણદાતા ગુરુ છે, એમ શ્રદ્ધા રાખીને જે ચાલશે તે જરૂર જીવનપરિવર્તન કરવા ભાગ્યશાળી બનશે.

સૌ એક વાત જાણીએ કે ‘ કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ’ના

પહેલા-બીજા ભાગમાં ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લીધા પહેલાં ગૃહસ્થાશ્રમમાં જ પોતાના સહવાસમાં આવેલાં ભાઈ નંદિવર્ધન, પત્ની યશોદા, પુત્રી પ્રિયદર્શના, માતા ત્રિશલા, મંત્રી, સૈનિક, સાધુ–સંન્યાસી વગેરેને ઉદ્દેશીને ધર્મશિક્ષા, હિતશિક્ષા, અને કર્તવ્યધર્મની શિક્ષા આપેલી છે. જીવનના કોઈ પણ કર્તવ્યધર્મની ચર્ચા શેષ રહેવા દીધી નથી.

જીવનમાં આંટીઘૂંટીઓ, આચારભ્રષ્ટતા, સદાચારશિથિલતા જ્યારે ડોકિયાં કરે તે સમયે પ્રસ્તુત ગ્રન્થ સૌને માટે વધારે ઉપયોગી નીવડશે.

અવધૂત દશાને પ્રાપ્ત થયેલા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો આ ગ્રંથ બ્રહ્મધ્વનિસ્વરૂપ બની ગયો છે, જે ઘણાંઓને પવિત્ર બનાવશે, ભૂલેલ ને માર્ગ બતલાવશે અને માનવતાનો વિકાસ સધાવશે.

આ અમૂલ્ય ગ્રન્થ પોતે જ પોતાનો પરિચય દેવા સમર્થ છે. માત્ર પૂર્વગ્રહરહિત થઈ, જિજ્ઞાસાબુદ્ધિથી અને ઠંડા દિમાગથી વાંચી જવાની ભલામણ છે. હૃદય જો વિશાળ હોય અને તત્ત્વગ્રાહિણી બુદ્ધિ હોય તો સાધકને ક્યાંય વાંધો આવે એમ નથી.

ગ્રન્થકર્તા આચાર્ય ભગવંત મહાન્ જ્ઞાની છે. સંસ્કૃત–પ્રાકૃતના અપૂર્વ જ્ઞાતા છે. આગમજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને યોગના માર્મિક સ્થાન સુધી પહોંચેલા યોગી છે. આવા જ્ઞાની પુરુષોનું દિલ મહા દયાળુ હોય છે, અને તેથી જ તેઓએ પોતાના જીવનના અંતિમ અને અમૂલ્ય સમયમાં આ ગ્રન્થને નિર્માણ કર્યો છે.

સૌ કોઈને ગ્રન્થ વાંચ્યા પછી જ અનુભવ થશે કે પદ્ધતિ ભલે અદૃશ્યપૂર્વ હોય, તો–પણ જ્ઞાનનો સાગર છે અને આજના જમાનાને વધારે બંધબેસતો છે.

બાકી તો પૂર્વગ્રહમાં ફસાયેલાઓને એટલું જ કહીએ કે,

મહાવીરનું શાસન સૌને માટે એકસરખું છે, ગમે તે માણસ ગમે તે પદ્ધતિએ તેમાં પ્રવેશ કરી શકે છે.

દર્દુર નામના દેડકાને મહાવીરના સમવસરણે જવાના અને દયાળુ દેવને જોવાના ભાવ જાગ્યા અને તે તરફ પ્રવૃત્તિ પણ આદરી દીધી. તે વખતે કોઈપણ માણસ તે દેડકાને કહી શકે છે કે, “દેડકાભાઈ! તમારે અને મહાવીરના શાસનને શું લાગેવળગે?”

યાદ રાખો કે જીવનને માત્ર ચરવલા અને મુહપત્તિ સાથે સંબંધ નથી, આત્મિકતાને માત્ર વ્રત–પચ્ચખ્ખાણ સાથે સંબંધ નથી. એ બધી વાતોને ધ્યાનમાં રાખીને જ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજશ્રી તે દેડકાભાઈનો પક્ષ લઈને તે મહાશયને જવાબ આપી દે છે કે–

‘ગંગા સર્વ સાધારણને પાવન કરનારી છે. એ તમારી કોઈ પૈતૃકી મિલકત નથી.’

ગ્રન્થ વાંચતાં સ્થૂળદષ્ટિએ એમ થશે કે આમાં તો ઉપદેશ નથી, પણ આદેશ છે. પણ હંસ જેવી મનોકામના અને વૃત્તિવાળો ભાગ્યશાલી તો સમજે જ છે કે, ઉપદેશ માત્ર આદેશાત્મક જ હોય છે. જેમ ધુમાડો અગ્નિ વગર હોઈ શકે જ નહીં, તેમ જ્યાં જ્યાં ઉપદેશ છે, ત્યાં ત્યાં બાહ્ય પ્રકારમાં અથવા માનસિક કલ્પનામાં આદેશ સમાયેલો જ છે. અને જો માનસિક કલ્પનામાં આદેશ ઘુડદોડ કરતો હોય તો વ્યવહારમાં આદેશ દેખા દેતાં કેટલીવાર લાગશે, કારણ કે ઉપદેશનું સ્વરૂપ ‘ઇદમ્ કુરુ, ઇદમ્ મા કુરુ’ જ હોય છે: ત્યારે આદેશનું સ્વરૂપ પણ ‘ઇદમ્ કુરુ, ઇદમ્ મા કુરુ’ જ છે. બન્નેમાં ભિન્નતા ક્યાં છે? માટે જ આદેશ વગરનો ઉપદેશ મૂંગો છે, અવ્યવહારુ છે.

બીજી વાત એ છે કે છઠ્ઠા ગુણસ્થાનકે જ્યારે આર્તધ્યાનની પ્રમુખતા પણ છે, તો આર્તધ્યાનનો માલિક પ્રકારાન્તરે (બાહ્ય અથવા આન્તર જીવનમાં) પણ આદેશ વગરનો રહી

શાકયો છે કે ? માટે આ શંકા સૈદ્ધાન્તિકી નથી, પણ વિતંડાવાદ સાથે સંબંધ રાખનારી છે.

પ્રસ્તુત ગ્રન્થ બાહ્યરૂપે ભલે કથાનક જેવો લાગે, પણ આન્તરરૂપે તો પ્રત્યેક કાલ્પનિક પ્રસંગને 'અધ્યાત્મ'નો પુટ લાગેલો જ છે એમ સ્પષ્ટ જણાશે. જેમકે—

'સર્વત્ર તમે મને મહાવીરરૂપે દેખો. શ્રી મહાવીર પ્રભુને મનુષ્યો જે રૂપે ભજે છે તે તે રૂપે તેમને પ્રાપ્ત કરે છે. પ્રભુ મહાવીરમાં પૂર્ણ પ્રેમ અને પૂર્ણ શ્રદ્ધા જેની છે તે એ જ ભવમાં જીવન્મુક્ત બને છે. શ્રી યશોદા ! તમને ધન્ય છે કે તમારા પર શ્રી મહાવીર પ્રભુનો પત્નીપ્રેમ પ્રગટ્યો છે. શ્રી મહાવીર પ્રભુને મન, વાણી, કાયાનું સમર્પણ કરીને જે ભક્તો વર્તે છે તેઓ કલિયુગમાં જીવન્મુક્તપદ પ્રાપ્ત કરશે. પ્રભુ મહાવીર જ પરબ્રહ્મ છે. (૧. ૨૭૧)

આવી વાતોથી સ્થૂળ દૃષ્ટિએ એમ લાગશે કે આ ગીતા પદ્ધતિનું પુસ્તક છે, પણ વાત એમ નથી. પુસ્તકના પૂરા ભાવને આપણે પકડીએ તો એમ લાગશે કે, મહાવીર એટલે અધ્યાત્મદૃષ્ટિએ પોતાનોજ અન્તરાત્મા અને યશોદાદેવી એટલે શુદ્ધપરિણતિ.

આ વસ્તુસ્થિતિનો ખુલાસો ગ્રન્થકર્તા પોતે જ તૃતીય ભાગના છેલ્લા પ્રકરણમાં કરી દે છે, અને તેથી જ આ ગ્રન્થની ઉપાદેયતા ઘણા પ્રકારે વધી જાય છે.

પ્રત્યેક પ્રકરણ માટે શું લખવું, કારણ કે પ્રત્યેક શબ્દ, પ્રત્યેક વાક્ય, પ્રત્યેક પ્રસંગ અને પ્રત્યેક ઉપદેશ અણમોલ છે.

ઉપદેશનો આટલો મોટો સંગ્રહ બીજે ક્યાંય પણ જોવા નહીં મળે. જાણે મૈત્રી આદિ ચાર ભાવના ભાવતાં દયામૂર્તિ બનીને જ આ પ્રસ્તુત ગ્રન્થ લખાયો છે. ક્યાંય થાક નથી, કંટાળો નથી, વાક્યરચના અધૂરી નથી. જાણે તોફાન વગરનો

ગંગાનો પ્રવાહ વહી રહ્યો છે. ગંગા નદીનું સ્નાન જેમ મલિનતાને હણે છે તેમ આ ગ્રન્થનાં પ્રકરણો અને પ્રત્યેક પ્રકરણમાં અપાયેલો ઉપદેશ આપણી કમજોરીઓ ક્યાં છે, અને કમજોરીઓ દૂર કરી આત્માને સશક્ત કેમ બનાવવો, એ વાતનું ભાન કરાવીને આત્માની મલિનતાને હણે છે.

ગ્રંથના પાને પાને વેરાયેલાં થોડાંક અદ્ભુત વાક્યોનો આસ્વાદ કરીએ–

'દીન, દુઃખી, ગરીબ, નિરાધાર મનુષ્યોને આશ્રય આપવો જોઈએ.' (૧–૧૧)

'જે દેશમાં અજ્ઞાન, વહેમ, નાસ્તિકતા, સ્વાર્થતા, નીચતા અને કાયરતા છે તે દેશમાં ગુલામો પ્રગટી નીકળે છે. જે સમાજમાં, સંઘમાં સ્વાર્થબુદ્ધિ, વ્યભિચાર, અનાચાર, અનીતિ, હિંસા, અસત્ય, ચોરી વગેરે પાપોની વૃદ્ધિ થાય છે, તે સમાજ યા સંઘનું દુનિયામાં અસ્તિત્વ રહેતું નથી.'

'દેશમાંથી અને સમાજમાંથી ઈર્ષ્યા, અહંકાર, દુર્વ્યસન-વ્યભિચાર વગેરે પાપોને હાંકી કાઢવાં જોઈએ.' (૧–૧૨)

'શરીરમાં વીર્યને સ્થિર કરવા માટે અને કામભોગના વિકારને દમવા માટે આઠ વર્ષની વયથી કસરત કરવી જોઈએ.' (૧–૧૫)

'લગ્ન કરનારા આત્માઓ દેહપ્રેમ કરતાં અનંતગુણ આત્મ-પ્રેમી બનવા જોઈએ.' (૧–૨૧)

'જે લગ્નમાં જડ વસ્તુઓના ભોગોપભોગનો સ્વાર્થ માત્ર ધ્યેય તરીકે હોય છે તે જડ લગ્ન છે. (૧–૨૨)

'માતાના અને પિતાના શુભ વિચારોની અને અશુભ વિચારોની તેમ જ શુભ આચારોની અને અશુભ આચારોની ગર્ભ ઉપર અસર થાય છે.' (૧–૩૦)

'રજોગુણી, તમોગુણી અને સત્ત્વગુણી આહારની અસર શરીર પર થાય છે. શરીરની અસર મન પર થાય છે, અને મનની અસર

આત્મા પર થાય છે.' (૧–૩૧)

'તે સ્ત્રી અન્ય પુરુષને પતિ તરીકે સ્વીકારવાને યોગ્ય નથી. જે પતિના આત્માને પતિ તરીકે પૂર્ણપ્રેમથી સ્વીકાર્યો છે, તો અન્ય પુરુષના દેહની સાથે લગ્ન કરવાની જરૂર રહેતી નથી.'(૧–૩૨)

'કામભોગની પ્રબલતાને ન વાળી શકવાથી અનેકપત્નીવ્રત અને અનેકપતિવ્રત લગ્ન એ કનિષ્ઠ લગ્ન છે.' (૧–૩૩)

'વિધવા પતિવ્રતા સ્ત્રીએ સંતાનાદિના અભાવે સાધ્વી બનવું એ અનંતગણું શ્રેષ્ઠ કાર્ય છે.' (૧–૩૪)

'જે દેશમાં સ્ત્રીઓને ગુલામડીઓ–દાસીઓ તરીકે માનવામાં આવે છે અને વર્તવામાં આવે છે તે દેશમાંથી વિદ્યા, લક્ષ્મી, સત્તા, ધર્મ, પ્રેમ, સ્વતંત્રતા વગેરે સર્વ ધર્મશક્તિઓનો હ્રાસ થતો જાય છે.' (૧–૩૬)

'જે સત્યપ્રેમ, દિવ્યપ્રેમ, પતિપ્રેમ લગ્નવાળી પતિવ્રતા સ્ત્રીઓ છે તે પતિના મરણ પછી ચામડીની પૂજારી ન બનતાં કામવાસનાને જીતી અન્યને પતિ કરશે નહિ.' (૧–૪૧૮)

'વિધવાઓએ જેમ બને તેમ બ્રહ્મચર્યધર્મ ધારણ કરવો.' (૧–૪૧૯)

'બે સંધ્યાકાળે આવશ્યક અને ભક્તિ કર્મ કરવાં. દેવવંદન તથા ગુરુદર્શન–વંદન કરી ખાવું.' (૧–૪૨૩)

'અસત્ય બોલવાથી અને અસત્ય માનવાથી આત્માની શક્તિઓ ઘટે છે. આત્માની શક્તિઓ ઘટવાથી દેશને, રાજ્યને, ધર્મને હાનિ થાય છે. જે દેશમાં, સમાજમાં, પ્રજામાં, રાજ્યમાં સત્ય નથી ત્યાં સ્વતંત્રતા, નિર્ભયતા આદિ ગુણોનો પ્રકાશ પડતો નથી.' (૧–૪૬)

'જયજિનેન્દ્ર', 'જય અર્હંત' વગેરે પરમાત્માવાચક શબ્દો

કહી પરસ્પર એકબીજાને નમસ્કાર કરો.' (૧–૪૯)

'( સ્ત્રીઓના ) આત્મા જ્યાં દુઃખ પામે છે, તે ઘરમાં સુખસંપદા પ્રગટતી નથી.' ( ૧–૫૫ )

'સર્વ વર્ણના લોકો સ્વસ્વ વર્ણના ગુણ–કર્માનુસારે વર્તવા છતાં મારા ધર્મને સ્વાધિકારે યથાશક્તિ પાળીને મુક્તિ-પદને પામે છે.' (૩–૪૧૧)

'સ્ત્રી અને પુરુષોનો આત્મા સમાન છે. બંનેમાં કોઈ ઊંચ કે નીચ નથી.'

'સ્ત્રી વર્ગ અને શૂદ્ર વર્ગની પણ મુક્તિ થાય છે. પંદર ભેદે લોકો મુક્તિપદને પામે છે, એવું મારા શાસનમાં જાહેર થયું છે. ગમે તે વર્ણના લોકો ત્યાગી થઈ શકે છે. (૩–૪૧૧)

'સર્વેએ ગાયોનું સદાકાળ રક્ષણ કરવું. ગાયોના રક્ષણ માટે જેટલા બને તેટલા ઉપાયો લેવામાં જરા માત્ર પ્રમાદ કરવો નહીં. ગાયો દેશનું ઉપયોગી ધન છે.' (૧–૬૧)

'હે દુર્જયન્ત કુલપતિ તાપસ! હું કદાપિ ગાયોને પોતાનું ખાણું ખાતાં મારું નહીં', એવી ક્ષત્રિય ધર્મની નીતિ છે. ગાયોનું રક્ષણ કરવું એ જ આર્યધર્મ છે. ગાયોનું રક્ષણ કરવા માટે મારો ઈશ્વરાવતાર છે. જે આખી દુનિયાનો માલિક પ્રભુ છે તે ભૂખી ગાયોને ઘાસ ખાતાં મારીને કાઢી મૂકે એવું કદાપિ બન્યું નથી અને બનનાર નથી. હું વિશ્વના લોકોને–જીવોને દાન દેવા આવ્યો છું, પણ લેવા આવ્યો નથી. ગરીબોનું અને ગાયોનું રક્ષણ કરવું અને દુષ્ટોને શિક્ષા કરવી એ જ....ધર્મ છે.' (૩–૧૩)

'હે કુલપતિ તાપસ! તમે ગાયોના વૃન્દથી શોભો છો. ગાયોનાં દૂધ પીને જીવો છો. ગાયનું માંસ ખાનારા અનાર્ય છે, જ્યારે આર્યોનું ભૂષણ ખરેખર ગોસેવાથી છે. માટે ગાયોને

તમારે મારવી ન જોઈએ.' (૩–૧૩)

'તેમના (પાર્શ્વનાથ પ્રભુના) નિર્વાણ પછી હિમાલયની પેલી તરફના અને પશ્ચિમ દિશા તરફના જંગલી લોકોના આક્રમણ થયાં. તેથી દેશ, સમાજ, સંઘ, ધર્મની ઘણી હાનિ થઈ છે. માટે ધર્મયુદ્ધ કરવામાં પ્રસંગોપાત્ત તૈયાર રહેવું જોઈએ.' (૧–૨મ૯)

'એકદમ સમજ્યા વિના કોઈ પણ બાબત સંબંધી મત ન બાંધો.' (૧–૧૯૧)

'અસત્ય અને કદાગ્રહયુક્ત વ્યાવહારિક કે ધાર્મિક બંધનોમાંથી મુક્ત થાઓ.' (૧–૧૯૧)

બસ, વધારે શું લખવાનું હોય! આ તો આ ગ્રંથના થોડાં મૌક્તિકકણો છે. કોણ કહી શકે કે આ મોતીઓમાં હૈયાના હાર બનવાની તાકાત નથી? પુસ્તકના ત્રણે ભાગ આવા નિખાલસ ને જીવનસ્પર્શી ઉપદેશોથી ભરેલા છે, છતાંય અમુક પ્રકરણો જેવાં કે–

દીક્ષા મહોત્સવની તૈયારી અને ધર્મોપદેશ, સર્વસામાન્ય બોધ, આદર્શબોધ, આદર્શ ગૃહજીવન, સ્ત્રીકર્તવ્યનું સ્વરૂપ વગેરે પ્રકરણો તો ઘણાં ચઢિયાતાં છે. સૌ વાંચે, વિચારે અને સામાયિકમાં એનું મનન કરે, એ જ ભલામણ છે.

શાસનદેવને એ જ પ્રાર્થના છે કે, આ અમૂલ્ય પુસ્તકનું રક્ષણ કરે અને જેટલી આવૃત્તિઓ નીકળે તેમાં સહયોગ દે. હિન્દી તથા અંગ્રેજી ભાષાઓમાં આ ગ્રન્થ શીઘ્રતાથી પ્રગટ થાય, એવી સદ્બુદ્ધિ દે!

અનધિકાર ચેષ્ટાથી, મતિદોષથી, અથવા કેટલીક વાતોની અનભિજ્ઞતાને લઈને મારાથી જે કંઈ વિપરીત લખાયું હોય તે માટે હું ક્ષમાપ્રાર્થી છું.

તપસ્વી, શાન્તસ્વભાવી, મુનિરાજ શ્રી દુર્લભસાગરજી ગણિ-વર્યનો હું ઉપકાર માનીશ, કે જેમની કૃપાથી મને અમૂલ્ય સેવા કરવાનો તેમ જ દેવગુરુની સ્તુતિ કરવાનો લાભ મળ્યો છે.

મુનિ પુર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)
ન્યાય–વ્યાકરણ–કાવ્યતીર્થ

શિવગંજ, પેંચકાવાલી ધર્મશાળા
૨૦૨૫, મહાવીર જયંતી

# અમર ગ્રંથ-અમર પાત્રો

## [પાત્રોની પિછાન]

**ચરમ તીર્થપતિ** દેવાધિદેવ શાસનનાયક ત્રિશલાનંદન, પરમાત્મા શ્રી મહાવીર સ્વામીનું આ કોઈ શાસ્ત્રોક્ત સત્ય-સનાતનરૂપે સાંગોપાંગ જીવનચરિત્ર નથી, એ વિવેકી વાચકે સતત ખ્યાલમાં રાખવું.

ભગવાન મહાવીરના અનેક જીવન પ્રસંગોને અનુલક્ષીને અંતર્ગતભાવે અંતરાત્મા મહાવીરને ઉદ્દેશીને–અવલંબીને, ચારે વર્ણાધિકારે, જૈનધર્મને વિશ્વધર્મની વ્યાપકતાએ, વિશ્વોદ્ધારકની વિશાળ દિવ્ય દૃષ્ટિથી અધ્યાત્મ જ્ઞાનશકિત યોગે આ ગ્રંથ લખાયેલ છે.

વિ. સં. ૧૯૮૦માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ આ ગ્રંથરત્નની રચના કરી છે. અદ્યાપિ પર્યંત અપ્રગટ અંતિમ આ સાહિત્યસર્જના છે.

અંતરાત્મા મહાવીર અનંતા થયા અને અનંતા થશે, જેનાં પાત્રો નીચે મુજબ છે.

૧. **ત્યાગી મહાવીરદેવ અને કેવલી પરમાત્મા મહાવીરદેવ–** અધ્યાત્મ દૃષ્ટિએ અંતરાત્મા.

૨. **ક્ષત્રિયકુંડનગર :** અધ્યાત્મ શક્તિસમૂહરૂપ.

૩. **સિદ્ધાર્થ રાજા:** સમ્યગ્જ્ઞાનરૂપ

૪. **ત્રિશલામાતા :** સુમતિરૂપ

૫. નંદિવર્ધન : વિવેકરૂપ

૬. યશોદાદેવી : શુદ્ધ પરિણતિરૂપ

૭. ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ–સાત્ત્વિક વૃત્તિઓરૂપ.

૮. આત્મ પ્રભુનું બાહ્ય મહાવીર સ્વરૂપ તે કર્મોદયિક ભાવરૂપ.

૯. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ભાવ તે પ્રભુનું આધ્યાત્મિક મહાવીર સ્વરૂપ અને તેમની શક્તિઓ જાણવી.

૧૦. વપુરૂપ ભારત ક્ષેત્ર છે, તેમાં કર્મોદયથી આત્મપ્રભુનો અવતાર જાણવો.

વ્યવહાર નય અને નિશ્ચય નયથી પ્રભુ મહાવીરનું જીવન જેઓ શ્રવણ કરશે, કરાવશે અને શ્રવણ કરનારાઓની અનુમોદના કરશે તેઓ અવશ્ય અંતરાત્મ મહાવીરપદને પામી સિદ્ધ, બુદ્ધ થશે ને મુક્તિને વરશે.

આ દેહની પેટી વિશે રહેનાર પેટી ભિન્ન છે,
આ દેહ–પેટીમાં રહ્યો, ચૈતન્ય તેનું ભિન્ન છે;
આ પેટીનું જે નામ તેને ગાળ દે તો શું થયું ?
આ પેટીને પૂજ્યા થકી, વિશેષ તેમાં શું થયું ?

—ગ્રન્થલેખક સ્વ. સૂરિજી




વિરચિત ૧૦૮ થી વધુ

## અમર ગ્રંથોની યાદી

અધ્યાત્મજ્ઞાનદિવાકર, અષ્ટોત્તરશતાધિક ગ્રન્થપ્રણેતા
કવિકુલકલ્પતરુ, આદર્શયુગપ્રભાવક, દિવ્યજ્યોતિર્ધર
સ્વ-પરશાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ આચાર્ય ભગવંત

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિરચિત

## ૧૦૮ થી અધિક

# અમર ગ્રંથ-શિષ્યો

| નં. | નામ | પૃષ્ઠ | ભાષા | રચના સંવત |
|---|---|---|---|---|
| ૧ | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા | ૨૦૬ | ગુ. | ૧૯૬૪ |
| ૨ | અધ્યાત્મગીતા, આત્મસમાધિશતક, જીવનપ્રબોધ, આત્મસ્વરૂપ, પરમાત્મ-દર્શન આદિ ગ્રંથ ૫ નો સમાવેશ. | ૨૦૫ | સં. | ૧૯૮૧ |
| ૩ | અધ્યાત્મશાંતિ | ૧૨૫ | ગુ. | ૧૯૫૯ |
| ૪ | અનુભવપચ્ચીશી | ૨૪૮ | ગુ. | ૧૯૬૫ |
| ૫ | આનંદઘન પદ ભાવાર્થસંગ્રહ | ૮૦૦ | ગુ. | ૧૯૬૮ |
| ૬ | આત્મપ્રકાશ | ૫૭૦ | ગુ. | ૧૯૬૪ |
| ૭ | આત્મપ્રદીપ | ૩૫૧ | સં. ગુ. | ૧૯૬૫ |
| ૮ | આત્મતત્ત્વદર્શન | ૧૦૦ | ગુ. સં. | ૧૯૭૪ |
| ૯ | આગમસારોદ્ધાર | ૪૭૦ | ગુ. સં. | ૧૯૭૮ |
| ૧૦ | આત્મશક્તિપ્રકાશ | ૧૪૦ | ગુ. | ૧૯૬૨ |

| નં | નામ | પૃષ્ઠ | ભાષા | રચના સંવત |
|---|---|---|---|---|
| ૧૧ | આત્મદર્શન | ૧૫૦ | હિન્દી ગુ. | ૧૯૮૧ |
| ૧૨ | આત્મશિક્ષા ભાવના પ્રકાશ | ૧૨૦ | ગુ. | ૧૯૮૦ |
| ૧૩ | અધ્યાત્મ ભજનસંગ્રહ | ૨૦૦ | ગુ. હિ. | ૧૯૬૭ |
| ૧૪ | ઈશાવાસ્યોપનિષદ (જૈન દષ્ટિએ) | ૩૬૦ | ગુ. સં. | ૧૯૮૦ |
| ૧૫ | કક્કાવલી સુબોધ | ૪૬૦ | ગુ. | ૧૯૮૧ |
| ૧૬ | કર્મયોગ | ૧૦૦૦ | સં. ગુ. | ૧૯૭૩ |
| ૧૭ | કર્મપ્રકૃતિ | ૮૦૦ | સં. ગુ. મા. | ૧૯૭૬ |
| ૧૮ | કન્યાવિક્રયનિષેધ | ૨૨૫ | ગુ. | ૧૯૮૧ |
| ૧૯ | ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત | ૩૦૦ | ગુ. સં. | ૧૯૭૩ |
| ૨૦ | ગુણાનુરાગ કુલક | ૨૫ | ગુ. | ૧૯૬૬ |
| ૨૧ | ગહુલી સંગ્રહ ભાગ–૧ | ૧૧૨ | ગુ. | ૧૯૭૬ |
| ૨૨ | ગહુલી સંગ્રહ ભાગ–૨ | ૧૨૫ | ગુ. | ૧૯૭૬ |
| ૨૩ | ગુરુગીત સંગ્રહ | ૨૦૦ | ગુ. | ૧૯૭૬ |
| ૨૪ | ગુરુબોધ | ૨૪૦ | ગુ. | ૧૯૬૭ |
| ૨૫ | ચિંતામણિ | ૧૨૫ | ગુ. | ૧૯૮૦ |
| ૨૬ | જૈનધર્મની પ્રાચીન–અર્વાચીન સ્થિતિ | ૨૦૦ | ગુ. | ૧૯૬૮ |
| ૨૭ | જૈનગચ્છમતપ્રબંધ<br>જૈનસંઘપ્રગતિ ગીતા | ૬૦૦ | ગુ. | ૧૯૭૩ |
| ૨૮ | જૈનધાર્મિક પ્રતિમાલેખ સંગ્રહ | ૩૦૦ | ગુ. | ૧૯૭૩ |
| ૨૯ | જૈનોપનિષદ | ૫૦ | ગુ. | ૧૯૭૩ |
| ૩૦ | જૈન ધાર્મિક પ્રતિમાલેખ સંગ્રહ ભા-૨ | ૨૮૦ | ગુ. સં. મા. હિ. | ૧૯૮૦ |
| ૩૧ | જૈન–ખ્રિસ્તી ધર્મનો મુકાબલો | ૨૨૦ | ગુ. | ૧૯૮૦ |
| ૩૨ | જૈનસૂત્રમાં મૂર્તિપૂજા | ૯૬ | ગુ. | ૧૯૮૧ |
| ૩૩ | જૈન ઐતિહાસિક રાસમાળા ભાગ–૧ | ૧૭૫ | ગુ. | ૧૯૬૯ |
| ૩૪ | તત્ત્વબિંદુ | ૨૩૦ | ગુ. | ૧૯૬૬ |

| નં. | નામ | પૃષ્ઠ | ભાષા | રચના સંવત |
|---|---|---|---|---|
| ૩૫ | તત્ત્વવિચાર | ૧૨૫ | ગુ. | ૧૯૮૧ |
| ૩૬ | તત્ત્વજ્ઞાનદીપિકા | ૧૨૪ | ગુ. | ૧૯૬૦ |
| ૩૭ | તીર્થયાત્રાનું વિમાન | ૭૮ | ગુ. | ૧૯૬૭ |
| ૩૮ | દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ | ૧૭૫ | ગુ. મા. | ૧૯૭૮ |
| ૩૯ | શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ–૧ | ૧૦૨૮ | સં. મા. ગુ. | ૧૯૭૪ |
| ૪૦ | શ્રીમદ્ દેવચંદ્રજી ભા–૨ | ૧૨૦૦ | સં. મા. ગુ. | ૧૯૭૪ |
| ૪૧ | દેવવિલાસ–દેવચંદ્રજી જીવન | ૨૩૦ | ગુ. મા. | ૧૯૮૨ |
| ૪૨ | દેવચંદ્રજીનું ગુર્જર સાહિત્ય–નિબંધ | ૩૨ | ગુ. | ૧૯૮૦ |
| ૪૩ | ધાર્મિક ગદ્યસંગ્રહ પત્ર સદુપદેશ ભાગ–૧ | ૯૬૦ | ગુ. | ૧૯૭૩ |
| ૪૪ | ધાર્મિક શંકાસમાધાન | ૫૦ | ગુ. | ૧૯૮૧ |
| ૪૫ | ધ્યાનવિચાર | ૭૦ | ગુ. | ૧૯૫૮ |
| ૪૬ | પ્રતિજ્ઞાનું પાલન | | ગુ. સં. | ૧૯૭૩ |
| ૪૭ | પરમાત્મજ્યોતિ | ૫૦૦ | ગુ. સં. | ૧૯૬૬ |
| ૪૮ | પરમાત્મદર્શન | ૪૨૫ | ગુ. સં. | ૧૯૬૯ |
| ૪૯ | પત્ર સદુપદેશ ભાગ–૨ | ૫૭૫ | ગુ. | ૧૯૭૯ |
| ૫૦ | પત્ર સદુપદેશ ભાગ–૩ | ૧૦૦ | ગુ. | ૧૯૮૦ |
| ૫૧ | પૂજાસંગ્રહ ભાગ–૧ | ૪૧૬ | ગુ. | ૧૯૭૯ |
| ૫૨ | પૂજાસંગ્રહ ભાગ ૧–૨ | ૬૧૫ | ગુ. | ૧૯૮૦ |
| ૫૩ | પ્રેમગીતા | ૭૦ | સં. | ૧૯૮૧ |
| ૫૪ | ભજનસંગ્રહ ભાગ–૧ | ૨૦૦ | ગુ. | ૧૯૬૩ |
| ૫૫ | ,, ભાગ–૨ | ૩૬૬ | ગુ. હિ, | ૧૯૬૫ |
| ૫૬ | ,, ભાગ–૩ | ૨૧૫ | ગુ. હિ. | ૧૯૬૫ |
| ૫૭ | ,, ભાગ–૪ | ૩૪૪ | ગુ. હિ. | ૧૯૬૫ |
| ૫૮ | ,, ભાગ–૫ તથા જ્ઞાનદીપિકા | ૧૯૦ | ગુ. | ૧૯૬૭ |

| નં. | નામ | પૃષ્ઠ | ભાષા | રચના સંવત |
|---|---|---|---|---|
| ૫૯ | ભજનસંગ્રહ ભાગ—૬ કવાલી સંગ્રહ | ૨૦૦ | ગુ. | ૧૯૬૮ |
| ૬૦ | ,, ભાગ—૭ | ૧૬૦ | ગુ. | ૧૯૬૮ |
| ૬૧ | ,, ભાગ—૮ | ૮૫૦ | ગુ. હિ | ૧૯૭૩ |
| ૬૨ | ,, ભાગ—૯ | ૫૮૦ | ગુ. હિ. સં. | ૧૯૭૯ |
| ૬૩ | ,, ભા—૧૦ | ૨૦૦ | ગુ. હિ. | ૧૯૭૯ |
| ૬૪ | ,, ભા—૧૧ | ૨૨૦ | ગુ. | ૧૯૮૧ |
| ૬૫ | ભારત સહકારશિક્ષણ કાવ્ય | ૧૭૫ | ગુ. મા. | ૧૯૭૪ |
| ૬૬ | મિત્ર—મૈત્રી | ૧૬૦ | ગુ. | ૧૯૭૧ |
| ૬૭ | મુદ્રિત જૈ. શ્વે. ગ્રંથગાઇડ (પ્રેરક) | ૪૮૦ | ગુ. | ૧૯૮૧ |
| ૬૮ | યોગદીપક<br>યોગસમાધિ | ૩૦૮ | ગુ. | |
| ૬૯ | યશોવિજયજી નિબંધ | ૭૫ | ગુ. | ૧૯૬૮ |
| ૭૦ | લાલા લજપતરાય ને જૈનધર્મ | ૧૨૦ | ગુ. | ૧૯૮૦ |
| ૭૧ | વિજાપુર વૃત્તાંત | ૯૦ | ગુ. | ૧૯૭૩ |
| ૭૨ | વચનામૃત (બૃહત્) | ૩૦૦ | ગુ. મા. | ૧૯૬૭ |
| ૭૩ | સ્તવનસંગ્રહ | ૨૭૫ | ગુ. | ૧૯૭૮ |
| ૭૪ | સમાધિશતક | ૩૫૦ | ગુ. | ૧૯૬૨ |
| ૭૫ | સત્યસ્વરૂપ | ૨૨૫ | ગુ. | ૧૯૮૦ |
| ૭૬<br>૭૭<br>૭૮<br>૭૯<br>૮૦ | સંઘકર્તવ્ય<br>પ્રજાસમાજ કર્તવ્ય<br>શોકવિનાશક ગ્રંથ<br>ચેટક પ્રબોધ<br>સુદર્શના સુબોધ | ૧૭૫ | સં. | ૧૯૦૦ |
| ૮૧ | સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય | ૨૦૦ | ગુ. | ૧૯૭૧ |
| ૮૨ | સુખસાગર ગુરુગીતા | ૩૦૦ | ગુ. | ૧૯૭૧ |
| ૮૩ | સ્નાત્રપૂજા | — | — | — |

| નં. | નામ | પૃષ્ઠ | ભાષા | રચના સંવત |
|---|---|---|---|---|
| ૮૪ | ષટ્દ્રવ્યવિચાર | ૨૫૦ | ગુ. મા. | ૧૯૫૮ |
| ૮૫ | શિષ્યોપનિષદ | ૫૦ | ગુ. | ૧૯૭૭ |
| ૮૬ | શોકવિનાશક ગ્રંથ | ૮૦ | ગુ. | ૧૯૫૯ |
| ૮૭ | સાંવત્સરિક ક્ષમાપના | ૯૭ | ગુ. | ૧૯૮૧ |
| ૮૮ | શ્રાવક ધર્મસ્વરૂપ, ભા. ૧ | ૪૦ | ગુ. | ૧૯૬૭ |
| ૮૯ | ,, ભા–૨ | ૪૦ | ગુ. | ૧૯૬૭ |
| ૯૦ | શુદ્ધોપયોગ | ૧૭૫ | સં. | ૧૯૮૦ |
| ૯૧ | દયા ગ્રંથ | | | |
| ૯૨ | શ્રેણિક સુબોધ | | | |
| ૯૩ | કૃષ્ણગીતા | | | |
| ૯૪ | શ્રી. રવિસાગરજી ચરિત્ર | ૭૧ | | |
| ૯૫ | વચનામૃત નાનું | | | |
| ૯૬ | આત્મદર્શન ગીતા, | | સં. | |
| ૯૭ | જ્ઞાનદીપિકા, | | સં. | |
| ૯૮ | પૂજાસંગ્રહ–વાસ્તુ પૂજા | | | |
| ૯૯ | ચેતનશક્તિ ગ્રંથ | | સં. | |
| ૧૦૦ | વર્તમાન સુધારો | | | |
| ૧૦૧ | પરબ્રહ્મ નિરાકરણ | | સં. | |
| ૧૦૨ | શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ પાસે આપેલું વ્યાખ્યાન | | ગુ. | |
| ૧૦૫ | જૈન સ્યાદ્વાદ ઉક્તાવલિ | | સં. | |
| ૧૦૬ | અધ્યાત્મગીતા | | | |
| ૧૦૭ | તત્ત્વપરીક્ષા વિચાર | | ગુ. | |
| ૧૦૮ | ગુરુ મહાત્મ્ય | | | |
| ૧૦૯ | કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ–૧ | ૫૧૨ | ગુ. | ૧૯૭૯ |
| ૧૧૦ | ,, ,, ,, ભા–૨ | ૫૧૫ | ગુ. | ૧૯૭૯ |
| ૧૧૧ | ,, ,, ,, ભા–૩ | ૪૨૬ | ગુ. | ૧૯૮૦ |
| ૧૧૨ | મહાવીરગીતા | ૨૫૦ | સં. | ૧૯૮૦ |

Note: entries ૯૦–૯૩ are bracketed together with the values ૧૭૫, સં., ૧૯૮૦.

અધ્યાત્મ મહાવીર

*

# વિભાગ બીજો

# ત્યાગાવસ્થાની પૂર્વતૈયારી


૩૫૨

સંવત ૧૯૩૬ના ભાદરવા વદ ૧૨ ને શનીવાર તા. ૯ મી ઓક્ટોબર સને ૧૮૮૦

શ્રીમદ્જીના સ્વહસ્તાક્ષરે લખાએલ આ ગ્રંથનું એક પૃષ્ઠ.

## ૧. પુત્રી પ્રિયદર્શનાને ઉપદેશ

પ્રિયદર્શના : પૂજ્ય તીર્થસ્વરૂપ પિતાજી ! આપને નમન વંદન કરું છું. મારી માતાજી ગઈકાલે કહેતાં હતાં કે આપ ત્યાગી થવાના છો અને ઘરમાં રહેવાના નથી. આપ એવું શું કાર્ય કરવા ધારો છો કે જેથી આપ ઘરમાં રહેવાનું પસંદ કરતા નથી. મને તો આપના વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહીં. મને આપ દરરોજ પૂર્વકાલીન તીર્થંકરોની, મહાસતીઓની વાર્તાઓ સંભળાવો છો તે કોણ સંભળાવે ? આપની સાથે વાતો કરવાનું બહુ ગમે છે અને આપની વાતો સાંભળતાં ઊંઘવાનું મન પણ થતું નથી. હું તમને ત્યાગી થવા નહીં દઉં ?

પરબ્રહ્મ મહાવીર : વહાલી પુત્રી પ્રિયદર્શના ! તારી વાત સાચી છે. હું ત્યાગાવસ્થા ગ્રહણ કરવાનો છું. આખું જીવન સર્વ વિશ્વ માટે હોમી દેવું એ ત્યાગ છે. વિશ્વના જીવોને સત્યપ્રકાશના માર્ગે લઈ જવા માટે સર્વ વિશ્વને ઘર માની, કુટુંબ માની, આત્મા માની પ્રવર્તવું તે ત્યાગ છે. વિશ્વોદ્ધાર કરવા માટે ત્યાગી બન્યા વિના તે કાર્ય બની શકે તેમ નથી, એવી મારી નિયતિ છે. માટે મારે ત્યાગી બનવું જોઈએ. સર્વ વિશ્વ માટે સર્વત્ર સત્યનો પ્રકાશ કરવા ફરવું જોઈએ. તે કાર્ય ઘરમાં રહેવાથી બની શકે તેમ નથી.

મારા પછી મારી પેઠે તને અનેક તીર્થંકરોની વાર્તાઓ શ્રી યશોદાદેવી સંભળાવશે. હાલ તને જેટલું શિક્ષણ મળ્યું છે તેટલું પચાવ. તે પ્રમાણે વર્તન કર. ગૃહસ્થાવાસને યોગ્ય તને શિક્ષણ આપ્યું છે અને આત્મમહાવીરની ભક્તિ સંબંધી જે જે ભક્તિ-

શિક્ષણ આપ્યું છે તે પ્રમાણે વર્તીને કર્મયોગિની થા. સતી શ્રી યશોદાદેવી મારી પેઠે તારા લાયક સર્વ શિક્ષણ આપ્યા કરશે. તેનામાં અપૂર્વ ભક્તિશક્તિ જાગ્રત થઈ છે. શ્રીયુત નંદિવર્ધન તને રાજકીય, વ્યાપારિક આદિ અનેક બાબતોનું દરરોજ શિક્ષણ આપ્યા કરશે. શ્રી નંદિવર્ધનની સ્ત્રી સર્વકલાકુશલ પંડિતા છે. તેના સમાગમથી તને અપૂર્વ શિક્ષણ મળશે. સ્ત્રીસંઘની ઉન્નતિ કરવા માટે—કર્મયોગિની બનવા માટે તું પૂર્ણ ઉત્સાહવાળી થઈશ.

પોતાના પિંડના પોષણ માટે તો આખી દુનિયા જીવે છે, પણ જેઓ પરમાર્થ માટે જીવે છે તેઓ ખરેખરા જીવતા છે, ઇત્યાદિ પરમાર્થ શિક્ષણને આચારમાં મૂકી બતાવવા માટે બાહ્ય સુખોનો, બાહ્ય સંપત્તિઓનો અન્યોના માટે ત્યાગ કરવો અને વિશ્વના જીવોને ત્યાગીનો આદર્શ બતાવી તેઓને ઉચ્ચ બનાવવા માટે મારો તીર્થંકર પરમાત્માનો અવતાર છે. તેમાંના આયુષ્યનો છેલ્લો ભાગ ત્યાગી બની વિશ્વના લોકોના ખાસ હિતાર્થે ગાળવાનો છે. તેમાં પ્રવર્ત્યાથી વિશ્વનો ઉદ્ધાર થવાનો છે. મારે એ માર્ગે હવે વિચરવાનું છે. માટે તેમાં મને પ્રવર્તવા માટે અનુમોદન કર.

પ્રિયદર્શના : પૂજ્ય સર્વતીર્થસ્વરૂપ પિતાજી ! જ્યારે હવે તમે ત્યાગી થવાના છો અને વિશ્વના લોકોના હિતાર્થે સર્વ વસ્તુઓનો ભોગ આપવાના છો, તો હું તમારા એવા વિશ્વકલ્યાણમય ત્યાગમાં આડી આવતી નથી. હું તમારા (ત્યાગને) સાશ્રુનયને અનુમોદું છું. મારું હૃદય કોણ જાણે શાથી શોકથી ઊભરાઈ જાય છે. આપના હાથે હું ઊછરેલી છું.

વિશ્વોદ્ધારરૂપ કાર્ય કરવાનું મન કોણે ન થાય ? આપ પ્રભુ તે કાર્ય કરવા સમર્થ છો; પરંતુ અહીં રહી, શુભ સંકલ્પો કરી વિશ્વોદ્ધાર કરો તો તે બની શકે તેમ છે. આપે એક દિવસ કહ્યું હતું કે જ્યારે વિશ્વમાં અજ્ઞાન, ત્રાસ, હિંસા, પાપીઓનું

અધર્મમય જોર વધે છે, ત્યારે ઈશ્વરરૂપ તીર્થંકર પ્રકટે છે અને તેઓ વિશ્વમાં ફરીને અજ્ઞાની પાપીઓનો ઉદ્ધાર કરે છે. જે કાર્ય જે રીતે બનતું હોય છે તે રીતે તે બને છે. માટે આપે કહ્યું હતું તે પ્રમાણે આપને વિહાર કરવા પડશે. આપના અનેક જન્મો સાથે સંબંધ ધરાવતા આત્માઓ સર્વત્ર અવતર્યા છે. તેઓ આપના પરિચયથી પ્રેમી બની તીર્થપ્રકાશરૂપ કાર્યમાં જોડાશે. વિશ્વને હાલ જે જે ઉદ્ધારક શક્તિઓની જરૂર છે તે તે ગુણો–ધર્મો–શક્તિઓનો પ્રકાશ આપ કરવાના છો. અધર્મનો નાશ કરીને વિશ્વમાં સર્વત્ર આપ ધર્મની સ્થાપના કરવાના છો

આપની પુત્રીને ગૃહસ્થાવાસમાં કર્તવ્ય એવા શિક્ષણનો પરમ ઉપદેશ સંભળાવશો.

પ્રભુ મહાવીરદેવ : વહાલી પુત્રી પ્રિયદર્શના ! તારાં વચનો શ્રવણ કર્યાં. ત્યાગાવસ્થા વિશ્વોદ્ધાર માટે છે અને તેમાં તારી ઉન્નતિનું બીજ છે. દાન એ જ ત્યાગ છે અને જે ત્યાગ છે તે જ દાન છે. તેમાં આત્મપર્યાયોનો પરહિતાર્થે ઉપયોગ એ જ ત્યાગ છે. વહાલી પુત્રી ! ચોસઠ વિદ્યાકલાથી વિચક્ષણ થા. સાંસારિક સર્વ વિદ્યાઓનું અધ્યયન કર. સર્વ કર્તવ્યકાર્યો કરવામાં તત્પર થા. ઘરનાં, કુટુંબનાં ઉપયોગી કર્મો કર. કુટુંબી મનુષ્યોમાં આત્મબુદ્ધિ ધારણ કર. ક્ષુદ્ર કલેશો અને ક્ષુદ્ર સ્વાર્થોનો દેશ, કોમ, સંઘાદિના હિતાર્થે ત્યાગ કર. પુણ્યકાર્યો કરવામાં, અતિથિઓનો સત્કાર કરવામાં અને દાન આપવામાં ઉદારભાવથી વર્ત. માતાની આગળ બેસીને તત્ત્વજ્ઞાન કર. હજારો ગૃહસ્થ આચાર્યોના સમાન એક જ્ઞાની, સારી ભક્તાણી અને જૈનધર્મ પાળનારી ઉપાસિકા (માતા) હોય છે. શરીરને કસરતથી, હવા–દવાથી પુષ્ટ બનાવ. અનેક પ્રકારની ભાષાના જ્ઞાનથી વાણીને કેળવ. સદ્વિચારોથી મનને કેળવ. જ્ઞાનરૂપ સૂર્યનો હૃદયમાં પ્રકાશ કર. પોતાની સખીઓને મારા ધર્મનો બોધ આપ અને તેઓને પાકા જૈન બનાવ. પોતાની પાસે આવનારાઓને સત્ય

જૈનધર્મનું જ્ઞાન આપ. પોતાનાં સગાંવહાલાંઓના સ્વાર્થો માટે જેટલો બને તેટલો આત્મભોગ આપ. નકામી બેસી ના રહે. મનમાં આત્મગુણોનું ચિંતવન કર. માતાની આજ્ઞા પ્રમાણે ઘરનાં કાર્યો કર અને સર્વનું કલ્યાણ થાય એવાં સમાજનાં, સંઘનાં કાર્યો કર. પોતાની શક્તિઓ છતે અપરાધીઓને માફી આપ અને દુષ્ટ રાક્ષસોને સ્વપરાક્રમથી જીતી લે. શસ્ત્રાસ્ત્રની કેળવણી લે. સર્વજાતીય બાલિકાઓની સાથે એકસરખી રીતે રમતગમતમાં ભાગ લે અને દુઃખી ગરીબ બાલિકાઓને સહાય આપ.

દયા, પ્રેમ, શૌર્ય એ મારું રૂપ છે, માટે એ જ્યાં હોય ત્યાં મારું પ્રગટ સ્વરૂપ અપેક્ષાએ જાણ. મદદ માગનારાઓની વહારે ચઢ. દુઃખીઓના પોકારો સાંભળ. વિશ્વના સર્વ જીવો માટે જીવન છે, એમ નિશ્ચય કર. કલિયુગમાં કલિયુગના અનુસારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિ મનુષ્યો ગુણ–કર્મોને ઉત્સર્ગાપવાદથી કરશે એમ જાણ.

કલિયુગમાં જે મારા પર શ્રદ્ધા–પ્રેમ ધારણ કરશે તેઓ ભક્ત બનશે. વહાલી પુત્રી પ્રિયદર્શના ! દુઃખીઓની દવા, અન્ન વગેરેથી સારવાર કર અને ધર્મયુદ્ધમાં ઘવાયેલાઓની સારવાર કર. વહાલી પુત્રી ! વિશ્વના જીવોની સેવા એ જ મારી સેવા જાણ, પુરુષોના સમાન સ્ત્રીઓનો દરજ્જો છે, માટે સ્ત્રીઓની ઉન્નતિ જે જે માર્ગોથી થાય તે તે માર્ગોમાં વહન કર. ગૃહસ્થાવાસમાં દાનથી મુક્તિ મળે છે. જૈનધર્મ પાળનારા અને મારા પૂર્ણ રાગી ગૃહસ્થોને અને ત્યાગીઓને સહાય આપ. પ્રસંગોપાત્ત ધર્મ્યયુદ્ધમાં પ્રવેશ કર અગર સહાયક બન. જે કન્યાઓ માતા વગેરેને પજવે છે, રીસ કરે છે, ક્લેશ કરે છે તે ઉત્તમ સ્વભાવને પ્રાપ્ત કરી શકતી નથી.

વહાલી પ્રિયદર્શના પુત્રી ! તું સાગરની પેઠે ગંભીર બન. ઉત્તમ ગુણો જ વસ્ત્રાભૂષણો કરતાં અત્યંત કિંમતી છે, એમ માની ઉત્તમ ગુણોને પ્રાપ્ત કર. સર્વ બાબતોમાં વિવેકી બન. અશક્ત વિચાર

અને આચારોથી દૂર રહે. મનની વાસનાઓ પર આત્મશક્તિઓ વડે દાબ મૂક. આત્માના કહ્યા પ્રમાણે મન ચાલે એવી રીતે ચાલ. આન્તરના શત્રુઓને માર અને સર્વ જીવો પર વિશુદ્ધ પ્રેમ ધારણ કર. અલ્પ દોષ અને ઘણો ધર્મ થાય એવાં કર્મો કર. પાપારંભ વિનાની કોઈ બાહ્ય પ્રવૃત્તિઓ નથી, તેથી મારામાં સર્વ કર્મોનો સંન્યાસ કરીને સ્વાધિકારે કર્મ કર. પરંતુ અધિકાર વિનાની બાહ્ય નિવૃત્તિ, કે જેમાં તામસ, આલસ્ય, પ્રમાદ વગેરે દોષો રહ્યા છે, તેમાં રાજી રહીશ નહીં. પોતાનાથી વયમાં, ગુણમાં, ધર્મમાં જે જે વડીલ હોય તેઓનું માન જાળવ અને સર્વ મનુષ્યોની સાથે સભ્યતાથી વર્ત. વિચાર કરીને બોલ. ગુસ્સાનો સદુપયોગ કર. દેશ, સંઘ, રાજ્ય, વ્યાપાર, કેળવણી, આરોગ્ય વગેરેનાં સત્કાર્યોમાં ભાગ લે. સર્વની વાત સાંભળ, પણ મત બાંધતાં વિચાર કર. સર્વ પ્રકારની બાજુઓનો વિચાર કરી કાર્ય કર. અતિ મોજશોખથી કે દેહાદિક ભોગોથી પ્રમાદી ન બન. કુટુંબમાંથી, જ્ઞાતિમાંથી, સ્ત્રીવર્ગમાંથી કલેશટંટા ટળે એવી જ્ઞાનદશા પ્રગટાવ.

અયોધ્યાના રામચન્દ્રાદિ સૂર્યવંશી ક્ષત્રિયોની પરંપરાએ આવેલ રાજ્યગણપતિ ક્ષત્રિય યુવરાજ જમાલીની સાથે તારું યૌવનવયમાં લગ્ન થશે. જમાલીના વંશજો કલિયુગમાં રાજગૃહી નગરીમાં અને પશ્ચાત્ મરુધર દેશ, સૌરાષ્ટ્ર દેશમાં રાજ્ય કરશે. શ્રી યશોદા દેવીના બંધુઓ હૈહય વંશમાંથી સોલંકી વંશ તરીકે પ્રસિદ્ધ થઈ દક્ષિણ, સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં રાજ્ય કરશે. નીતિરૂપ જૈનધર્મ એ મારું બાહ્ય સ્વરૂપ છે, એમ જાણી નીતિ પ્રમાણે વર્ત.

મૃત્યુથી જેટલું ન બીવું તેટલું અન્યાયથી બીવું. અન્યાયી દુષ્ટ લોકોને યથાયોગ્ય ઘટતી શિક્ષા કરવી. તે બાબતમાં સ્વશક્તિઓનો ઉપયોગ કરવો. ગરીબ, અનાથ, નિરાધાર સ્ત્રીઓને પ્રકટ રીતે વા ગુપ્ત રીતે મદદ કરવી. જે પુરુષ મને પરબ્રહ્મ તરીકે સ્વીકારે, જૈનધર્મને સ્વીકારે અને જૈન ગુરુને સ્વીકારે તેની સાથે

મારો આશ્રય કરનારી જૈન કન્યાએ ગુણકર્મોની સમાનતાએ લગ્ન કરવું, અન્યથા માતાપિતા વગેરેની તે બાબતમાં આજ્ઞા સ્વીકારવી નહીં. મરણ કરી મારું શરણ કરવું, પરંતુ જેઓ જૈન ન હોય એવાની સાથે લગ્ન ન કરવું. રાજ્ય, લક્ષ્મી, વૈભવ મળે, અનેક પ્રકારનાં સુખ મળે અને એક તરફ દુઃખો મળે, તો દુઃખોને પ્રિય ગણી જૈનની સાથે લગ્ન કરવું; પણ જે મારો ભક્ત ન બન્યો હોય અને મારી ભક્તિના વિચાર અને આચારોના સંસ્કારથી રહિત હોય તેની સાથે લગ્ન ન કરવું. ગરીબમાં ગરીબ ભિખારી નિર્ધન જૈન સાથે રાજપુત્રીએ લગ્ન કરવું, પણ રાજપુત્ર હોય તોપણ તેની સાથે મારો ધર્મ અને મને પ્રભુ તરીકે અંગીકાર કરનારી કન્યાએ, ગમે તેવી તે ગરીબ હોય તોપણ, લગ્ન કરવું નહીં. મારા ઉપર જેનો પ્રેમ નથી, શ્રદ્ધા નથી તેના પર ગમે તેવા પ્રસંગોથી જૈન કન્યાએ પતિરાગ ધારણ કરવો નહીં. કલિયુગની જૈન કન્યાઓને હું જે કહું છું તે રુચશે નહીં, તો તેવી કન્યાઓ મારા ઉપર ભક્તિ નહીં રાખનારાઓની સાથે લગ્ન કરીને મન, આત્મા અને કાયાને ભ્રષ્ટ કરશે અને પોતાની સંતતિને દુઃખ, મોહ, અધર્મના નરકમાં ધકેલી મૂકશે, એમ જાણી મારા વિચારોનો પ્રચાર કરવા માટે કટિબદ્ધ થા.

મેં તને જે ધાર્મિક શિક્ષણ આપ્યું છે તે જૈન કન્યાઓને સમજાવ અને તેઓને જ્ઞાનના પ્રકાશમાં લઈ જા. જૈન બાલાઓને જેમ જેમ રુચિ પ્રગટે અને જેટલું સમજે તેટલું પચાવી શકે એ પ્રમાણે મારી ભક્તિનો બોધ આપ. પુત્રની પેઠે સર્વ લોક પુત્રીને ચાહે એવા મારા શિક્ષણનો પ્રચાર કર. જેઓ ઘર સુધારે છે તેઓ કુટુંબ સુધારે છે. જેઓ કુટુંબ સુધારે છે તેઓ જ્ઞાતિ, કોમ, સંઘ, દેશ, ખંડને અનુક્રમે સુધારે છે. સ્ત્રી સુધર્યા વિના કુટુંબ વગેરેની શિક્ષણ–સંસ્કૃતિ થઈ શકતી નથી. પુત્રી જ માતા થાય છે. પુત્રીઓને સુધારતાં સર્વ વિશ્વ, સર્વ સંઘ, રાજ્ય, કોમ સુધરે છે. પુત્રીઓની ઉન્નતિ પ્રમાણે દેશ, રાજ્ય, જૈન સંઘાદિકની ઉન્નતિ હોય છે. પુત્રીનું જ્યાં અપમાન થાય છે ત્યાં ગુલામદશા

પ્રગટે છે. માટે મારી વહાલી પુત્રી ! હાલની પુત્રીઓ, કે જે ભવિષ્યની માતાઓ છે, તેઓને તું સર્વ જાતનું શિક્ષણ આપ અને તેઓ મારા માટે સર્વ કર્તવ્યકર્મોનો સંન્યાસ કરે એવી ઉત્તમ બનાવ.

પ્રીતિ એ સ્ત્રી છે અને જ્ઞાન એ પિતા છે. બન્નેના સંયોગ વિના સ્વર્ગની ઉત્પત્તિ થતી નથી. પ્રેમ અને જ્ઞાન એ બે વિના કર્મયોગીઓ પ્રગટી શકતા નથી. પ્રિયદર્શના ! તેં મારી પાસેથી દેશ, કોમ, પ્રજા, સંઘ, રાજ્ય, ધર્માદિની અનેક વ્યાખ્યાઓ સાંભળી છે. તેથી તું વયમાં નાની હોવા છતાં વિદુષી બની છે. તારામાં વિનય આદિ ચાર પ્રકારની બુદ્ધિ પ્રકટી છે. અનેક પ્રકારના વાદીઓની સાથે તું ચર્ચામાં ઊતરી છે. તારા શબ્દોની જનસમાજ પર સારી અસર થાય છે. મારી ભક્તિરૂપ જૈનધર્મ ફેલાવવા માટે તેં સર્વસ્વના અર્પણરૂપ ત્યાગમાર્ગની પ્રતિજ્ઞા કરી છે. તે સમય આવે તું પૂર્ણ કરીશ.

વહાલી પુત્રી પ્રિયદર્શના ! તેં વિશ્વમાં જૈનોની સંખ્યા વધારવા અને અજ્ઞાનાદિ દુષ્ટોનો નાશ કરવામાં મારી સાથે રહીને કર્તવ્યકર્મો કરવાની પ્રતિજ્ઞા કરી છે. હાલ શ્રીમતી યશોદાદેવીના સમાગમમાં રહેજે. અવસર આવ્યે પાછો હું આ દેશમાં ક્ષત્રિયકુંડ નગરમાં આવીશ અને તમને મારા વિશ્વોદ્ધારક તીર્થસેવાના કાર્યમાં લગાડીશ. વહાલી પુત્રી ! કર્તવ્યકર્મ કરવાના ઉત્સાહથી તારું સમગ્ર જીવન ઉત્સાહિત અને આશાવાળું બનાવ. વિશ્વમાં સત્કર્મો કરીને હૃદયની શુદ્ધિ કર. જેઓના હૃદયમાં મારી ભક્તિ પ્રગટે છે તેઓ સદા ઉત્સાહી રહે છે. વહાલી પુત્રી ! જ્યાં સુધી ગૃહસ્થાવાસમાં તું રહે ત્યાં સુધી ક્ષાત્ર ગુણ–કર્મને સ્વાધિકારે કર અને મારી શૌર્ય–ભક્તિથી આગળ વધ.

મારી પ્રાર્થના–ભક્તિ ગમે તે વખતે, ગમે તે સ્થાનમાં, ગમે તે રીતે થઈ શકે છે, એમ તું જાણ અને સર્વને જણાવ. પોતાના પાડોશીઓને મારી ભક્તિ શીખવ. નિરાધારોને મારો આધાર બતાવ. મુસાફર અતિથિઓને જોઈતી મદદ આપ. સ્ત્રીવર્ગમાં જે જે મિથ્યા

રિવાજો ઘૂસ્યા છે તેને તેઓ પર પ્રેમ રાખી તું દૂર કર. સત્ય પ્રેમ અને પરોપકારથી વૈરીઓના વૈરો શમાવી શકાય છે, એવું વીર નારીઓને અને વીર પુરુષોને કર્તવ્યથી શીખવ. બહુ બકબકાટ કરનારા કરતાં મૌન રહીને કર્તવ્યને કરનારા મારી તરફ જલદીથી આવી શકે છે.

શુદ્ધાત્મવીરમાંથી અનંત શાસ્ત્રો ઊપજે છે અને વિણસે છે. આત્મા જ આત્માનો મિત્ર કે બન્ધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. દુનિયામાં જે જે સત્ કે અસત્ ધર્મો પ્રગટ્યા છે, જે જે પ્રગટે છે અને જે જે પ્રગટશે તે આત્મામાંથી જ. આત્માની શક્તિઓ અને મનની શક્તિઓ સર્વપર્યાયરૂપ છે. તેનો પ્રકાશ કરવામાં આત્મમહાવીરની પૂર્ણ પ્રેમરૂપ ભક્તિ ખાસ હેતુભૂત છે. જેવી જેવી મનની ઇચ્છાઓ થાય છે તેવા તેવા સૂક્ષ્મ–સ્થૂલ અવતારોને જીવ ધારણ કરે છે. જેમાં પ્રેમ હોય છે ત્યાં અવતારાદિથી સંબંધ બાંધવો પડે છે. જ્યાં પ્રેમ ત્યાં મન અને ત્યાં આત્મવીરરૂપ મારો વાસ જાણવો. જ્યાં મારા સ્વરૂપની ચર્ચા થાય છે ત્યાં મારું અનેક ભાવરૂપવાળું પ્રાકટ્ય થાય છે. બોલવું એ રૂપું છે અને કરવું એ સુવર્ણ છે. જેઓ વિશ્વની ઉન્નતિ કરવા ઇચ્છે છે તેઓએ વિચારો કરી ન બેસી રહેવું જોઈએ, પરંતુ રક્તનો ભોગ આપી સત્કાર્યો કરવાં જોઈએ. કર્તવ્યો કરવામાં ઉન્નતિ છે, પણ વાતો કરવામાત્રથી પોતાની વા અન્યોની કદી ઉન્નતિ થતી નથી. જેઓ આત્મવીર સંબંધી વિચારોનો અનાદર કરે છે તેઓ સ્વવિચારોથી મરેલા છે. તેઓ વિશ્વમાં જીવવાને લાયક રહેતા નથી. જેઓ કથનીમાં રહેનારા છે, પણ રહેણીમાં રહેનારા નથી તેઓ વીર બની શકતા નથી. જેના સત્ય વિચારો વીર બનતા નથી તેનાં કર્મો વીર બની શકતાં નથી.

પ્રિયદર્શના ! મૌન બની રહેણી આદર્યા કર અને ખપ પડતું બોલ. સ્ત્રીઓને વીરશક્તિવાળી બનાવવા પુરુષાર્થ ફેરવ. અશક્ત, નિરુત્સાહી અને અપ્રેમીઓ મને પ્રાપ્ત કરી શકતા નથી. સામાજિક,

રાજકીય, સંઘાદિ સેવામાં પુરુષાર્થ ફોરવ. આત્મવીરના સદ્‌વિચારોને વારંવાર પ્રગટાવ્યા કર અને સ્વાત્મા, દેશ, કુટુંબ, રાજ્ય, ધર્મની પડતી કરે એવા વિચારોનો નાશ કર. પિંડમાં રહેલો આત્મા શરીરાદિનો ગુલામ ન બને અને પિંડમાં કે બ્રહ્માંડમાં સ્વતન્ત્ર રહી સર્વની સમાન હકે સ્વતન્ત્રતા જાળવે એવાં સત્કર્મો કર. જેઓ તારી મદદ લેવાને દોડી આવતા હોય અને સત્ય કહેતા હોય તેઓ માટે યથાશક્તિ કંઈક કર. સંસારમાં સ્વર્ગ અને નરક છે. સદ્‌ગુણોથી સ્વર્ગ છે અને દુર્ગુણોથી નરક છે. મારા સદુપદેશ પ્રમાણે વર્તવાથી સ્વર્ગ છે. આત્મમહાવીરના જેઓ ભક્ત નથી અને જેઓ અસત્ જડ વસ્તુઓના ભક્તો બન્યા છે તેઓને જાગ્રત કર. તમે બીજાઓને જે આપશો તે પાછું તમને મળશે. ધર્મથી સુખ છે અને અધર્મથી દુઃખ થાય છે, એમ સમસ્ત સ્ત્રીવર્ગને સમજાવ.

મારી ભક્તિમાં જેઓએ હુંપણું ખોયું છે તેઓ સત્ય ભક્ત છે. જેઓ પશ્ચાત્તાપથી પોતાનાં હૃદયને શુદ્ધ કરે છે તેઓનાં હૃદયમાં હું વ્યક્ત થાઉં છું. હું ભક્તોના હૃદયોમાં બહારથી આવતો નથી; સત્તાએ છું તે વ્યક્તભાવે પ્રગટું છું. હું સત્તારૂપે, જ્ઞાનરૂપે અને આનંદરૂપે જ્યાં જ્યાં છું ત્યાં ત્યાં જીવતા મહાવીરદેવ જાણવા. જે જીવતા મહાવીરરૂપ મહાદેવને પૂજે છે તેને શેષ કંઈ પૂજવાલાયક રહેતું નથી.

નિર્દોષ વહાલી સુ(પ્રિય)દર્શના પુત્રી ! તારી સર્વ શુભ વૃત્તિઓ એ દેવીઓ છે અને સદ્‌વિચારો એ રૂપક દૃષ્ટિએ દેવો છે. તારામાં જે પવિત્ર આત્મા છે તે વીર, મહાવીર, જયવીર, વર્ધમાન-વીર આદિ અનેક સદ્‌ગુણોના ધામરૂપ વીર છે. તે રૂપ તું પોતે છે—એમ નિશ્ચય કરીને વર્ત, એટલે અનેક જન્મોમાં આત્મમહાવીરની સંપૂર્ણ શક્તિઓ જે જે વ્યક્ત કરી શકાય તે આ ભવમાં તારાથી વ્યક્ત કરી શકાશે. આ વિશ્વમાં આત્માથી સર્વ કરી શકાય છે, માટે કોઈ કાર્ય ન કરી શકાય એવું નથી. આ વિશ્વમાં શક્તિઓને

ફોરવ્યા વિના મહત્તા પ્રાપ્ત કરી શકાતી નથી એમ જાણી સર્વ પ્રકારની શક્તિઓને પ્રગટાવ. જલસ્નાનાદિથી શરીરની શુદ્ધિ કર, સત્ય બોલી વાણીની શુદ્ધિ કર, સત્ય અને પવિત્ર વિચારોથી મનની શુદ્ધિ કર, ચિદાનન્દમય બની સ્વાત્મશુદ્ધિ કર. પવિત્ર અને સ્વચ્છ હવાને ગ્રહણ કર, સ્વચ્છ શુદ્ધ જલ ગ્રહણ કર, સાત્વિક બુદ્ધિને ધારણ કર. ગૃહસ્થાવાસમાં પવિત્ર અતિથિ, સાધુઓ અને સાધ્વીઓની આહારાદિકથી સેવા કર.

બાળાઓ પ્રતિજ્ઞાપાલક અને શુદ્ધ પ્રેમી બને તો જ સંસારમાં તેઓ ભવિષ્યની માતાઓ બની શકે અને તેઓ દેશ, સંઘ, રાજ્ય, ધર્માદિની પ્રગતિ કરી શકે. જેઓમાં સત્ય પ્રેમ, પ્રતિજ્ઞાપાલનશક્તિ અને ઉદારભાવનો આવિર્ભાવ થયો હોય છે તેઓ મને પરમપ્રિય છે. પ્રિયદર્શના પુત્રી ! આજીવિકાદિ સાધનોમાં મનુષ્યો ન્યાયનીતિથી ચાલે એવો સદુપદેશ આપ. તું પવિત્ર છે. અનેક જન્મોથી પણ જે સિદ્ધ દશા યાને મારું શુદ્ધાત્મશિવપદ પ્રાપ્ત ન કરી શકાય એવું છે તે તું આ જન્મમાં પ્રાપ્ત કરનારી છે. મારા પર વિશ્વાસ અને પ્રેમ ધારણ કરનારી બાળાઓ પોતાના ભાવ પ્રમાણે સંસારમાં ઇષ્ટ ફળોને પામે છે. પરમાત્મ પરબ્રહ્મ એવા મને મહાવીર પ્રભુ તરીકે માનીને જે બાળાઓ મારાં અનેક પ્રકારનાં ગાનો ગાય છે અને અનેક અનુષ્ઠાનો કરે છે તેઓ ઇચ્છિત વરને મેળવી શકે છે. અશોક, વડ, પીપળ, આમ્રાદિ અનેક શુભ વૃક્ષો અને પવિત્ર નદીઓ, તળાવો, સાગર, વાવો તથા બાગોમાં બેસીને જે બાળાઓ મારી ભક્તિ કરે છે, ગરબાઓ ગાય છે, ગુરુઓને પૂજે છે, દાન આપે છે, તપશ્ચર્યાઓ કરે છે, તેઓનાં મનમાં મારી શક્તિઓનો પ્રકાશ થાય છે. તેઓના મનમાં હું અનેક શક્તિઓ ભરું છું, તેઓનાં મનોવાંછિતોને હું પૂર્ણ કરું છું.

જે બાળાઓ મારામાં મન રાખીને પવિત્ર એવા મારા ધર્મ પ્રમાણે ગૃહસ્થાવાસમાં પ્રવેશ કરે છે તેઓની સર્વથા પ્રકારે ઉન્નતિ

થાય છે. જે બાળાઓ મારી પૂર્ણ ભક્તાણીઓ બને છે અને દેશ, રાજ્ય, શરીર, ધન કરતાં મારા ધર્મનો પ્રચાર કરવામાં સર્વસ્વનો ભોગ આપે છે, તેઓ ઇચ્છિત ફળરૂપ સ્વર્ગ, ઉત્તમ પતિ, વૈભવ, આરોગ્ય, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને બળ પામે છે. જે બાળાઓ પ્રાણ પડે તોપણ છેવટ સુધી મારા નામનો જાપ અને સ્મરણ કરે છે તેઓને મૃત્યુ વખતે કષ્ટ કે દુઃખ અલ્પ થાય છે અને મૃત્યુ બાદ તેઓ મારા પદને વેગથી પ્રાપ્ત કરે છે. તેઓ છેવટના શુદ્ધાત્મમહાવીરપદને પામે છે, અને જન્મ-જરા-મરણથી મુક્ત થઈ સ્વતંત્ર બને છે. જે બાળાઓ મારા વિના અન્ય કશામાં ચિત્ત પરોવતી નથી કે રાગ ધારણ કરતી નથી અને જેઓ મારી આજ્ઞા પ્રમાણે શરીર-મન-વાણીનો વ્યાપાર કરીને સંસારવ્યવહાર પ્રમાણે વર્તે છે, તેઓ મારી પરમ ઉપાસિકાઓ બને છે.

સ્ત્રીઓને ભોગ્ય માની જેઓ સ્ત્રીઓના આત્માઓનો વિકાસ કરતા નથી તેઓ મારા ભક્ત જૈનો બની શકતા નથી અને જે સ્ત્રીઓ આત્માના વિકાસમાં બેદરકાર રહે છે તેઓ પોતાના સત્ય સ્વાર્થથી તથા સત્ય પરમાર્થથી ભ્રષ્ટ બને છે. બાળાઓના અને પરિણીત સ્ત્રીવર્ગના જ્ઞાનપ્રકાશમાં જે જે અંતરાયો કે આવરણો હોય તેઓના વિનાશાર્થે પ્રયત્ન કર. બાળકો અને બાલિકાઓ આ પૃથ્વીનાં નિર્દોષ દેવો અને દેવીઓ છે. બાલિકાઓ પર જ્યાં અત્યાચાર થાય છે અને જે દેશમાં કુમારિકાઓની લૂંટ કે અપહરણ થાય છે તે દેશ અને તેની શક્તિઓના નાશને માટે અનેક ઉત્પાતો અણધાર્યા પ્રગટ થાય છે. બાળાઓના આત્મવિકાસના જે જે ક્રમો છે તદનુસારે તેઓને શિક્ષણ આપવાનો મેં ઉપદેશ આપ્યો છે. તે પ્રમાણે બાળાઓને સર્વ પ્રકારની વિદ્યાઓનો અભ્યાસ કરાવ. બાલિકાઓને અને બાળકોને જે જે બાબતોમાં કે રમતોમાં ગમ્મત પડે તે દ્વારા તેઓના આત્માઓના વિકાસનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં ભાગ લે. પૂર્વભવોના મારી ભક્તિના સંસ્કારોથી જેઓ આ ભવમાં જન્મતાં વાર જ્ઞાત જેવા પ્રગટેલા હોય છે,

તેઓને આ ભવમાં અલ્પ પ્રયાસે વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેઓ મારું ધ્યાન ધરીને સર્વજ્ઞ બને છે.

બાલિકાઓની ભૂલો સુધારવી, પણ તેઓને ધુતકારવી નહીં અને તેઓની શુભેચ્છાઓને, સ્વતંત્ર શક્તિઓને વિકાસ પામતી દાબી દેવી નહીં. બાલિકાઓનાં હૃદયોમાં ભયના, અનુત્સાહના સંસ્કારો પડવા દેવા નહીં. તેઓ પણ અમે પરતંત્ર છીએ એમ પોતાને ન માની લે. પુરુષોની પેઠે તેઓ વિશ્વમાં સરખી રીતે મુક્ત થવા, સર્વ પ્રકારે શુભ કર્મો કરવા સર્જાયેલી છે, એમ તેઓનાં હૃદયોમાં ઠસાવવું. બાળાઓને માથે ભવિષ્યમાં માતાની ફરજો જે જે આવવાની છે તેનું શિક્ષણ આપવું.

ઉત્તમ કુટુંબ–ઘર એ જ ગૃહસ્થનું ગુરુકુલ છે. જે બાળાઓ આર્ય રીતરિવાજ પ્રમાણે માતા, પિતા અને વૃદ્ધજનોની પાસે રહી સર્વ સત્ય અનુભવો મેળવે છે અને મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે તેઓ જૈન જીવનને પ્રાપ્ત કરી શકે છે. બાલિકાની આગળ તેની માતા સાધ્વી ગૃહસ્થાદર્શિકા છે. જેટલાં ઘર અને જેટલી પર્ણ-કુટીઓ તેટલાં ગુરુકુલો બનવાં જોઈએ અને બાલિકાઓ ઘર-કુટુંબ રૂપ ગુરુકુલવાસ સેવી શ્રાવિકાઓ, સતીઓ અને ગૃહસ્થ દેવીઓ બનવી જોઈએ. આર્ય દેશમાં આર્ય જૈન શ્રાવિકાઓ અને ઉપાસિકાઓ અનાદિકાળથી પ્રગટતી રહી છે. વહાલી પુત્રી પ્રિયદર્શના ! તારું કલ્યાણ થાઓ !

પ્રિયદર્શના : પરમેશ્વર મહાવીર પિતાજી ! આપને નમું છું, વંદું છું, સ્તવું છું.

આપનાં વચનામૃતોનું શ્રવણ કરતાં તૃપ્તિ થતી નથી. આપે પુત્રીને યોગ્ય અનેક પ્રકારનો ઘણી વેળાએ અનેક પ્રકારે (બોધ) આપ્યો છે. બાળાઓ અનેક ગુણોને પ્રકટાવી શકે અને કર્તવ્યકર્મો કરે એવો બોધ આપીને તે ભવિષ્યમાં આદર્શ પતિવ્રતા સતીઓનું જીવન ગાળે અને છેવટે શુદ્ધાત્મપરબ્રહ્મરૂપ આપને પામે એવો

આપનો ઉપદેશ 'પુત્રી ગીતા' તરીકે ભવિષ્યમાં કલિયુગમાં મહર્ષિઓ પ્રસિદ્ધ કરશે. વિશ્વને પુત્રના અવતારની પેઠે પુત્રીનો અવતાર ઘણો ઉપયોગી છે.

અધ્યાત્મજ્ઞાન, યોગજ્ઞાન, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, સર્વદૃષ્ટિવિચાર અર્થાત્ સર્વનયપરિજ્ઞાન, ભક્તિજ્ઞાન, નીતિજ્ઞાન, રાષ્ટ્રવ્યાપારજ્ઞાન, પશુ-પંખી આદિની પરીક્ષાવિદ્યા, પિંડજ્ઞાન, બ્રહ્માંડ કે લોકાલોક-જ્ઞાન, દ્રવ્યાનુયોગજ્ઞાન, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ, ચરિતાનુ-યોગ, સપ્ત તત્ત્વજ્ઞાન, સર્વ પ્રકારની ચોસઠ કલાનું જ્ઞાન વગેરેના શિક્ષણથી મારા આત્માનો, મનનો, કાયાનો સર્વ બળો વડે વિકાસ થયો છે. આપનો મારા પર પૂર્ણ સ્નેહ છે તેથી એકદમ મારામાં ગુણોનો આવિર્ભાવ થયો છે. હું આપની પાસે ફક્ત એક આપની કૃપા વિના બીજું કશું જ ઇચ્છતી નથી. તપ કરીને, જપ કરીને, ભક્તિ કરીને ફક્ત મારા પર આપનો સદા પૂર્ણ સ્નેહ રહે એટલું જ ઇચ્છું છું. આપની કૃપામાં મારું સર્વસ્વ રહ્યું છે. આપના વાત્સલ્યભાવમાં મને સર્વ સ્વર્ગોનાં સુખ કરતાં વિશેષ સુખ અનુ-ભવાય છે. આપના વિના મારે હવે જન્મ ધરીને પિતા કરવાનો પ્રસંગ અન્ય પ્રાપ્ત કરવાનો નથી. આપનાં શરીર, મન, વાણી, કર્મ આદિ સર્વ મારે પિતૃરૂપ છે. સર્વ બાહ્ય અને અંતરંગરૂપ મારા પિતા આપ અનેક નામરૂપાદિમાં ચિદાનંદરૂપ સત્તાએ વિલસો છો. આપની કૃપા એ જ મારો મોક્ષ છે. આપ દેવ-ગુરુ-ધર્મરૂપ છો. આપ પરમાત્મપરબ્રહ્મ મહાવીર પિતાની અકળ ગતિ અને અલક્ષ્ય સ્વરૂપ આદિ શક્તિઓમાં મારો વિશ્વાસ છે. આપનો પૂર્ણ સ્નેહ તે જ મારું સર્વસ્વ છે. તે વિના આખી દુનિયાની મને રાણી બનાવો તો તેથી મને અંશમાત્ર આનંદ ન થઈ શકે.

સત્ય પ્રેમરૂપ ભક્તિથી હૃદયની શુદ્ધિ થાય છે અને હૃદયની શુદ્ધિથી એક ક્ષણમાં આરીસામાં પ્રતિબિંબિત થતા પદાર્થોની પેઠે હૃદયમાં સર્વ વિશ્વનો ભાસ થાય છે સર્વ શાસ્ત્રોના પઠનાદિકથી

શાસ્ત્રોનો પાર નથી આવતો. પરંતુ આપની પ્રેમદૃષ્ટિના બળથી અંતર્મુહૂર્તમાં સર્વશાસ્ત્રોનાં રહસ્યોનો અને છેવટના કેવલજ્ઞાનનો પ્રકાશ થાય છે. આપની કૃપા વિના મનરૂપ પારો ઠરી શકતો નથી. આપની પૂર્ણ કૃપા અને પૂર્ણ પ્રેમ સદા કાળ મારા પર રહો અને મારો પૂર્ણ વિશ્વાસ અને પ્રેમ આપના પર રહો. આપનો પૂર્ણ સ્નેહ મારી સત્યશુદ્ધાત્મદશા છે. આખી દુનિયા તે આપની કૃપા આગળ એક તૃણમાત્ર છે.

પ્રેમનો બદલો પ્રેમ છે. સત્યનો બદલો સત્ય છે. દાનનો બદલો દાન છે. જે આપ માટે શરીર અને પ્રાણાદિકનો ભોગ આપે છે તે આપનો ભક્ત છે અને તેના પર આપની કૃપા ઊતરે છે. આપના નામરૂપમાં અને આપના શુદ્ધાત્મમહાવીર સ્વરૂપમાં નામરૂપાદિકનો લય કરીને સર્વ વિશ્વમાં આપને જે અનુભવે છે તે જ આપના કૃપાપાત્ર ભક્તો જાણવા. આપના પર પૂર્ણશ્રદ્ધા અને પૂર્ણપ્રેમ જેનો છે અને આપના ભક્તો, જેઓ સમ્યક્ત્વ–સંસ્કારપૂર્વક પ્રગટ બન્યા છે અને બનશે, તેઓની મુક્તિ થઈ છે, થાય છે અને થશે. આપના જેઓ રાગી છે તેઓ આપને પામે છે. જે જે ભાવથી આપને લોકો ભજે છે તે તે ભાવથી આપ તેઓને પ્રાપ્ત થાઓ છો. જેનો જેવો ભાવ છે તેને તેવા રૂપે આપ મળો છો. આત્મરૂપ મહાવીરના સર્વ પર્યાયો રૂપ ભાવો આવિર્ભાવ પામીને આત્માને મળે છે. આત્મમહાવીરનું દર્શન જેઓને પ્રિય લાગે છે તેઓ સત્ય જૈન છે.

ભવિષ્યની આર્ય બાલિકાઓ આપના પર પૂર્ણ પ્રેમ અને વિશ્વાસથીજ પતિવ્રતાદિ વ્રતના પાલનમાં વીર સતીઓ અને યોગિનીઓ બનશે. જે સ્ત્રીઓ આપની ભક્તાણીઓ બનશે તેઓ સર્વ પ્રકારની વીરશક્તિઓવાળાં સંતાનોને પ્રગટાવશે અને તેઓ રત્નકૂખીઓ ગણાશે. આપની સેવાભક્તિથી આર્ય જૈન મહિલાઓ દાનવીર, ભક્તવીર, શૂરવીર આદિ વીર સંતાનોને પ્રગટાવશે. સ્ત્રીઓનાં હૃદયમાં, રક્તમાં, ધાતુઓમાં, કાયામાં, વાણીમાં, આંખમાં, કાનમાં, આત્મામાં

આપ મહાવીર પ્રભુ ગુણોથી અને કર્તવ્યોથી પરિણમી રહ્યા છો. તે સ્ત્રીઓ પિંડમાંથી બ્રહ્માંડનો પ્રકાશ કરનારાં મહાવીરો અને યોગિનીઓને પ્રગટાવે છે અને પ્રગટાવશે. સ્ત્રીઓ અને પુરુષો નવરસમાંથી આપને જેવા રસભાવે સેવે છે તેવા ભાવવાળાં સંતાનોને પ્રગટાવે છે. અનાદિકાળથી આત્મપણે આપ છો. અનંતાનંદમય જીવન આપના ભક્તો પામે છે અને પામશે. સર્વાવસ્થારૂપ આપનું મને શરણ હો !



## ૨. સત્યરૂપાએ પ્રિયદર્શનાને આપેલું શિક્ષણ

પ્રિયદર્શના : મહાદેવી સત્યરૂપા ! તમને નમું છું, વંદું છું. મને સર્વતીર્થાધાર શ્રી મહાવીર પ્રભુએ ત્યાગ સંબંધી તથા પુત્રીશિક્ષણ સંબંધી સારો બોધ આપ્યો. તેથી મારામાં અનંત પ્રકાશ પડ્યો છે.

સ્ત્રીઓ અને બાલિકાઓ કર્મયોગિનીઓ કેવી રીતે બને તેનું જ્ઞાન પિતાશ્રીએ આપ્યું છે. સાકાર પરમેશ્વર મહાવીરદેવને મેં પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધાથી શરણ્યરૂપ સ્વીકાર્યા છે. તેથી મને આત્મપરબ્રહ્મવીર સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે. તેમણે ગૃહસ્થાવાસમાં તમારી પાસેથી અને પૂજ્ય સર્વતીર્થસ્વરૂપિણી યશોદાદેવી માતા પાસેથી સર્વ પ્રકારની વિદ્યા અને જ્ઞાન પ્રાપ્ત કરવા આજ્ઞા કરી છે. તે પ્રમાણે હું પ્રવર્તીશ. પ્રભુ ત્યાગ ગ્રહી વિશ્વોદ્ધાર કરવાના છે તેથી મને હર્ષનો પાર રહેતો નથી.

**ત્યાગસૂક્ત :**

સત્યરૂપા : પ્રિયદર્શના ! અનંતાનંત પુણ્યરાશિના વિપાકથી શ્રી મહાવીર પ્રભુની પુત્રી તરીકે (તું) અવતાર પામી છે. સાકાર પ્રભુના શરીરથી તારું શરીર પ્રગટ્યું છે. તેથી તું પરબ્રહ્મપરમાત્મ-પદ પ્રાપ્ત કરવાની જ, એવો નિયમ છે.

ત્યાગની ઘણી જરૂર છે, તેથી પ્રભુ મહાવીરદેવ ત્યાગી થવાના છે. જે પૂર્ણભોગી હોય છે તે પૂર્ણયોગી બને છે. જે પૂર્ણરાગી હોય છે તે જ પૂર્ણત્યાગી બને છે. પૂર્ણ રાગ તે જ પૂર્ણ ત્યાગરૂપે પરિણમે છે. જે કર્મ કરવામાં શૂરા હોય છે તે જ ધર્મ કરવામાં શૂરા બને છે. જ્ઞાન પછી શૌર્ય અને ત્યાગથી આત્મોદ્ધાર થાય છે. વાયુ, જળ, પૃથ્વી, અગ્નિ, આકાશ વગેરે પદાર્થો જેમ સર્વના ઉપયોગ માટે છૂટા છે અને તેનો એકસરખી

રીતે લાભ લઈને વિશ્વના જીવો જેમ જીવે છે, તેમ જેનાં મન-વાણી–કાયાદિ તેમ જ આત્માદિ સર્વસ્વ સર્વ લોકોના ભલા માટે એકસરખી રીતે અપ્રતિબદ્ધ છે અને સર્વ લોકો જેનાથી લાભ ઉઠાવે છે તેવી દશાને ત્યાગદશા કહેવામાં આવે છે.

ત્યાગ, પરોપકાર, દાન, આત્મભોગ, સેવા વગેરે શબ્દોનું ત્યાગજીવનમાં તાત્પર્ય છે. પોતાનું જે કંઈ છે તે અન્ય લોકોને આપવું અને અન્યોના કલ્યાણ માટે સર્વ પ્રકારની આવશ્યક પ્રવૃત્તિઓ કરવી તે ત્યાગ છે. અમુક માટે જે જીવન ગાળવામાં આવે છે તેને જેમ જેમ વ્યાપક બનાવવામાં આવે છે તેમ તેમ ત્યાગ-દશા ખીલતી જાય છે. ત્યાગદશાની અસંખ્ય શ્રેણિઓ છે. તે અનુક્રમે અનેક જન્મોમાં પસાર કરવી પડે છે. સર્વ ત્યાગીઓનો આન્તર તથા બાહ્ય ત્યાગ એકસરખો હોતો નથી. તેમાં ષટ્સ્થાનક પડે છે.

મન, વાણી, કાયા, ધનાદિકનો પરાર્થે જેટલો ઉપયોગ તેટલો ત્યાગ અને તે દશાએ તેટલો ત્યાગી આત્મા જાણવો. જડ પદાર્થોમાં સર્વને સ્વાર્થબુદ્ધિથી રાગ પ્રગટે છે અને પોતાને માટે કે કુટુંબ માટે જ વિશ્વની સર્વ સંપત્તિ એકઠી કરવાની પ્રવૃત્તિ થાય છે. પરિણામે અન્યને જે દુઃખ પડે છે તેની કાળજી રહેતી નથી. આવું મર્યાદા વિનાનું સ્વાર્થી જીવન પોતાને સુખ આપવા સમર્થ થતું નથી તેમ અન્યને પણ દુઃખોમાં નિમિત્તભૂત થાય છે. તેથી નામરૂપનો મોહરાગ ત્યજી વિવેકપૂર્વક અન્ય માટે પૌદ્ગલિક જડ વસ્તુનો અને ઇચ્છાઓનો ભોગ જે આપવો તે જ ત્યાગ છે.

નૈસર્ગિક સ્થિતિએ અને અભ્યાસદૃષ્ટિએ ત્યાગ એમ બે પ્રકારે ત્યાગ જાણવો. ઘર. કુટુંબ વગેરેના સંબંધો આદિનો ભોગ આપીને દેશ, કોમ, સંઘ, સમાજ અને ધર્માદિની ઉન્નતિ માટે અને આત્મશક્તિઓનો વિકાસ કરવા માટે જે તજવાલાયક હોય તે તજવું અને જે કરવાલાયક હોય તે કરવું એવી બાહ્યાંતર

દશાના વ્યવહારને ત્યાગદશા જાણવી. ગૃહસ્થાશ્રમનો ત્યાગ દેશ-વ્યાપક હોય છે અને ત્યાગાશ્રમનો ત્યાગ સર્વવ્યાપક બને છે. અપેક્ષાએ બન્ને આશ્રમના ત્યાગ દેશવ્યાપક અને સર્વવ્યાપક હોય છે. રાગનું દેશ થકી જેમ જેમ વિશુદ્ધ પરિણમન થતું જાય છે તે જ બાહ્યમાં અહં–મમત્વના નાશથી ત્યાગનું રૂપ ગ્રહણ કરે છે. એકેન્દ્રિયથી છેવટ પરમાત્મા પર્યન્તને અપેક્ષાએ સ્વાધિકારે ત્યાગ-દશા હોય છે. જેમ જેમ ત્યાગભાવ ખીલતો જાય છે તેમ તેમ ત્યાગરૂપ ચારિત્ર્યની વૃદ્ધિ થતી જાય છે અને છેવટે પરબ્રહ્મ મહા-વીરત્વ પ્રગટતાં તેમાં સર્વ સમાઈ જાય છે.

ત્યાગીઓ પાસે જે કંઈ છે તે સર્વે ત્યાગને માટે હોવાથી ત્યાગરૂપ છે, કારણ કે બાહ્ય ખપ વિનાના પદાર્થો પર તેઓ મૂર્છા રાખતા નથી. તેઓની પાસે વિશ્વની સઘળી ઋદ્ધિ હોવા છતાં તે ત્યાગી છે, કારણ કે તેઓ બાહ્ય સંપત્તિમાં મમત્વરહિત પ્રવૃત્તિ-વાળા છે. સર્વ વિશ્વ તેઓનું છે અને તેઓ સર્વ વિશ્વના છે. એટલે તેઓની મૂર્છાનો ત્યાગ અને તેઓની બાહ્ય ધનાદિક સંપત્તિનો વિશ્વાર્થે ઉપયોગ એ જ અંશે અંશે ત્યાગ તથા દાન છે, એમ જાણવું.

બાહ્ય ત્યાગ કરતાં અનંતગણો વિશેષોપકારી પરબ્રહ્મ-મહાવીરશક્તિવિકાસક આંતર ત્યાગ છે. બાહ્યાંતર સર્વમાં અપ્રતિબદ્ધ અને શુદ્ધાત્મ મહાવીરનો પૂર્ણ પ્રેમી બની જે દેશ-કાલાનુસારે પ્રવૃત્તિ વા નિવૃત્તિ, જે જે જ્યાં યોગ્ય હોય તે, કરે છે તે ત્યાગી છે. શુદ્ધાત્મ પરબ્રહ્મમહાવીરાર્પણમાં સર્વ પ્રકારના ત્યાગનો અન્તર્ભાવ થાય છે. આત્માના જે ગુણપર્યાયો છે તે આત્માને દેવા તે આત્મત્યાગ છે. શરીરાદિક બાહ્ય વિભૂતિઓનો વિવેક-પુરસ્સર ઉપયોગ કરવો તે ત્યાગ છે. જે દ્રવ્યત્યાગીઓ બને છે તે ભાવત્યાગીઓ પણ બની શકે છે. તમોગુણત્યાગ, રજોગુણ-ત્યાગ અને સત્ત્વગુણત્યાગ અનુક્રમથી મનુષ્યોને પ્રાપ્ત થાય છે. તેમાં બાહ્યથી એકદમ હઠ કરીને જે ત્યાગી બને છે તે બૂરી

ઇચ્છાઓના ત્યાગ વિના પાછો હતો ત્યાંનો ત્યાં આવે છે. સર્વવ્યાપક પરમાર્થ જીવન કરવા માટે બાહ્ય ત્યાગ તથા આંતર ત્યાગની જરૂર છે. જેઓ આત્મપ્રેમી બને છે તેઓ દાની બને છે અને તેઓ જ ત્યાગી બને છે. અન્ય જીવો માટે પ્રાણાદિકનો ત્યાગ જેવા જેવા ભાવે મનુષ્યો કરે છે તેવા તેવા ભાવે તેઓ ત્યાગી બની આત્મવીરને પામે છે.

અમુક પ્રકારના વેષમાં અથવા અમુક પ્રકારની ક્રિયાચારરૂપ પ્રવૃત્તિ યા નિવૃત્તિમાં અનેક પ્રકારના ત્યાગનો સમાવેશ થતો નથી. દેશોદય માટે જે પ્રવૃત્તિમય જીવન ગાળે છે તે દેશત્યાગી છે. સમાજ માટે પ્રવૃત્તિમય જીવન અર્પણ કરે છે તેમને સમાજ–ત્યાગીઓ જાણવા. ચતુર્વિધ સંઘ માટે જે મન, વાણી, કાયાદિકને અર્પણ કરી પ્રવૃત્તિ કરે છે તે સંઘત્યાગીઓ જાણવા. સર્વ પ્રકારના જૈનો, કે જે વસ્તુતઃ જિનો છે, તેઓની સેવાભક્તિમાં, તેઓને બાહ્ય ધનાદિકની સહાયમાં તથા તેઓને સર્વ પ્રકારના વિદ્યા, ક્ષાત્ર, વ્યાપારાદિક બળને પ્રાપ્ત કરાવવામાં જીવે છે તેઓ જૈન–ત્યાગીઓ જાણવા. સાધુઓ કે સાધ્વીઓ માટે જે પ્રાણાદિકનો ત્યાગ કરનારા છે તેઓ સાધુત્યાગીઓ જાણવા. સર્વત્ર જેઓ પરિભ્રમણ કરે છે અને ખંડોમાં, દ્વીપોમાં, પર્વતોમાં જે વિચરે છે અને સર્વ લોકોને જેઓ મહાવીર પ્રભુનો બોધ આપી પ્રભુ મહાવીરના ભક્ત બનાવે છે તેઓ જૈનધર્મત્યાગીઓ જાણવા. જૈનધર્માત્મમહાવીર પ્રભુનું ભજન–સ્મરણ કરનારા અને મહાવીર પ્રભુના ઉપદેશોને સર્વત્ર વિશ્વમાં પ્રચાર કરવા માટે જેઓ સ્વાર્થોનો અંશે અંશે ભોગ આપે છે એવા ઋષિઓ, મુનિઓ, સાધુઓ, હંસો, પરમહંસો, પરિવ્રાજકો, યોગીઓ આદિ અનેક પ્રકારના ત્યાગીઓ જાણવા.

અધિકાર વિનાના ત્યાગીઓથી દેશ, રાજ્ય, સમાજ, સંઘ વગેરેની પ્રગતિ થતી નથી. તેમ યોગ્યતા વિનાના, સ્વાધિકાર વિનાના ગૃહસ્થોથી ગૃહસ્થાવાસમાં મલિનતા આવે છે. શ્રી મહાવીર પ્રભુ

ગૃહસ્થાવાસના આદર્શ પ્રભુ બની ત્યાગીઓના આદર્શ પરમાત્મપ્રભુ બનવાના છે. તેથી સર્વ પ્રકારના ત્યાગીઓમાં નવું વીરચૈતન્ય સ્ફુરાયમાન થવાનું છે અને તેથી સાધુઓનું પાલન થવાનું છે. તેથી અધર્મનો નાશ થવાનો છે. સર્વ પ્રકારના ધર્મોવાળો જે સર્વ વિશ્વ-વ્યાપક જૈનધર્મ છે તેનો સર્વત્ર પ્રકાશ—પ્રચાર થવાનો છે. ત્રિવિષ્ટ હિમાલય તરફના ઉત્તરના દેશોમાંથી તથા તેની પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તરફના દેશોમાંથી અધર્મનો નાશ થવાનો છે. અનેક ઋષિઓએ પ્રભુ મહાવીર પાસેથી સત્ય બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને તેથી વિશ્વમાં ધર્મનાં આંદોલનો સર્વત્ર પ્રચાર થવા પામ્યાં છે.

પ્રભુ મહાવીરદેવ, જેમનો આપણને પ્રત્યક્ષ સમાગમ થયો છે, તેઓ હવે વિશ્વમાં સર્વથા પ્રકારે ધર્મની સ્થાપના કરશે. જૈન ધર્મમાં વેદ–વેદાન્ત–આગમાદિ પ્રતિપાદ્ય અનેક પ્રકારનું તત્ત્વજ્ઞાન અનાદિ કાળથી છે. તેનો મહાવીરદેવ સર્વથા પ્રકાશ કરશે.

## તત્ત્વજ્ઞાન

અનાદિકાળથી આત્માદિ તત્ત્વજ્ઞાન પ્રવર્તે છે. તેનો પ્રવાહ મન્દ થઈ જાય છે કે તેનો નાશ થાય છે કે તરત તીર્થંકરનો અવતાર પ્રકટે છે. તેઓ શ્રુતજ્ઞાન, કે જેમાં સર્વ પ્રકારનાં તત્ત્વોનો સાર છે, તેનો પ્રકાશ કરે છે. આત્મતત્ત્વ, જડતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ, આસ્રવતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, બંધતત્ત્વ અને મોક્ષતત્ત્વ એ નવ તત્ત્વ છે, એમ શ્રી મહાવીર પ્રભુએ મને પ્રકાશ્યું છે.

**૧. આત્મતત્ત્વ :**

આત્મતત્ત્વમાં અનંત આત્માઓનો સમાવેશ થાય છે. કર્મ-બદ્ધ અને સ્વતંત્ર મુક્ત એમ બે પ્રકારના આત્માઓ છે. કર્મબદ્ધ આત્માઓના પાંચ પ્રકાર છે: એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય. તે જ રીતે પૃથ્વીકાયિક, અપકાયિક, વાયુકાયિક, અગ્નિકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિક એમ ષટ્-પ્રકારની કાયાવાળા આત્માઓ જાણવા. કર્મબદ્ધ આત્માઓ સશરીરી

હોય છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં શરીરોને કર્મયોગે આત્માઓ ધારણ કરે છે. દેવોને અને દેવીઓને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. અનેક પ્રકારની ઊડવાની અને રૂપ બદલવાની શક્તિયુક્ત, દિવ્ય, નાનુંમોટું થનાર તથા પ્રકટ–અપ્રકટ, સૂક્ષ્મ–મહદ્ આદિ ગુણયુક્ત વૈક્રિય શરીર હોય છે. આહારનું પચનાદિ કાર્ય કરનાર અને તેજોલેશ્યાદિ લબ્ધિઓનું પ્રવર્તક તૈજસ શરીર હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ પ્રકારનાં કર્મોથી બનેલું કાર્મણ શરીર છે. આત્માના બળ વડે પુદ્ગલો ખેંચીને આહારક શરીર બનાવવામાં આવે છે. તેને શરીરની બહાર ગમે ત્યાં અસંખ્ય યોજન સુધી સંકલ્પ કરીને દેવ, કેવળી વગેરેની પાસે મોકલી શકાય છે અને તેનાથી જ્ઞાનાદિકનો બોધ લઈ શકાય છે કે આપી શકાય છે. એ જ રીતે તેને આહરીને અર્થાત્ ખેંચીને પાછું લાવી શકાય છે અને તેના સૂક્ષ્મ ગુપ્ત પુદ્ગલોને વિખેરી નાખવામાં આવે છે. સાત ધાતુનું બનેલું શરીર ઔદારિક જાણવું. મનુષ્યોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં શરીરોની પ્રાપ્તિનું સામર્થ્ય છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિથી આત્મિક અને કેટલીક જડ શક્તિયુક્ત અને જડમાં વપરાય એવી અઠ્ઠાવીસ લબ્ધિઓ તેમ જ પચાસ લબ્ધિઓ, અષ્ટ સિદ્ધિઓ, નવનિધિઓ વગેરેની પ્રાપ્તિ થાય છે. તીર્થંકર પરમાત્મા અઠ્ઠાવીસ, પચાસ આદિ અસંખ્ય પ્રકારની લબ્ધિઓના આધાર છે. તેઓ સર્વ લોકના પુદ્ગલોને પોતાની ઇચ્છા મુજબ ક્ષણમાં અનેક આકારમાં ફેરવવાની શક્તિ ધરાવે છે. પરબ્રહ્મ મહાવીર દેવ જો ધારે તો એક ક્ષણમાં પૃથ્વીને એક છત્ર સરખી કરી નાખે, સાગરોને મૂઠીમાં રાખી શકે, પૃથ્વીને એક ક્ષણમાં અગ્નિરૂપ કરી શકે અથવા જલને અગ્નિરૂપ કરી શકે, અગ્નિને જલરૂપ કરી નાખે, સર્વ પર્વતોને દંડરૂપ કરી આકાશમાં ફેંકી દે, સૂર્ય–ચન્દ્રાદિ ગ્રહોને જુદા જુદા

પરમાણુરૂપ કરી વિખેરી નાખે અને અન્ય પરમાણુઓના સૂર્ય-ચન્દ્રાદિ ગ્રહો બનાવી શકે. તેઓ ધારે તો પુદ્ગલ જગતના અનેક આકારોને અમુક રીતે બનાવે યા બીજી રીતે બનાવે યા સંહરે. તેમની આત્મિક શક્તિઓનો પાર નથી તેમ જ જડ શરીર પ્રકૃતિયોગે જડમિશ્ર અને જડમાં વપરાતી શક્તિઓનો પાર નથી અર્થાત્ અનંત છે.

આત્મવીરાદિના તત્ત્વજ્ઞાનથી રહિત આત્માઓને જ બહિરાત્માઓ યાને મનના વિકાસની મુખ્યતાવાળા જીવો જાણવા. આત્માદિ તત્ત્વજ્ઞાનથી જેઓએ શરીરોમાં રહેલા આત્મવીરોનો અનુભવ કર્યો છે તેઓને અન્તરાત્માઓ જાણવા. જે સમાધિસહિત આત્માઓ છે તેમને અન્તરાત્મા જાણવા. કૃષ્ણાદિક વાસુદેવોને અન્તરાત્મા જાણવા. બારમા ગુણસ્થાનક પર્યન્તના આત્માને અન્તરાત્મા જાણવા. તેઓ અઠ્ઠાવીસ પ્રકારની લબ્ધિ તથા અનેક વિદ્યાયુક્ત ચક્રવર્તીનું સૈન્ય બનાવવાની શક્તિવાળા, બ્રહ્માંડો રચવા અને સંહારવાની શક્તિવાળા તથા ચાર જ્ઞાનના ધારક હોય છે. અસંખ્ય પ્રકારનાં જ્ઞાનોના ભેદોને અન્તરાત્મા એવા ગૃહસ્થો અને મુખ્યતાએ ત્યાગીઓ ધારણ કરી શકે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના અસંખ્ય ભેદો છે. મનઃપર્યવના પણ, મનોદ્રવ્યના અનેક ભેદો કે પ્રકારો જાણવાની અપેક્ષાએ, અનેક ભેદો છે. અન્તરાત્માઓ ભક્તો, યોગીઓ, કર્મયોગીઓ વગેરે અસંખ્ય પ્રકારના જ્ઞાનાદિ યોગના ધારકો હોય છે.

પરબ્રહ્મ શ્રી મહાવીર પ્રભુ પર પૂર્ણ રાગ અને વિશ્વાસ મૂકતાંની સાથે સમ્યગ્દષ્ટિ અન્તરાત્માઓ પ્રકટે છે અને તેઓનો બહિરાત્મભાવ નષ્ટ થાય છે. સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક પર્યન્ત તેઓ વર્તે છે. બત્રીસ માળવાળા મહેલમાં રહેનારાઓ પહેલેથી સાતમામાં જાય છે અને ત્યાંથી ઠેઠ બત્રીસમા માળે જાય છે. પાછા તેઓ ઇચ્છા થાય છે તો પહેલા માળે આવે છે અને પાછા ત્યાંથી ઠેઠ છેલ્લા માળે પણ ચઢી જાય છે. તેમ અન્તરાત્માઓ

ચોથા ગુણસ્થાનકથી અગ્યારમા સુધીમાં જાય છે. અને પાછા આવે છે. તેઓ દિવ્ય મનુષ્યશરીરવાળા હોય છે, છતાં પ્રસંગે ઉપકારાદિ કારણોએ વૈક્રિય કે આહારક શરીરોને ધારણ કરે છે. તે તેજોલેશ્યા, શીતલેશ્યા, અન્યના શરીરોમાં પ્રવેશ આદિ શક્તિઓ વડે યુક્ત હોય છે. તેઓ પરમાત્માના અને તેમના પ્રતિનિધિ બનીને વિશ્વના જીવોનું પાલનાદિ કર્મ કરે છે. ચોથા ગુણસ્થાનકથી તે બારમા ગુણસ્થાનક પર્યન્ત વર્તનારા વીર બ્રહ્મજ્ઞાનીઓ અસંખ્ય પ્રકારના હોય છે. તેથી તેઓનો ગણ્યાથી પાર આવી શકતો નથી.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહ અને અંતરાય એ કર્મોનો સર્વથા ક્ષય કરનારા પરમાત્માઓ સશરીરી સર્વજ્ઞ કેવલીઓ જાણવા. તેઓ જ્ઞાનાદિ અનંત શક્તિઓના ધારક બને છે. ચાર અઘાતી કર્માદિના શરીર વડે તેઓ સર્વ જીવો પર જ્ઞાનાદિ દાનનો ઉપકાર કરે છે. સયોગી કેવલીઓ કેટલાક મૂક હોય છે, કેટલાક અન્તકૃત કેવલીઓ હોય છે અને કેટલાક કોટી વર્ષ પર્યન્ત શરીર ધારણ કરી ભવ્ય લોકોને ઉપદેશ આપનારા જાણવા. સયોગી તીર્થંકર પરમાત્મા, વિશ્વદેવ, પરમેશ્વર જાણવા. તેઓની સેવામાં અન્તરાત્માઓ વર્તે છે અને કેવલીઓ તેમની પાસે બેસે છે. તે તેમનો ઉપદેશ કલ્પ પ્રમાણે શ્રવણ કરે છે. મન, વાણી, કાયાનો વ્યાપાર કરનારા સયોગી તીર્થંકર કેવલીઓ જાણવા. તેઓ એકાન્ત પ્રારબ્ધ કર્મનો ભોગ ભોગવે છે. પ્રારબ્ધ કર્મની પ્રકૃતિઓ વડે તેઓ શરીર આદિથી કાર્ય કરે છે. ચૌદમા ગુણસ્થાનકવર્તી અયોગી કેવલીઓ શરીર, મન, વાણીની પ્રવૃત્તિ કરતા નથી.

લૌકિક તથા લોકોત્તર વ્યવહારે સમ્યગ્દષ્ટિ મનુષ્યો અન્તરાત્માઓ—જીવન્મુક્તો જાણવા. ચોથા ગુણસ્થાનકથી માંડી આગળના સર્વ ભક્ત જ્ઞાની અન્તરાત્માઓ ઉત્તરોત્તર ઉત્તમ પ્રકારના તરતમયોગી જીવન્મુક્તો જાણવા. તેઓને પ્રારબ્ધ કર્મના ભોગો ભોગવવા છતાં નવીન કર્મ નહીં બાંધનારા જીવન્મુક્ત, દેહાધ્યાસ રહિત અને વૈદેહી કર્મ-

યોગીઓ જાણવા. બહિરાત્માઓ રજોગુણી, તમોગુણી અને સત્ત્વગુણી હોય છે. પરંતુ પરબ્રહ્મ શુદ્ધાત્મ મહાવીરના જ્ઞાન વિના તથા તેમના પર શુદ્ધ પ્રેમ અને શ્રદ્ધા વિના જડ પૂજકો હોવાથી બહિરાત્માઓ જાણવા. અન્તરાત્માઓ રજોગુણી, તમોગુણી અને સત્ત્વગુણી મુખ્યતાએ હોય છે. કેવલી પરમાત્માઓ પ્રકૃતિધર્મે સત્ત્વગુણી અને મોહાતીત હોવાથી વીતરાગ જાણવા. બહિરાત્માઓ બાહ્ય પ્રકૃતિના ઈશ્વરો હોય છે. અન્તરાત્માઓ જડ–ચેતન શક્તિઓના પ્રકૃતિભાવે તથા આત્મભાવે ઈશ્વરો હોય છે અને કેવલીઓ જડ કર્મપ્રકૃતિઓથી સ્વતંત્ર સત્ત્વગુણી કર્મમાયાને પોતાના વશમાં વર્તાવનાર સત્ત્વગુણી પ્રકૃતિના અને અનંતાત્મશક્તિઓના ઈશ્વરો હોય છે.

ઋષિઓ, મુનિઓ વગેરેને અન્તરાત્માઓ જાણવા. અન્તરાત્માઓ જ પરમાત્માઓ બને છે. બહિરાત્માઓ, અન્તરાત્માઓ અને કેવલીઓના પ્રભુ અને નિયામક શ્રી મહાવીર પ્રભુને શુદ્ધાત્મ પરબ્રહ્મ જાણવા. શ્રી મહાવીર પ્રભુએ આત્મતત્ત્વજ્ઞાન અનંતરૂપે પ્રકાશ્યું છે. તેમાંથી પ્રિયદર્શના! તારી આગળ બિન્દુમાત્ર કહ્યું છે. તેં શ્રી વીરપ્રભુ પાસે આત્મનું તત્ત્વજ્ઞાન શ્રવણ કર્યું છે.

બહિરાત્માઓ યાને અજ્ઞાનીઓ વિશ્વના જડ પદાર્થોનું વિજ્ઞાન જાણે છે, પણ તેઓ પરબ્રહ્મ મહાવીર પ્રભુ પર શ્રદ્ધા–પ્રેમ ધારણ કરી શકતા નથી. જ્યારથી તેઓ શ્રી પરમાત્મ મહાવીર દેવ પર વિશ્વાસ અને પ્રેમ ધારણ કરે છે અને જડ પદાર્થો કરતાં આત્માઓની અને તેથી ઊતરતાં મન–વાણી–કાયાની અનંતગણી કિંમત આંકે છે, ત્યારે તેઓ ભક્ત, આસ્તિક, જૈન અને અન્તરાત્માઓ બને છે. શરીર કરતાં વાણીની અનંતગણી કિંમત છે. તેના કરતાં મનની અને તેના કરતાં આત્માની મહત્તાનો પાર નથી. કર્મરહિત આત્મા જ પરબ્રહ્મ મહાવીર છે એમ જાણો. શુદ્ધાત્મા મહાવીર છે. બહિરાત્માઓ જ અન્તરાત્માઓ બને છે. બહિરાત્માઓ અજ્ઞાનનો નાશ કરીને અંતર્મુહૂર્તમાં અન્તરાત્મરૂપ જૈન બ્રાહ્મણ, ક્ષત્રિય,

વૈશ્ય, શુદ્રો બને છે. બહિરાત્માઓ જડ પૂજારીઓ હોય છે. તેઓ અધર્મ કરનારા હોય છે. તેઓની શુદ્ધિ થવામાં ગુરુઓની કૃપા અને શુદ્ધાત્મમહાવીરની કૃપા ખાસ હેતુ છે. બહિરાત્માઓ શ્રી મહાવીર પ્રભુ પર વિશ્વાસ અને પ્રેમ ધારણ કરી, એક ક્ષણમાં આસ્તિક જૈન બની અને પ્રાન્તે મનુષ્યભવના ઔદારિક શરીરનો ત્યાગ કરી સ્વર્ગમાં દેવો અને દેવીઓ તરીકે ઊપજે છે. દેવો અને દેવીઓ દેવભવમાંથી ચ્યવીને મનુષ્યગતિમાં તથા તિર્યંચગતિમાં ઊપજે છે. મહાપાપી જીવો નરકમાં તથા તિર્યંચગતિમાં ઊપજે છે. નરકના જીવો મનુષ્યગતિમાં તથા તિર્યંચગતિમાં ઊપજે છે. તિર્યંચગતિના જીવો મનુષ્યગતિમાં, તિર્યંચગતિમાં અને દેવગતિમાં જઈ શકે છે. મનુષ્યો પાંચે ગતિઓમાં, આઠે ગતિઓમાં જઈ શકે છે.

મનુષ્યો પાંચે પ્રકારના જ્ઞાનો પામી પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે છે. દેવો અને દેવીઓ ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનને પામી શકે છે. મનુષ્યો ત્રણ અજ્ઞાનને પામી શકે છે. તિર્યંચો ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનને પામે છે. નારકીઓ ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનને પામે છે. મનુષ્યો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલ-દર્શનને પામી શકે છે. દેવો ત્રણ દર્શનને, તિર્યંચો ત્રણ દર્શનને અને નારકીઓ ત્રણ દર્શનને પામે છે.

મનુષ્યો સર્વ પ્રકારના સંયમોને પ્રાપ્ત કરે છે. મનુષ્યો ત્રણ પ્રકારના વેદવાળા હોય છે. મનુષ્યોને મન, વાણી, કાયાના પૌદ્ગલિક પંદર યોગો હોય છે. મનુષ્યો છ પ્રકારની લેશ્યાવાળા હોય છે. બહિરાત્માઓની પેઠે અન્તરાત્મ ગૃહસ્થો ગૃહસ્થને યોગ્ય સર્વ કર્તવ્ય-કર્મો કરે છે. બહિરાત્માઓને કર્મનો ભય અજ્ઞાનતાથી હોતો નથી તેથી તેઓ શરીરોથી પાપ કર્મો કરતા ખચકાતા નથી, ત્યારે અન્ત-રાત્મ ગૃહસ્થો અને ત્યાગી જૈનો સ્વાધિકારે કર્મો કરતા નિર્ભયપણે, અબંધકપણે, નિઃશંકપણે વર્તે છે. તેથી તેઓ બહિરાત્માઓની શક્તિઓને દબાવીને તેઓને પોતાના તાબે રાખી શકે છે. તે એના

જુલ્મથી વિશ્વને બચાવી શકે છે અને સાધુઓનું રક્ષણ કરી શકે છે. સર્વ ખંડોમાં અને દેશોમાં યુગે યુગે દેશ, રાજ્ય, કોમ, સંઘાદિનું રક્ષણ કરનારા તીર્થંકર પરમાત્મા અને અન્તરાત્મરૂપ ઈશ્વરો પ્રગટે છે અને તેઓ પોતપોતાનું કર્તવ્ય બજાવી છેવટે શરીરનો ત્યાગ કરે છે. બહિરાત્માઓ જ્યારે જડ અને મોહાત્મક વિષયભોગમાં બેહદ આસક્ત થઈ અને મોજમજા વગેરેમાં પ્રમાદી બની શારીરિક આદિ શક્તિઓનો ક્ષય કરે છે અને આસુરી બળનો દુરુપયોગ કરે છે, ત્યારે અન્તરાત્મ ગૃહસ્થ ત્યાગી જૈનો શારીરિક, માનસિક અને આત્મિક શક્તિઓનો દુરુપયોગ કરતા નથી. તેઓ પશુ સમાન પોતાના આત્માને દેવ બનાવી દેશ, ખંડ, પૃથ્વી, રાજ્ય, વ્યાપાર, ક્ષાત્રબળ, સંઘબળ, જૈનધર્મબલાદિક પ્રાપ્ત કરી બહિરાત્માઓને સદા પોતાના વશમાં રાખે છે. તેઓ મનની ઇચ્છાઓને નિયમમાં રાખી ઇન્દ્રિયોની અને દેહની શક્તિઓનું રક્ષણ કરે છે. વિષયવાસનાઓ પર કાબૂ રાખીને વર્તનારા શ્રી મહાવીર પ્રભુના જૈનો જગતમાં વિશાળ દૃષ્ટિવાળા વર્તે છે. તેઓ દેશ, કોમ, સમાજ, સંઘ, રાજ્યાદિક વડે જૈનોની સેવા કરવામાં દ્વેષ, માન, માયા, લોભ, ક્રોધ, સ્વાર્થ વગેરેનો ત્યાગ કરે છે. તેઓ જડ વસ્તુઓની ઉપયોગિતા સમજે છે. તેને તાબે રાખે છે, પણ તેમાં મૂંઝાતા નથી. એવા આત્માઓને અન્તરાત્મ જૈનો જાણવા.

અન્તરાત્મ જૈનોએ બહિરાત્મ જૈનોમાં રહેલા શુદ્ધાત્મ મહાવીરને અવલોકવા અને તેઓને જૈનો બનાવવામાં તન–મન–ધનાદિક સર્વસ્વનો ભોગ આપવો. વિશ્વમાં મનુષ્યોના જે જે બાહ્ય સ્વાર્થો હોય તે તે સ્વાર્થો પૂરા પાડીને અને તેઓના પેટ પૂર્ણ કરીને તેઓને જૈન બનાવવા પ્રયત્ન કરવો. જૈનોએ દેશ, ભૂમિ, રાજ્ય, વ્યાપાર, કૃષિ, પશુઓ વગેરે બાહ્ય સંપત્તિયોનો કબજો ગૃહાવાસમાં સારી રીતે જાળવી રાખવો. જૈનોને રાજ્ય, ભૂમિ, વ્યાપાર, કૃષિ, વગેરેમાં પાપ લાગતું નથી. અન્યધર્મીઓ કરતાં તેઓને અનંતમા ભાગે પણ પાપકર્મ લાગતું નથી. બાહ્ય ભૂમિ, રાજ્ય વગેરેના

પાલનમાં રાગદ્વેષાદિક કષાયો પણ તેઓને પુણ્યરૂપે પરિણમે છે. તેથી તેમને પૂર્ણ ભોગી થયા બાદ પૂર્ણ યોગીની દશા પ્રાપ્ત થાય છે. જૈન સ્ત્રીઓને પણ રાગદ્વેષાદિકથી બાહ્ય શક્તિઓનું રક્ષણ કરતાં પાપ લાગતું નથી. અન્યાયમાં પાપ છે, પણ નીતિથી વા આત્મ-જીવનદષ્ટિથી આપત્તિધર્માનુસારે પ્રવર્તતાં દોષ નથી.

પ્રિયદર્શના ! આત્મતત્ત્વ સંબંધી અનંત કાલ સુધી કહેવામાં આવે તોપણ પાર આવી શકે તેમ નથી.

૨. જડ અથવા અજીવ તત્ત્વ :

જેમાં જ્ઞાન, આનંદ નથી તે જડ–અજીવ વસ્તુઓ છે. તે દશ્ય હોય વા અદશ્ય હોય તોપણ તેઓનો જડ અજીવ તત્ત્વમાં સમાવેશ થાય છે. જડ વસ્તુઓના દશ્ય, અદશ્ય, સૂક્ષ્મ, સ્થૂલ આકારોને અને તેના મૂલ પરમાણુઓને પુદ્ગલતત્ત્વ, જડતત્ત્વ જાણવું.

આત્મતત્ત્વ અને જડતત્ત્વ સંબંધી પરબ્રહ્મ મહાવીર પ્રભુએ ઘણું જ્ઞાન આપ્યું છે. તેમાંથી એક બિન્દુમાત્ર જ્ઞાન કહું છું. જેટલું આ વિશ્વમાં પાંચ ઇન્દ્રિયોથી જણાય છે તેટલું જડતત્ત્વ છે. જડ પુદ્ગલ દ્રવ્યનાં જ પૃથ્વી, જલ, અગ્નિ વગેરે તત્ત્વો બનેલાં છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણાદિકની વર્ગણાઓ જડ છે. જડ અને ચેતન એ બન્ને તત્ત્વોનું સર્વ જગત છે. ચેતનો અનંત છે. જડ તત્ત્વ પણ અનંત છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ આદિ જડ તત્ત્વ છે. જડ તત્ત્વોના આહારાદિકથી જીવો જીવી શકે છે. જડ તત્ત્વોના સંબંધ વિના આત્માઓની પ્રગતિ થઈ શકતી નથી. જડ તત્ત્વ માત્ર પ્રકૃતિ-રૂપ છે અને તેના પર્યાયોને અનેક રૂપમાં કરવા–હરવાની શક્તિવાળું આત્મતત્ત્વ છે. તે પુરુષ છે. જડ તત્ત્વમાં ઈશ્વરી શક્તિઓ રહેલી છે અર્થાત્ તે જડ દષ્ટિએ આત્માના જેટલું જ તેના કાર્યમાં બળવાન છે. જડ તત્ત્વ અનાદિ અનંત છે અને આત્મતત્ત્વ પણ અનાદિ અનંત છે. આત્મા પોતાની શક્તિઓ વડે જડ તત્ત્વો પર સામ્રાજ્ય

ચલાવે છે અને તેઓને પોતાની ઇચ્છા પ્રમાણે અનેક આકારોમાં વ્યવસ્થિત કરે છે.

આઠ પ્રકારનાં કર્મો, રાગદ્વેષાદિક જડ તત્ત્વ છે. તેનો કર્તા, હર્તા, ભોક્તા આત્મા છે. આત્મા એ વીર–મહાવીર છે. જડની અને ચેતનની અનંત શક્તિઓ મિશ્રરૂપે છે, પરંતુ આત્માની શુદ્ધ રૂપે છે. તેમની સંઘશક્તિ તે યશોદા છે. તેથી જડ અને ચેતન તત્ત્વોનો યશોદા–મહાવીરમાં અન્તર્ભાવ થાય છે. સર્વ શક્તિઓનું ધામ આત્મા છે. તેથી આત્માની શક્તિઓને પ્રાપ્ત કરતાં અનંત બ્રહ્માંડોનો પ્રભુ આત્મવીર વ્યક્તિતઃ પરમાત્મા બને છે. દરેક આત્માની ચારે બાજુએ જડતત્ત્વનાં પર્યાયોનો મહાસાગર ભર્યો છે. તેમાંથી જે આત્મવીરની જેવા પ્રકારની ઇચ્છા થાય છે તેવું તે ગ્રહણ કરે છે.

જડ તત્ત્વના દૃશ્યાદૃશ્ય પર્યાયો સચિત્ત–અચિત્ત સદા અનેક રૂપમાં અને આકારમાં પરિણમ્યા કરે છે. પુણ્ય અને પાપ તત્ત્વનો જડમાં સમાવેશ થાય છે. ઔપચારિક દૃષ્ટિએ પુણ્ય–પાપનો ચેતનમાં પણ સમાવેશ થાય છે. સુખ–દુઃખ દેવામાં જડ તત્ત્વ કારણીભૂત હોવાથી જડ તત્ત્વને અર્થાત્ કર્મને ઇશ્વર, પ્રભુ તરીકે પરિભાષા-સંજ્ઞાએ જાણવું. સુખ આપે તે નિમિત્ત પુણ્યતત્ત્વરૂપ અને દુઃખ આપે તે નિમિત્ત પાપતત્ત્વરૂપ જાણવું. અન્નમયકોષ, પ્રાણ-મયકોષ આદિ સર્વે કોષો જડ તત્ત્વના જાણવા. જે જીવો જેવા પ્રકારનાં પુણ્ય અને પાપ કર્મ કરે છે તેવા પ્રકારનાં તેઓ શરીરો, રંગો, મન, વાણી આદિ જડ તત્ત્વોને પોતાના સંબંધમાં લઈ શુભાશુભરૂપે ગ્રહે છે અને મૂકે છે. આકાશમાં સર્વ જડ વસ્તુઓ ઠાંસી ઠાંસીને ભરી છે. જીવો પણ અણુમાત્ર જેટલી જગ્યા ખાલી વિના ઠસોઠસ ભરેલા છે. જડ વસ્તુઓ જેટલી દેખાય છે તેટલા પુદ્ગલ પર્યાયો છે. તેનું મૂલ દ્રવ્ય પુદ્ગલ દ્રવ્ય છે. મહત્તત્વ, પંચભૂત વગેરે પ્રકૃતિઓનું મૂલ પુદ્ગલ દ્રવ્ય છે.

### ૩–૪. પુણ્ય અને પાપ તત્ત્વ :

પુદ્ગલ દ્રવ્યના પર્યાયો પર આત્મસત્તા પ્રવર્તે છે. તેથી

આત્માને પ્રકૃતિનો માલિક કે કર્તા-હર્તા જાણવો. પુદ્ગલ જડ સાકાર પર્યાયોની મધ્યમાં આત્મવીર રહે છે. જોકે તે પોતે પોતાને જાણે છે અને સર્વમાં રહે છે, છતાં આગળ આગળનાં પ્રગતિકારક શરીરોને ગ્રહે છે. શુભ રાગથી પુદ્ગલોને ગ્રહણ કરી તે પુણ્યરૂપે પરિણમાવે છે અને અશુભ રાગદ્વેષથી પુદ્ગલ પર્યાયોને, કે જે અશુભ છે તેઓને, ગ્રહણ કરી પાપબંધ તરીકે બાંધે છે. તે પુણ્ય-પાપના વિપાકને સુખ-દુઃખરૂપે વેદે છે. જે પુણ્ય અર્થાત્ સુખ વેદે છે તે આનંદરૂપ છે અને જે પાપવિપાક ભોગવે છે તે દુઃખરૂપ છે.

મનને સુખ લાગે એવા પુદ્ગલોને પુણ્યરૂપ જાણવા. મનને દુઃખ વેદાવે એવા પુદ્ગલપર્યાયોને પાપરૂપ જાણવા. કોઇને જે પુદ્ગલપર્યાયો સુખકારક લાગે છે તે જ પુદ્ગલપર્યાયો બીજા કોઇને દુઃખરૂપ લાગે છે. મનમાં પ્રગટતાં સુખદુઃખરૂપ પરિણામના ફેરફારોની સાથે પુણ્ય-પાપમાં પણ ફેરફાર થાય છે. પાપના પુદ્ગલો કોઇને આત્મપરિણામે પુણ્યરૂપે પરિણમે છે અને પુણ્યના પુદ્ગલો કોઇને પાપના પુદ્ગલરૂપે પર્યાયાંતરે પરિણમે છે. પુણ્યપુદ્ગલોને પાપપુદ્ગલો તરીકે ફેરવી શકાય છે અને પાપપુદ્ગલોને પુણ્ય-પર્યાયરૂપમાં એક ભવમાં વારંવાર ફરતા એવા શુભાશુભપરિણામ-કારક કર્માદિના યોગે ફેરવી શકાય છે.

મન, વચન અને કાયાથી પોતાના આત્માને સુખ થાય અને અન્ય જીવોને સુખ થાય તથા દેવ, ગુરુ, ધર્મની ભક્તિ-આરાધના થાય એવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી વિચારો તથા કાર્યો કરવાથી પુણ્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે અને શ્રી મહાવીર પ્રભુના ઉપદેશથી વિરુદ્ધ અશુભ કર્મો કરવાથી પાપબંધ થાય છે. સ્વાર્થિક અને પારમાર્થિક શુભેચ્છાઓથી અને શુભ કર્મોથી પુણ્યબંધ થાય છે અને અશુભેચ્છાઓથી તેમ જ અશુભ કર્મોથી જીવોને પાપતત્ત્વનો બંધ થાય છે.

જૈનોને જે જે પાપબંધના હેતુઓ છે તે તે પુણ્યબંધના

હેતુઓ તરીકે ઉત્સર્ગમાર્ગથી તથા અપવાદમાર્ગથી ગૃહસ્થ તથા ત્યાગીઓને પરિણમે છે. તેથી વિશ્વ, દેશ, સમાજ, ચતુર્વિધ સંઘ, ધર્માદિની સેવા કરતાં ઉચ્ચાશયથી જૈનો શુભેચ્છાના યોગે કર્મો કરીને પુણ્યબંધ કરે છે. કર્મો સ્વયં શુભ વા અશુભ નથી, પણ તેમાં થતી શુભ વા અશુભ ઇચ્છા, ભાવના, વાસના તે જ પુણ્યતત્ત્વને અને પાપતત્ત્વને પોતાની ચારે બાજુએથી ખેંચે છે. પછી પુણ્ય–પાપનાં પુદ્ગલો ઉદયમાં આવીને સુખ–દુઃખ ફળ આપે છે.

૫. આસ્રવ તત્વ :

પુણ્ય–પાપતત્ત્વરૂપ બંધના હેતુઓ, તેવી ઇચ્છાઓ અને તેવી પ્રવૃત્તિઓમાત્ર શુભાશુભ આસ્રવ તરીકે જાણવી. જ્ઞાનીઓ, ભક્તો અને જૈનો શુભાશુભ કર્મો કરે છે. તે સ્વાધિકારે શ્રી મહાવીર પ્રભુએ ફરમાવેલ સર્વ કાર્યો કરે છે, પણ તેમાં તેઓ નિર્લેપ રહે છે અને કર્મબંધ કરતા નથી તથા કર્મોનો વાણી કે કાયાથી ત્યાગ પણ કરતા નથી.

પ્રભુ શ્રી મહાવીર ફરમાવે છે કે અશુભ ભાવમાંથી કર્મો કરીને શુભ ભાવમાં આવવું અને શુભ ભાવથી કર્મો કરીને શુદ્ધ ભાવમાં આવવું. શુભ ભાવથી કર્મો કરતાં કરતાં અનુક્રમે શુદ્ધ પરિણામ, શુદ્ધ ભાવ આવે છે. શુદ્ધ ભાવ ન આવે તોય શુભેચ્છાઓથી કર્મો કરવાં, પણ કર્મોનો ત્યાગ કરવો નહીં. આમ્રફળ પાકે છે ત્યારે પોતાની મેળે તે હેઠે પડે છે, તેમ આત્મમહાવીરભાવમાં જેમ જેમ રહેવાશે તેમ તેમ શુભ પૌદ્ગલિક કામનાઓના રસો એની મેળે મનમાં વહેતા બંધ થશે, એમ શ્રી પ્રભુ મહાવીરદેવે મને જણાવ્યું છે. ચારે બાજુએ અને ઊંચે નીચે સર્વત્ર પુદ્ગલપર્યાયોનો અનંત સાગર ભર્યો છે. તેમાંથી જે જોઈએ તે ગ્રહણ કરવું અને મૂકવાલાયક હોય તે મૂકવું.

જન્મ–મૃત્યુરૂપ પર્યાયો પણ જૈનોને આત્મોન્નતિ આદિ સર્વ પ્રકારની ઉન્નતિઓમાં હેતુરૂપે વારંવાર થયા કરે છે. તેથી આત્માની

શક્તિઓનો અને આત્માના તાબાની શારીરિક, માનસિક, વાચિક શક્તિઓનો નવા નવા રૂપમાં વિકાસ થતો જાય છે. તેથી નિકટમાં રહેલા આત્માઓનો પણ વિકાસ થાય છે. જડ વસ્તુઓના મહાસાગરમાં જ્ઞાની જૈનો તરે છે અને અન્યોને તારે છે, પણ જડ વસ્તુઓમાં તેઓના ભોગો ભોગવવા છતાં આત્મવીર જૈનો નિર્બંધ રહી અને પોતપોતાને જિન–વીર તરીકે અનુભવી સંવરદશાને પ્રાપ્ત કરે છે.

૬. સંવર તત્ત્વ :

આત્માની, મનની, વાણીની અને કાયાદિની સર્વ પ્રકારની શક્તિઓના વિકાસના પ્રતિકૂલ અને વિરોધી કુવિચારોથી અને કુકર્મોથી દૂર રહેવું તે સંવરરૂપ વિચારો અને આચારો જાણવા. આત્માના તાબે મન, વાણી, કાયાની પ્રવૃત્તિઓ રહે અને જૈન ધર્મ જૈન ચતુર્વિધ સંઘ, દેશ, રાજ્ય, ક્ષાત્ર, વ્યાપાર, કૃષિકર્માદિ બળમાં ઉત્સર્ગાપવાદથી વિઘ્ન કરનારી બાબતોને રોકવી તે સંવર જાણવો.

૭. નિર્જરા તત્ત્વ :

આત્મા, મન, વાણી, કાયા, દેશ, ચતુર્વિધ સંઘ, રાજ્યાદિકની ઉન્નતિમાં પૂર્વકાલીન અશુભ વિચારો અને કુરિવાજો આદિ જે આવરણો વિઘ્નભૂત હોય તેના સામે થઈ અશુભ વિચાર, કર્મ કુવાસનાઓના બળને ક્ષીણ કરી, ખંખેરી શુદ્ધ બળવાન થવું એવી વિચાર અને આચારની અસંખ્ય બાહ્યાંતર પ્રવૃત્તિઓ તે નિર્જરા તત્ત્વ જાણવું. મનમાં પ્રગટેલી સર્વ બળને ક્ષીણ કરનારી કુવાસનાઓને શુદ્ધાત્મમહાવીરપ્રેમબળે ક્ષીણ કરવી તે નિર્જરા તત્ત્વ જાણવું. પુણ્ય કર્મો કરતાં કરતાં અનુક્રમે અંશે અંશે સંવરની પ્રાપ્તિ થાય છે અને સંવરતત્ત્વની આરાધના કરતાં કરતાં અંશે અંશે નિર્જરા તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

ગૃહસ્થો અને ત્યાગીઓ શ્રી મહાવીર પરમાત્મામાં પૂર્ણ પ્રેમથી રંગાય છે ત્યારે તેઓના વિચારો અને આચારો સંવરરૂપ

અને નિર્જરારૂપ બને છે. ભૂતકાલમાં લાગેલાં જ્ઞાનાદિ શક્તિઓનાં આવરણોનો દેશથી ક્ષય કરવો તે નિર્જરા તત્ત્વ છે.

૮–૯. બંધ અને મોક્ષ તત્ત્વ :

જ્ઞાનાદિનાં સર્વ આવરણોનો ક્ષય કરવો તે મોક્ષતત્ત્વ જાણવું. આત્માના સહજાનંદનો પૂર્ણ પ્રકટભાવ તે આત્મમહાવીરપદપ્રાપ્તિરૂપ મોક્ષતત્ત્વ જાણવું. જ્ઞાનીઓ પૌદ્ગલિક આનંદ અને આત્માનંદને ભિન્નપણે અનુભવે છે.

પરિપૂર્ણ આત્મશુદ્ધાનંદનો પ્રકટભાવ થાય છે ત્યારે બાહ્ય જડાનંદની વાસના ટળે છે. આત્મામાં મન લયલીન બનીને શબ્દનય દૃષ્ટિએ તથા એવંભૂત નયદૃષ્ટિએ પૂર્ણાનંદી મહાપુરુષો પરમાર્થ માટે પ્રારબ્ધ જીવન ગાળે છે તેમ જ લૌકિક અને લોકોત્તર હિતકર પ્રવૃત્તિઓરૂપ જૈનધર્મનો પ્રચાર કરે છે. જે આત્માઓ પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વના આરાધક બને છે તે ચારિત્રધારક જૈનો દેશથી તથા સર્વથી જાણવા.

શુભાશુભ કર્મેચ્છાઓ, વાસનાઓ, આવરણોનો આત્માની સાથે બંધ તે બંધ તત્ત્વ જાણવું. સર્વ સૂક્ષ્મ-સ્થૂળ, દૃશ્ય–અદૃશ્ય જડ પદાર્થો જે જે છે તે આત્માઓના બાહ્ય જીવનના ઉપયોગાર્થે અપેક્ષાએ છે. નવતત્ત્વ જાણવા યોગ્ય છે. જડ અને આત્મતત્ત્વમાં નવતત્ત્વનો અંતર્ભાવ થાય છે. પુણ્ય, પાપ, આસ્રવ, અને બંધતત્ત્વનો કર્તા–હર્તા–ભોક્તા આત્મા છે. માટે આત્મા તે જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર છે. તેના વિના અન્ય કોઈ દેવ નથી. સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વનો કર્તા–હર્તા–ભોક્તા આત્મા છે.

આત્મમહાવીરના જ્ઞાનાદિ સર્વ પ્રકારના પર્યાયોની શુદ્ધિ તે જ મોક્ષ છે. આત્મામાં મોક્ષ છે. આત્માની બહાર મોક્ષતત્ત્વ નથી. નવતત્ત્વોની શ્રદ્ધા થવી તે જ શ્રી મહાવીરપ્રભુનું સમ્યક્ત્વ છે. શુભ પરિણામે પુણ્યબંધ છે અને અશુભ કષાયપરિણામે પાપ-

બંધ છે. બાહ્યમાં શુભાશુભ કષાય વિના આત્મતત્ત્વરૂપ મહાવીર પરબ્રહ્મમાં પૂર્ણ પ્રેમી બનવું તે શુદ્ધ પરિણામ છે. ઉપાસનાથી, ભક્તિથી, હઠયોગથી, જ્ઞાનયોગથી શુભ પરિણામ અને શુદ્ધ પરિણામરૂપ મહાવીરભાવનો આવિર્ભાવ થાય છે. આત્માનો એટલે પરબ્રહ્મવીરનો ઉપયોગ તે શુદ્ધોપયોગ જાણવો. આત્માર્થે સર્વાત્માઓની ઉન્નતિ માટે સર્વ પ્રકારનાં કષાયો, વિચારો, પ્રવૃત્તિઓ કરવાથી મહાપુણ્યબંધની અપેક્ષાએ સંવર–નિર્જરા થાય છે.

મહાવીરપ્રભુનાં શુદ્ધ પ્રેમ–શ્રદ્ધાથી જ્યારે મન પરિણમે છે અને નામરૂપનો તેમાં અંતર્ભાવ કરે છે, ત્યારે સ્વયં આત્મા શુદ્ધોપયોગી મહાવીર બને છે. વાસનાઓ અને કર્મો કરતાં આત્મવીર અનંતગણો બળવાન છે. તે પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને અજ્ઞાન કે ભ્રાન્તિને ટાળે છે, ત્યારે તે પૌદ્ગલિક સર્વ કર્મોની વચ્ચે શૂરવીર બનીને બાહ્ય તથા આંતરલીલાઓ કરે છે, છતાં તેનું મન નિર્લેપ થવાથી તે શુભાશુભ કર્મોને ખેંચતો નથી; ઊલટાં તેઓને દૂર કરી નાખે છે. જડ દૃશ્ય પદાર્થોના સંબંધમાં આવવાથી મનમાં તેઓના સંબંધે શુભાશુભ ભાવ પ્રગટે છે, પરંતુ આત્મજ્ઞાની જૈનો, કે જેઓ સંવરતત્ત્વના સન્મુખ થયા છે, તેઓ જડ પદાર્થોના ગ્રહણ–ત્યાગમાં વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરે છે અને ઉપકારક દૃષ્ટિએ તથા પૂરતી સ્વાર્થદૃષ્ટિએ પ્રવર્તે છે.

શ્રી મહાવીરપ્રભુની ભક્તિમાં સર્વ મનોવૃત્તિઓ પ્રેમરસથી લદબદ થાય છે ત્યારે મનમાં સંવર–નિર્જરાભાવ સ્વાભાવિક રીતે પ્રગટે છે, અને તે ભક્તિરૂપને ધારણ કરે છે. શુદ્ધાત્મમહાવીરરૂપ દેવ–ગુરુમાં પૂર્ણ પ્રેમમય બની જવાથી સર્વ પ્રકારના માનસિક વિકલ્પનો તત્કાલ સહેજે રોધ થાય છે. મનને કેળવવું, કાયાને કેળવવી, વાણીને કેળવવી અને તે વડે આત્મશક્તિઓનો વિકાસ કરવો એ સંવરતત્ત્વ છે. દેવ–ગુરુ–ધર્મની આરાધના કરવી તે મહાપુણ્ય યજ્ઞ છે. શ્રી મહાવીરપ્રભુ યજ્ઞરૂપ છે અને તેમને મેળવવાનાં સર્વ સાધનો

નિમિત્ત યજ્ઞરૂપ છે. આત્મામાં જ્ઞાનાગ્નિ છે અને તેમાં સર્વ કર્મ કાષ્ઠો જેવાં છે. તે જ્ઞાનાગ્નિથી બળી ભસ્મીભૂત થાય છે. વાસના અને કામરૂપ પશુનો ઉપરી આત્મા બને છે અને તેની આજ્ઞા પ્રમાણે નિયમસર ચલાવે છે ત્યારે આત્મરૂપ મહાવીર તે જ પશુ-પતિ મહાદેવ બને છે.

**બંધ-મોક્ષનો વિવેક:**

પોતાના ભાવ પ્રમાણે દેશ, કોમ, સંઘ, રાજ્ય અને ધર્માદિકનાં કર્મો પુણ્યબંધ, સંવર અને નિર્જરારૂપે પરિણમે છે. પારમાર્થિક ધાર્મિક કાર્યો કરવામાં મન–વાણી–કાયાથી વિપત્તિઓ સહન કરતાં પૂર્વનાં અનેક કર્મોને આત્મા નિર્જરે છે. શુભ કાર્યોમાં મન–વાણી–કાયાને રોકવાં તે સંવરતત્ત્વ છે. પાપ અને પુણ્યબંધના જે જે હેતુઓ છે તે તે હેતુઓની જૈનો પ્રવત્તિ કરે, તો તે પ્રભુ મહાવીરના ભક્ત જૈનોને દ્રવ્ય–ભાવ સંવરપણે પરિણમે છે. જેટલા ભોગના હેતુઓ છે તેટલા યોગના હેતુઓ છે. ભોગોને ભોગપરિણામે અનુભવનારા બંધાય છે અને ભોગાવલી કર્મોને યોગદૃષ્ટિએ ભોગવવામાં આવે છે તો તેમાં અનાસક્તિ વર્તે છે. આત્મવીર જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ સ્થૂલ વ્યવહારકાર્યો કરવામાં એક સરખા લાગે છે, પણ તેમાં અંતરની દૃષ્ટિ જુદી જુદી હોવાથી ભોગોમાં—કર્મોમાં જ્ઞાની જૈનો નિર્લેપ અને અબંધ રહે છે અને અજ્ઞાનીઓ સ–લેપ સ–બંધ રહે છે.

ગૃહસ્થ બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો ગુણ–કર્મ અનુસારે સ્વાધિકારે પ્રવૃત્તિ કરે છે, છતાં શ્રી પરબ્રહ્મ મહાવીર પ્રભુને સર્વસ્વાર્પણ બુદ્ધિ કરતા હોવાથી તેઓની આત્મોન્નતિ, તેઓ જાણે યા ન જાણે તોયે થયા કરે છે. પુણ્યમાં સુખ અને પાપમાં દુઃખ વેદાવવાની શક્તિ રહેલી છે. શુદ્ધાત્મમહાવીરમાં મન લયલીન થાય છે ત્યારે પુણ્ય–પાપ પુદ્‌ગલોની મન પર અસર થતી નથી... ત્યારે પુણ્ય–પાપનાં પુદ્‌ગલો અને તેના પરિણામો

પણ ક્ષણિક સ્વપ્નની બાજીની પેઠે વિલય પામે છે. શુદ્ધાત્મમહાવીર વિના તેવી દશામાં બીજું કશું અનુભવાતું નથી.

ત્યાગદશા, હંસદશા, ભક્તિદશા, હઠયોગ, રાજયોગ વગેરે સર્વ યોગોનો સંવર–નિર્જરાતત્ત્વમાં અન્તર્ભાવ થાય છે. તે જ રીતે ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, અને ક્ષાયિક ભાવનો સંવર–નિર્જરાતત્ત્વમાં સમાવેશ થાય છે. મન તે જ ભક્તિ આદિમાં પરિણમે છે અને તે જ દેશ, કોમ, સંઘાદિનાં કાર્યો કરવામાં લાગે છે. જૈનોના ઔદયિકભાવના હેતુઓને પણ તે ધર્મરૂપે અને પુણ્યરૂપે દેખે છે ત્યારે સંવર–નિર્જરારૂપ બને છે. મનનો આત્મામાં લય થાય છે ત્યારે આત્મા સ્વતંત્ર મુક્તરૂપ બને છે. તેને કોઈ કર્મ-પ્રવૃત્તિ બાંધવા સમર્થ થતી નથી. સર્વ વિશ્વમાં જે જે પદાર્થોનો વ્યવહાર કરવો ઘટે છે તેને જ્ઞાની કરે છે, પણ તે સ્વતંત્ર અને મુક્ત રહે છે. ઔદયિક ભાવની સર્વ વિચાર અને આચારરૂપ પ્રવૃત્તિ-ઓમાં શ્રી મહાવીર પ્રભુના ભક્ત લોકો સાધ્યદૃષ્ટિવાળા હોવાથી સર્વ પ્રકારની પ્રવૃત્તિ કરવા છતાં બંધાતા નથી.

ગુરુકુલો સ્થાપવાં, દેવ-ગુરુની ભક્તિ કરવી, બાળકો અને બાલિકાઓને શિક્ષણ આપવું ઇત્યાદિ ધાર્મિક તથા શુભ વ્યાવ-હારિક પ્રવૃત્તિઓને જૈનો કરે છે ત્યારે તેઓનું મન પાકે છે. તેથી તેઓ શ્રી મહાવીરપ્રભુના આંતરરાગી બને છે. રાગ–દ્વેષનો વિવેક-પૂર્વક ઉપયોગ કરવામાં સર્વ પ્રકારનાં પુણ્યોનો બંધ પડે છે અને તેથી આગળ વિશુદ્ધ ભક્તિમાં રાગ–દ્વેષ શુદ્ધ થતા જાય છે. રાગ–દ્વેષની વિશુદ્ધિથી સવિકલ્પ સમાધિ થાય છે અને સવિકલ્પ સંપ્રજ્ઞાત સમાધિની પકવતા થતાં નિર્વિકલ્પ સમાધિ થાય છે અને તેથી પરમવિશુદ્ધ મહાવીરરૂપ મુક્ત સર્વેશ્વર દશા પોતાના આત્માની થાય છે. જડની પ્રવૃત્તિઓમાં જ્યારે આત્મા અનાસક્ત રહે છે, ત્યારે સર્વ જડ પદાર્થો દૃશ્યરૂપે પ્રતીત થાય છે, પણ તે આવરણ કરવાને શક્તિમાન થતા નથી.

પ્રિયદર્શના! જ્યારે શુદ્ધ પ્રેમાત્મવીરનું સર્વ વિશ્વ પર એકસરખું ચાહવું થાય છે, ત્યારે પિંડ અને બ્રહ્માંડમાં સર્વ પ્રિયરૂપ દેખાય છે. તેથી આત્મસમ્યગ્દષ્ટિ પ્રિયદર્શનારૂપ અનુભવાય છે. જે કંઈ દેખાય છે તે સર્વ પ્રિયરૂપ અને પ્રેમરૂપ છે અને તે દેખવાની દૃષ્ટિ પ્રિયદર્શના છે. તે આત્મમહાવીર અને સર્વગુણપર્યાયશક્તિરૂપ યશોદાના એકાત્મભાવથી પ્રગટે છે, એમ જે અનુભવે છે તે આત્મામાં મુક્તિ પ્રગટાવે છે. આત્માની સાથે રહેલા મનમાં શુભાશુભ અનંત સૃષ્ટિ રચવાની, પાળવાની અને સંહરવાની શક્તિ રહેલી છે. જ્યારે મનની દશાના વિલયની સાથે સ્વપ્નની પેઠે તેનાથી રચાયેલી સ્થૂલ–સૂક્ષ્મ વિચાર–કર્માત્મક સૃષ્ટિઓનો વિલય થાય છે, ત્યારે છેવટે એકાત્મપરમબ્રહ્મ મહાવીરદેવ અને તેમની ગુણપર્યાયાત્મક સર્વશક્તિસમૂહરૂપ યશોદા એકશેષ રહે છે. બન્ને એકરૂપરૂપે દ્રવ્યપણે છે અને પર્યાયદૃષ્ટિએ અનેકરૂપ છે.

પ્રિયદર્શના! નવતત્ત્વના જ્ઞાનથી સમ્યગ્દર્શનરૂપ પ્રિયદર્શના દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે અને તેથી વિશ્વમાં અલૌકિક રસસૌંદર્ય જ્યાંત્યાં વિલસતું અનુભવાય છે. જન્મમરણાદિ પર્યાયો પણ આત્મોન્નતિ માટે પરિણમતા અને મધુર–સૌન્દર્યરૂપ અનુભવાય છે, ત્યારે વિશુદ્ધ વ્યાપક પકવ પ્રેમનું પ્રાકટ્ય અનુભવાય છે. તે વખતે દુઃખ, ભય, નિરાશા, દુઃખની વેદના સ્વપ્નની પેઠે વિલય થયેલી અનુભવાય છે. જડ પદાર્થોમાં પણ તે દશામાં કંઈક પોતાની પ્રિયદર્શનાદૃષ્ટિના પરિણામનું અલૌકિક રસસૌન્દર્ય અનુભવાય છે. તેવી દશામાં બંધ–મોક્ષની કલ્પનાવાળું મન વિલય પામેલું હોય છે. આવી દશામાં ભક્તો, યોગીઓ, જ્ઞાનીઓ અનેક જન્મો કરીને છેવટે આવે છે.

પ્રેમ :

વીર અને યશોદારૂપ મનોવૃત્તિઓના સંયોગથી સર્વત્ર પ્રિય દેખનારી અને પ્રેયઃ દેખનારી પ્રિયદર્શનાને પિંડ–બ્રહ્માંડમાં

પ્રગટાવવા માટે શ્રી મહાવીરપ્રભુ જૈનધર્મની સ્થાપના કરવાના છે. એક જન્મમાં પ્રિયદર્શનાની ઉત્પત્તિ થતી નથી, પરંતુ આધ્યાત્મિક દષ્ટિએ અનેક જન્મો કરીને પ્રિયદર્શનાની પ્રાપ્તિ કરી શકાય છે. પ્રેમ વિના પ્રિયદર્શના પ્રગટતી નથી. પ્રેમ અને જ્ઞાનથી મોક્ષાનંદ છે. આત્માઓ સ્ત્રી–પુરુષનાં વેષ્ટનોમાં વીંટાયેલા છે, પણ તે સત્પ્રેમથી એકબીજાને પરસ્પર આકર્ષી શકે છે. સત્પ્રેમ જ પરમ રસ છે. પ્રેમીઓ સ્થૂલ, સૂક્ષ્મ અને દિવ્ય સૃષ્ટિમાં એકબીજાને પ્રેમથી તરત ઓળખી કાઢે છે. પ્રેમથી જડ અને ચેતનોમાંથી નવું નવું શિક્ષણ મળે છે. શરીર માટે જેઓ પરસ્પર એકબીજાને ચાહે છે તેઓ શરીરના સ્થૂલ પ્રેમના સંકલ્પે અન્ય અવતારોમાં સ્થૂલ શરીરોને પરસ્પર ચાહી શકે છે, પરંતુ જેઓ આત્મપ્રેમીઓ છે; શરીર, ધન, સત્તારૂપ આદિ માટે પ્રેમી નથી, પણ આત્મા માટે આત્મપ્રેમી છે, તેઓ પરભવમાં પોતાના પ્રિયાત્માઓને એકદમ ચાહીને ઓળખી શકે છે. આત્મપ્રેમની આગળ શરીર, જાતિ, ધન, વૈભવ, સત્તા, રૂપ વગેરેનો પ્રેમ તેઓને મહાન કે સત્ લાગતો નથી.

આત્મજ્ઞાન, ઉદારભાવના, નીતિ, અભેદજ્ઞાન, અનુભવજ્ઞાન, અને ભક્તિયોગ આદિની જેમ જેમ વૃદ્ધિ અને વિશુદ્ધિ થતી જાય છે તેમ તેમ સત્ય વિશુદ્ધ પ્રેમનો વ્યાપક વિકાસ થતો જાય છે. જે આ ભવમાં જેની સાથે સત્ય પ્રેમથી જોડાય છે તે અન્ય ભવમાં સત્ય પ્રેમથી મળે છે. સત્ય પ્રેમ વિનાનાં લગ્નો અને સંબંધો જેઓની સાથે છે તેઓ દિવ્ય લોકમાં કે સૂક્ષ્મ લોકમાં પરસ્પર સત્યપ્રેમી બની શકતાં નથી. સત્યપ્રેમરૂપ મહાયજ્ઞમાં શરીર, મન, વાણી, ધન, આયુષ્યાદિનો નિર્ભયપણે જેઓ હોમ કરે છે તેઓ સત્ય અને વિશુદ્ધ પ્રેમરૂપ મહાવીરને પામે છે.

પ્રેમરસસાગરમાં ડૂબકી મારીને જેઓ અહંભાવને ભૂલે છે તેઓ અનંત જ્ઞાનાદિ શક્તિઓને પામે છે. વિશુદ્ધાત્મમહાવીરના

વ્યાપક પ્રેમથી અનંત આનંદમય જીવન પ્રગટે છે. જેઓ આત્મ-પ્રેમ, શરીરપ્રેમ, મનપ્રેમ, વાણીપ્રેમ, કુટુંબપ્રેમ, દેશપ્રેમ, સંઘપ્રેમ વગેરે પ્રેમને ખીલવીને વિરાટ પ્રેમને પામ્યા છે તેઓ પરબ્રહ્મરસ-મય મહાવીરરૂપ બને છે. વાતો કર્યામાત્રમાં પ્રેમ પરખાતો નથી, પણ જિંદગીનો, સંપત્તિઓનો પ્રેમ માટે ભોગ આપ્યાથી પ્રેમમાં રહેલો વિકાર વિલય પામે છે અને સત્ય પ્રેમ પરખાય છે. દેશ, કાલ, સ્વાર્થાદિથી અનવચ્છિન્ન વ્યાપક પ્રેમરૂપ પોતાને, હે પ્રિય-દર્શના ! અનુભવો.

પ્રેમથી સર્વ પ્રકારની શક્તિઓ ખીલે છે, અને મૃતક સમાન વિચારો અને પ્રમાદ વગેરેનો નાશ થાય છે. સત્ય વિશુદ્ધ પ્રેમ જેમ જેમ ખીલતો જાય છે તેમ તેમ નિર્દોષ આનંદમય જીવન રસિક, ઉત્સાહી અને વીરમય બનતું જાય છે.

જેવી પરબ્રહ્મમહાવીરમાં તેવી પરમગુરુમાં સત્ય પ્રેમ અને શ્રદ્ધાથી સ્વાર્પણ અને શરણભાવના એકરસરૂપ—નિશ્ચયપ્રતીતિરૂપ થાય છે, તો પછી રાત્રિ–દિવસ સર્વ પ્રકારની પ્રવત્તિઓમાં પરમ-મહાવીરદશાનો આનંદરસ પ્રકટ્યા કરે છે. જીવન્મુક્ત જૈનોની આવી દશા ઉપશમભાવે, ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે થાય છે અને કલિયુગમાં થશે.

પ્રેમ વિનાનું જીવન તે મૃત્યુ છે. જે બીજાઓને પ્રેમના બદલા વિના ચાહે છે તથા દેવ–ગુરુમાં પ્રેમના બદલા વિના પ્રેમ કરે છે અને વિશ્વાસ મૂકે છે તે આત્મપ્રેમ પ્રકટાવી શકે છે. સત્ય પ્રેમના પગથિયે પગ મૂકનારાઓ સ્ખલના પામે છે, ભૂલો કરે છે, આથડે છે, તોપણ તેઓ ભક્ત બનીને શ્રી મહાવીરપ્રભુનાં અસંખ્ય મોક્ષ-પગથિયાં પર આરોહે છે. પ્રેમ વિના વીરતા પ્રગટતી નથી અને દેહાદિકના ત્યાગમાં નિર્મોહતા કે નિર્ભયદશા અનુભવાતી નથી. અનેક અપરાધો અને દોષોની માફી આપનાર અને હજારો પાપોનો પ્રભુની પેઠે ક્ષય કરનાર વિશુદ્ધ સત્ય પ્રેમ છે. સર્વ પ્રકારની દોષદૃષ્ટિઓનો

વિલય કરનાર એકાત્મ સત્ય પ્રેમ છે. પ્રેમના પ્રાકટ્યથી જ પ્રેમરસનો અનુભવ થાય છે. પ્રેમની દુકાનો નથી. પ્રેમ વેચ્યો વેચાતો નથી. પ્રેમની કિંમત નથી. પ્રેમમાં પ્રતિજ્ઞા નથી. પ્રેમમાં મારું-તારું નથી. પ્રેમમાં દીનતા-યાચના નથી. પ્રેમમાં દાન, સ્વાર્થહોમ, ત્યાગ અને શક્તિ છે. પ્રેમથી મનની પ્રેમી પર જેટલી સ્થિરતા, એકતા, લીનતા, સમાધિ થાય છે તેટલી બીજા કોઈથી થતી નથી. પ્રેમનો જ્ઞાનની સાથે સંબંધ થાય છે ત્યારે કર્તવ્યકર્મો કરવામાં મહાકર્મયોગીની દશા પ્રાપ્ત થાય છે. પ્રેમ વિનાનું બોલવું પ્રલાપમાત્ર છે. પ્રેમ વિનાનું જીવવું તે શુષ્ક જીવન છે. જેનો કોઈના પર સત્ય પ્રેમ નથી તે ભક્તિના પગથિયે પગ મૂકવા સમર્થ થઈ શકતો નથી. સત્ય પ્રેમથી ગૃહસ્થાશ્રમ અને ત્યાગાશ્રમ સુખમય બને છે અને ક્રૂરતા તેમ જ હિંસાવૃત્તિનો ઉપશમ કે ક્ષય થાય છે.

પ્રિયદર્શના ! પરબ્રહ્મ શ્રીમહાવીરદેવે અનંત પ્રેમનું પ્રાકટ્ય કર્યું છે. તેઓએ વિશ્વને સત્ય અને વિશુદ્ધ પ્રેમરૂપ ગૃહસ્થાદર્શને રહેણીથી જણાવ્યો છે. જેઓ પ્રેમથી મરે છે તેઓ પુનઃ આત્મવીર જીવને જીવતા થાય છે. જેઓ સર્વ જીવોને ચાહતા નથી તેઓ અમર દ્વિજ વીરજીવનને પ્રાપ્ત કરી શકતા નથી. સર્વ પ્રકારનાં ઉત્તરોત્તર ચઢતાં પ્રેમનાં પરિણમનો તે જૈનધર્મ છે, કારણ કે તે આત્મામાંથી પ્રગટે છે; અને તે આત્મા તે જૈન છે. આત્મા તે જ જૈન-જિન છે. તેમાં અભેદ પ્રેમપ્રવાહ પ્રગટતાં ભેદ જણાતો નથી. ભેદો તેટલું મરણ અને અભેદ તેટલું જીવન છે. મનુષ્યો વગેરેનાં શરીરોમાં રહેલા આત્માઓને આત્મપ્રેમીઓ અમર અને નિત્ય દેખે છે. તેઓ પ્રિયાત્માઓને અન્ય શરીરો લીધાં છતાં મળે છે, ઓળખી કાઢે છે અને પ્રેમથી સહચારી થાય છે.

આત્માની પરમાત્મદશા કરાવનાર સત્ય પ્રેમ છે. તે જ દેવ, ગુરુ અને ધર્મરૂપ અપેક્ષાએ અર્થાત્ કારણે કાર્યોપચાર દૃષ્ટિએ છે. પ્રેમથી સર્વ પ્રકારનાં સ્વાતંત્ર્ય અને મુક્તિ મળે છે. સત્ય

પ્રેમથી શરીરમાં, વાણીમાં, મનમાં અને આત્મામાં નવું ચૈતન્ય, નવીન સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સેવા, વૈયાવૃત્ય, પરોપકાર, કર્તવ્ય કર્મપ્રવૃત્તિ વગેરેથી અશુદ્ધ પ્રેમનું શુદ્ધ અને સત્ય પ્રેમરૂપે પરિણમન થાય છે. અન્ય લોકો માટે કંઈપણ હિતનો વિચાર કરવો અને કંઈપણ સ્વાધિકારે કર્તવ્યકર્મ કરવું તેથી વ્યાપક અને વિશુદ્ધ પ્રેમ અંશે અંશે પ્રકાશ પામતો જાય છે. પોતાના આત્માની, મનની, વાણીની અને કાયાદિની સ્વાર્થ માટે અને પરમાર્થ માટે શક્તિઓ વધારવાથી વિશુદ્ધ પ્રેમની વ્યાપકતા વધતી જાય છે. પ્રેમ વડે જે ઇચ્છવામાં આવે છે તે મળે છે. વિશુદ્ધ પ્રેમના ગર્ભમાં પરબ્રહ્મ મહાવીરદેવ રહ્યા છે. પ્રેમથી અસાધ્ય કશું કંઈ નથી. પ્રેમના સમાન બળ, કળ, મન્ત્ર, તન્ત્ર, યન્ત્ર કોઈ નથી. પ્રેમથી પતિઓ અને પત્નીઓ સંસારમાં સ્વર્ગ રચે છે અને પરસ્પરના અનેક ગુનાઓ કે દોષોને ભૂલી જાય છે. સર્વ દેહીઓમાં મહાવીરત્વની ભાવના ધારણ કરવી એ વિશુદ્ધ પ્રેમથી બને છે.

સત્ય પ્રેમથી અસત્યનો અને અધર્મનો નાશ થાય છે અને ધર્મની ઉત્પત્તિ થાય છે. કામભોગના વેગમાં જેઓ સત્ય પ્રેમ કલ્પે છે તેઓ ભૂલ કરે છે. કાયાના વ્યભિચારથી મનમાં સત્ય અને વિશુદ્ધ પ્રેમ પ્રગટતો નથી. સત્ય અને વિશુદ્ધ પ્રેમના પ્રવાહસાગરમાં દોષ-શેવાલ પ્રગટતી નથી. સત્ય પ્રેમી અસત્ય ધર્મોનો દ્વેષ કરે છે. તે અન્યાયી, અધર્મી અને દુષ્ટોનો વિનાશ કરે છે અને ધર્મ્ય યુદ્ધાદિક વડે દેશ, કોમ, સંઘ, રાજ્ય, સમાજ, કુટુંબ આદિની રક્ષા કરે છે. વિશુદ્ધ પ્રેમીઓ વ્યભિચારાદિ દુષ્ટ કર્મોથી દૂર રહે છે. દેશ, સમાજ, સંઘ, રાજ્યાદિક પર પ્રથમ પ્રેમ પ્રગટે છે. સામાન્ય પ્રેમ પ્રથમ પ્રગટે છે. જે જે દેશ, કાળ, વયે જે જે બાબતો પર પ્રેમ થાય છે તે તે સમયે યોગ્ય છે અને તે આગળના વિશુદ્ધ પ્રેમ માટે છે. સદોષ પ્રેમ તે જ નિર્દોષ પ્રેમરૂપે આગળ આગળ વધતો જાય છે. શુષ્ક જીવનવાળા કરતાં ગમે તેવો પણ પ્રેમી આત્મા દોષી હોય છે તો પણ તે સત્ય પ્રેમરૂપ જૈનધર્મમાં આગળ વધતો જાય છે.

શ્રી મહાવીર પરમાત્મા ઉપરનો પ્રેમી વૃદ્ધિ પામે છે ત્યારે વિશ્વના સર્વ જીવો પર પ્રેમ પ્રગટે છે. અસત્યનો નાશ કરવા માટે સત્ય પ્રેમવાળા જૈનોને દ્વેષ પ્રકટે છે. પ્રભુમહાવીરના ભક્ત જૈનોમાં દ્વેષ પ્રગટે છે તે આત્મવીરોન્નતિ માટે છે. તેઓને રાગ–દ્વેષાદિક કષાયો છે તે આત્મા અને સંઘાદિકની ઉન્નતિ માટે જ થાય છે. મનુષ્યોમાં જે જે દોષો દેખાય છે તે પરબ્રહ્મ મહાવીર પ્રભુના ભક્તોને વર્તમાનમાં અને ભવિષ્યમાં નૈસર્ગિક દૃષ્ટિએ ગુણરૂપે દેખાય છે. બાહ્ય વ્યવહારમાં સમ્યગ્દષ્ટિ જૈનોને મિથ્યા શાસ્ત્રો અને દોષો વગેરે પણ ધર્મપણે પરિણમે છે. તેમાં શ્રી મહાવીરપ્રભુની ભક્તિ ખાસ હેતુભૂત જાણવી.

શંખ પંચવર્ણી માટી ખાય છે, પણ તે પુદ્‌ગલોને શ્વેતરૂપે પરિણમાવે છે. તેમ વિશુદ્ધ પ્રેમી પંચેન્દ્રિયના વિષયભોગોને ભોગવે છે, છતાં તેમાં વિવેકબુદ્ધિથી ધર્મની વૃદ્ધિ કરે છે અને પોતે ઉજ્જવલ રહે છે. સત્ય પ્રેમ અને ભક્તિ વડે શ્રી મહાવીરપ્રભુને આરાધનારા જૈન એવા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો વગેરે અનેક જાતના મનુષ્યો ગમે તેવી સ્થિતિએ આજીવિકાદિ પ્રવૃત્તિઓ કરવા છતાં અલ્પદોષપૂર્વક મહાધર્મ પ્રગટાવીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત બને છે. ગૃહસ્થાશ્રમમાં અને ત્યાગાશ્રમમાં પ્રશસ્ય પ્રેમ વડે પ્રભુ શુદ્ધાત્મ મહાવીરને મેળવવા જોઈએ. પ્રભુ મહાવીર માટે જેઓ પ્રેમથી જીવે છે તેઓ સત્ય જૈનો છે. જેઓ પ્રેમથી કર્મયોગીઓ બને છે તેઓ પરમાત્મમહાવીરપદને પામે છે. પ્રભુ મહાવીરદેવ વિશુદ્ધ પ્રેમ અને ત્યાગ વડે વિશ્વોદ્ધાર કરવાના છે. તેથી હવે હર્ષનો પાર રહ્યો નથી. પ્રિયદર્શના ! તારી આગળ મેં પરમાત્મા મહાવીરપ્રભુનો જેવો ઉપદેશ છે તેવો પ્રકાશ્યો છે.

પ્રભુ શ્રી મહાવીરદેવે અનેક મનુષ્યોના અવતારોની–જન્મોની વાર્તાઓ કરી છે. ગમે તેવાં શરીરોને બદલે અને નવાં લે તો પણ આત્માઓ તો તેના જ રહે છે. કાચની કોઠીમાં રહેલી વસ્તુઓ

જેમ આંખેથી સ્પષ્ટ દેખાય છે તેમ જ્ઞાનીઓ અનેક શરીરીઓમાં રહેલા આત્માઓને દેખી શકે છે. વિશુદ્ધ પ્રેમી જૈનો પ્રેમના બળે વિચારોના પ્રવાહોને મનોવર્ગણા દ્વારા પ્રવાહે છે, પ્રકાશે છે. તેઓ પોતાના સત્ય પ્રેમીઓનાં હૃદયોમાં જ્ઞાનાગ્નિ પ્રગટાવે છે. પ્રેમથી એક-બીજાનું પરસ્પર આકર્ષણ થાય છે. શુદ્ધ પ્રેમાગ્નિને ઊધઈરૂપ દોષો લાગી શકતા નથી. સર્વ વિશ્વને એક મહાવીરરૂપ અનુભવીને ચાહવું અને સર્વ વિશ્વ માટે જે મળ્યું તે અર્પવું એ જ પરબ્રહ્મમહાવીર પ્રભુકથિત જૈનધર્મ છે. અમુક કર્મકાંડો અને અમુક ભાષાનાં અજ્ઞેય સૂકતોના ઘોષણમાં (રટણમાં) કંઇ આત્મવીરત્વ રહ્યું નથી. ઉપયોગી, પરમાર્થી અને જીવતા વિચારોમાં અને સદાચારોમાં વિશુદ્ધ પ્રેમરૂપ જીવતો જૈનધર્મ રહ્યો છે. તેને અનુભવજ્ઞાની જૈનો અનુભવી શકે છે. બાકી મરેલા મુડદાલ વિચારો અને અજ્ઞેય કર્મકાંડોનાં સૂક્તોના પઠનપાઠનમાં જીવતા વિશુદ્ધાત્મવીર પ્રભુને અંતરમાં મેળવી શકાતા નથી. વિશુદ્ધ પ્રેમી જૈન મૌન રહીને અને સત્કર્તવ્યો કરીને વિશ્વને જિવાડે છે અને તેને જાગ્રત કરે છે. પરમાત્મા શ્રી મહાવીરદેવે મહાદેવી પરબ્રહ્માણી યશોદા ભગવતી આગળ પ્રેમયોગનું પૂર્ણરહસ્ય પ્રકાશ્યું છે અને તેની શ્રીમતી યશોદાદેવીએ 'પ્રેમયોગગીતા' રચી છે. તે કલિકાલમાં દેવો અને દેવીઓ ગુપ્ત મહાત્માઓ દ્વારા પરંપરાએ વહશે અને પંચમા આરાના ચોવીસસો (૨૪૦૦) ઉપર કેટલાંક વર્ષો ગયા બાદ બ્રાહ્મી લિપિમાંથી દેવનાગરી લિપિ આદિ લિપિઓમાં તથા અન્ય ભાષાઓમાં પ્રકાશિત થશે અને તેથી આર્યાવર્તાદિ ખંડોનાં મનુષ્યો, દેવો અને દેવીઓનાં હૃદય પવિત્ર બનશે. પાછો તેને દેવો અને ઋષિઓ ગોપશે અને મનુષ્યોની યોગ્યતાએ અને ઉપયોગિતાએ પછી પ્રગટ કરશે. તેઓ ભક્તિ-યોગનો સર્વત્ર પ્રચાર કરશે.

શ્વેતદ્વીપવાસી ગુપ્ત મહાત્માઓ અને દેવો જૈનધર્મનો જ્યારે સર્વત્ર પ્રકાશ કરવા પ્રયત્ન કરશે ત્યારે પ્રથમ શ્રીમતી યશોદાદેવીએ ગાયેલી 'પ્રેમયોગગીતા'ને મહાત્માઓનાં હૃદયોમાં,

સતીઓનાં હૃદયોમાં, ભક્તોનાં હૃદયોમાં સ્ફુરાવશે અને તેથી કલિયુગમાં જૈનોમાં નવનવી શક્તિઓ પ્રગટશે. વિશુદ્ધ અને સત્ય પ્રેમ તે પુણ્ય, સંવર અને નિર્જરાકારક છે. પ્રેમથી પુણ્યબંધ થાય છે. સત્ય પ્રેમથી અવિશ્વાસ, અભક્તિ, દુર્બલતાના વિચારોનો પ્રવાહ, જે મનમાં વહે છે તે, બંધ પડે છે. માટે પ્રેમભક્તિ તે સંવર છે, પ્રભુ મહાવીરદેવ પર સર્વથા પ્રકારે ધારણ કરેલો પ્રેમ તે જ મુક્તિનું કારણ હોવાથી મુક્તિ છે. ગુરુ પર પરબ્રહ્મરૂપે ધારેલો પ્રેમ તે જ શિષ્યોની અને શિષ્યાઓની સર્વ પ્રકારની ઉન્નતિનું મૂળ છે. પ્રભુ મહાવીરદેવ અને જૈન ગુરુ પર પૂર્ણ પ્રેમ ધારણ કરવાથી પોતાની મેળે હળવે હળવે દોષો અને અશક્તિઓ ટળે છે અને આત્માના તાબામાં મન આવે છે. પ્રેમ જ્યાં પ્રગટે છે ત્યાં સમકિત-ધર્મ છે. કલિકાલમાં શ્રી મહાવીર પ્રભુ પર પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા રાખનારાઓ તરી જશે. પ્રેમથી દ્વેષ, વૈર અને દોષદૃષ્ટિ શમે છે. કર્તવ્યકર્મથી તેમ જ જ્ઞાનથી પ્રેમની વિશુદ્ધિ તથા વ્યાપકતા વધતી જાય છે અને તે તે પ્રમાણમાં અંતરમાં અને બાહ્યમાં દ્રવ્યભાવરૂપે પ્રભુ મહાવીર વ્યક્ત થાય છે. માટે વિશુદ્ધ પ્રેમમૂર્તિ દેવી પ્રિયદર્શના ! પ્રેમભક્તિયોગથી તપ, જ્ઞાન અને પરમાનન્દરૂપ મહાવીરને તું પામ.

પ્રિયદર્શના : મહાદેવી, સર્વશ્રુતજ્ઞાનધારિણી, પરમસર્વજ્ઞ-શ્રુતિમૂર્તિ સત્યરૂપાદેવી ! તમને નમું છું, વન્દુ છું, સ્તવું છું.

સર્વ દેહધારીઓનાં હૃદયમાં વ્યક્તાવ્યક્તરૂપે રહેલા ભગવાન શ્રી મહાવીરદેવની આપ શ્રીમતી પરમશિષ્યા, પરમોપાસિકા વિદુષી છો. આપનાં વચનામૃતોને શ્રવણ કરતાં કર્ણ અને હૃદયની તૃપ્તિ થતી નથી. જિનેશ્વર પિતૃદેવ મહાવીરપ્રભુના બોધથી મારું હૃદય પવિત્ર બન્યું છે અને પ્રકાશિત થયું છે. મને આત્મજ્ઞાન પ્રગટ્યું છે, જેના પ્રકાશથી શાસ્ત્રોની રચના થાય છે. જ્ઞાની મહાત્માઓ જીવતાં ચૈત્યો, પ્રતિમાઓ અને મૂર્તિઓ છે. તેમના

દેહ જ દેવાલયો છે અને તેઓનાં શરીરાદિકની સેવા તે પરબ્રહ્મ મહાવીર પ્રભુની સેવા છે.

મનુષ્યો જીવતા જ્ઞાની મહાત્માઓમાં અને ભક્તોમાં તેમ જ તેમની ઔદયિક પ્રારબ્ધ ચેષ્ટાઓમાં પોતાની મતિ અનુસારે દોષદૃષ્ટિએ દોષો દેખે છે. અને તેઓની નિંદા કરી ચાલુ ગતિ અને ઉન્નતિમાંથી ભ્રષ્ટ થાય છે. પ્રેમ અને ભક્તિના પગથિયે ચઢ્યા વિના કોઈ પરમપ્રભુ મહાવીરપ્રભુનું સ્વરૂપ દેખવા સમર્થ થતું નથી. પ્રેમ અને ભક્તિ વિના શાસ્ત્રોના અભ્યાસનું અજીર્ણ વધે છે અને તેથી શ્રી મહાવીરપ્રભુની કૃપા વિનાના અને સમ્યગ્દૃષ્ટિ વિનાના મનુષ્યોને ગુરુઓ, ધર્મશાસ્ત્રો અને જ્ઞાનાદિક યોગોનું અવળું પરિણમન થાય છે. પ્રભુ મહાવીરપ્રભુના પૂર્ણ પ્રેમી અને શ્રદ્ધાળુ ભક્તો બન્યા વિના મિથ્યાદૃષ્ટિઓને જે શાસ્ત્રો છે તે શસ્ત્રોરૂપે પરિણમે છે. તેઓને જે જે સવળું અને સાચું હોય છે તે અવળું અને જૂઠું લાગે છે. ગુરુના પ્રેમપાત્ર થયા વિના તેઓનાં હૃદયમાં ઉત્સાહ, આશા, દુઃખસહનતા વગેરે શક્તિઓ પ્રગટતી નથી.

પ્રભુ મહાવીરદેવના જીવતા ભક્તો જેઓ નથી તેઓનામાં શ્રદ્ધા અને પ્રેમના અભાવે શુષ્કતા, જડતા, મૂઢતા અને કામપશુનું ઘણું જોર દેખાય છે. તેઓ ઘાતક, ક્રૂર તેમ જ અનાર્ય વિચાર અને આચારના ધારક થાય છે. ભોગો ભોગવવામાં અતિશય આસક્તિ હોવાથી તેઓ કાયિકાદિ શક્તિઓથી ક્ષીણ થાય છે. તેઓ પોતાના સંબંધીઓમાં અવિશ્વાસી અને અપ્રેમી રહે છે. તેઓનું પશુ-જીવન ઘણું વ્યક્ત હોય છે. તેથી તેઓ દુષ્ટ રાક્ષસ જેવા બને છે. સત્ય પ્રેમ વડે પ્રભુ મહાવીરના બનેલા ભક્તો દુષ્ટ લોકોને દબાવે છે અને તેઓના આત્મવીરપ્રેમી બને છે. તેઓના આત્મા-ઓને તેઓ ચાહે છે, પૂજે છે, પણ તેઓની દુષ્ટ વૃત્તિઓને ધિક્કારી તેઓનો નાશ કરે છે.

નવતત્ત્વ, પ્રેમ, પુનર્જન્મ વગેરેનો આપે શ્રી મહાવીર

પ્રભુના વચનાનુસારે બોધ આપ્યો છે. કલિકાલમાં આપનાં વચનોથી આપ આદર્શ મહાદેવી ભગવતી તરીકે પૂજાશો. આર્ય સ્ત્રીઓ આપના સત્પ્રેમ, કરુણા, ઉદારભાવના, સ્વાર્પણ, અતિથિસત્કાર, સેવાભક્તિ, પવિત્ર બુદ્ધિ આદિ ગુણો, કે જે સ્વ–સ્વાત્માઓમાં તિરોભાવે રહ્યા છે, તેઓનો આવિર્ભાવ કરશે. પ્રભુ મહાવીરદેવથી પરમ ભક્તાણીઓ અને કર્મયોગીઓની પેઠે કર્મયોગિનીઓ બની જૈન સંઘ, દેશ, કોમ, સમાજ, પશુ, પક્ષી, રાજ્યાદિકની અનેક વિપત્તિઓ અને દુઃખોને સહી સેવા કરશે. તેઓ ગૃહસ્થાશ્રમ અને ત્યાગાશ્રમમાં રહી સ્વાધિકારે સર્વ પ્રવૃત્તિઓમાં પ્રભુ મહાવીરદેવને ભાવના બળે અવલોકશે. જૈન શ્રાવિકાઓ, ઉપાસિકાઓ, શ્રમણીઓ અને આર્યાઓ આપની પેઠે પારમાર્થિક જીવનને વ્યાપક કરશે અને સર્વજાતીય જૈનોમાં અને શ્રી મહાવીરદેવમાં અભેદાત્મક પ્રેમ–શ્રદ્ધાથી એકાત્મભાવે પ્રવર્તશે.

માતૃમહિમા :

સત્યરૂપા : કુમારિકા શ્રીમતી પ્રિયદર્શના ! પ્રભુ મહાવીરદેવ હુકમ કરે છે કે સ્ત્રીઓએ બાલિકાઓને અને બાળકોને સારી રીતે ઉછેરવા અને તેઓ બાલ્યાવસ્થાથી સદ્‌ગુણી બને એવી ખાસ કાળજી રાખવી. તેઓ સારાં બાળકોથી સોબત કરે એવી વ્યવસ્થા રાખવી. તેઓ બરાબર અભ્યાસ કરે, માતાપિતાને અને વડેરાંઓને પ્રેમ–વિનયથી પગે લાગે એવી રહેણીમાં તેઓને મૂકવાં. કોટી–લાખો રૂપિયાનાં ઘરેણાં અને વસ્ત્રથી તેઓને શણગારવાને બદલે તેઓને જ્ઞાન, વિદ્યા, વિવેક, ભક્તિ વગેરેથી શણગારવાં. તેઓનું આરોગ્ય જળવાઈ રહે તેવાં ખાનપાન, હવાદિથી તેઓને ઉછેરવાં. ખપમાં આવતાં ઔષધોનું જ્ઞાન આપવું. સભ્યતાથી બોલે, સભ્યતાથી વર્તે અને ઉચ્ચ ગૃહસ્થ બને તથા દેશ, કોમ, રાજ્ય, સંઘના નેતા બને એવાં સર્વ પ્રકારનાં શિક્ષણો આપવાં. બાલિકાઓને અને બાળકોને દૃઢ શરીરવાળાં બનાવવાં અને તેઓ સત્ય બાબતોને

નિર્ભયપણે જાહેર કરે એવાં બનાવવાં. કોઈપણ જાતનું ખરાબ વ્યસન તેઓને લાગે નહીં એની ખાસ કાળજી રાખવી. દરેક બાળક–બાલિકામાં પ્રભુનું રૂપ જોવું અને તેઓને શિક્ષણ આપતાં કદી કંટાળવું નહીં. તેમની સર્વ પ્રકારની બુદ્ધિઓને અને ઇન્દ્રિયોની શક્તિઓને ખીલવવી. તેઓ રમતોથી શારીરિક પુષ્ટિ કરે એવી વ્યવસ્થા કરી આપવી.

બાલિકાઓને સર્વ પ્રકારની રસોઈ કરવાની કેળવણી આપવી. બાલિકાઓ યોગ્ય વયની થાય ત્યારે તેઓને જૈન એવા યોગ્ય વરોની સાથે પરણાવવી. સાસુ–સસરાની સેવા કરવાથી પતિવ્રતાની ઉન્નતિ થાય છે. સાસુ–સસરા વગેરે વડેરાંઓની શિખામણો અંગીકાર કરવી, યોગ્યને યોગ્ય માન આપવું અને તેની યોગ્ય કદર કરવી. પોતાના પતિની સાથે પત્નીના ધર્મ પ્રમાણે વર્તવું. જીવતા મનુષ્ય-શરીરધારી જૈનોને તીર્થરૂપ માનવા, અને તેઓનાં શરીરોને પણ તીર્થરૂપ માનવાં. શરીરો વિના આત્માઓની પ્રગતિ થઈ શકતી નથી. પત્ની બનેલી શ્રાવિકાએ ઘરનાં સર્વ કામકાજ કરવાં, અને દાસદાસીઓને આત્મસમાન માની તેઓની પરતંત્રતાનો ઉચ્છેદ કરવો. બાળકોને અને બાલિકાઓને જ્યારથી બોલતાં શીખે ત્યારથી ભગવાન મહાવીરદેવનું નામ જપતાં શીખવવું. તેઓની મનન–શક્તિ જેમ જેમ ખીલતી જાય તેમ તેમ તેઓને શ્રી મહાવીર પ્રભુના ઉપદેશો સમજાવવા અને તેઓને પાકા જૈનધર્મી બનાવવા. બાળકોને અને બાલિકાઓને જૈન ગુરુઓ પાસે અભ્યાસ કરવા મોકલવાં અને તેઓને સાંસારિક તેમ જ ધાર્મિક સર્વ વિદ્યાકલાઓનું શિક્ષણ આપવું. બાળકોને અને બાલિકાઓને જૈનધર્માભિમાની બનાવવાં અને દુનિયામાં જૈનધર્મના જેઓ શત્રુઓ અને દુષ્ટો હોય અને રાજ્ય તેમ જ સંઘના જે નાશ કરનારા હોય તેઓની સર્વ કલાઓ સામે થાય અને પોતાનું ગૌરવ જાળવી શકે એવા બનાવવા. બાળકોને અને બાલિકાઓને જૈનધર્મનું પૂર્ણ જ્ઞાન આપવું અને તેઓને વર્ણ–ગુણ–કર્માનુસારે કર્તવ્યકર્મ કરવાનો ઉપદેશ આપવો.

બાળકોની અને બાલિકાઓની વિદ્યાદિ સર્વ પ્રકારની ઉન્નતિ એ જ પોતાની વંશપરંપરાની તથા દેશ, કોમ, રાજ્ય, સંઘ, કુટુંબ વગેરેની ઉન્નતિ છે; અને તેઓની પડતી એ જ દેશ, સંઘ, રાજ્ય, ધર્માદિકની સર્વથા પડતી છે. સદ્‌ગુણી એક સ્ત્રીથી અને પતિથી દેશ, કોમ, રાજ્ય, સંઘ, ધર્મની જેટલી ચડતી થાય છે તેટલી બીજા કશાથી થતી નથી, કારણ કે તેઓનાં સંતાનો તીર્થરૂપ સર્વ પ્રકારની ઉન્નતિ કરનારાં પ્રગટે છે.

બાળકોની અને બાલિકાઓની માતા એ વિશ્વમાતા, દેશમાતા, વિદ્યામાતા, સંઘમાતા, રાજ્યવ્યાપારમાતા, ધર્મમાતા વગેરે સર્વ શુભોન્નતિની માતા છે, માટે માતાઓની ઉન્નતિ તથા તેઓની રક્ષામાં જે જે કંઈ કરાય, બોલાય અને વિચારાય તે સર્વ ધર્મરૂપ છે, સેવા છે, ભક્તિ છે. એ પ્રભુ મહાવીરની સેવા છે, એમ જાણી જૈનોએ પ્રવૃત્તિ કરવી. માતાઓ એ જીવતી દેવીઓ છે. તેઓની વિદ્યાદિક સર્વ બાબતની ઉન્નતિમાં સર્વોન્નતિઓ રહેલી છે. માતાઓ જે બાળકોને અને બાલિકાઓને શિક્ષણ આપે છે તે શિક્ષણ અન્ય કોઈ આપી શકતું નથી.

જે દેશમાં, ખંડમાં માતાઓનો તિરસ્કાર થાય છે તેઓને નીચ ગણવામાં આવે છે, તેઓને જડ યંત્રની જેમ રાખવામાં આવે છે, તે દેશની, ખંડની, સંઘની, ધર્મની પ્રજા પરતંત્ર, ગુલામ અને અશક્ત રહે છે અને તેઓ ભાવિ વંશપરંપરાની પડતી કરે છે. દેશ, કોમ, રાજ્ય, સંઘ, ધર્મ વગેરેનું રક્ષણ કરવાની શક્તિઓનું શિક્ષણ આપતી માતાઓ જે પૃથ્વી પર નથી અને એવી માતાઓને જે દેશ, ખંડ, સંઘ પ્રગટાવતો નથી તે દુનિયામાં જીવી શકતો નથી. તે પોતાની પાછળની સંતતિ વગેરેનો નાશક તેમ જ ઘાતક બને છે.

બાલિકાઓને અને બાળકોને બહાદુર અને ધર્મી બનાવવામાં જૈનોની સેવા સમાયેલી છે. અતિવિષયી, મોજમજામાં ગરકાવ થયેલ

જૈનોની અને તેની ભાવી સંતતિની પડતી થાય છે. જીવતા કર્મયોગી મનુષ્યો પર જે દેશમાં, કોમમાં, સંઘમાં માન, પ્રેમ, સત્કાર નથી તે દેશમાં મહાવીરાત્માઓ પ્રગટતા નથી. બાલિકાઓના અને સ્ત્રીઓના અજ્ઞાનપણાથી અને તેઓના સાંકડા વિચારોથી અને સંકુચિત પ્રવૃત્તિઓથી દેશ, રાજ્ય, સમાજ, જૈન ધર્માદિની દેશકાલાનુસારી સર્વ શક્તિઓનો નાશ થાય છે.

**ગૃહસ્થાશ્રમનું મહત્વ :**

શારીરિક બળ અને માનસિક શક્તિઓની જેઓ ખિલવણી કરે છે તેઓ શુદ્ધાત્મમહાવીર પ્રભુને પામે છે. વીર્યરક્ષાદિકથી શારીરિક આરોગ્ય અને બળને જાળવવું. એમાંથી ગૃહાવાસની ઉન્નતિ પ્રગટે છે. સર્વ પ્રકારના ધર્મોનો આશ્રય ગૃહસ્થાવાસ છે. ગૃહસ્થાવાસની ઉન્નતિથી ઉત્તમ પ્રકારના ત્યાગીઓ પ્રકટે છે.

ગૃહસ્થોમાં કલિકાલમાં સંઘબલ સર્વોત્કૃષ્ટ રહેશે. પ્રિયદર્શના કુમારિકા ! તમારા જેવી કન્યાઓ ગૃહસ્થાવાસમાં આદર્શ સતીઓ બની પ્રભુ મહાવીરદેવના તીર્થસ્થાપનકાર્યમાં ત્યાગિનીઓ બનશે અને જૈનોની સેવાભક્તિમાં મન–વાણી–કાયાદિકનું સ્વાર્પણ કરશે. પ્રિયદર્શના ! તારા જેવી કુમારિકાઓ યોગ્યવયે ગૃહિણીઓ બની વિશ્વની ઉન્નતિ કરશે અને તારાં સંતાનોની વંશપરંપરા કલિયુગમાં જૈનધર્મ અને શ્રી મહાવીરપ્રભુની ભક્તિને પ્રચારવામાં મહાન આત્મભોગ આપશે. તારાં સંતાનો કલિયુગમાં આર્યાવર્તમાં જૈનોની સેવાભક્તિ કરવામાં પ્રભુ મહાવીરદેવની જ સેવાભક્તિ અનુભવશે. સર્વ વિશ્વમાં સર્વ પ્રકારના સત્યરૂપ, સર્વ શુભશક્તિરૂપ અને જૈનધર્મરૂપ આત્મા જ છે. આત્મા તે જ સત્તાએ કે વ્યક્તિએ જૈન, જિન અને અર્હન્ છે. માટે તારામાં પ્રગટેલી સર્વ પ્રકારની શુભ શક્તિઓ, પ્રવૃત્તિઓ તે જ વ્યક્ત મહાવીરદેવનો ધર્મ છે. તેના વડે ગૃહસ્થ મહાદેવી બની સંસારમાં જૈન ધર્મનો પ્રચાર કર.

પ્રિયદર્શના ! સત્ય ત્રણે કાળમાં એકસરખું છે. મહાવીર અને

મહાવીરનો ધર્મ સત્યરૂપ છે. અસત્ય મરણ છે અને સત્ય જીવન છે. ભય, ખેદ, દ્વેષ, લજ્જારહિત સત્ય વિશુદ્ધ પ્રેમરૂપ જૈનધર્મ છે. જ્યાં ભેદ છે ત્યાં પ્રેમ નથી. હૃદયની પરસ્પર અભેદતામાં પ્રેમ છે. અનેક દોષ, અપકીર્તિ આદિ હલાહલ વિષનું પાન કરીને સત્ય પ્રેમામૃત વડે જીવનાર સત્યપ્રેમીને મહાવીરના ભક્ત જાણવો. સત્ય જ્ઞાનથી સત્ય પ્રેમ પરખાય છે. વિશુદ્ધ પ્રેમથી હૃદય શુદ્ધ થાય છે અને તેથી સર્વજ્ઞશક્તિ પ્રગટ થાય છે. પ્રભુ મહાવીરના ભક્તોને મરણ મીઠું લાગે છે અને બાહ્ય જીવન માઠું લાગે છે. પ્રભુ મહાવીરના ભક્ત પ્રેમીઓ જ્યાં પ્રેમભાવથી મળી, પરસ્પરનાં હૃદય ખોલીને વાતો કરે છે ત્યાં મહાવીર પ્રભુની ઝળહળ જ્યોતનો અને પરમાનંદનો પ્રકાશ થાય છે. જિનેશ્વર મહાવીરદેવનાં ગીતો જ્યાં ભક્તજ્ઞાની જૈનો ગાય છે ત્યાં અનેક સ્વર્ગોના સુખની અને વ્યક્ત પ્રભુ મહાવીરના આનંદની ખુમારી પ્રગટે છે. અજ્ઞાનીઓ મરે છે, જ્ઞાનીઓ મરતા નથી. પરમાત્મયજ્ઞવાહક મહાવીર પ્રભુ સર્વ જીવોનું કલ્યાણ કરે છે. સર્વ જીવો અવ્યક્ત અને વ્યક્તભાવે અંશે અંશે મહાવીર છે. જડ જડસ્વભાવે વીર છે. તેમાં ચિદાનંદત્વ નથી, પણ તે જડ દ્રવ્યરૂપથી સત્ છે. મહાસત્તાસદ્રૂપ મહાવીરમાં જડ-ચેતન સર્વ દશ્યાદશ્ય વિશ્વનો અન્તર્ભાવ થાય છે.

ગુરુમાં અને મહાવીરમાં એકત્વભાવ તથા પૂર્ણ પ્રેમ, શ્રદ્ધા અને એકત્વભાવ તથા અર્પણભાવ સત્યપણે અનુભવાયાં નથી ત્યાં સુધી લાખો-કરોડો પુસ્તકોનું પઠનપાઠન કરતાં તથા અનેક કષ્ટપૂર્ણ કર્મકાંડ કે તપ કરતાં આત્મશુદ્ધતા થતી નથી. ગુરુમાં અને મહાવીરમાં પૂર્ણ પ્રેમશ્રદ્ધાર્પણભાવ અનુભવતાં અનેક શાસ્ત્રોને પ્રકટ કરનારું એવું હૃદય બને છે અને સર્વ સત્ય જ્ઞાનનો પ્રકાશ થાય છે. જેઓ મન-વાણી-કાયાની મહત્તા જાણતા નથી અને વિશ્વાસ આપીને તેનો ભંગ કરે છે તથા દેવ, ગુરુ, ધર્મની નિન્દા કરે છે તેઓ મૃતક સમાન છે. જેઓએ ગુરુ પર પૂર્ણ વિશ્વાસ અને પ્રેમ મૂક્યો નથી અને પુસ્તકો વાંચે છે તેઓ પરંપરા-

જ્ઞાન અને આત્મજ્ઞાન પામી શકતા નથી. આત્મજ્ઞાન વિના કોઈની મુક્તિ થઈ નથી અને થવાની નથી. સર્વ પ્રકારનાં દુઃખોનો નાશ કરનાર જ્ઞાન છે. આ વિશ્વમાં જ્ઞાનદાન સમાન કોઈ દાન નથી. જ્ઞાન સમાન આ વિશ્વમાં કોઈ પવિત્ર અને રક્ષક નથી. જ્ઞાન સમાન કોઇ દયા, દાન, દમ અને બ્રહ્મચર્ય નથી. આત્મજ્ઞાનથી સર્વ પ્રકારનાં જન્મ-જરા-મરણોનો અન્ત આવે છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં કોઇનામાં અહં-મમત્વ રહેતું નથી અને તેથી આધિ-વ્યાધિ-ઉપાધિથી દુઃખ વેદાતાં છતાં કર્મનો લેપ લાગતો નથી. ત્યાગીને કર્મ લાગતાં નથી. કર્મ લાગવાની વૃત્તિ છે ત્યાં સુધી અજ્ઞાન છે, મોહ છે, પરતંત્રતા છે. જ્ઞાનથી સર્વ પ્રકારની પરતંત્રતાઓનો નાશ થાય છે.

પ્રિયદર્શના ! પ્રભુ મહાવીરમય જીવન ગાળ અને સર્વ જીવોને પ્રભુ મહાવીરમય જીવન ગાળતા કર. તારા દૃઢ સંકલ્પ વડે સર્વ જીવોમાં જીવંત શક્તિઓ ભરી દે અને આર્યાવર્તાદિ ખંડોમાં જીવનશક્તિમંત્રોનો પ્રચાર કર. તારામાં મહાવીરપ્રભુનું તેજ ઝળકે છે. સામ્યદૃષ્ટિ અને રાજ્યતંત્રના જીવંત સુખમય સત્ય ઉદ્દેશોનો પ્રચાર કર. પશુયજ્ઞો બંધ કર અને પશુઓ અને પંખીઓ સુધીની રક્ષાના સત્ય નિયમોનો સર્વત્ર પ્રચાર કર. ભૂખ્યાંઓને સર્વત્ર અન્નદાન મળે એવાં અન્નક્ષેત્રો અને પ્રપા (પરબ)ઓને કર-કરાવ. દુઃખીઓના રડતાં હૃદય શાંત કર. વસ્ત્ર-દાન આપ. સર્વત્ર અમારિપડહ વગડાવ અને પાપી દુષ્ટ રાક્ષસોનું જોર ટળે એવું ક્ષાત્રબળ સર્વ મનુષ્યોમાં પ્રગટ કર. ક્ષત્રિયાણીના ધર્મ પ્રમાણે ગૃહસ્થાવાસમાં વર્ત અને પશ્ચાત્ ત્યાગિની બની, પ્રભુ મહાવીરદેવની ઉપાસિકા બની વિશ્વને જગાડ. આ વિશ્વમાં સર્વ વિશ્વનો ઉદ્ધારક ત્યાગમાર્ગ છે. તેનાથી મનુષ્યોને જાગ્રત કરી શકાય છે અને સર્વવ્યાપક જીવનભોગ અપાય છે. તેથી પ્રભુ મહાવીરદેવ ત્યાગી થઈ વિશ્વોદ્ધાર કરશે.

અનંત બળ અને શક્તિના નાથ મહાવીરપ્રભુની કૃપા અને તેમની આજ્ઞા વિના વિશ્વમાં મારે કંઈ પ્રાપ્ત કરવા યોગ્ય નથી. પ્રભુ મહાવીર ભજતાં અનેક પ્રકારનાં આધિ, વ્યાધિ, ઉપાધિનાં દુઃખો પડશે તો તે અમૃતસમાન માનીશું. મૃત્યુને મહોત્સવ સમાન ગણીને તથા ભાવિ જન્મને પ્રભુની ઈચ્છાનુસાર માની પ્રવર્તવામાં આત્મમહાવીરની વ્યક્તતા પ્રમાણરૂપ માનીશું. પ્રભુ મહાવીરદેવ જે કંઈ આદેશ કરે તે પ્રમાણે પ્રવર્તવું, તેને પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધાથી આદેશભક્તિ ગણીશું. અનેક કુતર્કોને હૃદયથી દૂર કરી પ્રભુ મહાવીરદેવમાં સર્વથા પ્રકારે શ્રદ્ધા ધારણ કરીને વર્તીશું. લોકાપવાદ, માન, અપમાન, યશ, અપકીર્તિ વગેરે પ્રગટ થતી માનસિક વૃત્તિઓને પ્રભુ મહાવીરના ચરણે ધરીશું અને તેમાં આત્માનું કશું કંઈ નથી એવો પૂર્ણ નિશ્ચય કરીને વર્તીશું. શુભાશુભ, માનાપમાનાદિ વૃત્તિઓને શિક્ષકરૂપ ઉન્નતિકારક માનીને તેઓને વધાવી લઈ સમભાવે વેદીશું અથવા તેઓમાં સ્વપ્નવત્ ક્ષણિકતાની ભ્રાંતિ અનુભવીને એક મહાવીરપ્રભુને હૃદયમાં પરમ ભાવસત્ય તરીકે અનુભવીશું, દેખીશું અને બાકીના જડ જગતને અસત્ દેખીશું, તેના પર્યાયોમાં નિર્મોહતા અનુભવીશું.

શુદ્ધ નિશ્ચયદષ્ટિએ ત્રણે કાળમાં આત્મા અબંધ, નિર્લેપ, પર અર્થાત્ જડ વસ્તુમાં અપરિણામી, શુદ્ધ બ્રહ્મભાવનો કર્તા અને જડભાવનો અકર્તા મહાવીરરૂપ છે, એમ તત્ત્વદષ્ટિ અને શુદ્ધોપયોગે રહી સર્વ પ્રકારનાં કર્તવ્યકર્મ કરીશ. ત્રણે કાળમાં આત્મમહાવીર હું અખંડ જ્ઞાનવ્યાપક, એક સચ્ચિદાનંદરસરૂપ, પ્રજ્ઞાન, એકાનેક, નિરંજન, નિરાકાર, જ્યોતિસ્વરૂપ, શુદ્ધ નિશ્ચયદષ્ટિએ છું એમાં જરામાત્ર ફેરફાર નથી એવી શુદ્ધોપયોગરૂપ શુદ્ધ પ્રેમ—ભક્તિમાં સર્વ કર્તવ્ય કરતાં છતાં તન્મય રહીશ. સર્વ કર્તવ્યકર્મો અને ભોગોમાં અકર્તા, અભોક્તા તરીકે સ્વાત્મમહાવીરને અંતરમાં અનુભવું છું અને અનુભવીશ. સર્વકાળમાં પરમાત્મ મહાવીરદેવની સર્વ કર્તવ્યકર્મ અને સર્વ સદ્વિચારરૂપ ભક્તિમાં મુક્તિ છે, એવો દૃઢ નિશ્ચય છે.

પ્રભુ મહાવીર પરમાત્માના અનંત શુદ્ધ પ્રેમને ઇચ્છવો એ જ મારી ઇચ્છારૂપ ભક્તિ છે અને તે વિના કશું ઇચ્છવા યોગ્ય નથી, એવી મારી અવ્યભિચારિણી પ્રેમભક્તિ છે. એવી ભક્તિનો સર્વ વિશ્વમાં પ્રચાર થાઓ. પ્રિયદર્શના ! તારી ભક્તિ એવી સત્ય, શુદ્ધ, વ્યાપક; એકરસરૂપ છે. સ્ત્રીઓની મહાવીરભક્તિમાં સર્વ પ્રકારની શક્તિઓ રહેલી છે. શ્રી મહાવીરપ્રભુ પર સર્વથા પ્રેમ એ જ ભક્તિ, એ જ યોગ, એ જ વેદાભ્યાસ, એ જ આગમાભ્યાસ, એ જ ધ્યાન, તપ, જપ, ક્રિયા, કર્મકાંડરૂપ છે અને એ જ ચારિત્ર, જ્ઞાન, વિનય, વિવેક, વૈરાગ્ય છે. આત્મમહાવીરની શારીરિક, વાચિક અને માનસિક, સર્વ સ્થૂલ-સૂક્ષ્મ પ્રવૃત્તિઓમાં આત્મમહાવીરપ્રભુની ઔદયિક લીલાને દેખવી અને તેમાં પરબ્રહ્મની ભાવના ભાવવી એ જ અલક્ષ્ય–પરમ–અભેદ પ્રેમરૂપ ભક્તિ છે.

સત્ય પ્રેમમાં દોષદષ્ટિ રહેતી નથી. સત્ય પ્રેમદૃષ્ટિએ જ્યાં ત્યાં પરમાત્મહાવીર પ્રભુનું નૈસર્ગિક સૌંદર્ય અનુભવદૃષ્ટિમાં આવે છે અને અસત્યનું સર્વત્ર નામનિશાન જણાતું નથી કે દેખાતું નથી. સત્ય મહાવીર જ્ઞાનદૃષ્ટિમાં આનંદરસરુચિરૂપ, પ્રેમશક્તિરૂપ શ્રીમતી યશોદાદેવી જાણવી અને તેમની પુત્રી તું સર્વ વિશ્વમાં વિરાટરૂપ પ્રિયદર્શના છે, એમ જે અધ્યાત્મજ્ઞાનદૃષ્ટિએ અનુભવ કરે છે તે મારું સ્વરૂપ ઓળખે છે અને નામ, આકૃતિ, વ્યક્તિએ મને ઓળખે છે. પ્રિયદર્શના ! તારું કલ્યાણ થાઓ.

*
**

## ૩. હિંસા–અહિંસાનું સ્વરૂપ

સત્યરૂપા : જગદીશ વિશ્વદેવ મહાવીર પ્રભો ! આપને નમું છું, સ્તવું છું અને આપનું શરણ કરી તથા સર્વસ્વાર્પણ કરી પૂછું છું કે ભગવન્ ! દયાનું, અહિંસાનું અનેક દૃષ્ટિએ કેવા પ્રકારનું સ્વરૂપ છે તે કૃપા કરી જણાવશો તથા હિંસાનું સ્વરૂપ પણ જણાવશો ?

પરબ્રહ્મ મહાવીરદેવ : સતીશિરોમણિ સત્યરૂપા દેવી ! તારું કલ્યાણ થાઓ, તારો જય–વિજય થાઓ. તેં અહિંસા–હિંસાના સ્વરૂપ સંબંધી જે પ્રશ્ન કર્યો તેનું સ્વરૂપ શ્રવણ કર.

લોકોત્તર અને વ્યવહારદૃષ્ટિએ સ્વાર્થ–પરમાર્થ વિના પ્રમાદોથી કે ભૂલોથી દેહધારીઓના દેહોથી પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા છે. પોતાની, કુટુંબની, જ્ઞાતિની, દેશની, સંઘની, પ્રજાની, રાજ્યાદિકની શક્તિઓનો અને સુવ્યવસ્થાઓનો નાશ કરવો તે, તે તે દૃષ્ટિએ, હિંસા છે. એ જ રીતે તે તે શક્તિઓ આદિનું રક્ષણ કરવું–કરાવવું તે અહિંસા છે. અધ્યાત્મદૃષ્ટિએ આત્માના ગુણપર્યાયોનું, ધર્મોનું રક્ષણ કરવું તે અહિંસા છે અને આત્માના જ્ઞાનાદિ ગુણોનો નાશ કરવો તે હિંસા છે. આત્માની સાથે રહેલ શરીર, વાણી, મન અને આરોગ્ય જાળવવું અને તેનું રક્ષણ કરવું તે વ્યવહારદૃષ્ટિએ અહિંસા છે. વ્યવહારદૃષ્ટિએ પોતાની શારીરિક તથા વિત્તાદિ અને આજીવિકાદિ શક્તિઓ જાળવવી તે અહિંસા છે. આત્મા, મન, વાણી, કાયાદિકનો નાશ ન કરવો તે અહિંસા છે. દેશની, સમાજની, સંઘની રક્ષા થાય એવા દેશકાલાનુસારે જે ઉપાયો

લેવા તે અહિંસા છે. વિશ્વની રક્ષા માટે જે જે બળ, શક્તિ, રાજ્ય આદિની વ્યવસ્થા કરવી તે અહિંસા છે.

જીવોના જીવનમાં જીવોનો અને અજીવોનો ભોગ એ ઉપગ્રહ છે. નૈસર્ગિક જીવનદૃષ્ટિએ નૈસર્ગિક જીવનદૃષ્ટિની સ્વાભાવિક પ્રવૃત્તિથી વિશ્વના સર્વ જીવો પ્રવર્તે છે એમ જે જીવ રહસ્ય અવબોધીને ઔત્સર્ગિક–આપવાદિક જીવનદૃષ્ટિએ દેશકાલાનુસાર પ્રવર્તે છે તે અહિંસક છે. આત્મદૃષ્ટિએ અહિંસાતત્ત્વ આજીવિકાદિ કારણોએ જુદા જુદા પ્રકારનું છે, એમ જે અનુભવે છે તે અહિંસામાં ઉદાર આચાર–વિચારવાળો બને છે.

અજ્ઞાન અને અતિદયાની લાગણીથી અહિંસાતત્ત્વ તે હિંસારૂપ છે. અજ્ઞાન અને ક્રૂર લાગણીથી અહિંસા તે હિંસા છે. અતિદયા અને અદયા, કે જે અજ્ઞાન અને મોહ આદિથી છે, તેથી દેશ, સમાજ, રાજ્ય, વ્યાપાર, ક્ષાત્રબળ, કૃષિકર્માદિક કલાઓનો અને ચતુર્વિધ સંઘબળનો નાશ થાય છે. સર્વ દેહધારીઓ પરસ્પર એકબીજાના નૈતિક આશ્રયથી જીવી શકે એવી વિચાર અને આચારની પ્રવૃત્તિઓમાં સમાજદૃષ્ટિએ અહિંસાતત્ત્વ રહ્યું છે. ધર્મયુદ્ધાદિક વડે પ્રવૃત્તિ કરવી અને સૈનિક કાયદાઓ પ્રમાણે વર્તવું તે સૈનિક દૃષ્ટિએ અહિંસાતત્ત્વ છે, અને તેનાથી વિપરીત હિંસાતત્ત્વ છે. ચારે વર્ણોની સ્વસ્વ ગુણકર્માનુસારે નીતિપૂર્વક જે જે પ્રવૃત્તિ થાય છે તે વર્ણદૃષ્ટિએ અહિંસાતત્ત્વ છે, અને તેમાં પણ ઉત્સર્ગકાલે ઉત્સર્ગથી અને અપવાદકાલે અપવાદથી અહિંસાતત્ત્વ છે. દેશ, કોમ, સમાજ, રાજ્ય, સંઘાદિકની બાહ્ય શક્તિઓનું અને આન્તરશક્તિઓનું દરેક યુગના અનુસારે રક્ષણ થાય અને સામાજિક સર્વશક્તિઓ જીવતી અને સુવ્યવસ્થિત રહે એવી સર્વ યુક્તિઓમાં તેમ જ પ્રવૃત્તિઓમાં અલ્પ દોષ અને મહા ધર્મવાળું અહિંસાતત્ત્વ રહ્યું છે. જૈનધર્મની દૃષ્ટિએ જૈનધર્મનો સર્વત્ર અને સર્વ મનુષ્યોમાં પ્રચાર થાય એવા યુગે યુગે, કાલે કાલે જે જે યોગ્ય

ઉપાયો હોય, કર્મો હોય તે કરવામાં અહિંસાતત્ત્વ રહ્યું છે અને તે અહિંસાતત્ત્વ જૈનધર્મરૂપ જાણવું.

પરસ્પરવિરોધી દૃષ્ટિઓએ પરસ્પરની અહિંસા તે પરસ્પરને હિંસારૂપ જણાય છે, અને પરસ્પર સાપેક્ષ દૃષ્ટિઓએ તે તે અહિંસાદિ તે તે સ્વરૂપે ભાસે છે. કોઈ દૃષ્ટિએ જે હિંસાતત્ત્વ છે તે જ હિંસાતત્ત્વ અન્ય દૃષ્ટિએ અહિંસાતત્ત્વ છે, અને કોઈ દૃષ્ટિએ જે અહિંસાતત્ત્વ છે તે તેનાથી વિરુદ્ધ અન્ય દૃષ્ટિએ હિંસાતત્ત્વ છે: ઔપચારિક દૃષ્ટિએ અહિંસાપ્રવૃત્તિમાંથી હિંસા પ્રગટે છે અને હિંસામાંથી શુભોદ્દેશે અહિંસાતત્ત્વ પ્રગટે છે. જૈનસંઘનો જે જે પ્રવૃત્તિએ નાશ થાય તે હિંસાતત્ત્વ જાણવું અને જે જે પ્રવત્તિથી જૈનો સર્વ પ્રકારે બળ, સંખ્યા, શક્તિઓ વગેરેમાં વૃદ્ધિ પામે તેવી જે જે દેશકાલાનુસાર પ્રવૃત્તિ તે અહિંસાતત્ત્વ જાણવું.

મારા ભક્ત સર્વજાતીય જૈનોનાં આજીવિકાદિ બાહ્ય સાધનો અને બાહ્યાંતર વિદ્યાદિ શક્તિઓની વૃદ્ધિ થાય અને તેઓની સર્વથા પ્રકારે પ્રગતિ થાય એવા જે જે વિચારો, આચારો, પ્રવૃત્તિઓ, કલાઓ હોય તેઓમાં સર્વદા અહિંસાતત્ત્વ રહેલું છે, એમ સત્યરૂપા! તું જાણ. મનુષ્યોનાં આધિ-વ્યાધિ-ઉપાધિનાં દુઃખોનો નાશ કરવામાં યથાશક્તિ આત્મભોગ આપવો અને દુષ્ટ તેમ જ હિંસક પશુઓ તથા દુષ્ટ રાક્ષસ મનુષ્યોનો નાશ કે પ્રતીકાર જે જે કર્મોથી ક્ષત્રિયદૃષ્ટિએ કરવો તે અહિંસાતત્ત્વ છે. દેશ, પ્રજા, સમાજ, સંઘ પર જુલ્મીઓના જે જે જુલ્મો થતા હોય તેનો નાશ કરવા માટે આપદ્ધર્માનુસારે અનેક શક્તિઓ મેળવવી તે અહિંસાતત્ત્વ છે, અને તે જ અનેક ભેદાભેદવાળો અનાદિ કાળથી વિદ્યમાન જૈનધર્મ છે અને અનંતકાળ પર્યન્ત રહેશે.

ભૂખ્યાંને અન્નભોજન આપવું, તરસ્યાંને પાણી પાવું, અશરણને શરણ આપવું, આશ્રિતોની સંભાળ રાખવી, ગુપ્તદાન કરવું, સામ્યવાદદૃષ્ટિએ સર્વ મનુષ્યોને સમાનપણે આજીવિકાદિ સાધનોની

સ્વતંત્રતા મળે અને ઘેર ઘેર જીવતાં ગુરુકુલ પ્રવર્તે ઇત્યાદિ અહિંસારૂપ જૈનધર્મ છે. સર્વ મનુષ્યોને હવા, દવા, પાણી, આરોગ્ય આદિ સાધનોની સામગ્રી ખપ પ્રમાણે મળે એવી બાબતોમાં તન, મન, ધનાદિક શક્તિઓને વિવેકપૂર્વક વાપરવી તે અહિંસાતત્ત્વ છે.

નિશ્ચયદૃષ્ટિએ એકબીજાનાં દિલને ન દુખવવું અને પતિપત્નીએ પરસ્પર આનંદથી વર્તવું અને વિશ્વાસઘાતાદિક પ્રવૃત્તિઓ તથા મિત્રદ્રોહ, ગુરુદ્રોહ, ધર્મદ્રોહ અને મારા અવિશ્વાસથી દૂર રહેવું તે અહિંસાતત્ત્વ છે, અને તેનાથી વિરુદ્ધ વર્તવું તે હિંસાતત્ત્વ છે. અધિક વ્યાપક અહિંસાતત્ત્વની આરાધના માટે અલ્પ વ્યાપ્ય અહિંસાતત્ત્વનો ભોગ આપવો અથવા ન્યૂન હિંસાતત્ત્વને સેવવું એ પણ અહિંસાતત્ત્વ છે. જે જૈનોમાં ઉત્તમ પ્રકારની શક્તિઓ હોય, જે જે ગૃહસ્થ અને ત્યાગી જૈનોથી તેઓને અને અન્ય લોકોને વિશેષ લાભ થતો હોય તો તેઓ પર આવેલી આપત્તિઓ દૂર કરવા ગમે તે કરવું અને તેઓના અલ્પ દોષો વડે તેઓનો નાશ ન થાય એવી પ્રવૃત્તિ કરવી તે અહિંસાતત્ત્વ છે. સંઘના, કોમના, દેશ–રાજ્યાદિકના આગેવાનોનો દુષ્ટોથી બચાવ કરવો તે અહિંસાતત્ત્વ છે. ઘરની, કુટુંબની અને ભૂમિની આત્મભોગ આપીને રક્ષા કરવી તે અહિંસા છે, અને પોતાની શક્તિઓનો કુટુંબ, વર્ણ, દેશ, સમાજની સર્વ પ્રકારની શક્તિઓ ખીલવવામાં પ્રમાદ કરવો, અજ્ઞતા રાખવી, મડદાલ રહેવું તે હિંસા છે; પરંતુ શક્તિઓ ખીલવવામાં અપ્રમત્ત રહેવું તે અહિંસાતત્ત્વ છે.

પોતાની, કુટુંબની, ઘરની, સમાજની, કોમની, જૈનસંઘની વાર્તમાનિક અને ભાવિ શક્તિઓની હિંસા અર્થાત્ વિનાશ ન થાય એવી રીતે વર્તવું તે અહિંસા છે. સત્ય પ્રેમનો અને મૈત્રીનો નાશ ન કરવો તે અહિંસા છે. પોતાના પ્રેમીઓનો વિનાશ થતો અટકાવવો તે અહિંસા છે. પોતાને લાગેલાં વ્યસનોનો નાશ કરવો તે દુષ્ટ વ્યસનહિંસા છે અને તેના ગર્ભમાં અહિંસા છે. આરોપિત અને

અનારોપિત, ઔપચારિક અને સંશ્લિષ્ટ, શુભ, સદ્ભૂત ઔપચારિક અને અસદ્ભૂત ઔપચારિક આદિ અહિંસા અને હિંસાના ભેદો છે. વ્યાવહારિક અહિંસા અને શુદ્ધ નૈશ્ચયિક અહિંસા એમ અહિંસાના અનેક નયોની અપેક્ષાએ અનેક ભેદો જાણવા.

આત્માના જ્ઞાનાદિક ગુણોની હિંસામાં સર્વ પ્રકારની હિંસાઓનો અન્તર્ભાવ થાય છે. કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિમાં ગૌણ–મુખ્યતાએ હિંસા અને અહિંસાતત્ત્વ રહેલ છે. અહિંસાતત્ત્વની મુખ્યતામાં ગૌણતાએ હિંસાતત્ત્વ હોય છે. આવી નૈસર્ગિક સ્થિતિમાંથી સર્વ જીવોને તરતમયોગે પસાર થવું પડે છે. ઓઘે સર્વ જીવોથી પહેલાં મનુષ્યોની અહિંસા; તેમાંય નાસ્તિક, પાપી, દુષ્ટ મનુષ્યો કરતાં મારા ભક્ત આસ્તિક જૈનસંઘની અહિંસા અનંતગણી ઉત્તમ છે. તેના કરતાં જ્ઞાની જૈન કવિઓ, વક્તાઓ લેખકોની. તેના કરતાં ત્યાગીઓ અને ત્યાગીઓમાં ઉપાધ્યાય, આચાર્યોની અહિંસા અનંત–અનંતગુણી વિશેષ ઉત્તમ અને ફલદાયક છે. કરોડો અસંખ્ય એકેન્દ્રિય જીવો કરતાં એક દ્વીન્દ્રિયની અહિંસા ઉત્તમ છે. અસંખ્ય દ્વીન્દ્રિય કરતાં એક ત્રીન્દ્રિયની અહિંસા કરવા યોગ્ય છે. અસંખ્ય ત્રીન્દ્રિય કરતાં એક ચતુરિન્દ્રિયની અહિંસા કરવા યોગ્ય છે અને અસંખ્ય ચતુરિન્દ્રિય જીવો કરતાં એક પંચેન્દ્રિયની અહિંસા કરવા યોગ્ય છે, અને અસંખ્ય પંચેન્દ્રિય જલચર, સ્થલચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ તિર્યંચો કરતાં એક મનુષ્યની અહિંસા સાપેક્ષાએ કરવા યોગ્ય છે.

કરોડો નાસ્તિક જડવાદીઓ કરતાં મારા એક આસ્તિક જૈનની રક્ષા કરવામાં અહિંસા અનંતગુણ ફલદાયી છે. લાખો આસ્તિક જૈનો કરતાં ગૃહસ્થ જૈન ગુરુઓ અને ગૃહસ્થ જૈન રાજાની રક્ષા એટલે કે અહિંસા કરવા યોગ્ય છે. લાખો જૈન વિદ્યાર્થી બાળકો અને જૈન બાલિકાઓની વિદ્યા, ધન, તન, અન્ન વગેરેથી અહિંસા કરવા યોગ્ય છે. તેના કરતાં ત્યાગી આચાર્યોની અહિંસા કરવા

યોગ્ય છે. જેઓ મારા ભક્ત હોય અને જૈનધર્મનો દેશકાલાનુસારે સારી રીતે પ્રચાર કરતા હોય તેઓની અહિંસા અને રક્ષા કરવામાં વિશ્વની હિંસા પણ હિસાબમાં નથી.

અહિંસાતત્ત્વનો સર્વ જીવોમાં જેવો વિવેક દર્શાવ્યો તે દયા, દાન, સેવા વગેરેનો તરતમયોગે વિવેક ધારણ કરીને પ્રવર્તવું. જે કાળે અને જે દેશે જે જે જીવોની રક્ષા—અહિંસાની જરૂર પડે, ત્યાં તે તે પ્રમાણે વર્તવું. શુદ્ધાત્મમહાવીરભાવમાં રસિયા અને-લાઓ, કે જેઓને અહંભાવ નથી અને જેઓની બુદ્ધિમાં લેપ લાગતો નથી, તેઓ સર્વ વિશ્વની હિંસા કરવા છતાં અહિંસક છે તેઓની કોઈ હિંસા કરી શકતું નથી. શુદ્ધ નૈશ્ચયિક દૃષ્ટિએ કોઈની કોઈ હિંસા કે નાશ કરી શકતું નથી. તેથી તેવી દૃષ્ટિમાં જેઓ અંતરથી રમી રહ્યા છે અને આજીવિકાદિ કારણે બાહ્ય પ્રવૃત્તિજીવન દેશકાલાનુસાર ચલાવે છે તેઓ અહિંસક યોગી અને જ્ઞાની જૈનો છે. શરીરનો જ્યારે ત્યારે, ગમે તેવા સંયોગે નાશ છે અને આત્મવીર અકાલ અવિનાશી અમર છે, એમ જેઓએ અનુભવ કર્યો છે એવા જૈનોની સર્વ પ્રકારની હિંસાપ્રવૃત્તિના ગર્ભમાં અહિંસા છે.

કેટલાક ભક્ત જ્ઞાનીઓ આજીવિકાદિ હેતુઓએ કાયા વડે હિંસા કરે છે, પણ મન થકી આત્માથી હિંસા કરતા નથી. મારા કેટલાક રજોગુણી અને તમોગુણી ભક્તો રજોગુણી અને તમોગુણી અહિંસા કરે છે. તેઓ મનથી હિંસા તથા અહિંસા બન્ને કરે છે, છતાં તેઓ પણ પરિણામે મારા ઉચ્ચપદના અધિકારી બને છે. મારા કેટલાક સત્ત્વગુણી ભક્તો સત્ત્વગુણી અહિંસાને કરે છે. મનના પરિણામે તેઓ વ્યાપક સત્ત્વગુણી હોવાથી અને તેથી બાહ્યથી અને અંતરથી અપ્રમાદી હોવાથી કર્મો કરવા છતાં અને બાહ્ય જીવોની હિંસા કરવા છતાં મોટા ભાગે અહિંસક હોય છે.

દુનિયાના સર્વ જીવોને જે કરવાથી વિશેષ નુકસાન પહોંચે

તેવી પ્રવૃત્તિ કરવી તે હિંસા છે અને તેવી પ્રવૃત્તિ ન કરવી તે અહિંસા છે. વાયુની શુદ્ધિ રહે, જળની શુદ્ધિ રહે, પૃથ્વીની શુદ્ધિ રહે અને રોગ કરનારાં ઝેરી જંતુઓની ઉત્પત્તિ ન થાય એવી સર્વ પ્રકારની શુભ પ્રવૃત્તિઓ કરવી તે વિશ્વસમાજ–અહિંસા છે. મનુષ્યોને રોગ ન થાય અને આરોગ્ય વધે તથા તેઓને રોગ ન લાગે એવાં વૃક્ષો વાવવાં, જલસ્થાનો કરવાં–કરાવવાં, ઔષધાલયો સ્થાપવાં ઇત્યાદિ અહિંસા–પ્રવૃત્તિ છે. સ્ત્રીઓ અને પુરુષો નિયમપૂર્વક વીર્યરક્ષા કરી શરીર, બુદ્ધિની પુષ્ટિ કરે એવી સમાજમાં પ્રવૃત્તિઓ કરવી–કરાવવી તે અહિંસા છે. અધર્મીઓ અને દેશ, સમાજ, સંઘ, રાજ્યાદિકનો વિનાશ કરનારાઓના બળ કરતાં દેશકાલાનુસારે ઘટતા ઉપાયોથી અનંતગણું બળ વધારવું અને તે વડે દેશ, સમાજ, સંઘાદિકના નાશકોનું અનેક યુક્તિ અને કલાઓથી બળ તોડવું તે સામાજિક અહિંસા છે.

સામાન્ય જીવોના નાશથી મહાજીવોની અહિંસા થાય છે. એકના નાશમાં બીજાની અહિંસા છે. એકનું શરીર તે અન્યનું શરીર બને છે. શરીરો અનેક શરીરોના પર્યાયોના રૂપમાં પરિણમ્યા કરે છે અને તેઓમાં રહેલા આત્માઓ પણ વ્યક્તિ દૃષ્ટિએ ગમનાગમન કર્યા કરે છે, પરંતુ તેઓનું મરણ નથી. મારા સ્વભાવ, કુદરત, શક્તિ પ્રમાણે સર્વ વિશ્વ ઉત્પાદ–વ્યયવાળું થાય છે. મરણોના ગર્ભમાં આત્માઓનો વિકાસ રહેલો છે. મૃત્યુથી દુઃખી થવું એ આત્મશુદ્ધિથી દૂર રહેવા બરોબર છે, એમ જે જાણે છે તે કોઈની હિંસા કરી શકતો નથી અને કોઇ તેને હણી શકતું નથી. કુદરતને અનુકૂલ રહી જે વિવેકથી અને સર્વ બાબતોમાં સાવધાનપણાથી વર્તે છે તે સર્વ પ્રવૃત્તિઓ કરવા છતાં અને બાહ્યથી હિંસા કરતો હોય તોપણ અહિંસક રહે છે. હિંસાની જે જે પ્રવૃત્તિઓ અને કર્મો છે તે તે પ્રવૃત્તિઓ અને કર્મોમાં મારો ભક્તપ્રેમી અહિંસક અને નિર્લેપ રહે છે. આસ્રવના જે જે હેતુઓ છે તે તે મારા પૂર્ણપ્રેમી શ્રદ્ધાળુઓને અહિંસાત્મક સંવરરૂપે પરિણમે છે. ઉપયોગી

સ્વાર્થિક કૃત્યોમાં અને પારમાર્થિક કૃત્યોમાં હિંસા તે અહિંસાભાવને પામે છે.

મારા ભક્ત જૈનોનાં હૃદયોમાં તે તે દેશકાલાનુસારે સ્વભાવતઃ હિંસા અને અહિંસાનો વિવેક થયા કરે છે. મારા ભક્તજ્ઞાની જૈનો દેશકાલાનુસારે લાભાલાભ અને ધર્માધર્મનો વિચાર કરીને તથા મને સર્વકર્મ સ્વાર્પણ કરીને સદોષ સર્વારંભ પ્રવૃત્તિઓને કરે છે અને અહિંસારૂપ પોતાના આત્માને કરે છે, એમ ગૃહસ્થાશ્રમ અને ત્યાગાશ્રમમાં વિવેકથી જાણવું.

સત્યરૂપા મહાદેવી ! હિંસા અને અહિંસા પરસ્પર અપેક્ષાએ છે. હિંસા તે અપેક્ષાએ અહિંસા છે અને અહિંસા તે અપેક્ષાએ હિંસા છે. શુદ્ધાત્માઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી મારી ભક્તિમાં રસિક બનીને સર્વ પ્રકારની અહિંસા કરે છે. જેઓ સારા માટે વિચારો અને કર્મો કરે છે તેવી સ્ત્રીઓ, વૃદ્ધો, પુરુષો, પુત્રીઓ અને પુત્રો અહિંસારૂપ જૈનધર્મ, કે જે મારું સ્વરૂપ છે, તેને આરાધે છે અને મારી શુદ્ધાત્મમહાવીરદશાના પરમપદને પામે છે. અહિંસાના ઉત્સર્ગ અને અપવાદ માર્ગો અસંખ્યાતા છે. તેઓને મારા ભક્તો ભક્તિબળે પામ્યા છે, પામે છે અને પામશે.

હિંસા અને અહિંસા બે પ્રકૃતિરૂપ છે અને તે પ્રકૃતિનો ધર્મ છે, એમ શુદ્ધ નિશ્ચયનયદૃષ્ટિએ તારે અવબોધવું. શારીરિક અહિંસા અને માનસિક અહિંસાનો આધાર આત્મા પર છે. જે જે અંશે આત્મજ્ઞાનનું પ્રાકટ્ય થતું જાય છે તે તે અંશે અહિંસાભાવ વૃદ્ધિ પામે છે. મનુષ્યો પોતે પોતાની જેટલી હિંસા કરે છે તેટલી અન્ય કોઈ કરી શકતું નથી. આત્મા પોતાને પોતાની મેળે અહિંસારૂપ બનાવી શકે છે તેટલું અન્ય કોઈ બનાવી શકતું નથી

શ્રી સત્યરૂપાદેવી ! આત્માઓ નકામા વિકલ્પ-સંકલ્પો કરીને રક્તવીર્યાદિક ધાતુઓનું શોષણ કરે છે અને આયુષ્યનો નાશ કરીને અન્ય ભવમાં જાય છે. બાહ્યના નિમિત્તે થતા શોક-વિયોગાદિ

ચિંતાઓથી માનસિક દુર્બળતા વૃદ્ધિ પામે છે અને અજ્ઞાનથી વિશ્વનો બોજો પોતાના પર વહોરી નકામો દુઃખી થાય છે. કીર્તિ અને અપકીર્તિથી આત્મા ન્યારો છે, માટે તેને પોતાની માનવી એ ભ્રાન્તિ છે. વ્યવહારથી બાહ્ય સંયોગોમાં પ્રવર્તવું, પણ તેમાં આત્મબુદ્ધિ નહીં ધારણ કરવાથી વિશ્વના લોકોના શુભાશુભરૂપ કોલાહલોની પોતાને અસર થતી નથી. દુનિયાના શુભાશુભ શબ્દોની આત્મા પર શુભાશુભ અસર ન થવા દેવી એ જ અહિંસા છે. મોટી મોટી વાતો કરવાથી કંઈ વળતું નથી, પરંતુ પ્રતિષ્ઠા, કીર્તિ, અપકીર્તિ, લોકાપવાદ વગેરેના બોજાથી આત્માને નિર્લેપ રાખવો એ જ અહિંસા કર્તવ્ય છે. જે પોતાના સત્ય વિચારોથી આત્માની અહિંસા કરી શકે છે તે વિશ્વમાં અહિંસા કરવા સમર્થ થાય છે. મનનો અને શરીરનો નાશ કરનારા વિચારોને મનમાં ન પ્રગટવા દેવા તે અહિંસા છે. ભયના અને લોકાપવાદના વિચારોથી હિંસાની વૃદ્ધિ થાય છે.

શ્રી સત્યરૂપાદેવી ! મનમાં એક પણ ભયનો સંકલ્પ ન આવવા દે. મનમાં પ્રગટતા સર્વ વિચારોનું મને સ્વાર્પણ કરીને તેમાંથી અહં-મમત્વની બુદ્ધિ ઉઠાવી દે. મારા શુદ્ધાત્મ મહાવીર-પદમાં તારું મન મશગૂલ રાખીને સર્વ સાંસારિક કર્તવ્યો કર ! મનના સંકલ્પ-વિકલ્પનો અભાવ તે જ આધ્યાત્મિક મહાવીરની ભક્તિપૂજા છે. આત્મમહાવીરની આજ્ઞા વિના મન એક પણ વિચાર ન કરે એ જ મારી આજ્ઞા-ભક્તિસેવા છે. જેઓ મને નિર્વિકલ્પ પરમાનંદરૂપ અંતરમાં અનુભવે છે તેઓ પિંડ અને બ્રહ્માંડ સકલ વિશ્વમાં પરમપ્રભુપદ, કે જે મારું છેવટનું ક્ષાયિક પદ છે, તેને પામે છે. મનમાં પ્રગટતા અશુભ વિચારો રોકવામાં શરીર, મન, આત્માની અહિંસા સાધી શકાય છે. આત્મમહાવીરમાં અનંત સામર્થ્ય છે તેને પ્રગટાવો. દુષ્ટ હિંસક વિચારોના સામું યુદ્ધ કરો અને તેઓને મારી નાખો.

શ્રીમતી સત્યરૂપાદેવી ! શુદ્ધોપયોગ અને શુદ્ધપરિણતિ એ જ મોક્ષ છે. આત્મામાં અનંતસુખ છે. શરીરદ્વારા સુખના ભોગમાં વાસ્તવિક સુખ નથી. જડ વસ્તુઓ અનિત્ય હોવાથી તેના સંબંધે પ્રગટતું સુખ પણ અનિત્ય છે એમ જ્યારે નિશ્ચય થાય છે ત્યારે બાહ્ય સુખનાં સાધનોની ન્યૂનતા વા પૂર્ણતામાં હર્ષ–શોક થતો નથી અને તત્સંબંધથી અનેક પ્રકારની ચિંતાઓ થતી શમી જાય છે.

હિંસક અને અહિંસક મન છે. આત્મમહાવીરમાં મન આસક્ત થયા બાદ હિંસા–અહિંસાની કલ્પના–ભ્રાન્તિ દૂર થાય છે. શરીરને જેમ શુભાશુભ ભૌતિક વાતાવરણની શુભાશુભ અસર થાય છે તેમ મનને શુભાશુભ વિચારની અસર થાય છે, અને તેથી શુભાશુભ સંસારની સૂક્ષ્મ–સ્થૂલાકારમાં ઉત્પત્તિ થાય છે. મનની સૂક્ષ્મ અસરો સ્થૂલમાં અસર કરે છે. તરતમયોગે મારા સર્વ ભક્તો અહિંસક છે. કલ્પાયેલા આચારોમાં, નીતિઓમાં, વર્ણાદિક ધર્મોમાં, શાસ્ત્રોમાં અપેક્ષાએ અહિંસા અને હિંસા છે. તેઓમાં શુભાશુભ ભાવ વિના જે પ્રવર્તે છે વા તેથી સ્વતંત્ર અમર્યાદિત રહે છે તે સર્વ પ્રકારની હિંસાવૃત્તિઓથી મુક્ત થાય છે, આત્મા શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પરબ્રહ્મમહાવીરદેવ શુદ્ધ નિશ્ચય દષ્ટિવાન છે, એવો અનુભવ કરીને વિવેકપૂર્વક શરીર, વાણી, મનનો જે મારા ભક્તો જ્યાં જેવો ઘટે ત્યાં તેવો ઉપયોગ કરે છે તેઓ હિંસા અને અહિંસાની પ્રવૃત્તિઓમાં સાપેક્ષપણે પ્રવર્તે છે અને નિર્લેપ રહે છે.

હિંસાની દષ્ટિએ હિંસા છે અને અહિંસાની દષ્ટિએ અહિંસા છે. જ્યાં હિંસાના અધ્યવસાય નથી ત્યાં પરિણામે હિંસા નથી. વિશ્વમાં અહિંસાભાવની વૃદ્ધિ માટે બાહ્ય હિંસા કરવામાં આવે છે ત્યાં અલ્પ હિંસા અને બહુ અહિંસાતત્ત્વના લાભે સમાજ અને સંઘ તેવી પ્રવૃત્તિઓ વડે પ્રવર્તે છે. ધર્મમાં

પણ દેશ, ચતુર્વિધસંઘ, રાજ્યાદિકની ઉન્નતિ માટે અલ્પ અધર્મ પ્રવૃત્તિઓ, કે જે પરિણામે ધર્મની વૃત્તિ કરનારી બને છે, તેઓ વડે પ્રવર્તે છે. શુભાશુભ આશય પર હિંસા અને અહિંસા તત્ત્વ જાણવું. અજ્ઞાનીઓની દૃષ્ટિમાં અને જ્ઞાનીઓની દૃષ્ટિમાં કેટલાક પ્રસંગોમાં પરસ્પર વિરુદ્ધ હિંસા અને અહિંસા તત્ત્વ ભાસે છે. મોટા જીવોની રક્ષામાં તથા તેઓની અહિંસામાં જે ભૂત કે સત્ત્વોના પ્રાણોનો નાશ થાય છે તેનાં અલ્પ દોષ અને મહા લાભદૃષ્ટિએ હિંસાની ગૌણતાએ અને અહિંસાની મુખ્યતાએ પ્રવૃત્તિ થાય છે.

જે મારા ભક્તો વિશ્વના જીવોને અધિક લાભ આપે છે તેઓ ત પ્રમાણમાં અન્ય જીવોના જીવન વડે જીવે છે, તો તેઓને અલ્પદોષપૂર્વક મહાધર્મદૃષ્ટિએ બાહ્યાન્તર જીવનથી જીવનારા જાણવા. સ્વાર્થો કરતાં જે મારા જૈનો ગૃહસ્થદશામાં અગર ત્યાગદશામાં પરમાર્થ કાર્યો કરવામાં જીવન ગાળે છે તેઓ ઉપકારાર્થે લૌકિક હિંસાની પ્રવૃત્તિઓ કે આરંભો કરવા છતાં પણ અલ્પ હિંસા અને અનંત અહિંસારૂપ મારા જૈનધર્મસ્વરૂપમાં ભળતા જાય છે. કોઈ-પણ કાર્યપ્રવૃત્તિ કરતાં અધિક કે ન્યૂન પ્રમાણમાં હિંસા અને અહિંસા સ્વપર સમાજ, સંઘ કે રાજ્યાદિકની દૃષ્ટિએ હોય છે. તેથી મારા ભક્ત વિવેકી જૈનોએ વિવેકપૂર્વક સદા આવશ્યક લૌકિક-લોકોત્તર પ્રવૃત્તિ કરવી.

જડ દ્રવ્યથી આત્મદ્રવ્યનો નાશ થતો નથી અને આત્મ-દ્રવ્યથી જડ દ્રવ્યનો શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ તથા સત્તાદૃષ્ટિએ–દ્રવ્યદૃષ્ટિ-એ નાશ થતો નથી. શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ આત્મદ્રવ્યના ગુણપર્યાયો આત્મામાં ઉત્પાદ–વ્યયરૂપે પરિણમે છે અને જડ દ્રવ્યના ગુણ-પર્યાયો જડમાં જ પરિણમે છે. તેથી જડ અને ચેતન બન્ને દ્રવ્ય એકબીજાની હિંસા કે ઘાત કરવા સમર્થ થતાં નથી. શરીરાદિક જડ પર્યાયો અનેક રૂપમાં પરિણમ્યા કરે છે. તેથી તેમાં મૃત્યુ આદિની કલ્પના તે શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ ભ્રાન્તિ અને મિથ્યા છે.

શુદ્ધ નૈશ્ચયિક દૃષ્ટિએ જડ દ્રવ્યનો આત્મામાં પ્રવેશ થતો નથી અને આત્મદ્રવ્યનો જડમાં પ્રવેશ થતો નથી. તેથી કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો વિનાશ કરી શકતું નથી, એમ મહાદેવી સત્યરૂપા! તારા હૃદયમાં નિશ્ચય કરીને વ્યવહારદૃષ્ટિ પ્રમાણે સર્વ કર્તવ્યકર્મો કર અને અંતરથી નૈશ્ચયિક દૃષ્ટિના ઉપયોગરૂપ મારી શુદ્ધ લયલીન પ્રેમભક્તિ ધારણ કર, કે જેથી મનોવૃત્તિઓની મધ્યે પરમાનંદ રસરૂપ પોતાને અનુભવી શકે અને તેથી પ્રસન્નમુખ, આનંદની છાયાવાળી તથા આનંદરસથી નીતરતા અંગવાળી થા.

બંધવૃત્તિ અને અબંધવૃત્તિ એ બન્નેનો મારા નિર્વિકલ્પ શુદ્ધાત્મમહાવીરસ્વરૂપમાં સદ્ભાવ હોતો નથી તથા એ બન્નેનો મારા સવિકલ્પસ્વરૂપમાં શુદ્ધ પ્રેમથી મસ્ત અને લયલીન બનેલા જૈનોમાં સદ્ભાવ હોતો નથી. તેથી તેઓમાં હિંસા અને અહિંસા લૌકિક દૃષ્ટિના આરોપે છે, પણ વસ્તુતઃ નથી, એમ શ્રી સત્યરૂપાદેવી! જાણ અને હિંસા-અહિંસાનો વિવેક કરી જે કાળે જે દૃષ્ટિએ વર્તવું પડે તેમ વર્ત. દેશ, ચતુર્વિધ જૈનસંઘ અને રાજ્યાદિકની ઉન્નતિની સર્વ પ્રકારની દૃષ્ટિઓ જાણી સ્વપરના હિતાર્થે સર્વ દૃષ્ટિઓની પ્રવૃત્તિઓનો સંચાર કર.

મહાસતી સત્યરૂપાદેવી! મારા પર પૂર્ણ શ્રદ્ધાપ્રેમ રાખનારાઓ ગમે તે કાલમાં, ગમે તે દેશમાં, ગમે તે ઋતુમાં, ગમે તે વયમાં યોગ્ય એવી અહિંસાબુદ્ધિને પામે છે અને તેથી તેઓ આધ્યાત્મિક, માનસિક, શારીરિક, સામાજિક બળ-કળાને પામે છે. પરિણામે તેઓ સર્વ પ્રકારનાં ભયોને અને દુઃખોને તરી જાય છે. સર્વ પ્રકારની દૈશિક અને સામાજિક વિરાટ શક્તિઓની હિંસા તે હિંસા છે. જેઓ ધર્મ્યયુદ્ધાદિક પ્રસંગમાં મૃત્યુથી બીએ છે તેઓ સંઘ, સમાજ, ધર્મની હિંસા કરનારા બને છે. સર્વ પ્રકારની દૈશિક, સામાજિક, નૈતિક અશક્તિઓની અને પરતંત્ર પ્રવૃત્તિઓ તેમ જ દુર્ગુણોની હિંસા કરે છે તેઓ સત્ય જૈનો છે. અશક્તિઓને

જીતે છે તે જૈનો છે. દુઃખીઓનાં અશ્રુઓ લૂછનારા અને દુઃખોથી મુક્ત થવાના સર્વ સ્વતંત્ર ઉપાયો બતાવનારા તથા દુઃખો, કલેશો, ભયો, આપત્તિઓના સંયોગોનો વિયોગ કરનારા-કરાવનારા અહિંસક જૈનો છે. સર્વ પ્રકારની સાંસારિક દુર્બળતાઓની હિંસા કરનાર અને આત્માની રક્ષા કરનાર અહિંસાભાવવાળો છે.

દેશ-કાલાનુસારે સર્વ પ્રકારની બળવર્ધક કલાઓ, યંત્રો, તંત્રો, મન્ત્રો, ચાર પ્રકારની નીતિઓ, યુક્તિઓ, પ્રયુક્તિઓને જે સર્વ પ્રકારે જાણીને પ્રાપ્ત કરતો નથી તે અહિંસા કરવા શક્તિમાન થતો નથી. હિંસાશક્તિઓ કરતાં અહિંસાશક્તિઓનું જોર વિશેષ હોય તો જ સંસારમાં દેશ, ચતુર્વિધ સંઘ, સમાજ, રાજ્યાદિકની સુવ્યવસ્થા સંરક્ષી શકાય છે.

સત્ય પ્રેમ, શુદ્ધ પ્રેમ, આત્મપ્રેમ, કુટુંબપ્રેમ, સંઘપ્રેમ, નિર્દોષ પ્રેમ, ઉદાર પ્રેમ, પરમાર્થ પ્રેમ, વ્યાપક પ્રેમ, પ્રશસ્ય પ્રેમ, ધર્મ્ય પ્રેમ, અમર્યાદિત પ્રેમ, દેશકાલવયોપાધિથી અપ્રતિબદ્ધ પ્રેમ આદિ સર્વ પ્રકારના પ્રેમરૂપ અહિંસાભાવ છે. પ્રેમ એ જ અહિંસા છે. પ્રેમ અહિંસા છે અને દ્વેષ હિંસા છે. પ્રેમ રક્ષણ કરે છે અને દ્વેષ નાશ કરે છે. જેના પર પ્રેમ છે એનો નાશ થતો નથી. પ્રેમમાં સર્વ પ્રકારના ધર્મોની ઉત્પત્તિ રહી છે. પ્રેમની અપેક્ષાએ અહિંસા છે અને દ્વેષની અપેક્ષાએ હિંસા છે.

જ્ઞાનની જેટલી વૃદ્ધિ તેટલી અહિંસાની વૃદ્ધિ અને અજ્ઞાનના પ્રમાણમાં હિંસા જાણવી. વૈકારિક અહિંસાની અતિ પ્રમાણમાં વૃદ્ધિ થાય છે ત્યારે સત્ય હિંસાનું પ્રાકટ્ય થાય છે અને એ વિકારી અહિંસાની વૃદ્ધિને રોકે છે. શરીરની હિંસા કરતાં મનની હિંસા વિશેષ કર્મબંધક છે. જે મારા ખરા ભક્તો હોય છે એઓ નિન્દા, કલંક, અપવાદ, અપકીર્તિ, અપયશના વિષના પ્યાલાઓને પૂર્ણ પ્રેમપૂર્વક અને પ્રસન્ન મનથી પી જાય છે. તેઓ આત્મા પર મનની ખરાબ અસર થવા દેતા નથી અને મન ઉપર પણ આત્મોપયોગ-

બળે કોઈ અસત્ કલ્પનાની અસર થવા દેતા નથી. મનથી કલ્પાયેલું કલ્પિત વિશ્વ પોતાનું શત્રુ બને છે. જ્ઞાનીઓને એ ખરાબ અસર કરવા શક્તિમાન થતું નથી, કારણ કે એ આત્માથી ભિન્ન એવા યશ, અપયશ, નિન્દા વગેરે ભાવોને કલ્પિત માને છે, અસત્ માને છે. એ ભાવો જડ–ચેતન સંયોગજન્ય કલ્પાયેલા છે. જેની જે કારણોથી કોઈ સ્તુતિ કરે છે એની એ કારણોથી નિન્દા પણ કોઈ કરે છે. કોઈ જેની જે કારણોથી પ્રશંસા કરે છે એની કોઈ એ કારણોથી નિંદા અને હેલના કરે છે. એથી જે બાહ્ય ભાવો અને જડ પર્યાયો છે એમાં શુભાશુભ ભાવના કે કલ્પના જેઓ માનતા નથી એઓ અહિંસાભાવની વૃદ્ધિ કરે છે. વસ્તુતઃ તેઓ હિંસા અને અહિંસાની, યશ અને અપયશની કલ્પનાથી મુક્ત થઈ સ્વતંત્ર અને સિદ્ધ બને છે. તેઓ સંસારને સ્વપ્ન સમાન માને છે અને એને યોગ્ય કર્તવ્યો કરવા છતાં અહં–મમત્વભાવથી મુક્ત રહે છે.

સતી સત્યરૂપા ! વ્યાવહારિક દૃષ્ટિએ હિંસા અને અહિંસા છે; નૈશ્ચયિક તત્ત્વદૃષ્ટિએ હિંસા અને અહિંસા નથી. જેઓ નૈશ્ચયિક આત્મજ્ઞાન યાને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે એઓ હિંસા અને અહિંસાની વ્યાવહારિક કલ્પનાથી મુક્ત થવાથી સ્વાત્માને અનાદિ-સત્ય–પૂર્ણ–મુક્તરૂપે અનુભવે છે. આત્માની પાસે રહેલું મન પણ છેવટે પૂર્ણ બ્રહ્મજ્ઞાનના પ્રાકટ્યથી કલ્પિત અને અસત્ ભાસે છે, ત્યારે મનમાં પ્રગટ થતા શુભાશુભ સંકલ્પ–વિકલ્પ પણ કલ્પિત, ઇન્દ્રજાળ-વત્ કે મૃગતૃષ્ણાવત્ ક્ષણિક અને અસત્ ભાસે છે. અસત્ એવા મનથી સદાત્મભાવ ઉત્પન્ન થતો નથી. અસત્મનની સર્વ કલ્પનાઓને આત્મ-જ્ઞાની ભ્રાન્તિરૂપ માને છે. તેથી એમાં તે બંધાતો નથી કે હણાતો નથી. હિંસા અને અહિંસાભાવની આગળની બ્રહ્મમહાવીરની પ્રાપ્તિ થાય છે ત્યારે પૂર્વે કરેલી હિંસા–અહિંસાદિ કલ્પનાને મારારૂપ બનેલો વીર ભૂલે છે અને તે પૂર્ણાનન્દ મહાવીર પરબ્રહ્મરૂપ બને છે.

★

## ૪. સત્યરૂપા સૂક્ત

સત્યરૂપા : પરબ્રહ્મ મહાવીર ભગવાન્ ! આપને નમું છું, વન્દું છું, પૂજું છું, સ્તવું છું.

આપ પ્રભુએ અહિંસાનું સ્વરૂપ વર્ણવ્યું એથી મને પરમ સંતોષ થયો છે. આપે અહિંસા અને હિંસાનું અનેક દૃષ્ટિઓએ સ્વરૂપ દર્શાવ્યું એ પ્રમાણે જેઓ યથાર્થ સમજે છે તેઓ આપના સ્વરૂપભૂત તથા પ્રકૃતિરૂપ જૈનધર્મની આરાધનારૂપ આપની સર્વથા પ્રકારની ભક્તિ કરી શકે છે. આપની આજ્ઞા પ્રમાણે જે મનુષ્યો સ્વાધિકારે વર્તે છે તેઓ અહિંસાભાવની વૃદ્ધિ કરી શકે છે. પ્રતિજ્ઞાઘાત, વિશ્વાસઘાત, મિત્ર દેશ કે ગુરુ આદિના દ્રોહાદિથી જેટલી હિંસા થાય છે એટલી અન્યથી થતી નથી.

પુરુષ પોતાની સ્ત્રીનો વિશ્વાસઘાત કરીને હિંસા કરે છે અને સ્ત્રી પોતાના પતિનો વિશ્વાસઘાત અને દ્રોહ કરીને હિંસા કરે છે. અસત્ય, ચોરી, વ્યભિચાર આદિ દુષ્ટ કર્મોથી દેશ, કોમ, સમાજ, સંઘ, રાજ્યાદિકની હિંસા થાય છે. કોઈના મર્મને પ્રકાશવાથી હિંસા થાય છે. કોઈના પર આળ કે કલંક ચઢાવવાથી હિંસા થાય છે. જે કુટુંબમાં, ઘરમાં, જ્ઞાતિમાં, કોમમાં, સમાજમાં, સંઘમાં, દેશમાં, રાજ્યમાં કલેશ, ભેદ, વૈર, ઈર્ષ્યા, ફાટફૂટ, તુચ્છતા, નીચતા, દંભ, વિરોધ, મારામારી, દુષ્ટ શબ્દાલાપ-વિલાપ, અજ્ઞાન, દ્વેષ, કુસંપ, વ્યભિચાર, અન્યાય, અતિલોભ, અતિમાન, વિશ્વાસઘાત, દ્રોહ આદિ હિંસાતત્ત્વ ભરેલું છે ત્યાં શાંતિ, આનંદ, હર્ષ, પ્રેમ, ઐક્ય, બળ, શક્તિ, જ્ઞાન, ભક્તિ આદિ અનેક સદ્ગુણોના સમૂહરૂપ

અહિંસાતત્ત્વ મન્દતાને પામેલું હોય છે. તેથી દેશ, સમાજ, સંઘ, રાજ્યાદિકની ગમે તેવી ઉન્નતિ હોય છે તોપણ છેવટે અધોગતિ થાય છે. સર્વ બ્રહ્માંડમાં ક્રૂરતાતત્ત્વ જ્યારે વિશેષ પ્રમાણમાં વધી જાય છે ત્યારે અહિંસાતત્ત્વનો યાને જૈનધર્મનો પ્રકાશ કરનારા ઈશ્વરાવતાર તીર્થંકરદેવની વિશ્વના લોકોને જરૂર પડે છે.

સંસારમાંથી નરકને ઉત્પન્ન કરવાવાળી પ્રકૃતિઓનો નાશ કરવા અને સ્વર્ગને ઉત્પન્ન કરનારી પ્રકૃતિઓને ઉત્પન્ન કરવા માટે પરમાત્મા તીર્થંકરદેવનો અવતાર પ્રકટ થાય છે. સર્વ જીવોનાં હૃદયોમાં નરકની અને સ્વર્ગની પ્રકૃતિનાં સૂક્ષ્મ તત્ત્વો બીજરૂપે રહેલાં છે. સત્ય, પ્રેમ, ન્યાય, દયા, સંતોષ, નીતિ, ભક્તિ, જ્ઞાન, વિદ્યા, ઉદારભાવ, વિવેક, સભ્યતા અને દાનાદિ સ્વર્ગીય તત્ત્વો છે. એ સત્ય માનુષિક તત્ત્વો છે. એની વૃદ્ધિ કરવી એ જૈનધર્મરૂપ આપની સેવા છે. જેઓ પિંડમાં સ્વર્ગીય તત્ત્વોનો પ્રકાશ કરે છે તેઓ બ્રહ્માંડમાં સર્વત્ર સ્વર્ગીય તત્ત્વોનો પ્રકાશ કરવા સમર્થ થાય છે, એમ આપે મને અનેક પ્રસંગે જણાવ્યું છે.

નરકને લાયક જીવો સ્વર્ગીય તત્ત્વોને ઇચ્છી શકતા નથી. સ્વર્ગને લાયક મનુષ્યો નરકગતિને યોગ્ય હિંસાતત્ત્વને ઇચ્છી શકતા નથી અને આદરી શકતા નથી. આત્મા જ સ્વર્ગ અને નરક તત્ત્વોની હૃદયમાં પ્રથમ રચના કરે છે અને એ પ્રમાણે પશ્ચાત્ સ્થૂલ ગતિને પામે છે. સ્વર્ગ રચવું અથવા નરક રચવું એ આત્માધીન છે. મોક્ષપ્રાપ્તિ આત્માધીન છે. જે જે અંશે ઉત્તમ મન કરવું, ઉત્તમ સવીર્ય શરીર બનાવવું, ઉત્તમ વિચાર બનાવવા, ઉત્તમ બુદ્ધિ જે જે અંશે પ્રગટાવવી, ગૃહસ્થાવાસ અને ત્યાગાવાસમાં ઉત્તમ ગુણો મેળવવા, શુભ પ્રવૃત્તિઓ સેવવી, સ્વાધિકારે કર્મ કરવાં ઇત્યાદિ અહિંસારૂપ જૈનધર્મ વડે આપની ભક્તિ જેઓ કરે છે અને અમર્યાદિત સર્વધર્મરૂપ આપના સ્વરૂપને જેઓ પામે છે તેઓ શુદ્ધાત્મમહાવીર સ્વરૂપ આપના ઉત્તમ પદને પામે છે. અહિંસાના

અસંખ્ય માર્ગો છે, પણ તે ક્રમે ક્રમે પગથિયાની પેઠે પ્રાપ્ત થાય છે. તે કહેણીથી પ્રાપ્ત થતા નથી, પણ રહેણીથી પ્રાપ્ત થાય છે—એમ આપે ઘણી વખત પ્રકાશ્યું છે તે મારી સ્મૃતિમાં છે. હું તે પ્રમાણે સ્વાધિકારે વર્તવા પ્રયત્ન કરું છું.

જે જે અંશે મોહની પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભાવ થાય છે અને આત્મજ્ઞાનથી મનુષ્ય સ્નાતક ભાવને પામે છે તે તે અંશે અને તે તે ભાવે મનુષ્ય આપનો અહિંસક ભક્ત બને છે. અજ્ઞાન અને મોહની પૂર્ણ હિંસા કર્યા વિના પૂર્ણ અરિહંત-પદ પ્રાપ્ત થતું નથી. મનમાં ઉત્પન્ન થનાર રજોગુણી અને તમોગુણી અજ્ઞાન અને મોહનો નાશ કરવો એ આપના પરના પૂર્ણપ્રેમ–શ્રદ્ધાના બળ વિના બનતું નથી. આપની કૃપા વિના કોઈ અહિંસા અને ભક્તિના પગથિયે પગ મૂકવા સમર્થ થતું નથી. આપ ભગવાનની કૃપાથી જ અહિંસાતત્ત્વનો પ્રકાશ થાય છે, માટે આપની કૃપા મેળવવામાં સર્વ વિશ્વનું કલ્યાણ છે. આપની કૃપારૂપ મહાવ્યાપક સ્વરૂપમાં સર્વ પ્રકારનાં અહિંસાદિ તત્ત્વોનો અન્તર્ભાવ થાય છે. માટે આપની પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમથી ભક્તિ કરનારા જૈનો, આર્હતો, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો આદિ આપને પામે છે.

આપને સર્વસ્વાર્પણભાવથી જેઓ ભજે છે, પોતાનાં મન-વાણી–કાયા સર્વ આપને અર્પણ કરે છે અને તેમાંથી કર્તા, ભોક્તા કે હર્તાની બુદ્ધિ હઠાવીને આપની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ–નિવૃત્તિ કરે છે; યશ–અપયશ, મારું–તારું, માન–અપમાન આદિ સર્વ ભાવો આપને અર્પણ કર્યા બાદ જે પોતાના માનતો નથી; જે થયું, થાય છે અને થશે તે સર્વે આપનું માને છે, તે તટસ્થ સાક્ષી-ભાવરૂપ આપની ભક્તિને પામે છે. પોતાનાં નામરૂપાદિ જે કંઈ દૃશ્ય–અદૃશ્ય છે તે સર્વ જેણે આપને એવી રીતે સમર્પ્યાં છે કે જેથી તેને અહંત્વ–મમત્વ ન થાય, એવી દશાની જ્ઞાનભક્તિ સર્વોત્કૃષ્ટ છે. એવી ભક્તિવાળા મનુષ્યો સર્વ કર્મો કરવા અને ભોગવવા

છતાં સર્વથી ન્યારા અને નિર્લેપ રહે છે. અંતરમાં એવો મહાવીરાર્પણુભાવ જેઓને અનુભવાય છે તેઓ બાહ્યના સર્વ શુભાશુભ સંયોગોમાં નિર્લેપ રહે છે અને છેવટે આપરૂપ બને છે. આવા પ્રકારની ઉત્તમ ભક્તિમાં વ્રત, તપ, જપ, કષ્ટક્રિયા, પ્રવૃત્તિ, નિવૃત્તિ, ત્યાગ, અત્યાગ વગેરે સર્વનો અંતર્ભાવ થાય છે. આપને મનુષ્યો જેવા જેવા ભાવે ભજે છે અને કર્તવ્યકર્મો કરે છે તેવા તેવા ભાવે અને તેવા તેવા કર્મે આપને તે પામે છે. આપની આવી જૈનધર્મદૃષ્ટિની સર્વવ્યાપકતામાં સર્વ દેવો, દેવીઓ અને ધર્મોનો સમાવેશ થાય છે. જેવા આન્તરપરિણામભાવે જે કોઈ આપને ભજે છે તેવા રૂપ અને તેવા ફળને અને તે ભાવરૂપ આપને તે પામે છે.

જેના જેવાં પરિણામ, ભાવ, રુચિ, અધ્યવસાય, ઉપયોગ તેવા તે પોતાના પર્યાયરૂપ પોતાના આત્મમહાવીરભાવને પામે છે. નિમિત્ત અને ઉપાદાન જેવા જેવા ભાવે ભજે છે તેવા રૂપે ભક્ત આપને વનમાં, પહાડમાં, જળમાં, સ્થલમાં, સર્વ ભુવનોમાં પામે છે.

સર્વ ધર્મો વડે, સર્વ નામો વડે, સર્વ પ્રકારના પ્રેમભાવ વડે આપ જ પામવા લાયક છો. આપને જેઓ સાકારરૂપે અંગીકાર કરે છે તેઓ તે રૂપે આપને પામે છે. આપને જેઓ નિરાકાર, નિરંજન, જ્યોતિરૂપથી ભજે છે, સેવે છે, તેઓ તે રૂપથી આપને પામે છે. જેઓ આપને સબલ બ્રહ્મરૂપથી ભજે છે તેઓ તે રૂપથી આપને પામે છે. આપ પણ તે રૂપથી ભક્તોને મળો છો. આપને જેઓ વિશુદ્ધાત્મમહાવીર ભાવે ભજે છે, તેઓ આપને તે રૂપે પામે છે. આપને જેઓ ઔદયિકભાવરૂપ પરિણામથી ભજે છે, તેઓ આપને તે રૂપથી પામે છે. આપને જેઓ ઉપશમભાવે, ક્ષયોપશમભાવે, ક્ષાયિકભાવે ભજે છે તેઓને આપ તે તે રૂપે મળો છો. આપને જેઓ પારિણામિકભાવે ભજે છે તેઓને આપ તે રૂપે મળો છો. આપને જેઓ શુદ્ધકાદ્વૈતદૃષ્ટિએ પરિણમીને ભજે છે અને

અનુભવે છે તેઓને આપ તે તે ભાવે મળો છો. આપને જેઓ દ્વૈતદૃષ્ટિએ ભજે છે અને સેવે છે તેઓ આપને તે દૃષ્ટિએ પામે છે અને આપ તેઓને તે દૃષ્ટિએ મળો છો. આપને જેઓ નવધા ભક્તિએ કે દશધા અને દ્વાદશધા દૃષ્ટિએ સેવે છે તેઓને આપ તે તે રૂપે મળો છો. આપને જેઓ અષ્ટસિદ્ધિ, નવનિધિ, પચાસ લબ્ધિરૂપે ભજે છે તેઓને આપ તે તે રૂપે મળો છો. તેઓ આપને તે રૂપથી પામે છે.

આપને જેઓ શત્રુભાવદૃષ્ટિએ, મિત્રભાવદૃષ્ટિએ, પુત્ર, પતિ, પિતા, માતા, પત્ની આદિ અનેક પરિણામદૃષ્ટિએ ભજે છે તેઓ તેવા રૂપે આત્મવીરભાવને પામે છે. જેવો ભાવપરિણામ એવા પર્યાયવાળો આત્મમહાવીર પોતે પોતાને શુભાશુભ પરિણામે પ્રાપ્ત થાય છે. જેઓ જડભાવથી આપને ભજે છે તેવા જડ પૂજકો આપને તે ભાવથી પામે છે. આપને જેઓ ચૈતન્યભાવદૃષ્ટિથી માને છે, ભજે છે, પૂજે છે તેઓ આપને તેવા રૂપે પામે છે. જેવી જેની દૃષ્ટિની પરિણતિ થાય છે તેને તેવા ભાવથી આપ મળો છો. જેઓ આપને જ્યાં શોધે છે ત્યાં તેને આપ મળો છો. જેઓ આપને દેશભાવે, રાજ્યભાવે, વ્યાપારાદિ ભાવે ભજે છે તેઓને આપ તેવા તેવા ભાવે મળો છો. આપને તેઓ તેવા તેવા ભાવની દૃષ્ટિએ પામે છે.

આત્મામાં અનંત અધ્યવસાય–પરિણામ–ભાવની અનંત અને અસંખ્ય દૃષ્ટિઓ છે. જેવી દૃષ્ટિમાં પરિણામ પામીને આપને જે ભજે છે તેને આપ તેવા દેખાઓ છો. તેથી વિશ્વમાં અસંખ્ય ધર્મ–કર્મ દૃષ્ટિઓના મતો, શાસ્ત્રો, આચારો બન્યા છે, બને છે અને બનશે. આપને જેઓ જ્ઞાન, દર્શન, ચારિત્રભાવે ભજે છે તેઓ આપને તેવા રૂપે પામે છે. આપને જેઓ સર્વજ્ઞશુદ્ધાત્મ-મહાવીરભાવે ભજે છે તેઓ આપને તેવા રૂપે પરિણમીને પામે છે.

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જેવો પરિણામ તેવા પર્યાયરૂપ

આત્મવીર થાય છે. આપને જેઓ નિર્વિકલ્પ શુદ્ધોપયોગદષ્ટિ, કે જેમાં રાગદ્વેષાદિ કષાયરૂપ સંસાર નથી એવી નિર્વિકલ્પ શુદ્ધોપયોગદષ્ટિએ આપને જેઓ અંગીકાર કરે છે તેઓ આપને તેવા રૂપથી પ્રાપ્ત કરીને પરમાનંદ પ્રાપ્ત કરે છે. કર્મયોગે છદ્મસ્થદષ્ટિપરિણામો જેવા જેવા મનમાં પ્રગટે છે તેવા રૂપથી આત્મમહાવીર પોતાના આત્મમહાવીરપર્યાયરૂપ પોતાને પામે છે. ત્રિગુણાતીત કેવલદષ્ટિએ જ આપને ધ્યાવે છે તે આપને તેવા રૂપે પામે છે. આ પ્રમાણે ભૂતકાલમાં અનંત આત્માઓ સ્વ–સ્વભાવાનુસારે આપને પામ્યા છે, પામે છે અને પામશે.

આપ મહાવીરદેવ સર્વ પ્રકારના વિકલ્પ–સંકલ્પથી તેમ જ સર્વ પ્રકારના રાગદ્વેષાદિ શુભાશુભ પરિણામથી શૂન્ય અર્થાત્ રહિત છો એમ માનીને જેઓ આપને તેવી દષ્ટિના ભાવમાં તલ્લીન બનીને ભજે છે તેઓ માન–અપમાન, યશ–અપયશ, સારું–ખોટું, પુણ્ય–પાપ વગેરે સર્વમાં શૂન્યતા દેખે છે અને આપ આત્મમહાવીરમાં એક સત્તા કે સત્યતા દેખે છે. એ સર્વ પ્રકારના જડ ભાવોમાં શૂન્યતા–અસારતા અનુભવીને આપને સચ્ચિદાનંદરૂપે પ્રાપ્ત કરે છે. મનની, શરીરની ખરાબી કરનાર અને મનમાં અનેક પ્રકારની ચિંતા પ્રકટાવનાર, દુઃખ પ્રકટાવનાર કલ્પનાઓને અને એના હેતુઓને મિથ્યા, અસત, ભ્રાન્તિ, સ્વપ્નવત્ જાણીને શુદ્ધ પ્રેમસુખમાં સદ્રૂપે આપને જે અનુભવે છે તે દુઃખઅને દુઃખના હેતુઓને તરી જઈ આપને પામે છે. બાહ્ય દુઃખહેતુઓનો સાગર જે અન્ય લોકોની દષ્ટિમાં કલ્પાયો છે તેની અંશમાત્ર પણ અસર પોતાના પર તેને થતી નથી. તે સર્વોપાધિરહિત શુદ્ધ મહાવીરપ્રેમમાં પરિણમીને અનંત પૂર્ણાનન્દરૂપે આપને પામે છે. અનંતભાવરૂપ તીર્થંકરનામકર્મયોગ્ય કર્મપ્રકૃતિયુક્ત આપ અનંત શક્તિમય મહાવીરદેવ છો. આપને જે જેવા રૂપે ઓળખે છે તેને તેવા રૂપે આપ મળો છો.

આપને મળવાની અસંખ્ય દૃષ્ટિઓના અધ્યવસાયોના ભાવોમાં ભક્તો જેમ જેમ ઉત્તરોત્તર આગળ વધતા જાય છે તેમ તેમ તેઓ આપનું અનંત સ્વરૂપ અનુભવતા જાય છે. તેઓ પાછળના ભાવ-પર્યાયોનો વ્યય કરતા જાય છે અને આગળના ભાવપર્યાયોને ક્રમે ક્રમે અંગીકાર કરતા જાય છે, સ્પર્શતા જાય છે અને તરતમ-યોગે ભક્તો અને જ્ઞાનીઓ બનતા જાય છે તથા તે તે પરિણામરૂપ આપના પર્યાયસ્વરૂપને પામે છે. આપને જેઓ જેવી ઇચ્છાથી ભજે છે તેઓ તેવા ફળને પામે છે. જેના હૃદયમાં આપ સત્ય પ્રેમથી બે ઘડી પર્યન્ત પરિણામ પામો છો તે આપને પૂર્ણરૂપથી પામ્યા વિના કદાપિ રહેતો નથી. જેઓ આપને સ્વાશ્રયભાવે ભજે છે તેઓને આપ તેવા રૂપે મળો છો. સકામભાવનાથી આપને ભજનારાને આપ સકામભાવે મળો છો અને નિષ્કામદૃષ્ટિથી ભજનારાઓને નિષ્કામભાવે મળો છો. ઉચ્ચભાવથી ભજવાવાળાને આપ ઉચ્ચભાવરૂપથી મળો છો અને નીચભાવથી ભજવાવાળાને આપ નીચભાવરૂપથી મળો છો.

આપનો મહિમા અપરંપાર છે. સર્વ વિશ્વમાં, જલમાં, સ્થલમાં, વન–ઉપવનમાં, પર્વતોમાં, નદીઓમાં, ઝરણાંઓમાં, શિલાઓમાં, આકાશમાં, સૂર્ય–ચન્દ્ર–તારાઓમાં, રેતીમાં, વૃક્ષોમાં એમ સર્વ પદાર્થોમાં આપને પરબ્રહ્મ અનંતમહાવીરરૂપે જેઓ ભજે છે તેઓને આપ તેઓની ભાવનાદૃષ્ટિ પ્રમાણે જુદા જુદા ભાવે મળો છો અને અનેક ભાવ–પર્યાયો વડે ઉત્પાદ–વ્યય–ધ્રુવતારૂપે અનુભવાઓ છો. મનુષ્યોમાં, પશુઓમાં, પંખીઓમાં આપને જેવા જેવા ભાવથી લોકો ભજે છે અને પ્રવૃત્તિ કરે છે તેઓને આપ આત્મમહાવીર તેવા ભાવરૂપથી પરિણમીને આત્મપર્યાય મહાવીરતાને પામો છો. જે જે નયોથી આપને જે જે ભાવે ભજવામાં આવે છે તે તે નયોની દૃષ્ટિ પ્રમાણે તેવા તેવા ભાવે આપને તેઓ પામે છે અને આપ તેવી તેવી નયદૃષ્ટિએ તેવા નયદ્રષ્ટા આત્મમહાવીરરૂપ પરિણમો છો. આપની કૃપા જેઓ પામે છે તેઓ આપનું સ્વરૂપ સમજી શકે છે.

આપને જેઓ અષ્ટાદશ દોષાતીતરૂપે ભજે છે તેઓને આપ તેવા ભાવે પ્રાપ્ત થાઓ છો. આપને જેઓ પ્રકૃતિરૂપ માનીને ભજે છે તેઓને આપ તેવા રૂપે મળો છો. આપને જેઓ ગુણો અને દોષોની વૃત્તિરહિત થઈને ભજે છે, તેઓને તેવા રૂપથી આપ મળો છો. આપનામાં અને આપના વિશ્વરૂપ વિરાટમાં જેઓ ગુણ-દોષની કલ્પના કરતા નથી અને સત્ય-પ્રેમ-જ્ઞાનાદિરૂપ આપને માનીને તેવારૂપે આપને જેઓ ભજે છે તેઓ તેવા રૂપે આપને પામે છે અને આપ તેવા રૂપે તેઓને મળો છો. આપમાં જેઓ શુભાશુભ જડ-ચેતન વિશ્વરૂપ કલ્પના કરે છે તેઓ શુભાશુભ વૃત્તિ-પ્રવૃત્તિથી પોતાને શુભાશુભ પરિણામે પરિણમિત દેખે છે અને તેઓને આપ શુભાશુભ પરિણતિની અંદર પરિણમેલા દેખાઓ છો. જેઓ ભય પામે છે તેઓને ભયરૂપે મળો છો અને નિર્ભય, અદ્વેષ, અખેદભાવે સ્વાત્મવીરને ભજનારાને આપ તેવા રૂપે પરિણમતા દેખાઓ છો. આપને જેઓ શૂન્યરૂપે દેખે છે, ભજે છે તેઓને આપ શૂન્યભાવે મળો છો. આપને જેઓ જ્યાંત્યાં આનંદરૂપે પરિણમ્યારૂપ ભજે છે તેઓને આપ રસરૂપે મળો છો. આપને જેઓ ગૃહસ્થ પુરુષોત્તમ તરીકે ભજે છે તેઓને આપ તેવા ભાવે પ્રાપ્ત થાઓ છો અને આપને જેઓ મહાત્યાગી તરીકે ભજે છે તેઓ તેવા રૂપે આપના સ્વરૂપને પામે છે.

જેની જેવી દૃષ્ટિ, ભાવના, રુચિ, પરિણામ, ઉપયોગ, ધ્યાન તેને તેવી દૃષ્ટિ, ભાવના, રુચિ, પરિણામ, ઉપયોગ, ધ્યાનમાં આપ પરિણમો છો. ચતુર્વિધ સંઘ જેવા જેવા ભાવથી આપને ભજે છે, સેવે છે તેવા તેવા આપસ્વરૂપે ચતુર્વિધ સંઘ થાય છે અને થશે. આપના પર જેઓની પૂર્ણ પ્રીતિ-શ્રદ્ધા છે તેઓ પ્રતિદિન આપનું અભિનવ સ્વરૂપ અનુભવતા જાય છે. તેઓને આપના સ્વરૂપને કથનારાં શાસ્ત્રોની કે પુરાણ-અર્વાચીન ચર્ચાની જરૂર રહેતી નથી, કારણ કે આપ તે તે કાળે ભક્ત જ્ઞાનીઓનાં હૃદયોમાં અભિનવ જ્ઞાન-જ્ઞેય પર્યાયો વડે પરિણમીને તેઓને નવનવા ભાવે પ્રાપ્ત

થાઓ છો. જેઓને જેવા ભાવે જે જે અવસ્થામાં આપ આનંદરૂપ જણાઓ છો તેઓને તે તે કાળમાં, દેશમાં, અવસ્થામાં અને તે તે ભાવમાં આપ મળતા રહો છો.

આપની કૃપા જેઓ પામ્યા છે તેઓ રોવામાં, હસવામાં, નાચવા–કૂદવામાં, કાર્ય કરવામાં, ખાવામાં, પીવામાં હરવા–ફરવામાં આપના આનંદની ઝાંખી પામ્યા કરે છે. તેઓ જીવે છે તો આનંદથી જીવે છે, મરે છે તો આનંદથી મરે છે. તેઓ ધનવંત થાય છે તોપણ આપના આનંદને અનુભવે છે, નિર્ધન બને છે તોપણ આપના આનંદને અનુભવે છે. તેઓ જે જે વખતે જેવી જેવી બાહ્યદશાને વા આંતરદશાને પામે છે તે કર્મફળ જાણીને તે આપને અર્પણ કરે છે અને તેમાં તેઓ આનંદમસ્ત બને છે.

દુનિયાના અજ્ઞ જીવો બાહરથી જેવા તેઓને દેખે છે તેવા તેઓ કર્મફલમાં સાક્ષી–ભોક્તા બનેલા હોવાથી હોતા નથી. જેવા તેવા પણ આપના ભક્તો આપના સુખદુઃખમાર્ગે થઈને આપને પામે છે. આપના ભક્તો આપ પરમગુરુની કૃપા વિના અન્યભાવ ઇચ્છતા નથી. આપની ઇચ્છાને અધીન વર્તવું તે આપની કૃપા પામવાની સર્વોત્કૃષ્ટ ભક્તિ છે. પ્રભો ! મને એવી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થાઓ. જડ–ચેતનોમાં શુભાશુભ ભાવ ન દેખાય, પોતાનામાં શુભાશુભ કલ્પિત યશ–અપયશ આદિનો આરોપિત અનુભવ ન અનુભવાય અને સર્વ કર્તવ્યપ્રવૃત્તિઓને સ્વાધિકારે પ્રસન્નચિત્ત અને પ્રસન્નમુખથી કરાય તેમ જ સર્વમાં આપની પરબ્રહ્મમહાવીરભાવનાની સ્થાપના રહે એવી ભક્તિજ્ઞાનદશા વડે હું આપને પામવા ઇચ્છું છું. આપ તે ભાવે મને મળો.

સર્વ મનુષ્યોને અન્ન, સંપત્તિ અને સામગ્રીની સારી રીતે પ્રાપ્તિ થાય અને સર્વ મનુષ્યો પરસ્પર એકબીજાને પોતાના સમાન ગણે તથા તેઓની સાથે સમાનતાથી વર્તે એવી રીતના દેશકાલાનુસાર જે જે કાયદાઓ ચતુર્વિધ સંઘ ઘડે છે અને ભવિષ્યમાં ઘડશે તે

સર્વે અહિંસારૂપ આપની ભક્તિનું કર્તવ્ય છે. આપના ભક્તો પ્રશસ્ય સમષ્ટિસમાન સુખદાયી નૈતિક કર્મો કરીને નીચને એક ભવમાં ઉચ્ચ કરી શકે છે. આપની આજ્ઞારૂપ જે સ્વાશ્રયતા છે તેને અંગીકાર કરીને ભક્ત જૈનો એક જ ભવમાં નીચગોત્રને ઉચ્ચગોત્રરૂપે ફેરવી શકે છે. એ અષ્ટકર્મની પાપપ્રકૃતિઓને શુભ પુણ્યપ્રકૃતિરૂપે એક જ ભવમાં ફેરવી દે છે. તથા સંઘને એકસરખો શુભકર્મફલ-ભોક્તાવાળો બનાવી દે છે. આત્મવીરની વીરતાવાળું સર્વ મનુષ્ય-સંઘરૂપ આપનું વિરાટ પ્રભુસ્વરૂપ સર્વ કર્તવ્ય કરવાને શક્તિમાન્ થાય છે. નિરાશાનું તો સ્વપ્ન પણ રહેતું નથી.

આ વિશ્વની સર્વ આજીવિકાદિ સંપત્તિઓમાં સર્વનો એક-સરખો ભાગ છે અને તે સર્વને એકસરખી રીતે વ્યવસ્થાસર મળે તે માટે અહિંસાત્મક રાજ્યશાસનની પ્રવૃત્તિ તથા આપની ભક્તિની વ્યાપકતા સર્વત્ર પ્રગટવાની જરૂર છે, કલિકાલમાં સર્વજાતીય સંઘશક્તિની વ્યવસ્થા વડે સર્વદેશીય લોકોની શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ થશે. માટે કલિકાલમાં જેઓ સર્વજાતીય સંઘશક્તિની વ્યવસ્થાથી અપ્રમત્તપણે પ્રવર્તશે તેઓ આપના પ્રેમથી સર્વ વિશ્વના રક્ષકો બની છેવટે આપને પ્રાપ્ત કરશે.

સૈકે સૈકે, યુગે યુગે સર્વ વિશ્વમાં સર્વ પ્રકારની શક્તિઓના સંઘનો ઉત્પત્તિકાલ અને યુગે યુગે સર્વ પ્રકારની વિજ્ઞાન—બળ—રાજ્યાદિક શક્તિઓની વ્યયતારૂપ સંહારકાલ એ બન્ને સાથે મુખ્ય-ગૌણપણે સર્વ દેશોમાં અને સર્વ પ્રકારમાં વારાફરતી પ્રવર્ત્યા કરે છે. સંહાર તથા ઉત્પાદનાં સર્વજાતીય બીજો તો સૂક્ષ્મ અને ધ્રુવસ્થિતિપણે રહ્યા કરે છે. આજીવિકાદિ બાહ્યાંતર જીવનસૂત્રો જાણીને તે પ્રમાણે સંઘશક્તિની વ્યવસ્થાથી વર્તવામાં અહિંસારૂપ ઉત્પત્તિકાલ છે, અને દેશકાલાનુસારે આજીવિકાદિ બાહ્યાંતર જીવનસૂત્રોમાં નહીં પ્રવર્તવાથી સંહારકાલ—વ્યયકાલ છે અર્થાત્ હિંસાકાલ છે, એમ જાણીને આપના ભક્તો અહિંસા—સર્ગકાલરૂપ આપના સ્વરૂપને

સહજ આપની ભક્તિ કરે છે. જેઓ દેશકાલાનુસાર હાલમાં આપની ભક્તિ કરતા નથી તેઓ હિંસક બને છે અને કલિયુગમાં તેવી ભક્તિ નહીં કરે તેઓ હિંસક બનશે.

સત્ય પ્રેમની વૃદ્ધિ કરવી. સર્વ મનુષ્યોમાં આપનું સ્વરૂપ માની તેઓને એકસરખા ખાનપાનાદિ દ્વારા જીવનમાં સમાન હકથી સન્માનિત કરવા. ઉચ્ચનીચનો ભેદ ટાળવો. વિશ્વસેવા, પરોપકાર, દાનાદિ સત્કર્મો કરવાં. અન્યાય અને કલેશનો નાશ કરવો. રાજ્યાદિકની સુવ્યવસ્થા કરવી. દેશમાં કોઈપણ ભૂખ્યું ન રહે એવી વ્યવસ્થા કરવી. સર્વ પ્રકારનાં પુરુષો અને સ્ત્રીઓની ઉન્નતિ થાય, એકતા થાય અને આપ પરમાત્મમહાવીરદેવરૂપ વિશ્વના સર્વ જીવોનું સ્વરૂપ છે એવું સમજાય, એવી કર્તવ્યકર્મપ્રવૃત્તિ આદિ જીવનશક્તિઓને પ્રગટાવવી એ જ અહિંસા–ઉત્પત્તિ–સર્ગ યુગ છે અને તેથી વિપરીત સંહારયુગ વ્યયરૂપ હિંસા છે એવું જાણીને જેઓ હાલમાં વર્તે છે તે અહિંસાત્મક આપના વિરાટ સમષ્ટિરૂપના ભક્ત જૈનો સર્વ વિશ્વમાં જીવન શક્તિઓ વડે જીવનારા જાણવા—એમ આપે મને ઘણી વખત પ્રકાશ્યું છે. આપના ઉપદેશોને જેઓ અનેક દૃષ્ટિઓની સાપેક્ષતાથી સમજે છે તેઓ પ્રશસ્ય હિંસા અને પ્રશસ્ય અહિંસાના અસંખ્ય માર્ગો વડે આપને મળે છે. આપને નમસ્કાર થાઓ!

પરબ્રહ્મ મહાવીરદેવ ! આપની સાથે જેઓના આત્માઓ જોડાય છે તેઓનાં હૃદયમાં અનંત શક્તિ અનેક રૂપાંતરોથી પ્રગટ થાય છે. આપના સર્વ જીવો છે અને સર્વ જીવોના આપ છો. આત્માઓના જ્ઞાતિ, વય, શરીર, વર્ણાદિક ઉપાધિભેદે જે ભેદો પડયા છે તેઓને આપ દેખતા નથી. આપ તો સર્વ જીવોના પ્રેમને દેખો છો અને પ્રેમથી મળો છો. જ્યારથી આપના ઉપર સત્ય પ્રેમનો અંશ જેના હૃદયમાં પ્રગટ્યો તે ત્યારથી આપનો ભક્ત બને છે. એકવાર આપનું સ્વરૂપ જેણે જાણ્યું કે અનુભવ્યું તે ત્યારથી મુક્ત છે. શુદ્ધાત્મમહાવીર જ્ઞાનીઓ સર્વ પ્રકારનાં કર્મોની

વચ્ચે રહ્યા છતાં અને શુભાશુભ કર્મ વેદવા છતાં વૈદેહી જીવન્મુક્તો બને છે. તેઓ સર્વ પ્રકારની સ્વાધિકારે પોતે નિર્ણય કરેલી પ્રવૃત્તિ કરવા છતાં નિર્લેપ રહે છે. તેઓની જે શુભાશુભ પ્રવૃત્તિઓ છે તે અન્યોના શુભાશુભ કર્મના નિમિત્ત કે પ્રેરણાથી બને છે. તેઓની સ્તુતિ, પૂજા, ભક્તિ, સેવા કરનારાઓ પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ પ્રાપ્ત કરે છે, અને તેઓની કર્મોદયિક ચેષ્ટાઓ અને પ્રવૃત્તિઓ કરનારાઓ પાપકર્મ-વિઘ્નરૂપ દુઃખફળની પ્રાપ્તિ કરે છે.

આપના ભક્ત જ્ઞાની જૈનોની ઔદયિકભાવની સર્વ ચેષ્ટાઓમાં જેઓ પ્રકૃતિ તત્ત્વને દેખે છે, પ્રકૃતિમાં સદોષતા અને નિર્દોષતાનો જેઓ આરોપ કરતા નથી, પ્રકૃતિ સંબંધી શુભાશુભ સદ્ગુણ-દુર્ગુણભાવનો આત્માઓમાં જેઓ આરોપ કરતા નથી, દેખતા નથી કે માનતા નથી અને વ્યવહારથી અહિંસક ભાવરૂપ ભક્તિ વડે પોતાને શુદ્ધ, બુદ્ધ, પરમાત્મા મહાવીર-રૂપથી અનુભવ્યા કરે છે, દેખ્યા કરે છે તેઓ મોહની સર્વ પ્રવૃત્તિઓમાં કર્મબંધની સર્વ પ્રવૃત્તિઓ વચ્ચે ઊભા રહેલા છતાં તથા અન્યોને મોહાદિકર્મલેપ કરાવે એવી પ્રવૃત્તિઓ કર્યા છતાં પણ નિર્લેપ અને નિર્બંધ રહે છે. તેઓ ગૃહસ્થાવાસમાં તથા ત્યાગા-વાસમાં દેશ, કોમ, સંઘ, સમાજ, રાજ્યાદિકની પ્રવૃત્તિઓ જે જે યોગ્ય લાગે તે કર્યા કરે છે. તેઓ અપવાદાદિકથી ભય પામતા નથી અને પોતાનું કર્તવ્ય ત્યજતા નથી. નિન્દા, અપયશ વગેરે અશુભ ભાવોમાં અસત્પણું દેખીને જે શુદ્ધાત્મમહાવીરભાવમાં સત્પણું દેખે છે તેઓ આત્માની અપેક્ષાએ અસત્ એવા સર્વ પૌદ્ગલિક ભાવોમાં શુભાશુભત્વની કલ્પનાઓ, કે જે અજ્ઞાનથી બંધાઈ ગઈ છે, તેને મિથ્યા અને ભ્રાંતિરૂપ સમજ્યા બાદ સંસારના વ્યવહારની અપેક્ષાએ તેવી અસત્પ્રવૃત્તિથી બંધાતા નથી તેમ તેને મૂકતા નથી. બંધાવું અને મુકાવું તે અસત્માં કલ્પાયેલી ભ્રાન્તિ છે. તે ટળતાં અને સત્ એવા આત્મામાં સદ્બુદ્ધિ થતાં સર્વ

વિષયોમાં થતું શુભાશુભત્વ ટળી જાય છે. તેથી આપના ભક્ત જ્ઞાનીઓ શુદ્ધાત્મમહાવીરભાવમાં પરિણામ પામીને મસ્ત રહે છે. તેઓ મૃત્યુ વગેરેને હિસાબમાં ગણુતા નથી. આપના જ્ઞાની ભક્તોને વૈદેહભાવ હોવાથી તેઓનો જે કેટલોક શુભાશુભ વ્યવહાર છે તે સ્વપ્રારબ્ધ કર્મની પ્રેરણાથી છે. અન્ય જીવોનો પણ શુભાશુભ પ્રેરણાથી ઘણોખરો પ્રારબ્ધ કર્મવ્યવહાર હોય છે. આત્મજ્ઞાનીઓ વિશ્વમાં પરોપકારનાં કર્મો કરીને અહિંસાભાવની વૃદ્ધિ કરે છે. આપના ભકતોનો લોકોની અનેક દૃષ્ટિઓમાં કલ્પાયેલો ઔદયિક મન–વાણી–કાયાનો વ્યવહાર વસ્તુતઃ હિંસાભાવવાળો છતાં અહિંસા-ભાવવાળો હોય છે.

વિશ્વના લોકોના ઉદ્ધાર માટે અનેક ઉપસર્ગો, વિપત્તિઓ, સંકટો, દુઃખો સહન કરવાં, અનેક જાતનાં અપમાન, લોકાપવાદ, અપકીર્તિ, આળ આદિ સહન કરવાં અને છેવટે પ્રાણાદિકનું સમર્પણ કરવું તે અહિંસાભાવની તથા અહિંસાકર્મોની વૃદ્ધિ છે અને એ રીતે તે આપ પ્રભુની સેવા, ભક્તિ, આરાધના અને ઉપાસના છે. દુનિયાના દોરંગી શબ્દો, લોકસંજ્ઞા, શાસ્ત્રસંજ્ઞા, નામ, રૂપ, મોહનો જે આપના સદ્વિચારો વડે આપના મહાવીર સ્વરૂપમાં પરિણમવા માટે ભોગ આપે છે તે લોકાપવાદાદિ વિષના પ્યાલાઓનું પાન કરીને તેઓને અમૃતરૂપે પરિણમાવે છે. દુનિયાના અનેક ખરાબ શબ્દો અને તેઓની પોતાના વિરુદ્ધની માન્યતાઓની ઉપેક્ષા કરીને આપની આજ્ઞા પ્રમાણે સત્કર્મો કરવાં અને દેશ, કોમ, સમાજ સંઘાદિકનું ભલું કરવું એ જ આપની આંતર અહિંસાભક્તિ છે. પોતાના આત્મા પર, મન પર અને શરીર પર દુનિયાના ખરાબ વિચારો અને શબ્દો વગેરેની અસરરૂપ હિંસા ન લાગવા દેવી તે જ અહિંસા છે. આત્મમહાવીર નિરંજન, નિરાકાર, જ્યોતિઃસ્વરૂપ છે. તે નિરાકારભાવે નામરૂપથી જુદા છે, રૂપી જડ પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન છે એવો જે આત્મામાં નિશ્ચય થાય

છે તે અહિંસાજ્ઞાનરૂપ છે.

નટનાગરની બાજી સમાન દુનિયાની બાજીમાં પ્રવર્તેલો પણ તેનાથી ન્યારો જે સ્વાત્મવીરને અનુભવે છે તેના આત્માની કોઈ પ્રકૃતિ હિંસા કરી શકતી નથી અને સર્વ પ્રકારની પ્રવૃત્તિ કરતો છતો તે કોઈની હિંસા કરી શકતો નથી. આપના ભક્તો સર્વ વિશ્વને આપરૂપ ભાવીને સર્વ જીવોને સ્વાર્થ, ધન, રૂપ, ભોગાદિકની અપેક્ષા વિના નિર્મોહપણે સત્ય પ્રેમથી ચાહે છે. તેઓની ચાહના કહેણી કરતાં કરોડગણી રહેણીમાં ઉત્તમ છે. આપના ભક્તોને સત્ય પ્રેમ અને સત્ય પ્રેમીઓ એ જ જૈન ધર્મ અને જૈનો તરીકે છે. નામ–આકૃતિ–દ્રવ્ય–ભાવથી આપનાં પ્રેમ–ભક્તિમાં મશગૂલ થયેલાઓ જ્યાંત્યાં સર્વત્ર આપના ભક્તોમાં આપને દેખે છે. તેઓ આપના વિના અન્ય જડ વસ્તુઓની નાકના મેલ જેટલી પણ કિંમત ગણતા નથી.

જેઓ આપને પ્રેમમહાવીરરૂપે સર્વદા ભજે છે તેઓ આપને પ્રેમમહાવીરરૂપે પ્રાપ્ત કરે છે. સત્ય પ્રેમભાવ વિના કોઈ ભૂતકાલમાં આપનો ભક્ત થયો નથી, વર્તમાનમાં થતો નથી અને ભવિષ્યમાં થવાનો નથી. દેશ, કાલ, નિયમ, રૂપ, સત્તા, ધન, વિદ્યા, શરીરાદિકની સત્ય મહાવીરપ્રેમમાં ઉપયોગિતા નથી એમ જેઓ જાણે છે અને તે પ્રમાણે અંતરમાં પરિણમે છે તેઓ અહિંસાનાં લાખો પગથિયાં પર આરોહીને આપને મળી શકે છે. આપની ભક્તિના આરંભનો પ્રેમ સદોષ હોય છે, પણ પશ્ચાત્ અનુક્રમે આગળ ચઢતાં તે નિર્દોષ થાય છે. પ્રથમાવસ્થામાં જડના સંબંધે આત્મામાં અને જડ શરીરાદિમાં પ્રેમ પ્રગટે છે. પછી પ્રકૃતિપ્રેમથી આગળ ચઢવાનો અને છેવટે આપના પૂર્ણસ્વરૂપને પ્રાપ્ત કરવાનો પ્રેમ પ્રગટે છે અને તદપેક્ષયા અહિંસાભાવ વધતો જાય છે. હિંસામાંથી અહિંસારૂપ આપના સ્વરૂપમાં પ્રવેશાય છે.

કલિયુગમાં કલિયુગની મુખ્યતાએ આપના પ્રેમીઓ આપના

પ્રેમથી જ અનેક પ્રકારની શક્તિઓને પ્રગટાવી શકે છે. આપના સત્ય પ્રેમની આગળ સ્વાર્થ, પરમાર્થ કે શરીરાદિકનો કંઈ હિસાબ ગણાતો નથી. આપનો સત્ય પ્રેમ જેઓના હૃદયમાં પ્રગટ્યો છે તેઓને નિર્દોષતા પ્રગટે છે. દુનિયાના અજ્ઞ લોકો તેઓને સદોષ દેખે છે, પરંતુ તેઓની દશા આન્તરથી તેવી હોતી નથી. તેથી તેઓ આગળને આગળ વધ્યા કરે છે. અન્ય મનુષ્યો પરબ્રહ્મ મહાવીરભાવે પોતાને ચાહે તેની પૂર્વે અન્યોની આશા રાખ્યા વિના આપના પ્રેમી ભક્તો અન્યોને આત્મમહાવીરથી ચાહે છે અને સત્ય મહાવીરપ્રેમની ચાહનામાં કાયાદિકનો ભોગ આપે છે. તે દેહાધ્યાસનો ત્યાગ કરે છે અને એ જ આપની અહિંસાભાવની સેવા છે. દુષ્ટોના નાશમાં અને આપના ભક્તધર્મીઓ ઉપર પ્રેમ ધારણ કરવામાં તથા 'વિશ્વ તે જ આપ છો, આપ તે વિશ્વરૂપ છે અને આપ તથા વિશ્વથી ભક્તો ન્યારા નથી' એવી ભક્તિભાવના વડે જેઓ મન, વાણી, કાયાથી પ્રવર્તે છે તેઓ હું-તું આદિ ભેદભાવની પેલી પાર જઈ, સ્વર્ગીય અને આત્મમહાવીર અભેદપ્રેમભાવનામાં આપની સાથે રંગાઈ આપોઆપ સચ્ચિદાનંદ પરમદેવ મહાવીરરૂપે વ્યક્ત બને છે.

આહારાદિ શારીરિક જીવનની પ્રવૃત્તિની ઇચ્છા, કર્મેન્દ્રિયોની અને જ્ઞાનેન્દ્રિયપંચની પ્રવૃત્તિ આદિ પ્રકૃતિના ધર્મો તો કુદરત–પ્રકૃતિથી બંધાયેલાં શરીર, વાણી અને મન જ્યાં સુધી આત્માની સાથે છે ત્યાં સુધી મરણપર્યન્ત જીવન્મુક્ત એવા આપના સત્ય પ્રેમીઓને સેવવા પડે છે, પણ આપના પૂર્ણ પ્રેમીઓ તે પ્રકૃતિ અને તેના પર્યાયોમાં પણ આપની સ્થાપના–ભાવનાને અનુભવી આપની સાથે ઐક્ય અનુભવે છે. તેમાં પ્રકૃતિધર્મો તેઓને સાનુકૂલરૂપે પરિણમ્યા કરે છે, પણ પ્રત્યવાય (વિઘ્ન) કરતા નથી.

આત્મમહાવીરભાવે જેઓ જાગ્યા છે તેઓને જડ પ્રકૃતિ સેવ્યા કરે છે. જડ પ્રકૃતિરૂપ વિશ્વના સર્વ પર્યાયોના કર્તા, કર્તા, ભોક્તા

તેઓ બને છે, પરંતુ તેઓનો પ્રેમ તો આપના ઉપર હોય છે તેથી તેઓ આપ વિના અન્ય કશામાં રાજી થતા નથી. જ્યાં આપના પ્રેમીઓ રાગી બને છે ત્યાં અનેક પર્યાયોવાળું આપનું સ્વરૂપ હોય છે. તેઓ જ્યાં પ્રેમથી આકર્ષાય છે અને પ્રાણાદિકની આહુતિ આપે છે ત્યાં આપ પૂર્ણ શુદ્ધ પ્રેમસ્વરૂપ પરબ્રહ્મ જ સત્તાએ છો. તેને જ્યાંત્યાં ચિદાનંદપૂર્ણપ્રિયરૂપ આપ જ ભાસો છો. આપના પૂર્ણ પ્રેમી ભક્તોની અસંખ્ય વૃત્તિઓને જ્યાં જ્યાં રસ પડે છે અને તે સમાધિને પામે છે ત્યાં ત્યાં આપ વ્યક્ત થયેલા પરબ્રહ્મ મહાવીરપ્રભુ હયાત છો.

આપની કર્મપ્રકૃતિ લીલાનો તથા આપની આત્મમહાવીર ગુણપર્યાયની સવિકલ્પ–નિર્વિકલ્પ લીલાનો કોઈ વાણીના વર્ણનથી પાર પામી શકે તેમ નથી, તો હું આપના પૂર્ણસ્વરૂપને કેવી રીતે વર્ણવી શકું ?

આપની જ્યાં જ્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરેની લીલાદિ વિભૂતિ દેખું છું ત્યાં હું મારા પ્રાણ પાથરું છું. સર્વ પ્રકારનું વીરપણું અને સર્વ પ્રકારનું સત્ય પ્રેમત્વ જ્યાં છે ત્યાં આપ છો. એકમાં જેઓ આપને સર્વ પ્રકારના પૂર્ણમહાવીરરૂપે અનુભવે છે તેઓ પ્રેમથી પાકીને અનેકમાં—સર્વમાં આપના સ્વરૂપને અનુભવે છે અને તેઓની એવી દૃષ્ટિ પ્રગટી નીકળે છે કે તેઓ આપ વિના બીજું કશું કંઈ દેખી શકતા નથી. એવી આપના પ્રેમની ભાવાવસ્થા જેઓનામાં વારંવાર પ્રગટે છે તેઓ તુર્યાવસ્થામાં જઈને સ્થૂલ દૃષ્ટિથી દેખાતા જગતમાં પરમસત્ય મહાવીરપ્રભુનો નિરાકાર જ્યોતિરૂપે સાક્ષાત્કાર કરી શકે છે. એવી પરમપ્રેમમય ભાવાવસ્થામાં મેં આપનો નિરંજન નૂરરૂપે સદા અનુભવ કર્યો છે. તેથી બાહ્યમાં અને અન્તરમાં મહાસત્તાનયે આપ એક પરમસત્ય વ્યાપક પરમબ્રહ્મ મહાવીર છો. આપ સર્વરૂપે છો અને સર્વ આપરૂપ છે. આપના સત્ય પ્રેમાવેશમાં ધારણા, ધ્યાન, સમાધિનો

લય થઈ જાય છે. રાજયોગ, હઠયોગ અને મંત્રયોગ સમાધિનો અંતર્ભાવ એમાં થાય છે. તેથી હું અને તુંનો ભેદ રહી શકતો નથી. હુંરૂપમાં તુંરૂપ તમે સમાઈ એકરૂપ જણાઓ છો અને તુંરૂપમાં હું સમાઈને તુંરૂપમાં એકરૂપે અનુભવાઉ છું, એવું મને શુદ્ધાત્મવીરાનુભવજ્ઞાન પ્રગટ્યું છે.

હું–તું–તે ઇત્યાદિની પેલી પારની નિર્વિકલ્પ શુદ્ધપ્રેમયોગે આપની નિર્વિકલ્પદશા, કે જેમાં મારું–તમારું સ્વરૂપ જુદું ભાસતું નથી, તેનો મેં ઘણી વખત સાક્ષાત્કાર કર્યો છે. તેથી હવે પ્રકૃતિ અને આત્મામાં સમ્યગ્દર્શનનો અનુભવ થયો છે. ઉત્પાદ–વ્યયાધાર સર્વ આસ્તિ–નાસ્તિ, જ્ઞેય–જ્ઞાન પર્યાયરૂપ આપનો સવિકલ્પ તથા નિર્વિકલ્પ જ્ઞાનાનુભવ કર્યાથી મારો પ્રેમ પણ તે તે કાલે સવિકલ્પ-નિર્વિકલ્પતાને અનુભવે છે. તેથી બદ્ધમુક્તતા તો શુદ્ધ નિશ્ચયનય-રૂપ આપના સ્વરૂપના અનુભવે ભ્રાન્તિરૂપ ભાસી છે. એવી આપની શુદ્ધાત્મમહાવીર પ્રેમદશામાં પરિણમીને આપની સ્તુતિ ભક્તિ કરું છું અને વ્યવહારથી વ્યવહારદષ્ટિએ વર્ત્યા કરવારૂપ આપની સેવા કરું છું.

આપની કૃપાદષ્ટિથી સર્વ જીવો કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ કારણ કાર્યસિદ્ધિને અનુકૂલ થાય એ રીતે કરે છે. આપની કૃપાદષ્ટિ અને પ્રેમદષ્ટિ સર્વ જીવો પર છે, પરંતુ જેઓ આપના પર વિશ્વાસ અને પૂર્ણ પ્રેમ ધારણ કરતા નથી તેઓને પાંચ કારણો કાર્યની સિદ્ધિને અનુકૂલ પરિણમતા નથી. આપની કૃપા જેઓમાં વ્યક્ત થાય છે તેઓનાં હૃદયમાં ઉત્સાહ, પ્રેમ, વિશ્વાસ, ધૈર્યનો અગ્નિ પ્રગટી નીકળે છે. તેઓ આપના ઉપદેશમાં સર્વ પ્રકારની ઉન્નતિ દેખે છે. આપ પરમાત્મમહાવીર પ્રભુ સર્વથી આરાધ્ય, સેવ્ય છો. આપ સર્વ વિશ્વના જીવોના સહાયક, ત્રાતા છો. આપનું સ્મરણ, ધ્યાન કર્યાથી અનંતાં પાપકર્મો ટળી જાય છે. સમુદ્રમાં, નદીમાં, બેટમાં, પર્વત પર, રણમાં, ભયાનક સ્થાનકો-

માં, દુશ્મનો વચ્ચે અને રાત્રિદિવસમાં આપ ભક્તોના સંકટો, દુઃખો, વિપત્તિઓ ટાળો છો. સંકટોના સાગરને એક ક્ષણમાત્રમાં આપ શુષ્ક કરી દો છો.

અસત્રૂપ સર્વ જડ પર્યાયોમાં આપ એક આત્મમહાવીર પરમસત્ય પરમશક્તિમાન છો. આપનાં નામસ્મરણ અને જાપથી ભક્તપ્રેમીઓના રોમાંચ ખડા થાય છે, અને આપ તેઓનામાં સત્તાએ તિરોભાવરૂપે રહેલા હો છો તે આવિર્ભાવરૂપે થાઓ છો. તેથી ભક્તોમાં વીરશક્તિઓનો આવેશ, જુસ્સો પ્રકટે છે. ભીડ વખતે આપ વીર ભગવાનને જેઓ પૂર્ણ શ્રદ્ધાથી યાદ કરે છે તેઓને આપની અનેકરૂપે અણધારી મદદ મળે છે. અનેક પ્રકારના તર્કોનો, પ્રમાણોનો વાદવિવાદ કરવાથી કંઈ આપનો પ્રેમ પ્રાપ્ત કરી શકાતો નથી. અતિ તર્કથી મનુષ્યો નાસ્તિક અને મિથ્યાત્વી બને છે. જે તર્કશાસ્ત્રો અને તત્ત્વશાસ્ત્રોથી આપની શ્રદ્ધાભક્તિમાં મનુષ્યોનાં મન વળે છે તે ખરાં છે. આપના પર પૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ પ્રેમ એ જ તર્કશાસ્ત્રો, ધર્મશાસ્ત્રો, વેદો અને આગમો છે. આપના વિના ધર્મ નથી અને ધર્મશાસ્ત્રો નથી. આપના ભક્તોનાં હૃદયોમાં દેશકાલાનુસાર જે જે સદ્વિચારો પ્રગટે છે તેઓનાં બનેલાં સર્વ ભાષાનાં ગદ્યો અને પદ્યો ધર્મશાસ્ત્રરૂપ છે.

આપના પર પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ પ્રેમ ધારણ કરવો અને પછી ઔદયિકભાવે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પ્રમાણે જેમ ઘટે તેમ વર્તવું તે સહજભાવે ધર્મ છે. દુનિયામાં ચાલતા સર્વના અધિકારે જુદા જુદા એવા અસંખ્ય ધર્માચારો, ક્રિયાઓ, અનુષ્ઠાનો, વ્રતોમાં હઠથી જે રહેવું અને તેમાં ધર્મ માની ધર્મશાસ્ત્રોથી મતભેદો ઊભા કરીને પરસ્પરમાં દ્વેષભાવ, ભેદભાવ ફેલાવવો—એવો નીરસ શુષ્ક ભાવ, જડ વાદભાવ ખરેખર આપના સદુપદેશોમાં નથી; અને કલિયુગમાં ઊભો થશે તો તેને આપના પ્રેમીઓ માનશે નહીં. જે જે મનુષ્યોને જે જે રીતે આપના પર પૂર્ણ શ્રદ્ધા-પ્રેમ પ્રગટે

તેં તે રીતે તેઓએ ક્રમભાવે સમજીને વર્તવું એ જ કલિયુગમાં મુક્તિનો સર્વથી મોટો ભક્તિયોગ છે.

મનુષ્ય એકબીજાને આત્મ પેઠે ચાહે અને એકબીજાના આત્માને મદદ કરે, એકબીજાનાં દુઃખનાં અશ્રુ લૂછે, ઔષધાલયો સ્થાપે, એકબીજાના દોષોને ભૂલે અને ગુણોને ગ્રહણ કરે. એકબીજામાં આપ પરમાત્મપ્રભુને દેખે, પરસ્પર એકબીજાના બૂરામાં ભિન્ન ન રહે, પરસ્પર એકબીજાની સેવા કરે આપને પામવા-ના અનેક માર્ગોમાં ગમન કરનારાઓ પરસ્પર એકબીજાને ધર્મ-નાશક ન ગણે અને એકબીજાને મળતાં આપ મહાવીરદેવનો જયઘોષ કરે. સર્વ દેશના અને સર્વ ખંડના મનુષ્યો સુખી રહે અને પશુઓ તથા પંખીઓની રક્ષા થાય, લોભાદિક સ્વાર્થથી મનુષ્યો સર્વ જીવો માટે જે એકસરખી જીવનસામગ્રી છે તેમાં કલહ કરી પરસ્પરનો નાશ ન કરે, ઇત્યાદિ ઉપદેશ આપ ત્યાગી બની દેવાના છો. તેથી વિશ્વમાં સર્વત્ર શાંતિ પ્રસરશે અને દુનિયાના જીવો શાંતિનો શ્વાસોચ્છ્વાસ લેશે. એ આપનો મહોપકાર સદા યાદ કરવા લાયક છે. પરોપકારનાં સત્ય જીવન આપ સર્વત્ર ફેલાવવાના છો. સ્ત્રીઓને પણ પુરુષોની પેઠે પૂર્ણ મુક્તપદ આપો છો અને આપશો. આપની ત્યાગાવસ્થાથી વિશ્વનો ઉદ્ધાર થવાનો છે. પરબ્રહ્મ જિનેશ્વર અર્હન્ મહાવીરદેવ ! આપને નમસ્કાર થાઓ. આપને સર્વસ્વાર્પણ કરીને હું આપનું શરણ અંગીકાર કરું છું.

પરબ્રહ્મ મહાવીર : પરમશ્રુતદેવી સત્યરૂપા ! મેં તને જે પ્રમાણે ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે તેં હિંસા અને અહિંસાનું વર્ણન કર્યું છે. તેં ભક્તિસેવા સંબંધી જે હૃદયોદ્ગારો પ્રકાશ્યા તે સત્ય છે અને તે મારા જણાવેલા છે શરીર-વાણી-મન આદિ પુદ્ગલપર્યાયની સહાય વિના કોઈ મારું પરમાત્મપદ પ્રાપ્ત કરી શકતું નથી. પ્રકૃતિરૂપ મનમાં આપનો (પરમાત્માનો) સાક્ષાત્કાર થાય છે. મન આદિ પ્રકૃતિ કરણ વડે આપને (પરમાત્માને)

પ્રાપ્ત કરી શકાય છે. શુદ્ધાત્મ પરબ્રહ્મ મહાવીરરૂપની પ્રાપ્તિ માટે મન-વાણી-કાયાદિ પ્રકૃતિનું અવલંબન કર્યા સિવાય કોઈ મોક્ષપ્રાસાદના પગથિયાં પર આરોહી શકતું નથી. પ્રકૃતિતત્ત્વ એ મોક્ષમાર્ગમાં ભોમિયા સમાન છે. આત્માની વાંછના કરનારને શરીર, મન આદિ પ્રકૃતિરૂપ છે તે બ્રહ્મ જેવું બ્રહ્મદૃષ્ટિની એકતાનતાએ ભાસે છે. તેથી બ્રહ્મભાવનાની દૃષ્ટિએ શરીર-મનરૂપ પ્રકૃતિ પરબ્રહ્મ-રૂપે જણાય છે અને તે આત્મતત્ત્વ સમાન શક્તિવાળું છે.

જડ દ્રવ્યમાત્રનો પ્રકૃતિતત્ત્વમાં સમાવેશ થાય છે, અને પ્રકૃતિમાં આત્માનો ઉપચાર કરીને બ્રહ્મભાવદૃષ્ટિવાળા તેને આત્મરૂપ ગણે છે. જે હિંસા અને અહિંસાભાવ છે તે પ્રકૃતિમાંથી ઊપજે છે અને પ્રકૃતિમાં સમાય છે. પ્રકૃતિના સંબંધે તે આત્માના ભાવો ગણાય છે. ઔદયિક ભાવદૃષ્ટિએ એ મિશ્ર છે, શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિએ હિંસા અને અહિંસા અસત્ છે અને વ્યવહારનયની દૃષ્ટિએ ઔપચારિક સત્ છે, એમ છદ્મસ્થાવસ્થામાં અનેક નયોની દૃષ્ટિઓએ હિંસા અને અહિંસાને આત્મતત્ત્વમાં તથા પ્રકૃતિતત્ત્વમાં મેં ઘટાવ્યા છે. તે મેં તને જણાવ્યા છે. આત્મોન્નતિનાં પગથિયાં પ્રકૃતિનાં બનેલાં છે અને તેનાં આલંબનો પ્રકૃતિતત્ત્વની મુખ્યતા-વાળાં છે. એ બન્નેમાં અપેક્ષાએ ઉપાદાન અને નિમિત્તકારણતા પરસ્પરોપગ્રહયોગે છે. અભેદોપચારે આત્મા અને પ્રકૃતિ બન્ને સત્તાદૃષ્ટિએ એકરૂપ વ્યવહારાય છે. પ્રકૃતિ અને આત્મતત્ત્વમાં સતપણું એકસરખું છે અને પ્રકૃતિથી ચિદાનંદભાવે આત્મતત્ત્વ-રૂપ હું સર્વનિયામક મહાવીર ભિન્ન છું—એમ જેઓ અનુભવે છે તેઓ મોક્ષમાર્ગનાં સોપાનો પર તીવ્રભાવે આરોહે છે.

શુદ્ધાત્મમહાવીરના સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરનારા મારા ભક્તોએ પ્રકૃતિદેવીની નિન્દા ન કરવી; તેનો વિવેકદૃષ્ટિએ તથા ઉપગ્રહદૃષ્ટિએ ઉપયોગ કરવો, પણ તેમાં શુભાશુભ બુદ્ધિથી અંધાઈ ન જવું, એમ મારા ભક્તોને હિતશિક્ષા છે.

પંચભૂતાત્માક જડ પ્રકૃતિદેવીની વિશ્વશાળાના સર્વ જીવો શિષ્યો છે, અને તેના પારણામાં ઝૂલીને તેની સહાયથી તેઓ મારી તરફ આવી શકે છે. પંચભૂતાત્મક પ્રકૃતિમાં જેને જે ઉપયોગી છે તેને તે ગુણરૂપ છે અને અન્યોને તે અગુણરૂપ છે. જેને જે કાળે જે જે કારણોએ જે જે રુચે કે પ્રિય થઈ પડે તે તે તેને માટે નિર્દોષ છે, અને તેની દૃષ્ટિમાં જે સદોષ છે તે અપ્રિય છે. સર્વ જીવોને પ્રકૃતિ પોતાના તરફ આકર્ષે છે. તે સર્વને એકસરખી સદોષ વા નિર્દોષ દેખાતી નથી. વસ્તુતઃ પ્રકૃતિમાં સ્તુત્ય કે નિંદ્ય કશું જ નથી, છતાં જે શુભાશુભત્વ ભાસે છે તે રજોગુણ, તમોગુણ, અને સત્ત્વગુણરૂપ પ્રકૃતિના ધર્મથી છે. આત્મામાં પંચભૂતાત્મક પૌદ્ગલિક પ્રકૃતિ ભાસે છે. પંચભૂતાત્મક પ્રકૃતિનો વિવેકપૂર્વક વ્યવહાર કે ઉપયોગ કરવો તે આત્માધીન છે. પંચભૂતોને અનેક પર્યાયરૂપ જે જાણે છે અને તેનો મનના સંકલ્પ-વિકલ્પ વડે જોઈએ તેવો ઉપયોગ કરે છે તે વ્યવહારજીવને જીવી શકે છે.

આત્મજીવને જીવવામાં પૌદ્ગલિક પ્રકૃતિના આશ્રયની જરૂર છે. મારા ભક્તો ઉદાર આચાર–વિચારથી પ્રકૃતિના વ્યવહારમાં પ્રવર્તે છે. સર્વ જીવો પોતપોતાની પ્રકૃતિ અનુસાર વર્તે છે. જે મારા પર પૂર્ણ વિશ્વાસ–પ્રેમ રાખે છે તેઓની સર્વ પ્રકૃતિ ભક્તિ-રૂપ છે. ઉપયોગી જીવન વડે જીવવું તે અહિંસા છે અને આત્મ-પ્રકૃતિનો વિનાશ તે હિંસા છે. જેઓ આત્મવીર અને પ્રકૃતિ-દેવીને ભિન્ન અનુભવે છે અને નિર્લેપપણે વર્તે છે તેઓ, સત્યરૂપા! તારા નામે પ્રસિદ્ધ થયેલાં સૂક્તોને અનુભવે છે અને પૂર્ણ સ્વતંત્ર અને મુક્ત બને છે.

આત્માની સાથે મનનો યોગ કરીને બાહ્યાંતર વિશ્વશાળામાં જેમ આનંદ પડે તેમ વિચરવું અને જે જે દુઃખના સંયોગો કે હેતુઓ લાગે તેનાથી મુક્ત થવું એ સજીવન દેહમુક્તિ છે. એવી

મુક્તિના યોગીઓ મારા ભક્ત જૈનો સર્વત્ર વિશ્વમાં સર્વ સંયોગોમાં અપ્રતિબદ્ધપણે વિચરે છે અને મારાં ગાનોમાં, તાનોમાં મશગૂલ રહે છે. તેઓ દુશ્મનોને બળ, કળ, યન્ત્ર, તંત્ર, મન્ત્ર, યુક્તિ, પ્રયુક્તિથી હણે છે અને દુશ્મનોના અસત્ય તેમ જ માયિક પ્રલોભનોથી વંચાતા નથી. જ્યાં જ્યાં સત્તા, શક્તિ, પ્રેમ, આનંદ છે ત્યાં ત્યાં મારું પ્રાકટ્ય છે, એમ સત્યરૂપા! તું જાણ.

સર્વ જીવોના કલ્યાણ માટે ત્યાગાવસ્થા અંગીકાર કરીને હું સર્વ મનુષ્યો જે જે સંયોગોથી મનમાં દુઃખ પામે છે તે તે સંયોગોની ભ્રાન્તિને દૂર કરીશ. લોકોને સર્વ વિચારોમાં, આચારોમાં, શાસ્ત્રોમાં અપ્રતિબદ્ધ, સારગ્રાહી અને સત્યદ્રષ્ટા બનાવીશ. માગસર વદિ દશમીનું મારું દીક્ષાકલ્યાણક છે. દેવો, દેવીઓ, પુરુષો અને સ્ત્રીઓ મહોત્સવ પ્રારંભે છે. ઋષિસંઘ, બ્રાહ્મણાદિ સંઘો હર્ષ પામે છે. સમસ્ત ભારતાદિ દેશોમાં ઉત્સવો થઈ રહ્યા છે. ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ ત્યાગ અને દીક્ષા મહોત્સવમાં ભાગ લેવા આવનાર છે. તેઓ ભક્તિકર્મો કરી આત્મોન્નતિ કરશે. પ્રિય જ્યેષ્ઠ બંધુ નંદિવર્ધન શ્રી ક્ષત્રિયકુંડનગરમાં મહોત્સવ પ્રારંભનાર છે. શ્રીમતી યશોદાદેવી અને પ્રિય પુત્રી પ્રિયદર્શના મારી ત્યાગાવસ્થાની દીક્ષાથી શોક કરે છે, પણ તેમાંથી તે પરબ્રહ્મ મહાવીરભાવમાં પ્રવેશનારાં છે. હવે દીક્ષાના આઠ દિવસ બાકી છે. એટલામાં અનેક ઋષિઓ, રાજાઓ વગેરેને અનેક પ્રકારનો બોધ આપીશ. તમે આપણા નગરમાં પધારનારાઓની પૂર્ણ પ્રેમભાવથી સેવાભક્તિ કરશો. ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ અને રાજાઓ વગેરેનું બહુ આદરસત્કાર અને માનથી સ્વાગત કરશો. પ્રશસ્ય પ્રેમભક્તિથી લોકો ન પામી શકાય અને અશક્ય એવા તીર્થંકરાદિ પદને સહેજે પામે છે.

શ્રી સત્યરૂપા! સદા સર્વ લોકોનું ભલું કરજો. વિશ્વમાં સર્વ પદાર્થોનો વિવેકપૂર્વક ઉપયોગ પરમાર્થ માટે મુક્તતાએ

કરજો. પ્રકૃતિથી અજન્મા, અવિનાશી, નિત્ય, ધ્રુવ, અખંડ, નિર્મળ, જડ કર્મમાં અપરિણામી, સિદ્ધ, બુદ્ધ એવી પોતાને માની વિચરશો, એવી મારી તમને આજ્ઞા છે. તમારું કલ્યાણ થાવ! તમારો જય-વિજય થાવ! તમે વિશ્વકલ્યાણ કરનારી સદા થાવ!

તમારાં સૂક્તો કલિયુગમાં મારા ભક્તો ભણશે, ગણશે અને આર્યસ્રીઓ એ સૂક્તોમાંથી સાર ગ્રહણ કરી સર્વ પ્રકારની શુભ યોગિનીઓ બનશે. અમારા જ્ઞાતકુલમાં સર્વ ક્ષત્રિયાણીઓમાં તમે મહાવિદુષી, મારી પરમોપાસિકા, આભ્યંતર શ્રાવિકા અને ભક્તાણી છો. સર્વ પ્રકારનાં એકાન્ત અને નિઃસારરૂપ થયેલાં દુઃખ અને રૂઢિનાં બંધનોને તમે છેદી નાખશો અને સર્વ લોકોને સર્વ બાબતમાં ગુલામી અને રૂઢિની બેડીઓથી મુક્ત કરવારૂપ મારી સેવામાં સર્વસ્વ અર્પણ કરશો.

ઇન્દ્રો, દેવો, દેવીઓ તથા ઋષિગણોને ત્યાગદીક્ષાકાલે જે જે વચનામૃતો સંભળાવું તે આર્ય મહિલાઓની સાથે તમે શ્રવણ કરજો અને તે વચનામૃતોનો વિશ્વમાં પ્રચાર કરજો. હું તમારા હૃદયમાં પરાભાષાની સ્ફુરણાએ બોધ દીધા કરીશ. સર્વ વિશ્વમાં શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ થાઓ! સર્વ લોકો સાથે ખાઓ, સાથે પીઓ, સાથે રહો. સાથે સર્વ જૈનો રમો, વિચારો, એકબીજાના હાથ ઝાલીને સાથે ઊભા રહો, એકબીજાનાં કાર્યોમાં ભાગ લો.

## ૫. દીક્ષામહોત્સવની તૈયારી અને ક્ષત્રિયકુંડની પ્રજાને ઉપદેશ

નંદિવર્ધન : સત્યરૂપા ! શ્રી મહાવીરપ્રભુના ત્યાગદીક્ષા-મહોત્સવની તૈયારીઓ કરવાની જરૂર છે. મૃગશીર્ષ કૃષ્ણ દશમીના દિવસે મધ્યાહ્ન પછી પ્રભુ ત્યાગદીક્ષા અંગીકાર કરશે. ચાર નિકાયનાં દેવો અને દેવીઓ, ચોસઠ ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ, ભારતાદિ સર્વ દેશોના રાજાઓ, પ્રધાનો, મહર્ષિઓ, બ્રાહ્મણો, કૌટુંબિકો, વૈશ્યો અને શૂદ્રો વગેરે ત્યાગદીક્ષાના મહોત્સવમાં પધારશે. તે પ્રસંગે પરબ્રહ્મ શ્રી મહાવીરદેવ ગૃહસ્થધર્મ અને ત્યાગીધર્મનું સ્વરૂપ સમજાવશે. પુરુષ અને સ્ત્રીવર્ગને ગૃહસ્થાવાસમાં બોંતેર અને ચોસઠ કલાનું શિક્ષણ લેવું જોઈએ એવો ઉપદેશ તેમણે પૂર્વે આપ્યો હતો. પ્રભુએ ગૃહસ્થધર્મનું આદર્શ જીવન ગાળ્યું છે. બાલ્યાવસ્થામાં તેમણે જાતે વૃક્ષો પર આરોહવાની, જલ પર તરવાની, મલ્લવિદ્યા વગેરે અનેક રમતગમતની વિદ્યાઓનું બાળકોને શિક્ષણ આપ્યું હતું. તેમની સાથે હજારો બાળકો બાલ્યાવસ્થામાં વૃક્ષારોહણાદિ રમતોથી શારીરિક, માનસિક પુષ્ટિ કરતા હતા.

શ્રી મહાવીરપ્રભુએ ધનુર્વેદાદિ યુદ્ધવિદ્યા વડે બાળકોને યુદ્ધવિદ્યામાં કુશલ કર્યા હતા, કે જેથી તેઓ દેશ, સંઘ, રાજ્યાદિકનું રક્ષણ કરી શકે. મને પણ પ્રભુએ યુદ્ધવિદ્યા, રાજ્યશિક્ષણ આદિ શિક્ષણો આપ્યાં છે. શારીરિક કેળવણીથી શરીરની પુષ્ટિ કરવાની સર્વ બાબતો તેમણે શીખવી છે. ગૃહસ્થધર્મમાં આસક્તિ

વિના પ્રવર્તવાનું શિક્ષણ તેમણે આપ્યું છે. દેશ, રાજ્ય, સંઘાદિકના નાશક શત્રુઓનો પરાજય કરવાનું શિક્ષણ આપ્યું છે. પ્રજાને પુત્રવત્ પાલન કરવાનું શિક્ષણ આપ્યું છે. ચારે વર્ણ સ્વાધિકારે ગુણકર્મયુક્ત નિરાસક્તપણે કર્મ કરીને અને હૃદયની શુદ્ધિ કરીને પરબ્રહ્મમહાવીરપદને પામે છે, એમ અનુભવબોધ આપ્યો છે. ગૃહસ્થાવાસમાં દરેક કર્મ પ્રભુ સારી રીતે કરતા હતા. હાલ તેઓ ત્યાગદીક્ષા વડે ધાર્મિક વિશ્વોદ્ધાર કરવા તત્પર થયેલ છે. તેમની અનંત શક્તિઓનો પાર પામી શકાય તેમ નથી. સર્વ દેશોમાં, સર્વ ખંડોમાં, સર્વ કાલમાં મનુષ્યો શુદ્ધ પ્રેમથી પ્રભુને પ્રાપ્ત કરી શકે છે, એમ મહાવીરપ્રભુ જણાવે છે.

દર્શન, મત કે પંથોમાં, ધાર્મિક કર્મકાંડોમાં મનુષ્યો એકાન્તે ગૂંચાઈ જાય છે અને પ્રભુને હૃદયમાં અનુભવતા નથી. સર્વ મનુષ્યો જીવમાત્રમાં પ્રભુની પ્રભુતા અનુભવતા નથી અને ધર્મના નામે ભેદ, ખેદ, કલેશ, ઉચ્ચ–નીચાદિ ભાવો, કે જે આસુરીભાવો છે, તેઓને સેવે છે. તેઓને પ્રભુ ત્યાગી બની સંહારવાના છે. અધર્મ્ય રાગ, દ્વેષ, કામાદિ અરિઓ (શત્રુ), કે જે વિશ્વના જીવોને દુઃખ દે છે, તેઓને તેઓ હણવાના છે અને મનુષ્યમાત્રને તેઓમાં રહેલા વૈરીઓને હણીને અરિહંત પદ પ્રાપ્ત કરાવવાના છે. વિશ્વના મનુષ્યો વગેરેમાંથી તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણોના ભાવો દૂર કરીને ત્રિગુણાતીત આત્મસ્વરૂપ જે, જ્ઞાનાનન્દ ગુણાદિમય છે, એને પ્રગટ કરવાના છે. પૂર્વે અઢીસો વર્ષ પહેલાં શ્રી પાર્શ્વનાથ તીર્થંકરે આવું અરિહંતપદનું કર્તવ્ય કર્યું હતું, પરંતુ કલિયુગમાં વિશ્વનું ઉદ્ધારક અને સર્વોત્કૃષ્ટ અરિહંત–કર્તવ્ય તો પરમબ્રહ્મ મહાવીરપ્રભુ કરવાના છે. મહાવીર પ્રભુના દીક્ષા મહોત્સવ-પ્રસંગે અનેક સન્તો, ઋષિઓ, ભક્તો, યોગીઓ, બ્રાહ્મણો, બ્રાહ્મણીઓ અત્રે પધારવાનાં છે. તેઓની સેવાભક્તિ કરવાનો પ્રસંગ મળશે. હવે હું પ્રભુની દીક્ષાના મહોત્સવની પ્રવૃત્તિ આરંભું છું.

## ક્ષત્રિયકુંડની પ્રજાને ધર્મોપદેશ

ક્ષત્રિયકુંડની પ્રજા : પ્રભો મહાવીરદેવ, જ્ઞાતપુત્ર વર્ધમાન વિભો! અમો આપને નમીએ છીએ, વંદીએ છીએ, પૂજીએ છીએ.

આપ વિશ્વનો ઉદ્ધાર કરવા ત્યાગી થવાના છો. અમે આપનો વિરહ એક ક્ષણમાત્ર ખમી શકીએ તેમ નથી. પ્રભો! આપના સમાગમમાં અનંત વર્ષો જાય તે પણ એક ક્ષણ જેવા લાગે છે. આપ પ્રભુના સમાગમથી ક્ષત્રિયકુંડ નગરીની આબાલવૃદ્ધ પ્રજા ઉન્નતિના માર્ગે ગમન કરી રહી છે અને આખો દેશ સત્ય, શાંતિ, પ્રગતિ અને સુખનો શ્વાસોચ્છ્વાસ લેવા માંડયો છે. આપ ત્યાગાવસ્થા ગ્રહી વિશ્વમાં સંચરશો. કૃપા કરીને આપ અમને હિતવચનો સંભળાવશો.

**પ્રેમોપદેશ :**

પ્રભુ મહાવીર : ક્ષત્રિયકુંડનગરના પ્રજાજનો! તમો સત્સમાગમપ્રિય છો. આ દેશમાં મારી પાછળ અનેક પ્રભુપ્રેમી મહાભક્તો પ્રગટશે. જે કાલે જે જે ધર્મતત્ત્વની ન્યૂનતા કે હીનતા થશે તેને આ દેશમાં પ્રગટેલા મહાત્માઓ દૂર કરશે. પ્રજાજનો! તમો પ્રેમ, પ્રભુતા, સુંદરતા, એકતા, આનંદને ખીલવો. પ્રેમ વિના વિશ્વમાં વ્યાપી રહેલું સૌન્દર્ય દેખાતું નથી. સત્ય પ્રેમ એ આનંદની દૃષ્ટિ છે. પદાર્થના ભોગની વૃત્તિ તે મોહ છે. મોહમાં અને પ્રેમમાં આકાશપાતાલ જેટલો તફાવત છે. પ્રેમથી પ્રભુને સર્વત્ર સર્વ જીવોમાં દેખી શકાય છે. જેઓ મારા પ્રેમી છે તેઓ સર્વત્ર મને દેખે છે અને તેઓને વિશ્વદર્શનરૂપ મારું દર્શન થાય છે. સત્ય પ્રેમ વિના કોઈ વસ્તુની પ્રભુતા કે સુંદરતા દેખાતી નથી. પ્રેમી ભક્ત ઘરમાં, કુટુંબમાં, દેશમાં, સંઘમાં અને અણુ–અણુમાં મારી પ્રભુતા દેખી શકે છે. પ્રેમમાંથી જેમ જેમ મોહની અશુદ્ધતા ટળતી જાય છે તેમ તેમ પ્રેમ વિશુદ્ધ અને આનંદનો પ્રકાશ કરનાર થતો જાય છે. પ્રેમ વિના કોઈ મનુષ્ય આનંદી, હસમુખો, પ્રફુલ્લ, ખુશમિજાજ બની શકતો નથી. પ્રેમ દુશ્મનોને મિત્રરૂપમાં બદલી નાખે છે. માટે તમે પ્રેમી બનો.

પ્રેમરૂપ પ્રાણુથી આત્મા અલૌકિક સુખી બને છે. કુટુંબ પર પ્રેમ ધારણ કરો. ઘરમાં સર્વની સાથે પ્રેમ ધારો. દેશ, જ્ઞાતિ, સમાજ, સંઘ પર પ્રેમ ધારણ કરો. પુત્ર, પુત્રી પર પ્રેમ ધારણ કરો. પત્ની પર પ્રેમ ધારણ કરો. પતિ પર પ્રેમ ધારો અને કામવાસનાને કાબૂમાં રાખી આત્મશક્તિ ખીલવો. સત્ય શુદ્ધ પ્રેમ વિના અનેક દુષ્ટ દુર્ગુણોનો નાશ થતો નથી. પ્રેમ વિનાના મનુષ્યો રાક્ષસો, ક્રૂર અને સ્વાર્થી, અપ્રમાણિક અને અનુપકારક છે. પ્રેમમાં પ્રભુતા, સુંદરતા અને એકતા છે. પ્રેમાત્માઓ સ્થૂલ શરીર, ધન વગેરેનો ભોગ આપતાં જરામાત્ર અચકાતા નથી અને મૃત્યુથી અંશમાત્ર ભય પામ્યા વિના સર્વ પ્રકારનાં કાર્યો કરે છે. પ્રેમી મનુષ્યો કામવાસનાને જીતે છે અને મારા સ્વરૂપને પામે છે. સર્વ જીવો સત્તાએ પરમાત્મા છે. તેઓ જે જે સ્થિતિમાં છે ત્યાં પ્રભુતાથી ભરેલા છે. તેમનામાં પ્રભુતા છે. સુંદરતા છે. અને તેઓ મારી સત્તાથી એક છે.

સર્વ વિશ્વમાં મારી એક સત્તાનો જેઓ અનુભવ કરે છે તેઓ ભેદભાવનો નાશ કરીને એકાત્મભાવથી વર્તે છે અને તેથી તેઓ ભેદભાવકારક મોહાદિ કર્મોનો નાશ કરી પ્રભુમય જીવન પ્રગટાવે છે. સર્વ વિશ્વમાં પ્રભુતા દેખવાથી નીચતાનો નાશ થાય છે અને તેથી પોતાનામાં રહેલી પ્રભુતાનો વીજળીવેગે પ્રકાશ થવા માંડે છે. સર્વમાં પ્રભુતા દેખનાર ગુલામી, પરતંત્રતા આદિનો નાશ કરે છે અને જડ–ચેતનનું વાસ્તવિક સૌન્દર્ય દેખી શકે છે. તેથી તે દોષ–દુર્ગુણથી મુક્ત બને છે. તેના હૃદયચક્ષુમાંથી દોષનો વિકારો ટળી જાય છે અને તે કેવલજ્ઞાની બને છે.

મારું સૌન્દર્ય દેખનાર મોહ અને કામના વિકારોનો ક્ષય કરે છે અને સર્વમાં 'બ્રહ્મસૌન્દર્ય એ જ મારું સૌન્દર્ય છે અને એ જ દેખનારનું સૌન્દર્ય છે' એમ નિશ્ચય થયા પછી તે અહીં મારું સૌન્દર્ય અનુભવે છે. તેના આત્મામાં સૌન્દર્યમય અનેક

ભાવના સ્વર્ગો પ્રગટ્યા કરે છે.

દરેક વસ્તુમાં સૌન્દર્ય છે. સૌન્દર્ય દેખવામાં મોહ નથી, પણ સત્ય જ્ઞાન છે. સર્વમાં વાસ્તવિક સૌન્દર્ય દેખ્યાથી આત્માની આગળથી નરકો નષ્ટ થાય છે અને તેને સત્યાનંદ પ્રાપ્ત કરવા માટે આત્માને મૂકી અન્યત્ર પરિભ્રમણ કરવાની જરૂર પડતી નથી. વસ્તુનો સ્વભાવ તે જ તેનું સૌન્દર્ય છે. વિષયલાલસા, તૃષ્ણા અને કામભોગમાં વિકાર છે, તેમાં સત્ય અને સૌન્દર્ય નથી. સર્વત્ર એકસરખી એકતાનો સાક્ષાત્કારાત્મક અનુભવ થવાથી મારાતારાપણાનો ભેદભાવ ટળવાની સાથે ભય, ખેદ, લજ્જા, નીચતા અને સર્વ પ્રકારના ભેદભાવનો નાશ થાય છે.

સર્વ વિશ્વમાં પોતાને એકાત્મભાવે દેખો. શરીર, પ્રાણ અને કર્મભેદને સ્વપ્નવત્ મિથ્યા માનીને આત્માને આત્માઓ સાથે એકતાથી રસો અને બાહ્ય સ્વાર્થોમાં જ સુખ છે એવી મિથ્યા બુદ્ધિને ભૂલો. આજીવિકાદિ સ્વાર્થજીવનનાં કર્મો કરો, પણ અંતરમાં સર્વ વિશ્વની સાથે એકતા અનુભવો. એકતાથી સ્વપરદુઃખપ્રદ અનેક ક્ષુદ્ર ભેદ-ક્લેશોનો નાશ થાય છે, એમ તમને એકતાના પૂર્ણસંયમથી અનુભવાશે. કોઈક સુંદર વન, બાગ, રમણીય પ્રદેશમાં મારા નામના જાપપૂર્વક મારા સ્વરૂપમાં એકતાથી ચાળીસ દિવસ સુધી રાત્રિદિવસ લયલીન બની જાઓ, એટલે તમો મારી સાથે પ્રેમ, પ્રભુતા, સુંદરતા અનુભવશો. મારા સ્વરૂપનાં દર્શન પામી એકતા કરી શકશો અને પરિપૂર્ણ અખંડાનંદના ભોક્તા બની શકશો.

ચાળીસ દિવસ સુધી મારું ધ્યાન ધરો. ગમે તે આસને બેસો. મૌન ધારો. કોઈના શબ્દો સાંભળો નહીં. તમને પહેલાં દસ દિવસ સુધી ભેદ, ખેદ, દુઃખાદિનો સ્વપ્નાદિ દ્વારા અનુભવ થશે. પશ્ચાત્ અન્ય દસ દિવસ સુધી ભેદદશાનો ખ્યાલ રહેશે. પશ્ચાત્ અભેદભાવના સંસ્કારોનું પ્રબલ જોર જામશે. પશ્ચાત્ નામ-રૂપનો મોહ ઊતરશે. પશ્ચાત્ મારા સૂક્ષ્મ ભુવનમાં અનેક વિશ્વરૂપાદિ

સાકાર દર્શન થશે. પશ્ચાત્ અનંતજ્યોતરૂપ નિરંજન નિરાકાર મહાવીરનાં દર્શન થશે. ભૂખ લાગે ત્યારે એક વખત અનુકૂલ અને પસંદ પડે તેવો સાત્ત્વિક આહાર અને સાત્ત્વિક પાણી ગ્રહણ કરવાં. નિદ્રાનો જય કરવો, મારા નામનો જાપ કરવો તથા મારા સ્વરૂપમાં સુરતા સાધવી. જે કોઈ ભક્ત મહાત્મા એ પ્રમાણે ચાળીસ દિવસ મારું ધ્યાન ધરે છે તે પૂર્ણ પ્રેમ, પ્રભુતા, સુન્દરતામય પોતાના આત્માનો સ્વયં અનુભવ કરે છે. તે મારું દર્શન કરી સત્ય જ્ઞાન પામે છે. પશ્ચાત્ તે મારી તથા વિશ્વની સાથે એકતાનો અનુભવ કરે છે. પશ્ચાત્ તે કેવલજ્ઞાન પામી અનંત અખંડ આનંદમય બને છે.

આત્માની પ્રભુતા અનુભવવાથી સર્વ પ્રકારનાં નામરૂપાદિના અહંકાર અને મદનો નાશ થાય છે અને કોઈમાં તુચ્છતા કે ક્ષુદ્રતા દેખાતી નથી. પહેલાં જે અભિમાન અને અહંકારથી દેખતો હતો તે તો સ્વપ્નની પેઠે નાશ પામે છે. તેથી તેને પૂર્વની નામરૂપની અહંતાદશાનો ખ્યાલ આવતો નથી. તેથી તે મારી સત્યપ્રભુતાની દૃષ્ટિએ દેખનારો બને છે. ઇયળમાંથી જે ભમરી થાય છે તેને જેમ પૂર્વની અવસ્થાનું ભાન તથા ચેષ્ટા રહેતી નથી તેમ તેને પૂર્વ અવસ્થાની દૃષ્ટિ તથા પ્રવૃત્તિ રહેતી નથી. તેનું મન સ્વાત્માની સાથે રહે છે.

મારું દર્શન કર્યા પછી ભેદબુદ્ધિ રહેતી નથી. પશ્ચાત્ તે મનને આત્માભિમુખ કરે છે અને ક્ષણિક વસ્તુઓની આસક્તિની પેલીપારની અવસ્થા પામી, દેહ છતાં દેહાત્મભાવને ભૂલી, આત્મભાવે જાગ્રત બની વૈદેહજ્ઞાની બને છે. તે જીવતાં છતાં અને શરીરમાં રહેતાં છતાં શરીરથી મુક્ત સિદ્ધોની પેઠે મુક્તદશાનો આનંદ ભોગવે છે. સ્વાધિકારે સર્વ કર્તવ્યકર્મો કરવા છતાં તે જીવન્મુક્ત બને છે. પ્રેમ, પ્રભુતા, સુન્દરતાને જેઓ પામે છે તેઓ અનુક્રમે એકતા અને આત્માનંદને પામે છે.

અનેક પ્રકારના ધાર્મિક કર્મકાંડોની ભેદભાવવાળી ગૂંચવણનો પાર પામવા માટે પ્રેમ, પ્રભુતા, સુન્દરતા અને સત્યતાને પામો. ગમે ત્યારે પણ પ્રેમ, પ્રભુતા, સુંદરતા અને સત્યતા પ્રાપ્ત કર્યા વિના હજારો લાખો ગણાં તપ–જપ–કષ્ટ કરો તોપણ રાગ, ખેદ, ભેદ, અહંકાર વગેરે આસુરી તમોગુણી રજોગુણી પ્રકૃતિઓનો નાશ થનાર નથી. નાતજાતના ભેદભાવને ભૂલી જાઓ. એકસરખા પોતાને અને સૌને માનો પ્રેમ, પ્રભુતા, સુન્દરતા, સત્યતા, એકતા એ જ મારું આધ્યાત્મિક સ્વરૂપ છે. તેની પ્રાપ્તિમાં મારી પ્રાપ્તિ છે. નકામા ભિન્નભિન્ન મત, દર્શન, ધર્મભેદોની જુદી જુદી માન્યતાઓમાં મોહી બની અળશિયાંની પેઠે મરો નહીં.

આનંદરસ એ જ પરમધર્મ છે અને તે આત્મામાં છે. આત્મરૂપ મહાવીર હું તમારું જીવન છું અને જીવક છું. વેષ, ક્રિયા, મતાચારમાં ફસાઈ ન પડો. આત્મરૂપ મહાવીરને પામવા વેષ, આચાર, ક્રિયા, અર્થશૂન્ય અનુષ્ઠાનો, કે જેમાં એકતા, રસજ્ઞતા, પ્રેમતા નથી, ત્યાં ગૂંચાઈ ન રહો. વિશુદ્ધ પ્રેમથી સર્વ દર્શન, મત, પન્થ, ક્રિયા, વેષાચારના યોગે થતા હઠ, ખેદ, કદાગ્રહ, ભેદભાવ, વૈરાદિનો નાશ થાય છે. તમે અમુક મત, દર્શન, વેષાચાર કે ક્રિયાકાંડમાં રાગથી બંધાઈ ન રહો. તેમાં મારું સ્વરૂપ નથી.

સર્વ મનુષ્યો વગેરેનાં હૃદયમાં મારું સત્ય સ્વરૂપ છે અને તે પ્રેમ, પ્રભુતા, સુન્દરતા, સત્ય, એકતા અને આનન્દરૂપ છે. કસ્તૂરિયા મૃગની નાભિમાં કસ્તૂરી છે પણ તેની સુવાસ બહાર આવવાથી કસ્તૂરિયો મૃગ બહાર કસ્તૂરીની વાસ લેવા દોડાદોડ અને ફૂદંફૂદા કરી મૂકે છે, પણ તેથી તેના હાથમાં કસ્તૂરી આવતી નથી. તેમ અજ્ઞાનીઓ હૃદયમાં પ્રભુની પ્રભુતા કે એકતા શોધતા નથી. તેથી તેઓ જડવાદી બને છે અને આત્મામાં આનંદ શોધતાં ચૈતન્યવાદી–આત્મવાદી બને છે.

પ્રેમ, પ્રભુતા, એકતા, સુન્દરતા, સત્યતા અને આનન્દરૂપે

પરિણમો એટલે તમો મારા સ્વરૂપનો પ્રત્યક્ષાનુભવ કરી શકશો. મારી સાથે એકતા અને સમતા પામતાં વચ્ચે રહેલા કર્મમાયાના વિક્ષેપકારક પડદા ચિરાઈ જશે. નકામાં અને અર્થશૂન્ય શાસ્ત્રોનાં વાક્યોના વાદવિવાદો મૂકી દો. હૃદયમાંથી જે સ્વાભાવિક પ્રેમમય, પ્રભુતામય, સત્યમય ઉદ્ગારો નીકળે તેથી મારું સ્તવન કરો. સત્ય અનંત છે તેને પ્રગટાવો. ઉપાધિભેદે સત્યના અનંત ભેદો છે અને જે અનંત સત્યરૂપ આત્મા છે તેને અનંત પ્રકારે મનુષ્યો શોધે છે, પ્રગટાવે છે.

સર્વ મનુષ્યોને એકસરખી આત્મદષ્ટિએ દેખો અને તેઓને પ્રેમથી પૂજો. તેઓમાં એકતા જુઓ. એવી રીતે વર્તવું તે જ મારો જૈનધર્મ છે. અસત્ય, નીચતા, ભેદતા, સ્વાર્થતા, દુઃખ અને અજ્ઞાનનો જય કરનાર તે જિન–અર્હન્ છે અને તેવા મારા પગલે ચાલવાની ઇચ્છા કરનાર તથા પ્રવૃત્તિ કરનાર બ્રાહ્મણો અને સર્વ-વર્ણીય મનુષ્યો જૈન છે. મારા ભક્તો અમુક ચિહ્ન કે ક્રિયા કરવા-માત્રથી જૈન ભક્ત બની શકતા નથી, પણ તેઓ પ્રેમ, પ્રભુતા, સૌન્દર્ય, સત્યતા, એકતા, આનંદ પામી જૈન બની શકે છે.

અનેક પ્રકારના મતભેદોમાં સહનશીલતા ધારણ કરો અને તેમાં રહેલું મારું અંશે અંશે જે સત્ય સ્વરૂપ છે તે શોધો. અનેક-પ્રકારની વિપત્તિઓ પડ્યાથી ગભરાઓ નહીં. ફાંસીએ ચઢતાં, શૂલીએ ચઢતાં તમારા શરીરમાં રહેલા આત્માને અમર દેખો. આત્મા છેદાતો નથી, ભેદાતો નથી, અગ્નિથી બળતો નથી, પાણીથી ભીંજાતો નથી. તમને કોઈ મારી શકતું નથી અને તમે કોઈને મારી શકતા નથી. જેનો નાશ થાય છે તે તો વસ્ત્ર સમાન શરીર છે. તેથી તમારો નાશ થતો નથી. એક શરીરનો નાશ થતાં આત્મા કૃતકર્માનુસારે બીજું શરીર ધારણ કરે છે એવી પૂર્ણ શ્રદ્ધા રાખો અને પૂર્ણ વિશ્વાસી બનો. આ ભવમાં તમારા આત્માનો જ્ઞાનાદિ વિકાસ જે ક્રમથી બાકી રહ્યો છે તે અન્ય ભવમાં ત્યાંથી ખીલે છે

અને તેને યોગ્ય તે માર્ગ ગ્રહણ કરે છે. તાપ વિના સુવર્ણની શુદ્ધિ થતી નથી, તેમ અનેક દુઃખો સહન કર્યા વિના અને ઉપસર્ગ, પરિષહ, સંકટ, વિપત્તિઓને ઉત્સવ સમાન સમજીને પૂર્ણ હર્ષ પામ્યા વિના આત્માની સત્યજ્ઞાનાદિ શક્તિઓનો પ્રકાશ થતો નથી.

પોતાના પર જૂઠાં તહોમત, કલંક, આળ, અપકીર્તિ, નિન્દા વગેરે આવે ત્યારે પોતાના આત્માને જિનરૂપે ભાવો, પણ દીનરૂપે ન ભાવો. અમુક નામરૂપથી ભિન્ન ભાવો, પણ જૂઠાં કલંકાદિનો સંકલ્પમાત્ર પણ મનમાં ન ઊઠવા દો. પોતાને કોઈ ગમે તેમ કહે તેથી ભય કે સંકોચ ન પામો. અશક્ત ન બનો. વીરતા વિના કોઈ આત્માની પ્રભુતા, સુન્દરતા, એકતા પ્રાપ્ત કરી શકતું નથી. પોતાના પર અસત્ય આળ કે સંકટ આવતાં ગભરાઈ ન જાઓ. જેઓ ગભરાય છે તેઓ મારા ભક્ત જૈન બની શકતા નથી. મારા ભક્તો દુશ્મનોના અનેક આક્ષેપોમાં અને રાગીઓની સ્તુતિમાં પૌદ્ગલિક માયાભાવ સમજીને વિકૃતિની પેલી પાર રહેલા આત્મામાં મસ્ત બને છે અને કર્તવ્યકાર્યોમાં પ્રેમ, પ્રભુતા, સુન્દરતા, એકતાનો અનુભવ કરે છે. જેઓ ગાડરિયા પ્રવાહવાળી દુનિયાથી ડરે છે તેઓ મારા મહાવીરસ્વરૂપને દેખીને તેને પ્રાપ્ત કરી શકતા નથી. પોતાના આત્માને કોઈ ગમે તે રીતે કહે તેથી તમારે તે સંબંધી લક્ષ આપવાની જરૂર નથી. જો તમો તે સંબંધમાં લક્ષ આપશો તો મારી તરફ આવવા છતાં પાછા પડવાના. તમારે ફક્ત મારી તરફ આવવા માટે દુઃખો સહવાં જોઈએ, વિપત્તિઓ સહન કરીને સર્વ જીવોના ભલામાં ભાગ લેવો જોઈએ. દુનિયા દીવાની છે. તે ગમે તેમ કહે, તેના બોલવા ઉપરથી તમારી ઉન્નતિ–અવનતિ નથી; પણ તમારી ઉન્નતિ તે તમારા હાથમાં છે અને અવનતિ પણ તમારા હાથમાં છે.

આત્માને માન, અપમાન, કીર્તિ, અપકીર્તિ લાગતાં નથી. મનની દશામાં માન–અપમાન, સ્તુતિ–નિન્દા છે, પણ તે સર્વે મિથ્યા

છે. ભૂંડની વિષ્ટા સમાન પ્રતિષ્ઠા છે એમ લાગ્યા વિના આત્મામાં પ્રેમ, પ્રભુતા, સુન્દરતા, સત્યતા અનુભવાતી નથી. માટે સર્વ સહન કરો, સર્વત્ર સત્ય દેખો અને સત્યથી વર્તો. અનેક પ્રકારનાં આળ, નિન્દા, આક્ષેપો, જૂઠાં કલંકો વગેરે ઝેર જેવાં છે, પણ તેઓને જે અમૃત સમાન માની પી જાય છે તે મારા મહાવીરસ્વરૂપને પ્રાપ્ત કરવાને વીર્યશાળી ભક્ત બને છે. વીર્યહીન કાયર મનુષ્યો કાંઈ મારા મંદિરમાં પગ દેવાને શક્તિમાન થતા નથી. અનેક પ્રકારનાં ક્લેશ, સંકટ, વિપત્તિ, વ્યાધિ, ઉપાધિરૂપ તાપથી જે તવાઈ જતો નથી અને પ્રેમ, પ્રભુતા, સુન્દરતા, સત્યતા, એકતામાં જે પરિપૂર્ણપણે પરિણમે છે તે ધર્મી, ભક્ત, યોગી, મહાત્મા, સંત છે.

ક્ષત્રિયકુંડવાસી જનો! તમો સર્વત્ર સર્વદા પ્રેમ, પ્રભુતા, સત્યતાને પ્રાપ્ત કરો! વિપત્તિમાં ધૈર્યથી આનંદી અને ખુશમિજાજી રહો અને આગળ વધો!

સહાય કરો :

આત્મા સર્વ પ્રકારની શુભાશુભ સુખ—દુઃખાવસ્થામાંથી પ્રસાર થાય છે. જે જે અવસ્થાઓ પ્રાપ્ત થાય છે તેમાં દુઃખાદિ પ્રસંગોમાં આનંદી બનવું. ગમે તેવી દુઃખદ સ્થિતિમાં આત્માને વાસ્તવિક પૂર્ણાનન્દમય ભાવવો અને આત્મપ્રભુતાના જુસ્સાને પ્રબળપણે પ્રગટાવવો. શત્રુઓની મધ્યે આત્મપ્રભુતાનો ત્યાગ ન કરવો અને દીન ન બનવું

હું સત્યરૂપ છું. જેઓ મરતાં પણ સત્યને છોડતા નથી, અપકીર્તિ થતાં કે નિર્ધન થતાં સત્યને છોડતાં નથી, તેઓ મારી પાછળ ચાલનારા છે. અનેક વિપત્તિઓમાં ફસાયા વિના કોઈ પકવ વીર બની શકતો નથી. જેઓ અસત્ય અને સ્વાર્થના ગુલામો બને છે તેઓ ચારિત્રબળને સહેજે ખીલવી શકતા નથી. વસ્ત્ર—વેષ ફેરવવામાં ત્યાગ નથી, પરંતુ મોહવિકારનો નાશ કરીને પરમાર્થ જીવન ગાળવામાં અને અનેક સ્વાર્થોનો ભોગ આપવામાં

ત્યાગ છે. મનુષ્યો દુઃખોને સહવારૂપ તપથી આત્મમહાવીરતા પ્રગટાવી શકે છે. નામ, રૂપ, મોહ, કીર્તિ, પ્રતિષ્ઠા, ચાહના વગેરેથી પરમાત્મપદના ઊંડા આનંદમય પ્રદેશમાં પ્રવેશ થતો નથી. દેહાધ્યાસ છૂટ્યા વિના હું કોઈને મળી શકતો નથી. જેઓ દેહભાવે કે બાહ્યભાવે મરતા નથી તેઓ મારા પરબ્રહ્મમહાવીર એવા ઉજ્જવલ પ્રકાશને પ્રાપ્ત કરી શકતા નથી. દેહાધ્યાસ અને મનને માર્યા વિના કોઈ આત્મજીવનને પ્રાપ્ત કરી શકતા નથી.

પોતાના સંબંધમાં આવનારા સર્વ મનુષ્યો વગેરેને દુઃખ, આપત્તિ, સંકટમાં સહાય આપો. પરસ્પર સહાય કરો. એકબીજાને મેરુની પેઠે અડગ બની સહાય આપો. જેઓ સહાય કરે છે તે આત્મત્યાગીઓ છે. મનુષ્યોને સહાય કરનારાઓ પર મારો પ્રેમ વર્ષે છે, અને તેથી તેઓની શુદ્ધ બુદ્ધિની તથા સત્ય પ્રેમની વૃદ્ધિ થાય છે. ગૃહસ્થોને અને ત્યાગીઓને સહાય આપતાં મૃત્યુ આવે તેથી ખુશ થાઓ, કારણ કે તેવા મરણથી મારી નજીક તમો આવો છો. સહાયમાં શરીર અને પ્રાણનો ત્યાગ થવાથી મનુષ્ય અન્ય ભવમાં ઠેઠ પ્રભુતા અને એકતાની નજીક આવે છે અને તે મને ભેટી મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. ન્યાયી મનુષ્યોને અને ધર્મીઓને સહાય કરો. ઉદાર વિચારાચારમાં મનુષ્યોને સહાય કરો. તમારા આત્માને ઉચ્ચ બનાવવા માટે તમો તમારા સંબંધમાં આવનારાઓને નિષ્કામ બુદ્ધિથી સહાય કરો. મનુષ્યોને મારા ભક્ત બનાવવામાં સર્વ પ્રકારે પ્રેમ, પ્રભુતા, સુન્દરતા, સત્યતા, એકનિષ્ઠા, પ્રામાણિકતા વગેરે ગુણોની પ્રવૃત્તિથી સહાય કરો. દુષ્ટ રાક્ષસોને પણ સાત્ત્વિક બનવામાં સહાય કરો. ગરીબોને, રોગીઓને, અનાથોને, અબોલાં અપંગોને બનતી સહાય આપો. દુઃખીના કરુણ શબ્દની પાછળ જાઓ અને તમારા સુખનો ભોગ આપી તેઓને સહાય કરો.

અન્યોને સહાય આપો, પણ ફૂલો નહીં. અન્યોને સહાય તમો જે પ્રમાણમાં આપો છો તેના કરતાં લાખો કરોડ અનંતગુણી

હું તમને સહાય આપું છું. જેઓને તમે સહાય કરો છો તેઓની પાસેથી બદલા તરીકે સહાયની કદી ઇચ્છા ન કરો. એથી તમારી ઉન્નતિ ઘણી ઝડપથી થશે. ગુપ્ત રીતે જ્યાં સહાય કરવી ઘટે ત્યાં ગુપ્ત રીતે સહાય આપો. તમારી પાસે જે શરીર, મન, વાણી, લક્ષ્મી વગેરે છે અને જે થશે તે સહાયના ફળ તરીકે છે, માટે ઊલટથી સહાય કરો. સહાય કરવામાં પોતાને ભૂલી જાઓ અને બીજાઓ જે સંકટો અને દુઃખો આપે તે પણ ભૂલી જાઓ. આકાશ સમાન આત્માને અને પૃથ્વી પેઠે ક્ષમાને ધારણ કરીને અન્ય દેહધારીઓને ઘટતી સહાય આપો. સહાય લેવા કરતાં સહાય દેવામાં રસીલા બનનારા મારા ભક્ત જૈનો બને છે.

ઉત્સાહી બનો :

ઉત્સાહી બનીને દરેક કર્તવ્યકાર્ય કરો. જે મૃત્યુ જેવા પ્રસંગોમાં ઉત્સાહી રહ્યા કરે છે અને અન્યોને ઉત્સાહી બનાવે છે તે અશક્ય કાર્યો કરી શકે છે. તે પરબ્રહ્મપદને પામ્યા વિના રહેતો નથી. ઉત્સાહથી શરીરમાં નવીન બળ પ્રગટે છે. ઉત્સાહબળથી વાણીબળ ખીલે છે અને આત્માની અનંત શક્તિઓનો વિકાસ થાય છે. ઉત્સાહ સમાન કોઈ બળ નથી. ઉત્સાહ સમાન કોઈ જીવનતત્ત્વ નથી. ઉત્સાહબળ એ મારું બળ છે. તેમાં જે રહે છે તે મારામાં રહે છે. તેનાથી જે વિમુખ થાય છે તે મારાથી વિમુખ થાય છે. પૂર્ણોત્સાહમાં અમર આશા વિલસે છે. પૂર્ણોત્સાહ એ જ સર્વ કાર્યના વિજયની નિશાની છે.

સર્વ પ્રકારની શક્તિઓને પ્રગટાવનાર ઉત્સાહ છે. અશક્ય એવાં કાર્યોને ઉત્સાહથી કરો. જે પ્રજા દુનિયામાંથી મરી જવાની છે અને ઇતિહાસપટમાંના ચિત્રમાં પણ જે જીવવાની નથી તેનામાંથી ઉત્સાહ મરી જાય છે. ઉત્સાહબળથી મનુષ્યો લાંબી જિંદગી ગુજારે છે. જેનામાં ઉત્સાહ છે તે જીવતો રહે છે. જેનામાં કોઈ પણ પ્રકારનો ઉત્સાહ નથી તે મૃતક સમાન છે. સર્વ કર્તવ્ય-

કર્મોને ઉત્સાહથી કરો. આત્માની સર્વ પ્રકારની શક્તિઓને ઉત્સાહથી પ્રગટાવો. જે કાર્ય કરવામાં ઉત્સાહ પ્રગટે છે તે કાર્ય કરવામાં આત્મશક્તિઓની અને મનુષ્યોની અન્ય શક્તિઓની સહાય મળે છે.

તમે ગમે તેવી દુઃખી અને હીન દશામાં આવી ગયા હો અને કોઈની સહાયનો લેશમાત્ર આધાર ન હોય, તોપણ ઉત્સાહથી કાર્ય કરો. અધીરા ન બનો. તમે તમારાં કાર્ય પડતાં ન મૂકો. દુઃખના, શોકના વિચારો ન કરો. આ ભવમાં આયુષ્યના છેલ્લા શ્વાસોચ્છ્વાસે પણ જે ઉત્સાહ તમોએ ધાર્યો હશે તે તમને અન્ય ભવમાં અવતાર લેતાં અનંતગણો ઉપયોગી થઈ પડશે—એવો આશાના વિશ્વાસથી પૂર્ણ ઉત્સાહ ધરી મન, વાણી, કાયાથી કાર્ય કરો. રંક મનુષ્યો ઉત્સાહબળથી છેવટે ચક્રવર્તી રાજા બન્યા છે. કાર્ય કરવામાં નિષ્ફળ જવાથી, પાછા હઠવાથી, સંયોગો અનુકૂલ ન બનવાથી નિરુત્સાહી ન બની જાઓ. આયુષ્યની છેવટની પળ સુધી ઉત્સાહી રહો. ઉત્સાહી મનુષ્યો કર્મના વિક્ષેપોનો નાશ કરે છે.

મનુષ્યો ! તમે હજારો વખત હાર પામીને પણ ચારિત્રાદિ બળ પ્રગટાવવા અને મારું પરમાત્મપદ મેળવવા સદા ઉત્સાહી રહો. મારા પર તમારો વિશ્વાસ અને પ્રેમ જો સત્ય છે તો તમો ઉત્સાહથી આગળ વધો. સુવ્યવસ્થિત બનીને ઉત્સાહબળે ખુશમિજાજથી કાર્ય કરો. હજારો લોકો તમને ભાંડે, ગાળો દે કે તમને આરોપ દે, તોપણ તમે જરાય ન ગભરાઓ અને જરા પણ ક્ષુબ્ધ ન થાઓ. તમારા શુદ્ધાત્મસ્વરૂપને નજર સામે રાખી, તેને યાદ કરી ઉત્સાહથી કાર્ય કરો.

ખંત, અડગ શ્રદ્ધા, પ્રેમ, વ્યવસ્થા અને પૂર્ણોત્સાહ જ્યાં છે ત્યાં મારી સહાય છે, કારણ કે હું ઉત્સાહથી ખુશ થાઉં છું. મારા પર વિશ્વાસ રાખનાર સદા ઉત્સાહી બનીને અશક્ય કાર્યોને કરે

છે. જ્યારે ત્યારે પણ ઉત્સાહી જ પ્રભુતા પામે છે. હૃદયમાં ઉત્સાહરૂપ ભભૂકતો અગ્નિ છે ત્યાંસુધી નિરુત્સાહ અને આલસ્યરૂપ શીત આવતું નથી. જે તીર્થંકરો, જિનો, ઋષિઓ આજ સુધી થયા છે અને થશે તે ઉત્સાહબળથી જાણવા. નાનાં બાળકોમાં ઉત્સાહ જુઓ. વેલડીઓમાં વધવાનો ઉત્સાહ જુઓ. ઉત્સાહ એ જ મારી સર્વ શક્તિઓમાંની એક શક્તિ છે. તેને જે ભજે છે તે મને ભજે છે. તે મારો ભક્ત જૈન છે. હું તેને સહાય કરું છું. માટે મનુષ્યો! ઉત્સાહી બનો.

**પ્રભાતકર્તવ્ય :**

મનુષ્યો! વહેલા ઊઠો. રાત્રે વહેલા સૂઈ રહીને જે વહેલા ઊઠે છે તેઓ શારીરિક આરોગ્ય અને માનસિક આરોગ્યની પુષ્ટિને પ્રાપ્ત કરે છે. વહેલા ઊઠનારા મનુષ્યો વિશ્વમાં પ્રગતિમાર્ગમાં આગળ આવે છે. વહેલા ઊઠીને કર્તવ્યકાર્ય કરવાથી કાર્યની સિદ્ધિ થાય છે. ગામ કે નગરની બહાર વૃદ્ધશંકા નિવારણાર્થે (મલત્યાગ કરવા) જવું. વૃદ્ધશંકા માટે નગરાદિકની બહાર જવાથી શુદ્ધ હવા મળે છે, શરીરનું આરોગ્ય સચવાય છે અને મગજ પ્રફુલ્લ રહે છે. સારી રીતે યોગ્ય કાષ્ઠથી દંતધાવન કરવું અર્થાત્ દાંત સાફ કરવા. જીભની ઊલ ઉતારવી. સ્વચ્છ નદીજલ કે કૂપજલાદિથી સ્નાન કરવું. સવારમાં વહેલાં પ્રાણાયામ કરવો તથા મલ્લકુસ્તી, કસરત વગેરે કરવાં. શરીર પર તૈલાદિનું મર્દન કરી નાહવું. બાલકોને વહેલાં ઉઠાડવાં. શરીરની અશુચિ સર્વથા ટાળવી. ગૃહસ્થોએ અને ત્યાગીઓએ જળ, શૌચાદિકથી શરીર નિર્મળ કરવું. સારી રીતે નદી, સરોવર, કુંડ, કૂપાદિક સ્થળે સ્નાન કરવું. ગુરુકુલના વિદ્યાર્થી બાળકો અને બાલિકાઓએ પ્રભાતનાં કાર્ય સારી રીતે કરવાં.

રજોગુણી અને તમોગુણી વૃત્તિ ટળે અને સાત્ત્વિક વૃત્તિ પ્રગટે એવો આહાર ગ્રહણ કરવો. સાત્ત્વિક આહાર માટે વિશેષતઃ લક્ષ દેવું. અતિ આહારથી શરીરમાં અનેક પ્રકારના રોગો પ્રકટે

છે. શરીરમાં જેટલો પચે તેટલો આહાર ગ્રહણ કરવો. ત્રણ ભાગનું ભોજન એક ભાગનું પાણી અને ઉદરમાં એક ભાગ ખાલી રહે તેવી રીતે ભોજન કરવું. પ્રસન્ન મન રાખીને ભોજન કરવું. ઘરની આવક પ્રમાણે વ્યય કરવો. જમતી વખતે ગુસ્સો કરવાથી આહારની સાત ધાતો પ્રગટે છે. તેમાં ક્રોધની વર્ગણાની પુષ્ટિ થાય છે. માતાએ બાળકને ધવરાવતી વખતે પ્રસન્ન મન, પૂર્ણ પ્રેમ અને સારી ભાવના રાખવી અને ગમે તેવા પ્રસંગો આવે તો પણ ક્રોધ ન કરવો.

જ્ઞાતિજમણ આદિ જમણપ્રસંગે આનંદથી ભોજન કરવું. અકરાંતિયાવેડા કરી ખાવું નહીં. ખાતી વખતે આનંદ પ્રગટે, મિજાજ ખુશ રહે એવી રીતે વર્તવું. ખાતી વખતે શોકના વિચારો કરવા નહીં, કરાવવા નહીં અને શોક કે ક્લેશ થાય એવું અનુમોદન કરવું નહીં. એકી વખતે ખાવાથી રોગાદિક થાય એમ લાગે તો જેમ પચે તેમ એકથી વધારે વખત ખાવું. ભોજનની મધ્યમાં જળ પીવું. જમીને બેત્રણ કલાક પશ્ચાત્ જળપાન કરવું અગર ખાતી વખતે તૃષા લાગે તો પાણી પીવું; નહીં તો જ્યારે તૃષા લાગે ત્યારે ભોજન પછી પાણી પીવું. તૃષા વખતે તૃષા મટે એટલું પાણી પીવું. મેદ, ક્ષય વગેરે રોગો ન પ્રગટે એવી રીતે શરીરની સંભાળ લેવી.

વૈદકશાસ્ત્રનો બાળકોએ અને બાલિકાઓએ અભ્યાસ કરવો. શરીરની પુષ્ટિ સચવાય એ પ્રમાણે ઔષધ અને વાયુનું સેવન કરવું. જમ્યા બાદ તરત શરીરમાં રોગો પ્રકટે એવી અતિ મહેનતવાળું કામ, ખાસ પ્રસંગ વિના, કરવું નહીં. મિષ્ટ પદાર્થોનું અત્યંત વારંવાર ભોજન ન કરવું, પણ વખતસર ભોજન કરવાની ટેવ પાડવી. અજીર્ણ પ્રસંગે ભોજનનો ત્યાગ કરવો. શત્રુઓના હાથે ભોજન લેવાનો પ્રસંગ આવે તો બહુ સાવચેતી રાખવી. ભોજનના સમયે અતિથિ આવી ચઢે તો તેનો વિનયપૂર્વક આદર-

સત્કાર કરવો અને બહુમાન તેમ જ પ્રેમપૂર્વક ભોજન જમાડવું. નિયમિત વખતે આવેલા અતિથિઓને ભોજન કરાવવું અને જેમ બને તેમ તેઓને સાથે લઈને ભોજન કરવું. ઘરનાં દાસદાસીઓ અને નોકરોની સાથે ભોજનભેદ કરવાથી લક્ષ્મી, કીર્તિ, ઐક્ય, બલાદિનો નાશ થાય છે. ઘરનાં અને કુટુંબનાં સર્વ મનુષ્યોની તેમ જ પશુ-પંખીની ભોજનવ્યવસ્થા બરાબર કરવી અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિવેક કરી ભોજન કરવું.

અતિથિસેવા :

ગૃહસ્થો અને ત્યાગીઓએ પોતાને ત્યાં આવેલા અતિથિઓની પ્રેમ અને બહુમાનપૂર્વક સેવા કરવી. આર્યોનું અનાદિકાલથી અતિથિસેવાનું પરમ કર્તવ્ય છે. પોતાને ઘેર આવેલા અતિથિઓની સામા ઘર બહાર જવું. તેમને નમન કરવું. તેઓના પગ ધોવા. તેઓને ક્ષેમકુશલ પૂછવું. પોતાના ઘેર પધાર્યા તે માટે તેમનો આભાર માનવો અને પોતાના આત્માદિને ધન્યવાદ દેવો. અતિથિઓની ખાવાપીવાની વ્યવસ્થા રાખવી. અતિથિઓને સત્ય પ્રેમથી બોલાવવા અને તેઓને ખુશમિજાજમાં રાખવા.

ગૃહસ્થો અગર ત્યાગીઓ, પુરુષો અગર સ્ત્રીઓ પોતાને ઘેર આવે ત્યારે શક્તિ પ્રમાણે તેઓની સેવા કરવી. તેઓની સાથે સભ્યતાથી વર્તવું. તેઓને શોભે એવા રીતરિવાજથી તેઓની સાથે વર્તવું. અતિથિની સારી રીતે સંભાળ રાખવી અને તેઓની સાથે દેશકાલાનુસાર વિવેકથી વર્તવું. પોતાના ઘેર પધારેલા એવા શત્રુઓનું પણ અતિથિ તરીકે સ્વાગત કરવું, પણ તેઓ પોતાને દગો ન દે એવી રીતે સાવચેતીથી વર્તવું. યથાશક્તિ અન્નદાન દેવું. આવક પ્રમાણે વિવેકપૂર્વક વસ્ત્રો પહેરવાં અને વસ્ત્રો સ્વચ્છ રાખવાં. પોતાના ઘેર આવેલા અતિથિઓનું કદી અપમાન કરવું નહીં.

આર્યાવર્તમાં અતિથિની પ્રભુ પેઠે સેવાચાકરી કરવામાં આવે છે, તેથી આર્યાવર્તમાં મહાપુરુષોનો અવતાર થાય છે. ગમે

તે જાતનો, ગમે તે દેશનો, ગમે તે ધર્મનો અતિથિ પોતાના ઘેર પધારે તો તેનું વાણીથી સ્વાગત કરવું અને મારા નામના જયઘોષપૂર્વક તેને મારા નામની સાથે નમન કરવું. અતિથિઓને મારાં ઉપદેશો અને વચનામૃતો સંભળાવવાં. મારા ભક્ત એવા અતિથિઓ પાસેથી મારા કહેલા ઉપદેશો શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સાંભળવાં. અતિથિઓએ અતિથિના ધર્મો જાળવવા અને અતિથિસેવા પાછી વાળવા આત્મભોગ આપવો. જેના ઘરમાં અતિથિનો વાસ થતો નથી તેનું ઘર પ્રેતવન જેવું જાણવું. ઘરમાં લઘુ બાળકો અને બાલિકાઓને પણ અતિથિસેવાનું શિક્ષણ આપવું.

પોતાના ઘેર અતિથિ તરીકે બનેલા મનુષ્યો પાસેથી અતિથિને યોગ્ય ભોજન કે સેવાના બદલામાં કશું કંઈ લેવું નહીં. અતિથિની સેવાને પ્રભુસેવા પેઠે જાણવી અને તેનો પ્રતિ બદલો લેવાની પ્રાણુ પડે તોપણ ઇચ્છા કરવી નહીં. પોતાના ઘેર પધારેલા ગુરુઓ, સન્તો, રાજા વગેરેનું સારી રીતે સ્વાગત કરવું. જેને મીઠા શબ્દોથી અતિથિ વગેરેનું સ્વાગત કરતાં આવડતું નથી તે પુરુષો અને સ્ત્રીઓને મૂઢ કે જંગલી જાણવાં. ગૃહસ્થનો અતિથિસેવારૂપ મહાધર્મ છે. અતિથિસેવા માટે ગૃહસ્થાશ્રમમાં રહેવાની જરૂર છે.

જેના ઘેર આવેલો અતિથિ પાછો ફરે છે અને અપમાન પામે છે તેના ઘરમાંથી પ્રભુ પાછા જાય છે અને લક્ષ્મી વગેરે દેવતાઓથી તે ઘર શૂન્ય થાય છે. જે ઝૂંપડીમાં અતિથિસેવા થાય છે તે ઝૂંપડી સ્વર્ગથી મોટી છે.

જે ઘરમાં અને કુટુંબમાં પુરુષો અને સ્ત્રીઓ આનંદમાં રહે છે, મારું ધ્યાન ધરે છે, સંપીલા રહે છે, મારા ઉપદેશ પ્રમાણે વર્તે છે અને અતિથિઓ નાભિના શબ્દોથી આશીર્વાદ પ્રકટાવે છે તે ઘર મહાસ્વર્ગ છે. જે ઘરમાં રહેનારા મનુષ્યો આનંદથી અતિથિઓની સાથે મારી ભક્તિનાં ગાન ગાય છે તેમાં મારો વાસ છે.

ગુરુસેવા :

ગુરુની સેવાભક્તિથી અજ્ઞાનનો નાશ થાય છે અને આત્મા પોતાનું સ્વરૂપ ઓળખે છે. અભેદતા, એકતા, સમતા અને લીનતાથી આત્મામાં અનંત આનંદ પ્રગટે છે. સર્વ પ્રકારના ગુરુઓ કરતાં આત્મજ્ઞાની ગુરુ મહાન છે.

આત્મા યાને મહાવીર એક છે. ગુરુની સેવાભક્તિ એ જ પરમાત્માની સેવાભક્તિ છે. ગુરુ પર વિશ્વાસ અને પ્રેમ ધારણ કરવાથી અને તેમની મન–વાણી–કાયાદિની પ્રવૃત્તિમાં ઉપકારત્વ અનુભવવાથી ગુરુની વાણીની અસર થાય છે. વેષાચાર કે મત–ક્રિયાદિમાં મૂંઝાઈ ન જાઓ. ગુરુના આત્માની સાથે વિશ્વનું તથા પોતાનું ઐક્ય અનુભવવું. ગુરુની સેવાચાકરી કરવાથી જે જ્ઞાન થાય છે તેનો નાશ થતો નથી. પુસ્તકો વાંચીને જે જ્ઞાન કરવામાં આવે છે તેમાં શાસ્ત્રમમતા, શાસ્ત્રપ્રતિબદ્ધતા રહે છે અને તેથી લકીરની ફકીર જેવી વૃત્તિ રહે છે. લોકવાસનાનો પૂર્ણ નાશ કરવા ગુરુની વાણી-રૂપ શ્રુતજ્ઞાનની આવશ્યકતા છે.

ગુરુની માનસિક પ્રસન્નતા અને કૃપા મેળવવાથી હૃદયમાં જ્ઞાન ઠરે છે. ગુરુની બાહ્ય તથા આંતરિક મહત્તા જાણવી અને તેનો સર્વત્ર પ્રકાશ કરવો. ગુરુની નિન્દા કે હેલના કરવાથી કુળ, જ્ઞાતિ વગેરેનો નાશ થાય છે. પ્રેમ વિના ગુરુની પ્રાપ્તિ થતી નથી. જેઓ અજ્ઞાની છે તેઓ ગુરુના પ્રેમી ભક્તો બની શકતા નથી. ગુરુના હુકમ પ્રમાણે વર્તવું અને તેમની પ્રસન્નતા વધે એવી રીતે વર્તવું. તેમની આશાતના થતી વારવી. ગુરુમાં અને મારામાં અભેદ અને એકતા અનુભવવી. ગુરુના આશીર્વાદ પોતાના પર ઊતરે અને ગુરુના હૃદયમાં ઊંડા ઊતરી શકાય એવી રીતે તેમની સાથે પૂર્ણ વિશ્વાસ અને પ્રેમથી વર્તવું. ગુરુના હૃદયને પોતાનું હૃદય આપનારો આત્મમહાવીરને જાણી શકે છે. ગુરુના હૃદયનો જે ઘાત કરે છે તે ગુરુઘાતક બને છે. ગુરુના નિન્દક અને દ્રોહીની

અનેક પ્રકારે પડતી થાય છે.

ગુરુને વિધિથી નમન કરવું તથા દ્રવ્ય અને ભાવથી તેમનું પૂજન કરવું. ગુરુના ઉપકારોનો પ્રતિબદલો કરોડો ભવો લીધા છતાં અને કરોડોગણી સેવા કરવા છતાં પણ વળી શકતો નથી. ગુરુને સર્વસ્વનું અર્પણ કરવું અને વિશ્વમાં શુભાશુભ બુદ્ધિ ન રહે, હર્ષ શોક ન થાય, વિશ્વમાં કોઈ પદાર્થ શુભ અગર અશુભરૂપે દેખાય નહીં, વિશ્વમાં તથા દેહમાં શુભ પરિણામ તથા અશુભ પરિણામ ન થાય, કોઈપણ જાતનો મનમાં ભય ન પ્રગટે એવું પૂર્ણાનન્દ પ્રગટાવનાર આત્મજ્ઞાન મેળવવું.

પુણ્ય અને પાપના પરિણામ વિના પુણ્ય અને પાપ લાગતું નથી અને પુણ્ય–પાપ લાગ્યા વિના અવતારો થતા નથી. વિશ્વમાં કોઈપણ પદાર્થમાં શુભાશુભ બુદ્ધિ રહે નહીં ત્યારે મનનો આત્મામાં લય થાય છે. હર્ષ, શોક, ક્રોધ, મોહ, ચિન્તા વગેરે લાગણીઓવાળા મનથી મુક્ત આત્મસ્વરૂપમાં રહેવું તે મુક્તદશા છે. સદ્‌ગુરુદેવ સર્વ પ્રકારની કર્મપ્રકૃતિરૂપ માયાથી રહિત એવું શુદ્ધાત્મસ્વરૂપ દર્શાવે છે. કયા ભક્ત શિષ્યને કયા માર્ગથી મારી તરફ વાળી મારો સાક્ષાત્કાર કરાવવો તેનું જ્ઞાન ગુરુને હોય છે. માટે ભક્તશિષ્યોએ ગુરુની આજ્ઞા પ્રમાણે ધર્મકર્મ કરવાં અને નિષ્કામપણે ગુરુની સેવા કરવી.

ગુરુની સેવામાં સર્વસ્વનું અર્પણ કરવું અને તેમાં મૃત્યુનો ભય તથા જીવવાની વાસના પણ ત્યજી દેવી. ગુરુનું ખરા પ્રેમથી એક ટાંપું ( કાર્ય ) કર્યું હોય તો તે તથા એકવારનું દર્શન પણ નકામું જતું નથી. ગુરુની સેવાભક્તિથી કોઈ કાળે પડવાનું થતું નથી. તે હજારો અને કરોડો પ્રત્યવાયોને ( વિઘ્નોને ) દૂર કરીને, આત્મા તે જ પરમાત્મા છે એવો અનુભવ કરાવી અનંત દુઃખનો નાશ કરે છે.

**ચિદાનન્દરૂપ આત્માને અનુભવો :**

સર્વ પ્રકારની પરતંત્રતા એ જ દુઃખ છે. જ્યાંસુધી મનુષ્યને

પોતાનામાં ન્યૂનતા લાગે છે અને પોતાના કરતાં અન્યત્ર કંઈક વિશેષ છે એવું લાગે છે ત્યાંસુધી દુઃખ છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના ઘરમાં અગર વનમાં સુખ નથી. જડ વસ્તુઓની પ્રાપ્તિથી સુખ મેળવવાની આશા તે નિરાશા છે. જ્યાંસુધી શરીરમાં રહેલો આત્મા આનંદરૂપ છે એવું નિશ્ચયજ્ઞાન થયું નથી ત્યાં સુધી વિશ્વનો કોઈ શહેનશાહ બને તોયે તે અંતરમાં દુઃખી રહેવાનો જ. આખી આલમમાં આત્મા વિના અન્યત્ર સાચો આનંદ નથી. આત્માનો પૂર્ણાનન્દરસ અનુભવાયા વિના કોઈપણ મારો ભક્ત વિષયોના રસથી પાછો ફરવાનો નથી કે વિષયરસની વાસનાનો અનેક ભવોમાં પણ નાશ કરવાનો નથી. આત્માના આનંદનો સાક્ષાત્કાર થવો એ જ મારી વાસ્તવિક પ્રાપ્તિ છે.

મારા શરીરને તથા મારી બાહ્ય પ્રવૃત્તિને જાણનારા કરતાં આત્માનન્દ રસનો જેઓ સ્વાદ કરે છે તેઓ જ ખરા મહાત્માઓ અને સન્તો છે. વિશ્વમાં મારા નામરૂપની અપેક્ષાએ અબજો મનુષ્યો મને જાણી શકે છે. અબજોમાંથી લાખો મનુષ્યો મને નામરૂપથી હું ભિન્ન છું એમ જાણી શકે છે. લાખોમાંથી હજારો મનુષ્યો મને આત્મા તરીકે જાણી શકે છે અને હજારોમાંથી આંગળીના વેઢે ગણાય એટલા મનુષ્યો મને જ્ઞાનાનંદરૂપ જાણીને મને પામે છે.

આત્મા તે જ હું છું. આત્માનાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ તે જ મારું આંતર સ્વરૂપ છે. તેમાં જેઓ રમે છે તેઓ સર્વ પ્રકારની બાહ્ય તથા આંતરિક ગુલામગીરીની બેડીમાંથી મુક્ત થાય છે. આત્મા જ મુક્ત છે અને મુક્તિ એ જ વૈકુંઠ છે. મનુષ્યો ! ચિદાનન્દરૂપ આત્મા તે જ તમે છો. તેની અનંત શક્તિઓનો અનુભવ તે જ મારો અનુભવ છે. આત્માની પ્રેમલગની લાગ્યા વિના સર્વ કર્મનો નાશ થતો નથી. આખી રાત્રીના અંધકારનો જેમ સૂર્યના કિરણના એક ક્ષણમાત્રના ઉદયથી નાશ થાય છે, તેમ અનાદિકાળનું અજ્ઞાન પણ આત્મજ્ઞાનથી એક ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે.

અજ્ઞાન અને મોહ જ દુ:ખના દેનાર છે. મૈથુન વગેરેમાં સુખવાસનાની બુદ્ધિનો અજ્ઞાનથી પ્રકટભાવ થાય છે. આત્માનું સત્ય જ્ઞાન પ્રગટતાં આત્મામાં જ સુખબુદ્ધિનો નિશ્ચય થાય છે.

આત્મા જ દેવ, ગુરુ અને ધર્મ છે. સર્વ પ્રકારનાં શરીરોનું સૌન્દર્ય ખરેખર આત્મસૌન્દર્યની આગળ કાળા કોયલા (કોલસા) જેવું લાગે છે. સ્રી વગેરેના શરીરનું સૌન્દર્ય તો આત્મસૌન્દય આગળ કલેડાના કાળા રંગ જેવું છે. મનુષ્યો ! આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરો અને પૂર્ણાનન્દમય આત્માને અનુભવો. આત્માનંદનો રસ લાગવો તે જ વિશુદ્ધ પ્રેમ છે. આત્માનન્દનો રસ પ્રકટતાં બાહ્ય શરીરના જીવનમરણમાં રાગ અને શોક અંશમાત્ર પણ રહેતા નથી અને ત્યારે તે દશાને વીતરાગદશા તરીકે અનુભવી શકાય છે. અખંડ, અવિનાશી, નિત્ય, સત્, સનાતન, ધ્રુવ, અજર, અમર, અરૂપી, અનામી આત્મા એ જ વીર, મહાવીર અને આત્માનન્દથી વધનાર વર્ધમાન છે—એમ અંતરમાં નિશ્ચય થતાં બાહ્ય જડ જગત સ્વપ્ન સમાન લાગે છે અને સર્વત્ર આત્માનો અનુભવ થતાં સહેજે પરતંત્રતાની ભ્રાન્તિનો નાશ થાય છે.

આત્માનું અનંત સામર્થ્ય :

સર્વ વિશ્વનો પ્રભુ આત્મા છે. સર્વ વિશ્વ તે આત્માનું શરીર છે એમ ભાવો. તેમાં દેવલોક, ચન્દ્ર–સૂર્યાદિ ગ્રહો, અસંખ્ય ગોળાઓ, મૃત્યુલોક, નરકો છે. વિશ્વ એ તમારું અંગ છે એમ માનીને કર્તવ્યકાર્યો કરો. તમારામાં વિશ્વ છે અને વિશ્વનાં સર્વ અંગો તમારાં અંગો છે એમ જ્ઞાન–જ્ઞેયની સાપેક્ષાએ જાણો. તમારું શરીર એ વિશ્વનું અંગ છે એમ જાણીને તમો અનંત આકાશ સમાન ઉદાર બનીને કાર્યો કરો. કાર્યો કરતાં અનેક મુશ્કેલીઓ સામી આવે તો તેની સામે યુદ્ધ કરીને વિજય મેળવો. કાર્ય કરતાં પરાજય થાય તો તેથી આત્મસામર્થ્યના વિશ્વથી પાછા ન હઠતાં કાર્ય કરો. મરણની છેલ્લી પળ સુધી આત્મોન્નતિનાં કાર્ય કરો.

અનંત સામર્થ્યમાં વિશ્વાસ એ જ મારો વિશ્વાસ છે. આત્માના સામર્થ્યથી જડચેતનાત્મક વિશ્વસૃષ્ટિ બને છે, તો પછી બીજું કયું કાર્ય ન બની શકે? આત્માના સામર્થ્યથી સૂર્ય અને ચંદ્ર પ્રકાશે છે, તારાઓ ફરે છે, પૃથ્વી ચાલે છે, સર્વ પદાર્થો નિયમિત ગતિથી વહ્યા કરે છે. આત્માના સામર્થ્યને પ્રગટ કરો. અનંત ભવથી લાગ્યાં આવતાં કર્મો પણ આત્માના જ્ઞાનસામર્થ્યથી કાચી બે ઘડીમાં નષ્ટ થઈ જાય છે અને આત્મા વિશુદ્ધ પરમાત્મા બને છે. આત્માના અનંત સામર્થ્યની આગળ કર્મપ્રકૃતિ દાસી જેવી છે. આત્માના સામર્થ્યનો પાર આવતો નથી. આત્માની અનંત શક્તિઓનો અંત આવતો નથી.

અનંત સામર્થ્યનો ધણી આત્મા શરીરમાં વિરાજમાન છે. તેની આગળ ઉપયોગ પ્રધાન છે, મન કારભારી છે, વાણી પુરોહિત સમાન છે, શરીર–મહેલ દેવ સમાન છે, કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો દશ દિક્પાલ સમાન છે, દેહનાં નવ દ્વારો નવ ગ્રહ સમાન છે, દેહની સાત ધાતુઓ સાત સમુદ્ર સમાન છે. શરીરમાં રહેલા આત્માના અનંત સામર્થ્યમાં વિશ્વાસ રાખો. આત્માના અંશમાત્ર સામર્થ્યના પ્રકાશથી મનુષ્યો દેવોની પેઠે વિશ્વમાં પૂજાય છે અને દુનિયામાં નામ અમર કરી જાય છે.

અનેક વિઘ્નો અને મરણાંત કષ્ટોની સામે ઊભા રહેવા માટે આત્મમહાવીરનો વિશ્વાસ રાખો. હજારો વખત પરાજય કે નિરાશા મળે તોપણ કર્તવ્યકાર્યમાં પાછા લાગો. અંતે વિજય છે છે ને છે જ એમ વિશ્વાસ રાખો. દુનિયા હસે, નિંદે, મશ્કરી કરે અને સામી પડે તોપણ આત્માના સામર્થ્યથી આત્મશક્તિઓનો પ્રકાશ કરો, આલસ્યરૂપ અસુરનો નાશ કરો અને નિદ્રા પર જય મેળવો. વ્યસનોને દૂર હાંકી મૂકો એટલે તમે પરમાત્મપ્રભુરૂપ એવા મારી પાસે આવવા નક્કી ભાગ્યશાળી થશો. આત્માના અનંત સામર્થ્યમાં જેઓને વિશ્વાસ છે તેઓ અશક્યમાં અશક્ય કાર્ય

કરવાને શક્તિમાન થાય છે. તેઓમાં હું સત્તાવ્યક્તિરૂપે છું. આત્માના સામર્થ્યને તમો જે બાબતમાં વાળશો તેમાં વળશે. અનંત સામર્થ્યથી તમો પોતાને જેવા ધારશો તેવા બનાવી શકશો. તમો પોતાને જેવા ધારો તેવા બનાવવા સમર્થ છો એવો પૂર્ણ વિશ્વાસ રાખો.

હસનારની સામું વિશ્વ હસે છે, રોનારની સામું વિશ્વ રુએ છે. વિજયની ઇચ્છાવાળાને વિશ્વ વિજયવાળું દેખાય છે. આત્મ-મહાવીરના સામર્થ્યમાં તમો વિશ્વાસ રાખશો, તો તમારામાં વિશ્વ વિશ્વાસ રાખશે. તમો આત્મામાં અવિશ્વાસી હશો, તો તમારામાં વિશ્વ અવિશ્વાસી રહેશે. આત્માના અનંત સામર્થ્યમાં સંશય રાખનાર પોતે નષ્ટ થાય છે અને પોતાની આજુબાજુનાઓનો પણ નાશ કરે છે. પોતે આનંદી થશો તો સમગ્ર વિશ્વ આનંદી દેખાશે. પોતે ઉદ્વેગી બનશો તો વિશ્વ ઉદ્વેગી લાગશે. પોતાને સામર્થ્યહીન જે દેખે છે તે પોતાની પ્રકાશમાન થતી શક્તિઓનું ખૂન કરે છે. કર્મનો વાંક કે દોષ કાઢીને બેસી રહેનારાઓ કર્મનો નાશ કરી શકતા નથી. માટે આત્મસામર્થ્યમાં વિશ્વાસ રાખો.

દેશ, કોમ, સમાજ, સંઘાદિક એ આત્માનું અંગ છે. તેમાં આત્મશક્તિઓનો વિકાસ કરીને તેનાં અંગોને મજબૂત અને ધાર્મિક બનાવવા માટે આત્મસામર્થ્યને વાપરવામાં અંશમાત્ર પણ પ્રમાદ ન કરો. આત્માના અનંત સામર્થ્યને બોલવામાં, વાંચવામાં, શ્રવણમાં અને વિચારવા માત્રમાં ન દેખાડો, પણ તેને કાર્ય કરીને દેખાડો. આત્માનું અનંત સામર્થ્ય પ્રગટાવવા માટે તમારી પાસે મન, વાણી અને કાયાનું સાધન છે. એ ત્રણ વિના અન્યની જરૂર પડે તેમ નથી. હજારો વખત તમો ચારિત્ર વગેરેમાં નાસીપાસ થયા હો અને પોતાના કર્તવ્યથી પાછા હઠયા હો તેથી દીન અને શોકગ્રસ્ત જરા માત્ર ન બનો. આત્માના અનંત સામર્થ્ય પર વિશ્વાસ રાખી ખંત, ધીરજ, આશા અને કાર્ય કરવાની સાવચેતી સાથે ચોકસાઈથી કર્તવ્યકર્મમાં આત્મજીવનને હોમો, તો છેવટે તમો કાર્યની સિદ્ધિ કરી શકશો.

આત્માના અનંત સામર્થ્યને વિશ્વાસ રાખી આત્મામાં લયલીન બની જાય તે માણુસ કાચી બે ઘડીમાં પરમાત્મમહાવીરપદને પ્રાપ્ત કરી શકે છે તો અન્ય કાર્યોની સિદ્ધિમાં વિજય મેળવે એમાં શી મોટી વાત છે ? હજારો ઉપસર્ગો અને પરિષહો વેઠીને આત્માની અનંત જ્ઞાનાદિ શક્તિઓ પ્રગટાવવી. એમાંથી કદી પાછા ન હઠવું. કામભોગાદિ વાસનાઓને સમૂળગો એવા તે નાશ કરવો જોઈએ કે મનને લલચાવનારા પદાર્થોમાં પહેલાં જે ભાવ હતા તે પાછળથી અનુભવાય નહીં. બાહ્ય શરીરાદિ પદાર્થોમાં જે કામભોગવાસના પ્રગટે છે તે વાસનાનું આધાર મન છે. આત્માના વિચારાત્મક અંશભૂત મનમાંથી કામાદિ વિકારો કાઢી નાખવાની જરૂર છે, પરંતુ વિકારવાસના જેના પર થાય છે તેને દોષ કાઢી તેનાથી દૂર રહેતાં કંઈ આત્મસામર્થ્યને પ્રકાશ થતો નથી.

આત્માના તાબામાં મનને રાખવાનું સામર્થ્ય ખરેખર આત્મામાં છે. મનને આત્માના તાબે રાખતાં મન એક મિત્રની ગરજ સારે છે અને તેને છૂટું મૂકવાથી તે દુશ્મનની પેઠે આત્માનું અહિત કર છે. આત્માની સાથે જ્યારે મન જોડાય છે ત્યારે યોગની સિદ્ધિ થાય છે. આત્માની સાથે મનને જોડો અને આત્મા વિના અન્ય પદાર્થોમાં જતી અને રાગદ્વેષમાં ભળતી ચિત્તવૃત્તિને નિરોધ કરો એટલે ‘સર્વત્ર હું આત્મા છું, આત્મામાં અનંત સામર્થ્ય છે અને તે આત્માની સાથે મનને જોડાવારૂપ યોગથી પ્રગટ થાય છે’ એમ પૂર્ણ નિશ્ચય થાય છે. આ તમે મારા વચન પર પૂર્ણ વિશ્વાસ રાખી માનો. આત્માના તાબે રહીને મન જ્યારે કાર્ય કરે છે ત્યારે તે અમર જીવનને પ્રગટાવે છે, અને આત્માથી દૂર રહીને મન મોહ સાથે ભળી વિચારો કે પ્રવૃત્તિઓ કરે છે ત્યારે તે સંસારને પ્રગટાવે છે.

આત્મરૂપ મહાવીર પરબ્રહ્મને પ્રિયમાં પ્રિય ગણી, હૃદયમાં તેની પૂર્ણ સત્તાનો નિશ્ચય કરી તેના અનંત સામર્થ્યનો વિશ્વાસ

શકો. જેવી તમે ભાવના કરશો તેવા આત્મસામર્થ્યથી બનશો. પોતાને પ્રભુ ધારનાર પ્રભુ બને છે અને રંક માનનાર રંક બને છે. જેવી તમારી દૃષ્ટિ તેવા તમે છો. તમારા આત્મસામર્થ્યમાં પૂર્ણ વિશ્વાસી બની કર્તવ્યકાર્યો કરો.

મારા ભક્ત મનુષ્યો! તમો પરમાત્મમહાવીર બનો. તમારા માટે સૂર્ય પ્રકાશે છે, ચંદ્ર પ્રકાશે છે. તમારા માટે આ સર્વ વિશ્વ છે. તેનો શુભોપયોગ કરો. આ વિશ્વરૂપ વાડીના અને દેહવાડીના તમે માળી છો. તેને સારી બનાવવી તમારા હાથમાં છે.

નિયમિત આહાર–વિહારાદિક પ્રવૃત્તિ :

મનુષ્યો! તમો નિયમિત આહાર, વિહાર, ઊંઘ, ધંધા વગેરેની પ્રવૃત્તિ કરો. અતિ આહાર, અતિ મહેનત અને ઉજાગરા વગેરેથી આયુષ્ય ઘટે છે, શરીર ક્ષીણ થાય છે અને મનુષ્યજાત વંશપરંપરાએ નિર્બલ બનતી જાય છે. શરીર ક્ષીણ ન થાય એવી રીતે ચાલવું જોઈએ અને કાર્યો કરવાં જોઈએ. સ્ત્રીપુરુષોએ મોટી ઉમરે પ્રજોત્પત્તિ માટે પરસ્પર સંબંધમાં ફક્ત વર્ષમાં એકબે વાર આવવું જોઈએ, કે જેથી લાંબી જિંદગી ગુજારી શકાય અને વૃદ્ધાવસ્થા વહેલી પ્રાપ્ત ન થાય. મનુષ્યોએ આઠ કલાકની ઊંઘ લેવી જોઈએ કે જેથી તેઓનું શારીરિક અને માનસિક આરોગ્ય બરાબર સંરક્ષિત રહી શકે.

તાજી શુદ્ધ હવા, સ્વચ્છ જલ, પ્રકાશ, સાત્ત્વિક ખોરાક અને શોક–ભય–મોહાદિ દુષ્ટ વાસનાઓથી રહિત મન, સાત્ત્વિક આનંદ, નિર્ભય મન અને સાત્ત્વિક ઉત્સાહ તથા પ્રાણાયામથી શરીરનું તથા મનનું બળ વધે છે અને તે કાયમ રહે છે. પ્રવૃત્તિ કર્યા બાદ આરામ લેવો જોઈએ. શરીરબલ વધારનારી અનેક પ્રકારની રમતો રમવી અને ધંધામાં ખુશમિજાજથી પ્રવર્તવું કે જેથી દીર્ઘાયુષ્યવાળા મનુષ્યો વંશપરંપરાએ જીવી શકે.

મનુષ્યશરીર એ દેવમંદિર તુલ્ય છે. તેનો વહેલો નાશ ન

થાય એવા ઉપાયો જે હાલ પ્રવર્તે છે તેમાં પ્રવૃત્ત થવું જોઈએ. માંસ, દારૂ વગેરે વ્યસનોથી મનુષ્યશરીરની વહેલી ક્ષીણતા થાય છે. કાયબળની ક્ષીણતાની સાથે માનસિક બળની પણ ક્ષીણતા થાય છે અને તેથી આત્મશક્તિઓનો વિકાસ કરી શકાતો નથી. આહાર–વિહારાદિક કાર્યોમાં અનિયમિતપણું શરીર અને મનને અત્યંત નુકસાન કરે છે. સર્વ રોગોની ઉત્પત્તિનું મૂલ અતિ આહાર તથા અતિ વિહાર છે.

જે મનુષ્યો દેહરૂપ દેવળમાં વ્યવસ્થા જાળવવાને હોશિયાર નથી તેઓ આત્મમહાવીરને પૂજવાને અધિકારી બની શકતા નથી. દેહ–દેવળમાં આત્મમહાવીર આવેલા છે. તે વિશ્વમાં સર્વ પ્રકારે પોતાનું તથા અન્યોનું શ્રેય કરવા આવેલા છે. દેહરૂપ દેવળને ટકાઉ અને મજબૂત રાખવું એ પોતાની મરજી ઉપર છે. દેહરૂપ દેવળને જેમ બને તેમ સારું રાખવું અને તેમ કર્યા છતાં તેનો નાશ થાય તો દેહાધ્યાસ, દેહમોહ, મૃત્યુભય ધારણ ન કરવો એવો વિશ્વના સર્વ મનુષ્યો પ્રતિ મારો ઉપદેશ છે.

શરીરની કિંમત નથી. આત્મરૂપ મહાવીર પ્રભુ ખરેખર લોકાલોકના પતિ ( માલિક ) જે શરીરમાં વસે છે તે મહાપુણ્યથી મળ્યું છે. તેને ધિક્કારવાની કે તુચ્છ ગણવાની જરૂર નથી. દેહ ખરેખર આત્મશક્તિઓના વિકાસ માટે મળ્યો છે. તેનો જેમ બને તેમ વિવેકપૂર્વક સારો ઉપયોગ કરવો જોઈએ. મોહ, શોક, ભય, અપકીર્તિ, કામભોગ અને વિકારના વિચારો કરવાથી હૃદય નબળું પડે છે અને લોહી શરીરમાં ફરતું અટકે છે. ક્રોધના, ગુસ્સાના, વૈરના ખરાબ વિચારો કરવાથી કોઈ વખત એકદમ હૃદય બંધ પડી જાય છે. દુઃખના, દીનપણાના અને અનેક જાતના ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ વગેરેના ખરાબ વિચારો કરવાથી હૃદયને ધક્કો લાગે છે. શરીરમાં મળ વધે છે, કેશ શ્વેત થઈ જાય છે, વિચાર-વાયુનો પ્રકોપ થાય છે, ગાંડપણ લાગુ પડે છે, રક્ત અને વીર્ય

સુકાઈ જાય છે, આયુષ્ય ઘટતું જાય છે અને છેવટે મરણ થાય છે. માટે મનમાં ભય, ખેદ, કલેશ, ચિંતા વગેરેના મલિન અને દુષ્ટ વિચારો ન આવવા દેવા જોઈએ.

આત્મામાં દુઃખ નથી; મનમાંથી અને દુનિયાના કલ્પિત વ્યવહારમાંથી દુઃખ પ્રગટે છે. આત્માના વિચારો સ્વર્ગ છે અને તે સ્થૂલ સ્વર્ગને રચે છે. શરીરમાં ત્રિપુટીથી ઉપર પ્રાણ વહે છે તો આયુષ્ય ઘટતું નથી અને નિયમિત વહ્યા કરે છે. ક્રોધ, કપટ, વિશ્વાસઘાત, ઇર્ષ્યા, અહંકાર, કામ, મોહ વગેરેના વિચારોથી આયુષ્ય ઘટે છે અને સમભાવ, યોગ, નિરાસક્તિ, શુદ્ધ પ્રેમ, સ્વચ્છ હવા અને સ્વચ્છ જલ, નિયમિત આહાર–વિહાર અને ધંધો વગેરેથી આયુષ્ય બરાબર વહે છે માટે મનુષ્યો ! તમે તે પ્રમાણે પ્રવર્તો.

**સર્વમાં મને દેખો અને અનુભવો :**

ગૃહસ્થ મનુષ્યો નીતિને પ્રાણ સમાન ગણે છે અને તેઓ ગૃહસ્થયોગ્ય સ્વાર્થ ધારણ કરીને મર્યાદાની બહારના સ્વાર્થ, લોભ, ક્રોધ વગેરે કરતા નથી. મનમાંથી સર્વ પ્રકારનાં ભય, ચિન્તા અને શોકની લાગણીઓનો નાશ થાય છે ત્યારે મનમાં સ્વર્ગનું સામ્રાજ્ય પ્રગટ થાય છે. દુઃખ અને વિપત્તિઓ સહન કર્યા વિના અને મારી પ્રાપ્તિ માટે પોતાના સુખમય જીવનનો સર્વ મોહ ત્યજ્યા વિના કોઈ આત્મા મારું પરમાત્મપદ પ્રાપ્ત કરી શકતો નથી.

મનુષ્યો ! જ્યાં તમે નામરૂપને ભૂલી મારું સ્મરણ કરશો ત્યાં હું તમને સહાયક છું. મારામાં ઘડીમાં વિશ્વાસ મૂકનાર અને ઘડીમાં અવિશ્વાસ રાખનાર મનુષ્ય અનંત બળ પ્રાપ્ત કરી શકતો નથી. મનુષ્યો ! બાહ્ય સ્થૂલાદિ શરીરો વડે હું એકદેશી સર્વત્ર વિશ્વમાં છું, અને મારી જ્યોતિ વડે લોકાલોકમાં સર્વત્ર વ્યાપક છું. મારી સૂક્ષ્મ જ્યોતિની શક્તિ આગળ તો અનંત બ્રહ્માંડો એક અણુ જેટલા છે. અનેક ખંડ અને દેશોમાં અનંત નામરૂપે હું છું અને અનંત જ્યોતિરૂપે હું સર્વ અનંત સ્થૂલ–સૂક્ષ્મમાં વ્યાપક છું.

અનંત દેવોના નામથી લોકો પરબ્રહ્મ એવા મારું જ ધ્યાન ધરે છે. ભિન્ન ભિન્ન ખંડ અને દેશોમાં મનુષ્યો અસંખ્ય યોગો અને અસંખ્ય ધર્મોથી મારી પ્રાપ્તિ કરે છે અને કરશે. જે જે ધર્મો જે જે ખંડોમાં જે જે કાળે અને જે જે ઉપયોગે જે જે દ્વારા ઉત્પન્ન થયા છે, થાય છે અને ભવિષ્યમાં થશે તે સર્વ મારી શક્તિઓની પ્રેરણા જાણીને મારામાં લયલીન બનો અને સર્વ ધર્મોને ઉદારભાવે દેખો. સર્વ ધર્મોની ઉપયોગિતા અને સત્યતા જાણો. ભિન્ન ભિન્ન ધર્મોમાં રહેલા મનુષ્યો અનેક બાહ્ય ભેદથી જુદા જેવા લાગવા છતાં પણ અંતરમાં શુદ્ધ પ્રેમ–સમભાવથી મારી પ્રાપ્તિ કરનાર છે.

કોઈ ધર્મની, કોઈ દેવની અને કોઈ ગુરુની નિંદા ન કરો, કારણ કે તેમાં જે સત્ય છે તે હું છું. તે ગુરુઓ અને દેવોને મારા અનેક પર્યાયો અને સત્તારૂપે એક જાણો. મારામાં સર્વનો સમાવેશ જાણી સર્વ દેવોને મારા નામે પૂજો, ધ્યાવો અને સત્ય ગ્રહણ કરો. દેશ, કાળ, ઉપાધિની મર્યાદા બહાર અનંત અપેક્ષાવાળું સત્ય એ જ સર્વત્ર મારું સ્વરૂપ છે. મારા સ્વરૂપને જ્ઞાનીઓ પામે છે. ધર્મના મતભેદથી આત્માઓ પર અરુચિ ન કરો. જેટલા આત્માઓ છે તેટલા ધર્મો છે. ધર્મોમાં વિવિધતા છે તે સૌન્દર્યદર્શક છે, પણ તેમાં વિભેદતા ન દેખો.

પરતંત્ર ન બનો :

સર્વ ખંડ અને દેશના મનુષ્યોને મારા રાજ્યમાં સરખા હક્ક છે. કોઈ ગુલામ નથી. જે મનુષ્યો અન્ય મનુષ્યો વગેરેને ગુલામ કરે છે તેઓ પોતે ગુલામ બને છે અને વિશ્વોન્નતિ કરવાને બદલે તેઓ દેશ, કોમ, સમાજ, કુટુંબને ગુલામ બનાવે છે. કોઈપણ મનુષ્યને ગુલામ ન બનાવો અને કોઈની ગુલામી દેખી તેની ગુલામી દૂર કરો. જે દેશ, ખંડ, રાજ્ય, કોમમાં ગુલામ હોય છે તે અન્તે પડતીને પામે છે. કોઈના આત્માને હલકો ન ગણો. કોઈ

પણ મનુષ્યની સ્વતંત્રતામાં આડા ન આવો. તમે સ્ત્રીવર્ગને ગુલામ કે દાસી ન માનો.

સત્તા અને લક્ષ્મીના પૂજારીઓ તે જડના પૂજારીઓ છે. તેઓ મારી સત્તાના સુખને ભૂલી દુઃખના માર્ગમાં પ્રવેશ કરે છે. જેઓ દુર્ગુણના તાબે રહે છે તેઓ પરતંત્ર બને છે અને પોતાનાં દેશ, કોમ, રાજ્ય વગેરેને પરતંત્ર બનાવે છે. જેઓ દુર્ગુણો, દુર્વ્યસનો સેવે છે અને મારી શિક્ષાઓથી દૂર રહે છે તેઓ અંધકારમાં પ્રવેશ કરે છે, તેઓ પોતાની આજુબાજુના મનુષ્યોને બગાડે છે અને તેથી તેઓ રૌરવ દુઃખને પામે છે. મનુષ્યો! તમારી પાસે પૂર્ણ સુખ પામવાની સામગ્રી છે. તેનો દુરુપયોગ કરી મોહના દાસ ન બનો.

**આત્મામાં અનંત સુખ છે :**

હું અમુક દેશ, ખંડ, જાતિનો પ્રભુ નથી, પણ સર્વનો પ્રભુ છું, અનંત લોકાલોકનો પ્રભુ છું. એક ક્ષણમાત્ર પણ જે મને પૂર્ણ પ્રેમ અને વિશ્વાસથી ધ્યાવે છે અને મૃત્યુકાળની છેલ્લી ઘડીએ પણ જે મારા શરણે આવે છે તેનો હું ઉદ્ધાર કરું છું. તેઓને મારી ભક્તિથી સ્વર્ગ અને સિદ્ધિનાં સુખ મળે છે. જે લોકો સ્વર્ગ પામવાની ઇચ્છા રાખે છે તેઓએ આ ભવમાં પોતાના મનમાં સદ્ગુણોનું સ્વર્ગ રચવું જોઈએ. આખી દુનિયામાંથી દુર્ગુણોને હાંકી મૂકવાથી આખી દુનિયા સ્વર્ગ સમાન બને છે. જેણે અહીં આત્મામાં મનને લયલીન કરી, તેને પ્રેમી બનાવી સ્વર્ગ અનુભવ્યું નથી તેને મૃત્યુબાદ સ્વર્ગ મળતું નથી.

જેઓ અહીં નરકનાં દુઃખોનો અને દુર્ગુણોનો અનુભવ કરે છે તેઓ મૃત્યુ બાદ પણ તેવી દશામાં રહે છે. મરણની છેલ્લી ઘડીએ પણ જેઓ મનમાં અને આત્મામાં સ્વર્ગ કે સિદ્ધિના સુખનો અનુભવ કરે છે તેઓ મૃત્યુ બાદ સ્વર્ગ કે સિદ્ધિનું સુખ પામે છે. આત્મામાં અનંત સુખ છે. તેનો અનુભવ ખરેખર આત્મામાં મનને લયલીન કરવાથી પ્રગટે છે. આ જ સત્ય સુખનો

સત્ય માર્ગ છે.

આત્મા જ પોતાનો ઉદ્ધાર ઉપાદાનપણે કરી શકે છે. આત્મામાં અનંત સુખ છે એવો નિશ્ચય કરનારાઓ પરમ શાંતિને પ્રાપ્ત કરી શકે છે. તેઓ પોતાની મેળે અનંત દુઃખના માર્ગોમાંથી પાછા ફરે છે. દુઃખોના અનુભવથી મનુષ્યો અનંત સુખરૂપ આત્મવીરની શોધ કરે છે અને છેવટે તન, મન, ધનનો ભોગ આપીને તેને પ્રાપ્ત કરે છે. સદ્ગુણોથી સુખ મળે છે અને દુર્ગુણોથી દુઃખ મળે છે. જેઓ વિષયભોગ, મૈથુન, કામભોગથી શરીર અને વીર્યનો નાશ કરે છે તેઓ સુખને બદલે દુઃખ પામે છે. મારા ભક્તો અન્તરમાં સુખ શોધે છે. સત્ય પ્રેમ, શ્રદ્ધા અને આત્મજ્ઞાન વિના સત્ય સુખ અન્તરમાં રહેલું છે છતાં તેનો પ્રકાશ થતો નથી. તમોગુણી સુખથી રજોગુણી સુખ અને તે પછી સાત્ત્વિક માનસિક સુખના અનુભવ પછી મનુષ્યો આત્મસુખના અનુભવમાં આવે છે. પછીથી તેઓ શરીર, વાણી અને મન દ્વારા સુખ ભોગવવાની ઇચ્છા કરતા નથી. શરીર અને પ્રાણનો નાશ થતાં પણ તેઓ આત્મસુખના અનુભવથી આત્મસુખ વિના અન્યત્ર સુખબુદ્ધિ ધારણ કરતા નથી.

જડ જગતમાંથી આસક્તિ ટાળવાને મનુષ્યો લાખો ઉપાયો કરે છે, પરંતુ આત્મસુખનો રાગ થયા વિના તથા આત્મામાં ઇન્દ્રિયો, મન, પ્રાણ, દેહનો હોમ કર્યા વિના જડ જગતમાંથી આસક્તિ ઊઠતી નથી અને આસક્તિ ઊઠ્યા વિના કર્મયોગી બની શકાતું નથી. માટે મનુષ્યો! સાંસારિક પ્રવૃત્તિઓને સ્વાધિકારે સેવવા છતાં આત્મામાં પૂર્ણ પ્રેમ રાખો. આત્મા જ મહાવીર છે. દુનિયામાં અને સ્વર્ગમાં જેટલાં દેવોનાં અને ગુરુઓનાં નામો અને શરીરો છે તે મહાવીરના છે એમ પૂર્ણ નિશ્ચય કરી પ્રવર્તશો એટલે તમોને મારી આંતરિક શક્તિઓની સહાય મળવાની. આત્મસત્તાના અનુભવથી મારી સહાય તે પોતાની સહાય છે. આત્માને જ આત્મા સહાય આપે છે અને તારે છે તેવો આત્મૈક્યભાવે અનુભવ કરી શકશો.

મન સેવક છે અને આત્મા તે મહાવીર હું છું. જ્યાં સુધી તમો મનની દશામાં હશો ત્યાં સુધી તમો ભક્તિથી ભક્ત બની મારું સ્વરૂપ પ્રાપ્ત કરનારા ભક્તો તરીકે છો, અને જ્યારે તમો મનની દશાનું અતિક્રમણ કરીને આત્મદશાથી મને જોશો ત્યારે સ્વામિસેવકભાવ રહેશે નહીં. તેવી આત્મદશામાં આત્માને જ પ્રભુ મહાવીરરૂપે તમે અનુભવવાના. તે કાળે તમે પોતાને 'હું પરબ્રહ્મ મહાવીર છું' એમ અનંત સુખીરૂપે અનુભવવાના. પછીથી તમને પુણ્ય, પાપ અને પુણ્ય–પાપના વિચાર તથા તેની પ્રવૃત્તિમાં નિર્લેપપણું સદાકાળ રહેશે. મારામાં મસ્ત મહાત્માઓને વ્રત, નિયમ કે વિધિની જરૂર રહેતી નથી. તેઓ તેમને યોગ્ય લાગે તેમ પ્રવર્તે છે.

ગૃહસ્થ મનુષ્યો! ગૃહસ્થદશામાં અનેક પ્રકારનાં કર્તવ્ય-કર્મો કરવા છતાં તમો આત્મામાં સુખનો વિશ્વાસ ધારણ કરો. મૈથુન અને કામભોગની વાસનાથી ક્ષણિક સુખ છે અને તેથી દુઃખ તો અનંતગણું છે. માટે આત્માના નિત્ય સુખનો વિશ્વાસ ધારણ કરો અને કામભોગથી શરીર, બળ અને રૂપનો નાશ કરીને દેશ, સંઘ, સમાજની અને પોતાના વંશની પડતી ન કરો. વાસના-ઓથી કોઈને સુખ થયું નથી અને થશે નહીં. મૈથુન અને કામ-ભોગની પ્રવૃત્તિ શરીર અને રૂપનો નાશ કરનાર છે. તેમાં જે રાગ છે તે મોહ છે, પણ તે વિશુદ્ધ પ્રેમ નથી. જેમ જેમ વિશુદ્ધ પ્રેમ વધતો જાય છે અને કામવિકાર ટળતો જાય છે તેમ તેમ આત્મસુખનો અનુભવ વધતો જાય છે,

મૈથુન, રાગપ્રવૃત્તિ કે કામરાગમાં સત્ય પ્રેમ નથી. આત્માનાં મન, વાણી, કાયા એ ત્રણ સાધન છે. એ ત્રણ સાધનથી આત્માના સુખનો અનુભવ કરો. લક્ષ્મી અને સત્તામાં મૂંઝાવું નહીં. તેથી ત્રણે કાલમાં સુખ પ્રાપ્ત થતું નથી. બાહ્ય વૈભવોમાં સુખની બુદ્ધિ ધારણ કરીને અજ્ઞાનીઓ મૂંઝાય છે.

ઘરમાં સ્વર્ગ

મારા ભક્તો ઘરમાં સ્વર્ગ રચે છે. તે ઘરને, કુટુંબને, જ્ઞાતિને, સંઘને, કોમને, દેશને અને આખી દુનિયાને સદ્ગુણો વડે સ્વર્ગ બનાવે છે. એકબીજાના પ્રેમમાં, એકબીજાનું સહન કરવામાં, એકબીજાનાં દુઃખોના નિવારણમાં, એકબીજાની પરતંત્રતા હરવામાં અને આત્મમહાવીરભાવે એકબીજાને દેખીને તે પ્રમાણે પ્રવર્તવામાં ઘરમાં અને જંગલમાં સ્વર્ગ છે. મનમાં ઊપજતા પાશવિક વિકારો પર જય મેળવવાથી અંતરમાં સ્વર્ગ પ્રગટે છે અને તેથી આખી દુનિયામાં જ્યાંત્યાં તમને સ્વર્ગ જણાશે.

શરીરમાં સ્વર્ગ :

મનુષ્યો ! દુઃખ અને વિપત્તિના સાગરો સામે દેખાય અને તેમાં ડૂબી જવાનો વખત આવે તોપણ તમે સત્ય અને ન્યાયથી પ્રવર્તો. તમને તેવા પ્રસંગે અન્તરથી તમારી ઉન્નતિ થાય તેવો મારો પ્રકાશ મળશે તેવો વિશ્વાસ રાખો. જે સ્ત્રી અને પુરુષો સર્વ પ્રકારના ધનથી અને રાજ્યાદિક સત્તાથી સુખી થવા ધારે છે અને તે માટે ભ્રમમાં ભૂલી હજારો, લાખો, કરોડો પાપો કરે છે તેઓ મારા બોધથી વિમુખ બની અજ્ઞાનાંધકારમાં પ્રવેશ કરે છે. તેઓ પોતાના હાથે પોતાના શત્રુ બને છે અને મનુષ્યભવ હારી જાય છે. દુષ્ટોથી સાવધ રહો. પાપીઓને સુધારવા માટે મારી પ્રાર્થના કરો. સત્ય પ્રેમ ખીલવો. પ્રથમ પોતાના ઘરમાં, પોતાના પ્રેમીઓમાં સદ્ગુણનું સ્વર્ગ પ્રકટ કરો. જેઓ પિંડમાં સ્વર્ગ રચે છે તેઓ બ્રહ્માંડમાં સ્વર્ગને પામે છે.

મનમાં સ્વર્ગ :

જેઓના અપરાધો કર્યા હોય અને જેઓના આત્માઓને અનેક પ્રકારે સતાવ્યા હોય, પીડ્યા હોય તેઓની માફી માગો અને તે માટે હૃદયમાં મારું સ્મરણ કરી પશ્ચાત્તાપ કરો. સ્વાર્થના વશમાં અનેક પ્રકારનાં પાપો ન કરી બેસો. ઘરમાં સર્વ મનુષ્યોની

સાથે હળીમળીને પ્રેમથી ચાલો. ક્રોધના જુસ્સાને પ્રગટતો વારો. વૈરથી વૈર શમતું નથી, પણ પ્રેમથી વૈર શમે છે. શત્રુઓને ઉપકારથી જીતો. અપરાધીઓને માફીની સાથે સદ્ગુણી બનાવો. જડ વસ્તુઓથી સુખની ખરી રીતે પ્રાપ્તિ થતી નથી, માટે જડ વસ્તુઓ દ્વારા સુખ ભોગવવાની વૃત્તિઓને જીતો.

આત્મામાં સ્વર્ગ :

સર્વ મનુષ્યોને આત્મજ્ઞાન અને આત્મચારિત્રરૂપ જૈનધર્મનું શિક્ષણ આપો. જ્યારે નવરાશ મળે ત્યારે મારા પર લક્ષ્ય આપો અને જડ વસ્તુઓની ક્ષણિકતામાં નિત્યાત્મમહાવીરરૂપે મને અનુભવો. આ પ્રમાણે ઘરમાં સ્વર્ગ રચો. ઘરને અને જંગલને સ્વર્ગરૂપ બનાવો. સુખ ખરેખર આત્મામાં છે. શરીરરૂપ ઘરમાં રહેલા આત્મામાં અનંત સુખ છે. અનંત દુઃખો પડવા છતાં આત્મામાં સુખનો વિશ્વાસ રાખી ધીર બનો. મારા સ્વરૂપમાં એટલા અલમસ્ત બની જાઓ કે જેથી દુઃખની ભ્રાન્તિ રહે નહીં.

નિરાશ ન બનો :

આત્મા અનંત આનંદમય છે. મોહાદિ આવરણોનો નાશ થતાં આત્માનંદનો અનુભવ આવે છે, દેહાધ્યાસ ટળતાં સ્વર્ગીય સુખનો અનુભવ આવે છે અને મનદશા ટળતાં અને આત્મદૃષ્ટિ થતાં આ મનુષ્યદેહે જ આત્માના અનંત સુખનો અનુભવ આવે છે. તે માટે પુરુષાર્થ કરો, આલસ્યને દૂર કરો, સત્પુરુષોનો અને સંતોનો સમાગમ કરો. સ્વપ્નમાં પણ નિરાશ બનતા નહીં. મારો વિશ્વાસ રાખો. અનંત સુખનો અનુભવ જે પામે છે તે બીજાઓને કહી શકે છે, પણ બીજાઓને કથનમાત્રથી અનુભવ કરાવી શકાતો નથી.

મનુષ્યો ! આત્માના સત્ય અને નિત્ય સુખનો અનુભવ જાતે કરો એટલે પછી તમે દેહ અને પ્રાણમાં આસક્તિ કરી શકશો નહીં. આત્મમહાવીરપ્રભુની અનંત ચમત્કારિક શક્તિઓનો પ્રકાશ જ્યાંત્યાં

યોગીઓ, મહાત્માઓ, ભક્તો, સંતો, જ્ઞાનીઓ વડે કરાય છે તે પર વિશ્વાસ રાખો. આત્મમહાવીર પ્રભુની સત્તા સર્વત્ર એકસરખી છે. તેનું ધ્યાન ધરો, તેમાં મનને લયલીન કરો એટલે તમને અનંત સુખની દિવ્ય આશા પ્રકાશતી જણાશે.

નાસ્તિક જડવાદીઓના અનેક કુતર્કો અને સંકટો ઇત્યાદિથી તમો નિરાશ ન બનો. સર્વત્ર સ્થાવર–જંગમ પ્રાણીઓમાં આત્મમહાવીરને દેખો. તેઓને પૂજો, સત્કારો, પણ તેઓને ધિક્કારો નહીં. તમારી આશા કદી નિષ્ફલ જવાની નથી. મનની નિરાશાવસ્થામાંથી જ આશાનું દૈવી બળ પ્રકટે છે અને તે અનંત સુખનો પ્રકાશ કરે છે. મારો ભક્ત વિશ્વમાં આ ભવ તો શું પણ બીજા અવતારોમાં પણ અનંત સુખરૂપ જીવનરસનો રસીલો બને છે. તે કરોડો પ્રતિકૂલ પ્રસંગોમાં પણ આત્મવીરનો વિશ્વાસ છોડતો નથી.

જે નિરાશ બને છે તે મરણને પામે છે અને જે આશા રાખે છે તે અનંત જીવનને પામે છે. નિરાશ થયેલા મનુષ્યો સારાં કાર્યો કરી શકતા નથી. તે જીતવાના છેલ્લા પ્રસંગે હારીને પાછા દુઃખને પામે છે. વિજયનું ચિહ્ન આશા છે. કોઇપણ પ્રસંગે મનુષ્યો! નિરાશ થતા નહીં. તમો પોતે આત્માઓ યાને શુદ્ધાત્માઓ છો. તમારા આત્માઓમાં અનંત શક્તિ છે. તમો અનંત વિશ્વને રચવાની સત્તાવાળા છો, તો તમારા આત્મામાં રહેલું અનંત સુખ પામવા માટે કદાપિ નિરાશ ન બનો. આશાથી ઉદ્યમી મનુષ્યો વિજયસુખ પામે છે.

કર્મના કર્તા તમે છો અને તેના સંહર્તા પણ તમે જ છો. કરોળિયો જાળ રચે છે. તેમાં તે રહે છે અને જાળથી દૂર પણ તે જ થાય છે, તેમ તમે કર્મ–શરીર–પ્રાણાદિને રચો છો, તેઓનું પાલન કરો છો અને તેઓનો નાશ કરી તે થકી દૂર જાઓ છો. માટે આત્મામાં અનંત સુખ રહ્યું છે. તેમાં વચ્ચે આવનાર મોહાદિ કર્મના

પડદાઓને શુદ્ધોપયોગથી ચીરી નાખો અને આવરણરહિત બની જીવન્મુક્ત બનો. જલબિન્દુઓનો સાગર બને છે તેમ આત્મપુરુષાર્થથી અનંત સુખ મળે છે. તેને માટે આત્મામાં પૂર્ણ પ્રેમથી એકતા અને અભેદતા અનુભવો. મતમતાંતર, ભેદ વગેરેનો ત્યાગ કરી વિશ્વ સાથે અભેદતા અનુભવો.

મનુષ્યભવના બીજા અવતારો લેવા પડે તો ભલે લો, પણ એ અનેક ભવોમાં આશા, ખંત, પુરુષાર્થ, ઉપયોગ, ચારિત્ર અને જ્ઞાનથી શુદ્ધ બની અનંત સુખના ભોગી બનો. બોલ્યા કરતાં કરો. બોલવું એ રૂપું છે અને કરવું એ સુવર્ણ છે. વાતોમાં વખત ન ગાળો. આશામય જીવનથી આત્મમહાવીરને પ્રાપ્ત કરો એટલે અનંત સુખસાગરરૂપ પોતે પોતાને દેખી શકશો. મનુષ્યો! મુક્તિનું સુખ હૃદયમાં છે. તેની આગળ શરીરસુખ ક્ષણિક છે.

તમે પુરુષો, સ્ત્રીઓ, બાલકો અને વૃદ્ધો વગેરેની રક્ષા કરો. વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ ઘેરઘેર મળે, ઘેરઘેર ગુરુકુલો થાય અને વંશપરંપરાએ ઉત્તમ શિક્ષણ મળતું જાય એવો બંદોબસ્ત કરો. સત્ય અને શુભ પ્રતિજ્ઞાઓના પાલક બનો. પૂર્ણ વિવેક કરીને પ્રતિજ્ઞાઓ લો અને એ પ્રતિજ્ઞા પ્રમાણે વર્તો. વખતસર કાર્ય કરવાની ટેવ પાડો. વખતની કિંમત જેઓ જાણતા નથી તેઓ સમય કરતાં અનંતગુણ મહાન એવા આત્માની મહત્તા તો કેવી રીતે જાણી શકે?

મારો કોઈપણ ભક્ત 'મને સત્કર્મો, કર્તવ્યકર્મો કરવાનો વખત મળતો નથી' એવું કહેતો નથી. વખત લાવવો પોતાના હાથમાં છે. વખત મળે કાર્ય કરીશું એમ બોલનારાઓ આલસ્યરૂપ રાક્ષસના પંજામાં સપડાયેલા છે. મનુષ્યમાત્રને પોતાના જીવનમાં સત્કર્મો કરવાનો સમય મળે છે. સમયને પોતાના તાબામાં લેનાર આત્મા છે. કોઈ રાજાને ત્યાં જન્મેલો હોય અને કોઈ

ઝૂંપડીમાં જન્મેલો હોય, તો તેનું કંઈ મહત્ત્વ નથી. ખરું મહત્ત્વ તો બન્નેમાંથી જે સારાં કર્મો કરે છે, વિશ્વનું કલ્યાણ કરે છે તે પર છે.

જે મારા ભક્તો કાળને ઓળખી કર્તવ્યકાર્યો કરે છે તેઓ સર્વ પ્રકારની પ્રગતિની પાછળ રહેતા નથી. તમો જે કંઈ જાણો છો તે પ્રમાણે કરો. મનુષ્યભવ પુનઃ પુનઃ પાછો મળતો નથી. મનુષ્યાવતારની એક ક્ષણની પણ અનંતગણી કિંમત છે. તેથી પ્રમાદી ન બનો. કેટલાક મારા ભક્તો આ વિશ્વમાંથી જે કંઈ સારું છે તે ગ્રહે છે. મારા ભક્તો ગુણાનુરાગી હોય છે. તેથી તેઓ જ્યાં-ત્યાંથી સત્ય ગુણો ગ્રહણ કરે છે. વિશ્વમાં સર્વ પદાર્થોમાંથી જ્ઞાની શિક્ષણ ગ્રહણ કરે છે. વહેતા ઝરાઓમાંથી તે દષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બનાવીને કંઈ કંઈ ઉકેલ્યા કરે છે. પથ્થર, વાયુ, આકાશ વગેરે સર્વમાં તે સત્ય જોઈ શકે છે. મારા પ્રેમી ભક્તો સત્યને શોધી કાઢે છે. અજ્ઞાનીઓને જે અવળું લાગે છે તેમાંથી મારા ભક્તો સવળું ગ્રહે છે. અજ્ઞાનીઓ જે જે કર્મો અને વિચારોથી બંધાય છે તે તે કર્મ અને વિચારોથી મારા ભક્તો મુક્ત થાય છે.

શરીરરૂપ બગીચાનો માલિક આત્મા છે. શરીરરૂપ ક્ષેત્રનો, મનરૂપ ક્ષેત્રનો માલિક આત્મા છે. તેમાં જે જે સારું લાગે તે તે વાવી શકે છે. એક જ સામગ્રીમાંથી કોઈ મહેલ ઊભો કરે છે અને કોઈ ઝૂંપડી કરે છે. તમારી પાસે સર્વ પ્રકારની શક્તિઓ ખીલવવાની સામગ્રી છે. તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો કરી શકો છો. મનુષ્યો જેવું ભવિષ્ય બનાવે તેવું બની શકે છે. આત્માનો નિશ્ચય તે જ તેનું ભવિષ્ય છે. સઘળાઓને હૃદય તો છે, છતાં તે સત્ય અનુભવી શકતા નથી. મનુષ્ય જેવો ધારે તેવો થવાની શક્તિવાળો છે. બીજમાં જેમ વૃક્ષ રહેલું છે તેમ મનુષ્યોમાં સર્વ પ્રકારની શક્તિ રહેલી છે. આત્મામાં પરમાત્મત્વ છે. ફક્ત તેનો પ્રકાશ કરવાની જરૂર છે. પ્રારંભથી જય–વિજય મળે તો તેમાં પ્રમાદ આદિ

થવાનું જોખમ રહેલું છે. દેશ, કોમ, સમાજ વગેરે ઉત્કૃષ્ટ મોજ-શોખ કે વિજય પામીને પાછાં સુસ્ત બની પડતી પામે છે. પ્રથમ વિજય મળે તેથી આત્માને સંભાળો, કારણ કે તેથી ગર્વ, આલસ્ય, અસાવચેતપણું થાય.

નિર્ભયતા, દૃઢતા, આગ્રહ, ખંત, કાર્ય કરવાની ચોકસાઈ, સુવ્યવસ્થા, શક્તિઓની એકાગ્રતા, સંયમ, ઉત્સાહ, વિશ્વાસ અને આશાથી મનુષ્યો વિજયી બને છે. માટે મનુષ્યો ! તમે શારીરિક તથા માનસિક ગુણો ખીલવો. વિશ્વમાં પરમાત્મપદ પ્રાપ્ત કરવા તમે અવતર્યા છો એમ માનો. એશઆરામથી સુસ્ત ન બનો. જેટલા દુ:ખ અને વિપત્તિઓથી મહાન બન્યા છે તેટલા એશ-આરામ અને સુખસામગ્રીમાં પડેલાઓ મહાન બન્યા નથી. જેઓ કીર્તિ–પ્રતિષ્ઠાના પૂજારી છે અને આત્મમહાવીરની સત્ય શક્તિઓની ઉપેક્ષા કરે છે તેઓ અંતે પડતી પામે છે. મોહની મધુરી લાલચથી સત્યના વિનાશક ન બનો.

દાન :

મનુષ્યો ! જેને જે જોઈએ અને તમારી પાસે જે હોય તે આપો. જેટલું આપશો તેનાથી અનંતગણું તમને પાછું મળશે. તમને જે કોઈ આપે તેનો ઉપકાર માનો. જે મળે તે તમો બીજાને આપો અને તેથી ઘણા હર્ષ પામો.

અન્નદાન, ભોજનદાન, જલદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન, સાધુ-સાધ્વીને દાન, ગરીબોને દાન, રોગીઓને ઔષધદાન વગેરેથી આત્માનો ત્યાગ પ્રગટે છે. જેનામાં પોતાનું સર્વસ્વ આપવાની શક્તિ છે તે શિયળને પ્રાપ્ત કરી શકે છે. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન, કીર્તિદાન વગેરે દાનોને ક્ષેત્રકાલાનુસાર સેવો. જે આપે છે તે મને ગમે છે. ટુકડા રોટલામાંથી પણ ટુકડો ભૂખ્યાને આપી ખાઓ. દેશમાં કે સમાજમાં સર્વ મનુષ્યો ભૂખ્યા ન રહે એવો પ્રબંધ કરો. નહેરોનાં, નદીઓનાં પાણી લો અને દુષ્કાલ ન પડે એવી વ્યવસ્થા

કરો. જીવો પરસ્પર એકબીજાના આશરે એકબીજાનું દાન અહીં જીવે છે. સર્વોત્તમ દાન ધર્મ છે.

શિયલ :

જે દાની બને છે તે શિયળને પાળી શકે છે. સદાચાર, સત્પ્રવૃત્તિ, સદ્‌વિચાર, પુણ્ય કર્મો કરવાં અને દુષ્ટ કર્મોનો ત્યાગ તે શિયળ છે. ગૃહસ્થને ગૃહસ્થના અધિકાર પ્રમાણે બ્રહ્મચર્ય પાળવું અને શરીર-ઇન્દ્રિયની પટુતા રક્ષવી તે શિયળ છે.

પરસ્ત્રીના સમાગમમાં આવવા છતાં પણ પુરુષોના મનમાં કામવાસનાનો પ્રાદુર્ભાવ ન થવો અને સ્ત્રીઓને અન્ય પુરુષોના સમાગમમાં અન્ય પુરુષો પર ભાઈ-બાપની બુદ્ધિ રહેવી તે શિયળ છે. સર્વની સાથે સારી રીતે પ્રેમથી હળીમળીને રહેવાનો સ્વભાવ તે શિયળ છે. ઉચ્ચ, ઉદાર, પવિત્ર પ્રેમ, હિતકર સ્વભાવ તે શિયળ છે. એવું શિયળ જે મનુષ્યો પ્રાપ્ત કર છે તેઓ બાહ્યાંતર શક્તિઓને પ્રકટાવે છે અને અશુભ ઇચ્છાઓ, અશુભ વાસનાઓના રોધરૂપ તપને પ્રાપ્ત કરે છે.

તપ :

મન, વાણી, કાયાની અને આત્માની શક્તિઓ પ્રાપ્ત કરવા માટે એશઆરામ, બાહ્ય સુખ વગેરેનો ત્યાગ કરવો, દેશ, કોમ, સંઘાદિક માટે આત્મભોગ આપવો, અનેક પ્રકારનાં દુઃખો સહન કરવાં તે તપ છે. અન્ય જીવોનાં દુઃખો ટાળવા માટે પોતાનાં સુખોનો ભોગ આપવો તે તપ છે. તપથી મોહાદિ કર્મોનો નાશ થાય છે અને આત્માની શુદ્ધિ થાય છે.

સ્વાધ્યાય, ધ્યાન, સમાધિ, મમત્વનો ત્યાગ, દેહાધ્યાસનો ત્યાગ, કાયકષ્ટસહનતા, વિનય, સેવા, પ્રાયશ્ચિત્ત, ઉપવાસ વગેરે તપ છે. જેઓ તપ તપે છે તેઓ મારા શુદ્ધસ્વરૂપમય બને છે. અહંતાના ત્યાગમાં, કીર્તિના ત્યાગમાં અને પોતાનું સર્વસ્વ અન્યોને આપવામાં તપ છે.

તપથી અનેક લબ્ધિઓ, સિદ્ધિઓ, ચમત્કારોની પ્રાપ્તિ થાય છે. મુનિઓ પોતાના આત્માને હિતકારક અને અન્યોને હિતકારક એવાં અનેક પ્રકારનાં શુભ કર્મો અને વિચારોરૂપ તપ કરે છે.

**ભાવ :**

જેઓ તપ કરે છે તેઓ ભાવ, પ્રેમ, રુચિ, આનંદ, હર્ષને પ્રાપ્ત કરે છે. જે જે પ્રવૃત્તિ કરો તે ભાવથી કરો. જે કાળે જે કરાય તેમાં ભાવ લાવો. દાન, શિયળ, તપ વગેરેની પ્રવૃત્તિમાં ભાવથી પ્રવર્તો. ભાવ જેમ જેમ હૃદયમાં પ્રગટે છે તેમ તેમ આવરણોનો નાશ થાય છે. ભાવના અત્યંત વેગથી એકદમ કેવલજ્ઞાન પ્રગટે છે, તો દેવલોકાદિકની ઋદ્ધિ મળે તેમાં તો શું આશ્ચર્ય ?

અશુભ ભાવનો નાશ કરો અને શુભ ભાવને પ્રગટાવો. શુભ ભાવમાંથી અનુક્રમે ઉત્તરોત્તર શુદ્ધ અને વિશુદ્ધ ભાવને આત્મામાં પ્રગટાવો. જેવો ભાવ તેવું ફળ પ્રાપ્ત થાય છે. દેવ, ગુરુ, ધર્મ પર જેટલો પ્રેમભાવ અને હર્ષ પ્રગટે છે તેટલા તમે આત્મોન્નતિમાં ક્ષણે ક્ષણે આગળ વધતા જાઓ છો.

સ્વાધિકારે ભાવથી કાર્ય કરનાર રંક પણ ચક્રવર્તી સમાન છે. જેનો ભાવરૂપ આત્મા ક્ષણે ક્ષણે ઉદાર થતો જાય છે તે દુ:ખમાં, સંકટમાં, રોગમાં પણ સુખની ભાવના કરે છે. હજારો દુ:ખો અને મોહાદિ દુષ્ટ પ્રકૃતિઓ સામે તે યુદ્ધ કરે છે. જેનો ભાવ મહાન તે જ મહાન્ છે, પરંતુ ભાવ વિના ઇન્દ્ર કે ચક્રવર્તી પણ મહાન નથી. ભાવથી કોઈ રોટલી આપે તો તે અમૃતભોજન કરતાં વિશેષ છે. જેના અધ્યવસાય અને પરિણામ ચઢતા ઉલ્લાસવાળા છે તે સર્વ કર્મ કરવા છતાં નિર્લેપી મહાયોગી છે.

સત્તા, લક્ષ્મી, પદવી વગેરેની ભાવ–પ્રેમરસની આગળ ફૂટી બદામ જેટલી કિંમત નથી. ભાવથી સર્વ કરો, સર્વ વિચારો. જેના ભાવ ઉત્તમ છે તે પવિત્ર છે, સ્વર્ગમાં તે સર્વથી પહેલો

પ્રવેશ કરે છે. ભાવથી બેઘડીમાં પરમાત્મપદ પ્રગટે છે. માટે મનુષ્યો ! તરતમયોગથી ભાવ પ્રગટાવો, ભાવથી સેવાભક્તિ કરો.

નિન્દાનો ત્યાગ :

મનુષ્યો ! નિન્દા કરનાર સમાન કોઈ નીચ બનતું નથી, એવું મારું કથન સત્ય જાણી કદી કોઈની નિન્દા ન કરો. તમે તમારું સંભાળો. અન્યની નિંદા કરવાનો તમને કોણે હક આપ્યો છે ? નિન્દા કરનાર કોઈની નિન્દા કરીને તેને સુધારી શકતો નથી. મનુષ્યોની પૂંઠ પાછળ તેઓની અપકીર્તિ કરવા માટે નિન્દા કરનારા પૃષ્ઠમાંસ ખાનારા જાણવા. નિન્દા કરવામાં જેઓને રાગ છે તેઓ મારા રાગી બનતાં પાછા હઠે છે અને અન્યોનું બૂરું કરે છે. વિશ્વમાં ક્લેશ, વૈર, કુસંપ, હિંસાની વૃદ્ધિ કરીને તેઓ પોતાને અધમ બનાવે છે. કોઈનાં મર્મ પ્રકાશવાને માટે ઊપડતી જીભને છેદી નાખો અગર જીભને કાબૂમાં રાખવારૂપ તપ કરો.

દુશ્મનની પણ નિન્દા કરીને તમે તેનું જે અશુભ કરવા ધારો છો તેના કરતાં તમારું લાખો કરોડો ગણું ભાવિ અશુભ થાય છે. તેને તમે દેખી શકતા નથી, પણ તે અશુભ કર્મનું ફળ ભોગવતાં રોતાં પણ છૂટવાના નથી. સર્વ મનુષ્યો કંઈ એકદમ દોષરહિત બની શકતા નથી. મનુષ્યો પ્રકૃતિથી એકદમ ન્યારા થઈ શકતા નથી. તેઓ દોષી હોઈ શકે તેમાં શું આશ્ચર્ય છે ? દોષીના દોષોને ધોનાર પ્રેમ સમાન કોઈ નથી. શુદ્ધ પ્રેમીઓ દોષીઓ અને પાપીઓ પર શુદ્ધ પ્રેમની દૃષ્ટિ ધારણ કરીને તેઓને પોતાના સમાગમમાં લાવી હળવે હળવે સુધારે છે.

શરીરના દોષો કરતાં મનના દોષોનો વિનાશ કરવામાં ઘણો વખત લાગે છે. જેઓ નિંદક છે તે મનની દશાએ ચંડાલ છે. કર્મચંડાલ કરતાં મનથી જે ચંડાલ બને છે, જીભથી જે ચંડાલ બને છે તે બહુ ખરાબ છે. ખૂણામાં કોઈ ન સાંભળે એવી રીતે

કોઈની નિંદા કરવાનો મનમાં વિચારમાત્ર પણ ન લાવો. દોષ-દૃષ્ટિ હોય છે ત્યાં સુધી અન્યોના ગુણ પણ દોષરૂપે જણાય છે.

દેવ-ગુરુ-ધર્મની નિન્દા ન કરો. કોઈના પણ ધર્મની કે આચારની નિન્દા ન કરો, પણ તેમાં જે કંઇ તમને સારું જણાય તે ગ્રહણ કરો. હજારો દોષો મૂકીને એક ગુણને ગ્રહણ કરો. મનુષ્યોમાં જે જે દોષો હોય છે તે પણ દુઃખરૂપ શિક્ષણ આપીને મનુષ્યોને સુખની તરફ વાળવા માટે ગુરુની ગરજ સારે છે. તમારો ગુણ-ગ્રાહી સ્વભાવ રાખો. કોઈના બૂરામાં ઊભા ન રહો. વ્યભિચારી દુષ્ટ લોકોને મહાત્માઓ પોતાના સદ્‌વિચારથી સુધારે છે. મહાત્મા-ઓ વેશ્યાઓના ઘરમાં વાસ કરીને વેશ્યાઓને સુધારે છે તથા જુગારીઓના સમાગમમાં આવીને જુગારીઓને સુધારે છે. તમારી પાસે દોષી, દુર્ગુણી મનુષ્યો આવે તેથી એકદમ તેઓને નિન્દો નહીં, ધિક્કારો નહીં. તેઓને માતૃવત્ પ્રેમવાત્સલ્યથી સુધારો.

પ્રથમ પોતે નિન્દારહિત બનો એટલે હજારગણા ઉપદેશથી જે કાર્ય નહીં બની શકશે તે તમારા નિન્દારહિત આચરણથી બની શકશે. તમો કોઈની નિન્દા કરો છો તેમાં તેને હલકો પાડવાની વૃત્તિ રહેલી હોય છે. કોઈનું બૂરું દેખાય તે દેખવા ખુશી ન રહો. અન્યોની નિંદા કરવી તે પોતાની જ નિન્દા છે અને તેથી પોતાનું જ બૂરું થાય છે એમ જાણી, મનુષ્યો ! દેશ, કોમ, સંઘ, કુટુંબમાં થતી નિન્દાનો નાશ કરો.

જેઓ મારા ભક્તો બનેલા છે તેઓ અન્ય મનુષ્યોના દોષો દેખતા નથી અને કોઈની આગળ કહેતા નથી. કોઈના દોષો કહે તો તે સાંભળતા નથી અને હૃદયમાં સાંભળવાની કે કહેવાની ઇચ્છાના એક વિચારને પણ અવકાશ આપતા નથી. આવી દશા આવે છે ત્યારે આત્મામાં ચારિત્રબળ ખીલી શકે છે અને મારા ભક્તો ભક્ત ટળીને પરબ્રહ્મ પ્રભુ બને છે; વીર, મહાવીર, જયવીર, ધર્મવીર બને છે.

જેને કોઈ દોષ કહે છે તેને કોઈ બીજી અપેક્ષાથી ગુણ કહે છે. માટે આત્મા અને જડપ્રકૃતિનું સ્વરૂપ સમજી સત્ય ગુણ-રાગી બનો, સર્વ મનુષ્યોમાં સારું જુઓ અને સર્વને સારા બનાવો.

**સત્યમાર્ગમાં વિચરો :**

અસત્ય નિન્દાથી ડરો નહીં. પૂર્ણ પરીક્ષા કર્યા વિના એક તરફનું સાંભળીને અથવા સામાના આશયો સમજ્યા વિના તેનાં કાર્યોની ટીકા કરો નહીં. પૂર્ણ તપાસ કર્યા વિના ઊડતી અફવાઓ સાંભળી તેઓને સત્ય માનો નહીં. નિન્દા થશે, લોકો ખરાબ કહેશે એવું મનમાં લાવીને સત્ય કાર્યો, હિતકર કાર્યો, પારમાર્થિક કાર્યો અને સત્ય સુધારાઓથી વિમુખ ન થાઓ. દુનિયાના શબ્દો કરતાં *અંતરમાં સત્યની પ્રેરણા કરનાર આત્મા તરફ ખાસ લક્ષ દો.* જેને કંઈ કહેવું હોય તે તેને રૂબરૂમાં કહો. તેની પૂંઠ પાછળ કોઈને કહેવાથી તેની નિન્દા થાય એવું ન કહો. નિન્દા, ટીકા, લોકાપવાદ, ભય, હાનિ આદિથી ડરીને આત્માને જે સત્ય લાગતું હોય તે પડતું ન મૂકો. દુનિયા સ્તુતિ કરે યા નિન્દા કરે તે તરફ ન જુઓ, પણ સત્ય, પરોપકાર તથા અલ્પ દોષપૂર્વક મહાલાભ થનારાં કાર્યો તરફ જુઓ અને તે કરો.

સત્યમાં મરવું સારું પણ અસત્યમાં જીવવું સારું નથી. અસત્ય માર્ગમાં પ્રવૃત્તિ કરવાથી લોકો સ્તુતિ કરે તથા તાત્કાલિક લાભ થતો હોય, પણ તેથી દેશ, સમાજ, સંઘને નુકસાન થતું હોય અને અંતરમાં પોતાનો આત્મા પોતાને ડંખતો હોય, તો પ્રાણાંતે પણ તે તરફ કદી ગમન કરો નહીં: જેઓ પ્રાણાર્પણથી ડરે છે, મૃત્યુ થવાથી ડરે છે અને અસત્ય, ગુલામ તેમ જ દુઃખી જીવન ગાળવામાં લલચાય છે તેઓ પોતાનું તથા દેશ, કોમ, સંઘ વગેરેનું શ્રેય કરવા સમર્થ થતા નથી. અસત્ય રીતે પોતાની નિન્દા થતી હોય તો તેથી ડરવું નહીં. નિન્દા અને સ્તુતિ બેમાં જેને કંઈ લાગતું નથી અને જે પોતાની ફરજથી મારી આજ્ઞા

પ્રમાણે કર્તવ્ય કાર્યો કરે છે તે વિશ્વમાં પોતાની સત્તા જમાવે છે અને પોતાની આજ્ઞા પ્રમાણે વિશ્વને પ્રવર્તાવે છે.

સત્કાર્યોમાં પ્રવર્તતા આત્માને મેરુપર્વતની પેઠે ધીર અચલ બનાવો. સત્ય એ જ જૈનધર્મ છે. અસત્ય પર જય મેળવવો અને સત્ય તરફ ગમન કરવું એવો મારો જૈનધર્મ જે પાળે છે તે મને પામે છે. ધર્મના નામે થતા વાદવિવાદો, ચર્ચાઓ છોડી દો અને મૌન બની જેટલું ધાર્મિક સત્ય સમજાય તેટલું જાણો અને જેટલું કરી શકાય તેટલું કરો. ન કરી શકાય તેટલું ન કરો, પણ દંભ કે કપટ ન કરો અને એક અસત્ય કરતાં હજારો અસત્ય વદવાના પ્રસંગોમાં ન આવો.

ધર્મશાસ્ત્રોમાં જે જે બાબતો સૂક્ષ્મ હોય, અજ્ઞેય જણાતી હોય તેના જ્ઞાન માટે પ્રયત્ન કરો. દેશકાળને અનુસરી જે ઉન્નતિનો માર્ગ જણાય તે તરફ ગમન કરો. ચારે તરફનો પૂર્ણ વિચાર કરીને કર્તવ્યકાર્ય કરો. જે જે ખંડમાં, જે જે દેશમાં મહાપુરુષો પ્રગટ થાય છે અને દેશ, સમાજ, પ્રજાને જે જે દુઃખોમાંથી ઉદ્ધરે છે અને તેઓનાં સંકટ દૂર કરીને જે જે સારા માર્ગો બતાવે છે તે તે મહાપુરુષો અને મહાત્માઓ ખરેખર મારી તરફથી મારી જ્ઞાનાજ્ઞાપૂર્વક કાર્ય કરનારા થયા છે, થાય છે અને થશે.

સત્ય પર અનેક પ્રકારનાં અસત્યનાં પોપડાં બાઝી જાય છે તેને મહાત્માઓ મરણાન્ત કષ્ટ વેઠીને દૂર કરે છે. કોઈપણ મહાત્મા કે મહાપુરુષ મરણાંત દુઃખ, વિપત્તિ કે સંકટ વેઠ્યા વિના વિશ્વના મનુષ્યોને ધર્મ અને સત્યના માર્ગ ઉપર લાવી શકતા નથી. મહાત્માઓની અપકીર્તિ, નિંદા અને હેલના કરવા માટે દુષ્ટ લોકો બાકી મૂકતા નથી, પણ મહાત્માઓ, સંતો, મહાપુરુષો તે તરફ લક્ષ આપતા નથી. તેઓ તો સત્ય કર્તવ્યકાર્યોને ચારે તરફથી ચોકસાઈ અને વ્યવસ્થા રાખીને કર્યા કરે છે અને તેથી જ તેઓ આત્મબળ પ્રાપ્ત કરી શકે છે

શત્રુઓ તરફથી જે જે હુમલાઓ થાય તેની સામે મારા ભક્તો સર્વ દેશમાં અને સર્વ કાલમાં ઊભા રહે છે. તેઓ દુષ્ટ અસુરો પર જય મેળવે છે અને વિશ્વમાં સત્ય અને ન્યાય્ય એવા મારા ધર્મનો સર્વત્ર પ્રચાર કરે છે. લક્ષ્મી, સત્તા વગેરેની લાલચથી મારા પર પૂર્ણ વિશ્વાસી મનુષ્યો લલચાતા નથી. હજારો લાખો દુઃખ વેઠવાં સારાં, પણ પાપી જીવન ગાળવું કદાપિ સારું નથી. મૃત્યુથી અને જાનમાલના નાશથી ડરનાર પોતાની અને દેશ તથા સમાજની પડતી કરે છે.

વર્તમાનને સુધારો :

ભૂતકાળને ભૂલી જાઓ અને વર્તમાનકાળ સુધારો. વર્તમાનકાળ સુધરતાં ભવિષ્યકાળ સુધરે છે. જે વર્તમાનને બગાડે છે તે ભવિષ્યને બગાડે છે સર્વ પ્રકારની ઉન્નતિ અને અવનતિનો આધાર વર્તમાન પર છે. ભૂતકાળની ગમે તેવી વાતો કરવાથી શું ? જેઓ વર્તમાનમાં સારા છે તે જ સારા છે. ભૂતકાળને પૂજવા કરતા વર્તમાનને પૂજો. જે ભવિષ્યમાં કરવાનું હોય તે વર્તમાનમાં કરો. ભૂતકાળમાં થયેલી ભૂલોને વર્તમાનમાં સુધારો. આ કાળ નઠારો છે અને ભૂતકાળ સારો હતો એવું મનમાં ન લાવો. તમે જે કાળમાં સારા અને ઉચ્ચ બનશો તે કાળ સારો ગણાશે. ભૂતકાળમાં કરેલાં પાપોનો વર્તમાનમાં જ નાશ થાય છે. ગત બાબતનો શોચ ન કરો. જેવા તમે પોતાને ધારો તેવા તમે બની શકો છો. વર્તમાનમાં આત્માની સર્વ પ્રકારની શક્તિઓ પ્રગટાવવા આત્મભોગ આપીને પ્રયત્ન કરો. મારાથી કંઈ ન બની શકે એવો વિચાર ન કરો, પરંતુ મારાથી સર્વ બની શકશે એવી દૃઢ નિશ્ચયરૂપ નિર્યતિ કરીને શુભ કર્મો કરો.

વિશ્વના જીવોનું કલ્યાણ કરવાના વિચાર અને આચારમાં પાપ નથી, પણ છતી શક્તિ ગોપવીને અન્ય જીવોના દુઃખમાં ભાગ ન લેવામાં, સ્વાર્થબુદ્ધિ અને આલસ્યમાં પાપ છે. માટે વર્તમાનમાં સદ્‌વિચારો અને સત્પ્રવૃત્તિરૂપ જૈનધર્મને સેવો. તમારા માર્ગમાં

આડા આવતા આંતર–બાહ્ય શત્રુઓને જીતવા તે જ તમારો જૈન-ધર્મ છે. તેનાથી ચલિત ન થાઓ, કારણ કે એવા ધર્મથી જ્યાં-ત્યાં તમારો જય છે. દુષ્ટ શત્રુઓથી સદા સાવચેત રહો. તેઓનાથી ફસાઓ નહીં. દુષ્ટ શત્રુઓની કલાઓને જાણો અને તેઓ કરતાં લાખો કરોડો ગણી કલાઓ મેળવી તેઓને હરાવો. શરીરમાં રક્તનું એક ટીપું હોય અને એક શ્વાસોચ્છ્વાસ વહેતો હોય ત્યાં સુધી તેઓના ગુલામ ન બનો અને અધર્મ અને અન્યાયના માર્ગમાં પ્રવૃત્તિ ન કરો. તમારા આત્માઓને ગુલામો તરીકે અન્ય મનુષ્યોને કદી વેચો નહીં અને તમો કોઈના આત્માને ગુલામ કરો નહીં. મન, વાણી, કાયાને વેચો નહીં. પોતાના દેશને, કોમને અને સંઘને વેચો નહીં. લોહી રેડીને પણ અન્ય મનુષ્યોને પરતંત્ર થતા અટકાવો. ખરાબ રીતરિવાજો અને કુરૂઢિઓ, કે જેનાથી પુરુષો અને સ્ત્રીઓ દુઃખી થતાં હોય અને દેશ, કોમ તેમ જ સંઘનો નાશ થતો હોય, તેઓનો નાશ કરો.

જે કાળે જે જીવનપ્રદ આહારાદિક કર્મો હોય તે કરો અને સ્વ–પરકલ્યાણ માટે જીવો. સાધુઓનું, સંતોનું, ગુરુઓનું કદી અપમાન ન કરો. તેઓની નિંદા ન કરો. તેઓથી વિશ્વનું અસ્તિત્વ છે. સારા પાડોશીઓ પાસે ઘર કરો. પાડોશીઓના દુઃખમાં ભાગ લો. પાડોશીઓ પર સત્ય પ્રેમ ધારણ કરો. પાડોશીઓને સુધારો. તેઓની ઉન્નતિથી તમારી ઉન્નતિ કાયમ રહેશે. જેવા પાડોશીઓ તેવા તમે છો. તેઓ સારા હશે તો તમારાં બાળકો પણ સારાં થશે.

વર્તમાનમાં સર્વ પ્રકારની ઉન્નતિના માર્ગે તમે પ્રયાણ કરો. સત્યના માર્ગમાં એક ક્ષણમાં પ્રાણ સમર્પતા જરામાત્ર ખચકાતા નથી તેવા વીરો સ્વર્ગમાં દેવો બને છે. પોતાનામાં કદી નીચતા, દુષ્ટતા ન દેખો, આત્મા શુભાશુભ કર્મથી વસ્તુતઃ ભિન્ન છે તેથી તેને નિન્દો નહીં. અશુભ કર્મોથી વર્તમાનમાં પાછા હઠો અને શુભ

કર્મો કરો. તમે અન્તરમાં શુભાશુભ ભાવથી નિર્લેપ રહેવાનો તથા શુદ્ધબુદ્ધિથી વર્તવાનો અભ્યાસ કરો. એ પ્રમાણે જેઓ વર્તમાનકાળ સુધારવા ઉત્સાહી બની કર્તવ્ય કર્મો કરે છે તેને સહાય હું કરું છું.

**ભક્તોની ભક્તિ :**

મારા ભક્તોની સેવાચાકરી, ભક્તિ જેઓ કરે છે તેઓ જે ઇચ્છે છે તે પામે છે. જે હું તમને આપી શકતો નથી તે મારા ભક્તો આપી શકે શકે છે. 'મહાવીર મહાવીર અર્હન્' એવો જાપ જપનારા મારા જૈન ગૃહસ્થ અને ત્યાગી ભક્તોની જે સંગત કરે છે તેને સર્વ દેવો અને દેવીઓ સેવે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, નવ ગ્રહો, દશ દિક્‌પાલ વગેરે સર્વ દેવો અને દેવીઓ મારો જાપ કરનારા ભક્તોની સેવામાં સદા હાજર રહે છે. મારા કરતાં જૈનોની સેવાભક્તિ કરનારને કરોડગણો, પરાર્ધગણો લાભ મળે છે. મારા ભક્તો એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોમાં જે મને જાણે છે તેને કંઈ કરવાનું બાકી રહેતું નથી. તે જે બાહ્ય કે લૌકિક ધર્મ, કર્મો, વ્રતો કરે છે તે ફક્ત વ્યવહારથી કરે છે; વસ્તુતઃ તેઓ કંઈ ન કરે તો કોઈ રીતનો બાધ નથી. મારા ભક્ત જૈનોને કોઈ દેવ–દેવી હેરાન કરી શકતું નથી. તેઓની ઉન્નતિમાં કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી અને તેઓ મૃત્યુ બાદ મારારૂપ બને છે.

મારા ભક્તો મારા ધ્યાનબળ વડે અનેક શક્તિઓને પામે છે. મારા કેટલાક ભક્તોને દુનિયાના લોકો ભક્તો તરીકે જાણી શકે છે, પણ પોતે પોતાને ભક્તો તરીકે જાણી શકતા નથી. કેટલાક મનુષ્યો મારા ભક્તો છે, પણ દુનિયાના લોકો તેઓને જાણી શકતા નથી. કેટલાક લોકો મારા ભક્તો છે એમ જાણે છે અને તેઓને દુનિયાના લોકો ભક્ત તરીકે જાણે છે. કેટલાક પોતાને મહાવીરના ભક્તો તરીકે જાણતા નથી અને તેઓને દુનિયા પણ જાણી શકતી નથી. મારા ભક્તોને સર્વત્ર હું અનેક પ્રકારે સાકારરૂપથી દર્શન આપું છું.

મારા ભક્તો અનેક દેશ, ખંડ, પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે અને થશે. તેઓ મારા વિના બીજું કશું પ્રિય ગણતા નથી. મારા ભક્તો મારા નામનું સદા સ્મરણ કરે છે. તેઓ મને પામ્યા બાદ મને સર્વત્ર પ્રત્યક્ષ દેખ્યા કરે છે. પછી તે મારારૂપ બન્યા બાદ મારું સ્મરણ, ધ્યાન, વ્રત, તપ, જપ, પૂજા વગેરે કરતા નથી. તેઓ તો મારારૂપ થઈ નિત્ય પ્રભુમય જીવનથી જીવ્યા કરે છે. તેઓ ગૃહસ્થાવાસમાં હોય છે તો વ્યવહારથી ગૃહસ્થધર્મ પ્રમાણે પ્રવર્ત્યા કરે છે અને ત્યાગી હોય છે તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તે છે, અને નથી પણ વર્તતા. તેઓ વ્યવહારપ્રવૃત્તિમાં સ્વતંત્ર હોય છે તેથી તેઓ આમ વર્તવું કે આમ ન વર્તવું તેમાં પોતાની મરજી પર આધાર રાખે છે. મારા ભક્તોમાં પણ સર્વથી મારા પર પૂર્ણ પ્રેમ રાખનાર શ્રેષ્ઠ છે. મારા ભક્તોની સેવા કરનારાઓ મને જલદીથી પ્રાપ્ત કરે છે. મારા ભક્તોની સેવાભક્તિથી સ્વર્ગ અને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તો પછી ચક્રવર્તી વગેરેની પદવીઓ મળે તેમાં શું આશ્ચર્ય ?

મારા ભક્તોનાં હૃદયોમાં અવશ્ય મારો વાસ છે. મારો ભાવનાવિર્ભાવ ખરેખર ભક્તોમાં થાય છે. તેથી ભક્તોની સાથે મળવું, તેમનો સમાગમ કરવો, તેમનાં દર્શન કરવાં, તેમને પ્રસન્ન કરવા તે મારી સેવાભક્તિરૂપ છે. મારા ભક્તો રાજ્ય, લક્ષ્મી, સત્તા, ઘર, વ્યાપાર વગેરેને મારી પ્રાપ્તિમાં નાસિકાના મેલ સમાન તુચ્છ માને છે.

મારા ભક્તોનો સમાગમ જેઓને વૈકુંઠ અને સ્વર્ગ કરતાં અનંતગણો પ્રિય લાગે છે તેઓ મારા ભક્ત એવા સાધુ, સૂરિ, બ્રાહ્મણોની સેવાભક્તિ કરતાં બીજું કશું કંઈ ઇચ્છતા નથી. ભૂતકાળમાં સર્વ પૃથ્વીમાં જેઓ પ્રભુપદ પામી મુક્ત થયા છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં જેઓ થશે તે મારા ભક્તોની પ્રેમદૃષ્ટિના બળે જાણવા. જેઓનાં ઘેર મારા ભક્તોનાં પગલાં પડે છે, તેઓ

ખાય છે કે જલપાન કરે છે, તે ઘર સ્વર્ગ સમાન પવિત્ર તીર્થ બને છે. તે ગૃહમાં રહેલ મનુષ્યોનાં પાપો નષ્ટ થાય છે. મારા ભક્તોની સ્તુતિ, સેવા, ભક્તિ કરતાં પુણ્ય થાય છે. 'પ્રભુ મહાવીર વીર' એવી રીતે મારા નામનો જાપ કરનારાઓને જેઓ ખવરાવીને ખાય છે અને તેઓની સર્વ પ્રકારે સેવા, ટાંપુ વગેરે કાર્ય કરે છે તેઓ સ્વર્ગમાં દેવો બને છે. મારા ભક્તોની જીવનલીલાઓમાં જે પ્રભુત્વ, ગુણત્વ, અલૌકિકત્વ દેખે છે અને દોષ દેખતો નથી તે મારો ભક્ત બની છેવટે તે મારા સ્વરૂપી ભગવાન બને છે.

મારા ભક્તો નાતજાતના ભેદ અંતરમાં જરાયે રાખતા નથી, છતાં લોકવ્યવહારમાં નાતજાતનો વ્યવહાર પ્રસંગોપાત્ત રાખવો પડે તો રાખે છે. રાગી ભક્તો કરતાં મારા સ્નેહી ભક્તો મોટા જાણવા. સ્નેહી ભક્તો કરતાં મારા પ્રેમી ભક્તો મોટા જાણવા, સ્નેહી (પ્રેમી) કરતાં મારામાં આસક્ત થયેલા ભક્તો મોટા જાણવા, આસક્ત કરતાં મારામાં વ્યસની થયેલા ભક્તો મોટા જાણવા, વ્યસની કરતાં મહાવીરને સ્વાર્પણ કરનારા ભક્તો મોટા જાણવા, મહાવીરને સ્વાર્પણ કરનારા ભક્તો કરતાં મારામાં એકરસરૂપ અભેદી થયેલા ભક્તોને સ્વયં ભગવદ્રૂપ જાણવા. મારી પાછળ મારો ધર્મ પ્રવર્તાવનાર ગૃહસ્થ અને ત્યાગી ગુરુઓની સેવાભક્તિ કરનારા ભક્તોના જે ભક્તો થશે તે સર્વ પ્રકારના કર્મથી રહિત થઈ મોક્ષપદ પામશે. મારી પાછળ થનારા ગુરુઓ, ભક્તો, ત્યાગીઓ ફક્ત મારા પર પ્રેમ ધારણ કરીને ગમે તેવા બાહ્ય મતોમાં વર્તવા છતાં અન્તરથી સર્વ જીવોથી અભેદી બની શુદ્ધાત્મમહાવીરપ્રભુરૂપ જે હું છું તેને પામશે.

મારા જે ભક્તો મારી ભક્તિમાં તલ્લીન થશે તેઓ મારા સાકાર સ્વરૂપનાં અનેક અવસ્થાવાળાં દર્શન પામશે અને સર્વત્ર વ્યાપક અને નિરાકાર એવા જ્યોતિસ્વરૂપનાં પણ દર્શન પામી પોતે પરબ્રહ્મરૂપ બનશે. ગમે તેવા પાપીમાં પાપી જીવો પણ મારું

શરણ અંગીકાર કરીને એક ક્ષણમાત્રમાં શુદ્ધ થઈ જાય છે. મારી તરફ જેઓ જુએ છે તેઓને સંસારની માયા નડતી નથી. મારા ભક્તોને માયા કે પ્રકૃતિ ખાઈ શકતી નથી અને યમ અર્થાત્ મૃત્યુનું તેઓ પર જોર ચાલતું નથી. જેઓ ગુરુ કરીને તેના શરણે જાય છે અને તેની આજ્ઞા અનુસાર વર્તે છે તેઓને હું મારા ભક્ત તરીકે સ્વીકારું છું. મારામાં, ગુરુમાં અને પોતાનામાં જેઓ અભેદતા, એકતા અનુભવે છે તેઓ મારા ભક્તો બને છે. તેઓની સંગતિથી દુષ્ટ પાપીઓનો ઉદ્ધાર થાય છે. જેઓ પોતાના ગુરુની નિન્દા, હેલના, આશાતના કરે છે અને મારું નામસ્મરણ કરે છે તેઓનો ઉદ્ધાર કદાપિ થતો નથી, ગુરુ વિના કોઈ મને પામી શકતું નથી. મારા શરીરના વિરહ પછી જે લોકો મારા કહેલા ગુરુઓની સેવાભક્તિ કરશે તે તરશે અને તેઓના પ્રત્યનીક એટલે કે વિરોધી થશે તેઓની બુદ્ધિ શુદ્ધ થશે નહીં.

બાહ્યના આચારક્રિયાવાળા કરતાં હાર્દિક પ્રેમવાળા મારા ભક્તો અનંતગુણ શ્રેષ્ઠ છે. ભક્તોનો ભક્તિરૂપ પ્રકાશ જ્યાં હોય છે ત્યાં પાપદોષરૂપ અંધકાર આવી શકતો નથી. ભક્તોની ભક્તિથી ભક્તો પોતાને જેવા ધારે છે તેવા રૂપે આત્મવીરના પ્રતાપે પરિણમે છે, એમાં અંશમાત્ર પણ અસત્ય નથી.

મારા ભક્ત બનેલા ત્યાગીઓ અનેક પ્રકારના હોય છે. તેઓ વિશ્વમાં સર્વત્ર અનેક પ્રકારની વેષાચારની પ્રવૃત્તિથી પ્રવર્તે છે. તેઓ મારામાં એવા તો લયલીન બને છે કે તેઓને મારા વિના બીજું કશું ગમતું નથી. તેઓ સર્વ ખંડોમાં મારી ભક્તિથી અનેક પ્રકારના ચમત્કારો દર્શાવી શકે છે. તે ચમત્કારોરૂપ મારી શક્તિઓ છે. તે ખરેખર ગુરુભક્તિને અધીન છે. મારા ભક્તો પ્રથમ દુઃખ સંકટથી ફસાય છે, પશ્ચાત્ તેઓ શુદ્ધ સુવર્ણની પેઠે સર્વત્ર પ્રકાશી શકે છે. લિંગ, વેષ, મત, ક્રિયાચારમાં અનેક પ્રકારની ભિન્નતા દેખીને મારા ભક્તો તેમાં મૂંઝાતા નથી. મારા ભક્તો મારા રાગી

મનુષ્યોને મારા જેટલા જ બહુમાન અને સત્કારથી સેવે છે અને તેઓને આજીવિકા વગેરેમાં સહાય કરે છે. એ તેઓના પર પૂર્ણ પ્રેમ ધારણ કરે છે તેમ જ તેઓની વ્યાવહારિક અને આંતરિક ઉન્નતિ થાય તેવા ઉપાયો લેવામાં તેઓની સેવા માને છે. તે બાહ્ય વર્ણ, જાતિ, વેષ, મતાચારાદિ ભેદે પરસ્પરમાં ભેદ માનતા નથી. તેઓ પરસ્પર અભેદભાવે વર્તે છે અને પરસ્પરની સેવાભક્તિમાં સર્વ સ્વાર્થોને ભૂલે છે. મારા ભક્તોના દોષોને તે જોતા નથી અને તેઓને સર્વસ્વનું અર્પણ કરે છે.

મનુષ્યો ! તમે મારા ભક્તોની ભક્તિ કરો, મારા ભક્તોએ જેઓ મારા ભક્ત બન્યા નથી તેઓની સેવાભક્તિ કરીને તેઓને અનેક પ્રકારે બોધાદિકથી મારા ભક્તો બનાવવા. મારા ભક્તોએ રાજા વગેરેના ઉપદ્રવો, આઘાતો સહન કરીને પણ મારા ભક્તોની સેવાભક્તિ કરવામાં અભય, અભેદ, અખેદ, અદ્વેષ ધારણ કરવો અને લોકલજ્જાનો તથા લોકાપવાદનો ત્યાગ કરવો. ગૃહસ્થ અને ત્યાગી આચાર્યાદિકની સેવા અને ભક્તિમાં જીવન ગાળવું, કારણ કે મારા જે ભક્તો બને છે તેઓ મારારૂપ છે. જે મારા ભક્તો છે તેઓને ભવનાં કે પાપનાં જે જે બંધનો કે હેતુઓ હોય છે તે મુક્તિરૂપે પરિણમે છે.

મારા મુખથી તમને જે કહેવામાં આવે છે તે પ્રમાણે વર્તવામાં તમને મારી કૃપા પ્રાપ્ત થાય છે. મારા ભક્તો સમ્યગ્દૃષ્ટિવાળા હોય છે. તેઓ દ્વારા મારું સ્વરૂપ વ્યક્ત થાય છે. ઇન્દ્રાદિક દેવો અસંખ્ય રૂપો લેવાને શક્તિમાન છે. તેઓ એક કાળમાં પરસ્પર વિરુદ્ધ એવાં લાખો કરોડો રૂપો લઈ શકે છે. તેઓનામાં જે શક્તિ છે તે મારી પૂર્ણ શક્તિના સાગર આગળ એક બિન્દુ સમાન છે. મારા ભક્તોને મેં અસંખ્ય રૂપો દર્શાવ્યાં છે. તે પ્રમાણે મારા ભક્ત એવા ગુરુઓ પોતાના ભક્તોને મારી ભક્તિના બળથી અનેક રૂપ દેખાડે છે અને ભવિષ્યમાં અનેક રૂપો, અનેક ચમત્કારો

અને અનેક લબ્ધિઓ દેખાડીને તેઓ મારી સેવાભક્તિનો સર્વત્ર વિશ્વમાં પ્રચાર કરી વિશ્વનો ઉદ્ધાર કરશે. અન્ય દેવો અને દેવીઓને ભજતાં જે કર્મો ટળતાં નથી તે કર્મો તો મારા ભક્તોની બે ઘડીની સંગતિ કરતાં ટળે છે. જેઓ મારા ભક્તો પર તર્ક, વિતર્ક, વિકલ્પ કર્યા વિના વિશ્વપ્રેમ ધારણ કરે છે તેઓ મને જલદી પ્રાપ્ત કરે છે. મારા ભકતોના દોષો સામું જોનારા અને વદનારા દોષી બને છે, પરંતુ ગુણો સામું જોઈ ગુણોની પ્રશંસા કરનારા ગુણી બને છે.

મારા ગૃહસ્થ ભકતો અને ત્યાગી ભકતોમાં પ્રકૃતિનું અવલંબન છે. તે ત્રિગુણાત્મક પ્રકૃતિ વિના કોઈ ભક્ત દેહાદિક પામી શકતો નથી. પ્રકૃતિના સંબંધે મારા ભકતો સંસારમાં મારું ધ્યાન ધરી શકે છે અને પોતાના આત્માની ઉત્તરોત્તર ઉચ્ચ સ્થિતિનો વિકાસ કરી શકે છે. માટે મારા ભક્ત મનુષ્યોને જે કર્મપ્રકૃતિના યોગે દેહ, મન, વાણી આદિનો સંબંધ થયો છે તેમાં દુનિયાને જે દોષ કે દુર્ગુણરૂપ લાગે છે તે તો મારા ભકતોને શિક્ષણરૂપ કે ગુણરૂપ પરિણમે છે. માટે સાપેક્ષ ગુણદૃષ્ટિએ ચાલીને મારા ભકતોમાં કોઈ ભકતોએ દોષ કે અવગુણની ભાવના કરવી નહીં. તેઓ જે સ્થિતિમાં મુકાયેલા છે તેમાં અપૂર્વ રહસ્ય છે. તે આગળ ચઢવાને માટે છે તથા તેઓ મારા ભક્ત બન્યા પછી આગળ ને આગળ ઉન્નતિમાર્ગમાં ચઢવાના છે—એમ વિશ્વાસ રાખી તેઓમાં આત્મમહાવીરબુદ્ધિ ધારણ કરો. તેઓની નિંદા ન કરો. તેઓની ઈર્ષ્યા ન કરો. તેઓ પર પૂર્ણ પ્રેમ ધારણ કરો.

જેમ શ્વેત શંખ પંચરંગી માટી ખાય છે તોપણ તેને એક શ્વેત રંગરૂપે પરિણમાવે છે, તેમ મારા ગૃહસ્થ કે ત્યાગી ભક્તો પંચેન્દ્રિય વિષયભોગો ભોગવતા છતાં અંતરમાં નિર્લેપ રહે છે. સોમલ વગેરે ખાવાથી મનુષ્ય મૃત્યુ પામે છે પણ તેની માત્રા ખાવાથી કંઈ ઝેર ચઢતું નથી, તેમ મારા ભક્તોને સાંસારિક કાર્યો

કરતાં, ખાતાં પીતાં, ભોગો ભોગવતાં, દેશ, કોમ, સંઘ, રાજ્ય, કુટુંબ, ધંધો વગેરે કરતાં માયા કે કર્મબંધરૂપ ઝેર ચઢતું નથી. તેમાં તો ખાસ તેઓની સેવાભક્તિ જ કારણ છે. તમે મારા ભકતોના ભકતો બનો, અને જેઓ ભકતો ન બન્યા હોય તેઓને ભકતો બનાવવામાં સર્વ કરતાં તમારી વહેલી મુક્તિ છે એમ નિશ્ચયથી માનો.

કર્મકાંડમાર્ગ કરતાં મારા પર, ગુરુઓ પર અને ભકતો પર પ્રેમ ને શ્રદ્ધા રાખવાથી જલદી મારા ભકતો મને પામે છે. મારા ભકતો તે હું છું અને હું છું તે મારા ભકતો છે—એવા પૂર્ણ વિશ્વાસ અને પ્રેમથી જેઓ પ્રવર્તે છે તેઓ જૈનો છે, તેઓ સમર્થ વીર છે. તેઓને દોષો લાગતા નથી. જેઓ આત્મમહાવીર છે તેઓની સેવા તે મારી સેવા છે

**આત્મનિરીક્ષણ :**

પોતાના આત્માનું નિરીક્ષણ કરો. મનનો કેવો ઉપયોગ કર્યો, વાણીનો કેવો ઉપયોગ કર્યો, કાયાનો કેવો ઉપયોગ કર્યો અને ધનવત્તાનો કેવો ઉપયોગ કર્યો અને કેવો કરવો જોઈએ, તેમાં હાનિ થઇ કે લાભ થયો અને હવે મન, વાણી, કાયાદિકનો કેવો ઉપયોગ કરવો જોઇએ તેનો એકાંતમાં સ્વયં વિચાર કરો. મન, વાણી, કાયાદિકનો સ્વ–પરને હાનિરૂપ દુરુપયોગ થયો હોય તો અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપરૂપ પ્રતિક્રમણ કરો. અર્થાત્ મન, વાણી, કાયાદિકથી થતા દુરુપયોગથી તમે પાછા હઠો અને મન, વાણી, કાયાદિકનો સદુપયોગ કરો. પોતાની કઈ કઈ શક્તિઓ પ્રગટી નથી તેનો વિચાર કરો. મનથી ખરાબ, દુષ્ટ, પાપી વિચાર કર્યા હોય, વાણીથી દુર્ભાષણ કર્યું હોય અને કાયાથી અશુભ પ્રવૃત્તિ કરી હોય તો તેનો પશ્ચાત્તાપ કરો અને મન, વાણી, કાયાદિકનો સ્વપર માટે જે સદુપયોગ થતો હોય તેની અનુમોદના અને પ્રશંસા કરો.

અહર્નિશ આત્મનિરીક્ષણ કરો અને સદા પોતાનાથી થતી

ભૂલોને સુધારો. જે પોતાની કઈ શક્તિઓ છે અને તેનો કેવો ઉપયોગ થાય છે તેનો એકાંતમાં વિચાર કરતો નથી તે વિવેકને પ્રાપ્ત કરી શકતો નથી. પોતાની સત્તા અને લક્ષ્મીનો સદુપયોગ થાય છે કે દુરુપયોગ થાય છે તેનો વિવેક કરીને દુરુપયોગ માટે પશ્ચાત્તાપ અને સદુપયોગ માટે ખુશ થવું જોઈએ. દેશ, સમાજ, પ્રજા, સંઘ, જાતિ, કુટુંબ, ઘર આદિની ઉન્નતિ થાય છે કે અવનતિ થાય છે તેનું દરેક મનુષ્યે નિરીક્ષણ કરવું અને અવનતિના માર્ગોને પરિહરી ઉન્નતિના માર્ગો અંગીકાર કરવા, કરાવવા અને કરતા-કરાવતાનું અનુમોદન કરવું.

સમાજના નિરીક્ષણથી, સંઘ, રાજ્ય, વ્યાપાર આદિ સર્વના નિરીક્ષણથી લાભાલાભ અને ઉન્નતિ-અવનતિનો વિવેક પ્રગટે છે. તેથી અશુભ માર્ગમાંથી પાછા ફરવાનું થાય છે અને આત્માના તરફ ગમન થાય છે. પોતાનું નિરીક્ષણ કરનાર આત્મશક્તિઓને પામવાના માર્ગો તરફ વળે છે. આત્મનિરીક્ષણ વિના કર્તવ્યકાર્યો કરવામાં કોઈ વિજયી બની શકતો નથી.

જૂઠી પ્રશંસા અને કૃત્રિમ મોટાઈથી દૂર રહો. કોઈની હદ બહારની પ્રશંસા ન કરો. જૂઠી રીતે કીર્તિ વધારવાનો લોભ ન કરો. કોઈની ખુશામત ન કરો, પણ કોઈના સત્ય ગુણોની પ્રશંસામાં ખુશામત ન માનો. કોઈના આત્માને તેનાં મન, વાણી, કાયાના દુરુપયોગ માટે ધિક્કારો નહીં, પણ પોતાના સદ્‌વિચારોથી સુધારો.

દેશકાલાદિને અનુસરી જે જે ઉન્નતિના માર્ગો દેખાતા હોય તેમાં સંચરો અને હાનિકારક દુષ્ટ રિવાજો અને રૂઢિઓથી પાછા ફરો. જમાનાને અનુસરી કર્તવ્યકાર્ય કરો પણ જૂનું જે સત્ય હોય તેનો ત્યાગ ન કરો. ભૂતકાળના ઇતિહાસ પર દૃષ્ટિ નાખો અને વર્તમાનમાં આત્માની તુલના કરો. અશુભ લાગણીઓને વશ ન થાઓ અને ક્રોધાદિ કષાયોને શુભ લાગણીઓ રૂપમાં ફેરવી દો. પછી શુભાશુભ લાગણીઓ જીતીને આત્મ દશાએ કર્તવ્ય

માર્ગમાં સંચરો. આત્માનું બળ અશુભ લાગણીઓમાં ન વપરાય અને તેથી અન્ય મનુષ્યોને નુકસાન ન થાય તે માટે એકાંતમાં તેનો ઊહાપોહ કરો. પોતાનાં મન, વાણી અને કાયાનું બળ ક્યાંથી પ્રગટે છે અને તેમાં પ્રમાદ ક્યાં ક્યાં થાય છે તે નિરીક્ષણથી શોધી કાઢો. મનને યોગ્ય વિશ્રાંતિ, કાયાને યોગ્ય વિશ્રાંતિ અને વાણીને યોગ્ય વિશ્રાંતિ તથા યોગ્ય પ્રવૃત્તિ મળે છે કે નહીં તેનું નિરીક્ષણ કરી થતી ભૂલોને વારો.

કુટુંબ, સમાજ, જાતિ, દેશ, રાજ્યાદિકની સાથે પોતાનો સંબંધ કેવો હોવો જોઈએ તેનું તથા શું શુભ કર્યું અને શું અશુભ કર્યું તેનું વિવેકસ્મૃતિથી નિરીક્ષણ કરો અને આત્મશક્તિઓનો વિકાસ કરો.

### જૈનધર્મ એ જ સ્વધર્મ તથા સર્વધર્મ :

જૈનધર્મ એ જ સ્વધર્મ તથા સ્વધર્મમાં સમાતો સર્વ-ધર્મરૂપ છે. જૈનધર્મ એ જ સમષ્ટિ અને વ્યષ્ટિનો ધર્મ છે. જૈનધર્મ આંતરબાહ્ય ધર્મસ્વરૂપ છે. મારા ભક્તો, કે જે ગૃહસ્થાવાસમાં રહેલા છે અને ત્યાગીઓ છે, તેઓનું મન, વાણી અને કાયાનું કર્તવ્ય તથા તેઓના આત્માની ગુણપર્યાયરૂપ પ્રવૃત્તિ એ જ જૈનધર્મ છે.

વિશ્વમાં પ્રવર્તતા સર્વ દેશ અને ખંડના મનુષ્યો થોડાઘણા અંશે ભક્તિ–ઉપાસના–જ્ઞાનમાર્ગમાં વિચરતા જૈનો બને છે. જે જે અંશે મનુષ્ય સત્ય જ્ઞાન અને શુદ્ધ પ્રેમ તરફ વળે છે અને અશુભ ક્રોધાદિકની લાગણીઓને જીતવા પ્રયત્ન કરે છે તે તે અંશે તે ગમે તે વર્ણનો કે ગમે તે દેશનો હોય તોપણ તે જૈન છે અને તેની આત્માની મન, વાણી, દેહ દ્વારા થતી પ્રવૃત્તિ એ જ જૈનધર્મ છે. એ જ ખરેખર સ્વધર્મ છે. ગુણકર્માનુસારે જે જે વર્ણવિભાગમાં મનુષ્ય હોય તે વર્ણના ગુણકર્મની અપેક્ષાએ વર્ણધર્મ તે સ્વધર્મ છે. ગમે તે વર્ણાદિક ધર્મ પાળનાર હોય પણ તે આત્મધર્મની અપેક્ષાએ અને

મનોધર્મની અપેક્ષાએ સર્વ મનુષ્યોની સાથે સમાનધર્મી છે.

કાયા અને વાણીના ધર્મ કરતાં માનસિક પવિત્રતા ઉત્તરોત્તર જૈનધર્મનું ચઢતું સ્વરૂપ છે. અને મન કરતાં આત્માના ગુણ-પર્યાયોમાં રમણતા કરવી અને આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો પ્રકાશ કરવો એ ઉત્તરોત્તર વિશુદ્ધ જૈનધર્મ છે. મન–વાણી–કાયા-ની શુભ પ્રવૃત્તિ પરમાર્થ પ્રવૃત્તિ છે. તે વ્યવહારથી શુભ જૈન-ધર્મ છે અને આત્માના જ્ઞાનાદિ ગુણોનો જે પ્રકાશ છે તે નિશ્ચયથી જૈનધર્મ છે. આત્મા જેમ જેમ ઉચ્ચ અને ઉચ્ચતર દશા તરફ ગમન કરતો જાય છે તેમ તેમ તે જૈન મટીને જિન, જિનેશ્વર, મહાવીર, પરબ્રહ્મ, પ્રભુ બનતો જાય છે.

આધ્યાત્મિક તથા બાહ્ય જે કોઈ ધર્મપ્રવૃત્તિ છે તે સર્વ જૈનધર્મરૂપ છે. વેદાદિકમાં લખાયેલો જૈનધર્મ તે શબ્દરૂપ જૈનધર્મ છે, પરંતુ દરેક આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણો વડે જે ઉન્નતિ કરે છે તે વાસ્તવિક સત્ય જૈનધર્મ છે. દેશ, કોમ, સમાજ, સંઘાદિકની આંતરબાહ્ય ઉન્નતિ કરવી તે સમષ્ટિ ધર્મરૂપ જૈનધર્મ છે. પોતાના તથા અન્યોના કલ્યાણના આશયથી મન, વાણી, કાયાથી કોઈપણ વિચાર–આચાર–કર્મની પ્રવૃત્તિ કરવી તે જૈનધર્મ છે અને તે સ્વધર્મ છે.

આત્મા એ જ વસ્તુતઃ સ્વ છે અને તેનો જ્ઞાન અને આનંદ ધર્મ તે જ સ્વધર્મ છે. આત્માનાં સાધનરૂપ મન, વાણી, કાયા, લક્ષ્મી આદિ ઔપચારિક દૃષ્ટિએ સ્વધર્મ છે અને તેથી મન, કાયાદિકની શુભ પ્રવૃત્તિ કે પરમાર્થ પ્રવૃત્તિ પણ અપેક્ષાએ સ્વધર્મ-રૂપ જૈનધર્મ છે. આત્મા એ જ સ્વધર્મ છે અને તેનું અનંત જીવન પ્રાપ્ત કરવાનાં ઉપાદાન અને નિમિત્ત કારણો પણ સ્વધર્મ છે. સ્વાધિકારે આત્માની અને અન્ય મનુષ્યોની વ્યાવહારિક તથા ધાર્મિક ઉન્નતિ થાય એવા વિચારો અને એવી પ્રવૃત્તિઓ એ જ સ્વધર્મ છે. અનેક દૃષ્ટિઓની અપેક્ષાએ જૈનધર્મરૂપ સ્વધર્મ છે.

જીવમાત્રમાં જ્યાંત્યાં સર્વત્ર પૃથ્વીમાં જૈનધર્મ આવિર્ભાવ અને તિરોભાવરૂપે વ્યાપી રહેલ છે.

ચેતનમાં જે જૈનધર્મ છે તે સત્ય જૈનધર્મ છે અને જે જડ છે તેમાં સાધનની અપેક્ષાએ જૈનધર્મ છે. અનાદિકાળથી અનેક તીર્થંકર ઋષિઓએ કથેલ જૈનધર્મ પ્રવર્ત્યા કરે છે અને અનંતકાળ સુધી પ્રવર્તશે. જૈનધર્મના દેશ, કાલ, ભાષાદિથી કરોડો અસંખ્ય જુદાં જુદાં નામો પડે, તોપણ તે જૈનધર્મના સર્વવ્યાપક વિચારની અપેક્ષાએ જૈનધર્મ છે—એમ સમજીને મનુષ્યો! જૈનધર્મની આરાધના કરો. આત્માનો અન્વયધર્મ તે સત્‌જૈનધર્મ છે અને જે દેહાદિક ધર્મ છે તે અસત્ જૈનધર્મ છે. ઔપચારિક અસદ્ધર્મમાંથી સત્‌જૈનધર્મ-રૂપ આત્મધર્મ કે બ્રહ્મધર્મમાં પ્રવેશાય છે.

જૈનધર્મ અનેક પ્રકારના શુભાચાર અને સદ્‌વિચારરૂપ છે. જે મનુષ્ય જેટલા અંશે સદાચાર અને પવિત્ર હૃદય રાખે છે તેટલા અંશે તે અનંત અભેદમય આત્મજીવનમાં પ્રવેશે છે. અનંત ધર્મ, અભેદધર્મરૂપ જૈનધર્મ છે. જૈનધર્મના આચારની ભિન્નતાએ અને મતની કે વિચારશ્રેણીની ભિન્નતાએ બાહ્ય કરોડો ભેદો પડે તોપણ તે સર્વનો ઉદ્દેશ જો અનંત અભેદરૂપ આત્મધર્મને પ્રાપ્ત કરવામાં હોય તો તે સર્વને અપેક્ષાએ સમ્યગ્ જૈનધર્મના ભેદો જાણવા. સર્વ મનુષ્યો અને જીવોમાં આત્મબુદ્ધિરૂપ જૈનધર્મને દેખો. ક્રિયાની અપેક્ષા-એ બાહ્ય જૈનધર્મ છે, વિચારની અપેક્ષાએ માનસિક જૈનધર્મ છે અને આત્માની અપેક્ષાએ આત્મિક જૈનધર્મ છે.

તમોગુણી જૈનધર્મમાંથી રજોગુણી જૈનધર્મમાં પ્રવેશાય છે, રજોગુણી જૈનધર્મમાંથી સત્ત્વગુણી જૈનધર્મમાં પ્રવેશાય છે અને સત્ત્વગુણી જૈનધર્મની પ્રાપ્તિથી આત્મિક સચ્ચિદાનંદરૂપ જૈન-ધર્મની પૂર્ણ પ્રાપ્તિ થતાં આત્મા જીવન્મુક્ત વૈદેહી મહાવીર બને છે. ઉત્તરોત્તર એવા ક્રમે મનુષ્યો જૈનધર્મની આરાધના કરે છે. પોતાની પવિત્ર ઇચ્છાએ પવિત્ર વર્તન થવું તે જ સદાચાર છે!

પોતાની રુચિ મુજબ અન્ય મનુષ્યો તેઓની ઇચ્છા ન હોવા છતાં આચાર પાળે એવું ઇચ્છવું અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરાવવી તે અધર્માચાર છે.

જેને જેમાં રસ પડે, આનંદ પ્રગટે અને પ્રેમથી જે પસંદ આવે તેવા આચાર પાળવા મનુષ્યમાત્ર બંધાયેલ છે અને તેથી તે આત્મધર્મરૂપ જૈનધર્મની ઉત્તરોત્તર ઉત્તમ દશાને પ્રાપ્ત કરે છે. બીજાઓના તેમના અધિકાર પ્રમાણે જે જે આચારો હોય તેમાં દોઢડાહ્યા થઈ માથું ન મારવું એ જ જૈનનું મુખ્ય કર્તવ્ય છે. જ્યાંથી જેનો ઉન્નતિક્રમ અધૂરો હોય ત્યાંથી મનુષ્યો પોતાની ઇચ્છા પ્રમાણે કે બુદ્ધિ જે પ્રમાણમાં ખીલી હોય છે તે પ્રમાણમાં પ્રવૃત્તિ કરે છે. માટે કોઈપણ મનુષ્યને પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવીને ધાર્મિક વિચારાચારમાં ગુલામ ન બનાવવા જોઈએ.

મનુષ્યો પોતાની મેળે પોતાને અનુકૂળ વિચારાચારરૂપ ધર્મ પારખી લે છે અને તે પ્રમાણે વર્તે છે. તે દોષો કરે છે, પછી પોતાની ભૂલો દેખે છે અને એમ અનુભવ પામીને આગળ વધે છે. મનુષ્યો ! જૈનધર્મ અનંત અભેદરૂપ છે. પ્રેમની ઉત્તરોત્તર વિશુદ્ધતા એ જ ધર્મની ઉત્તરોત્તર વિશુદ્ધતા છે અને તેથી મનુષ્ય દેવ બને છે.

દુનિયામાં જે જે વિદ્યમાન ધર્મો અને દર્શનો છે તે જૈનધર્મના જ્ઞાનમાં અને શુભ પ્રવૃત્તિમાં સમાઈ જાય છે. જૈનધર્મમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ સર્વ ધર્મો રહ્યા છે. સર્વ મત અને પંથના ભેદોમાં જે અભેદ જ્ઞાનાનંદરૂપ આત્મતત્ત્વ રહ્યું છે તથા ભિન્ન ભિન્ન મત, પંથ, ધર્મ માનનારાઓમાં જે જે આત્માઓ જ્ઞાનાનંદરૂપ છે તેઓને તેવા રૂપે માનવા અને તે તે ધર્મો કે પંથોમાં અને તે તે ધર્મીઓમાં આત્માની અભેદતાએ અભેદરૂપ થઈ જવું તે જ અભેદ અનંત જૈનધર્મનું અનંત દૃષ્ટિનું લક્ષ્યબિંદુ છે. માટે મનુષ્યો! જીવતા સર્વ મનુષ્યો, પશુઓ અને પંખીઓને અપેક્ષાએ જૈનધર્મી માનો. તેઓને અંશે અંશે મારા ભક્ત અને મારા

રૂપ માનો. બાકી સત્તાએ તો તે સર્વે, તમે, હું એમ બધા એક પરબ્રહ્મરૂપ છીએ એમ અનુભવો.

પરમાણુરૂપ જડ દ્રવ્ય, કે જે આત્માની સાથે સંબંધિત છે અને જેનાં મન, વાણી, કાયા, કર્મ બનેલાં છે, તે સર્વ પ્રકૃતિરૂપ છે. જડ પ્રકૃતિના પર્યાયોને આત્મા અનેક રૂપમાં ફેરવી ફેરવી શકે છે અને તેથી આત્મા પોતાના બાહ્ય જીવને જીવી શકે છે. તેથી તે પ્રકૃતિ પણ અપેક્ષાએ આત્માને ઉન્નતિમાં વ્યવહારનયે નિમિત્તકારણપણે સહાયીભૂત હોવાથી જડધર્મ તરીકે જાણવી. તેમાં ઇન્દ્રિય, દેહ, મન, વાણી આદિની અપેક્ષાએ નિમિત્તકારણભૂત જૈનધર્મ છે; આત્માની અપેક્ષાએ દેહ, વાણી, મન, કર્માદિ જડપ્રકૃતિ અસત્, માયા, પ્રપંચરૂપ છે; પણ તે વડે આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો વિકાસ થાય છે માટે તેને બાહ્ય નિમિત્તરૂપ જૈનધર્મ જાણવી. જડ પરમાણુઓથી દેહાદિક સૃષ્ટિ બને છે. જડ દ્રવ્યની સૃષ્ટિના કર્તા, હર્તા, ભોક્તા આત્મરૂપ મહાવીરપ્રભુ ખરેખર વ્યવહારનયથી છે.

આત્મામાં અનંત શક્તિઓ છે. જડ સૃષ્ટિને શુભાશુભરૂપમાં આત્મા ફેરવી શકે છે. નિશ્ચયથી જડ સૃષ્ટિનો કર્તા જડ છે અને આત્મસૃષ્ટિનો કર્તા આત્મા છે. વ્યવહારમાં જડ–ચેતન, સ્થાવર–જંગમ સૃષ્ટિનો કર્તા, હર્તા, ભોક્તા આત્મા છે. કર્મની સાથે સંબંધિત આત્મા સબલબ્રહ્મ છે અને રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ કે પ્રારબ્ધ, સંચિત, ક્રિયમાણ પ્રકૃતિકર્મથી રહિત આત્મા શુદ્ધાત્મા, શુદ્ધબ્રહ્મ, પરબ્રહ્મ, શુદ્ધ મહાવીરરૂપ છે.

શુભ વિચાર, શુભ પરિણામ, શુભ કર્મથી પુણ્યનો બંધ થાય છે અને અશુભ વિચાર, અશુભ પરિણામ, અશુભ કર્મથી પાપનો બંધ થાય છે. શુભાશુભ પરિણામ કે શુભાશુભ બુદ્ધિથી રહિત નિરાસક્ત આત્મા પોતાના સ્વભાવમાં રમે છે અને વસ્તુતઃ તે જ સ્વધર્મ—આત્મધર્મ છે. શુભાશુભ પરિણામરહિત આત્મા બાહ્યતઃ

શુભાશુભ કર્મ કરે છે, પણ અંતરથી તેનો હેતુ શુદ્ધ હોવાથી તે કર્મથી બંધાતો નથી. શુદ્ધ આત્મા સંચિત કર્મનો જ્ઞાન વડે નાશ કરે છે અને સુખદુઃખફલરૂપ પ્રારબ્ધમાં સમભાવે વર્તે છે. પ્રારબ્ધના ભોગમાં મૂંઝાઈને નવીન કર્મ બાંધતો નથી તેથી આત્મા સર્વ પ્રકારે મુક્ત અને સ્વતંત્ર બને છે.

મુક્તિનો કર્તા આત્મા છે અને તેનો ભોક્તા પણ આત્મા છે—આવું જેને આત્મજ્ઞાન છે તેની વાણીને સમ્યક્ત્વવાણી જાણવી. તેને શ્રુતધર્મ તરીકે જાણો. જડની સહાયથી બાહ્યાન્તર સર્વ શક્તિઓની પ્રાપ્તિના ઉપાયો અને તેઓનાં કાર્યને ચારિત્રધર્મ જાણો. શ્રુતિ-ધર્મમાં અને ચારિત્રધર્મમાં અસંખ્ય નયોની અસંખ્ય દૃષ્ટિઓને જેઓ પરસ્પર સાપેક્ષતાએ જાણે છે તેઓ ધર્મશાસ્ત્રોમાં અને ચારિત્રની અનેક અવસ્થાઓમાં મિથ્યા એવા કદાગ્રહથી રહિત આસ્તિક બને છે. તેઓ જ ખરેખરી રીતે મારા સત્ય ભક્ત જૈનો બને છે. તેઓ જ જૈનધર્મના આરાધક તથા પ્રવર્તક બની શકે છે. મારા ઉપદેશમાં જેઓ શ્રદ્ધા ધારણ કરે છે તેવા ઉપાસકો, બ્રાહ્મણો કે શ્રાવકો જૈનો છે. જેઓ અશુભ વિચારોને જીતે છે અને શુભ વિચારોમાં પ્રવેશે છે તેઓને અંશે અંશે પણ જૈનધર્મી જાણવા. ભક્તિયોગ, જ્ઞાનયોગ, ઉપાસનાયોગ, કર્મયોગ, શક્તિયોગ આદિ યોગો વડે રજોગુણ અને તમોગુણ પર જય મેળવી શકાય છે, અશુભ લાગણીઓ પર જય મેળવી શકાય છે. માટે ભક્તિ તેમ જ જ્ઞાનાદિ સર્વે અસંખ્ય યોગો જૈનધર્મરૂપ જાણવા.

જે દેશમાં, ખંડમાં જે યોગરૂપ જૈનધર્મની ન્યૂનતા કે હીનતા હોય છે અને જે યોગની જરૂર લોકોને હોય છે તે ધર્મનો ઉદ્ધાર કરવા તે તે યોગી મહાત્માઓ પ્રકટે છે અને તે દેશમાં તે યોગ-રૂપ જૈનધર્મનો પ્રકાશ કરે છે. એમ સર્વત્ર વિશ્વમાં જે જે મહા-ત્માઓ જ્ઞાન, કર્મ, ભક્તિ આદિ યોગરૂપ જૈનધર્મના પ્રકાશક થયા છે, થાય છે અને થશે તે મારા ભક્તો, ત્યાગીઓ અને યોગીઓને મારી

જ્ઞાનાજ્ઞાપ્રવર્તક જાણવા. જૈનધર્મ એ મારું બાહ્યાંતર સ્વરૂપ છે. મારું અનંત સ્વરૂપ છે એમ જેઓ જાણે છે તે જૈનધર્મી છે.

દેવગુરુની ભક્તિ કરવી, સાધુઓની સેવા કરવી, ગૃહસ્થને યોગ્ય અને ત્યાગીને યોગ્ય વ્રત, તપશ્ચરણ કરવાં તે જૈનધર્મ છે. જેઓના અપરાધો કે ગુનાઓ કર્યા હોય તેઓની માફી માગવી, મનુષ્યોને જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગમાં ચઢાવવા, દુઃખીઓનાં દુઃખ ટાળવાં, ઇન્દ્રિયોને કુમાર્ગમાં જતી અટકાવવી, અશુભેચ્છાઓનો ત્યાગ કરવો, અન્ય જીવોના ભલામાં યથાશક્તિ ભાગ લેવો તે જૈન-ધર્મ છે. પુણ્યમાર્ગમાં પ્રવૃત્તિ કરવી અને પાપમાર્ગથી પાછા ફરવું એ જૈનધર્મ છે. દેશ, સંઘ, રાજ્યાદિક વડે સર્વ મનુષ્યોનું અને સર્વ જીવોનું શ્રેય થાય એવી પ્રવૃતિ કરવી અને અકલ્યાણ-માર્ગમાંથી પાછા ફરવું તે જૈનધર્મ છે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ તથા ક્ષાયિકભાવ કરવો, દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમભાવ તથા ક્ષાયિક ભાવ કરવો, મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ કરવો તથા અંતરાય કર્મનો ક્ષયોપશમભાવ તથા ક્ષાયિકભાવ કરવો એ જ પરમાત્મા પરબ્રહ્મ મહાવીરપદની પ્રાપ્તિ જાણવી. ઘાતિકર્મ અને અઘાતિકર્મના સર્વથા નાશથી સર્વથા શુદ્ધ એવો આત્મા જ પરમાત્મા મહાવીર બને છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ પ્રકારનાં કર્મનો નાશ કરવા અંશથી પણ ક્રિયાનો આરંભ કરનાર એવો આત્મા અપેક્ષાએ જૈન અને જિન છે. નિમિત્તરૂપે પરમાત્માનું અવલંબન જેઓ મન, વાણી, કાયાથી લે છે તેઓ જૈનો છે. જેઓ મારું અવલંબન ઉપાદાનપણે ગ્રહે છે અને બાહ્યમાં નિરાલંબનપણે વર્તે છે તેમ જ આત્માને પરબ્રહ્મ મહાવીરરૂપે અનુભવી ધ્યાન સમાધિમાં મશગૂલ રહે છે તેઓને જિન, પરમાત્મા જાણવા.

સેવકદશા સુધી આત્માઓ જૈનો છે અને પોતે જ આત્માને

સ્વામીરૂપે અનુભવે છે ત્યારે તે જિનો, પરમ યોગીઓ, પરમહંસો, અહંતો બને છે. મારા માર્ગમાં એક પગલું ભરતાં અને ઉત્સાહથી આગળ ગમન કરતાં આત્માઓ જૈનો બને છે. મારા શુદ્ધાત્મસ્વરૂપની તરફ જેઓ દૃષ્ટિ દે છે તેઓ આઠ કર્મથી સંબંધિત છતાં જૈન બને છે. સાધક અવસ્થા તે જૈનદશા છે અને જે જે અંશે સિદ્ધપણું પ્રાપ્ત કરવું તે જિન કે આત્માવસ્થા છે. વેષ અને ક્રિયા કરતાં ગુણોની પ્રાપ્તિ કરવી એ જ જૈનોનું ખાસ કર્તવ્ય છે. દેશકાલાનુસાર વેષ, વ્રત, ક્રિયા અને શાસ્ત્રાદિકમાં ફેરફારો થયા કરે છે, પરંતુ તે વડે સાધ્ય તો આત્મગુણોનો વ્યક્તિભાવ જ છે. અનેક પ્રકારે દેશકાલાનુસારે વેષ, ક્રિયા અને વિધિમાં પરિવર્તનો થયાં છે, થાય છે અને થશે તેમાં મારા ભક્ત જૈનો કદાગ્રહરહિતપણે વર્તે છે અને ગુણોની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરે છે. અમુક વેષાચાર, ક્રિયાકાંડ, મતાદિકથી જ આત્મગુણો પ્રકટભાવને પામે છે, એવો નિયમ નથી. માટે ભિન્નભિન્ન વેષાચાર, ક્રિયાકર્મ, મતસંપ્રદાયમાં વ્યવહારથી રહેવા છતાં તેમાં હઠ, કદાગ્રહ, કલેશ, વિવાદ, મમત્વ કરવાં નહીં અને ઉપયોગથી જે જે યોગ્ય લાગે તે સ્વાધિકારે કરવું, એ જ જૈનોનો જૈનધર્મ છે.

જે દેશકાલને અનુસરીને જે કરવાનું હોય તે તે દેશકાલાનુસારે કરવું. જેમાં રસ પડે તેવી પ્રવૃત્તિ કરવી. જેમાં આનંદ કે રસ ન પડે અને ચિત્તની એકાગ્રતા ન થાય તે ધર્મપ્રવૃત્તિ કરવી નહીં; પણ તેમાં પોતાનો અધિકાર નથી એવું જાણી તેનું ખંડન કરવું નહીં. કરોડો લાખો જૈનો જુદી જુદી રીતે જૈનધર્મનાં ક્રિયા, જ્ઞાનાદિકની આરાધના કરતા હોય, પણ તેઓ સર્વે શુદ્ધાત્મમહાવીરસ્વરૂપની પ્રાપ્તિ માટે એક લક્ષ્યવાળા જાણવા. તે સર્વને મારા ભક્ત જાણવા.

આત્માના શુદ્ધ જ્ઞાનાદિક ગુણોની પ્રાપ્તિ તે આત્મધર્મ છે. તે માટે ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવસ્થામાં સર્વ લોકો જે જે શુભ

વિચાર કે પ્રવૃત્તિ કરે તે જૈનધર્મ છે. તેથી જિનેશ્વરધર્મરૂપ મારું સ્વરૂપ તેઓ પામે છે.

નિષ્કામભાવે કાર્યો કરો :

મનુષ્યો! પ્રથમ દશામાં શુભેચ્છાથી કાર્ય કરો. જે બાલ જીવો શુભેચ્છાઓથી કાર્યો કે પ્રવૃત્તિઓ કરે છે અને અશુભેચ્છાઓને આવતી રોકે છે તે અપ્રશસ્ય ક્રોધ, માન, માયા, લોભ, કામાદિકને શુભ કષાયાદિકરૂપે પરિણમાવે છે. કષાયનો સારામાં ઉપયોગ કરવો. શુભ સ્વાર્થ કે પરમાર્થને ઉપયોગી ઇચ્છાઓ તે શુભેચ્છાઓ છે. શુભકર્મના ફલની ઇચ્છા તે શુભેચ્છા છે અને અશુભ કરવાની ઇચ્છા તે અશુભેચ્છા છે. અશુભેચ્છાઓથી આત્માના ગુણો પર અશુભ કર્મનું આવરણ આવે છે અને શુભેચ્છાઓથી શુભ કે પુણ્ય કર્મરૂપ આવરણ આવે છે. શુભ કર્મ અને અશુભ કર્મનું ફળ ભોગવવું પડે છે. શુભેચ્છાઓ પુણ્ય પરમાણુઓને ગ્રહણ કરે છે અને અશુભેચ્છાઓ પાપ પરમાણુઓને ગ્રહણ કરે છે, પરંતુ તેથી આત્માની શુદ્ધબુદ્ધિ કે પૂર્ણાનંદનો પ્રકાશ પ્રગટતો નથી. માટે આત્મજ્ઞાનીએ નિષ્કામપણે અર્થાત્ શુભાશુભેચ્છાભાવરહિતપણે કર્તવ્યકર્મો કરવાં.

મારા જેવા પ્રભુને પણ કર્મો કરવાં પડે છે. મારી પ્રવૃત્તિ દેખીને અન્ય લોકો કર્મ કરે છે. અજ્ઞ લોકો ખરેખર જ્ઞાનીઓના માર્ગનું અનુકરણ કરે છે. શુભેચ્છાથી કર્તવ્યકાર્યો કરતાં અને આત્મજ્ઞાનનું અન્તરમાં પરિણમન થતાં જ્ઞાનીઓ નિષ્કામભાવે કર્મો કરે છે. બાહ્યથી વ્યવહારાતા કોઈપણ પદાર્થમાં કે કાર્યમાં શુભાશુભ પરિણામ તથા શુભાશુભ બુદ્ધિ ન ધારણ કરો. શુભાશુભ બુદ્ધિ વિના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર એ ચારે વર્ણના મનુષ્યો સ્વાધિકારે કર્મ કરવા છતાં નિર્લેપપણે વર્તે છે.

નિષ્કામભાવે કર્મ કરતો એવો ચંડાલ તે આત્મસ્વભાવે

ચંડાલ નથી પણ યોગી છે. નિષ્કામભાવે કાર્યો કરો. કરવા લાયક સર્વે પ્રવૃત્તિઓ કરો, પણ તેના ફલની ઇચ્છા ન કરો. કર્મોના ફલભોગની ઇચ્છા થાય છે ત્યાં વૈદેહ જીવન્મુક્ત દશા પ્રાપ્ત થતી નથી. જે અધિકારે હું છું તે અધિકારે વર્તવાની મારી ફરજ છે, એવું માનીને ગૃહસ્થનાં કર્મો અને ત્યાગીનાં કર્મો કરો. કર્મો કરવામાં કીર્તિ, અપકીર્તિ, ભય, ખેદ, માન, અપમાન, અહંત્વ, કર્તૃત્વ, શત્રુત્વ વગેરે શુભાશુભ દ્વંદ્વ ન ભાસે ત્યારે જાણવું કે આત્મજ્ઞાનની પરિપકવતા અને આધ્યાત્મિક ચારિત્ર પ્રગટ્યું છે.

મારા ઉપદેશેલ અધ્યાત્મજ્ઞાનથી જ્યારે આત્મા પરિણામ પામે છે ત્યારે નિષ્કામભાવે કર્મો કરવાની તેનામાં યોગ્યતા આવે છે, નામરૂપનો મોહ ત્યાગીને કર્મોના ફળની ઇચ્છા વિના જીવનમરણમાં નિઃસ્પૃહ બની કાર્યો કરો. તામસિક નિવૃત્તિને ન ઇચ્છો. તમોગુણનો ત્યાગ કરીને, રજોગુણમાં પ્રવેશી તેનો પણ ત્યાગ કરીને જૈન બની સાત્ત્વિક ઇચ્છાથી કાર્યો કરો અને તેમ કરીને તમો રજોગુણી ઇચ્છાઓને જીતો. સાત્ત્વિક ઇચ્છાના પથનો અનુક્રમે ત્યાગ કરીને શુદ્ધાત્મોપયોગે વર્તી કાર્યો કરો. જ્યાં સુધી નિષ્કામભાવે કર્તવ્યકર્મો ન થાય ત્યાં સુધી શુભ સકામભાવે કર્મો કરો, પણ સત્ત્વેચ્છાની પેલી પાર ગયા વિના કર્મોનો કે પ્રવૃત્તિઓનો ત્યાગ ન કરો.

ભક્તિ, સેવા, આજીવિકાદિ કર્મો કરતાં અનેક દોષોનું પ્રાકટ્ય દેખાય છે અને તેનો કર્મો કરતાં કરતાં નાશ થાય છે. આમ અનેક ગુણો પ્રકટાવી શકાય છે. સંઘ, સમાજ, કુટુંબ, દેશ, રાજ્યાદિકની સર્વ કર્મપ્રવૃત્તિઓમાં રસપૂર્વક પ્રવૃત્તિ કરો. કર્મો કર્યા વિના કોઈ પાકો જૈન કદી બની શકતો નથી. જે કર્મવીર બને છે તે જ આત્મવીર બને છે અને તે મહાવીરદેવ થાય છે. કર્મો કરતાં કરતાં કર્મરહિત થશો. માટે મનુષ્યો ! હૃદયમાં મારું સ્મરણ કરીને અદીન પણે ગમે તે અવસ્થામાં કર્મો કરો.

કોઇના જીવનનો હક્ક અન્યાયથી ન લૂંટો. વૈર કે દ્વેષથી કોઈનો

નાશ કદી ન કરો. અશુભ વિચારો અને અશુભેચ્છાઓ તથા અપેય પાન અને અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ કરવાથી નિષ્કામભાવનાનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે અને તેથી શુભ સકામભાવનાના માર્ગમાં પ્રવેશ થાય છે. આત્મજ્ઞાનથી સકામભાવનાના સ્થાને નિષ્કામભાવ પ્રગટ થાય છે. અન્યાય અને અધર્મના માર્ગમાં જેઓ આસક્ત છે તેઓ નિષ્કામભાવથી ઘણા દૂર છે. મનુષ્યો ! શુભાશુભ ભાવમાં આસક્ત ન રહો. જે પદાર્થોને તમે અશુભ માનો છો તે અમુક દેહાદિકની અપેક્ષા પર આધારિત છે. વસ્તુતઃ જોશો તો તમારા માટે સદા કોઇ પદાર્થ શુભ નથી તેમ કોઇ અશુભ નથી. પદાર્થોમાં ક્ષણે ક્ષણે શુભાશુભ બુદ્ધિ ફર્યા કરે છે. સદા કોઈ પદાર્થ શુભ લાગતો નથી અને કોઈ પદાર્થ અશુભ લાગતો નથી. કારણ પામી અશુભ પદાર્થોમાં શુભ બુદ્ધિ થાય છે અને શુભ પદાર્થોમાં અશુભ બુદ્ધિ થાય છે. શુભાશુભ પદાર્થો પણ ક્ષણિક છે અને તેમાં થતી શુભાશુભબુદ્ધિ પણ ક્ષણિક છે. તેથી તેમાં શુભાશુભ પરિણામથી નહીં મૂંઝાતાં નિષ્કામભાવે બાહ્ય સર્વ કર્તવ્યકર્મો કરો અને સર્વ જડ પદાર્થોમાં એકાત્માને સત્ય ઉપાદેય તરીકે અનુભવો.

પોતાની સત્તા અને લક્ષ્મી વગેરેનો ગરીબોને, અશક્તોને, અનાથોને પીડવામાં ઉપયોગ ન કરો. સર્વ મનુષ્યો સમાન છે. જેઓ પોતાની શક્તિઓ ખીલવે છે અને પોતાના આત્માને જિન જાણી તેના ઉપાસક બને છે, જેઓ પોતાના પર અન્યાય, જુલમ, દુઃખાદિ કરનારાઓને જીતે છે અને જેઓ અનેક પરિષહો, ઉપસર્ગો વેઠે છે તેઓ ખરેખર કર્મયોગીઓ બની શકે છે. મનમાં થતી સર્વ શુભાશુભ લાગણીઓ પર જય મેળવો. બીજાઓના શ્રેય માટે દુઃખો સહન કરો. કીર્તિ અને અપકીર્તિને જડ ગણી સર્વ કાર્યો કરો. વિશ્વમાં, દેશમાં, સંઘમાં, રાજ્યમાં થતા અન્યાયો અને જુલમોને દૂર કરવા અને આત્મભોગ આપવા એક ક્ષણમાત્રનો વિચાર કર્યા વિના નિષ્કામભાવે પ્રવર્તો.

પશુયજ્ઞો થતા બંધ કરો અને સ્ત્રીઓને તથા ગુલામોને સ્વતંત્ર બનાવો. કોઈના આત્માને કોઈ ગુલામ કે પરતંત્ર કોઈ બનાવી શકતું નથી. સકલ વિશ્વમાં શાંતિ, સુખ, ન્યાય પ્રવર્તાવવા જે જે નિષ્કામભાવે કર્મો કરવાં ઘટે તે મારી જ સેવા, ભક્તિ, ઉપાસના છે. ગરીબ દુઃખીઓની વહારે ચઢો. હિંસા, અસત્ય અને અન્યાયપોષક ધર્મશાસ્ત્રોમાં વિશ્વાસ ન રાખો. સર્વ મનુષ્યોનાં સુખ, શાંતિ અને ઉપકાર માટે જે જે કર્તવ્યકર્મો હોય તે શુદ્ધબુદ્ધિથી કરો.

નિષ્કામ યોગી દુનિયાથી ડરીને સત્કર્મોથી પાછો ફરતો નથી તેમ જ તેના આત્માને કોઇ શુભાશુભ લાગણીઓની અસર કરવા સમર્થ થતું નથી. જેઓ પોતાના આત્માને હીન માને છે અને મરવાથી બીએ છે તથા બાહ્ય પદાર્થોમાં આસક્ત રહે છે તેઓ દેશ, સમાજ, સંઘ, રાજ્ય, કુટુંબ, જાતિ, ઘર વગેરેની ઉન્નતિ, શાંતિ, સ્વાતંત્ર્યરક્ષા આદિ કરવા સમર્થ બનતા નથી. નિષ્કામભાવથી જેઓ સર્વ પ્રવૃત્તિ કરે છે, વિચારે છે કે બોલે છે તેઓ મારું શુદ્ધાત્મમહાવીરસ્વરૂપ પ્રાપ્ત કરે છે.

નિષ્કામ યોગીઓમાં અનંતગુણ બળ પ્રગટે છે. નિષ્કામભાવથી કર્મો કરવામાં આત્માની અનંત શક્તિઓનો વિકાસ થાય છે. સર્વ કર્મો અને વિચારોનું આત્મમહાવીરને ફળ અર્પણ કરો. તેથી મન પર તમે કાબૂ મેળવી શકશો અને તમે પૂર્ણ સુખી, પૂર્ણ સ્વતંત્ર તથા બાહ્ય ભોગોથી સ્વતંત્ર બની દેશ, કોમ, સંઘાદિકનું શ્રેય કરી પરમાત્મા બનશો.

ચારિત્રબળ વિના એક ક્ષણમાત્ર પણ ચાલતું નથી. ચારિત્રબળ ખીલવો અને ફળની દરકાર રાખ્યા વિના કાર્ય કરો. સુખ અને દુઃખ, કે જે કર્મફળરૂપ છે, તે આવે છે ને જાય છે. સુખની પાછળ દુઃખ છે અને દુઃખની પાછળ સુખ છે. દુઃખના સમયમાં ધૈર્ય ધારણ કરો અને પ્રભુ બનવા માટે નિષ્કામભાવે કાર્યો કરવાની

પ્રવૃત્તિઓ કરો. ગમે તેવા દુઃખના પ્રસંગમાં ધૈર્ય ધારણ કરો. પ્રભુ થવાને માટે તમે નિષ્કામ કર્મ કરો અને પવિત્ર આત્માની આન્તરપ્રેરણા પ્રમાણે પ્રવર્તો.

પૂર્વભવોનાં કરેલાં કર્મો તથા વર્તમાનકાળની પહેલાંનાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ ભોગવવામાં સમભાવ ધારણ કરી તેમ જ પ્રમાદનો ત્યાગ કરી કર્મો કરો. આત્માની આગળ જે સંકટો, અંતરાયો, વિઘ્નો આવેલાં દેખાય છે તેનો કર્તા આત્મા છે અને તેનો નાશક પણ આત્મા છે. જ્ઞાનપૂર્વક કર્મ કરનારા જે મારા સંબંધમાં આવે છે તેઓ અનંત આનંદમય મારું જીવન પામે છે. આત્માના જ્ઞાનાનન્દરૂપ દિવ્ય પ્રવાહને મનમાં વહેવડાવો. મનની સંકુચિત વૃત્તિઓને ઉદાર બનાવી મારા જ્ઞાનપ્રકાશને મનમાં ધારો. સર્વ પ્રકારના દોષોને વારવામાં પ્રયત્નશીલ અને ગુણો લેવામાં રાગી એવા મનુષ્યો કર્મો કરવામાં ખરેખરા અધિકારી બને છે. તેઓ ઘર, કુટુંબ, સંસારને સ્વર્ગ સમાન બનાવે છે. જે મનુષ્ય મારો પ્રકાશ, કે જે સત્ય જ્ઞાનરૂપ છે, તેને લેવા માટે હઠ, કદાગ્રહ, સંકુચિત વૃત્તિ વગેરેને પરિહરી હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખે છે તે સંસાર-યાત્રામાં રંકનો રાજા બને છે અને કર્મ કરવા છતાં પોતાને અકર્મકરૂપ–અકર્તારૂપ દેખે છે અને અનુભવે છે.

પારમાર્થિક શુભ કર્મો કરીને વિશ્વની ઉન્નતિ ને શાંતિ કરવા-માં સ્વયમેવ આત્માની ઉન્નતિ ને શાંતિ થાય છે. સત્કર્મો કરવામાં પ્રેમનો પ્રવાહ હૃદયમાં પ્રગટાવો. દ્વેષ કરતાં પ્રેમનું અનંતગણું બળ છે. વિચારોથી શરીર, મન વગેરેની રચના આત્મા કરે છે. માટે તમો ભવિષ્યમાં પોતાની સર્વથા ઉચ્ચ સ્થિતિ થાય તેવાં વર્તમાનમાં સર્વ કાર્યો કરતાં સદ્વિચારો કરો. જેટલા પ્રમાણમાં તમારામાં મારા પ્રતિ અને વિશ્વ પ્રતિ પ્રેમ છે તેટલા પ્રમાણમાં તમે મને આન્તરદૃષ્ટિથી દેખી શકો છો. સર્વ કર્તવ્યકાર્યોમાં અને તેની સાથે જે જે મનુષ્યો, પશુઓ વગેરેના સંબંધમાં તમે આવો

તેમની સાથે નિષ્કામ પ્રેમનો પ્રવાહ વહેવરાવો.

અન્યોના ભલાનાં કાર્યો જે ક્ષણથી કરો તે ક્ષણથી તમારું ભલું થાય છે. બીજાઓનું ભલું કરવાના વિચારથી તમારું ભલું થાય છે તે તમને તરત જણાતું નથી, પણ કાલાન્તરે સમજાય છે. એવું જાણી અન્ય જીવોનું શ્રેય કરો. અન્ય જીવોનું બૂરું કરવાના વિચાર અને કાર્યના પ્રારંભની સાથે પોતાના આત્માનું બૂરું થવા લાગે છે, માટે અન્યોનું બૂરું કરવાનો એક વિકલ્પમાત્ર પણ કર્યા વિના સ્વપર કર્તવ્ય-કર્મો કરો. ઉદારભાવથી કાર્ય કરનાર મનુષ્ય અન્ય મનુષ્યોને પોતાના તરફ આકર્ષે છે અને અન્યોનું કલ્યાણ કરી શકે છે. બીજાને હેરાન કે દુઃખી કરનારને ગમે ત્યારે દુઃખી થવું પડે છે. માટે વૈરનો બદલો વૈરથી ન વાળતાં પ્રેમ અને પરોપકારથી વાળવાની બુદ્ધિ પ્રગટાવીને કર્તવ્યકર્મો કરો.

જે મનુષ્યો પોતાની ઉન્નતિ કરે છે તેઓ અન્યોની કરી શકે છે. દેહાધ્યાસ અને નામરૂપાધ્યાસ ભૂલીને કર્તવ્યકર્મો કરો. જે કાળે જે કર્મો દેશ, સમાજ, સંઘ, વ્યષ્ટિ, સમષ્ટિને બહુ લાભ આપનારાં જણાય અને અલ્પદોષ કે હાનિવાળાં જણાય અને તે કર્યા વિના સંઘાદિકની હાનિ થવાનું લાગે તો, તે કર્મ જરૂર કરો. કાર્યોના આરંભમાં મારું નામસ્મરણ કરો અને અન્તમાં પણ નામસ્મરણ જાહેર રીતે કરો. શુભ કર્મો નહીં કરતાં જે જિવાય તેના કરતાં શુભ કાર્યો કરતાં મૃત્યુ થાય તે અનંત ગણું ઉત્તમ છે. દરેક કર્તવ્યકર્મ અને પ્રવૃત્તિનું દેશકાલાનુસારે સત્ય રહસ્ય સમજી અને મારામાં મન રાખી કાર્યો કરો, કે જેથી તમો નિષ્કામભાવે શુદ્ધાત્મરૂપ સુખમય જીવનને પ્રાપ્ત કરી શકો.

સંપીને વર્તો :

મનુષ્યો ! સંપીને વર્તો. દરેક દેહદેવળમાં આત્માને દેખો. સુખનો ભોગ આપીને, દુઃખો સહીને તથા બાહ્ય કીર્તિ કે પ્રતિષ્ઠા આદિનો ભોગ આપીને મારા ભક્ત જૈનો ઉદારભાવથી પરસ્પર

સંપીને વર્તો, કે જેથી તમારા શત્રુઓથી તમે પરાજિત ન બનો. કુસંપથી તન, મન, ધન, સત્તા અને આત્માની પડતી થાય છે અને તેથી અનેક શક્તિઓનો નાશ થાય છે. જો તમને મારા પર સત્ય રાગ, શ્રદ્ધા હોય તો કુસંપ, કલેશ થવાનાં કારણોનો ઉચ્છેદ કરો. અહંકાર, માન, સત્તા, લક્ષ્મીનો ભોગ આપીને મારા જૈન ધર્મીઓની પડતી ન થાય તે માટે સંપીને વર્તો અને ભવિષ્યમાં મારા ધર્મના વિરોધીઓથી પરાજય ન પામો તે માટે ઉપયોગથી વર્તો.

મારા ભક્તો ! તમો મત, વેષ, ક્રિયાચારના નામે અનેક પંથોની પરસ્પર ભેદતાથી પરસ્પર આત્માઓને ન ધિક્કારો. મતભેદ, વેષ કે ક્રિયાચારના ભેદોમાં મને તથા મારા ધર્મને ન દેખો, તેમ જ મતભેદ, વેષ, ક્રિયાચાર અને કર્મવ્યવહારના ભેદો પરસ્પર ભિન્ન છતાં સર્વમાં જેઓ મહાવીરપ્રભુરૂપ આત્માને દેખે છે અને પરસ્પર માટે સર્વ સહી જાય છે, અપરાધોને ખમી જાય છે, વૈરને ભૂલી જાય છે તેઓ મારા જૈનભક્તો છે. જેઓ વેષ કે ક્રિયાચારના ભેદે પરસ્પરના આત્માઓને ધિક્કારે છે તેઓ વસ્તુતઃ મને ધિક્કારે છે, નિંદે છે. જેઓ પરસ્પરની નિંદા, હેલના કરે છે તેઓ મારા ભક્તો નથી, પણ મારું અનિષ્ટ કરનારા વિરોધીઓ જાણવા. પરસ્પર એકબીજાનું બૂરું ન કરો. મારા ભક્તોના સામા થનારાઓને એકસંપીથી પરાજિત કરો.

મારા પર પ્રેમ અને શ્રદ્ધા ધારણ કરનારાઓ તમે મત, દર્શન, પંથ, ક્રિયાચાર, વેષાદિકના ભેદે પણ પરસ્પર મતાદિની સહિષ્ણુતા રાખો. મારામાં જો તમો લયલીન છો તો મત કે વેષાચારાદિકની પરસ્પર ભિન્નતામાં લક્ષ ન રાખો. મત–વેષાચાર ભલે પરસ્પર જુદા હોય તેથી શું ? તમો મતમાં પરસ્પર ભેદ ન માનો અને આત્મવીરભાવે સર્વમાં એકતા દેખી પરસ્પર સંપીને કર્તવ્યકાર્યો કરો, તેમ જ તમારા જે દુશ્મનો બન્યા હોય તેઓને તમારા જેવા બનાવવા આત્મભોગ આપો.

મનુષ્યો ! મારી પાછળ જ્ઞાની જૈનોને ગૃહસ્થાવાસમાં નેતાઓ બનાવી એકસંપથી વર્તશો. મારી પાછળ મારા ભક્ત કિન્તુ મતના કદાગ્રહી જૈનો મારા આશયો નહીં સમજી શકવાથી વેષ, ક્રિયા, મતાદિકમાં મૂંઝાશે. તેઓ મારા વિચારોને બરાબર નહીં સમજી શકવાથી મારા નામે વેષાચાર-ક્રિયા-મન્તવ્યના મતભેદોથી પરસ્પર મૂંઝાઈને શુદ્ધાત્મમહાવીર એવા મને અનુભવી શકશે નહીં. તેથી તેઓ દેશ, રાજ્ય, વ્યાપાર, સમાજ, સંઘને શક્તિઓથી હીન અને અશક્ત બનાવશે. જ્યારે તેઓ મારા નામે એકસંપથી વર્તશે અને વેષાચાર, દર્શન, કર્મકાંડને મારામાં હોમશે અને એક મારો આશ્રય કરી કર્તવ્યકાર્યો કરશે ત્યારે પુનઃ આર્ય બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, ત્યાગીઓ અને ધર્માચાર્યો સર્વ ખંડ, દેશ અને પૃથ્વીમાં સત્ય જૈનો તરીકે પ્રખ્યાત થશે.

તન, મન, ધન, સત્તા, લક્ષ્મી અને ભોગસામગ્રીનો જેઓ જૈનધર્મની ઉન્નતિ માટે ભોગ આપે છે તે મારા સત્ય ભક્તો બનશે. સંપ એ મારું આધ્યાત્મિક સ્વરૂપ છે. તેની જે આરાધના કરે છે તે વ્યષ્ટિ-સમષ્ટિરૂપ મારી શક્તિઓની આરાધના કરે છે. તમો સંપીને સર્વ શક્તિઓ પ્રકટાવો. તેથી કોઇનો પર અન્યાય કે જુલ્મ ન કરો તથા તેનો દુરુપયોગ ન કરો. પરસ્પર સંપીને એકબીજાને સમાનપણે દેખો, વર્તો.

મનુષ્યો ! તમે સંપને ચાહો. પરસ્પર સંપીને તમારી શક્તિઓનો સદુપયોગ કરો અને પશુયજ્ઞાદિક કુરિવાજો, કે જે વેદોના નામે અજ્ઞાનીઓએ પ્રગટાવેલા છે, તેઓને દૂર કરો. પરબ્રહ્મ એવા મારા ઉપાસક ભક્ત ઋષિઓએ વેદોનાં જે સૂક્તો રચેલાં છે તેમાં મારી સ્તુતિ આદિ છે. તમો સંપીને પશુઓ પર તથા પક્ષીઓ પર થતો જુલ્મ અટકાવો અને અશક્ત નિરાધાર લોકોને સહાય કરો. તમો લક્ષ્મી, ધન, ધાન્ય એકઠું કરીને અન્યોને ખાવા વગેરે ન મળે એમ ન કરો. જેટલા મનુષ્યો છે તે તથા

પશુપંખીઓ વગેરે માટે આ દુનિયાનામાં સર્વ વસ્તુઓ ભરેલી છે, પરંતુ એકને માટે સર્વ વસ્તુઓ નથી. સર્વને એકસરખી રીતે કર્મ કે ઉદ્યમ પ્રમાણે ખાવાપીવાની સગવડ અને વ્યવસ્થા તમે દેશકાલાનુસાર કરો અને તે માટે પરિગ્રહપરિમાણ કરી દુનિયાના મનુષ્યોમાં શાંતિ ફેલાવો.

દરેક મનુષ્ય પોતાના યોગ્ય ગુણકર્માનુસારે વર્તીને મને ભજે છે તો તે અવશ્ય મુક્તિપદ પામે છે. પોતપોતાની સ્થિતિ પ્રમાણે જેઓ ધંધા આદિ કરે છે અને યથાશક્તિ મારા જૈનધર્મની આરાધના કરે છે તેઓ પરસ્પર સંપથી વર્તીને મૃત્યુ બાદ સ્વર્ગ કે સિદ્ધિપદને મારી આજ્ઞા પ્રમાણે પામે છે. સંપ કરીને જે બતાવે છે તે જ સંપમાં અન્યોને જોડી શકે છે. બાહ્ય નામરૂપાદિકના લાભાલાભની અપેક્ષાએ ઈર્ષ્યા, દ્વેષ આદિ પ્રગટે છે. ઈર્ષ્યા—દ્વેષથી પરસ્પર કુસંપ કરીને મનુષ્યો પોતાની સંતતિને ભવિષ્યમાં ગુલામ બનાવે છે.

મારા ધર્મોપદેશને જેઓ સમજતા નથી તેઓ અજ્ઞાની છે. અજ્ઞાની અને મૂઢ મનુષ્યો કુસંપ કરીને મારા ધર્મીઓની છિન્નભિન્ન દશા કરી નાખે છે. જેઓ દયાળુ, ગંભીર,પરોપકારક, દીર્ઘદૃષ્ટિબાળા અને સંપના જ્ઞાતા છે તેઓ સંપીને વર્તે છે. જેના ઘરમાં સંપ છે તેઓ વિશ્વમાં, દેશમાં, જ્ઞાતિમાં, સમાજ અને પ્રજાસંઘમાં સંપ કરી શકે છે. દુનિયામાં સંપ એ જ સ્વર્ગ છે. પ્રેમનું ફળ સંપરૂપ સ્વર્ગ છે. તેમાં જેઓ રહે છે તેઓ અનેક દુઃખોથી મુક્ત થાય છે અને અન્ય મનુષ્યોને મુક્ત કરે છે. અનેક ગુણો પ્રકટાવ્યાથી મનુષ્યોમાં પરસ્પર સંપ રહે છે. કુસંપથી પૃથ્વીમાંથી અનેક રાજ્ય, ખંડ, દેશ, પ્રજાદિકની અસ્તિતા ટળી ગઈ. જેઓ કુસંપ કરે છે તે કાળના મુખમાં પ્રવેશ કરે છે. મારા ભક્તો ! તમે સંપથી જીવો છો અને જીવી શકશો.

દેશ, કોમ, સમાજ, સંઘ આદિ સમષ્ટિમાં સર્વાત્મસંઘ-

રૂપ મને સત્તાએ અનુભવો. સર્વસંઘરૂપ મહાવીર એ જ હું સાપેક્ષદૃષ્ટિથી વિરાટ પ્રભુ છું, એમ જાણી અને સર્વમાં આત્મસત્તાએ મને એક જાણી તમો કોઈની સાથે કુસંપથી ન વર્તો. પણ કર્તવ્યકાર્યો કરવા છતાં બધાંની સાથે સંપથી વર્તો. પૃથ્વીનાં સર્વ મનુષ્યો, પશુઓ, પંખીઓ વગેરે આત્મમહાવીરસત્તાએ જૈનો છે તથા તે હું છું એમ જાણી સર્વે હળીમળીને રહો. પરસ્પર પ્રેમથી રમો. સૌ એકબીજામાં વિશ્વાસ રાખો. સંપ જેના હૃદયમાં પ્રગટે છે ત્યાં તે સ્વર્ગ પ્રગટાવે છે અને તેની આજુબાજુમાં સ્વર્ગ બને છે. કુસંપ જ્યાં પ્રગટે છે ત્યાં સ્મશાન પ્રગટે છે.

પૃથ્વીના સર્વ મનુષ્યો જૈનો છે અને તેઓ પોતાના આત્માને જિનવીર દેખે છે ત્યારે તેઓ કુસંપને જીતી વિશ્વમાં મન, વાણી, કાયાથી જૈનો બને છે અને છેવટે તે મારા જેવા બને છે.

આગેવાનો :

દેશ, સમાજ, સંઘ, રાજ્ય, ધર્મના આગેવાનો જો જ્ઞાની, સદ્ગુણી અને કર્મયોગી હોય છે તો તે સંપ રાખવા અને મારા ધર્મનો પ્રચાર કરવા શક્તિમાન થાય છે. મારી પાછળ દેશ, રાજ્ય, સંઘાદિકના આગેવાનો જ્ઞાની, ભક્ત, કર્મયોગીઓ થશે તો તેઓ વિશ્વ, ખંડ, દેશ, પ્રજા, સંઘ, ધર્મની સર્વ રીતે ઉન્નતિ કરી શકશે અને સંપનું વિચારવાતાવરણ દૃઢ કરી શકશે. દીર્ઘદૃષ્ટિવાળા આગેવાનો ધર્મદ્વારા વર્તમાન અને ભવિષ્યની ઉન્નતિ કરે છે અને કરી શકશે. સર્વદેશીય આગેવાનો મારી પાછળ વ્યાવહારિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં થતા મતભેદોને દૂર કરી શકશે.

ભવિષ્યમાં મારી પાછળ જે મારા ઉપદેશોને દેશકાલાનુસારે સમજી શકશે એવા ધર્મપ્રવર્તક આચાર્યો અને સાધુઓને જે જૈનો મારી પેઠે ભક્તિસેવાથી સેવશે તેઓને મારા સત્ય જૈનો જાણવા. મારી પાછળ જે ધર્મોદ્ધારક મહાત્માઓ પ્રગટશે તેઓ સર્વ

વિશ્વનું કલ્યાણ થાય એવી રીતે તે તે દેશકાલાનુસારે પ્રવૃત્તિ કરશે. મારી પાછળ થનારા ધર્માચાર્યો હૃદયમાં મારી શુદ્ધ જ્ઞાન-પ્રેરણાઓ ઝીલશે તો તેઓ તે કાળમાં ધર્મના વિચારો અને આચારોમાં થયેલી મલિનતાને દૂર કરશે. ધર્મની પરંપરાના પ્રવાહમાં મલિનતા આવે છે તેને મહાત્માઓ દૂર કરે છે અને સત્યનો પ્રકાશ પાડી અજ્ઞાનરૂપી અંધકારને પણ હઠાવે છે.

મારી પાછળ થનારા ગૃહસ્થત્યાગીઓને સર્વ વિશ્વમાં સર્વ પ્રકારના યાનથી જલ, સ્થલ કે આકાશમાર્ગે વિચરવાની આજ્ઞા છે. જે જે વખતે જે જે ગૃહસ્થત્યાગી આચાર્યો થશે તેઓને તે તે દેશ-કાલાનુસારે ચારિત્રક્રિયાઓમાં, આચારોમાં પરિવર્તનો કરવાની સંઘના બળ અને તેની પ્રગતિની અપેક્ષાએ આજ્ઞા છે. દેશકાલ, આજુબાજુના સંજોગો, ઉત્સર્ગ–અપવાદ, આપત્કાલધર્મ વગેરેને ધ્યાનમાં લઈ ધર્મના આચાર–વિચારોમાં દેશ, સંઘ, સમાજ આદિને લાભ થાય એવી રીતે પરિવર્તનો કરી શકે છે.

સર્વ પ્રકારની ઉન્નતિઓના પ્રવર્તક આગેવાનો છે. આગે-વાનો જો આત્મબળનો પ્રકાશ કરે છે તો તેઓ વિશ્વનું કલ્યાણ કરવા સમર્થ થાય છે. આગેવાનો સંપીલા, કર્મયોગી, જ્ઞાની, ધ્યાની, સત્યદ્રષ્ટા અને નિષ્પક્ષપાતી હોય છે તો તેઓ પ્રામાણિક-પણે વર્તી પોતાનું, દેશનું, ચતુર્વિધ સંઘનું શ્રેય કરી શકે છે. ચારિત્રબળવાળા આગેવાનો હોવા જોઈએ. મારી પાછળ થનારા ભક્ત, રાજાઓ, આચાર્યો, પ્રમુખો જો મારા ઉપદેશ પ્રમાણે વર્તશે તો તેઓ મારી ભક્તિસેવા કરનારા થશે અને તેઓ ઉત્તમ ગતિ પ્રાપ્ત કરશે.

ભૂતમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં શુદ્ધાત્મમહાવીર હું તમારા હૃદયમાં સત્તાએ છું, જે સંભારે તેની પાસે વર્તમાનમાં છું અને ભવિષ્યમાં હોઈશ. મારી પાછળ સ્થાપિત થનારા સંઘમાં જે આગેવાનો બનશે તેમણે અપ્રમત્તપણે મારી આજ્ઞા પ્રમાણે વર્તવું.

મારા ભક્તોએ પોતાની સત્તા, શક્તિ, લક્ષ્મી આદિનો સર્વ પ્રકારના અભિમાનથી રહિત બની સર્વ પ્રકારના સારામાં ઉપયોગ કરવો.

ચતુર્વિધ સંઘના આગેવાનોએ પરમાર્થ કાર્યોમાં આત્મભોગ આપવો અને ચતુર્વિધ સંઘના ઐક્ય માટે સર્વસ્વનું અર્પણ કરવું. ચતુર્વિધ સંઘની દેશ, રાજ્ય, વ્યાપાર, હુન્નર, કલાદિ સર્વ આજીવિકાદિ શક્તિઓ જાળવવી. ચતુર્વિધ સંઘની રક્ષા માટે સર્વ સંઘે ધર્મ્યયુદ્ધાદિ પ્રવૃત્તિઓમાં મરણનો ભય ગણવો નહીં. મારી પાછળ ચતુર્વિધ સંઘના બળથી જૈનો વિશ્વમાં જીવી શકશે. તેઓ ભૂમિ, દેશ, રાજ્ય, વ્યાપારાદિનું રક્ષણ કરી શકશે.

જેઓ બાહ્યશક્તિઓથી નિર્બલ બને છે તેઓ જૈનધર્મરૂપ મારા સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. બાહ્ય અને આંતરશક્તિઓ વડે મારા આગેવાનો જૈનોનું રક્ષણ કરી શકે છે અને દુષ્ટ, પાપી અને અધર્મીઓને પાછા હઠાવીને તેઓનું તમોગુણી બળ નષ્ટ કરે છે. સુરી અને આસુરી શક્તિઓનું પરસ્પર યુદ્ધ સદાકાલ વિશ્વમાં ચાલ્યા કરે છે. મારા જૈનો સુરી શક્તિઓવાળા છે. તેઓ આસુરી શક્તિઓનો નાશ કરે છે.

સ્વાર્થી, જડપૂજારી, ભય–ખેદ–દ્વેષથી યુક્ત મનુષ્યો પ્રજાસંઘમાં આગેવાન બનવાને લાયક નથી. તે તે દેશકાળનો સંઘ મારી પાછળ બહુમતે જુદી જુદી બાબતોના આગેવાનોને ચૂંટી કાઢે છે. ચતુર્વિધ સંઘ જે જે કાર્ય કરે છે તે હું જ કરું છું. તેની આજ્ઞા તે જ ભવિષ્યમાં મારી આજ્ઞા ગણાશે. ચતુર્વિધ મહાસંઘના નેતા ધર્માચાર્યો મારું ધ્યાન ધરીને અને પરાભાષામાં મારી આજ્ઞાની સ્ફુરણાઓ પ્રગટાવીને વિશ્વના સર્વ જીવોનું તરતમયોગે કલ્યાણ થાય એવા સાર્વજનિક વ્યાપક ઉપાયોને આદરશે. કેટલાક લોકો મને નિરાકાર માનશે, કેટલાક વ્યાપક–વ્યાપ્ય, કર્તા–અકર્તા, પ્રકૃતિસહિત કે પ્રકૃતિરહિત, સર્વગત–અસર્વગત, નિત્ય–સબલ બ્રહ્મ, સગુણ–નિર્ગુણ આદિ અનેકરૂપે માનશે. પરસ્પર

અપેક્ષાઓને જેઓ નહીં સમજે તોપણ જેઓ મારું નામસ્મરણ કરશે, મારા જેવો સર્વ જીવો પર પ્રેમ રાખશે તેઓ ભવિષ્યમાં મારા શ્રેષ્ઠ ભક્તો બનશે અને સ્વર્ગનું સામ્રાજ્ય ભોગવી છેવટે તેઓ શુદ્ધાત્મમહાવીરપદને પામશે અને સર્વ પ્રકારનાં દુઃખોથી રહિત થશે.

સર્વ ચેતનાઓના સંઘને અપેક્ષાએ સર્વાત્મસંઘરૂપ મહાવીર પ્રભુ જાણવો. ચેતનસંઘથી ભિન્ન જે સર્વ જડ વસ્તુઓ છે તેનો પર્યાયરૂપે કર્તા, હર્તા, ભોક્તા ચેતન છે અને તે જ દેહ, મન, કાયાદિ જડ વસ્તુઓના કર્તાની દૃષ્ટિએ બ્રહ્મા છે. પાલકદૃષ્ટિએ તે જડ–જગતના પાલક વિષ્ણુ છે અને તે જડજગતના સંહારકની દૃષ્ટિએ હર છે. આત્માની સાથે લાગેલી કર્મવર્ગણાઓનો હર્તા જ્યારે આત્મા બને છે ત્યારે તે આત્મા અધ્યાત્મ દૃષ્ટિએ હર બને છે. આત્મગુણોના જ્યારે તે કર્તા બને છે ત્યારે આત્મા અધ્યાત્મ દૃષ્ટિએ બ્રહ્મા બને છે અને આત્મગુણોનો પાલક કેવલજ્ઞાની બને છે ત્યારે તે અધ્યાત્મ દૃષ્ટિએ વિષ્ણુ બને છે.

વ્યષ્ટિમાં અને સમષ્ટિમાં આ પ્રમાણે સર્વ આત્માઓ બાહ્યાંતરભાવે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરો છે—એમ મારા સંઘની સેવા કરનારા રાજાઓ, આચાર્યો, સાધુઓ, બ્રાહ્મણો, યોગીઓ, પરમહંસો જાણે છે. તેથી તેઓ મારી પાછળ ભવિષ્યમાં નિગમાગમો વગેરે સર્વ ધર્મશાસ્ત્રોની એકતા કરી સર્વ વિશ્વનું કલ્યાણ કરી શકશે.

જેઓ ચારિત્રથી પવિત્રાત્મા બને છે તેઓ આત્માનો પ્રકાશ વધારીને મારા જેવા બને છે અને ભવિષ્યમાં બનશે. ભવિષ્યમાં ગૃહસ્થો અને ત્યાગીઓ મારી પેઠે ધર્માચાર્યો વગેરે આગેવાનોની સાથે વર્તીને સંપ, ઉત્સાહ અને પ્રેમથી જૈન મહાસંઘની બાહ્યાન્તર સર્વ પ્રકારની પ્રગતિ કરશે.

ક્ષત્રિયકુંડના નાગરિક જનો : પરબ્રહ્મ મહાવીર પ્રભો! આપને અમે વંદીએ છીએ, નમીએ છીએ, સ્તવીએ છીએ.

આપે અમને જે ઉપદેશ આપ્યો છે તે અમો હૃદયમાં ધારણ કરીએ છીએ. આપના શુદ્ધ પ્રેમથી અમારાં હૃદયો પ્રફુલ્લ થયાં છે. આપ મતિજ્ઞાની અને સંપૂર્ણ શ્રુતજ્ઞાની છો. વિશ્વમાં રહેલા સર્વ જીવોના મનોગત વિચારોને આપ જાણો છો. કોઈપણ મનુષ્યનો વિચાર આપનાથી છૂપો રહેતો નથી. આપ અવધિજ્ઞાની છો. આપ લોકાલોકજ્ઞાતા, વિશ્વપતિ, સર્વ દેવો અને દેવીઓના દેવ છો. આપની આગળ ચોસઠ ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ હાથ જોડીને સેવા કરવા પ્રાર્થના કર્યા કરે છે. આપના ગુણોની સ્તુતિ કર્યે કોટિ વર્ષે પણ પાર આવે તેમ નથી. સર્વ જાતના દેવો, દેવીઓ અને વિશ્વવર્તી સર્વ જીવો જે કંઈ સુખ અનુભવે છે તે આપ આત્મમહાવીરપ્રભુની કૃપાથી જ છે.

આપ આત્મમહાવીરપ્રભુ વિના દેહ, પ્રાણ, મન, વાણી, ઇન્દ્રિયાદિકને કોઈ ધારણ કરવા તથા બાહ્યાંતર જીવનથી જીવવા સમર્થ નથી એવી નિશ્ચય–આત્મવીરની પ્રભુતા છે. સાકાર શરીરધારક દૃષ્ટિએ તથા વ્યક્તિની અપેક્ષાએ વ્યવહારનયથી આપ મહાવીરપ્રભુ સર્વ લોકોના ઉદ્ધાર માટે અવતર્યા છો અને વિશ્વોદ્ધાર કરશો. વિશ્વવર્તી સર્વ જીવો અંશે અંશે અપેક્ષાએ જૈનો છે અને તેઓના સ્વ–પર આત્મવિકાસના વિચારો, પ્રવૃત્તિઓ અને કર્મો સર્વે જૈનધર્મરૂપ છે, એમ આપે પ્રબોધીને સર્વ જીવોનું કલ્યાણ થાય એવા ધર્મમાર્ગો દર્શાવ્યા છે. તે પ્રમાણે અમો પ્રવર્તવા પ્રયત્ન કરીશું.

જૈનધર્મ એ જ વિશ્વવ્યાપક આર્ય ધર્મ છે. તેમાં સર્વ ધર્મો સમાય છે. તેમાં સર્વ દર્શનો, તત્ત્વો, વેદો, નિગમો, આગમો, સિદ્ધાંતો, સૂત્રો વગેરે ધર્મશાસ્ત્રો સાપેક્ષ સત્ય નયદૃષ્ટિએ સમાય છે. સર્વ ધર્મના સત્ય ધર્મમય વિચારો અને સ્વપરનાં હિતકર્મો સમાય છે. વિશ્વવર્તી સર્વ જીવોનાં મન, વાણી, કાયાનાં સ્વપરપ્રગતિકારક અનેક શુભ કર્મો અને પ્રવૃત્તિઓનો

જૈનધર્મમાં સમાવેશ થાય છે, તેમ આપે પૂર્વે અમને જે બોધ આપ્યો હતો અને હાલ ત્યાગદીક્ષા લેવાના મહોત્સવપ્રસંગે જે બોધ આપ્યો છે તે કદાપિ વીસરાય તેમ નથી. આપે જૈન-ધર્મનું બાહ્ય તથા આંતરસ્વરૂપ આપના બાહ્યાંતરસ્વરૂપમય વ્યષ્ટિ-સમષ્ટિરૂપ ઉપદેશ્યું છે. કોઈ કાળમાં વિદ્યાબળની મુખ્યતાવાળો વર્ગ અન્ય વર્ગોને પરતંત્ર કે દાસ ન બનાવે તથા કોઈ વખત ક્ષાત્રબળ સર્વથી શ્રેષ્ઠ બની અન્ય બળોનો નાશ ન કરે એવી રીતે વર્તવા-રૂપ જૈનધર્મનું બાહ્ય અને વ્યાવહારિક સ્વરૂપ દર્શાવ્યું છે. વૈશ્યો સર્વ કરતાં વૈશ્યબળથી બળવાન બની પ્રમાદી બને અને બ્રાહ્મણાદિ વર્ગનો નાશ ન કરે, સેવકો સેવકબળથી અન્ય વર્ગનો નાશ ન કરે—એમ પરસ્પર એકબીજાના વર્ગનો નાશ ન થાય અને સર્વ વર્ગવાળા મનુષ્યો સમાન સત્તાવાળા રહે, પરસ્પર સંપીને રહે અને શરીરનાં સર્વાંગો જેમ પરસ્પરની સહાયથી એક થઈ જીવે છે તેમ સર્વ વિશ્વવર્તી મનુષ્યો સર્વ પ્રકારના સંઘોનું બળ એકઠું કરી પરસ્પર એકબીજાની ઉપયોગિતા અને સમાનતા જાળવી વર્તે એવો વ્યાવહારિક જૈનધર્મ આપે દર્શાવ્યો છે. આપની શ્રદ્ધા-ભક્તિથી જેઓ વર્તે છે તેઓ એ પ્રાપ્ત કરી શકે છે. આપની આજ્ઞા પ્રમાણે જેઓ નથી વર્તતા તેઓ દુઃખી થાય છે.

ખોરાક, હવા જેમ શરીરને આપવાની જરૂર છે તેના કરતાં મનનો ખોરાક મનને આપવાની કરોડગુણી જરૂર છે. મનનો ખોરાક મનને આપવાની જેટલી જરૂર છે તેના કરતાં આત્માના જ્ઞાનાદિ-ગુણોનો ખોરાક આત્માને આપવાની અનંતગુણી જરૂર છે. શરીર-ભોગ કે એશઆરામની સામગ્રીભૂત વસ્તુઓની વૃદ્ધિથી ખરેખરું સુખ મળતું નથી એમ આપે અનેકવાર ઉપદેશ દીધો છે. તે પ્રમાણે વર્તવા અમે યથાશક્તિ પ્રયત્ન કરીએ છીએ. બાહ્ય સુખ-સાધનરૂપ અનેક વસ્તુઓના વશવર્તી થવાથી પરતંત્રતા, ગુલામ-ગીરી પ્રાપ્ત થાય છે. માંસ, દારૂ, વ્યભિચાર, વેશ્યાસંગ, જુગાર,

ચોરી, કેફી વસ્તુઓનું ભક્ષણ ઇત્યાદિ વ્યસનોથી અમો સમસ્ત દેશને મુક્ત કરવા પ્રયત્ન કરીશું. જોકે આવાં વ્યસનો આર્ય દેશમાં અનાર્ય દેશો કરતાં અલ્પ પ્રમાણમાં છે, તોપણ આર્ય લોકોમાં શરીર–મનાદિકની હાનિ કરનાર વ્યસનોનું નામ ન રહેવું જોઈએ—એવા આપના ઉપદેશનો અમલ અમે કર્યો છે અને કરાવીશું.

વ્યભિચારથી રક્ત, પિત્ત, કોઢાદિક અનેક રોગોની ઉત્પત્તિ થાય છે અને દેશ, રાજ્ય, સમાજ, સંઘ, રાજ્યાદિકનો છેવટે નાશ થાય છે. દારૂના પાનની સાથે સર્વ શક્તિઓનો નાશ થાય અને શુદ્ધ બુદ્ધિના નાશથી મન, વાણી, કાયાનો નાશ થાય છે. પતિવ્રત અને પત્નીપ્રેમવ્રતરૂપ સ્વર્ગના સામ્રાજ્યનો ક્ષણમાં નાશ કરનાર વેશ્યાગમન છે. જુગાર અને ચોરીથી લક્ષ્મી સ્થિર થતી નથી. તેનાથી શુદ્ધ બુદ્ધિ તથા અન્ય અનેક ગુણોનો નાશ થાય છે. તેથી વિશ્વમાં શાંતિ રહેતી નથી. યજ્ઞમાં પશુઓ હોમવાનો રિવાજ હિંસામય છે. તેનાથી કોઈ જાતનું કલ્યાણ થતું નથી. સ્ત્રીઓને તેઓને યોગ્ય વ્યાવહારિક અને ધાર્મિક વિચાર–આચારનું શિક્ષણ આપ્યા વિના પુરુષનું અર્ધ અંગ લાગણીશૂન્ય અને અચેતન જેવું રહે છે, ઇત્યાદિ પૂર્વે આપનો ઉપદેશ સાંભળ્યો છે. તેથી આપણી નગરીમાં અને આ દેશમાં તથા બીજાં રાજ્યોમાં સત્ય સુધારા થવા લાગ્યા છે.

આપ પ્રભુ દીક્ષા લેશો ત્યારે આપને અસુર દુષ્ટ લોકો તરફથી અનેક ઉપસર્ગ અને પરિષહ વેઠવા પડશે. આપને જોકે કોઈ ઉપદ્રવ કરવા સમર્થ નથી, છતાં અમારી સ્થૂલદૃષ્ટિએ આપને ઉપસર્ગ અને પરિષહ વેઠવાના છે એમ કહીએ છીએ. આપ ઉપસર્ગો, પરિષહો, સંકટો વેઠીને વિશ્વોદ્ધાર કરવા ચતુર્વિધ સંઘની સ્થાપના કરશો. મેરુપર્વતની પેઠે ધીર બનીને તથા સર્વમાં સમભાવે વર્તી આપ વિશ્વના લોકોને આપની તરફ ખેંચશો અને તેઓને મનની પેલી પાર રહેલા આત્મસામ્રાજ્યના અને અનંત મુક્તિ-

સુખના ભોગી બનાવશો. આત્માની શક્તિઓનો પરિપૂર્ણ પ્રકાશ કરવા માટે દેહ–મનની જરૂર છે. આત્માના અનંત પ્રેમનો અનુભવ મન, વાણી, કાયા દ્વારા થાય છે. આપના દેહના સંબંધમાં આવ્યાથી આત્માના પ્રેમની ઝાંખીનો અનુભવ થાય છે. આપનો દેહ છે તેથી આપ વિશ્વના જીવો સાથે સંબંધમાં આવીને અમારા દેહો મારફત અમારા આત્માઓની ઉન્નતિ કરવા સમર્થ થયા છો અને થશો. આપના શરીર વડે કરોડો અબજો લોકોનું કલ્યાણ થાઓ!

આપના દેહની કિંમત નથી. દુનિયાના સર્વ લોકોનાં દેહો ભેગાં કરીએ તોપણ તે સર્વ કરતાં આપના એક દેહની મહત્તા અને તેની ઉપયોગિતાને કોઈ પહોંચી શકે નહીં. આપનો સમાગમ સદાકાલ ઇચ્છીએ છીએ. એક ક્ષણમાત્ર આપનો વિરહ અમારાથી ખમી શકાય તેમ નથી.

પ્રભુ મહાવીરદેવ! આપને પુનઃ પુનઃ નમીએ છીએ, વંદીએ છીએ. અમોએ અમારાં હૃદયોમાં આપને એકરસરૂપ કરી દીધા છે, કે જેથી અનંતકાલ આપ અમારાં હૃદયોમાં પરબ્રહ્મરૂપે આવિર્ભાવે રહેશો. પ્રભો! ત્યાગી બનીને અમને પ્રથમ લાભ આપશો.

## ૬. લોકાંતિક દેવો અને ઋષિઓનું આગમન

**લોકાંતિક દેવોએ કરેલી વિનંતિ :**

લોકાંતિક દેવો : પરબ્રહ્મમહાવીર પ્રભો ! આપને નમીએ છીએ, પૂજીએ છીએ. અમો સ્વર્ગમાંથી આપને વિશ્વોદ્ધારની વિનંતિ કરવા આવ્યા છીએ. અમારી સાથે હિમાલયોત્તરદેશમાંથી મૈત્રેય, વ્યાસ, વ્યાડિ, દેવલ, અસિત, ભૃગુ, અંગિરા, વામદેવ, વિશ્વામિત્ર, દુર્વાસા, ભારદ્વાજ, અત્રિ, પિપ્પલાદ વગેરે અનેક ઋષિઓ આવ્યા છે.

આપ એક પરબ્રહ્મ મહાવીર શુદ્ધાત્મા સત્ય પરમજ્યોતિરૂપ છો. નિરાકાર પરમજ્યોતિરૂપ આપ એક સત્ય છો, બીજું કાંઈ સત્ય નથી. આત્મા કે ચૈતન્ય વિના સર્વ જડ વસ્તુઓ અસત્ છે. આત્માની અપેક્ષાએ આપ સત્ય છો અને જડ જગત અસત્ છે. આપના પ્રેમ વિનાનો જડજગતનો પ્રેમ અસત્ય તો નથી, પરંતુ આવો પ્રેમ આત્મહિતકર નથી.

પ્રભુ પરમેશ્વર મહાવીર દેવ ! આપ હવે સર્વ લોકોને સત્ય ત્યાગનું સ્વરૂપ શીખવો. પ્રભો ! આપની ત્યાગદીક્ષાનો વખત હવે પાસે આવ્યો છે. એક વર્ષ પૂર્વે આપની આગળ અમે વિજ્ઞપ્તિ કરવા આવ્યા હતા. એક કોટિ અને સાઠલાખ સુવર્ણમહોરોનું આપ દરરોજ ગરીબ યાચકોને દાન દો છો. હવે વાર્ષિક દાન પણ પૂર્ણ થવા આવ્યું છે.

પૂર્વે શ્રી મુનિસુવ્રત તીર્થંકરના સમયમાં રામચંદ્ર થયા. તેમણે મુનિસુવ્રત પ્રભુને પૂછ્યું હતું કે આર્યાવર્તમાં પંચમ આરો બેસતાં ચોથા આરાને છેડે કોણ મહાપરમેશ્વર પ્રગટ થશે ? ત્યારે શ્રી મુનિસુવ્રતસ્વામીએ કહ્યું હતું કે ચોથા આરાના છેડે પરબ્રહ્મ મહાવીર પ્રભુ થશે. તેમના નામનું સ્મરણ કરતાં ભવ્ય જીવો એક ક્ષણમાં સર્વ પાપથી મુક્ત થશે. એવું શ્રવણ કરી શ્રી રામચંદ્રજીએ પરબ્રહ્મ મહાવીર પ્રભુનું ધ્યાન ધર્યું હતું અને પરબ્રહ્મમહાવીર પરમેશ્વરરૂપ સર્વ વિશ્વ અનુભવ્યું હતું. પરિણામે તે સર્વ પ્રકારની કર્મમાયાથી મુક્ત પ્રભુ થયા હતા.

શ્રી નેમનાથ પ્રભુ પાસે પણ શ્રીકૃષ્ણે ચોથા આરાને છેડે મહાપરમેશ્વર કોણ થશે એવું પૂછેલું. તેના ઉત્તરમાં મહાઘોરઋષીશ્વર અરિષ્ટનેમિ પ્રભુએ જણાવ્યું કે પરબ્રહ્મ મહાવીર પ્રભુ થશે. તે વિશ્વનો ઉદ્ધાર કરશે. તેમના ધ્યાનથી, તેમના નામનું ભજન કરવાથી કલિયુગના મનુષ્યો સર્વ પાપથી મુક્ત થશે. શ્રીકૃષ્ણે એવું શ્રવણ કરી પરબ્રહ્મ શુદ્ધાત્મા વ્યાપક મહાવીર પ્રભુનું ધ્યાન ધરેલું.

સર્વ ઈશ્વરાવતારોમાં આપ સમાન કોઈ થયા નથી અને થશે નહીં. સર્વ ઋષિઓ આપના શુદ્ધાત્મ નિરાકાર નિર્વિકલ્પ મહાવીર પરબ્રહ્મનું ધ્યાન ધરે છે. આપ પણ આપના સ્વરૂપને જ્યાંત્યાં દેખો છો. આપની બહાર કોઈ નથી. આપનામાં સર્વ છે. શ્રી દેવલ, અસિત, અંગિરા વગેરે ઋષિઓ આપના ત્યાગાવસ્થાના મહોત્સવથી અત્યંત પ્રમોદ પામ્યા છે. આપની માતાએ આપ ગર્ભમાં દેવલોકમાંથી ચ્યવીને આવ્યા ત્યારે ચૌદ સ્વપ્ન દેખ્યાં હતાં. તે સ્વપ્નોનો ભાવ ઋષિઓએ વિશ્વમાં સર્વત્ર ફેલાવ્યો હતો. તેથી વિશ્વમાં આપ પરમાત્માની શ્રદ્ધા–પ્રીતિ પ્રગટી છે. આપ હવે સત્વર ત્યાગમાર્ગને ગ્રહણ કરી વિશ્વોદ્ધાર કરો.

ચૌદ સ્વપ્નનો ભાવ :

ઋષિઓ : પરબ્રહ્મ મહાવીરદેવ ! આપ સર્વત્ર પ્રકાશો...

આપને અમે નમીએ છીએ, ધ્યાઈએ છીએ.

આપના ત્યાગમાર્ગના દીક્ષામહોત્સવ પર આપનો બોધ ગ્રહણ કરવા અમો આવ્યા છીએ. આપે અમારો સત્કાર કર્યો તથા અમારો પર પ્રસન્નતા દર્શાવી તેથી અમો ખુશ થયા છીએ. આપની જ્ઞાનાજ્ઞાના નિયમ પ્રમાણે સર્વ વિશ્વની જડચેતન ગુણ-પર્યાયની વ્યવસ્થા ચાલ્યા કરે છે.

આપની માતાએ સ્વપ્નમાં હસ્તી દેખ્યો તેનો ભાવ એ છે કે આપ કર્મરૂપ વનમાં હસ્તીની પેઠે ફરશો અને સર્વ જીવોમાં મહાદાની થશો. આશા, તૃષ્ણા, સંકટ અને દુઃખરૂપ કર્મ વેલડીઓને આપ ઉખેડી નાખશો. આપ ભારત પ્રદેશમાં સ્વેચ્છાએ વિચરશો.

સિંહની પેઠે સર્વ વિશ્વમાં આપ મહાપરાક્રમી થશો. આપ કર્મરૂપ શત્રુઓને ઉચ્છેદી નાખશો અને મોહશત્રુઓનો નાશ કરશો.

આપ વૃષભ સમાન બનીને વિશ્વક્ષેત્રમાં ધર્મરૂપી બીજો વાવવામાં જીવોને સહાયક થશો. વૃષભનાં ગુણકર્મોની પેઠે આપ સત્ત્વગુણ અને સત્ત્વગુણી કર્મોથી વિશ્વના જીવોનું કલ્યાણ કરશો.

આપ લક્ષ્મીના સ્વપ્નથી કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપ લક્ષ્મી દ્વારા વિશ્વના જીવોને આત્મલક્ષ્મીથી વિભૂષિત કરશો. આપ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ લક્ષ્મીથી વિશ્વના લોકોને લક્ષ્મીવાળા કરશો.

વિશ્વના જીવોનું કલ્યાણ કરવામાં અનેક ઉપસર્ગ અને પરિષહો વેઠી તેમ જ અસુરરૂપ મોહાદિ શત્રુઓને મારી હઠાવી વિજયરૂપી પુષ્પમાળાને વરશો. આપની કૃપાથી અનેક ભક્ત ગૃહસ્થો તથા ત્યાગીઓ વિજયરૂપી પુષ્પમાળાને વરશે.

ચંદ્રના સ્વપ્નથી આપ ચન્દ્રની પેઠે સર્વ જીવોને સૌમ્ય લાગશો. અનેક લોકો આપનાં દર્શન કરી શાંત થશે. ચંદ્રમા કરતાં આપની પાસેથી લોકો અનંતગુણી શાંતિ અને શીતલતા મેળવશે.

સૂર્યના સ્વપ્નથી આપ જ્ઞાનાદિ ગુણોથી વિશ્વમાં અનંતગુણા પ્રકાશિત થશો. દેવલ ઋષિ, અસિત ઋષિ વગેરે સર્વ ઋષિઓને જણાયું છે કે અનંત સત્ય જ્ઞાનરૂપ પ્રકાશથી આપ અનંતગુણા સદા પ્રકાશિત છો. તેથી સર્વ ઋષિઓ જે કંઈ પ્રકાશે છે તે આપસ્વરૂપ છે એમ તેઓ જાણે છે.

આ વિશ્વમાં સર્વ પ્રકારના સત્ય જ્ઞાનરૂપ જૈનધર્મનો ધ્વજ સર્વત્ર આપ ઊડતો કરવાના છો.

જૈનધર્મરૂપ પ્રાસાદના શિખર પર આપ પૂર્ણાનંદરૂપ કલશ ચઢાવવાના છો.

અનેક જીવોનું કલ્યાણ કરનાર જૈનધર્મરૂપ સરોવર આપ પ્રગટાવવાના છો.

એટલું જ નહીં, પરંતુ જૈનધર્મરૂપ સાગર કે જે સર્વાત્માઓમાં તિરોભાવે છે, તેને આપ આવિર્ભાવે કરવાના છો. આપ સર્વ લોકોને સાગરની પેઠે ગંભીર કરવાના છો.

આપ સર્વ મનુષ્યોને આત્મસ્વર્ગમાં અનેક ગુણોરૂપ દેવવિમાનમાં બેસાડવા ઉપદેશ દો છો અને દેશો. પશુ સમાન અજ્ઞ અને વિકારી જીવોને આપ દેવ બનાવી દેવવિમાનમાં મોકલો છો અને મોકલશો.

રત્નના ઢગલા કરતાં અનંતગુણા ઉત્તમ એવા સર્વ સત્ય ધર્મોના ઢગલાઓ પ્રગટાવીને વિશ્વના લોકોને આપશો. તેથી તેઓ બાહ્ય રત્નાદિક ઉપરના મમત્વ અને અહંકારથી રહિત થશે.

આપ વિશ્વમાં જ્ઞાનાગ્નિ પ્રગટાવીને ભવ્ય ભક્ત લોકોનાં કર્મરૂપી કાષ્ઠોને ભસ્મ કરી લોકોને શુદ્ધ કરશો. શ્રુતજ્ઞાનમાં અસત્યરૂપ પ્રગટેલા ધૂમ્રને દૂર કરશો. લોકોને જ્ઞાનમાર્ગ જણાવશો.

ત્યાગ :

પ્રભુ મહાવીર દેવ : ભવ્ય પ્રિય લોકાંતિક દેવો અને દેવલ,

વ્યાસ, અસિત, ભૃગુ, પારાશર, વસિષ્ઠ આદિ ઋષિઓ! તમારું કલ્યાણ થાઓ. તમારું સ્વાગત કરું છું.

તમો સર્વે મારી જ્ઞાનાજ્ઞા પ્રમાણે પ્રવર્તો છો. ગૃહસ્થાશ્રમની પેઠે વિશ્વમાં ત્યાગાશ્રમની જરૂર છે. ગૃહસ્થાશ્રમમાં દાનમાં ત્યાગ રહેલ છે. જડ વસ્તુઓ, કે જે અન્ય મનુષ્યોના ખપમાં આવે છે, તેઓનો મમત્વભાવ ત્યાગી જે દાન કરી શકતો નથી તે ત્યાગી બની શકતો નથી. જે મનુષ્યો અહં, મમતા, સ્વાર્થ, વૈર, કલેશ, મોહ, અજ્ઞાન, નિંદા ઇત્યાદિ દોષોનો ત્યાગ કરતા નથી તે ત્યાગી નથી. ત્યાગીનો વેષ ધરવાથી અને અમુક ક્રિયા તથા અમુક જાતનો ઉપદેશ આપવા માત્રથી ત્યાગગુણની પ્રાપ્તિ થઈ શકતી નથી. ગમે તે આશ્રમમાં ત્યાગગુણની પ્રાપ્તિ થઈ શકે છે.

સર્વ પ્રકારનાં બાહ્ય તથા આંતર પરતંત્રતાનાં બંધનોમાં અપ્રતિબદ્ધ રહેવું અને અંતરથી ત્યાગભાવના રહેવી એ જ ત્યાગનું લક્ષણ છે. શરીર, મન, વાણી, લક્ષ્મી આદિનો પરમાર્થ માટે જે ત્યાગ કરે છે તે ત્યાગી છે. આત્મરાગ અને આત્મપ્રેમમાં વૈરાગ્ય અને ત્યાગ રહેલ છે.

જે ખરેખરો મારો રાગી છે તે જ ખરેખરો ત્યાગી તથા વૈરાગી છે. શુદ્ધ રાગની સાથે ત્યાગ અને વૈરાગ્યભાવ રહે છે. જ્યાં શુદ્ધ રાગ નથી ત્યાં ત્યાગ–વૈરાગ્ય નથી. સત્ત્વગુણ દશામાં ત્યાગ–વૈરાગ્ય શુદ્ધ રાગ છે, તેની પેલી પાર ત્રિગુણાતીત દશામાં અને શુદ્ધાત્મ જ્ઞાન–દર્શન–ચારિત્રની પૂર્ણતામાં ત્યાગ, વરાગ્ય કે રાગ એમાંનું કશું હોતું નથી.

તમોગુણી ત્યાગ અને રજોગુણી ત્યાગ કરતાં સત્ત્વગુણી ત્યાગ અનંત ગુણ ઉત્તમ છે. તમોગુણી અને રજોગુણી ત્યાગ દશાને પસાર કરી મનુષ્યો અનુક્રમે સત્ત્વગુણી ત્યાગનાં કરોડો પગથિયાં બલ્કે અસંખ્ય પગથિયાં ચઢે છે. આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાન પ્રાપ્ત કર્યાથી સત્ય ત્યાગની પ્રાપ્તિ થાય છે. રજોગુણી અને તમોગુણી રાગદ્વેષનો ઉપશમ, ક્ષયોપશમ અને

ક્ષાયિકભાવ થવાથી સાત્ત્વિક રાગ ગર્ભિત ત્યાગગુણ પ્રગટે છે. પશ્ચાત્ આત્મા સાત્ત્વિક રાગનાં પડલોને કાચના જેવાં નિર્મલ બનાવીને તે દ્વારા સર્વ વસ્તુઓનું સત્ય અપેક્ષાએ દેખે છે ત્યારે તે તે આત્મા સમ્યગ્દૃષ્ટિવાળો સમ્યગ્જ્ઞાની બને છે.

કંજૂસ અને સ્વાર્થી મનુષ્ય જડવસ્તુઓનો ગુલામ બને છે. ઇન્દ્રિય અને શરીરના મોહી તથા ગુલામો અન્ય જીવોના ભલા માટે દેહ, ઇન્દ્રિય, વાણી આદિનો ભોગ, ત્યાગ, વ્યાપાર કરી શકતા નથી. શુદ્ધાત્મા વિના મારું બીજું કશું કંઈ નથી.

આ વિશ્વમાં જે જે આત્માનાં સાધનો છે તેઓનો અન્યોના ભલા માટે ત્યાગ કરવાથી તથા તેમાંથી આત્મબુદ્ધિનો અધ્યાસ દૂર કરવાથી સર્વ પ્રકારનાં આવરણો રહિત આત્મા જ પરમાત્મારૂપ બની પ્રકાશે છે.

જડ વસ્તુઓના મમત્વનો ત્યાગ તે જ ત્યાગ છે. બાહ્યથી ત્રિલોકની લક્ષ્મી ભોગવવા છતાં અંતરથી જે મૂંઝાતો નથી, લેપાતો નથી અને સ્વાધિકારે તન, મન, ધનાદિકનો સદુપયોગ કરે છે તે ત્યાગી છે. જે જે અંશે ક્રોધ, માન, માયા, લોભ, કામાદિકનો ત્યાગ થાય છે તે તે અંશે અધ્યાત્મ જાણવો. નવ પ્રકારે બાહ્ય પરિગ્રહ છે. તેમાં મમતા અહંતાદિ દોષો પ્રગટે છે. તેથી આત્માના ગુણોનું આચ્છાદન થાય છે. પણ બાહ્ય નવવિધ પરિગ્રહથી મમતાદિરહિતપણે બંધાવાનું થતું નથી. જે જે વસ્તુઓને પરિગ્રહ કે લક્ષ્મી આદિ કહેવામાં આવે છે તેમાં પરિગ્રહની બુદ્ધિ જ કારણીભૂત છે. પરિગ્રહરૂપે જેની બુદ્ધિમાં પરિણામ થતો નથી એવા આત્માને વિશ્વમાં કોઈ પરતંત્ર કરવા શક્તિમાન નથી. જેની પાસે એક કોડી પણ ધન નથી એવો મનુષ્ય દશ્ય વસ્તુઓમાં મમતા—અહંતારૂપે બુદ્ધિ ધારણ કરી મોહી અને પરિગ્રહી બને છે. બાહ્ય દશ્ય વસ્તુઓથી દૂર થવામાં કદાપિ ખરો ત્યાગભાવ પ્રગટતો નથી. જે જે વસ્તુઓ આત્માની નથી અને જે જડ વસ્તુઓ ચંચળ, ક્ષણવિનાશી

અને અસત્ છે તેમાં મમતાબુદ્ધિ ન રહેવી અને વ્યવહારથી સ્વાધિકારે તેનો ખપ જેટલો ઉપયોગ જેઓ કરે છે તે ત્યાગભાવને આચારમાં મૂકે છે.

ત્યાગીઓ અનેક પ્રકારના છે. તેઓના બાહ્ય વેષાચારના ભેદે અનેક ભેદો છે, પરંતુ તેઓ ત્યાગભાવની દિશાએ એક જ છે. અનેક પ્રકારના ત્યાગીઓની સેવાભક્તિ કરવાથી ત્યાગાશ્રમની પુષ્ટિ થાય છે અને તેથી વિશ્વમાં ગૃહસ્થાશ્રમમાં પ્રગટતા અનેક વિકારોનો નાશ થાય છે. ગૃહસ્થાશ્રમની ઉચ્ચતા અને શુદ્ધતાથી ત્યાગાશ્રમની ઉચ્ચતા અને શુદ્ધતા થાય છે.

શું ગ્રહવું અને શું ત્યાગવું ? કઈ વસ્તુ આત્માએ ગ્રહણ કરી હતી કે જેથી તેના ત્યાગની જરૂર છે ? ઇત્યાદિનો સત્ય વિવેક કરવા માટે બ્રહ્મજ્ઞાનની—આત્મજ્ઞાનની જરૂર છે. જ્ઞાની જ ખરેખરો ત્યાગી બની શકે છે. જ્ઞાન, તપ, જપ, સંયમથી ત્યાગીઓની ઉચ્ચતા અને શુદ્ધતા છે. જે વસ્તુઓના ગ્રહણથી દુઃખ પ્રગટે છે તે વસ્તુઓના ત્યાગની જરૂર છે. બાહ્યમાં ત્યાગ-ગ્રહણ બુદ્ધિકલ્પિત છે. બાહ્ય જે જે વસ્તુઓને સુખ માટે ગ્રહણ કરવી પડે છે તેનો પાછો દુઃખ થતાં ત્યાગ કરવો પડે છે, અને જે જે વસ્તુઓનો ત્યાગ કરાય છે તેનું પાછું સુખબુદ્ધિથી ગ્રહણ થાય છે. બાહ્ય દૃશ્ય પદાર્થોમાં ગ્રહણ–ત્યાગબુદ્ધિ વારંવાર સુખ-દુઃખનાં નિમિત્ત પામી બદલાયા કરે છે. તેથી બાહ્ય વસ્તુઓનું ગ્રહણ યા તેનો ત્યાગ તે વસ્તુતઃ ત્યાગ નથી અને એવા બાહ્ય ત્યાગ માત્રથી આત્માનું અનંત સુખ અનુભવાતું નથી. બાહ્ય જડ વસ્તુઓમાં થતી મમતાબુદ્ધિનો ત્યાગ જ સત્ય ત્યાગ છે. બાહ્ય જડ વસ્તુઓ ભલે શુભાશુભ પ્રારબ્ધાનુસારે આવે–જાય, પરંતુ તેના ગ્રહણમાં મમતા ન થવી જોઈએ અને તેવા નાશથી શોક ચિંતા ન થાય એટલે ત્યાગીપણું જાણવું.

જ્ઞાની આત્માઓ ગૃહસ્થાશ્રમમાં અને ત્યાગાશ્રમમાં ગ્રહણ

કે ત્યાગમાં હર્ષ–શોક વિના પ્રવૃત્તિ કરે છે. આત્મજ્ઞાનીને કોઈપણ પદાર્થ બંધન કરવા સમર્થ થતો નથી. મમતા–મોહમાં જેઓ પરિણમ્યા વિના સ્વાધિકારે પ્રવૃત્તિ–નિવૃત્તિ કરે છે તેઓ અધ્યાત્મ-ત્યાગીઓ છે. બાહ્ય ત્યાગીઓ કરતાં અધ્યાત્મત્યાગીઓ અનંતગુણા મહાવિશુદ્ધ છે. દેહાધ્યાસ વિના જેઓ પાંચે ઇન્દ્રિયોના ભોગો ભોગવે છે તેઓ વિષયોમાં નિર્લેપ રહે છે. વિષયોના ભોગમાં જેઓને મમતા નથી, વિષયોનો નાશ થતાં જેઓને શોક કે ચિંતા નથી, જેઓની શુદ્ધબુદ્ધિમાં ગ્રહણ–ત્યાગની કલ્પના નથી એવા આત્માઓ ગૃહસ્થાશ્રમમાં અને ત્યાગાશ્રમમાં નિર્લેપ રહે છે અને તેઓ વિશ્વનું કલ્યાણ કરે છે.

જેઓ ગ્રહણ કરેલા રાગ–દ્વેષને ત્યાગે છે તે સત્ય ત્યાગી છે. અશુદ્ધતા ત્યાગવી અને શુદ્ધતા પ્રાપ્ત કરવી તે જ ત્યાગ છે. જેનાથી અનંત દુઃખો થાય છે એવા મોહાદિ દોષોનો ત્યાગ જે જે અંશે થાય છે અને આત્મરાગ જે જે અંશે પ્રગટે છે તે તે અંશે ત્યાગીપણું છે. અરણ્યમયાં વાસ કરવા માત્રથી કોઇ ત્યાગી કે મુનિ બની શકતો નથી. જ્ઞાનથી ત્યાગી અને મુનિપણું પ્રાપ્ત થાય છે. અન્યોના ઉપકારાર્થે તન, મન, ધનાદિકનો કે માન, સન્માન, કીર્તિ વગેરેનો જે ત્યાગ કરે છે તેને ત્યાગી જાણવો.

જે મનુષ્યો ત્યાગીઓ બને છે તેઓ સર્વ બાબતમાં અંતરથી નિઃસ્પૃહ બને છે. બાહ્યથી ઇન્દ્રાદિકની જેટલી સર્વ પ્રકારની ઋદ્ધિ-વાળા હોય, પરંતુ જેઓ અંતરથી તેમાં મમતારહિત છે અને ઋદ્ધિનો સર્વ શુભ બાબતોમાં સદુપયોગ કરે છે એવા ત્યાગાશ્રમના ત્યાગીઓ બાહ્ય ઋદ્ધિમાં હર્ષ, શોક અને મમતા વિનાના હોવાથી આંતરત્યાગીઓ છે. જેઓ સ્ત્રીઓનો ત્યાગ કરે છે પણ અંતરથી કામવાસનાના ત્યાગી બનતા નથી તેઓ આંતરત્યાગી નથી. બાહ્યથી ઇન્દ્રની અપ્સરાના સમાગમમાં આવવા છતાં પણ જેઓના મનમાં વિષયભોગની બુદ્ધિ કે કામવાસના પ્રગટતી નથી તે સત્ય ત્યાગી છે.

લલનાઓથી દૂર રહેવામાં કંઈ બ્રહ્મસ્વરૂપમાં રમણતારૂપ બ્રહ્મચર્ય પ્રગટતું નથી તેમ જ કામાદિ વાસનાનું ત્યાગત્વ પ્રાપ્ત થતું નથી. કામાદિ વાસનાઓ, કે જેમાંથી આત્મસુખનો અનુભવ થતો નથી, તેના ત્યાગમાં નિશ્ચયથી ત્યાગીપણું છે. તેવું ત્યાગીપણું આત્મજ્ઞાનથી પ્રગટે છે.

આંતરિક કામ–ક્રોધાદિકના ત્યાગ વિના ત્યાગીના વેષની કે આચારની મહત્તા નથી. આત્મા આદિનું જ્ઞાન ગ્રહણ કરી તેમ જ શાસ્ત્રવાસના, લોકવાસના અને વિષયવાસનાનો ત્યાગ કરી સર્વ પ્રકારના હઠ અને કદાગ્રહનો જેઓ ત્યાગ કરે છે અને શુભાશુભ બુદ્ધિમાં જેઓ મૂંઝાતા નથી પરંતુ આત્મદૃષ્ટિથી પ્રવર્તે છે તે ઉત્તમોત્તમ ત્યાગીઓ છે.

લોકાંતિક દેવો અને ઋષિઓ! જેઓ શુદ્ધાત્મ પરબ્રહ્મ મહાવીર સ્વરૂપની પ્રાપ્તિ માટે બાહ્યમાં રાગદ્વેષથી મૂંઝાતા નથી અને સર્વાત્માઓને આત્મપ્રેમથી ચાહે છે તેઓ ત્યાગી છે. જેઓ મારા પર પૂર્ણ પ્રેમ ધારણ કરે છે તેઓ મારા વિના સર્વ જડ-જગતમાં હું–તું, મારું–તારું એવી બુદ્ધિ ધારણ કરતા નથી. તેથી તેઓ ત્યાગી છે. મારામાં જેનો પૂર્ણ પ્રેમ છે તેને સંસારના કોઈપણ પદાર્થ પર મોહ થતો નથી. બાહ્ય પદાર્થોનો જેઓ વ્યવહાર-દશામાં વિવેકબુદ્ધિથી ગ્રહણ–ત્યાગ કરે છે તેઓ મારા સ્વરૂપના પ્રેમી બની ત્યાગદશાને પામે છે. જે મારો પ્રેમી છે, જે મારો ભક્ત છે, જ્ઞાની છે તે કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક-ભાવ કરે છે અને સર્વજ્ઞ બને છે.

જયારે વિશ્વમાં સત્ત્વગુણી ત્યાગીઓ પ્રગટે છે ત્યારે વિશ્વ, ખંડ, દેશ, સમાજ, સંઘ, કુટુંબ, ઘર વગેરે સર્વની ઉચ્ચતા અને શુદ્ધતા થાય છે. ત્યાગીઓ સર્વ વિશ્વમાં ફરીને સર્વ લોકોનું કલ્યાણ થાય એવી શુભ પ્રવૃત્તિઓ કરે છે અને અશુભ પ્રવૃત્તિ-ઓથી લોકોને નિવૃત્ત કરે છે. દરિયામાર્ગે, આકાશમાર્ગે વિમાનોમાં

અને ગાડી વગેરેમાં બેસી ત્યાગીઓ જ્યાંત્યાં વિચરે છે અને વિશ્વમાં સર્વત્ર સત્ય જૈનધર્મનો ઉપદેશ આપે છે. કેટલાક ત્યાગીઓ પ્રમત્ત દશાવાળા હોય છે અને કેટલાક અપ્રમત્ત દશાવાળા હોય છે. કેટલાક ત્યાગીઓ ત્યાગાશ્રમમાં રહે છે અને કેટલાક જ્યાંત્યાં વિચરે છે. કેટલાક ત્યાગીઓ જન, સમાજ, દેશ, પ્રજા, સંઘ વગેરેની વ્યાવહારિક ધાર્મિક દશા સુધારવા પ્રયત્ન કરે છે, કેટલાક અપ્રમત્ત ત્યાગીઓ પોતાના આત્માનું ધ્યાન ધરે છે અને આત્મસમાધિમાં મશગૂલ રહે છે. કેટલાક ત્યાગાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં આવે છે અને પુનઃ ત્યાગદશામાં યોગ્યતા પામી પ્રવેશ કરે છે. કેટલાક ત્યાગીઓ ડુંગરોમાં, દ્વીપોમાં, ગુફાઓમાં, વૃક્ષોની નીચે, તળાવકાંઠે, નદીકાંઠે વાસ કરે છે. કેટલાક ત્યાગીઓ વનમાં રહે છે. કેટલાક ગુરુકુલો સ્થાપી ગૃહસ્થોને ધર્મશિક્ષણ આપે છે. ત્યાગી જે રુચે તે પ્રમાણે વર્તવા સ્વતંત્ર છે. ત્યાગીઓ નિયમો અને વ્રતોમાં સ્વતંત્રપણે વર્તે છે અને મારું ધ્યાન ધરે છે. ત્યાગીઓને આદર્શ ત્યાગીઓ બનાવવા માટે ત્યાગદશાને વ્યવહારથી ગ્રહણ કરવાની જરૂર છે. તે માટે મારે પ્રવૃત્તિ કરી વિશ્વોદ્ધાર કરવાનો છે.

ત્યાગીઓ વિશ્વનું કલ્યાણ કરી શકે છે. મારી પ્રાપ્તિ માટે જેઓ સર્વસ્વનું અર્પણ કરે છે તે ખરેખરા ત્યાગીઓ છે. હું સમવસરણમાં બેસીને સાધુઓ અને સાધ્વીઓના ધર્મનું પ્રતિપાદન કરીશ અને ત્યાગીઓને બનાવીશ. મારી ભક્તિમાં જે સર્વસ્વનો હોમ કરે છે તેઓ ત્યાગીઓ બને છે.

જે વસ્તુઓ અસત્ છે તેમાં રાગ ન કરવો, તેમાં વિરાગભાવ ધરવો અને સર્વ જીવો પર સદા પૂર્ણ પ્રેમભાવ ધારણ કરવો. એમ પ્રવર્તવાથી આત્માનો અનંત પ્રકાશ પ્રગટ કરી શકાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી આત્માના ગુણોનો આવિર્ભાવ કરી શકાય છે. આત્માના અનંત જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ કરવામાં જે જે મોહાદિ વિક્ષેપવૃત્તિઓ છે તેઓનો ત્યાગ કે નાશ કરવો તે સત્ય ત્યાગ છે.

આત્મા વિના અન્ય જડ વસ્તુઓમાં મૂંઝાવનારી વિક્ષેપક કે અંતરાયરૂપ જે જે રાગદ્વેષાદિ વૃત્તિઓ છે તેઓનો ત્યાગ કરવો તે જ ત્યાગ છે. આત્મા ચારે તરફ અનેક જડ વસ્તુઓ વચ્ચે છે. તે જડ વસ્તુઓનાં બનેલાં શરીરો, કોષો વગેરેમાં આત્મબુદ્ધિથી ન બંધાવું અને શરીરનો પરમાર્થ કાર્યોમાં ત્યાગ કરવો તે ત્યાગ છે. પરજીવોના ઉદ્ધાર માટે શારીરિક સુખ વગેરે બાહ્ય સુખો અને તેનાં સાધનોનો ત્યાગ કરવો તે ત્યાગ છે. શાસ્ત્રોમાંથી સત્ય ગ્રહણ કરવું, લોકોની પાસેથી સત્ય ગ્રહણ કરવું અને અસત્ય, હઠ, કદાગ્રહ, કુબુદ્ધિ આદિનો ત્યાગ કરવો તે ત્યાગ છે. ઘર, કુટુંબ, જ્ઞાતિ, દેશ, રાજ્ય, સમાજ, પ્રજાસંઘાદિક માટે પોતાની ઇષ્ટ વસ્તુઓનો ત્યાગ કરવો તે ત્યાગ છે. હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, વિશ્વાસઘાત વગેરે દોષો, કે જેથી સ્વ-પર જીવોને અનેક પ્રકારનાં પાપ લાગે છે એવાં હિંસાદિક કર્મોનો સ્વાધિકારે જેટલો બને તેટલો ત્યાગ કરવો તે ત્યાગ છે.

અપ્રમત્તજ્ઞાની મહાત્માઓ બહિર્મુખવૃત્તિનો ત્યાગ કરે છે. તેઓ અશુદ્ધ પરિણામ અને અશુદ્ધોપયોગનો ત્યાગ કરે છે. ગૃહસ્થ મનુષ્યો દેશ થકી હિંસાદિક દોષોનો ત્યાગ કરી શકે છે અને દેશ થકી આત્મામાં રતિ, પ્રેમ, લયલીનતા ધારણ કરી શકે છે, એમ વ્યવહારદશામાં જાણો. ગૃહસ્થો દેશ થકી ત્યાગીઓ બને છે અને ત્યાગીઓ દેશ થકી અને સર્વ થકી આત્મામાં પ્રેમ ધારણ કરી શકે છે. તેઓ દેશ થકી તથા સર્વતઃ ત્યાગીઓ બને છે છે અને વિશ્વસેવા, દેશસેવા, સંઘસેવાદિકમાં પ્રવૃત્તિ કરી શકે છે.

સર્વ જીવોમાં શુદ્ધાત્મમહાવીરનું સ્વરૂપ જોવું અને તેમાં પૂર્ણ પ્રેમરસથી રસિક થઈ જવું તે આત્મપ્રેમપૂર્વક ત્યાગસ્વરૂપ જાણવું. પિંડમાં અને બ્રહ્માંડમાં, વ્યષ્ટિમાં અને સમષ્ટિમાં અભેદરૂપ શુદ્ધાત્મભાવે લયલીન થઈ જવું અને ભેદભાવનો ત્યાગ કરવો તે ત્યાગ છે. દેહ-પ્રાણનો ત્યાગ કરવામાં અને જીવવામાં શોકહર્ષાદિ દ્વન્દ્વાતીત

થવું તે આધ્યાત્મિક ત્યાગ જાણવો.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન, વાણી, કાયાની અશુભ પ્રવૃત્તિનો ત્યાગ કરવાથી આત્માના અનંત જ્ઞાનાદિમય જીવનની પ્રાપ્તિ થાય છે અને જન્મ, જરા, મૃત્યુનાં દુઃખોને જીતી પરમાર્હંત પદની પ્રાપ્તિ કરી શકાય છે.

ક્ષણિક વિનાશી પદાર્થોમાં રાગદ્વેષથી જે મન બંધાયેલું છે તે બંધનો ત્યાગ કરીને મનને મુક્ત કરવું તે ત્યાગ છે. પરભાવદશાનો ત્યાગ કરવો તે ત્યાગ છે. બહિરાત્મદશાભાવ, કે જે આત્માથી પર છે અર્થાત્ ભિન્ન છે, તે મોહભાવ છે. મોહભાવથી જે મુક્ત છે અને સર્વ જડ પદાર્થોનો આહારાદિક અનેકરૂપે જે વિવેકથી ઉપયોગ કરે છે તેને વિવેકપૂર્વક ત્યાગદશાવાળો જાણવો.

અવનતિકારક સર્વ કુસંપ, ભેદ, કલેશ, અજ્ઞાન, વૈર આદિથી મુક્ત થવું તે ત્યાગ અર્થાત્ મુક્તિ છે. દેહ–પ્રાણાદિકના ત્યાગ વિના દેશ, કોમ, સમાજ, સંઘની મુક્તિ કે સ્વતંત્રતા શક્ય નથી. જે મનુષ્યો દેહાદિકનો ધર્મ, સંઘાદિક માટે ત્યાગ કરતાં ભય, ખેદ, કલેશ પામે છે તે ત્યાગીઓ નથી. ઋષિઓ! ત્યાગ જેવું કોઈ પ્રિય નથી. દેહાદિકના વિસર્જન વિના સત્ય જૈનધર્મનો પ્રચાર થઈ શકતો નથી. જે દેશમાં, ખંડમાં, સંઘમાં, ધર્મમાં દેહાદિકનો કારણપ્રસંગે ત્યાગ કરનારા ત્યાગીઓ પ્રગટે છે તે દેશ, ખંડ. ધર્મ, સંઘાદિકની અને આત્માની ઉન્નતિ કરી શકે છે. મરવાના ભયથી જેઓ અસત્યનો સ્વીકાર કરે છે તે ખરેખરા ત્યાગી કે યોગી નથી. જેઓ જીવવા છતાં પણ ક્ષણે ક્ષણે ધર્માદિક માટે દેહાદિક સર્વસ્વનો ત્યાગ કરે છે તેઓ મરજીવા ત્યાગીઓ છે.

મારા માટે અને મારા ત્યાગરૂપ જૈનધર્મ માટે જેઓ સર્વ પ્રિય વસ્તુઓનો ભોગ આપવા અને ત્યાગ કરવા એક ક્ષણમાત્રનો વિલંબ કરતા નથી એવા ત્યાગી મહાત્માઓ ખરેખર મારા અનંત

જ્ઞાનાનંદ જીવનને પામે છે. ઋષિઓ, યોગીઓ, ત્યાગીઓ અનેક પ્રકારના ઉપસર્ગ, પરિષહ, દુઃખો વેઠીને સત્ય ત્યાગના બળે પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. વિશ્વવર્તી સર્વ મનુષ્યોના કલ્યાણ માટે, તેઓના સુખને માટે પોતાનાં સુખોનો ત્યાગ કરવો એ ત્યાગ છે. ત્યાગમાર્ગથી મારા સ્વરૂપને લોકો જલદીથી પામે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને સંતોષના માર્ગે ચાલતાં અસત્ય-સુખની સર્વ લાલચો અને ઇચ્છાઓને ત્યાગવી તે ત્યાગ છે. સત્ય ત્યાગથી હૃદયમાં પરબ્રહ્મરૂપ મારો પ્રકાશ થાય છે. મારા આદર્શ ત્યાગી જીવનથી કરોડો અબજો મનુષ્યો, પશુઓ અને પંખીઓ ત્યાગ માર્ગ તરફ વળશે.

ઋષિઓ ! જ્યારે વિશ્વના લોકોને ત્યાગજીવનની ઘણી જરૂર પડે છે ત્યારે મારા વડે અનેક શક્તિઓના પ્રકાશક એવા ત્યાગમાર્ગનો પ્રકાશ થાય છે. ઋષિઓ ! ત્યાગીઓ વિના વિશ્વમાં શાંતિ, નિર્વૃતિ કે સુખનો પ્રકાશ થઈ શકતો નથી. અશુભ વિચાર અને આચારના ત્યાગથી ત્યાગીઓ વિશ્વને સુખ અને શાંતિ આપી શકે છે. વૃદ્ધાવસ્થા આવે ત્યારે તો સ્ત્રીઓએ અને પુરુષોએ સર્વ ખપ પડતી પ્રવૃત્તિ વિનાની બીજી ઘણી પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને જે નિવૃત્તિમાર્ગ છે તે તરફ વળવું જોઈએ. હદ બહારની પ્રવૃત્તિઓ, કે જેથી મન, વાણી, કાયાદિની ક્ષીણતા થાય છે, તેનો ત્યાગ કરવો જોઇએ. પૂર્વભવમાં જેઓએ ત્યાગ સ્વીકાર્યો હોય છે તેઓને આ ભવમાં પૂર્વભવના સંસ્કારથી જલદીથી ત્યાગની પ્રાપ્તિ થાય છે, જેઓ મહાભક્તો છે, સંતો છે તેઓ ત્યાગીઓ છે. ત્યાગ અને ત્યાગીઓના અનેક ભેદો છે. ગુણસ્થાનક પરિણામની ધારાએ ત્યાગના અસંખ્ય ભેદ પડે છે. ત્યાગ એ મારું બાહ્યાંતર સ્વરૂપ છે. તેમાં મસ્ત થાઓ.

વૈરાગ્ય :

ઋષિઓ ! વૈરાગ્યથી ત્યાગની સિદ્ધિ થાય છે. આત્માઓ

પર જે પ્રેમ થાય છે તે આત્મરુચિ, આત્મલગની, આત્માચાર, આત્મરસ છે. જડ દૃશ્ય વસ્તુઓ, કે જે આત્માનો સત્ય રાગ સમજવાની શક્તિ ધરાવતી નથી, તેમાં આસક્તિ કદી ધારણ ન કરવી જોઇએ. જડ વસ્તુઓ, કે જે લક્ષ્મી આદિના વ્યવહારથી વ્યવહરાય છે, તેની મહત્તા કંઇપણ નથી. તેથી સત્ય આનંદની પ્રાપ્તિ થતી નથી. જડ લક્ષ્મી વગેરેથી સુખ અલ્પ છે અને તેનાથી માનસિક દુઃખ અનંતગણું છે. ત્યાગીઓ જડ લક્ષ્મી વગેરે ક્ષણિક પદાર્થોમાં વૈરાગ્યભાવ ધારણ કરે છે. તેથી તેઓ ત્યાગમાર્ગમાં આગળ વહે છે અને વિશુદ્ધ પ્રેમની વૃદ્ધિ કરીને પરબ્રહ્મ મહાવીરરૂપ અવ્યય પદને પામે છે.

વૈરાગ્યની ભાવનાઓ વારંવાર મનમાં ભાવતાં વૈરાગ્યને આચારમાં મૂકવાની શક્તિ પ્રગટે છે. શુદ્ધાત્મસ્વરૂપ વિના અન્ય સર્વ ભૌતિક વસ્તુઓમાંથી રાગ કે આસક્તિ ઊઠતાં અને પશ્ચાત્ ધાર્મિક તેમ જ વ્યાવહારિક કર્તવ્યકર્મો કરતાં તેમાં નિર્લેપપણું રહે છે. મનુષ્યો જડ વસ્તુઓની આસક્તિથી શરીરરૂપ દેવળમાં રહેલો આત્મા, કે જે શુદ્ધાત્મ મહાવીર પરબ્રહ્મ છે, તેનું જ્ઞાન કરી શકતા નથી. જડ વસ્તુઓમાં શુભાશુભ રાગની સાથે દ્વેષાદિ દોષો પ્રગટે છે અને તેથી આત્માનો કે મનનો વાસ્તવિક વિકાસ થતો નથી. જડ વસ્તુઓ, પૃથ્વી, રાજ્ય, વ્યાપારાદિ લક્ષ્મી કંઈ પરભવમાં સાથે જતાં નથી. આધિ, વ્યાધિ, ઉપાધિનું કારણ વસ્તુતઃ જડ વસ્તુઓના સંયોગ–વિયોગમાં થતા હર્ષ–શોક છે. જડાદિકનો સ્વાધિકારે ખપ કરવો અને તેનું રક્ષણ કરવું, પરંતુ જડ વસ્તુઓમાં આત્મબુદ્ધિ ધરવી નહીં. આત્માની આગળ જડ લક્ષ્મીની મહત્તા ધૂળના પરમાણુ જેટલી પણ નથી એમ જે જાણે છે તે વૈરાગી છે અને તે જ મારો સાચો ત્યાગી ભક્ત છે.

આત્માની આગળ બાહ્ય આજીવિકાદિ જડ વસ્તુઓ ઉપયોગી સાધનરૂપ છે. પ્રાણીઓમાં સદા આત્માની મહત્તા કે પ્રભુતા અને

દેહોની કે પ્રાણોની ક્ષણભંગુરતા દેખવી. આત્માઓની ઉપર સત્ય પ્રેમ ધારણ કરીને દેહ, ઇન્દ્રિય તેમ જ કામભોગોમાં સ્વાધિકારે વૈરાગ્ય ધારણ કરવો. ઋષિઓ ! સર્વ વિશ્વમાં તમે વૈરાગ્ય અને ત્યાગના સત્ય વિચારો અને આચારોનું શિક્ષણ આપો. તમોગુણી જીવો નરક કે તિર્યંચ ગતિમાં જાય છે. રજોગુણી મનુષ્યો મનુષ્ય-ગતિમાં આવે છે. સત્ત્વગુણી અને વૈરાગ્ય–ત્યાગ–પ્રેમવાળા જીવો મનુષ્યગતિ અને દેવગતિમાં જાય છે. હલકી વાસનાઓ પર વૈરાગ્ય ધારણ કર્યા વિના ઉચ્ચ ત્યાગની પ્રાપ્તિ થતી નથી. વૈરાગ્યબળથી મનમાં પ્રવેશ કરતા કામાદિ શત્રુઓને હણી ગૃહસ્થો અને ત્યાગીઓ અરિહંત વિષ્ણુ બને છે. અધર્ગ્ય કામાદિનો અને મમતા–દ્વેષાદિકનો નાશ કરવા માટે સાધક દશામાં વૈરાગ્ય સમાન કોઈ બળવાન નથી.

અહંકાર, અભિમાન, ગારવ, બાહ્ય ભોગ, લોલુપતા વગેરેમાં પરિણામ પામેલા મનને શુદ્ધાત્મા તરફ લઈ જનાર તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ છે. બાહ્ય જડ લક્ષ્મી આદિથી દૂર રહેવું તે કંઈ વૈરાગ્ય નથી. જેના પર રાગાદિ થાય છે તે સર્વ વસ્તુઓનો ત્યાગ તે જ ખરો વૈરાગ્ય અને ત્યાગ છે.

**આત્માનો ગુણસ્થાનક ક્રમારોહ :**

લોકાંતિક દેવો અને ઋષિઓ ! તમારી આગળ આત્માની ઉત્તરોત્તર વિશુદ્ધ પરબ્રહ્મ દશાનું સ્વરૂપ પ્રકાશું છું. આત્મા, મન, અને દેહ એ ત્રણનું સ્વરૂપ મેં પૂર્વે તમારી આગળ જણાવ્યું છે. મન, દેહ, પ્રાણ, વાણી આદિનો જડ પ્રકૃતિ કે કર્મમાં સમાવેશ થાય છે. મન અને દેહ વિના આત્માની ઉત્તરોત્તર વિશુદ્ધ દશા થતી નથી. જેમ જેમ આત્મા ઉત્તરોત્તર વિશુદ્ધ અને ઉચ્ચ સ્થિતિ તરફ વહન કરે છે તેમ તેમ તે પૂર્વપૂર્વનાં શરીરોનો ત્યાગ કરીને ઉત્તરોત્તર પુણ્યમય શરીરને ધારણ કરતો જાય છે. પૂર્વ શરીરના ત્યાગરૂપ મૃત્યુને પસાર કર્યા વિના ઉત્તરોત્તર ઉત્તમ શરીર, મન, લેશ્યાદિની પ્રાપ્તિ થતી નથી. તેથી મારા ભક્ત

ઋષિઓ, યોગીઓ, હંસો, ત્યાગીઓ, જિનકલ્પીઓ, સ્થવિરકલ્પીઓ સંયતો, ક્ષમાશ્રમણો, નિર્ગ્રન્થો, સંન્યાસીઓ, સાધુઓ, સાધ્વીઓ, ગૃહસ્થ પુરુષો અને સ્ત્રીઓ સર્વે મૃત્યુથી ભય પામતાં નથી, ઊલટાં આનંદ પામે છે. મૃત્યુ વિના કોઈ આત્મોન્નતિના માર્ગમાં વહન કરી શકતું નથી. આત્માઓ કદી મરતા નથી. જેઓનો નાશ થાય છે તે તો શરીર અને પ્રાણ છે. આત્માઓ ત્રણે કાળમાં એક સરખા નિત્ય છે. તેથી તેઓ દેહનો ત્યાગ કરીને પુનઃ અન્ય ભવોમાં પોતાના સંબંધીઓને મળી શકે છે.

આત્માઓ જ્યારે જડ વસ્તુઓમાં સુખદુઃખનું વસ્તુતઃ મિથ્યાત્વ છે એમ જાણે છે અને અનુભવે છે ત્યારે તેઓ મિથ્યાત્વગુણસ્થાનકને પામે છે. સ્વપ્નની પેઠે બાહ્ય દૃશ્ય પદાર્થોમાં મારાતારાપણાની બુદ્ધિ મિથ્યા છે. જડ વસ્તુઓના સમૂહરૂપ જડજગતમાં હું-તું બુદ્ધિ મિથ્યા છે. દેહ, મન આદિમાં આત્મબુદ્ધિ ધારણ કરવી તે મિથ્યાત્વ છે. એવું મિથ્યાત્વ એટલે મિથ્યાપણું સમજવામાં આવે છે ત્યારે તે આત્માને જ્ઞાનાદિ ગુણોનું સ્થાનક જાણે છે. તેવા આત્માઓ મને પરબ્રહ્મ પરમેશ્વર માને છે. તેથી તેઓ આસ્તિક ભક્તાત્માઓ બને છે.

જેઓ દેહને આત્મા માને છે અને તે પ્રમાણે વર્તે છે, જેઓ દેહથી ભિન્ન આત્મતત્ત્વને માનતા નથી અને મને માનતા નથી તેવા નાસ્તિક મિથ્યાત્વીઓ છે. મારી પરબ્રહ્મદશા તરફ આવતાં પ્રથમ પગથિયું જડમાં આત્મસુખનું મિથ્યાપણું માનવાનું છે, દેહવિષયમાં સુખનું મિથ્યાપણું માનવાનું છે. તેથી મિથ્યાત્વબુદ્ધિ સર્વ વસ્તુઓ પર કરીને આત્મામાં સત્ય સુખબુદ્ધિ કરતાં પ્રથમ સાપેક્ષ મિથ્યાત્વ જ આત્મામાં ગુણસ્થાનકભાવ અનુભવાવે છે. અનિત્ય જડ વસ્તુઓમાં સુખની બુદ્ધિ કે આત્મબુદ્ધિ ધારવી તે મિથ્યાત્વ છે. તેના અંગે ઉત્પન્ન થતી આત્મદશાને પ્રથમ ભૂમિકારૂપ ગુણસ્થાનક જાણો.

આત્મામાં સુખની બુદ્ધિનો વિશ્વાસ થાય છે અને સર્વ જડજગત પોતાનું સુખ પ્રગટાવવામાં મિથ્યા લાગે છે એવી ભાવના ભાવતાં કંઈક આત્મસુખનો આસ્વાદરસ પ્રગટે છે તે આત્મસુખ-આસ્વાદન નામની બીજી ભૂમિકા છે.

અનાદિકાળથી કર્મપ્રકૃતિના સંયોગે દેહ અને ઇન્દ્રિયના સુખમાં આત્મા પ્રવર્તેલો હોય છે. ત્યારે તેને જડ ભોગો અને મૈથુનસુખમાં સુખબુદ્ધિ પ્રગટેલી હોય છે. તેથી જ્ઞાનીઓ મારફત આત્મસુખનો કંઈક અનુભવ થાય છે તોપણ જડસુખ સત્ય છે કે આત્માનું સુખ સત્ય છે તેનો પરિપૂર્ણ નિશ્ચય નહીં હોવાથી એકદમ વિષયોના સુખની ત્યાગબુદ્ધિ થતી નથી. વિષયસુખને ક્ષણિક જાણ્યા છતાં તે વૈષયિક સુખનો આસ્વાદ લે છે અને સાથે કંઈક આત્મિક સુખનો આસ્વાદ લે છે. બન્ને સુખ પર તેને સુખબુદ્ધિ વર્તે છે અને જડ સુખ તથા ચેતન બન્નેમાં મિશ્રપણું વર્તે છે. તેથી આત્મા ત્રીજી મિશ્ર ભૂમિકામાં તેવી મિશ્રદશા પર્યન્ત વર્તે છે. પશ્ચાત્ જ્યારે આત્મસુખ જ સત્ય છે, તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ માની આત્મા પર સત્ય પ્રેમ પ્રગટે છે, જડ વસ્તુઓને જડપણે સમ્યક્ જાણવામાં આવે છે, આત્માને અનેક દૃષ્ટિઓએ આત્મપણે જાણવામાં આવે છે, ત્યારે આત્મવિવેક પ્રગટે છે અને આત્માનો ચોથી ભૂમિકામાં પ્રવેશ થાય છે.

ચોથી ભૂમિકામાં આત્મામાં રહેલી સમ્યગ્દૃષ્ટિ ખીલે છે અને આત્માના જ્ઞાનાનંદનો પરિપૂર્ણ નિર્ધાર થાય છે. તેથી પુનઃ પ્રકૃતિ-બંધનથી આત્મા પાછો બંધાવાની દશામાં આવતો નથી. નીચલી ભૂમિકાના પ્રત્યવાયો પછીથી તેને નડતા નથી. આત્માની બીજના ચંદ્ર જેવી દશા થાય છે. કર્મયોગીની દશા ખીલવા માંડે છે. દેવ–ગુરુ–ધર્મની સમ્યક્ આરાધના, સેવા, ભક્તિ, ઉપાસના થાય છે. સમ્યગ્જ્ઞાનથી આત્માનો નિશ્ચય થતાં સર્વ દર્શન, મત, પંથ, ધર્મના ઐકાંતિક નિરપેક્ષ કદાગ્રહ વગેરેનો નાશ થાય છે અને

અનેક નયસાપેક્ષ જૈનધર્મની અનેક નયસાપેક્ષ પૂર્ણ સત્યતાનો અનુભવ આવે છે. તેથી મિથ્યાધર્મોની પ્રવૃત્તિ ટળી જાય છે.

આત્મજ્ઞાન વડે સમ્યગ્દષ્ટિ ખીલ્યા પછી તેવા આત્માઓ સર્વ પ્રકારના અશુભ વિચારો અને આચારોથી ગૃહસ્થાવાસમાં દેશ થકી વિરામ પામે છે. અને આત્મામાં દેશ થકી વિશેષ પ્રકારે રુચિ, પ્રેમ, રતિ ધારણ કરે છે. આત્મપ્રેમને દેશ થકી ચારિત્રમાં મૂકે છે. પશ્ચાત્ તેઓ પાંચમી ભૂમિકાની ઉપર રહેલી છઠ્ઠી ભૂમિકામાં પ્રવેશીને રાજયોગાદિ યોગો, ભક્તિ, જ્ઞાન, ક્રિયા વડે આત્મામાં સર્વથા પ્રેમી બને છે. આત્મામાં પ્રેમદશા સર્વથા પ્રગટે છે તેથી તેઓ મન, વાણી, કાયાથી આત્માને ઉદ્દેશીને ઉત્સર્ગ–અપવાદથી પ્રવર્તે છે. તેઓ પ્રશસ્ય કષાયો કરે છે. અપ્રશસ્ય કષાયો અને પ્રવૃત્તિઓને અનુપયોગથી કદાપિ કરે છે તો પાછા પ્રતિક્રમણ કરીને આત્મામાં પૂર્ણ પ્રેમથી વર્તે છે અને સ્વાધિકારથી બાહ્ય કર્તવ્યકર્મો વગેરે કરે છે.

છઠ્ઠી ભૂમિકાથી ત્યાગીઓને યોગ્ય આંતરદશા શરૂ થાય છે. સાતમી ભૂમિકામાં આત્માની આજ્ઞા પ્રમાણે મન વિચારો કરી શકે છે. તેથી સર્વ પ્રકારના પ્રમાદો આવતા અટકી જાય છે. જ્ઞાનયોગથી આત્મામાં સ્થિરતા વધતી જાય છે. તેથી આત્માઓ અપ્રમત્ત બનીને બાહ્ય વિશ્વમાં વર્તે છે અને કર્તવ્યકાર્ય કરે છે. તે ધ્યાન સમાધિમાં મગ્ન થાય છે.

જ્યારે આત્મા અપ્રમત્ત બને છે ત્યારે તે મનમાં અહંકારાદિ દોષોને પ્રગટાવતાં જ વારે છે. આત્મા બાહ્ય લબ્ધિઓ અને કેવલ આત્મલબ્ધિઓનો દુરુપયોગ કરતો નથી અને અઠ્ઠાવીસ લબ્ધિઓ પ્રાપ્ત થવા છતાં તે અહંકારી બનતો નથી, પ્રમત્ત બનતો નથી. આવી સાતમી અપ્રમત્ત ભૂમિકાથી આગળ તે અપૂર્વ યોગશક્તિવાળી આઠમી ભૂમિકામાં પ્રવેશ કરે છે.

આઠમી ભૂમિકામાં આત્મા આત્મજ્ઞાનના ઉપયોગે વર્તે છે. પૂર્વે આત્માની જે જે શક્તિઓ પ્રગટ નહોતી થઈ તેને હવે તે ધ્યાનસમાધિથી પ્રગટ કરે છે. તે આત્મશક્તિઓની આગળ જડની શક્તિઓને કંઈ હિસાબમાં ગણુતો નથી. તેથી તે અષ્ટસિદ્ધિઓ અને નવનિધિઓમાં મોહ પામતો નથી. શુદ્ધાત્મપરબ્રહ્મમાં તેનું મન વર્ત્યા કરે છે. બાહ્ય વ્યવહારમાં તે મૂંઝાતો નથી. શાસ્ત્રો, ગુરુઓ વગેરે બાહ્ય આલંબન વિના હવે તે આત્માનું જ આલંબન કરે છે, શુકલધ્યાન ધરે છે, સવિકલ્પ મનને નિર્વિકલ્પ કરે છે અને સંપ્રજ્ઞાત સમાધિમાંથી અસંપ્રજ્ઞાત સમાધિમાં આત્માને મૂકે છે. હઠયોગનો પણ તે આશ્રય કરતો નથી. સવિકલ્પ સમાધિમાંથી નિર્વિકલ્પ સમાધિમાં આવવા તે અપૂર્વ સામર્થ્ય પ્રકટાવે છે. ત્યાંથી આગળ નવમી ભૂમિકામાં પ્રવેશ કરે છે. ત્યાંથી તે પાછો ફરતો નથી—તે નિવૃત્તભાવને પામતો નથી, પણ આગળની ભૂમિકામાં ચઢવાનું સામર્થ્ય પ્રગટાવી આત્માના સૂક્ષ્મ ઊંડા સ્વરૂપમાં ઊતરવા માટે મનને અત્યંત સૂક્ષ્મ કરે છે. આત્માનો સૂક્ષ્મ શુદ્ધોપયોગ પામી, દશમી ભૂમિકામાં સૂક્ષ્મોપયોગી આત્મા બનીને સૂક્ષ્મ કષાયોના ઉદયને અગિયારમી ભૂમિકામાં ઉપશમાવે છે. તે આત્માનું અનિષ્ટ કરનારાઓ ઉપર ઉપશમભાવ ધારે છે. દેહરાગ અને મનરાગનો પણ તે ઉપશમ કરે છે. તે સિદ્ધિઓ, ચમત્કારો દેખાડવાના લોભનો ઉપશમ કરે છે. તે બારમી ભૂમિકામાં સર્વથા મોહાદિક ઘાતિપ્રકૃતિઓનો ક્ષય કરે છે.

આત્મધ્યાન અને સમાધિથી ઘાતિ આવરણો અને મળોનો ક્ષય કરી અને સર્વજ્ઞ, સર્વદર્શી, જીવન્મુક્ત બની તેરમી ભૂમિકામાં શુભાશુભ પ્રારબ્ધને વેદતો છતો મન, વાણી, કાયાથી સર્વ જીવોનું ભલું કરે છે. બારમી ભૂમિકામાં અન્તરાત્મા તરીકે થયેલો આત્મા તેરમી ભૂમિકામાં પરમાત્મા પરમેશ્વર બને છે. ત્યારે તે સર્વજ્ઞ, સર્વદર્શી, મહર્ષિ, પરમયોગી, જિનેશ્વર, અરિહંત, વિષ્ણુ

બને છે. વિરાટના બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરો તેવા પ્રભુને વંદે છે, નમે છે અને તેઓની આરાધના કરે છે. તે ભૂમિકામાં આયુષ્ય પર્યન્ત જીવન્મુક્ત પરમેશ્વરો રહે છે. પશ્ચાત્ ચૌદમી ભૂમિકામાં સ્થૂલ દેહ, કર્મપ્રકૃતિઓ અને બાહ્ય શરીરાદિ યોગથી રહિત થઈ અનંત જ્ઞાન–સુખના પરમયોગી સિદ્ધ પરમાત્માઓ બને છે. હે ઋષિઓ ! તમારી આગળ આત્માની ઉત્તરોત્તર વિશુદ્ધ દશા કહી.

તત્ત્વ :

મારા પ્રિય ઋષિઓ ! મારા જ્ઞાનનો સર્વત્ર પ્રચાર કરો. આત્માની સાથે મનનો સંબંધ છે. સમ્યગ્જ્ઞાન થયા બાદ તે જ આત્મા બારમી ભૂમિકા પર્યન્ત અંતરાત્મા બને છે અને તેરમી ભૂમિકામાં પ્રવેશતાં પરમાત્મા બને છે. પ્રથમ ભૂમિકામાં પ્રવેશેલા આત્માઓ મારા ભક્તો જાણવા અને પ્રથમ ભૂમિકાથી તે બારમી ભૂમિકા સુધીના આત્માઓની મન, વાણી, કાયાની જે પ્રવૃત્તિ તેને જૈનધર્મ જાણવો. મનના સંબંધથી આત્મામાં ગુણસ્થાનકો જાણવાં. શુદ્ધાત્મ નિર્વિકલ્પ પૂર્ણાનન્દ દશામાં ગુણસ્થાનકો નથી. તે દશામાં પૂર્ણ ગુણમય આત્મા છે.

સાત્ત્વિક મન, વાણી, કાયા, કર્મપ્રકૃતિ જ્યાંસુધી છે ત્યાંસુધી આત્માનાં જુદાં જુદાં ગુણસ્થાનક છે. તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણ એ ત્રણ ગુણપ્રકૃતિથી અતીત થતાં ગુણસ્થાનકાતીત આત્મા બને છે. વ્યવહારનયથી ગુણસ્થાનક છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ ગુણસ્થાનકો નથી. આત્માની શુદ્ધ ભાવના અને આત્મધ્યાનની એકતામાં એટલું બધું બળ છે કે તે ધ્યાનબળ સામે વિશ્વના જીવોનાં સમગ્ર કર્મો ખડાં કર્યાં હોય તો પણ તે બે ઘડીમાં બળીને ભસ્મ થઈ જાય.

શુભ વિચારો અને શુભ કર્મ તે પુણ્ય કર્મ છે અને અશુભ વિચારો અને અશુભ પ્રવૃત્તિઓ તે પાપકર્મ છે. પુણ્ય-

કર્મ તે શુભાશ્રવ છે અને પાપકર્મ તે અશુભાશ્રવ છે. શુભ–અશુભ બન્ને પરિણામોનો નિરોધ કે કષાયપરિણતિનો નિરોધ તે સંવર છે. પુદ્ગલ જડ પદાર્થોમાં આસક્તિ તે આશ્રવ છે અને તેઓમાં નિરાસક્તિ, કર્મફલ વિનાની પ્રવૃત્તિ, શુભાશુભ બુદ્ધિ વિનાની મન–વાણી–કાયની પ્રવૃત્તિ તે સંવર છે. બાંધેલાં શુભાશુભ કર્મોને આત્મજ્ઞાન અને સમભાવ આદિથી ખેરવવાં તે નિર્જરા છે. શુભાશુભ કર્મોનો બંધ તે બંધ છે. સર્વ જ્ઞાનાવરણાદિ કર્મોથી મુક્ત થવું તે મોક્ષ છે.

આત્મા વિનાનું સર્વ જડતત્ત્વ અજીવ છે. આત્મા સ્વયં સત્તાએ પરમાત્મા છે અને કર્મનો સંબંધ છૂટતાં વ્યક્તિશક્તિથી પરમાત્મામહાવીર થાય છે. આત્મા તે જ મોક્ષરૂપ છે. મનમાંથી વિકલ્પ–સંકલ્પ ટળતાં પુણ્ય–પાપ કર્મનો નાશ થાય છે. મનની બહિર્વૃત્તિ છે ત્યાં સુધી કર્મ છે. તેની અન્તર્મુખવૃત્તિ થતાં સર્વ કર્મનો નાશ થાય છે. જ્યારે આત્માનો ઉપયોગ વર્તે છે ત્યારે સર્વ પ્રવૃત્તિઓમાં આત્મા નિર્લેપ રહે છે અને વર્તમાન ક્ષણનાં તેમ જ પૂર્વકાળનાં કરેલાં કર્મની નિર્જરા અને છેવટે સર્વ કર્મનો નાશ થાય છે. બાહ્ય પદાર્થોમાં શુભાશુભપણું જેની દૃષ્ટિમાં નથી, જેને અહંકૃતભાવ નથી, જે બાહ્ય પદાર્થોમાં લેપાતો નથી, તે ભરત ચક્રવર્તીની પેઠે બાર વર્ષ સુધી યુદ્ધ કરવા છતાં અને ધર્મ્યયુદ્ધથી લાખો મનુષ્યોના પ્રાણનો નાશ કરતો હોવા છતાં પણ પોતે હણાતો નથી અને તેને કોઈ હણવા સમર્થ થતો નથી.

આત્મજ્ઞાનના સામર્થ્યનો પાર નથી. આત્માની જ્ઞાનાગ્નિ સર્વ કર્મકાષ્ઠોને ક્ષણમાં બાળીને ભસ્મ કરે છે. આત્મજ્ઞાન–ધ્યાન-સમાધિથી આત્મા પૂર્ણાનન્દરૂપે પ્રકાશે છે. અનંત શક્તિમય આત્મા કર્મપ્રકૃતિ, દેહ, મન વગેરેનો સ્વામી બની વિશ્વમાં ઈશ્વર બને છે.

ઉદ્યમ :

વિશ્વપ્રકૃતિ પર, દેહ–મન–વાણી પર જય મેળવવા જે પુરુષાર્થ કરે છે અને કર્મોમાં જે સમભાવે વર્તે છે તે આત્મોન્નતિ-

ને પામે છે. ઉદ્યમથી કાર્યની સિદ્ધિ થાય છે. આત્મા ઉદ્યમથી કર્મનો કર્તા બને છે. કર્મોનો નાશ પણ ઉદ્યમથી થાય છે. નિકાચિત પ્રારબ્ધ કર્મ વિનાનાં અન્ય સંચિતાદિ કર્મોનો ઉદ્યમથી નાશ થાય છે. દેવ–ગુરુ–મહાત્માઓની સેવાભક્તિથી અને મારી જ્ઞાનાદિ યોગો દ્વારા આરાધના કરવાથી પાપકર્મો પણ પુણ્યકર્મરૂપે પરિણમે છે, આયુષ્યાદિ શુભ કર્મોની વૃદ્ધિ થાય છે અને અશુભ કર્મોનો નાશ થાય છે.

મન, વાણી, કાયાદિની જેટલી પ્રવૃત્તિ તે પુરુષાર્થ, ઉદ્યમ છે. વિશ્વસેવા, ભક્તિ, પ્રેમ, ઉપાસના, જ્ઞાન, ધ્યાન, સમાધિ આદિ સર્વે ઉદ્યમરૂપ છે. આત્માના પુરુષાર્થથી વ્યાવહારિક તથા ધાર્મિક સર્વ કર્તવ્યકર્મોની સિદ્ધિ થાય છે. ઉદ્યમ વિના મન, વાણી, કાયાદિ શક્તિઓની વૃદ્ધિ થઈ શકતી નથી. જે કાળે જે યોગ્ય લાગે તે બાબતનો પુરુષાર્થ કરો. ઉદ્યમ એ જ જીવન છે અને અનુદ્યમ એ મરણ છે. અનુદ્યમ, નિંદા, નિદ્રા, આલસ્ય ઇત્યાદિ તમોગુણ છે. તમોગુણના વિચારો અને પ્રવૃત્તિઓથી દૂર રહો. ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવસ્થામાં ઉદ્યમ વિના એક ક્ષણમાત્ર બેસી રહેવું યોગ્ય નથી. દેશ, કોમ, સંઘ, સમાજ, રાજ્ય, વ્યાપાર, ધર્માદિની પડતી થાય એવા વિચારો અને પ્રવૃત્તિઓ ત્યાગ કરવા યોગ્ય છે.

વિશ્વમાં કોઈપણ પદાર્થ ગતિ અર્થાત્ પ્રવૃત્તિ કર્યા વિના રહેતો નથી. જે ગતિમાં છે તે જીવે છે. દેશ, કોમ, સંઘ આદિના હિત માટે તથા પોતાની ઉન્નતિ માટે એક ક્ષણ પણ ઉદ્યમ વિનાની ગાળો નહીં. વિશ્વપ્રભુ વિરાટના મસ્તકરૂપ ઋષિઓ! સર્વ મનુષ્યોને સત્ય અને શુભ ઉદ્યમી બને એવો તમે ઉપદેશ આપો. સર્વ શુભ વિચારો કરવા તે ઉદ્યમ છે. પ્રેમ કરવો તે ઉદ્યમ છે. શુભ ભાવનાઓ ભાવવી તે ઉદ્યમ છે. ગૃહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રાદિ લોકોએ પ્રવૃત્તિ કરવી તે ઉદ્યમ છે. અશુભ વિચારો, વ્યસનો, દોષો વગેરેનો ત્યાગ કરવો તે ઉદ્યમ છે.

બાહ્ય ઉદ્યમ અને આભ્યંતર ઉદ્યમ એમ બે પ્રકારે ઉદ્યમ છે. ગૃહસ્થો અને ત્યાગીઓને વ્યસનદોષોમાંથી મુક્ત કરવા અને ખંડ તેમ જ દેશાદિકની ઉન્નતિ કરવા જે ઘટે તે સર્વ પ્રકારના ઉદ્યમ કરો. ઋષિઓ ! તમે સર્વ વિશ્વને આત્મજ્ઞાન તરફ વાળવા પ્રયત્ન કરો. નિકાચિત મોહાદિ કર્મોનો નાશ કરવા માટે યોગ્ય ઉદ્યમરૂપ યોગ, ભક્તિ, સેવા, તપ, જપ વગેરેની જરૂર છે. માટે વિશ્વવર્તી સર્વ લોકોને તે બાબતનો પુરુષાર્થ કરવા ઉત્સાહી બનાવો. ઋષિઓ ! તમે સર્વ લોકોના હૃદયમાં પુરુષાર્થ સ્ફુરે એવા વિચારોને મન મારફત મોકલો અને લોકોને પુરુષાર્થી બનાવો.

સર્વ બ્રહ્માંડમાં રહેલી સર્વ શક્તિઓ મનુષ્યમાં બીજરૂપે રહેલી છે. જે બ્રહ્માંડમાં છે તે મનુષ્યના પિંડમાં છે. મનુષ્યશરીર દ્વારા બ્રહ્માંડના સ્વામી અને પ્રભુ થવાય છે. લોકો પુરુષાર્થનો પાપમાર્ગમાં ઉપયોગ ન કરે એવો ઉપદેશ તેમને આપો. લોકો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન પામે એવો મેં તમને જે ઉપદેશ આપ્યો છે તેનો વિશ્વના સર્વ લોકોમાં પ્રચાર કરો. એ જ મારો જીવનમંત્ર છે.

પુરુષાર્થ :

ઋષિઓ ! મનુષ્યો પોતાની વૃત્તિને જે જે બળ વધારવા તરફ દોરે છે તે તે બળની તેઓ પ્રાપ્તિ કરે છે. જેઓ કાયિક બળવૃદ્ધિ માટે પુરુષાર્થ કે સંકલ્પ કરે છે તેઓ કાયિક બળની વૃદ્ધિ કરે છે. ઔષધ, રસ, મંત્ર, પ્રાણાયામ, કસરત વગેરેથી શારીરિક બળ વધે છે. ચિંતા, શોક, ભય, અતિશય પરિશ્રમ વગેરેના તેમ જ રાગદ્વેષના નાશથી શારીરિક આરોગ્યબળની પુષ્ટિ થાય છે. અનેક ઘટતા ઉપાયોના પુરુષાર્થથી લોકોની વાણીનું બળ વધે છે. સંકલ્પ, બળ, ઉત્સાહ અને પુરુષાર્થથી બૃહસ્પતિ કરતાં વિશેષ વાણીશક્તિ સ્ફુરે છે. મનમાં આત્મરૂપ મહાવીરની એકતા કરવાથી તથા અનંતબળની ભાવના કરવાથી મનોબળ પ્રકટી નીકળે છે.

કાયબળ કરતાં વચનબળ અનંત છે, વચનશક્તિ કરતાં મનોબળ અનંતગણું છે અને મનોબળ કરતાં આત્મબળ અનંતાનંતગણું છે. આત્મબળની આગળ અન્ય સર્વ બળો એક બિંદુ સમાન છે. કાયબળ, વચનબળ, મનોબળનો આધાર આત્મબળ પર છે. સર્વ યોગોનું જે બળ છે તેનો આધાર આત્મા છે. સર્વ પ્રકારના પુરુષાર્થનો આધાર આત્મા છે. આત્માના આશ્રયથી દેહાદિ બળોનું અસ્તિત્વ છે. બાહ્ય દેશ, રાજ્યાદિ સામ્રાજ્યના ભોક્તાઓ કાયબળવાળા છે. એકલું કાયબલ પશુબળ સમાન છે. કાયબળની સાથે મનોબળ કે બુદ્ધિબળ હોય છે તો વિશ્વમાં આધ્યાત્મિક શક્તિઓના સંઘરૂપ આધ્યાત્મિક સામ્રાજ્યની પ્રાપ્તિ કરી શકાય છે. આત્મા પોતાના આધ્યાત્મિક બળથી સર્વ વિશ્વ પર સામ્રાજ્ય સ્થાપે છે.

દેહ, વાણી, મનને યથાયોગ્ય વિશ્રાંતિ આપવાથી દેહાદિ બળની ક્ષીણતા થતી નથી. દેહાદિકને વિશ્રાંતિ આપવા માટે અનેક પર્વોની યોજનાઓ થઈ છે. લોકો એ માટે બાહ્ય રમતગમત વગેરે ક્રીડાઓ કરે છે. પુરુષાર્થશીલ મનુષ્યો ધારે તેવું કર્મ કરે છે. કર્મ ઉપર આત્મા સત્તા મેળવે છે. માટે કર્મનો કર્તા પોતાનો આત્મા છે એવો નિશ્ચય કરીને જે ધારો તે કરો. જેટલી પુરુષાર્થની ખામી તેટલો કર્મનો દોષ તથા કર્મનું બળવાનપણું જાણવું. પુરુષાર્થ પર જેઓ આધાર રાખે છે તેઓ જૈન છે અને પુરુષાર્થરૂપ જૈનધર્મને સેવનારા છે.

પુરુષાર્થ, ખંત, દૃઢ નિશ્ચય, ઉત્સાહ અને મારા પર પૂર્ણ વિશ્વાસ જેનામાં હોય છે તે અશક્ય કાર્યોને શક્ય બનાવે છે. આસુરી બળવાળા છેવટે સુરી બળયુક્ત પુરુષાર્થવાળાઓથી હારે છે. નીતિ, વિશ્વાસ, ધૈર્યથી જેઓ આત્માની સમ્યગ્દૃષ્ટિએ પુરુષાર્થ કરે છે તેઓ સર્વ કર્તવ્યોમાં નિર્દોષ રહે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગમાં વા એ ચાર વર્ગ પૈકી

ગમે તેમાં જે પુરુષાર્થશક્તિ વાપરે છે તે તેમાં વિજય મેળવે છે. પુરુષાર્થને જ્યાં વાપરવા હોય ત્યાં વપરાય છે, પરંતુ વિવેકી મનુષ્યો નિષ્કામપણે આત્માની જ્ઞાનાદિ શક્તિઓ ખીલે એવું લક્ષ્ય રાખીને સર્વ બાબતોનો પુરુષાર્થ કરે છે. ગૃહસ્થાશ્રમમાં જે જે બાબતોમાં પુરુષાર્થની જરૂર હોય ત્યાં પુરુષાર્થ વાપરવો અને ત્યાગીઓએ વિવેકપૂર્વક પુરુષાર્થ કરવો.

પુરુષાર્થ એ આત્માનો ગુણ છે તથા અપેક્ષાએ મન, વાણી કાયાની શક્તિ છે. વિચાર, પરિણામ, મન, વાણી, કાયા, પ્રયત્ન સર્વનું ફળ કર્મ છે. સર્વ પ્રકારનાં કર્મોથી રહિત થવા જે ઘટે તે યોગનો પુરુષાર્થ કરતાં આત્મા વિશુદ્ધ બને છે. આયુષ્યાદિ કર્મ વધારવાં અગર ઘટાડવાં તેનો આધાર પુરુષાર્થ પર છે. પુરુષાર્થથી કર્મપ્રવૃત્તિઓનું અપવર્તન જલદી કરી શકાય છે. શુભ પુરુષાર્થથી શુભ કર્મ થાય છે અને અશુભ પુરુષાર્થથી અશુભ. શુદ્ધ બુદ્ધિના પુરુષાર્થના પૂર્ણ બળથી બે ઘડીમાં આત્મા મુક્ત, સર્વજ્ઞ, કર્મપ્રકૃતિરહિત બને છે. માટે ઊઠો, જાગ્રત થાઓ, કાર્ય કરો, અપ્રમત્ત બનો. હું જાગતાની સાથે જાગતો છું: વિશ્વાસથી કાર્ય કરો. છેવટે તમે વિજયી થશો.

**ઋષિઓએ કરેલી સ્તુતિ:**

ઋષિઓ: પરબ્રહ્મ મહાવીર ભગવાન ! આપને નમસ્કાર થાઓ.

આપે ત્યાગ, વૈરાગ્ય, આત્મગુણસ્થાનક, પુરુષાર્થ આદિનો ઉપદેશ આપીને અમારામાં નવું ચૈતન્ય પ્રેર્યું છે. વીર ભગવાન ! સર્વ વેદો, ઉપનિષદો આપની સ્તુતિ કરે છે અને આપનો મહિમા ગાય છે. રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણ એ ત્રણ ગુણના વિષયવાળા વેદ છે. આપ તો શબ્દસંઘરૂપ વેદની પેલી પાર અનક્ષર પરબ્રહ્મ છો. વ્યાસ ઋષિએ વેદોની ગોઠવણ કરી છે. જે વેદોમાં આત્મજ્ઞાન કર્મસ્વરૂપ નથી તે આપે અમને જણાવ્યું છે. અનંત વેદ જેમાંથી ઉત્પન્ન થાય છે અને લય પામે છે તથા વેદનો

પણ છેવટે ત્યાગ કરીને ઋષિઓ જે પરબ્રહ્મનું ધ્યાન ધરી આત્મ-મસ્ત બને છે તે જ પરબ્રહ્મ મહાવીર પ્રભુ આપ છો.

ન્યાય, તર્ક અને પ્રમાણોથી આપનો નિશ્ચય અનુભવાતો નથી, પરંતુ શ્રદ્ધા અને પ્રેમથી આપના એકદેશી સાકાર સ્વરૂપનો તથા અનંત નિરાકાર પરબ્રહ્મનો શ્રદ્ધાપ્રેમથી અનુભવ થતાં વેદાદિ શાસ્ત્રોની જરૂર રહેતી નથી. આપના શુદ્ધાત્મસ્વરૂપનો રસાસ્વાદ આવતાં આપના વિના અન્ય કંઇ પ્રિય જણાતું નથી. પશ્ચાત્ જીવન-મરણમાં સમભાવ આવે છે. હે પ્રભો! આપની કૃપાથી અમારા સર્વ યોગો પ્રગટે છે. હે ભગવન્! આપની કૃપા જેઓ પર ઊતરે છે તેવા ગુરુઓથી ભવ્ય લોકો આપને પામે છે. કલિયુગમાં બ્રહ્મણ, વશ્ય, શૂદ્રો આદિ ગૃહસ્થો તથા ઋષિ, મુનિ, ત્યાગી, યોગી, મહાત્માઓ આપના નામનું સ્મરણ તથા ધ્યાન ધરીને અનંત જીવનને પામશે.

કલિયુગમાં પ્રેમથી જેઓ આપનું નામસ્મરણ, જાપ, ભક્તિ, સેવા, ધ્યાન, સમાધિ કરશે અને સ્વાધિકારે આપના ઉપદેશ પ્રમાણે પ્રવર્તશે તેઓ અનંત જીવનરૂપ શુદ્ધાત્મમહાવીરપદને પામશે. સર્વ વિશ્વમાં આપની આજ્ઞા પ્રવર્તે છે. ચન્દ્ર, સૂર્યાદિ ગ્રહો આપની જ્ઞાનાજ્ઞા પ્રમાણે પ્રવર્તે છે. આપના નામનો જાપ કરનારાઓનાં, આપનું ગાન કરનારાઓનાં અને આપનામાં લીન થનારાઓનાં હૃદયોમાં આપ વ્યક્ત–આવિર્ભાવ–જ્ઞેયરૂપે છો, ધ્યેયરૂપે છો. તેથી આપનો જાપ કરનારા ઋષિઓ, મુનિઓ, ગૃહસ્થ ભક્તો અને ત્યાગીઓની જેઓ આપના સરખી સેવા કરશે અને તેમના આત્માઓમાં આપને અનુભવશે તેઓ આપને પામશે.

આપ પરમપ્રભુ પરમાત્મા છો. સત્ય વેદોમાં આપનું ગાન છે. વેદોમાં અનેક નામે આપનું ગાન ઋષિઓએ કર્યું છે. આપના ઉપદેશને સત્ય માનનારા અને આપ પર સત્ય પ્રેમ ધરનારા તથા આપનામાં અનેક દૃષ્ટિઓની અપેક્ષાએ પૂર્ણ શ્રદ્ધા ધારણ કરનારા

જૈનો છે અને તેઓની મન-વાણી-કાયાની પ્રવૃત્તિ તથા તેઓના આત્માનું ગુણત્વ તે જૈનધર્મ છે.

અમો સર્વે આપ પરબ્રહ્મ મહાવીર પ્રભુની ઉપાસના, ભક્તિ તથા ધ્યાન ધરીએ છીએ અને આપનામાં લયલીન થઈને આત્મ-લબ્ધિઓને પ્રકટાવીએ છીએ. આપ અનાદિ અનંત છો. આપ નિત્ય છો. મહાપ્રલયમાં આત્મસ્વરૂપ આપ નિત્ય છે. આપ કાલના કાલ—મહાકાલ, ઉત્પાદ-વ્યય-ધ્રુવતાધારક છો. આપના સવિકલ્પ સ્વરૂપને વૈખરી વાણીથી કહેતાં પાર આવતો નથી. આપના નિર્વિકલ્પ સ્વરૂપમાં તો મન, બુદ્ધિ, ચિત્તનો પ્રવેશ થતો નથી. એવા આત્મ-મહાવીર ભગવન્! આપ જે જે પ્રકાશો છો તે સત્ય જ છે.

ભગવન્! હવે આપ ત્યાગી બની વિશ્વોદ્ધાર કરો. કર્મ-માર્ગ, કે જે ધૂમ્રમાર્ગ છે, તેના કરતાં અનંતગુણ શ્રેષ્ઠ જ્ઞાનમાર્ગ-અર્ચિમાર્ગનો પ્રકાશ કરો. વિશ્વમાં સત્ય સુખશાંતિને વ્યક્ત કરો. આપની આજ્ઞા પ્રમાણે અમો વર્તવા તૈયાર છીએ.



## ૭. સર્વસામાન્ય બોધ

ઇન્દ્ર : પરમેશ્વર મહાવીર દેવ! આપને નમું છું, વંદું છું, સ્તવું છું.

પ્રભો! આપની દીક્ષાના સમાચારથી ત્રણે ભુવનના આત્માઓ ખુશ થયા છે. સર્વ દેવલોકોના ઇન્દ્રો, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ, આપના દીક્ષામહોત્સવ પર પધાર્યા છે.

આ ભારતદેશનાં રાજાઓ, રાણીઓ, ઋષિઓ, મુનિઓ, ત્યાગીઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્ય, શૂદ્રાદિનો મનુષ્યસંઘ આવેલ છે.

આ જ માગશર વદિ દશમી છે. સૂર્યોદય થયો છે. સર્વ લોકો આપનો ગૃહસ્થાવાસ સંબંધી છેલ્લો ઉપદેશ શ્રવણ કરવા ઇચ્છે છે. ક્ષત્રિયકુંડનગરની રાજસભામાં આપ પધારો અને સદુ-પદેશ આપો.

ઇન્દ્રની વિજ્ઞપ્તિથી પ્રભુ મહાવીરદેવ રાજસભામાં પધારે છે.

પ્રભુ મહાવીર : ભવ્ય લોકો! ધર્મ કરો. અધર્મનો ત્યાગ કરો. સત્ય ગ્રહો અને અસત્યનો ત્યાગ કરો.

ભવ્ય લોકો! તમો સર્વે મનમાં એમ માનો કે મારો જન્મ પોતાના આત્માના વિકાસને માટે જ નથી, પરંતુ સર્વ જીવોના

કલ્યાણુ માટે છે. તમારી પાસે આવનારા અને રહેનારાઓને ધર્મમાર્ગમાં સહાય આપો. મનમાં આત્માની શુદ્ધતાની ભાવના ભાવો. જડ પદાર્થોનો આહારાદિકરૂપે ખપ પડતો ઉપયોગ કરો, પરંતુ આજીવિકાદિ સાધનોમાં મૂંઝાઓ નહીં તેમ જ વિવેકથી તેઓનું રક્ષણ કરો. અસુરો પર જય મેળવો અને સુરી શક્તિઓને પ્રગટાવો.

કલિયુગમાં સંઘબળથી સર્વ પ્રકારની શક્તિઓનો પ્રકાશ થશે. કલિયુગમાં જે કલિયુગ પ્રમાણે વર્તશે તેઓ જૈનોનું અસ્તિત્વ જાળવી શકશે. જે કાળે જે કરવા યોગ્ય હોય તે કરો. જે દેશમાં જે કરવા યોગ્ય હોય તે કરો. તમારી ફરજો બજાવવામાં અમર આત્માનો ખ્યાલ કરીને પ્રવર્તો. ગમે તેવા સંકટોમાં ઉદાસીનતા, શોક કે નામર્દાઈને દૂર કરો.

ગૃહસ્થાશ્રમીઓએ ગૃહસ્થાશ્રમ ચાલે તેવી રીતે વર્તવું, પરંતુ ગૃહસ્થાશ્રમમાં રહીને ત્યાગીઓના યોગ્ય જે ધાર્મિક વિચારો ને આચારો છે તે પ્રમાણે પ્રવર્તવું નહીં. ગૃહસ્થાશ્રમમાં જેઓ રહેવા યોગ્ય છે તેઓએ ગૃહસ્થાશ્રમમાં રહેવું. ગૃહસ્થાશ્રમમાં કર્મયોગીઓ બને છે અને સ્વાધિકારે કર્મો કરે છે તેઓ છેવટે મુક્તિપદ પામે છે. પોતપોતાના અધિકાર પ્રમાણે પ્રવર્તો અને બીજાઓના અધિકારમાં માથું ન મારો. વિકારોના પશુબળને તાબે ન થાઓ. વૃદ્ધોની સેવા કરો. નિયમિત આહાર કરો અને વૈદકશાસ્ત્રોનું જ્ઞાન કરી અનેક રોગો ન પ્રગટે એવી રીતે પ્રથમથી વર્તો.

ગૃહસ્થાશ્રમને યોગ્ય ગર્ભાધાનાદિક સંસ્કારો જીવતી ભાષાઓના શબ્દો વડે સમજી–સમજાવી કરો. સર્વ બાબતોના વ્યવહારમાં પ્રામાણિક રહો. કોઈને વિના કારણે હેરાન ન કરો. સર્વ સારી બાબતોમાં બોલ્યા પ્રમાણે વર્તો. મારા નામથી ગર્ભાધાનાદિક સર્વ સંસ્કારો કરો, કરાવો અને કરતાઓની અનુમોદના કરો.

પાડોશીઓને પ્રથમ કેળવો અને સર્વ પ્રકારની સહાય આપો.

પોતાની પાછળ પોતાના કરતાં વિશેષ બળવાન, નીરોગી, જ્ઞાની, ગુણી અને સર્વ શુભ શક્તિવાળી પ્રજા અને સંતતિ પ્રકટે એવા ઉપાયો સેવો. પોતાના સમાન સંતતિને ઉત્તમ બનાવો. સર્વના જીવનનો ભાગ થઈને જીવો છો તેથી તમારા જીવનમાં સર્વનો ભાગ છે, એમ સમજી તમારા જીવનનો સર્વ માટે હોમ કરો.

બાહ્ય જીવન અને આંતરજીવનનો સર્વ વિશ્વ સાથે સંબંધ છે. અન્યોનું જીવન સારું કરશો તો પોતાનું જીવન સારું થશે. પોતાના આત્માના ગુણો પ્રકટ કરો. આયુષ્યની એક ક્ષણ પણ નકામી ન જવા દો. બળવાન બનીને દયા કરો. નિર્બળને દયાનો અધિકાર નથી. નિર્બળો પર દયા કરો.

તમારા ભલા માટે આ વિશ્વની શાળા છે અને તેમાં સુખ, દુઃખ અને તેના હેતુઓ શિક્ષકો છે. વિશ્વશાળામાં ડગલે ડગલે શિક્ષણ મળે છે. જેવી ભાવનાથી પોતાને જોશો તેવા તમે બનશો. જેવું કરશો તેવું પામશો. એક પણ શુભ વા અશુભ વિચાર કરેલો સુખ કે દુઃખ આપ્યા વિના રહેતો નથી. શુભ કાર્યમાં મરણનો વિચાર ન કરો. અત્યંત સાહસ કરીને આત્મોન્નતિમાં આગળ વધો.

પોતાના અને વિશ્વના ભલા માટે સર્વ દુઃખો સહન કરો. ભૂલ અને દોષ કરનારાઓને માફી આપો અને સુધારો.

ઉદાર મન કરો અને ઉદારતાથી વર્તો. સત્યમાં મરો અને સત્યમાં જીવો. ન્યાયમાં મરો અને ન્યાયમાં જીવો. જૈનધર્મ પાળવામાં જીવો અને મરો. આત્માના ગુણોના પ્રકાશાર્થે જીવો અને મરો. તનના આહાર કરતાં મનના આહાર અને મન કરતાં આત્માના ખોરાક માટે વધારે જીવો અને મરો અને તે માટે વખત ગાળો. મનને આત્માનું ભક્ત બનાવો. આત્માની આજ્ઞા પ્રમાણે મનને વર્તાવો.

સર્વ લોકો ! તમો એકબીજાને મળતાં મારું નામ સદા ગ્રહણ કરો. સર્વ જૈનો ! તમો એકબીજાને પરસ્પર ઉચ્ચનીચ ન

માનો. એકબીજાને પ્રેમથી ભેટો. દેખો. પરસ્પર હાથોહાથ મેળવી કાર્ય કરો. પરસ્પરમાં થયેલ વેરઝેર, અપમાન વગેરે સર્વે ભૂલી જાઓ. મારા વિશ્વાસીનો દ્રોહ કરવો એ મારા દ્રોહ સમાન છે. મારા નામના જૂઠા સોગંદ ન ખાઓ. સત્ય ગ્રહો, અસત્ય ત્યજો.

અમુક વર્ણ વા અમુક દેશવાસી મનુષ્યો જ મુક્તિ પામી શકે એવો કદાગ્રહ ન કરો. ગમે તે નામે મને ભજનારાઓ અને કષાયોને જીતનારા મનુષ્યો મુક્ત થઈ શકે છે. તમારામાં જે જે શક્તિઓ ખીલી હોય તેઓનો સર્વ વિશ્વના ભલા માટે ઉપયોગ કરો. શુભ કાર્યોનાં ફળ તમારી જિંદગીમાં દેખાય વા ન દેખાય તેની ચિંતા કર્યા વિના પારમાર્થિક સર્વ વિશ્વોપયોગી કાર્યોમાં જીવન હોમો. સર્વ ગુણોની પ્રાપ્તિમાં શરીર–પ્રાણનો નાશ થાય તેથી ભય ન પામો, અચકાઓ નહીં. તમારાં શરીરો અહીં જેવાં હશે તેના કરતાં પરભવમાં વિશેષ દિવ્ય મળશે અને આગળ ચઢવાના માર્ગો ખુલ્લા થશે.

પારમાર્થિક ઉપકારક કાર્યોમાં મન–વાણી–કાયાનો વ્યાપાર થવાની સાથે અહીં જે શરીરાદિ સામગ્રી છે તેના કરતાં વર્તમાન દેહે અંતરમાં દિવ્ય શરીરાદિનાં કર્મો બંધાય છે. તે શરીરથી આત્મા છૂટતાં આત્માની સાથે જે સૂક્ષ્મ કાર્મણ શરીર છે તે પોતાની સાથે સર્વ શુભ કર્મો વહન કરે છે અને તેથી અન્ય ભવમાં ઉત્તમ શરીરાદિની પ્રાપ્તિથી ઉત્તરોત્તર ઉત્તમ અવતારો મળે છે. માટે વિશ્વના સર્વ લોકોને આત્મવત્ માનીને તેઓની ઉન્નતિ માટે દેશ–કોમ–સંઘાદિક ભેગા રહી આત્મભોગો આપો. સર્વ લોકોના ભલા માટે ખાઓ, પીઓ, દેખો, સાંભળો, હાથપગ હલાવો, બોલો, ચાલો. તમારી સર્વ પ્રવૃત્તિ સમષ્ટિ માટે છે એમ માનીને વ્યષ્ટિ તરીકે સ્વદેહાદિક પ્રવૃત્તિઓને આદરો.

ભૌતિક અને આધ્યાત્મિક દૃષ્ટિની ઉપયોગિતાએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી હાનિ–લાભનો સ્વપર માટે નિશ્ચય કરી પ્રવર્તો. પશુ,

પંખી વગેરે તિર્યંચોના ઉપકાર તળે મનુષ્યો છે. વનસ્પતિ આદિના ઉપકાર તળે પણ મનુષ્યો છે. માટે મનુષ્યો ! તમે સર્વ વિશ્વના એકેક અંગ તરીકે પોતાને માનીને અગર વિશ્વના સર્વ જીવોને સાક્ષાત્ કે પરંપરાએ પોતાના એકેક અંગ માનીને એકબીજાની સહાયતા માટે રાજ્ય, વ્યાપાર, હુન્નર વગેરે આજીવિકાદિ પ્રવૃત્તિઓ કરો. તળાવો બંધાવો, વિશ્રામો બંધાવો, નદીની નહેરો, પરબો, વાવો કરો, વૃક્ષો વાવો, દવાશાળાઓ સ્થાપો. બોતેર કળા અને ચોસઠ કળાનું શિક્ષણ મળે એવી શાળાઓ સ્થાપો. પિત્તરોગી અને કોઢ વગેરે મહાભયંકર ચેપી રોગીઓને જંગલમાં એકાંત સ્થળે વ્યવસ્થાથી રાખો. વ્યભિચાર કર્મ કોઈપણ સ્થળે ન થાય એવો બંદોબસ્ત કરો. સર્વ લોકોને ઉપયોગી થાય એવાં ઉપકારક કાર્યો કરો.

સ્વાર્થ, કીર્તિ, લક્ષ્મી, સત્તા માટે પરસ્પર ફાટફૂટ થાય એવા વિચારો અને પ્રવૃત્તિઓથી દૂર રહો. જે ફાટફૂટ કરે છે તે પરભવમાં નીચ બને છે અને આ ભવમાં પોતે પોતાની, દેશની, પ્રજાસંઘની, રાજ્યાદિકની પડતી તથા દ્રોહ કરે છે. મારા ભક્તો કદાપિ જૈનસંઘ, પ્રજાસંઘ, પ્રજા, રાજ્ય, દેશાદિકનો નાશ થાય એવી પ્રવૃત્તિઓમાં પડતા નથી.

દેશ, ભૂમિ, સંઘ, ધર્માદિકનું રક્ષણ કરો. સર્વ મનુષ્યો વગેરે એકસરખી રીતે આજીવિકાદિ સામગ્રીને પામે એવી રીતે ધનાદિકની વ્યવસ્થા કરો. કોઈપણ મનુષ્ય ભૂખ્યું ન રહે, કોઈ તરસ્યું ન રહે એવાં કર્મો કરો. તમારામાં સર્વનો ભાગ છે માટે તમારી પાસે ધનાદિક હોય તેનો સંઘાદિક માટે ઉપયોગ કરો.

'સર્વ જીવો મારા છે અને હું સર્વનો છું', સર્વ જીવોના ભલા માટે મારું જીવન છે' એવા ઉદારભાવથી પ્રવર્તો. હે ઇન્દ્રો, રાજાઓ, ઋષિઓ ! તમો સર્વ જીવોને સદ્‌વિચારની પ્રેરણા કરો. અને વિપત્તિ આદિ પ્રસંગોમાં મારા હુકમને માન આપી સર્વ જીવોને સહાયતા કરો. જેઓ મને પામવા ઇચ્છે છે તેઓને આગળ

ધકેલો. ઉપસર્ગ અને પરિષહોથી આગળ ચઢવાની જેઓની નિયતિ છે તેઓ તે માર્ગથી આગળ વધે છે અને અન્ય જીવો બીજા માર્ગથી આગળ ચઢે છે.

કોઈ ઉપાસનાથી પરમાત્મા તરફ વળે છે, કોઈ ભક્તિથી, કોઈ જ્ઞાનથી, કોઈ સેવાથી, કોઈ નીતિથી. એમ અનેક માર્ગોથી જીવો શુદ્ધાત્મ મુક્તદશા તરફ ગમન કરે છે. કોઈના જીવનને તેની ઇચ્છાથી વિરુદ્ધ થઈ લૂંટવાનો કોઈને હક્ક નથી. કોઈને અહંકાર કરવાનો અધિકાર નથી. સર્વ જીવોના ભલા માટે જે જીવે છે તેની ક્ષણે ક્ષણે થતી શુભાચાર પ્રવૃત્તિ તે જ સેવાભક્તિ છે.

જડ વસ્તુઓમાં મારાતારાપણાની બુદ્ધિથી પ્રતિબદ્ધ ન થાઓ. શુભાશુભ બુદ્ધિથી જગત સારુંખોટું લાગે છે. શુભાશુભ બુદ્ધિ ટળી જતાં સર્વ વિશ્વ સારું અગર ખોટું નથી. જેવી દૃષ્ટિથી તમે પોતાને દેખો તેવા તમે છો અને વિશ્વ પણ તમે જેવી દૃષ્ટિથી દેખો તેવું છે.

ધનધાન્યને સર્વ જીવો માટે જાહેરમાં મોકળું મૂકી દો. ખપ જેટલું રાખો. બાકી બીજું અન્યો માટે આપી દો. સત્ય સભ્યતાથી વર્તો, કૃત્રિમ સભ્યતાનો ત્યાગ કરો. સુખની ઇચ્છાથી કૃત્રિમ સામગ્રીનો સંચય કરવામાં નાહક દુઃખ જ છે. ઇન્દ્રિયો મારફત સુખ ભોગવવા માટે જેટલી વસ્તુઓની સામગ્રી વધારતા જશો તેટલા દુઃખી થશો માટે જડ વસ્તુઓની સામગ્રીમાં નિયમિત રહો. ઇન્દ્રિયોનો ક્ષય થાય એવા વિષયોપભોગથી દૂર રહો. દેહ, વીર્યાદિકનો ક્ષય થાય એવી પ્રવૃત્તિ ન કરો. શરીર દૃઢ કરો. દીર્ઘાયુષ્ય થાય એવા વીર્યરક્ષણાદિ ઉપાયોને સેવો.

ક્રોધ, અહંકાર, ચિંતા, શોક આદિથી આયુષ્યનો ક્ષય થાય છે, માટે કષાયોને પ્રગટતા વારો. આહાર, વિહાર, વિચાર અને આચારમાં નિયમિત રહો. ખરાબ ટેવોને જીતો. ખરાબ વ્યસન અને

ટેવો જીતનાર અરિહંત બને છે. આત્મા પર જો ખરાબ ટેવો જય મેળવે તો આત્મા જ નરક–નારકી બને છે, પરંતુ જો ખરાબ ટેવો પર આત્મા જય મેળવે છે તો આત્મા સ્વર્ગ અને મુક્તિ છે. અશુભ કામવાસનાઓને પરિહરો. પોતાના બળ પર વિશ્વાસ રાખીને પોતે જ સ્વર્ગ રચો. સ્વાશ્રયી બન્યા વિના કોઈ સિદ્ધ થતો નથી. સ્વાશ્રયી બન્યા વિના પરતંત્રતા અને ગુલામગીરીનો નાશ થતો નથી.

ગરીબ પ્રાણીને સતાવો નહીં. ગરીબની હાય લેશો નહીં. કોઈના પર અનીતિથી જુલ્મ ગુજારો નહીં. જેવું બીજાઓ પ્રતિ કરશો તેવું ફળ પામશો. બીજા જીવોના નાશમાં તમારા પ્રાણાદિકનો નાશ છે. ધન, સત્તા અને શક્તિઓ વડે જો પોતાનું ભલું કરવું હોય તો ધન, સત્તા, શક્તિ, વિદ્યા વગેરેનો પરમાર્થમાં વ્યય કરો. જેવું તમારા પ્રતિ તમે ચાહો છો તેવું બીજા જીવો પ્રતિ આચરો. તમારા હિતમાં અન્યોનું હિત જુઓ. તમારી પ્રભુતામાં અન્ય-જીવોની પ્રભુતા જુઓ. સર્વ વિશ્વની શાંતિમાં તમારી શાંતિ જુઓ. વિશ્વવ્યાપક સર્વ ઉપકારોમાં તમો પ્રભુતા દેખો અને તેમાં પ્રવૃત્તિ કરી નીચતાનો નાશ કરો.

રાજાઓ! તમો પ્રજાના સેવકો છો. પ્રજાની સર્વ પ્રકારે ઉન્નતિ કરવી તે માટે પ્રજાસંઘના ઉપરી છો. તમારા સ્વાર્થો માટે પ્રજાજનોને ન પીડો. પ્રજાની સેવા સારી રીતે કરવાની જોખમદારી સમજો અને તે પ્રમાણે વર્તવાની શક્તિ હોય તો રાજા કે પ્રમુખ તરીકે કાર્ય કરો અન્યથા પ્રજાસંઘ પાસે રજા માગો. જેમ મોટી સત્તા, શક્તિ, લક્ષ્મી, નેતૃત્વ મળે છે તેમ જોખમદારી પણ વધે છે. અનીતિ, અન્યાય, જુલ્મ, પક્ષપાત વગેરેના તાબે થઈને પાપ-ના ભાગી ન બનો.

રાજાઓ, સેનાપતિઓ, પ્રધાનો, શ્રેષ્ઠિવર્યો! તમારી સત્તા, લક્ષ્મી, બુદ્ધિ, વિદ્યા, લાગવગનો દુરુપયોગ ન કરો. મારી આજ્ઞાથી વિરુદ્ધ વર્તશો તો તેનું દુઃખરૂપ ફળ આ ભવમાં અને પરભવમાં

તમારે ભોગવવું પડશે. શેઠોએ પોતાની શક્તિઓને પાપમાર્ગમાં નહીં વાપરવી જોઈએ. અવિવાહિતાઓ પર, પરસ્ત્રીઓ પર, સાધ્વીઓ પર જેઓ કામવશ બની બલાત્કાર ગુજારે છે તેઓ પાપનું ફળ આ ભવમાં અને પરભવમાં ભોગવી દુઃખોના માર્યા રડયા કરે છે. જે પુરુષો મદોન્મત્ત બનીને સ્ત્રીઓ પર જુલ્મ ગુજારે છે કે તેઓને મારી નાખે છે તેઓને મારી આજ્ઞા પ્રમાણે કર્મફળરૂપ દુઃખ ભોગવ્યા વિના છૂટકો થતો નથી.

જે સ્ત્રીઓ કામાતુર બની પરપુરુષો સાથે વ્યભિચાર કરે છે, પતિઓને છેતરે છે, તેઓ દુઃખથી રડે છે અને અનેક પ્રકારનું દુઃખ પામે છે.

જે નોકરો પ્રામાણિકપણે નોકરી કરતા નથી અને જે ઉપરીઓ પોતાના નોકરોને ગુલામ સમજી તેઓને અન્યાય કરે છે કે દુઃખ આપે છે તેઓ પાપ કરી દુઃખથી રડે છે.

જેઓ મનુષ્યોને નીચા માને છે અને પોતે ઊંચા બને છે તેઓ ઉચ્ચત્વના અભિમાનથી નીચ કોટી પર આવે છે.

જે મનુષ્યો મારી આજ્ઞાને ધિક્કારીને ચોરી, લૂંટફાટ, મારામારી કરે છે અને મારા બોધને ધિક્કારે છે તેઓ અને તેઓની વંશપરંપરા પડતી દશા અને દુઃખાદિને પામે છે.

જેઓ વિશ્વાસ આપીને વિશ્વાસીઓનાં ગળાં કાપે છે અને સત્ય સલાહ પૂછનારાઓને બૂરી સલાહ આપે છે તથા નાહક ગમ્મત ખાતર લોકોને પરસ્પર આડુંઅવળું સમજાવી લડાવી મારે છે તેઓ અશુભ પાપકર્મના ભાગી બને છે. તેઓ પોતાના સંગી અને આશ્રિતોને પણ દુઃખી કરે છે.

જે મનુષ્યો પોતાના ઉપકારીઓને દુઃખ દે છે અને ઉપકાર પર અપકાર કરે છે, પોતાને સહાય કરનારાઓને મદદ કરતા નથી તેઓ અધમ અને પાપી મનુષ્યો છે. તેવા મનુષ્યો ઉચ્ચ કોટિ

પર ચઢીને પણ પાછા પડે છે.

જેઓ સ્વાર્થ અને લાલસાથી પરમાર્થમાર્ગોને છેદે છે, લાખો કરોડો મનુષ્યોના કલ્યાણમાં વિઘ્નો નાખે છે તથા પોતાના ગુરુઓને નિન્દે છે તેઓ પાપના ભોક્તા બને છે.

બ્રાહ્મણો ! બ્રહ્મજ્ઞાનમાં સ્થિર થાઓ. વિદ્યાનો દુરુપયોગ ન કરો. પોતાના સત્યમાર્ગથી દૂર ન જાઓ. સત્ય જાણો. સત્ય કહો, સ્વાર્થ, માન કે પૂજાના લોભે વિદ્યા અને બુદ્ધિનો દુરુપયોગ ન કરો. ખરાબ વિચારો અને પાપથી દૂર રહો. સત્ય જ્ઞાનનો પ્રચાર કરો. સલાહ માગનારાઓને સત્ય સલાહ આપો. વૈરી, શત્રુ, અધર્મીઓને પણ બૂરી સલાહ ન આપો. દુષ્ટો અને દુર્જનોને દંડ આપો. અસત્ય અને પાપી સલાહ આપનારાઓનો વિશ્વાસ ન રાખો. મારા પ્રતિદ્વેષી લોકોનો વિશ્વાસ ન રાખો અને તેઓથી સાવધ રહો. જૈનધર્મ અને જૈનોની નિન્દા કરનારા અને દ્વેષ કરનારા શત્રુઓના મીઠા અમૃત સમાન વચનો તથા તેઓનાં તેવા પ્રપંચી કૃત્યોથી સાવધ રહો.

દેશવીરો, ધર્મવીરો, સંઘવીરો, સેવાવીરો, જ્ઞાનવીરો અને મારા જૈનધર્મ માટે પ્રાણોત્સર્ગ તેમ જ ધનાદિકનો ઉત્સર્ગ કરનારાઓને અત્યંત માન આપો અને તેઓને વધાવી લો. મારા પર પ્રેમ રાખનારાઓને સર્વ પ્રકારની સહાય કરો. મારો ઉપદેશ માનનારાઓને અને તેનો પ્રચાર કરનારા–કરાવનારાઓને સહાય આપો. સત્ય બુદ્ધિથી કર્તવ્યકર્મ કરો. દેશ, કોમ, સંઘ, ધર્મનો નાશ કરનારા તથા મારા ઉપદેશનો તિરસ્કાર કરનારાનો વિશ્વાસ ન રાખો.

અનંત સત્યરૂપ મને જાણો. મનુષ્ય સત્ય અને ધર્મની શોધ કરતાં અસત્ય–અધર્મની ભૂલો કરે છે, પણ અન્તે તેઓ મારું ધ્યાન ધરી અસત્ય અને અધર્મથી દૂર ખસતા જાય છે અને સત્યધર્મરૂપ મારી તરફ આવતા જાય છે.

મારા વિના અન્ય મૂર્ખ છે, અધર્મી છે, એવું અભિમાન ન કરો. સર્વ મનુષ્યો અંશે અંશે તરતમયોગે અનંત સત્યરૂપ જે હું છું તેને પામે છે. શુદ્ધાત્મરૂપ મારું સ્વરૂપ છે. અનંત અશુદ્ધ સ્વરૂપ જે જે અંશે ટળે છે તે તે અંશે અનંત શુદ્ધસ્વરૂપના અંશની પ્રાપ્તિ થાય છે. માટે સર્વ જીવો એકસરખા ધર્મી હોઈ શકતા નથી. સૌ એકસરખા સત્યમાર્ગી હોઈ શકતા નથી. તેઓ એકસરખી રીતે મને ઓળખી શકતા નથી, માની શકતા નથી કે વર્તી શકતા નથી.

મારા આત્માઓ ! તમે જાગ્રત થાઓ. તમારા આત્માઓને કર્મો લાગ્યાં છે તેથી તમારા એકસરખા વિચાર પ્રગટી શકતા નથી. કર્મોનો ક્ષયોપશમ અસંખ્ય પ્રકારનો છે, તેથી વિચારો પણ આત્માઓમાંથી અસંખ્ય પ્રકારના પરસ્પર ભિન્ન પ્રગટે છે. તેથી મુંડે મુંડે ભિન્ન ભિન્ન મતિ છે. આવી સ્થિતિમાં સર્વ જીવો એક-સરખા વિચારવાળા ન હોઈ શકે. તેથી તમો પરસ્પર વિચારભેદે એકબીજાને ધિક્કારો નહીં. એકબીજાનો, જૈનધર્મના એકસરખા વિચાર ન હોવાને લીધે, નાશ ન કરો. તમો જૈનધર્મને પોતાના મતે ગ્રહો, પણ અન્ય મનુષ્યો જૈનધર્મને પોતાના વિચાર પ્રમાણે ગ્રહે કે પ્રવર્તે તેથી તેનો દ્વેષ કરો નહીં.

જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થતાં અનંત સત્ય જ્ઞાન પ્રગટે છે. સંપૂર્ણ જ્ઞાન પ્રગટ્યા વિના પરસ્પર વિચારભેદ રહે છે. તેથી એક-બીજા પર દ્વેષ કે ભેદભાવ ધારણ ન કરવો. તેમ જ પરસ્પર વિચાર-ભેદથી દેશ, સંઘ, ધર્મ, કુટુંબને હાનિ થાય એવી રીતે વર્તવું નહીં.

અનાદિકાળથી અને અનંત કાળ પર્યન્ત દુનિયામાં વિચારને લગતા મતભેદો રહેવાના. તે તો સ્વાભાવિક છે, પરંતુ વિચાર અને આચારના મતભેદે ક્લેશ, ધર્મયુદ્ધ, મારામારી વગેરે ન થાય એવી રીતે વર્ત-વામાં સર્વ પ્રજાએ પ્રવૃત્તિ કરવી એ જ મારા જૈનધર્મની મહત્તા છે.

વિચાર અને મતભેદોની વિવિધતાને સાપેક્ષદષ્ટિથી તપાસો અને પોતાની બુદ્ધિમાં ભાસે તેટલું સત્ય ગ્રહણ કરો. જેમ જેમ

જ્ઞાન વધશે તેમ તેમ દરેક મનુષ્ય સત્યનું વિશેષ સ્વરૂપ સમજશે. પરસ્પરના વિચારને લગતા મતભેદમાં સહિષ્ણુતા ધારણ કરો.

જૈનધર્મને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે મનુષ્યો સમજી શકે છે, તેથી વિચારભેદે મતભેદ પડે તે સ્વાભાવિક છે. જૈનધર્મ વિચારવામાં અને પાળવામાં દરેકને સ્વતંત્રતા છે. ધર્મની સ્વતંત્રતામાં કોઈએ કોઈના પર તરાપ મારવી નહીં. જેઓ નહીં સમજી કદાગ્રહ કરતા હોય તેઓને દંડો નહીં, તેઓને મારો નહીં. તેઓને સમજાવવાનો પ્રયત્ન કરવામાં ખામી ન રાખો. વિચારભેદે પરસ્પરમાં કુસંપ ન કરો.

મારા ઉપર જેઓની પૂર્ણ શ્રદ્ધા અને પ્રીતિ છે તેઓ સર્વ પ્રકારે સત્ય જ્ઞાન અને ધર્મ સમજવાને લાયક બને એવી રીતે તેમની બુદ્ધિ પ્રતિદિન ખીલ્યા કરે છે. જૈનધર્મ, સંઘ અને મારી ભક્તિ માટે જે કંઈ વિશેષ લાભ અને અલ્પ હાનિવાળું બોલવું તે સત્ય છે. દેશ, સંઘ, રાજ્યાદિકની પ્રગતિ માટે સર્વ સ્વાર્થોનો ભોગ આપતાં અનેક વિપત્તિ, દુઃખ, સંકટો પ્રાપ્ત થાય છે અને સર્વ સુખો વગેરેથી ભ્રષ્ટ થવું પડે છે, એવું જાણીને તે પ્રમાણે વર્તવામાં જે સર્વસ્વનું અર્પણ કરે છે તે છેવટે મારી દશાને પામે છે.

ગૃહસ્થાવાસમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગનું આરાધન કરો. વિશ્વમાં સુરો કરતાં અસુરો વિશેષ છે. માટે સર્વ સુરી શક્તિઓનું સંગઠન વરી સંઘબળથી અસુરોના પશુબળને જીતો. લોકરૂઢિઓ, કે જેઓને આચરવાથી સંઘબળ, રાજ્યબળ, જૈનબળ, ધર્મબળ, આત્મબળ, જ્ઞાતિબળ વગેરે બળોનો નાશ થતો હોય તથા શરીરબળ અને આયુષ્યનો ક્ષય થતો હોય, સત્યનો ક્ષય થતો હોય, અલ્પ લાભ અને અધિક હાનિ થતી હોય, તે લૌકિક રૂઢિઓ અને રિવાજોને પરિહરો.

તમારા આત્માઓના બળ આગળ કાળનું જોર કંઈ નથી. તમે જો સારા થશો તો કાળ પણ સારો ગણાશે. તમે જો સારાં

કર્મ કરશો, ઉદ્યમ કરશો, સર્વ પ્રકારની સામગ્રીબળથી કાર્ય કરશો, તો શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કર્મપ્રકૃતિમાં ફેરફાર કરવો યા તેનો નાશ કરવો તે પુરુષાર્થ પર આધાર રાખે છે. સર્વ વિશ્વમાં આત્મા જ એક બળવાન છે.

કામને જીતો:

જે મનુષ્યો કામવાસનાને તાબે થાય છે તેઓ દુનિયામાં સર્વ પ્રકારનાં પાપો કરી શકે છે. કામાધીન મનુષ્યો સર્વ શુભ શક્તિઓનો ક્ષય કરી નાખે છે. જે મનુષ્યો સત્યધર્મનો ત્યાગ કરીને કામરૂપ પશુના તાબે થાય છે તેઓ હિંસક અને નીચ પશુઓ કરતાં પણ નીચ બને છે.

દેશ, કોમ, સંઘ, જૈનધર્મ, કુટુંબ આદિની સર્વ પ્રકારની ઉન્નતિ કરવામાં અંતરાય કરનાર કામશત્રુને હણી તમે અરિહંત બનો, પ્રભુ બનો.

રૂપ, સૌન્દર્ય, ભોગાસક્તિથી મૂઢ ન બનો. સૌન્દર્યભોગથી આત્માના દેહ યા સૌન્દર્યનો નાશ થાય છે. ઇન્દ્રિયો વડે ભોગો ભોગવતાં આસક્તિથી કે અતિભોગથી ઇન્દ્રિયોના બળનો નાશ થાય છે. ઉપસ્થેન્દ્રિયના ભોગાભિલાષને દૂર હટાવો. કામભોગથી કામોની શાંતિ થતી નથી. અગ્નિમાં કાષ્ઠો અને ઘૃત નાખવાથી અગ્નિનો મોટો ભડકો થાય છે, પણ અગ્નિ શાંત થતો નથી, તેમ કામાગ્નિમાં વિષયભોગોને હોમતાં કામની વૃદ્ધિ થાય છે, પણ કામની શાંતિ થતી નથી.

અનીતિ, અન્યાય, જુલ્મ, યુદ્ધ, હિંસાદિ કરવામાં કામશત્રુનો પ્રબલ હાથ છે. કામને ઇચ્છનારાઓ મને પરમાત્માને ભૂલે છે. કામને જીતનારાઓ વિશ્વમાં મહાતીર્થંકરો બને છે. જેઓ કામાદિ પ્રકૃતિના ગુલામો બને છે તેઓ ઇન્દ્ર, બાદશાહ, ચક્રવર્તી હોવા છતાં ગુલામોના ગુલામ છે, તેઓ તુચ્છ મૈથુનાભિલાષી કૂતરાના કરતાં પણ હલકા છે.

જેઓ સ્પર્શેન્દ્રિયાદિની કામનાઓના તાબે થતા નથી તેઓ વિશ્વના મહાપ્રભુ બને છે. ઇન્દ્રિયો અને વિષયો એ બેના સંબંધે થતી આસક્તિનો નાશ કરવાની જરૂર છે, પરંતુ ઇન્દ્રિયો અને વિષયોનો નાશ કરવાની જરૂર નથી. નામરૂપની અહંતાકામના, કીર્તિકામના વગેરે સૂક્ષ્મ કામનાઓ પર જે વિજય મેળવે છે તે મહર્ષિઓ છે, તીર્થંકરો છે.

કામનાઓ પર વિજય મેળવનારાઓ વિશ્વ, સંઘ, પ્રજા, દેશ, કોમ, રાજ્યાદિકના તથા ધર્મના નેતા અને પ્રવર્તક બની શકે છે. જેઓ આત્મસુખના વિશ્વાસી અને અનુભવી બન્યા હોય છે તેઓ જ દેશ, કોમ, સંઘ, પ્રજા, સમાજ, ધર્મ આદિની પ્રગતિ કરનારા બની શકે છે.

જેઓ દેહરૂપ ચામડીના ભોક્તા કે પૂજારી છે અને પરભવ, પુણ્ય, પાપ, અવતાર, સ્વર્ગ, નરક વગેરેને માનતા નથી તેઓ નાસ્તિક બનીને અને ખપ પડતી નીતિ પણ પાળવામાં છળકપટ કરીને વિશ્વમાં અશાંતિ, અધર્મ, અન્યાય, દુઃખાદિનો ફેલાવો કરે છે. તેઓ આત્મસુખ માટે વિશ્વાસી બનતા નથી. તેઓનાથી દૂર રહેવામાં ભવ્ય જીવોને શાંતિ છે.

જીવોમાં જેટલા ગુણ હોય તે પ્રમાણે જીવોને માન આપો. એકાદ અવગુણથી તેમના ગુણોનું સન્માન કરવું ભૂલી ન જાઓ. ગુણી મનુષ્યોને માન આપો. દેશ, કોમ, સંઘ, રાજ્ય, જૈનધર્મ અને જૈનોનું રક્ષણ કરનારાઓને માન આપો, જેથી બીજાઓ પણ તેવાં કાર્યોમાં આત્મભોગ આપે. લોકો પોતાને વખાણે, માન આપે, કીર્તિ કરે એવી કામનાબુદ્ધિનો ત્યાગ કરી નિષ્કામબુદ્ધિથી કર્તવ્યકાર્યો કરો. વ્યક્તિનું મહત્ત્વ જાળવો. અશુભ કામનાઓના ત્યાગી બનવાથી તમે મારા રાગી બની શકશો.

**જૈન સામ્રાજ્ય:**

બાહ્યાંતર જૈન સામ્રાજ્યની વૃદ્ધિ કરો. જૈન સામ્રાજ્યમાં દેશ,

કુળ, જાતિનો પક્ષપાત હોતો નથી, જૈન સામ્રાજ્યની રક્ષા અને વૃદ્ધિ માટે જે કરવામાં આવે છે તેમાં ધર્મ છે. આત્માના ગુણોમાં પ્રવેશ કરાવનાર જૈન સામ્રાજ્ય છે. સર્વ પ્રકારની સુખ અને લાલસાની સામગ્રીનો ભોગ આપીને જૈન સામ્રાજ્યનું રક્ષણ કરો. જેઓ અન્યાય, જુલમ, અત્યાચારથી સુખસામગ્રીને મેળવવા ચાહે છે તેઓ જૈન સંઘ અને જૈન સામ્રાજ્યની પાયમાલી કરનારા છે. સર્વ પ્રકારનાં ઉન્નતિકારક દૃષ્ટિબિંદુઓ જ્યાં એકત્ર થઇ રહે છે તે જૈન સામ્રાજ્ય છે.

જૈન સંઘ અને સામ્રાજ્યની શક્તિઓની વૃદ્ધિ માટે જે કાળે, જે દેશે જે જે નિયમ અને વ્યવસ્થાઓ ઘડવામાં આવશે અને ભવિષ્યમાં સંઘ કે રાજ્ય ઘડશે તેમાં મારી આજ્ઞા છે. મારી પાછળ મારા ભક્તો, આચાર્યો, ત્યાગીઓ, ગૃહસ્થ ગુરુઓ, જૈન રાજાઓ વગેરે જૈન સામ્રાજ્યની વિદ્યા, વ્યાપાર, જ્ઞાન, ક્ષાત્રબળ, આધ્યાત્મિક બળ, આયુધ, શસ્ત્રાસ્ત્રબળ આદિ માટે જે જે સુધારાવધારા કરશે, જે જે નીતિ અને રૂઢિ વગેરેનાં પરિવર્તનો કરશે, બહુ સંઘસમ્મતિથી જે જે જીવનનિર્વાહાદિ કર્મો કરશે તેમાં મારી આજ્ઞા છે, કારણ કે તેમાં મારા વિચારો જ છે.

મારા ઉપદેશમાં તથા મારા પ્રેમજ્ઞાનમાં તન્મય થયેલ મહાત્માઓના હૃદયમાંથી જૈન સામ્રાજ્યની રક્ષા અને વૃદ્ધિ માટે જે સદ્વિચારો પ્રગટેલા અને પ્રગટે છે તથા પ્રગટશે તે મારી–આત્મમહાવીરની સ્ફુરણા જાણવી. મહાયોગી જૈનાચાર્યો અને ત્યાગી ગુરુઓનાં હૃદયથી હું અભિન્ન છું. તેથી વર્તમાનમાં અને ભવિષ્યમાં તેઓના સદ્વિચારોમાં મારું સ્વરૂપ જોવું અને જૈન સામ્રાજ્યની વૃદ્ધિ કરવા પ્રયત્ન કરવો. જૈન સામ્રાજ્ય સર્વ વિશ્વમાં અનાદિકાળથી પ્રવર્ત્યા કરે છે અને અનંતકાળ પર્યન્ત પ્રવર્ત્યા કરશે.

વિશ્વવર્તી સર્વ ધર્મી અને ત્યાગી મહાત્માઓની સેવા કરવી. સર્વ પ્રકારે મનુષ્યો વગેરેનું રક્ષણ કરવું. ચતુર્વિધ સંઘનું

રક્ષણ કરવું. સર્વ સંઘની સેવાભક્તિ માટે તન, મન, ધન વગેરે સર્વસ્વનો ત્યાગ કરવો એ જ સેવાભક્તિ છે, એમ જાણી જે લોકો પ્રવૃત્તિ કરે છે તેઓ જૈન સામ્રાજ્યની વૃદ્ધિ કરે છે. જૈન સામ્રાજ્યનો દ્રોહ કે નિન્દા કરનારાઓને શિક્ષા કરવી. ત્યાગીઓ, બ્રાહ્મણો, કન્યાઓ અને સ્ત્રીવર્ગની રક્ષા કરવી. જૈનધર્મ પાળનારાઓને સર્વ પ્રકારની મદદ કરવી અને તેઓની રક્ષા અને વૃદ્ધિ માટે મન, કષાયો, ધન, બળ વગેરેનો વ્યય કરવો. સર્વ યુક્તિઓ વાપરવી. એમાં જે શંકા, સંશય ધરશે તેને જૈન સંઘ અને સામ્રાજ્યનો શત્રુ જાણવો.

જૈન સંઘ અને સામ્રાજ્ય માટે મન, વાણી અને કાયાની સર્વ પ્રવૃત્તિ ત્રણે કાળમાં ધર્મરૂપ છે. ઉત્સર્ગ અને અપવાદ એ બેમાંથી જે કાળે અને દેશે જેવી જરૂર હોય તેનું અવલંબન કરી જૈન સંઘ અને સામ્રાજ્યનું સર્વ દેશો અને સર્વ ખંડોમાં રક્ષણ કરવું. જૈન સંઘ અને સામ્રાજ્યનું ઐક્ય વધે અને ભેદ ન પડે તે માટે સર્વ મનોવૃત્તિઓ અને પ્રવૃત્તિઓનો જેઓ ભોગ આપે છે અને આપશે તે જ મારા ભક્તો છે અને થશે.

**દૈવી અને આસુરી શક્તિ :**

ભવ્યાત્માઓ ! અનાદિકાળથી દૈવી અને દાનવી શક્તિઓનું યુદ્ધ થયા કરે છે. સર્વ સંસારી આત્માઓની સાથે આસુરી અને દૈવી શક્તિઓ રહેલી છે. આત્માઓને આસુરી શક્તિઓ અધમ અને પાપયોનિ તરફ લઈ જાય છે અને સુરી શક્તિઓ દેવલોક કે મુક્તિ તરફ ખેંચે છે.

રજોગુણ અને તમોગુણની વૃત્તિઓ એ આસુરી શક્તિઓ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને નામ વગેરેમાં મોહ કરવો, આસક્તિ કરવી અને મોહથી મૂંઝાઈને હિંસાદિ અનેક પાપકર્મો કરવાં તે આસુરી કે દાનવશક્તિના તાબે જવા જેવું છે. તેથી નરકાદિ ગતિ પ્રાપ્ત થાય છે.

રજોગુણી કે તમોગુણી વ્યંતર દેવદેવીઓને આરાધવાં, તેઓની સાધના કે મંત્રાનુષ્ઠાન તંત્ર–યંત્રથી કરવાં, અનેક પ્રકારના ભોગો માટે રજોગુણ કે તમોગુણને વશ થવું, સ્રીપુરુષોના રૂપ-સૌન્દર્યમાં મૂંઝાવું, જડ પૌદ્ગલિક વસ્તુઓ વડે સુખ ભોગવવાની લાલસા રાખવી, સ્વર્ગ-નરક કે પુણ્ય–પાપાદિ તત્ત્વો નથી એવી નાસ્તિક બુદ્ધિ ધારણ કરવી અને તમોગુણી કે રજોગુણી આહાર, વિહાર, વિચાર, કર્મો કરવાં એ જ નરક અને તિર્યંચ ગતિ જેવી પાપ-યોનિઓનું કારણ છે. તેથી અનંત અને અસંખ્ય અવતારો ધારણ કરવા પડે છે. માટે તમો તમોગુણી અને રજોગુણી વૃત્તિઓનો ઉપશમ કરો, ક્ષયોપશમ કરો અને ક્ષાયિકભાવ કરો. સત્ત્વગુણની બુદ્ધિ ધારણ કરીને આગળ વધો, પરંતુ સત્ત્વગુણી મોહથી નિવૃત્ત થાઓ. સત્ત્વગુણી દેવો અને દેવીઓની આરાધનાથી મુક્ત થાઓ.

તમોગુણી અને રજોગુણી દેવો અને દેવીઓના મંત્રાદિકનું આરાધન કરી તેઓને વશ કરવા જશો તો તેવી યોનિને પામશો. રજોગુણી અને તમોગુણી દેવો અને દેવીઓમાં લોભાશો કે આસક્ત થશો તો તેઓ તમને તેમની તરફ ખેંચશે. તેના પરિણામે તેમના જેવા અવતાર લેવા પડશે. રજોગુણી અને તમોગુણી દેવોનું ધ્યાન ધરશો તો તમે તેવા થશો અને મારા ઉપદેશનો અનાદર કરી અનેક પાપયોનિમાં અવતારો લેશો.

સત્ત્વગુણી, રજોગુણી અને તમોગુણી દેવો અને દેવીઓને આત્મવત્ માનો, તેઓના આત્માઓને સ્વાત્મવત્ અનુભવો, પરંતુ તેઓની વૃત્તિઓ કે રૂપ–રસાદિક ભાવો અને તેઓનાં શરીરાદિમાં મોહથી મૂંઝાઓ નહીં. તમોગુણી અને રજોગુણી સુખ, આનંદ, વૈભવને કૂતરાની વિષ્ટા સમાન જાણો અને તેનો ત્યાગ કરો.

આત્મા વિનાનાં સાત્ત્વિક જડ પ્રકૃતિમય રૂપ–રસાદિમાં તથા સાત્ત્વિક વૃત્તિઓમાં મૂંઝાઓ નહીં. જો તમો મૂંઝાશો તો આત્મ-મહાવીર સુખ, કે જે ત્રણ પ્રકૃતિથી પેલી પાર છે, ને મળી શકશે

નહીં. સાત્ત્વિક બુદ્ધિની પેલી પાર આત્મજ્ઞાન છે. ત્રણ પ્રકૃતિથી ભિન્ન આત્માનો અનુભવ કરશો તો તમો મનની સંકલ્પ-વિકલ્પ સર્વ વૃત્તિઓને જીતી અનંત સુખમય બનશો.

આ દુનિયામાં જડ વસ્તુઓના બનેલાં શરીરો વગેરેના ભોગોમાં સુખ છે જ નહીં, પરંતુ ઊલટું દુઃખ છે. મારા આત્મઓ ! મારા બોધને હૃદયમાં ધારણ કરો. આત્મસુખની પ્રાપ્તિ માટે બાહ્ય રૂપાદિમાં સુખની વૃત્તિઓ જે બંધાયેલી છે તેનાથી મુક્ત બનો.

સત્ત્વ-રજસ્-તમોગુણવૃત્તિવાળું મન તે જ ખરેખર સંસાર છે અને તમોગુણાદિવૃત્તિરહિત તે જ મોક્ષ છે. જેઓ મને તમો-ગુણવૃત્તિથી ભજે છે તેઓને હું તમોગુણ આપતો નથી, પરંતુ તેઓ પોતાની તમોગુણી વૃત્તિ, બુદ્ધિ આદિથી સ્વયમેવ તમો-ગુણાદિથી કર્મ કરી બંધાય છે. હું કોઈને શુભ અને અશુભ બુદ્ધિ આપતો નથી. હું પરબ્રહ્મ પરમાત્મા કોઈપણ જીવના કર્મોનો વસ્તુતઃ કર્તાહર્તા નથી. જીવો જેવાં કર્મ કરે છે તેવાં ફળ ભોગવે છે. શુભાશુભ કર્મોથી જીવો સુખદુઃખ ભોગવે છે અને ચતુર્ગતિ-રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે.

જે આત્માઓ મન, વાણી, કાયા વડે સત્ત્વવૃત્તિ, બુદ્ધિ, કર્મ કરે છે અને સર્વ જડ પદાર્થોમાંથી આસક્તિ ઉઠાવી લે છે તે રજોગુણ કે તમોગુણવાળા દેવો અને દેવીઓ તેમ જ મનુષ્યો વગેરેની પણ રજોગુણી કે તમોગુણી સ્પૃહા કે ઇચ્છા કરતા નથી. તેઓ મને જ ત્રિગુણાતીત અનુભવી આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો માટે પ્રવૃત્તિ કરે છે, ત્યારે તેઓ દૈવી આત્માઓ બને છે. એવા દૈવી આત્મા-ઓની આગળ રજોગુણી અને તમોગુણી દાનવી શક્તિઓવાળાઓ ઊભા રહી શકતા નથી. પ્રકાશની આગળ જેમ અંધકાર ટકી શકતો નથી તેમ દૈવી શક્તિઓવાળા આત્માઓની આગળ દાનવી શક્તિઓવાળા ટકી શકતા નથી.

અનાદિકાળથી આત્માની સાથે દાનવશક્તિઓ રહેલી છે. દાનવશક્તિઓને જે જે અંશે જીતવામાં આવે છે અને આધ્યાત્મિક દૈવી જ્ઞાનાદિ શક્તિઓને જે જે અંશે પ્રગટાવવામાં આવે છે તે તે અંશે આત્મા જિન તથા જૈન બને છે અને તે અંશે જૈન-સામ્રાજ્ય પ્રાપ્ત કરી શકે છે. તે તે અંશે તે આધ્યાત્મિક ધર્મયોદ્ધા, અરિહંત, પ્રભુ બને છે. પૂર્ણ દૈવી શક્તિઓ પ્રાપ્ત કરવાવાળા આત્માઓ પરબ્રહ્મ બને છે. તેઓ જ પરિપૂર્ણ, સ્વતંત્ર, પરમાત્મા અને સિદ્ધો જાણવા.

જગત જડ અને ચેતન તત્ત્વ એ બેનું બનેલું છે. જેઓ જડ જગતમાં મોહ પામતા નથી, વિષયવાસનાની વૃત્તિઓને જીતે છે અને આત્માના શુદ્ધોપયોગમાં રહે છે તેઓની આગળ દાનવશક્તિઓનું જરા માત્ર જોર ચાલી શકતું નથી. જેઓ વિષયોમાં બંધાતા નથી, શરીરનાં રૂપ તથા અહંતા–મમતામાં બંધાતા નથી અને આત્મામાં જ અનંત સુખનો નિશ્ચય કરે છે તેઓને આ વિશ્વમાં કોઈ બાંધવા સમર્થ થતું નથી.

આધ્યાત્મિક દૈવી શક્તિઓનો પ્રકાશ એકદમ સર્વને એક ભવમાં થઈ શકતો નથી અને દાનવશક્તિઓનો એક ભવમાં એકદમ વિનાશ થતો નથી. મેં અનેક અવતારો વડે તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું છે. અનેક અવતારો લઈને જીવો આગળ ચડે છે. જેઓ શુદ્ધાત્મમહાવીરના સ્વરૂપને જાણે છે તેઓ મનમાં તેનું ધ્યાન ધરે છે અને જાપ પણ તેનો જપી નિર્વાણ પામે છે.

### મહાવીર પ્રભુનું સર્વત્ર સત્તાએ અસ્તિત્વ :

મારા પ્રિયાત્માઓ ! આ વિશ્વમાં તમો આગળને આગળ આત્મોન્નતિ પ્રકટ કરવાને માટે એકબીજાને પરસ્પર સહાય આપો. સર્વ જીવોની સાથે અભેદ અનંતદૃષ્ટિથી વર્તો. સર્વાત્માઓની વિરાટ સ્વરૂપસત્તારૂપ પરબ્રહ્મમહાવીર હું છું, એમ સર્વમાં સત્તાદૃષ્ટિથી

ભાવો અને વર્તો. એવી દૃષ્ટિમાં અને પ્રવૃત્તિમાં અનેક વિક્ષેપો, સંકટો, અંતરાયો, દુઃખો આવે તોપણ વિષમ ભાવ અને વિષમ પ્રવૃત્તિ નહીં ધારણ કરવાથી મનમાં રહેલા સર્વ કર્મવિક્ષેપો ટળી જશે અને આંતરદૃષ્ટિનું મહાવીરસામ્રાજ્ય પ્રગટ થશે.

જ્યાં આવા વિચારો અને પ્રવૃત્તિઓ છે ત્યાં મારું આવિર્ભાવે જ્ઞાનાદિ પર્યાયોનું અસ્તિત્વ છે. અજ્ઞાની, નાસ્તિકો, જડના પૂજકો પોતાનાં હૃદયોમાં મને ન દેખી શકે તો તેમાં તેઓના હૃદયની અશુદ્ધિ હેતુભૂત છે. તેથી હું કાંઈ નથી એમ નથી. જો તેઓ હૃદયની શુદ્ધિ કરે તો મલિન અરીસો શુદ્ધ થતાં જેમ તેમાં મુખ ભાસે છે તેમ મને દેખવાને અધિકારી બની શકે.

ભવ્ય લોકો ! તમે વાસનાઓને હઠાવી હૃદયની શુદ્ધિ કરો. સર્વ જીવો અને અજીવો પર સમભાવ ધારો અને સમભાવની ભાવનાને આચારમાં મૂકી બતાવો. એવું આધ્યાત્મિક સામાયિક કર્યા બાદ આધ્યાત્મિક પ્રાયશ્ચિત્ત અર્થાત્ પ્રતિક્રમણ કરી મારું ઉપશમભાવે, ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે તથા શુદ્ધ પારિણામિકભાવે અધ્યાત્મમહાવીરસ્વરૂપ અનુભવી શકશો અને અધ્યાત્મમહાવીરસ્વરૂપ સત્તા વિશ્વના સર્વ જીવોમાં એકસરખી અખંડ વ્યાપક અનુભવી શકશો. તમો અધ્યાત્મમહાવીરસત્તારૂપ મારા સ્વરૂપથી પોતાને અભિન્ન અને અનંતરૂપ અનુભવશો તો પછી તમારો નાશ કોઈ કરશે નહીં. કોઈનો પણ નાશ તમે કરશો નહીં. તમે વિશ્વરૂપ મને અંતરમાં અનુભવી શકશો.

ચૈતન્ય મહાસત્તારૂપ મને જે ધ્યાવે છે તે ભૂત પર્યાયોમાં અને વર્તમાન મન, વાણી, કાયા તથા જ્ઞાન પર્યાયોમાં નિર્લેપ રહે છે તેઓ દ્રવ્ય તથા પર્યાયોનું એકત્વ અનુભવી અને ભેદદૃષ્ટિને અભેદદૃષ્ટિમાં સમાવી આત્મમહાવીરની શુદ્ધતાને અનુભવે છે. નાત, જાત, લિંગ, દેહ, દેશ વગેરેના ભેદોના ખેદોને ભૂલી તમે સર્વ જીવોમાં આત્મસત્તાની એકતા અનુભવો. તેથી તમારાં હૃદય શુદ્ધ

થશે, સાત્ત્વિક ગુણો પ્રકટશે, આત્મા પરમ સર્વજ્ઞ થશે અને આત્માની સાથે લાગેલાં સર્વ કર્માવરણો દૂર થશે.

શરીરરૂપ વસ્ત્રોને સર્વ જીવો બદલે છે. તમો પણ શરીરરૂપ વસ્ત્રોને બદલીને આગળ જતાં અંશમાત્ર પણ ભય, સંકોચ, ગભરાટ ન પામો. તમારા હૃદયમાં મારું અસ્તિત્વ અનુભવો. મારી સાથે ભળવામાં વર્ણ, લિંગ નામ, રૂપાદિ ભેદો અવશ્ય દૂર કરો અને સર્વ જીવોની સાથે અભેદભાવે રહી મારી સાથે ભળો.

સત્ય બોધ :

કેટલાક મનુષ્યો નાસ્તિક બનીને પણ છેવટે મારું અસ્તિત્વ સ્વીકારવાના, કારણ કે જેઓ મારું નાસ્તિત્વ માને છે તે અસ્તિત્વનો સ્વીકાર કર્યા પછી માને છે. અસ્તિત્વ અને નાસ્તિત્વનું જ્ઞાન તે હું આત્મમહાવીર છું. આત્મા અને જ્ઞાન ભિન્ન નથી. તેથી તેઓ મારું ખંડન કરવા છતાં અનેક અવતારો ગ્રહીને પણ છેવટે આત્મ-મહાવીરને માને છે અને પામે છે.

સર્વ વિશ્વમાં ધર્મના ભેદોમાં ઉદારભાવ ધારણ કરો અને ધર્મના ખેદોને દૂર કરો. ધર્મ, દેવ અને ગુરુના ભેદે મનુષ્યોના રક્તની નદીઓ વહેવરાવો નહીં. દેશ, ખંડ, મનુષ્ય અને વર્ણના ભેદે અધર્મયુદ્ધો ન કરો. અન્યોને મારી તેઓનું સર્વ પચાવી પાડવાની બુદ્ધિને અને તેવાં દુષ્ટ કર્મોને પરિહરો. તમારી સત્તાના બળનો દુરુપયોગ કરી મનુષ્યોનું અન્યાયથી ખૂન ન કરો. લોભના પાશમાં પડી અધર્મ અને પાપ ન કરો.

તમારાં સર્વ વિચારો અને કર્મોને હું દેખું છું, માટે ગુપ્ત પાપકર્મ કરવાથી દૂર રહો.

ગુણોથી સર્વ પ્રકારે સર્વ લોકોની ચડતી થાય છે અને દુર્ગુણો-થી સર્વ જીવોની પડતી થાય છે. અન્યાય, અધર્મ અને દુષ્ટ વિચારોથી કદાપિ તમારું સારું થવાનું નથી અને થશે નહીં. બીજા-

ઓને છેતરતાં પહેલાં તમો છેતરાઓ છો તેનો ખ્યાલ કરી પશ્ચાત્તાપ કરી સન્માર્ગે વળો. આ ભવમાં અલ્પ સુખને માટે અન્યોનું બૂરું ન કરો. અન્ય જીવોના નાશથી તમે કદી સત્ય સુખ મેળવી શકવાના નથી. અન્ય મનુષ્યોને પોતાના તાબેદાર, ગુલામ, પરતંત્ર રાખવાથી તેનું ફળ તમારે તેવા પ્રકારનું ભોગવવાનું છે એમ જાણી તેવા પાપકર્મથી દૂર રહો. સત્તા, લક્ષ્મી કે બુદ્ધિના વૈભવથી અહંકારી બની આડા માર્ગે ન જાઓ. તેમ કરવાથી તમને ઊંઘમાં પણ શાંતિ મળશે નહીં.

તમારી ફરજો અદા કરો, પણ તેથી ફૂલો નહીં. આ ભવમાં જે દુઃખો પડે તે સહન કરો અને પરમાર્થ જીવન ગાળવામાં અહર્નિશ ખરા અંતઃકારણથી મચ્યા રહો. દુઃખ કે ભયથી અસત્યમાર્ગે ન જાઓ અને અસત્ય,પાપ કે અન્યાય કર્મો ન કરો. તમે અસત્ય સત્તાને તાબે થતા નહીં અને અસત્ય નીચ કર્મો કરતા નહીં. દેહ, લક્ષ્મી વગેરેનો બચાવ કરવાના લોભ કે મોહથી દુષ્ટ લોકોના તાબે થવા કરતાં શરીર, ધન વગેરેનો ત્યાગ કરો.

ગુણોની પ્રાપ્તિમાં મરો, પણ અવગુણોના માર્ગે ન જાઓ. તમારા આત્માઓના ઉન્નતિક્રમમાં વહન કરો, પરંતુ કોઇથી ભય પામી પાછા ન ફરો. દેહ, ભોગ કે વાસનાબુદ્ધિથી પાપમાર્ગમાં પ્રયાણ ન કરો. સંતો પર શ્રદ્ધા રાખો. જે તત્ત્વજ્ઞાનમાં તમે ઊંડા ઊતરીને ન સમજી શકો તેમાં મધ્યસ્થ રહો, પરંતુ પક્ષપાત ન કરો. સત્યની શોધ કરો, પણ અસત્યનો આગ્રહ કરો નહીં.

સર્વ મનુષ્યોની સાથે હળીમળીને રહો. મને અર્થાત્ પ્રભુને પામવાના અનેક માર્ગો છે. કોઈ માર્ગ આસન્ન (નજીકના) છે, તો કેટલાક દૂરના છે. સર્વ મનુષ્યોને સત્ય જ્ઞાન આપો, પણ સત્તાશક્તિથી પોતાનો કક્કો ખરો ન કરાવો. સત્યાનુભવ થયા વિના કોઈ આત્માનો ખરો વિકાસ થતો નથી. જડ વસ્તુઓના મોહીઓ મારા પ્રેમી નથી. મારા પ્રેમીઓ વિશ્વમાં સત્ય ભક્તો બને છે.

મારામાં હું-તું-તત્પણું સમાવીને આત્માની શુદ્ધબુદ્ધિથી જે કંઈ યોગ્ય લાગે તે કરો. સર્વ પૌદ્ગલિક પદાર્થો ક્ષણે ક્ષણે નવનવા પર્યાયોને પામે છે. સર્વ જડ પૌદ્ગલિક પદાર્થોમાંથી મોહ ઉતારી દો. તમારા પૌદ્ગલિક શરીરમાં મૂંઝાઓ નહીં. તેને સાધન તરીકે સમજીને વાપરો. શરીરના રંગમાં ન મૂંઝાઓ અને જેમાં સુખ નથી એવા જડ પદાર્થોમાં સુખ ન માનો પરમાર્થ કાર્યોમાં શરીરને વાપરો.

આત્મામાં સત્ય સુખ છે અને આત્મા અનંત વિશ્વનો શહેનશાહ છે. જડ દૃશ્ય પદાર્થોનો લોભ કરીને અન્યાય, હિંસા, જૂઠ, વિશ્વાસઘાત, ચોરી, વ્યભિચાર, ક્લેશ, પાપયુદ્ધ કરીને દુર્ગતિમાં ન પડો. શરીર, લક્ષ્મી, બુદ્ધિ, સત્તા, શક્તિ, કુટુંબ, રાજ્યાદિનો અહંકાર ન કરો. ગરીબમાં ગરીબ પ્રાણીને પણ અન્યાય, પાપથી દુઃખ દો નહીં.

તમારી જિહ્વાને અસત્ય, કટુતા, નિન્દા, તિરસ્કાર વગેરે પાપના માર્ગોમાં ન જવા દો. ખપ જેટલું બોલો. પ્રિય અને હિતકર એવું સત્ય બોલો. જિહ્વાનો વિષાગ્નિની પેઠે ઉપયોગ ન કરો. ગુરુદ્રોહાદિ વચનોથી દૂર રહો. ભલા માટે જિહ્વાનો ઉપયોગ કરો. ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, ભય વગેરે દુષ્ટ કષાયોને તાબે થઈને અસત્ય બોલો નહીં અને અસત્યને પ્રશંસો નહીં. દેહ, ઘર, કુટુંબ પર મોહ ધારણ કરીને અસત્યના માર્ગે ન જવું.

સત્યને ભય નથી. અસત્ય મૃત્યુ છે અને સત્ય જીવન છે. પ્રાણાદિકના નાશના ભયથી અસત્ય સ્વીકારો નહીં અને ભય કે વાસનાના બળે વ્યભિચારાદિમાં પ્રવૃત્તિ કરો નહીં. સત્ય યુદ્ધ કરો અને અસત્ય યુદ્ધથી દૂર રહો. અસત્યના તાબે ન થાઓ. અસત્યવાદી, કપટી, વિશ્વાસઘાતી અને દ્રોહીના તાબે ન થાઓ. દેહ, મન, વાણી અને આત્માને અન્ય નીચ દુષ્ટોના ગુલામ તરીકે ન વેચો.

અસત્ પુરુષોને માન આપો નહીં અને સત્પુરુષોને પગલે પગલે માન આપો. સંતોની સંગતિમાં સર્વ સ્થાવર અને જંગમ તીર્થો છે એમ માનો અને પ્રવર્તો. જૂઠી પ્રશંસા ન કરો. કોઇની કપટથી ખુશામત ન કરો અને પોતાની કોઈ જૂઠી ખુશામત કરે તો તેથી મોહ ન પામો.

કર્મોનું શુભાશુભપણું વિચારો, પણ આત્માઓને શુભાશુભરહિત નિર્દોષ દેખો. સર્વ સંસારી જીવો કર્માધીન છે. તે કર્મ પ્રમાણે અવતારો લીધા કરે છે અને શાતા અને અશાતા પામે છે. તેમાં અન્ય તો નિમિત્તમાત્ર છે એમ વિચારી અન્યો પર શત્રુભાવ ત્યજી દો. કર્મના યોગે શુભાશુભ પદાર્થોની કલ્પના થાય છે. કર્મ વિનાની આત્મબુદ્ધિથી દેખો, કે જેથી શુભાશુભ મનોવૃત્તિ ન રહે અને આત્મા સ્વયં સામાયિકરૂપ બને. આલસ્ય, નિંદા, નિદ્રાદિરૂપ તમોગુણની પ્રવૃત્તિથી દૂર રહો અને સત્ત્વગુણની પ્રવૃત્તિથી આત્મગુણની નિવૃત્તિ સાધો. પરમાર્થ જીવન ગાળો. હૃદયને શુદ્ધ કરો. મનમાં કોઈ જાતનો ખરાબ વિચાર ન કરો. સદ્વિચારો કરો.

જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી શરીરપોષણાદિ હેતુઓનું વિવેકથી અવલંબન કરવું જોઈએ. શરીરના નિર્વાહમાં સ્વતંત્ર રહેવું જોઈએ. શરીર અને આજીવિકાના નિર્વાહમાં કોઈની પ્રેમભાવ વિનાની સેવા ન સ્વીકારવી જોઈએ. દેશ, જન્મભૂમિ આદિનું રક્ષણ કરવું જોઈએ.

હજારો અજ્ઞાનીઓ કરતાં એક જ્ઞાનીની સલાહ પ્રમાણે વર્તવું. જ્ઞાનપૂર્વક કર્મો કરવાં. મગજનું સમતોલપણું જાળવીને બુદ્ધિ, યુક્તિ અને ખંતપૂર્વક કાર્યો કરવાં. દેશ, સમાજ, સંઘ, કુટુંબાદિમાં જેઓ જ્ઞાનાદિ ગુણોમાં શ્રેષ્ઠ હોય તેઓને આગેવાન નીમવા.

ગુણકર્માનુસારે વર્ણવિભાગ કરવો. ગુણકર્મ વિનાની વર્ણપરંપરા ચલાવવાથી વર્ણાદિકનો છેવટે નાશ થાય છે. સૈકે સૈકે વા

અબ્બે, ત્રણ ત્રણ સૈકે રાજ્ય, દેશ, કોમ, સંઘ, ધર્માદિકમાં માલિન્યાદિ દોષો પ્રગટ્યા હોય તેનો નાશ કરીને દેશ, સમાજ, સંઘ, રાજ્યાદિકની પ્રગતિ કરનારા દેશ, રાજ્ય, સંઘ અને ધર્મના વીરો મારી આજ્ઞા પ્રમાણે પ્રગટ્યા કરે છે. તેઓ મારા સત્ય બોધને વિચાર અને આચારમાં તાજો કરે છે. જે છે મનુષ્યો અને દેવો મારા ઉપદેશ-ને આચારમાં મૂકશે તેઓ આત્માનું અનંત જીવન અનુભવી શકશે.

સર્વ વિષયોમાં સમભાવ ધારણ કરીને જ્ઞાનયોગમાં પ્રવૃત્ત થાઓ. સર્વ શુભાશુભ દૃશ્ય જડ પદાર્થોમાં આસક્તિભાવ નહીં રહે ત્યારે જ્ઞાનયોગની પકવતા જાણવી.

સર્વ ક્ષણિક જડ પદાર્થોમાં વૈરાગ્ય અને સર્વ આત્માઓ પર પૂર્ણ પ્રેમ પ્રગટે ત્યારે ભક્તિયોગની પકવતા જાણવી.

સર્વ પ્રકારે સ્વાર્પણને આચારમાં મૂકી શકાય ત્યારે સેવા-યોગની પકવતા જાણવી.

નામરૂપાદિમાં અનાસક્તિભાવપૂર્વક સર્વ કર્તવ્યકાર્યો થાય ત્યારે કર્મયોગીની દશા પ્રાપ્ત થયેલી જાણવી.

દેહ–રૂપમાં મોહબુદ્ધિ જ્યાં સુધી પ્રગટે ત્યાં સુધી ગૃહસ્થોએ ઇન્દ્રિયના વિષયોમાં વૈરાગ્યભાવના દૃઢ કરવી. વિષયોમાં રાગ અને અરાગ ન થાય, વ્રત અને અવ્રતનો ભાવ ન રહે તથા મુક્તિ–સંસારમાં સમભાવ રહે અને સહજભાવે આત્મા આત્મસ્વભાવ પ્રમાણે વર્તે અને પ્રારબ્ધકર્મોને ભોગવે પણ તેમાં તટસ્થ અને નિર્લેપ-ભાવ વર્તે, ત્યારે જીવન્મુક્તમહાવીરદશાની પ્રાપ્તિ જાણવી.

દેવ–ગુરુ–ધર્મ પર, સર્વ જીવો પર આત્મીય પ્રેમ પ્રકટે ત્યારે પ્રેમભક્તિયોગની તથા સમ્યકત્વની પ્રાપ્તિ જાણવી.

મારા પર પ્રેમ વિશ્વાસ પ્રગટે ત્યારથી ભક્તદશા પ્રગટેલી જાણવી.

મારા પછી ભારતાદિ દેશોમાં ભક્તોની અને ભક્તિયોગની મુખ્યતાએ જૈનધર્મ પ્રગટશે.

સત્યને જાણો. સત્ય એ

જ મારું આધ્યાત્મિક રૂપ છે. અસત્‌થી પાછા ફરો અને સત્ તરફ વળો. અસત્‌માં મૂંઝાઓ નહીં. અજ્ઞાન એ જ અસત્ છે અને જ્ઞાન એ જ સત્ છે.

ઔપચારિક અસદ્‌ભૂત વ્યવહારમાં શૂન્યપણું માની પ્રવર્તો. દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, શુદ્ધ નૈશ્ચયિક સદ્‌ભૂતદૃષ્ટિથી દેખો અને અંતરમાં તે દૃષ્ટિની ભાવનાનો શુદ્ધોપયોગ ધારણ કરો. સંશ્લિષ્ટ અને અસંશ્લિષ્ટ સર્વ જડ ભાવોમાં તટસ્થ આત્મભાવે વર્તો. અનૌપચારિક સદ્‌ભૂત વ્યવહારથી આત્માને જ પરબ્રહ્મ એક સત્ય-રૂપે અનુભવો અને વ્યવહારમાં ઉપયોગથી પ્રવર્તો.

**જ્ઞાની અને અજ્ઞાની :**

જ્ઞાની મહાત્માઓના વચનથી હલાહલ વિષ પીવું અને જ્ઞાનીના વચન પ્રમાણે વર્તવું, પરંતુ અજ્ઞાનીના વચનથી અમૃત પણ પીવું નહીં.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જે પૂર્ણતયા જાણે છે તે જ્ઞાની છે અને જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સર્વ બાબતોનું સ્વરૂપ જાણતો નથી તે અજ્ઞાની છે.

જ્ઞાની મેરુપર્વત સમાન છે અને અજ્ઞાની સરસવ સમાન છે. જ્ઞાની જાગતો છે અને અજ્ઞાની ઊંઘતો છે.

જ્ઞાન વિનાની ભક્તિ તે જડભક્તિ છે. જ્ઞાનીઓની નિશ્રાએ અજ્ઞાનપણે કરેલી ભક્તિસેવા પણ મોક્ષ માટે બને છે. જ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાનીઓની સેવાભક્તિ કરવી. જ્ઞાની મહાત્માઓની સેવાભક્તિથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

દેશ, ખંડ, સમાજ, સંઘ, રાજ્ય, કુટુંબમાં જેટલી વિદ્યા અને જ્ઞાનની ખામી તેટલી ચડતીમાં ખામી હોય છે.

જ્ઞાન તે જ હું છું. જ્ઞાન તે જીવન છે અને અજ્ઞાન તે મૃત્યુ છે. જ્ઞાન પ્રકાશ છે અને અજ્ઞાન તમ છે. જ્ઞાન બળ છે અને અજ્ઞાન

નિર્બળતા છે. સર્વ યોગોમાં જ્ઞાન પ્રધાન છે. સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના અનેક પ્રકારના દોષો થાય છે. જ્ઞાન ગુણ છે અને અજ્ઞાન દોષ છે.

શારીરિક શક્તિવાળા અને લક્ષ્મી–સત્તા–રાજ્યાદિ ઐશ્વર્ય-વાળા ચક્રવર્તી કરતાં જંગલમાં ઝૂંપડીમાં રહેનાર એક જ્ઞાની અનંત-ગણો શ્રેષ્ઠ, પૂજ્ય અને સેવ્ય છે.

જે સમાજમાં અજ્ઞાન છે ત્યાં ક્લેશ–ભેદ છે. અજ્ઞાનીમાં ઋષિ, મુનિ, બ્રાહ્મણપણું હોતું નથી. જ્ઞાનીને તપ કે જપની જરૂર નથી. ગુરુની સેવાભક્તિથી અજ્ઞાનનાં આવરણ ટળે છે અને જ્ઞાનનો પ્રકાશ થાય છે.

દુનિયામાં જ્ઞાન તે જ અમૃત છે અને અજ્ઞાન તે જ વિષ છે. જ્ઞાન તે જ મહાસૂર્યરૂપ વિષ્ણુ છે. જ્ઞાન તે જ પ્રભુ છે.

જ્ઞાનીઓના સમાગમથી જ્ઞાન પ્રગટે છે. સંતોની સેવા–સંગતિથી જ્ઞાન પ્રગટે છે. જ્ઞાની આત્મા અનંતસાગરરૂપ છે. તેના હૃદયનો પાર પામી શકાતો નથી. જ્ઞાનીઓ સર્વ યોગમાર્ગોમાં અભેદ-પણું જાણે છે અને અજ્ઞાનીઓ ભેદ જાણે છે. જ્ઞાનીઓ દુરાગ્રહ અને ખરાબ રૂઢિયોનો ત્યાગ કરે છે, જ્યારે અજ્ઞાનીઓ અસત્ય, કદાગ્રહ અને રૂઢિઓને પકડીને છોડી શકતા નથી. અજ્ઞાનીઓની સંગતિથી ડગલે ડગલે દુઃખ છે અને જ્ઞાનીઓની સંગતિમાં પગલે પગલે સુખ છે.

જ્ઞાની જ સત્ય ગુરુ બની શકે છે, પણ અજ્ઞાની સત્ય ગુરુ બની શકતો નથી. જ્ઞાનીઓ શાસ્ત્રોમાં લખેલાં ભયસૂત્રો, યથાર્થસૂત્રો, ફલપ્રદર્શક સૂત્રો વગેરેને બરાબર સમજી શકે છે. તેમાં અજ્ઞાનીઓ મૂંઝાય છે. તેથી તેઓ પક્ષપાત, કદાગ્રહ, અન્યાય વગેરેનો ત્યાગ કરી શકતા નથી. જ્ઞાનીઓ જે ભોગો ભોગવે છે તે નિર્જરાના હેતુભૂત થાય છે.

જ્ઞાન સમાન કોઈ પવિત્ર વસ્તુ નથી. જ્ઞાનીઓનો વિનય કરવો. જ્ઞાની, યોગી, મહાત્માઓના હસ્ત અને ચરણના સ્પર્શથી અનેક પાપોનો નાશ થાય છે. જ્ઞાની મહાત્માઓનાં શરીર પવિત્ર બનેલાં હોય છે. તેથી તેઓની પાસે જતાં, તેઓને સ્પર્શતાં અને તેઓની દૃષ્ટિ પડતાં અજ્ઞાનીઓમાં પવિત્રતા પ્રગટે છે.

ભવ્યાત્માઓ! તમો જ્ઞાનીઓની સેવા કરો અને હૃદયની શુદ્ધિ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કરો.

**વીર બનો, વીર થાઓ:**

ભવ્યાત્માઓ! તમે વીર બનો. કાયર અને નામર્દ મનુષ્યોને સત્ય જીવનનો અધિકાર નથી. કુટુંબસેવામાં સર્વ શક્તિ ફોરવી વીર બનો. મા, બાપ, ગુરુની સેવા કરવામાં વીર બનો. સ્વાધિકારે કર્તવ્યકર્મો કરવામાં વીર બનો. દેશ, સંઘ, ધર્મની ચડતી કરવામાં વીર બની પ્રવર્તો. દેશવીર બનો. સમાજસુધારકવીર બનો. ધર્મવીર બનો. ગૃહસ્થવીર થાઓ. ત્યાગીવીર થાઓ. પંડિતમૃત્યુમાં વીર બનો. દાનવીર થાઓ. ભક્તવીર થાઓ. યુદ્ધવીર થાઓ. પુણ્યકર્મ કરવામાં વીર બનો. સાહસિક કાર્યો કરવામાં વીર થાઓ. સર્વસ્વાર્પણ કરવામાં વીર થાઓ.

કાયિક, વાચિક, માનસિક શક્તિઓ પ્રાપ્ત કરીને વીર બનો. ભૌતિક અને દૈવિક શક્તિઓ પ્રાપ્ત કરીને વીર થાઓ. દુષ્ટ પાપી શત્રુઓનો પરાજય કરી વીર બનો. ક્રોધ, માન, માયા, લોભાદિક કષાયોનો ક્ષયોપશમ કરી ક્ષયોપશમ વીર બનો. મોહપ્રકૃતિનો સર્વથા ક્ષય કરી ક્ષાયિક મહાવીર બનો. આત્મગુણો પ્રગટાવીને આત્મવીર બનો.

તમોગુણ અને રજોગુણની વૃત્તિઓને હટાવી અને સાત્ત્વિક વૃત્તિઓને પ્રકટાવી સાત્ત્વિક વીર બનો. ઔદયિક કર્મવીરતાનો પરાજય કરી આત્મિક વીરતાથી વીર બનો. અશુદ્ધ પારિણામિક વીરતાને શુદ્ધ પારિણામિક વીરતારૂપે પરિણમાવી શુદ્ધ જ્ઞાનાદિ પારિણામિક

વીર બનો. જડ વીરોના ઉપરી ચેતનવીર બનો. અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનવીર બનો. અભક્તિને હટાવી ભક્તિવીર બનો. અચારિત્રનો નાશ કરી ચારિત્રવીર બનો. આસક્તિને હટાવીને નિરાસક્ત કર્મયોગીવીર બનો. અષ્ટાંગયોગ સાધી મહાવીર બનો. સર્વ પ્રકારની કામાદિ વાસનાઓને હટાવી અધ્યાત્મમહાવીર બનો.

સેવાવીર બનો. ઉત્સાહવીર થાઓ. મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની વીર થાઓ. અવધિજ્ઞાની વીર થાઓ. મનઃપર્યવજ્ઞાની વીર થાઓ. કેવલજ્ઞાની મહાવીર થાઓ. વ્યવહારમાર્ગમાં વીર બની પ્રવર્તો અને નિશ્ચયમાર્ગમાં મહાવીર બની પ્રવર્તો. જીવવામાં અને મરવામાં મહાવીર બનો. અસત્‌થી પાછા હટી સદ્‌વીર બનો. શુદ્ધ પ્રેમથી પ્રેમવીર થાઓ. સરાગસંયમવીર થાઓ. વીતરાગ સંયમવીર થાઓ. પ્રતિજ્ઞાપાલક પ્રામાણિક વીર થાઓ. અશક્ય કાર્યો કરવામાં અને સત્યની પ્રાપ્તિ કરવામાં સર્વ દુઃખો પડે તે સહવામાં વીર થાઓ. ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવામાં વીર બનો.

તિરોભાવે સર્વ જીવો વીર છે. આવિર્ભાવે મહાવીર બનો. મારા ઉપદેશો સમજવામાં અને સ્વાધિકારે પ્રવર્તવામાં મહાવીર બનો. જે આત્માને મહાવીરરૂપ દેખે છે તે જ પરબ્રહ્મ મહાવીર બને છે. તમો સર્વે આત્માઓ સત્તાએ વીર છો. તમે શક્તિથી વીર બનો. વ્યવહારથી મહાવીર બનો. સર્વ પ્રકારની અશક્તિઓ ટાળો. મારા માર્ગે ચાલો અને મહાવીર બની અન્યોને મહાવીરપ્રભુરૂપે કરો.

રાગદ્વેષના સંકલ્પવિકલ્પને જીતીને જે રાગદ્વેષરહિત નિર્વિકલ્પજ્ઞાનનો આત્મામાં પ્રકાશ કરે છે તે પરબ્રહ્મ મહાવીર બને છે.

દેહથી સૂક્ષ્મ ઇન્દ્રિયો છે. બુદ્ધિ ઇન્દ્રિયોનો વિષયોની સાથે વ્યાપાર કરાવે છે. ઇન્દ્રિયો કરતાં રાગદ્વેષ સૂક્ષ્મ છે. તેના કરતાં મન સૂક્ષ્મ છે. મન કરતાં સૂક્ષ્મ બુદ્ધિ છે. બુદ્ધિ કરતાં જ્ઞાનાત્મા પુરુષ સૂક્ષ્મ છે અને જ્ઞાનાત્મામાં પૂર્ણાનન્દ પ્રકાશમાન થાય છે.

પૂર્ણાનન્દમય પરબ્રહ્મ તે જ હું મહાવીરદેવ છું. હું-તું આદિ વ્યવહાર મને બાધ કરી શકતો નથી.

ભૌતિક શક્તિઓવાળા વીરો કરતાં આધિદૈવિક શક્તિઓવાળા વીરો અનંતગુણ શ્રેષ્ઠ છે અને તેમના કરતાં આત્મિક શક્તિઓવાળા વીરો અનંતગુણ શ્રેષ્ઠ છે.

તમોગુણી અને રજોગુણી વીરો કરતાં સાત્ત્વિક વીરો અનંતગુણ શ્રેષ્ઠ છે.

અષ્ટ સિદ્ધિ અને નવ નિધિઓની શક્તિઓવાળા કરતાં જડ-ચેતનસંયોગી લબ્ધિઓવાળા શ્રેષ્ઠ છે અને તેમના કરતાં શુદ્ધ આત્મિક લબ્ધિઓવાળા અનંતગુણ શ્રેષ્ઠ છે.

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મ-લેશ્યા અને શુકલલેશ્યાવાળા વીરો અનુક્રમે ઉત્તરોત્તર અનંતગુણા શ્રેષ્ઠ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન એ ચાર ધ્યાનવાળા ઉત્તરોત્તર અનુક્રમે અનંતગુણ શ્રેષ્ઠ વીરો છે. ધર્મધ્યાની વીરો બનો. શુકલધ્યાની મહાવીર બનો. પાંચ સમિતિએ વીર બનો. કાયગુપ્તિથી વીર બનો, વચનગુપ્તિથી વીર બનો અને મનોગુપ્તિથી મહાવીર બનો.

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારાદિ પ્રકૃતિના સંબંધથી પેલી પાર પોતાનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ જાણી તેના પ્રકાશક સ્વયં મહાવીર બનો. સત્ત્વગુણી માયાના ઇશ બની પૌદ્ગલિક વસ્તુઓનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા-કરાવવારૂપ વીર થાઓ. સર્વ જડ અને દૃશ્ય દેહાદિ પદાર્થોમાં શુભાશુભભાવરહિત સામાયિક-મહાવીર બનો. દ્રવ્ય-ભાવરૂપ પ્રતિક્રમણ કરી સત્યવીર થાઓ. આત્મામાં સર્વ યજ્ઞો કરી યજ્ઞ-મહાવીર થાઓ. આત્મા વિના જડ વસ્તુઓની મોહ-મમતાનો ત્યાગ કરી અધ્યાત્મ ત્યાગીવીર બનો. સર્વ વાસનાઓના ત્યાગથી વાસનાત્યાગી મહાવીર બનો.

ઉત્તરોત્તર ગુણસ્થાનકવર્તી અને ગુણસ્થાનકાતીત મહાવીર બનો. સર્વ પ્રકારના મૃત્યુ સંબંધી ભયોનો ત્યાગ કરી નિર્ભય મહાવીર થાઓ. આકાશની પેઠે નિઃસંગ મહાવીર થાઓ. પૃથ્વીની પેઠે સર્વ સહનારા મહાવીર થાઓ. અગ્નિની પેઠે સર્વ મોહાદિ કર્મને બાળનારા જ્ઞાનાગ્નિ મહાવીર થાઓ. વાયુની પેઠે સર્વત્ર અપ્રતિબદ્ધ મહાવીર થાઓ. જળની પેઠે તૃષ્ણાદાહનાશક મહાવીર થાઓ.

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ યોગી–મહાવીર થાઓ. પરાશ્રય અને પરતંત્રતા દૂર કરીને સ્વતંત્ર અને સ્વાશ્રયી મહાવીર થાઓ. જેમ મત્સ્ય સમુદ્રમાં સર્વત્ર સંચરે છે પણ તે જળથી અપ્રતિહત રહે છે, તેમ સર્વ વિષયોમાં પ્રારબ્ધ ભોગાવલી કર્મથી મન–બુદ્ધિથી ફરવા છતાં અંતરથી અપ્રતિહત અવ્યાબાધ શક્તિવાળા વીર થાઓ. નિષ્કર્મ કર્મયોગી મહાવીર બનો. દાન, શિયલ, તપ, ભાવથી ઉત્તરોત્તર વિશુદ્ધ વીર થાઓ.

આત્મા તે વીર છે. તે શુદ્ધ બની પરમાત્મમહાવીર થાય છે.

આત્મા તે જ મહાવીર છે. તે નર નથી, નારી નથી અને નપુંસક નથી. તે જ હું છું અને તે જ તમે આત્માઓ છો. આત્મ-મહાવીર વર્ણ ગંધ, રસ, સ્પર્શ, શબ્દરહિત છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, મ્લેચ્છાદિ જાતિથી આત્મા ભિન્ન છે. આત્મમહાવીર હ્રસ્વ નથી, દીર્ઘ નથી, હલકો નથી, ભારે નથી, દશ્ય જડ નથી, ક્ષણિક વિનાશી નથી.

બ્રહ્મવીર શિવરૂપ, આનંદરૂપ અને જ્ઞાનરૂપ છે. સત્તાએ તે એક છે અને દ્રવ્યથી અનંત આત્મવીરો છે. પર્યાયદષ્ટિએ તે અનંત ગુણ–પર્યાયરૂપ છે, અજ છે. અનાદિ, અનંત, અખંડ, અવિનાશી, અવિભાજ્ય, નિરાકાર, અરૂપ, અનંત જ્યોતિરૂપ મહાવીર હું છું અને તમે પણ સત્તાએ તે સ્વરૂપે છો.

મધ્યમા કે વૈખરીથી મારું સ્વરૂપ વર્ણવી શકાય તેમ નથી.

હું અને તમો સત્તાએ એક છીએ. અનંત ધર્મ, દૃષ્ટિ અને યોગો વડે યોગી બનેલા વીરો પોતે પોતાને મહાવીર તરીકે અનુભવે છે. નિમિત્ત દૃષ્ટિએ આત્મમહાવીર પોતાનાથી ભિન્ન આલંબન–પુષ્ટાલંબન રૂપ છે અને ઉપાદાન દૃષ્ટિએ આત્મા સ્વયં મહાવીર છે.

મારામાં તમે પરબ્રહ્મ મહાવીરત્વ દેખો. અને અભેદમહાવીર રૂપ બનો. તમે પ્રકૃતિ અર્થાત્ કર્મસંયોગે સાકાર અને પ્રકૃતિ વિનાની દૃષ્ટિએ નિરાકાર મહાવીર છો. મનની દૃષ્ટિએ તમો સેવક છો અને આત્મદૃષ્ટિએ મહાવીર છો. આત્મામાં મન–બુદ્ધિનો લય કરતાં તમે મારાથી અભિન્ન એકરૂપ સત્તાએ છો. સાકારપરિણામે તમે દેહસૃષ્ટિના કર્તા, હર્તા, પાલક છો.

કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચના સમવાયથી દરેક કાર્ય બને છે, પણ એકેકથી કાર્યની સિદ્ધિ થતી નથી. અકર્તૃત્વ દૃષ્ટિએ આત્મા અકર્તા છે અને કર્તૃત્વદૃષ્ટિની અપેક્ષાએ આત્મા કર્તા છે. આત્મા છે. કર્મ છે. શુભાશુભકર્મનો કર્તા તથા ભોક્તા આત્મા છે. તે જ રીતે શુભાશુભકર્મનો હર્તા આત્મા છે. મોક્ષ છે અને મોક્ષના હેતુઓ છે. બાહ્ય દૃષ્ટિએ કર્મનો કર્તા આત્મા છે. આન્તરદૃષ્ટિએ કર્મનો હર્તા તથા જ્ઞાનાદિ ગુણોના આવિર્ભાવનો કર્તા આત્મા છે. વ્યવહારથી આત્મા પુદ્ગલ પર્યાયોની સાથે પરિણામી છે. અને શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ પુદ્ગલદ્રવ્યની સાથે આત્મા પરિણમતો નથી.

આત્મામાં પરિણમવું તે આત્મપ્રેમરાગ છે અને વિષયપદાર્થોમાં પરિણમવું તે જડપ્રેમપરિણમન છે. આત્મમહાવીરમાં પૂર્ણપ્રેમથી પરિણમીને જડ પદાર્થોના વ્યવહારમાં વર્તવું એ જ આત્મપરિણમન વીરદશા છે. આત્મમહાવીરમાં આત્મમહાવીરરૂપે પરિણમવું તે શુદ્ધ નૈશ્ચયિક પ્રેમ છે, શુદ્ધ નૈશ્ચયિક ભક્તિ છે.

સર્વ પ્રકારના અહંતા–મમતાના અધ્યાસો દૂર કરીને આત્મ-

વીરોને આત્મવીરો તરીકે દેખો અને જડ દેહ વગેરેને જડ દેહભાવે દેખો. ગુરુ (પ્રભુ) મહાવીરમાં પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા ધારણ કરો અને જડ જગતમાં રહો. જીવતા તથા જીવન્મુક્ત મહાવીરોને પૂજો, સેવો અને પોતે તેવા બનો. પુણ્ય–મહાવીર બનો, કર્મ–મહાવીર બનો, સંવર–મહાવીર બનો.

અગ્નિના ત્યાગમાત્રથી વા ક્રિયાઓના ત્યાગમાત્રથી યોગી-વીર બની શકાતું નથી. સર્વમાં રહો, પણ આસક્તિથી દૂર રહી કર્તવ્ય–કર્મવીર બનો.

જંગલી, દુષ્ટ, રાક્ષસ, અધર્મી, નાસ્તિક, જુલ્મી લોકોનું જોર હટાવવા માટે તેઓની શક્તિઓ કરતાં લાખો કરોડો ગણી વિશેષ શક્તિઓ મેળવીને ભૌતિક શક્તિવીર તથા અધ્યાત્મિક શક્તિવીર બનો. દુષ્ટ, અન્યાયી, જુલ્મી, હિંસક, મહાપાપીઓની સર્વ શક્તિઓને હટાવી શકાય એવી શક્તિઓને મેળવો અને વાપરો, કે જેથી મારી કાયાના વિલય પાછળ તમો વીર્યશાળી આર્ય જૈન રહી શકો.

તમો જીવન્મુક્ત બનો, તોપણ જૈનોની શક્તિઓ વધે એવાં શક્તિમંત કર્મો કરો અને જૈન સામ્રાજ્યની ઉન્નતિ કરવામાં વીર થાઓ. સર્વ પ્રકારની શક્તિઓથી ઉન્મત્ત, અહંકારી બની શક્તિઓનો જૈન કોમ અને સામ્રાજ્યનો નાશ થાય એવી બાબતમાં ઉપયોગ ન કરો. શક્તિઓથી છકી જઈને અન્યોનો નાશ ન કરો. શસ્ત્રાસ્ત્ર વડે ન્યાય્ય યુદ્ધમાં વીર બનો. ધર્મ્યયુદ્ધ કરવામાં દેહ અને પ્રાણના નાશનો ભય ન રાખો. જે જમાનામાં જેવી શક્તિઓથી જીવાય અને દેશ, સંઘ, ધર્માદિકનું રક્ષણ થાય એવી શક્તિઓને અલ્પદોષપૂર્વક બહુલાભની દૃષ્ટિએ મેળવી બાહ્યવીર તથા આત્મવીર બનો.

કર્મવીર જ ધર્મવીર બની શકે છે. દુષ્ટ, રાક્ષસ, શત્રુઓ, કે જેઓ જૈનો અને જૈનધર્મનો નાશ કરનારા હોય, તેઓના સામે

દેશકાળાનુસારે પ્રતિકાર કરવામાં ગૃહસ્થો અને ત્યાગીઓ જે જે શક્તિઓનો ઉપયોગ કરે તેમાં ધર્મ છે. અને તે વખતે એવી શક્તિઓ વાપરતાં જે ઉદાસીન બને છે તે દેશ, સમાજ, સંઘ, ધર્મનો શત્રુ બને છે. જૈનોની બાહ્યાંતર શક્તિઓ વધે એવા ઉપદેશક વીર બનો. મારા સદુપદેશનો પ્રચાર થાય એવાં સર્વ પ્રકારનાં કાર્યો કરવામાં વીર બનો. સર્વ પ્રકારના વીર બનો અને અંતરમાં સત્યપ્રેમવીર, વિશુદ્ધપ્રેમવીર બનો.

કામવાસનાના ગુલામ બનીને સર્વ શક્તિઓનો દુરુપયોગ ન કરો અને વીરપણાથી ભ્રષ્ટ ન બનો. જૈનસંઘ અને ધર્માદિ માટે જે જે કષાયોની શક્તિઓ વાપરવામાં ઉપયોગીપણું જણાય તેઓને તેમાં વાપરો. જૈનસંઘ અને ધર્મનો નાશ અટકાવવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભવિષ્યમાં જે જૈનો સર્વ પ્રકારની શક્તિઓનો ઉપયોગ કરશે તેઓને ધર્મવીર અને કર્મવીર જાણવા. તેઓને મૃત્યુ બાદ સ્વર્ગ–સામ્રાજ્યાદિક પ્રાપ્ત કરનારા જાણવા.

લેખકવીર બનો. ધર્મપ્રચારકવીર બનો. મૃત્યુથી ભય પામનાર વીર બનતો નથી. જૈન મહાસંઘમાં ફૂટફાટ થાય તેવા વિચારો અને પ્રવૃત્તિઓથી દૂર રહો અને જૈનમહાસંઘમાં સંપ રહે એમાં ગૃહસ્થોએ અને ત્યાગીઓએ વર્તવું. જૈનસંઘની સર્વ શક્તિઓનો સદુપયોગ કરવામાં વીર બનો અને સર્વ પ્રકારે વિશ્વ-વ્યાપક જૈનસંઘ અને સામ્રાજ્યમાં આત્મભોગી બનો. જે કાળે જેવા વીરની જરૂર પડે તેવા વીરો બનો.

ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવાસમાં પુરુષો અને સ્ત્રીઓ વીર બને અને પોતાની પાછળ વીરોને મૂકી જાય. બાળકોને વીર કરો. શિષ્યોને વીર કરો. વીરોને દયા કરવાનો અધિકાર છે. અશક્તોને દયા માગવાનો અધિકાર છે. અશક્ત બનાવે એવા નિર્બળ વિચારો અને નિર્બળ પ્રવૃત્તિઓ દૂર કરો. જેથી સંઘબળ તૂટે એવા કુસંપના વિચારોનો ત્યાગ કરો. આત્માની, મનની, વચનની અને કાયાની

નિર્બળતા કરનારા સર્વ વિચારો અને કર્મોથી દૂર રહો. મારી યાચના, પ્રાર્થના કરીને જેઓ બેસી રહે છે તેના કરતાં જેઓ સર્વ પ્રકારના વીર બનવાનો પુરુષાર્થ કરે છે તેઓ મારા સર્વથી મોટા ભક્તવીરો છે. વીરતા પ્રાપ્ત કરીને ભોગવિલાસ કે મોજશોખમાં પ્રમાદી ન બનો.

મારા પ્રિયાત્માઓ! તમે સર્વ પ્રકારના વીર બનવામાં પુરુષાર્થ કરો સર્વ લોકોને જૈનવીર બનાવવામાં અનેક ઉપસર્ગો, પરિષહો, સંકટો, વિપત્તિઓ સહન કરનારા વીર થાઓ. દુઃખથી ડરી ન જાઓ. દુષ્ટ, દુર્જન, પ્રતિપક્ષી, શત્રુઓ આળ ચડાવે, નિંદા કરે તેથી હિંમત ન હારો. તમો વીર બનવામાં નિંદકોની નિંદાના સામું ન જુઓ. વીર બનવાના માર્ગમાં કાંટા, ખાડા વગેરે જે જે હોય તેનો નાશ કરો. ક્ષમાવીર બનો. અન્યાયી, દુષ્ટ, જુલ્મી લોકોનો પરાજય કરો અને તેઓને જૈનધર્મનું શિક્ષણ આપો.

જૈનોનું, જૈનધર્મનું અને મારું ખંડન કરનારાઓને વાદીવીર બની હટાવો. જૈનધર્મના પ્રતિપક્ષીઓના તર્કોને સત્યતર્કવીર બની હટાવો. જૈન ધાર્મિક શાસ્ત્રોનું ખંડન કરનારાં પ્રતિપક્ષીશાસ્ત્રોમાં રહેલી અસત્યતાને હટાવો. જૈનધર્મ સેવતાં સેવતાં મરો, પણ અન્યધર્મ, કે જે ધર્મથી દુર્ગતિમાં જવાય છે, તેમાં એક ક્ષણમાત્ર પણ રહો નહીં. અન્ય ધર્મીઓને અનીતિથી સતાવો નહીં. દુષ્ટ શત્રુઓથી ઠગાઓ નહીં. જૈનોની સર્વ પ્રકારની વીરતા પ્રગટે એવા સદુપદેશો આપો. અનુક્રમે બાહ્યાંતર વીરપદ પ્રાપ્ત થાય છે, માટે અનુક્રમે શક્તિઓને પ્રગટાવો.

ગૃહસ્થાશ્રમમાં સર્વ પ્રકારે ગૃહસ્થવીર બનો અને ત્યાગાશ્રમમાં સર્વ પ્રકારે ત્યાગીવીર બનો. સુખના માટે સર્વ દુઃખોના નાશકારક વીર બનો. સર્વ લોકોને ઉપકાર કરનારા વીર બનો. ત્યાગી સંતોની સેવા કરનારા જૈનવીર બનો. મારા માટે સર્વસ્વાર્પણ કરનારા વીર બનો. અસંખ્ય યોગો પૈકી જે જે યોગમાં રસ પડે

તે તે યોગના યોગીવીર બનો. સાધકવીર બનો. સાધ્યસિદ્ધવીર બનો. ષટ્કારક શુદ્ધિકારક વીર જૈન બનો. સર્વ પ્રકારના રોગોનો નાશ કરનારા વૈદ્યવીર બનો. ગૃહસ્થ–ત્યાગી ગુરુવીર બનો. ગરીબ-અનાથ અશક્ત–રક્ષકવીર બનો. જે કાળે જેવા વીરોની જરૂર હોય તેવા વીરો બનો.

મૃત્યુબોધ :

ભવ્યાત્માઓ ! મૃત્યુ સંબંધી બોધ શ્રવણ કરો.

ત્યાગીઓ આત્માના ઉપયોગમાં રહી મૃત્યુ પામી મુક્ત બને છે. જે ત્યાગીઓ મૃત્યુ વખતે મારું શરણ સ્વીકારે છે અને મારામાં ચિત્ત રાખે છે તેઓ મારું નિર્વાણ અર્થાત્ મોક્ષપદ પામે છે. જે બ્રાહ્મણો મૃત્યુ વખતે મારું સ્મરણ કે ધ્યાન કરે છે અને મનમાં નિર્લેપભાવે વર્તે છે તેઓ મુક્ત બને છે. જે બ્રાહ્મણો શુભેચ્છાપૂર્વક મારું શરણ સ્વીકારી મરે છે કે દેહ છોડે છે તેઓ સ્વર્ગ કે મનુષ્યભવ પામે છે.

જે ક્ષત્રિયો યુદ્ધમાં મરે છે તેઓ સ્વર્ગનું સુખ પામે છે. ધર્મયુદ્ધમાં પ્રાણ હોમનારાઓ મૃત્યુ વખતે મારું નામસ્મરણ કરતાં કરતાં સ્વર્ગમાં જાય છે. જેઓ યુદ્ધમાંથી પાછા ફરી મરે છે તેઓ વીર યોદ્ધાઓના જેવું ઉત્તમ સ્વર્ગ પ્રાપ્ત કરી શકતા નથી.

વૈશ્યો મરણકાળે મારું નામસ્મરણ કરીને તથા મારામાં ચિત્ત રાખી અને અન્ય વિષયોમાંથી ચિત્ત હઠાવીને મોક્ષ-સ્વર્ગાદિકને પામે છે.

શૂદ્રો મરણકાળે મારામાં ચિત્ત રાખીને, મારું સ્વરૂપ સ્મરણ કરતાં કરતાં સ્વર્ગ કે મનુષ્યભવથી લઈ સિદ્ધિપદને પણ પામે છે.

મૃત્યુકાળે જેઓનું ચિત્ત મારામાં છે તેઓનો પ્રાણ પોતાના શરીરમાંથી ગમે ત્યાંથી જાય તો તેથી તેઓ મોક્ષપદને તથા સ્વર્ગાદિ પદને પામે છે.

ગમે તે ઋતુમાં, ગમે તે માસમાં, ગમે તે સ્થાનમાં, ગમે તે દેશમાં, ગમે તેવી અવસ્થાઓમાં, મૃત્યુ પામનારાઓ જો સર્વ શુભાશુભ પરિણામવાસનાથી સર્વથા મુક્ત થયા હોય છે તો તેઓ મુક્તાત્માઓ બને છે. અનંતાં પાપકર્મો કર્યાં હોય તોપણ જેઓ આત્મજ્ઞાન પામે છે તેઓ બે ઘડીમાં સર્વ શુભાશુભકર્મનો ક્ષય કરીને મુક્ત થાય છે. મૃત્યુકાળે ગમે તેવાં દુઃખો પડે તોપણ મારો ભક્ત જ્ઞાની મારા ઉપયોગમાં રહીને સર્વ કર્મથી રહિત થઈ મુક્ત બને છે.

મૃત્યુ વખતે જીવોના મનમાં જેવા વિષયો વગેરેનો રાગ હોય છે તેઓ તેવી ગતિમાં જાય છે. મારો બોધ સમજનારા જ્ઞાનીઓ જ્યાં મરે છે ત્યાં તીર્થ છે. જેઓ જેવા ભાવથી દેહ–પ્રાણને છોડે છે તેઓ મૃત્યુ બાદ તેવા ભાવને પામે છે. જેઓ મૃત્યુ વખતે સર્વ પ્રકારની શુભાશુભ ઇચ્છાઓનો નાશ કરીને મારું સ્વરૂપ ઇચ્છે છે તેઓ પરમાત્મપદ પામે છે અથવા પરમાત્મપદ પમાય એવા અવતારોને પામે છે. જેઓ મોહની સાથે ધર્મયુદ્ધ કરતાં કરતાં મરે છે તેઓ મોહનો પૂર્ણ નાશ થાય એવી દશાના મનુષ્યયોગીઓ થાય છે.

શુભ પરિણામેથી શુભ અવતાર અને અશુભ પરિણામથી મરતાં અશુભ જન્મ ધારણ કરે છે. જેઓ તમોગુણી વૃત્તિથી મરે છે તે નીચ અવતારો ધારણ કરે છે અને નરક કે તિર્યંચ ગતિમાં જન્મો લે છે. જેઓ રજોગુણવૃત્તિમાં મરે છે તેઓ તિર્યંચ કે મનુષ્યભવના અવતાર ગ્રહણ કરે છે. જેઓ સત્ત્વગુણાત્મક કર્મ કરતાં મરે છે તેઓ મનુષ્યાવતારમાં ઉત્તમ થાય છે અને ઉત્તમ સ્વર્ગોને પામે છે.

જેઓ ત્રિગુણાત્મિકા બુદ્ધિથી રહિત થઈ શુદ્ધોપયોગે મરે છે તેઓ મુક્ત પરમાત્મવીર થાય છે.

મૃત્યુના સ્વરૂપનો બોધ :

સૂર્યોદય થતાં ગમે તેટલું વિશ્વમાં વ્યાપી રહેલું અંધકાર ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે, તેમ મારું જ્ઞાન પ્રાપ્ત કરનારા મનુષ્યો અનંત ભવનાં શુભાશુભ કર્મોનો એક ક્ષણમાત્રમાં નાશ કરે છે.

આત્મજ્ઞાનીઓને કર્મનો લેપ લાગતો નથી. આત્મજ્ઞાનીઓને મૃત્યુકાલે કોઈ સંસારમાં બાંધી રાખવા સમર્થ થતું નથી. આત્મજ્ઞાનીઓ શરીરના જન્મ પશ્ચાત્ સમ્યગ્જ્ઞાનથી મુક્ત જન્મે છે માટે તે દ્વિજ છે. એવા દ્વિજોને મોહના ભાવે પુનઃ દેહજન્મથી અવતરવું પડતું નથી. આત્મજ્ઞાનીઓ જળમાં, અગ્નિમાં દેહને છોડે છે તોપણ તેઓ મુક્ત જ બને છે. જેઓ આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન કે મારા શુદ્ધાત્મસ્વરૂપના જ્ઞાનને પામે છે તેઓ દ્વિજો છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર એ ચારે વર્ણના મનુષ્યો મારામાં ચિત્ત રાખીને મારા નામનું સ્મરણ કરી, સર્વ પાપનો પશ્ચાત્તાપ કરી, મૃત્યુકાળે મારું શરણ સ્વીકારી, પવિત્ર બની, સ્વર્ગ કે સિદ્ધિપદને પામે છે અથવા ઉત્તમ મનુષ્યાવતારને પામે છે. જેઓને ભોગો ભોગવવાની ઇચ્છાઓ રહી હોય તેઓ તેવા અવતારો પામે છે.

દેહમાં સુખ ભોગવાની ઇચ્છા, નામરૂપની અહંતા, મમતા, દેહભોગની પૂજા, દેહની જ ફક્ત સુખાર્થે સેવા આદિ વૃત્તિ કે કર્મો જેનામાં છે તે ગમે તે જાતનો મનુષ્ય હોય તોપણ તે શૂદ્ર છે. એવી શૂદ્રતા જેનામાં હોય છે તે સ્વર્ગ અને મુક્તિના સામ્રાજ્યનો અધિકારી બનતો નથી. મરણ વખતે જેવા પ્રકારની મતિ હોય છે તેવી ગતિ થાય છે.

અઘોર કર્મ કરનારાઓ પણ મૃત્યુકાળે મારું શરણ અંગીકાર કરી, પશ્ચાત્તાપ કરી રાગદ્વેષ રહિત થઈ, પરબ્રહ્મને પામે છે.

જડમાં રાગદ્વેષની વૃત્તિ ધરનારા મૃત્યુકાળ પછી જડની સાથે સંબંધિત થાય છે.

જેઓ મારામાં પૂર્ણપ્રેમી બને છે તેઓ મૃત્યુકાળે અકાળ બને છે. સર્વ પ્રકારની વાસનાઓથી જેઓ રહિત બને છે તેઓને કાળ એટલે કે યમનો અંશમાત્ર ભય રહેતો નથી. જેઓ મરણકાળે રોગાદિકથી બાહ્યમાં અવ્યવસ્થિત કે અસ્વસ્થ જણાતા હોય છે પરંતુ મારામાં અંતરથી પૂર્ણપ્રેમભાવે વર્તતા હોય છે તેઓ સ્વર્ગને પામે છે. જેઓ પરમાર્થ માટે મરે છે તેઓ મને પામે છે. સર્વ પ્રકારના જ્ઞાનાદિક વીરો મારું શરણુ કરીને ઉત્તરોત્તર ઉત્તમ મહાવીર, સિદ્ધ, બુદ્ધ બને છે. જેઓને મારા વિના અન્ય કશું પ્રિય લાગતું નથી તેઓ મારું પદ પામે છે.

જેઓ દુર્ધ્યાનમાં કે અશુભ લેશ્યામાં પ્રાણ છોડે છે તેઓ અશુભ ગતિમાં અવતાર પામે છે. જેઓ શુભ ધ્યાન કે શુભ લેશ્યામાં રહી દેહને છોડે છે તેઓ શુભ ગતિના અવતારોને પામે છે. જેઓ શુદ્ધાત્મમહાવીર શુદ્ધોપયોગે વર્તે છે અને શુભાશુભ ધ્યાન–લેશ્યા-રહિત બને છે તેઓ પૂર્ણમુક્ત બને છે.

**મૃત્યુજ્ઞાન :**

બંધની અપેક્ષાએ મુક્તિ છે. શુદ્ધાત્મોપયોગમાં બંધ અને મુક્તિ બન્ને નથી. અનુપચરિતસદ્ભૂતદૃષ્ટિ બંધ નથી, મોક્ષ નથી તેમ જ જન્મ–મૃત્યુ પણ નથી. આત્માઓ જન્મતા નથી અને મરતા નથી, એમ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિએ જાણો. પ્રાણનો દેહની સાથે વિયોગ તે મૃત્યુ છે. જ્ઞાનીઓ મૃત્યુ વખતે શોક પામતા નથી.

કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ કારણથી વિશ્વની ઉત્પતિ અને લય તથા જન્મ–મરણ થયાં કરે છે.

આત્માનો દેહ નથી, પ્રાણ નથી. આત્મા નિત્ય છે અને દેહ–પ્રાણ–કર્મો તો અનિત્ય છે. તેથી દેહાદિનો નાશ થતાં–મૃત્યુ થતાં આત્મજ્ઞાનીઓ શોક કરતા નથી. શરીર, પ્રાણ વગેરેનું મૃત્યુ થાય છે તે ઉન્નતિક્રમમાં હેતુભૂત માનીને આત્મજ્ઞાનીઓ શોક

ચિંતા, ભય વગેરેનો વિચારમાત્ર પણ કરતા નથી.

શરીર અને પ્રાણ હોય તો હર્ષ અને તેના વિયોગરૂપ મૃત્યુમાં શોક કરવો એ અજ્ઞાન છે. આત્મજ્ઞાની વીરો જન્મ–મૃત્યુમાં સમભાવે વર્તે છે. જેઓ નાસ્તિકો છે તેઓ દેહવિનાશથી શોક કરે છે. મારા ઐકાંતિક ભક્તો મારું સ્મરણ કરી જન્મ–મૃત્યુમાં આત્માનંદમાં વર્તે છે.

બાહ્ય નિમિત્તોમાં ધર્માધર્મ કે વ્રતાવ્રતાદિ વૃત્તિ જેઓની નથી, જેઓ સર્વ સંકલ્પ–વિકલ્પ–ઇચ્છારૂપ બંધથી વિરામ પામ્યા છે તેઓ શરીરમાં રહેવા છતાં મુક્ત છે. મુક્ત થવા માટે સર્વ પ્રકારની હઠવૃત્તિ કે હઠયોગ વગેરેની ઉપયોગિતા નથી. મુક્ત થવાનો સંકલ્પ પણ બંધનરૂપ છે, એમ જાણી સહેજે જેઓ મારા ઉપયોગ-માં વર્તે છે તેઓ મૃત્યુ પછી સાહજિક મુક્તિને પામે છે.

આત્મા જ મુક્તરૂપ છે. સવિકલ્પ-નિર્વિકલ્પ આદિ મુક્તિઓ છે. જેઓ મારા માટે મરે છે, મારા ભક્તોના માટે મરે છે અને મારો ધર્મ પ્રચારવા ખાતર જેઓ મરે છે તેઓ અવશ્ય સ્વર્ગના સામ્રાજ્યને પામે છે. જેઓ મારામાં ચિત્ત રાખે છે તેઓ પ્રાણ-વિયોગરૂપ મૃત્યુ પામવાં છતાં પણ અમર છે. જેઓ મારા ઉપદેશમાં શ્રદ્ધા રાખે છે તેઓને બાહ્યથી રોગાદિકની વેદના છતાં અંતરમાં દુઃખ થતું નથી. મારા ભક્તો મૃત્યુ વખતે દુઃખ પામ્યા બાદ પછીથી દુઃખો પામી શકતા નથી. મારા ભક્તો મૃત્યુ વખતે ગમે તેવાં દુઃખો વેદતા હોય છે, સન્નિપાત વગેરેથી ગાંડપણ પામ્યા હોય છે, મનની વિકલતા પામ્યા હોય છે, તોપણ તેઓ આત્મામાં ઠેઠ ઊંડું મારું સ્મરણ પામે છે અને મારો સાક્ષાત્કાર કરી મૃત્યુ પછી સત્ય સુખ પામે છે.

મારા ભક્તવીરો મનથી ગાંડા કદાપિ બને છે, પરંતુ આત્મામાં તે મૃત્યુ વખતે જાગ્રત હોય છે—એવો નિયમ જેઓ જાણે છે તેઓ મારા સર્વ ભક્તો, ગમે તેવા સંયોગોમાં મરણ પામે તોપણ, અવગતિ કે અપગતિને પામતા નથી. મારા કેટલાક ભક્તોની મૃત્યુ

વખતની અશુભ ચેષ્ટાઓ પણ તેઓનાં કર્મોની નિર્જરા માટે હોય છે. માટે મરણ પામનાર તથા અન્યોએ શોક અને ભયની ચિંતા ત્યજી અને મારું શરણ અંગીકાર કરી પૂર્ણાનન્દમય સમભાવથી મૃત્યુ વખતે રહેવું.

ઉપદેશ પ્રમાણે વર્તો :

જેને જન્મ છે તેને મરણ છે. જન્મ પામીને જેઓ જન્મની સાર્થકતા કરે છે તેઓનો જન્મ સફળ છે. વારંવાર ઉત્તમોત્તમ મનુષ્યજન્મ મળતો નથી. મારી આજ્ઞા પ્રમાણે વર્તો. પાપકર્મ કરવાથી પાછા હટો. કોઈના પર કલંક ન મૂકો. કોઈની ચાડી-ચૂગલી ન ખાઓ. કોઈની પાસેથી લાંચ લો નહીં. કોઈની મશ્કરી કરો નહીં.

મારું નામ ભજવાની સાથે જેઓ મારા કહ્યા પ્રમાણે પ્રામાણિકતાથી પ્રવર્તે છે અને અન્યાય્ય વિષયલોભોથી લલચાતા નથી તેઓ ત્યાગમાર્ગ પર આવે છે.

ભવ્યાત્માઓ! કોઈ પર જુલમ ગુજારો નહીં. ગરીબોને ધિક્કારો નહીં. કોઈના આત્માને ભય કે ધાસ્તીમાં નાંખો નહીં. રૂપના મોહથી કદાપિ સુખી થવાની તમે આશા રાખશો નહીં. જેઓ અન્યને ગુલામ, પાપી, નીચ ગણી ધિક્કારે છે તેઓ પોતે નીચ, ગુલામ બને છે. વર્તમાનમાં તમે જેવી મનોવૃત્તિવાળા છો તેવા ભવિષ્યમાં દેહોત્સર્ગ બાદ બનશો.

પરમેશ્વર પર વિશ્વાસ રાખો. મારામાં જેઓ પરમેશ્વરપણું માનતા નથી અને જેઓ સર્વ જીવોનાં હૃદયોમાં મને સત્તાએ દેખતા નથી તેઓ દયા, સત્ય, ભ્રાતૃભાવ આદિ સદ્ગુણોનો આવિર્ભાવ કરી શકતા નથી. દેહરૂપમાં મૂંઝાઈને ગુણની મહત્તાથી ભ્રષ્ટ ન થાઓ. વિષયભોગોને અનંત ભવોમાં અનંતીવાર ભોગવવાથી કદી કોઈને લેશમાત્ર સુખશાંતિ થઈ નથી, થતી નથી અને થશે નહીં.

વિષયસુખમાં વિષબુદ્ધિ થયા વિના સત્ય સુખ મળવાનું નથી. માટે હે ભવ્યાત્માઓ ! વિષયભોગોમાં મૂંઝાઓ નહીં. કોઈનું દિલ દુખવે નહીં. સત્તા, લક્ષ્મી, વિદ્યા, શરીર, બળ વગેરેનું જરામાત્ર અભિમાન ન કરો. નિર્દોષ જીવન ગાળો. વિશ્વાસઘાત કરી વિશ્વાસીઓનું બૂરું કરતાં પહેલાં શરીરનો અને સ્વાર્થનો મોહ ઉતારી મારું ધ્યાન ધરો. પાપ કરવાના વિચારને એકદમ આચારમાં ન મૂકો. જેવાં કર્મ તે પ્રમાણે જીવો ઊંચનીચ અવતારો લીધા કરે છે. ઇન્દ્રાદિકની પદવીથી હર્ષ કે અહંકાર ન કરો અને કીટકના અવતારથી શોક ધારણ ન કરો. બાહ્ય સાંસારિક લાભમાં કે અલાભમાં, સુખમાં કે દુઃખમાં, જીવનમાં કે મરણમાં, સ્તુતિમાં કે નિન્દામાં, આરોગ્યમાં કે અનારોગ્યમાં સમભાવે વર્તો.

બાહ્ય દુનિયામાં ગમે તેવા સંજોગોમાં મને ભૂલો નહીં અને મારા ઉપદેશ પ્રમાણે વર્તવામાં આખી દુનિયાના ચક્રવર્તીઓ અને ઇન્દ્રો વગેરે દુઃખ આપે તોપણ સહન કરો, પરંતુ સત્ય ચારિત્રથી વિમુખ ન બનો. ઇન્દ્રાદિકો પણ પોતાની સત્તા અને શક્તિનો દુરુપયોગ કરે છે, તો તેઓને પણ મારી આજ્ઞા પ્રમાણે અશુભ કર્મના વિપાકો ભોગવવા પડે છે. મારા શુદ્ધાત્મપદ કરતાં જેઓ વિષયોના રાગી છે તેઓ સત્યજ્ઞાની નથી.

હિતશિક્ષા :

જેઓ મારા નામથી, મારા ધર્મના વિશ્વાસથી લોકોને છેતરે છે તેઓને દુઃખરાશિ ભોગવવારૂપ શિક્ષા મળે છે. જેઓ મારા નામના સમ ખાઈને લોકોનો વિશ્વાસઘાત કરે છે તેઓ રોઈ રોઈને નરકાદિ ગતિનાં દુઃખો ભોગવે છે. જેઓ મારું નામ ભજીને તેનો દુરુપયોગ કરી લોકોની હિંસા, પાયમાલી, જુલ્મ કરે છે તેઓ દુર્ગતિ પામે છે. જેઓ શરણે આવેલાઓનો ઘાત કરે છે અને મારી ભક્તિને લક્ષ્મી આદિ માટે વેચી નાખે છે તેઓ મહાદુઃખ પામે છે. જેઓ સ્વાર્થ, ભય, વિષયસુખ, ભ્રષ્ટબુદ્ધિ વગેરેને વશ થઈને

મારી ભક્તિથી વિમુખ બને છે અને અસત્ય માર્ગે જાય છે તેઓ મોહના ગુલામ બની ભયંકર દુઃખ પામે છે.

જેઓ એકવાર જૂઠું બોલે છે કે કરે છે તેઓ લીંટમાં લપટાયેલી માખીની પેઠે પાપમાં પડયા કરે છે. અસત્ય બોલીને જેઓ સત્યને છુપાવે છે તેઓ કોટિમુખવાળા વિનિપાતને પામે છે.

ભવ્યાત્માઓ ! તમે સત્ય વચન રાખો. અસત્યથી દૂર થાઓ. કોઈપણ લાલચથી પાપના માર્ગમાં ન જાઓ. દુષ્ટ પાપી લોકોની સંગતિ ન કરો. કોઈના બૂરામાં ઊભા ન રહો. કામ-મૈથુનભોગથી વિરામ પામો. નિર્દંભપણે વર્તો. જેટલું કરો તેટલું કહો. તમે જેટલું સારું કરી શકો તેટલા તમે સારા છો. મારાથી કોઈ કાર્ય છાનું રહેનાર નથી. કોઈ ન દેખે ત્યાં હું દેખું છું, માટે ગુપ્ત પાપ ન કરો. કોઈ પણ ગુપ્ત કર્મો મારાથી એક ક્ષણમાત્ર પણ કોઈ છાનું રાખવા સમર્થ નથી.

જ્ઞાનીઓની, ભક્તોની, સંતોની, યોગીઓની સેવા કરો. જ્ઞાન પામવા તેમને અનેક પ્રશ્નો કરો. સત્ય તે મારું માનો અને અસત્યનો પક્ષપાત ન કરો. કોઈના પાપપક્ષમાં ઊભા ન રહો. જે બાબતમાં તમે સત્યનો નિશ્ચય ન કરી શકતા હો તે બાબતમાં મધ્યસ્થ રહો.

પરસ્પર એકબીજાને મળતાં એકબીજાને મારા નામના જય-ઘોષપૂર્વક માન આપો. સલાહ માગનારને યોગ્ય સહાય આપો. માન, કીર્તિ, પ્રતિષ્ઠા કરતાં મારા ઉપદેશ પ્રમાણે વર્તવામાં ખાસ લક્ષ રાખો.

પરભવમાં જતાં ધર્મ જ શરણરૂપ છે. જગતનું ચક્ર ક્રમ પ્રમાણે ચાલ્યા કરે છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમથી જડ–ચેતનાત્મક જગતનું યંત્ર ચાલ્યા કરે છે. દેહ–પ્રાણ છોડવાની પૂર્વે ત્રીજી જ્ઞાનદૃષ્ટિ ખોલો. કોઈના પર એકદમ સાચો કે ખોટો અભિપ્રાય ન બાંધો. જ્યારે ભૂલો ત્યારે પશ્ચાત્તાપ કરો. કોઈ પર અન્યાય થયો તો તેની પાસેથી માફી માગો. અપરાધીઓ પર દયા

કરો અને તેમને સુધરવાની તક આપો. સારા થાઓ એટલે તમો બીજાઓને સારા કરી શકશો.

કર્મવિવેક :

ધન, સત્તા, રૂપ અને વિષયના મોહથી પરસ્પર યોજેલો સંબંધ સુખશાંતિ આપી શકતો નથી. ધન, સત્તા, રૂપની આસક્તિથી ઉત્તરોત્તર દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે. કર્મથી યોજાયેલા સંબંધોમાં હર્ષશોકથી મુક્ત રહો. ગુફામાં, નિર્જનસ્થાનમાં પણ પૂર્વભવનાં કર્મો ઉદયમાં આવીને જીવોને સુખદુઃખરૂપ ફળ આપે છે. પુરુષાર્થ કે બુદ્ધિબળને હટાવીને પૂર્વભવનાં કર્મો ઉદયમાં આવી અઘટિત ઘટનાઓને ઊભી કરે છે.

દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ એમ તડકા–છાયાની પેઠે કર્મની લીલાનું ચક્ર ફર્યા કરે છે. ચકડોલની પેઠે જીવોને કર્મ ઊંચનીચ દશામાં ફેરવ્યા કરે છે. શુભ કર્મોદયથી કોઈ સુખી થાય છે અને કોઈ અશુભ કર્મોદયથી દુઃખી થાય છે. મનુષ્યો કંઈ ચિંતવે છે અને કર્મો કંઈ કરે છે. શુભાશુભ કર્મના ઉદયોને જેઓ સમભાવે ભોગવે છે તેઓ જ્ઞાની છે. શુભ કર્મના ઉદયથી કીર્તિ મળે છે અને અશુભ કર્મના ઉદયથી અપકીર્તિ થાય છે.

વિશ્વમાં અનંતી વખત દેહો અને નામો બદલતો આત્મા હાલ જે દેહ અને નામને ધારણ કરે છે તે દેહ, રૂપ અને નામ પણ થોડા વખત માટે છે. માટે ભવ્યાત્માઓ! કર્મની ઘંટીમાં દાણાની પેઠે કાળ (યમરાજા) જીવોને દળ્યા કરે છે તેમાં તમે દળાઈ ન જાઓ. કીર્તિ અને અપકીર્તિ તો પુદ્ગલપર્યાય છે. તેનાથી તમો ભિન્ન છો. માટે અનંત જીવનમય આત્માને ભૂલી નામરૂપની કીર્તિમાં આસક્ત ન થાઓ. કર્મનો ઉદય ભોગવ્યા વિના કોઈનો છૂટકો નથી. દેહાધ્યાસથી તમો સત્યધર્મ કરવામાં મોહ ન પામો. એક નાની સરખી ઝૂંપડીમાં જ્ઞાની મનુષ્ય જેટલાં શાંતિ અને સુખ ભોગવી શકે છે તેટલાં શાન્તિ અને સુખ ચક્રવર્તી પણ અજ્ઞાની

એવા ભૌતિકવાદીને મળવાનાં નથી. પતિની સેવા કરનારી પત્ની જેમ શાંતિને પામી શકે છે તેમ શુદ્ધાત્મમહાવીરસ્વરૂપમાં લય પામનારી મનોવૃત્તિઓ શાંતિ પામી શકે છે.

કર્મકૃત અવસ્થામાં સમભાવે રહો અને કર્મનો નાશ કરવામાં આત્મપુરુષાર્થ ફોરવો. પૂર્વકૃત કર્મ ભોગવો અને મોહ વડે નવીન કર્મ ન બંધાય એવો જ્ઞાનોપયોગ ધારણ કરો. વર્તમાન સમયનાં સર્વે કર્મો કે ભૂત કર્મોને પૂર્વકૃત કર્મો જાણો. ભૂતકાળમાં કરેલાં અશુભ કે શુભ કર્મોમાં સમભાવે વર્તો. વર્તમાનમાં નિષ્કામભાવે કર્મો કરો. કર્મના શુભાશુભોદયમાં આત્મા પોતે જ મિત્ર કે શત્રુ છે, તેમાં અન્ય તો નિમિત્તમાત્ર છે. માટે અન્ય જીવો પર હર્ષ કે દ્વેષ ધારણ કરવો એ યોગ્ય નથી. જેઓ કર્મવિપાકમાં પોતાને ગરીબ કે હીન માનતા નથી અને આત્મભાવે વર્તે છે તેઓ સત્ય જૈનો છે.

કર્મનું સ્વરૂપ :

ચોરાશી લાખ જીવયોનિઓમાં રહેલા સર્વ જીવો કર્મથી પરતંત્ર છે. યદ્યપિ આત્મા અનંત શક્તિઓનો સ્વામી છે, તોપણ કર્મના સંબંધથી આત્માની શક્તિઓ પર આવરણ આવવાથી આત્મા પોતાની પરમેશ્વરતા અનુભવી શકતો નથી. અંધકારનો નાશ કંઈ શસ્ત્રથી થતો નથી; પ્રકાશથી અંધકારનો એક ક્ષણમાં નાશ થાય છે. તેમ આત્મજ્ઞાનથી મોહાદિકર્મનો સહેજે નાશ થાય છે.

જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં કર્મનો નાશ કરે છે. કર્મો ક્ષયશીલ હોવાથી જ્યારે ત્યારે તેમનો નાશ થાય છે અને આત્મા નિર્મલ પ્રકાશે છે. જેટલા શુભાશુભ કર્મપર્યાયો છે તેમાં આત્માનું શુભાશુભત્વ માનવું એ અજ્ઞાન છે. અને કર્મના સર્વ શુભાશુભ પર્યાયોમાં આત્માનું શુભાશુભત્વ નહીં માનવું અને આત્માનંદ ઉપયોગે વર્તવું એ જ સત્ય જ્ઞાન છે. એ જ મુક્ત સ્વતંત્ર આત્મા છે. દેહ-કર્મના સર્વ પર્યાયોમાં કર્તાહર્તાપણું ન માનવું અને આત્માની શુદ્ધ પર્યાયોમાં આત્માનું કર્તાહર્તાપણું માનવું એ જ જ્ઞાનીની જ્ઞાન દશા છે.

કર્મના શુભાશુભ ભાવમાં જેઓ આત્માનો આરોપ કરતા નથી અને આત્મશુદ્ધોપયોગે વર્તીને જેઓ જીવન ગાળે છે તેઓને કર્મમાં અપ્રતિબદ્ધ, સ્વતંત્ર અને જ્ઞાની જાણવા. જેઓ કર્મને કર્મસ્વરૂપે, આત્માને આત્મરૂપે જાણે છે અને બન્નેને એક કરી જાણતા નથી તેઓ સત્ય જૈનો છે. જેઓ કર્મનું સ્વરૂપ જાણીને આત્મોપયોગથી વર્તે છે અને કર્મની ભાવપ્રકૃતિના અસદ્વિચારોને દૂર કરીને અશુભ મનને ગુપ્ત કરે છે અને ત્યાર પછી શુભ મનને ગુપ્ત કરે છે તેઓને યોગી, સંયમી, ત્યાગી, મુનિ, મહાત્માઓ જાણવા. જ્ઞાનીઓ શુભાશુભ પ્રવૃત્તિઓમાં શુભાશુભ મોહાદિ કર્મથી અબંધ રહે છે.

જ્ઞાન અને પુરુષાર્થથી મનુષ્યભવમાં સર્વ કર્મનો નાશ થાય છે. સદોષી આત્મા બે ઘડીમાં આત્મશુદ્ધોપયોગથી નિર્દોષી બને છે. શુભાશુભ પ્રારબ્ધકર્મ ભોગવવામાં આત્મા અપેક્ષાએ પરતંત્ર છે, પણ શુભાશુભ નિકાચિત પ્રારબ્ધકર્મ ભોગવતી વખતે નવીન મોહાદિ કર્મો નહીં બાંધવામાં આત્મોપયોગથી આત્મા સ્વતંત્ર છે. ક્રિયમાણ અને સંચિત સત્તાકર્મનો નાશ કરવામાં જ્ઞાની આત્મા સ્વતંત્ર છે.

મારી પેઠે પૂર્વકાળમાં થયેલા અનંત ઋષીશ્વરો, તીર્થંકરો પણ કર્મના સંબંધમાં એમ ઉપદેશ આપે છે. અશુભ કર્મોની જેમ શુભ કર્મોમાં જેને કંઈ સુખબુદ્ધિ જણાતી નથી અને જેને આત્મ-મહાવીરમાં સુખબુદ્ધિ અનુભવાય છે તે કર્મનો અરિ બની અરિહંત બને છે.

વિષયમાં સુખબુદ્ધિથી જેઓ લાલચુ, વિષયદાસ બને છે તેઓ જ્ઞાનીવીર નથી. જેઓ બાહ્ય વિષયમાં સુખ માને છે તેઓ અરિહંત બની શકતા નથી. આત્મશક્તિમાં અને આત્મસુખમાં જેઓને વિશ્વાસ છે તેઓ જડસુખવાદી લોકોથી કદાપિ પરાજય પામતા નથી અને પરતંત્ર થતા નથી. આત્મજ્ઞાનીઓ જડ વિષયોમાં રહેવા છતાં મોહા-સક્ત થતા નથી અને સ્વાત્માને વીર કરી શકે છે.

**કર્મમાં અકર્મદૃષ્ટિથી વર્તો :**

ભવ્યાત્માઓ ! આત્મજ્ઞાનની પરોક્ષદશામાં અર્થાત્ છદ્મસ્થ-દશામાં કર્મનો ઉદય માની શુભ કાર્યો કરવામાં પ્રમાદી ન બનો. ગમે તેવાં કર્મો પુરુષાર્થથી ટળે છે. સર્વથા પ્રકારે પુરુષાર્થ કરતાં કર્મનું જોર ન હટે ત્યારે નિકાચિત કર્મનો ઉદય જાણી સમભાવે વેદો.

અજ્ઞાનદશામાં કરેલાં કર્મોનો જ્ઞાનદશામાં નાશ થાય છે. સર્વ જીવો કર્માધીન છે. તેથી તેઓના વિચાર અને આચારોમાં ભિન્નતા તથા દોષો હોય તેમાં કંઈ આશ્ચર્ય નથી.

મહાત્માઓ પોતાની કૃપા આદિથી જીવોનાં કર્મોમાં ફેર-ફાર કરી શકે છે. ઉત્તમ જ્ઞાનીઓની સંગતિથી અનેક સદ્‌ગુણો પ્રકટે છે અને આત્મામાં ધનાદિનો અહંકાર ન ઉત્પન્ન થાય એવી શક્તિ પ્રકાશે છે. પૂર્વકાળનાં કર્મોને વેદવામાં મારા ભક્તોએ દીનતા દેખાડવી નહીં.

પ્રિયાત્માઓ ! અશુભ કર્મોના ઉદયને ઉત્સવ સમાન માની વેદો. કર્મ અને તેના હેતુઓમાં પોતાને અકર્મરૂપ અનુભવો. કર્મ-બંધનના સર્વ હેતુઓમાં આત્મમહાવીરના ઉપયોગે રહી વર્તો, જેથી કર્મબંધનના હેતુઓ જ તમને નિર્જરા માટે થશે. જ્ઞાનીઓ પંચેન્દ્રિયના વિષયભોગોને ભોગવવા છતાં ઉદયમાં આવેલાં અને સત્તામાં રહેલાં કર્મોની નિર્જરા કરે છે અને નવીન કર્મ બાંધતાં નથી. તેથી તેઓ અલ્પકાળમાં સર્વ કર્મથી મુક્ત થઈ શકે છે.

જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓમાં ફેર એટલો છે કે જ્ઞાનીઓ જ્યારે કર્મભોગ વગેરેમાં નિરાસક્ત અને નિર્લેપ રહે છે ત્યારે અજ્ઞાનીઓ બાહ્ય વિષયોમાં આસક્ત રહે છે. જ્ઞાની વૈરાગ્યના બળથી સર્વ પૌદ્‌ગલિક પર્યાયોના સંબંધમાં નિર્લેપ રહે છે.

આત્મજ્ઞાનની શક્તિ અનંત છે. તેની આગળ જડ કર્મની શી શક્તિ છે કે તે આત્માને લાગી શકે? આસક્તિ વિના પ્રવૃત્તિ

કરો. આત્મામાં આસક્તિ વિના કોઇ કર્મ એકદમ લાગી શકતું નથી. પરિણામે બંધ, ઉપયોગધર્મ અને રાગદ્વેષપૂર્વક ક્રિયાઓ કરવામાં આવે તો કર્મ લાગે છે. મારા ભક્તો મારી કૃપાથી યદિ કર્મ ગ્રહે છે તો તેઓ આત્મોન્નતિ થાય એવાં શુભ કર્મો ગ્રહે છે અને અશુભ કર્મોની નિર્જરા કરે છે. જે જે વિષયો કર્મબંધના હેતુરૂપે પરિણમે છે તે તે વિષયો જ્યારે આત્મવીરભાવ પ્રગટ થાય છે ત્યારે ઊલટા આત્માની શુદ્ધિમાં પરિણમે છે અને આત્માની શુદ્ધતામાં કોઇ જાતનું વિઘ્ન કરવા સમર્થ થતા નથી.

આત્મરૂપ વીરેશ્વર કર્મનો કર્તા તથા કર્મ ભોગવવામાં ન્યાય્ય કર્તા તથા કર્મનો હર્તા બને છે. વિષયોમાં જેને શુભાશુભ વૃત્તિઓ પ્રગટતી નથી તેને તે તે વિષયો કોઈ પણ રીતે બંધનકર્તા થતા નથી. સર્પની દાઢ કાઢી લીધા બાદ દાઢમાં રહેલું વિષ ટળી જાય છે, તેથી પશ્ચાત્ સર્પ કંઈ ઝેર ચઢાવવા સમર્થ થતો નથી. તેમ વિષયોમાં જે શુભાશુભ આસક્તિ છે તે કર્મ છે અને તે ટળતાં પશ્ચાત્ કોઈ જડ પરમાણુ આત્માને લાગી શકતો નથી. અને કોઈ પણ કર્મ કરતાં શુભાશુભ કર્મ બંધાતું નથી. આત્મમહાવીરને જે સમ્યગ્દષ્ટિએ દેખી કામાદિ વાસનાઓને કચરી નાખે છે તેને વાસનાનો શત્રુ જાણવો.

અશુભ ઇચ્છાઓને હટાવો. મન પર આત્માનો કાબૂ મૂકો. દરરોજ મૈથુન આદિ ઇચ્છાઓને હટાવો. મૈથુન અને કામાદિ વાસનાઓને હટાવ્યા વિના બહારના વિષયોના ત્યાગથી કંઈ શુદ્ધાત્મવીર બની શકવાના નથી.

### કર્મ ભણી અકર્મરૂપ થાઓ :

જેમાં જેમાં આસક્તિ થાય તેથી દૂર રહેવા માટે તેનો ત્યાગ કરવાથી કરોડો ભવોમાં કરોડો વર્ષે પણ આસક્તિનો નાશ થતો નથી. તે તે પદાર્થો પામતાં કે દેખાતાં કરોડો ભવે પણ મનમાં આસક્તિ થાય છે. તેથી ખરી રીતે આસક્તિરૂપ કર્મનો

નાશ કરવો હોય તો જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિના પરિણામે પરિણમવાની જરૂર છે.

વિશ્વના સર્વ પદાર્થો, ભોગ્ય શરીરો તથા ધનાદિક વસ્તુઓ ચારે બાજુથી લલચાવવા એકદમ હાજર થાય તોપણ તેમાં જેને શુભાશુભ કામના કે આસક્તિ ન થાય એવી રીતે જે આત્મામાં પરિણમીને બાહ્ય ભોગોને ભોગવે છે અને કર્મો કરે છે તે જીવન્મુક્ત વીરો છે. પદાર્થોમાં જ્યાં સુધી કામ્યબુદ્ધિ છે ત્યાં સુધી એકાંત વનમાં, જંગલમાં કે પહાડોમાં જાઓ તો પણ સત્ય શાંતિ અને સુખ પ્રાપ્ત થવાનાં નથી. કામ્ય પદાર્થો બંધન કરતા નથી, પણ કામ્ય પરિણામથી બંધાવાનું થાય છે.

સ્ત્રીઓ અને પુરુષો મૈથુનાદિ કામવાસનાઓ જીતી શકતાં નથી ત્યાં સુધી તેઓ નપુંસક છે. રૂપમોહ અને ધનમોહમાં ફસાયેલા આત્માઓ પ્રજા, સંઘ, દેશ, રાજ્ય, ધર્મ, કુટુંબ, ઘર અને પોતાનો નાશ કરે છે. હદ બહારની આશા અને તૃષ્ણાઓને વશ થયેલા આત્માઓ સ્વપ્નમાં પણ સુખ મેળવવા શક્તિમાન થતા નથી. દેશામાં, ખંડોમાં, રાજ્યોમાં, કોમોમાં, કુટુંબમાં, ઘરમાં હદ બહારની આશા અને તૃષ્ણાઓને ધારણ કરનારાઓ પોતે અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે અને અન્યોને અનેક પ્રકારનાં દુઃખોમાં યોજે છે.

જેઓ કર્મનું સ્વરૂપ જાણીને આત્મોપયોગથી વર્તે છે અને સર્વાત્માઓને શુદ્ધાત્મમહાવીરભાવે દેખે છે તેઓ મારી આંખે દેખનારા છે અને મોહાદિ કર્મની દૃષ્ટિથી દૂર રહેનારા છે. મારા ઉપદેશ પ્રમાણે કર્મ ન બંધાય એવી રીતે સર્વાવસ્થામાં વર્તો. આકાશની પેઠે સર્વ સંયોગી છતાં સર્વથી નિઃસંગ માની પ્રવર્તો. ભૂલો ત્યાંથી પાછા ફરો. મોહીઓના ફંદામાં ફસાઓ નહીં.

અજ્ઞાનીઓ સ્થૂલ દૃષ્ટિથી દેખનારા છે, માટે તેઓની સલાહ પ્રમાણે ન વર્તો અને તેઓના મતાભિપ્રાયમાં કે તેમની વાહવાહમાં

ન મૂંઝાઓ. નઠારા લોકો સારા કહે તેના કરતાં જ્ઞાની લોકો સારા કહે તેના પર વિશેષ લક્ષ રાખો. જેઓ મોહાદિ કર્મોમાં અકર્મરૂપ રહીને બાહ્ય કર્મોને સ્વાધિકારે કરે છે તેઓને કર્મજ્ઞભક્તો જાણવા. શાતા અને અશાતામાં સમભાવે વર્તો. કર્મના ઔદયિક ભાવોમાં નિઃસંગ રહો.

**આત્મજ્ઞાનથી કર્મ કરો અને કર્મથી અબંધ રહો :**

કર્મનું યથાર્થ સ્વરૂપ જેઓએ અનુભવ્યું છે એવા આત્મજ્ઞાની જૈનો રાજ્ય, વ્યાપાર, વિદ્યાદિ સર્વ બાબતોના આગેવાનો હોય છે તો તેથી વિશ્વમાં સર્વત્ર સર્વ પ્રકારની ઉન્નતિ થાય છે અને શાંતિ વર્તે છે. અજ્ઞાની નાસ્તિકોને સર્વ બાબતોમાં આગેવાનો થવા ન દો.

આ વિશ્વમાં અજ્ઞાની મૂઢોના સમાન કોઈ દેશ, સંઘ, સમાજ, કુટુંબાદિના દુશ્મનો નથી. કર્મનું સ્વરૂપ જાણીને જેઓ સેવા કરવામાં અને દેશાદિકની આગેવાની કરવામાં ભાગ લેતાં બીએ છે તેઓને દેશાદિકની પડતી કરનારા સ્વાર્થી ભયવાળા જાણવા. તેવા લોકો સત્ય મહાવીરપદ પામવા માટે વીર થઈ શકતા નથી.

આખી દુનિયાના જીવોને કર્મ લાગ્યાં છે તેની ચિન્તા ન કરો. પોતે નિષ્કામ બની કર્મ કરો. આત્મજ્ઞાનનો બોધ આપવા સમાન કોઈ મહાન ઉપકાર નથી. સર્વ પ્રકારના ઉપકારોને એક ત્રાજવામાં મૂકવામાં આવે અને બીજા ત્રાજવામાં જૈનધર્મનો બોધ આપીને મનુષ્યોને જૈન બનાવ્યાનો ઉપકારધર્મ મૂકવામાં આવે, તો તે સર્વ કરતાં અનંતગણો ચઢી જાય છે.

સર્વ પ્રકારનાં કર્મોનો નાશ જૈનો કરે છે. જૈનો વિશ્વમાં સર્વ જંગમ તીર્થોમાં મેરુસમાન ઉચ્ચ તીર્થ છે. કર્મનું સ્વરૂપ જેવું હું વર્ણવું છું અને ત્યાગી બન્યા પછી ચતુર્વિધ સંઘ સ્થાપી વર્ણવીશ તેવું કોઈએ વર્ણવ્યું નથી અને વર્ણવનાર નથી.

કર્મનો નાશ કરવા માટે આત્મદૃષ્ટિના ઉપયોગથી વર્તો. સર્વ જીવોની જુદી જુદી અવસ્થા જાણવા માટે કર્મદૃષ્ટિનો ઉપયોગ કઈ વર્તો. શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ કર્મનો કર્તાહર્તા આત્મા નથી. કર્મના કર્તાહર્તા ન થવું હોય અને બંધ-મોક્ષની કલ્પનાથી ભિન્ન શુદ્ધ બ્રહ્મવીરભાવમાં રહેવું હોય તો આત્માના શુદ્ધોપયોગે રહો અને કર્મપ્રકૃતિમાં જડત્વ વિના અન્યભાવનો ઉપયોગ ન મૂકો. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મને પ્રકૃતિરૂપ જાણી પ્રકૃતિમાં અહંત્વ-મમત્વભાવ ન રાખો. મનને પ્રકૃતિરૂપ જાણી તેમાં શુદ્ધાત્મવીરભાવ ન માનો.

પ્રકૃતિ જડ કર્મરૂપ છે. તે આત્માની ઉત્તરોત્તર વિશુદ્ધિમાં હેતુભૂત છે. જ્ઞાનીઓને કર્મપ્રકૃતિ છે તે આત્મોન્નતિમાં ઉન્નતિના હેતુભૂત જણાય છે. કર્મસ્વરૂપ જાણનારા આત્મજ્ઞાનીઓ સર્વ પ્રવૃત્તિઓમાં નિર્દોષ રહે છે. આત્મધ્યાનમાં કર્મનો ઉપયોગ ન હો. સર્વ કર્મ કરતી વખતે આત્મોપયોગથી વર્તો.

પુણ્ય-પાપ કર્મ :

જે જે રીતે અન્ય જીવોને જીવો પીડા કરે છે તે તે રીતે તે પોતે પીડા પામે છે. પાપકર્મનાં ફળ અનેક દુઃખો છે; પુણ્યકર્મનાં ફળ અનેક સુખો છે. પાપકર્મ કરતાં પહેલાં મારો ઉપદેશ યાદ રાખો. અંતરાત્મવીરની હૃદયમાં સ્ફુરણા-પ્રેરણા થાય છે તે તરફ જુઓ અને પાપકર્મથી પાછા હઠો. પુણ્યકર્મનો વ્યવહાર શરીર હોય ત્યાં સુધી જીવન્મુક્તદશામાં કર્યા કરો. પવિત્ર દિલ અને પવિત્ર વર્તન રાખો. જેવું વાવશો તેવું લણશો. જેવું વાવશો તેવું ઊગશે. જેવા તમે હશો તેવું પ્રતિબિંબ પડશે. નઠારામાંથી સારા થવું હોય તો મારા પર વિશ્વાસ રાખી સત્કર્મો કરો.

જેઓ સત્કર્મ કરે છે તેઓને દેખી હું ખુશ થાઉં છું. ગમે તેટલું વાંચો, ભણો, ગાઓ, લખો, વિદ્વાન થાઓ, યંત્ર-મંત્ર-તંત્ર શીખો, પરંતુ તમારું પવિત્ર દિલ અને પવિત્ર વર્તન થયા

વિના હું ખુશ થતો નથી. આત્માઓ એકદમ પવિત્ર ન બની શકે એવાં તેઓને કર્મ લાગ્યાં છે, છતાં જેઓ ખરા અન્તઃકરણથી કષાયો જીતવા પુરુષાર્થ કરે છે અને વારંવાર ચડ્યાપડી કરે છે તેઓને હું સહાય આપું છું તથા મારી આજ્ઞાથી મારા ભક્ત દેવો તેઓને સહાય કરે છે. ઘટાટોપ દંભ કરતાં તમો સાદા પવિત્ર હૃદયથી મારી પાસે જલદી આવશો. ધન, સત્તા, કુટુંબ વગેરે લઈને અથવા તેની મૂર્છા રાખીને કોઈ મારી પાસે આવી શકતું નથી.

વૈર વગેરેનો બદલો વાળવામાં પાપ વધે છે. તેમાં આત્મશક્તિઓનો વ્યય થાય છે. વૈરી શત્રુઓ પર શુદ્ધ પ્રેમ અને ક્ષમાભાવ રાખવાથી આત્મવીરનો અનંતગણો પ્રકાશ તમો કરી શકો છો. માટે વૈરનો બદલો શુદ્ધ પ્રેમ અને પરમાર્થ જીવનથી વાળો.

જે ધન, સત્તા વગેરેથી માત્ર મહાન છે તેને મહાન ન માનો, પણ આત્મગુણોથી જેઓ મહાન છે તેઓને મહાન માનો અને એવા મહાન વીર બનો. પાપીઓને કરોડો ઉપાયે ધર્મીઓ બનાવો. તેઓનાં હૃદયોને પવિત્ર બનાવો. તેમાં થોડાઘણા અંશે વિજય પામશો તો તેથી તમો સંસારસમુદ્ર તરી જશો.

જે ગુણ તમારામાં હોય તે બીજાઓને શીખવો. સાધુઓ, ત્યાગીઓ, મુનિઓ અને ઋષિઓને મહાતીર્થરૂપ અને મહાવીરના ભક્ત જાણી તેઓની પાસેથી સદુપદેશ ગ્રહણ કરો. ગમે તેવા સંબંધે પણ કોઈના બૂરામાં ઊભા ન રહો અને તમારા આત્મબળથી મનમાં રહેલા કામાદિ પશુબળ પર વિજય મેળવો.

માનસિક વાસના–વિકારો એ જ પશુઓ છે. તેનો આત્મજ્ઞાનાગ્નિમાં હોમ કરો. મનમાં કામ–કષાયો જીવતા છે ત્યાં સુધી મહાવીરપ્રભુરૂપ મને દેખી શકશો નહીં. પાપના માર્ગોથી પાછા ફરો અને પુણ્યમાર્ગમાં ગમન કરો. પુણ્યબળે ઉત્તમ મનુષ્યગતિ વગેરે પામી તમો આગળ ચઢો. જ્યાં ફક્ત શુદ્ધાત્મવીરજ્યોતિ છે તે રૂપ પોતાને અનુભવો.

તીર્થસેવા :

જંગમ અને સ્થાવર તીર્થોને મારી પ્રાપ્તિ માટે સેવો. જેનાથી દુઃખ, અજ્ઞાન, મોહ વગેરેને તરી શકાય તે તીર્થ છે. પવિત્ર નદી, પર્વત, સાગર, સરોવર, બાગ વગેરે જ્યાં મહાત્માઓ, યોગીઓ વસતા હોય તે તે સ્થાનોને સ્થાવર તીર્થ જાણો. પવિત્ર તીર્થ-સ્થાનોમાં શુદ્ધાત્મવીરનું જ્ઞાન કરો, ધ્યાન કરો, શુદ્ધાત્મમહાવીરનો જાપ જપો. પવિત્ર ગંગા, સિંધુ, નર્મદા, સરસ્વતી, બ્રહ્મપુત્રા, તાપી, મહી, સાબરમતી, શત્રુંજયી, કાવેરી, ગોદાવરી વગેરે નદી-ઓનાં કાંઠા પર રહી મારું ધ્યાન ધરો. વિધિપૂર્વક નદીમાં સ્નાન કરી, પ્રાણાયામ કરી મારું ધ્યાન ધરો. પવિત્ર તીર્થસ્થાનોમાં રહેલા જંગમ તીર્થરૂપ ત્યાગી, મુનિ, સાધુ, યોગી, સંયતિ વગેરે પાસે જૈનધર્મનું જ્ઞાન મેળવી પવિત્ર બનો.

સ્થાવર તીર્થો પોતે તારવા સમર્થ નથી, પણ સ્થાવર તીર્થોમાં રહેલા મહાત્માઓની સેવા તારવા સમર્થ બને છે. પવિત્ર સ્થાવર તીર્થ કરતાં જંગમ તીર્થો અનંતગુણા ઉપકારી છે.

મારા ત્યાગીઓ મારું નામ જપતાં તથા મારું ધ્યાન ધરતાં જે જે સ્થાનોમાં રહે છે અને જ્યાં મરે છે તે સ્થાનોમાં વાસ કરવાથી મારા ગુણોને ભક્તો પામે છે.

મારા ત્યાગી મહાત્માઓ તિબેટની ઉત્તરે અને મહાચીનની પશ્ચિમે આવેલા પર્વતોમાં, શ્વેતદ્વીપમાં, હિમાલય, વિંધ્યાચલ, આબુ વગેરે પર્વતોમાં, શત્રુંજય, સમેતશિખર, તારંગા, ગિરનાર, કાશ્મીર વગેરે પર્વતોમાં મારું ધ્યાન ધરે છે અને કંદમૂળ, પત્ર, વનસ્પતિ, અનાજ વગેરેથી કાયાનું પોષણ કરે છે. મારા પર પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધાવાળા યોગીઓ કૈલાસ પર વસે છે.

કૈલાસ પર રહેતા દેવલ, નારાયણ, અંગિરા, વામદેવ, વસિષ્ઠ, ભારદ્વાજ, વ્યાસ, નારદ, ગૌતમ, વાલિખિલ્ય વગેરે ઋષિઓને

અનેક પ્રકારે અનેક દૃષ્ટિવાળું આત્મવીરજ્ઞાન મેં આપ્યું છે. શ્વેતદ્વીપ વગેરે તરફના ઋષિઓને આત્મતત્ત્વજ્ઞાન આપ્યું છે અને ભવિષ્યમાં ત્યાગાવસ્થામાં આપીશું.

વેદોમાં જે જ્ઞાન નથી તેવા સર્વ ગુપ્ત જ્ઞાનોનો હું પ્રકાશ કરીશ. કેટલાક મારું ધ્યાન ધરનારા યોગીઓ અઠ્ઠાવીસ લબ્ધિઓ અને પચાસ લબ્ધિઓને પામશે. તેઓ મારા પર લયલીન બની સ્વતંત્ર અને મુક્ત થશે.

પવિત્ર મહાત્માઓ જંગમ તીર્થો છે. પવિત્ર હૃદયોમાં મારે પ્રકાશ અનુભવો. મારું ભજન કરનારાઓની સેવા કરો. અસંખ્ય ઋષિઓ, વાસુદેવો, બળદેવો, રામો, અસંખ્ય નારાયણો, અસંખ્ય રુદ્રો—એ સર્વે અનાદિકાળથી શુદ્ધાત્મમહાવીર પ્રભુનું અંતરમાં ધ્યાન ધરીને શુદ્ધ થયા છે.

સર્વ દેવો અને દેવીઓનાં હૃદયમાં જે જે શુદ્ધતા અને પવિત્રતા છે, જે જે શક્તિઓ છે તે મારું અંતરવીરત્વ છે, એમ જાણી સર્વ પવિત્ર સ્થળોમાં રહેનારા અને મારો જાપ જપનારા યોગી, ત્યાગી, મુનિ, ઋષિઓની મારા ભક્તો યાત્રા કરે છે. તેઓ જિનમંદિરોમાં જિનપ્રતિમાઓની માનપૂર્વક યાત્રા કરે છે,

હાલતાચાલતા શરીરધારી આત્માઓ તીર્થો છે. જેનાથી જૈનધર્મનું જ્ઞાન થાય તે તીર્થ છે. જ્ઞાન, ભક્તિ, કર્મયોગ, ઉપાસના વગેરે યોગ સાધનારાઓ તીર્થો છે. ગૃહસ્થાવાસમાં પિતા, માતા, વૃદ્ધજન, આચાર્ય, વિદ્યાગુરુ અને ગૃહસ્થ ધર્મગુરુ તીર્થ છે. પવિત્ર અતિથિઓ તીર્થ છે. વૃદ્ધ માબાપની સેવા કરવાથી ગુણી મનુષ્યો તીર્થ છે. સાત્ત્વિક મનુષ્યો તીર્થ છે. મારા નામનું ભજન, ધ્યાન ઉપાસના કરનારા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રો આદિ સર્વે તીર્થરૂપ છે.

મારા શુદ્ધાત્મમહાવીરસ્વરૂપ જૈનધર્મમાં બ્રાહ્મણધર્મ, ક્ષત્રિયધર્મ, વૈશ્યધર્મ, શૂદ્રધર્મ વગેરે સર્વ લૌકિક ધર્મોનો સમાવેશ થાય છે. તેથી શુદ્ધાત્મમહાવીરસ્વરૂપના પ્રેમી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો વગેરે સર્વ તીર્થો છે.

જૈનો બનેલા બ્રાહ્મણોની અને જૈનેશ્વર એવા મારી ભક્તિનો સર્વ વિશ્વમાં પ્રચાર કરનારા ઉપદેશકોની મન, વચન, કાયાથી તથા ધનથી ભક્તિ કરવી. સર્વ તીર્થોનો પ્રકટ કરનાર હું છું, માટે હું તીર્થંકર છું

ઉપકાર કરનારા તીર્થો છે. દેશ, રાજ્ય અને સમાજની વ્યવસ્થા તેમ જ સેવા કરનારા દેશાદિ તીર્થરૂપ છે. સર્વથા લોકોત્તર તીર્થરૂપ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ મહાસંઘ તીર્થરૂપ છે. તેમાંથી સર્વ તીર્થો પ્રકટે છે. માટે ચતુર્વિધ મહાતીર્થ અને મારી વાણીરૂપ ભગવતી શ્રુતિ તીર્થની જેઓ આરાધના કરે છે તેઓ સ્વર્ગ–સિદ્ધિપદ પામે છે.

હે ઇન્દ્રો! તમો જૈનધર્મના આરાધક છો. નવગ્રહો જૈનધર્મના આરાધક છે. દશ દિક્‌પાલ જૈનધર્મના આરાધક છે. માટે તમો તીર્થમાં છો. મારી સેવાભક્તિથી જ તમો શુદ્ધાત્મપરબ્રહ્મ મહાવીરપદને પામો છો અને પામશો.

પુણ્યના, સંવરના અને નિર્જરાના વિચારો અને સત્કર્મો સર્વે તીર્થરૂપ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર તીર્થરૂપ છે. પાંચ પ્રકારનાં જ્ઞાન, ચાર પ્રકારનાં દર્શન અને સાત પ્રકારનાં ચારિત્ર તીર્થ છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, સાગર, નદી, વનસ્પતિ વગેરે ઉપકારક તથા પંચભૂતો નિમિત્ત તીર્થ છે. પવિત્ર મન, વાણી અને કાયા તીર્થરૂપ છે.સર્વ તીર્થના પ્રવર્તક ધર્માચાર્યો તીર્થ છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે જે તીર્થ મંદ કે જીર્ણ થયું હોય તેનો ઉદ્ધાર કરવો એ જીર્ણોદ્ધાર છે. તેની સેવા કરવામાં અનંતગણું ફળ છે. આકાશવિહારી, યન્ત્રવિહારી અને પાદવિહારી તથા વસ્ત્રધારી અગર નગ્ન એવા અનેક વેષાચારાંકિત મુનિ, ત્યાગી, સાધુ, હંસ, પરમહંસ, કે જેઓ મારા નામનું ભજન–સ્મરણ કરી મારામાં લયલીન રહે છે તથા મારા જ્ઞાનનો પ્રચાર કરે છે, તેઓની સર્વસ્વાર્પણથી સેવા કરવી.

પત્નીને પતિ તીર્થ છે. શિષ્યને ગુરુ તીર્થ છે. સેવકને સ્વામી

તીર્થ છે. અજ્ઞાનીને જ્ઞાની તીર્થ છે. સર્વ વર્ણોના ત્યાગી ગુરુ તીર્થ છે. પ્રવૃત્તિધર્મ અને નિવૃત્તિધર્મ બન્ને તીર્થ છે.

જે ક્ષેત્રે, જે કાળે જેની જેટલી ઉપયોગિતા તેની તે ક્ષેત્રે અને તે કાળે વિશેષ સેવાની જરૂર છે. જે જે તીર્થો સેવવાથી જેને વિશેષભાવ પ્રગટે, ગુણો પ્રગટે, રસ પડે તેણે તે તે તીર્થોની વિશેષતઃ સેવા કરવી. ભિન્ન ભિન્ન વેષ, આચાર અને વિચારવાળા અને પરસ્પર ભિન્ન લાગતા પણ મારું ધ્યાન ધરનારા અને મારામાં મસ્ત રહી નામરૂપાદિને ભૂલનારા એવા ગૃહસ્થો અને ત્યાગીઓ તીર્થરૂપ છે.

સર્વ તીર્થો અને સર્વ ધર્મો મારામાં સમાય છે એવું સમજનારા સર્વ ઐકાંતિક ભક્ત જૈનો તીર્થરૂપ છે. વિશ્વના જીવોની દયા પાળનારા શાન્ત, દાન્ત એવા સાધુઓ તીર્થરૂપ છે.

સાધુઓને અને સાધ્વીઓને તેમના યોગ્ય દાન દેવું અને તેમને રહેવાને જગ્યા આપવી, તેઓની પાસેથી મારી ભક્તિનો બોધ ગ્રહણ કરવો. જેઓ મારી અને જૈનધર્મની વિરુદ્ધ બોલે છે અને મારા પર દ્વેષ કરે છે, મારી નિંદા કરે છે, મારા સદુપદેશની નિંદા કરે છે તેઓ ગૃહસ્થ હોય અગર ત્યાગીઓ હોય તોપણ તીર્થરૂપ બની શકતા નથી. તેઓ માયાના પાશમાં સપડાય છે. દુર્ગુણો અને દુર્ગુણીઓ તેમ જ નાસ્તિકો કુતીર્થરૂપ છે. મારા ભક્તોએ અલ્પજ્ઞાન તથા અલ્પભક્તિવાળી દશામાં તેઓની સંગતિ કરવી નહીં. તેઓના કુતર્કથી ભ્રમિત થવું નહીં. હજારો, સેંકડો ગાઉ દૂર રહેલા એવા મારા મુનિઓ, પરમહંસો, સંન્યાસીઓ ત્યાગીઓ, મહાત્માઓની યાત્રા કરવી અને ભોજનાદિકથી તેઓની સેવા કરવી. તેઓના પરસ્પર કેટલાક વિચાર અને આચારો જુદા હોય પણ મારામાં તેઓ ઐકાંતિક ધ્યાન, ભક્તિ, સેવાવાળા હોય તો તેઓના બાહ્ય આચાર અને વેષાદિકમાં મૂંઝાવું નહીં. તેઓના આત્માઓને પૂજવા અને તેઓની સેવા કરી જન્મ સફળ

કરવો. મારી પાછળ થનારા જૈનાચાર્યો વગેરે અનેક પ્રકારના ત્યાગી-ઓના બાહ્ય ગણુાદિકના મતભેદોમાં મુક્તિ માનવી નહીં. મારા સ્વરૂપમાં રમણુતા કરવાથી મુક્તિ છે, એમ મારી પાછળના જૈનાચાર્યોએ જાણુવું તથા મારી સેવા, ભક્તિ, જ્ઞાન, ઉપાસનામાં શુદ્ધ પ્રેમથી પ્રવર્તવું.

સર્વ તીર્થોમાં મારી એકતા, અભેદતા, અનંતતા અનુભવો અને સ્વાધિકારે તીર્થોની સેવા કરો. જે કાળે જે જે કર્તવ્યકર્મો કરવાનાં છે તેને તીર્થરૂપ સમજો. મારી આજ્ઞા પ્રમાણે જૈનધર્મની ઉન્નતિ કરનારા જૈનોની સેવામાં અને મારી સેવામાં અભેદતા-એકતા અનુભવો. કલેશોને ઉપશમાવો. જે કાળે ચતુર્વિધ મહાસંઘ વર્તતો હોય તેઓને તે કાળે જે રીતે વર્તવામાં વધુ કલ્યાણુ દેખાય તેવા વ્યાવહારિક અને નૈશ્ચયિક કર્મોને કરો. તીર્થોની સેવા કરો. સર્વ જીવો સત્તાએ તીર્થરૂપ તથા મારારૂપ છે, એમ જાણી સર્વ જીવોનું કલ્યાણુ કરો.

સર્વ જીવોની સેવાભક્તિ કરવી અને સર્વ જીવોમાં આત્મ-મહાવીર પ્રભુનું ઐક્ય અનુભવવું એ જ ઉત્તમ તીર્થયાત્રા છે. અન્યાયી દુર્જન દુષ્ટ મહાહિંસક લોકોની સાથે ધર્મયુદ્ધ કરવું તે ઉત્તમ તીર્થ છે.

ધર્મ્યયુદ્ધમાં પ્રાણોત્સર્ગ કરવા અને ચતુર્વિધ મહાસંઘની રક્ષા અને ઉન્નતિ કરવી એ જ ઉત્તમ વીરયાત્રા છે.

શુદ્ધાત્મમહાવીરસ્વરૂપમાં સર્વ પ્રેમીઓને જોવા એ ધર્મપ્રેમ તીર્થ છે.

શરીર, રૂપ તથા ધનાદિકના પ્રેમ કરતાં શરીરમંદિરોમાં રહેલા આત્મવીરોની સાથે પ્રેમથી એકતા અનુભવવી એ જ આત્મ-તીર્થની યાત્રા છે.

સર્વ જીવોનાં દુઃખ દૂર કરવા મન, વાણી, કાયાથી પ્રયત્ન

કરવો એ તીર્થસેવા છે. આત્માઓ જ વસ્તુતઃ અનંતજ્ઞાનાદિ ગુણ-પર્યાયરૂપ તીર્થ છે. શુદ્ધ પરબ્રહ્મ મહાવીર આત્મા સર્વતીર્થરાજ છે. છે. એની પ્રાપ્તિથી સર્વ તીર્થોનું ઔપચારિક તથા અનૌપચારિક દૃષ્ટિએ જ્ઞાન થાય છે.

જીવતાં શરીરોમાં રહેલા આત્માઓ ગુરુ, દેવ અને તીર્થરૂપ છે. જ્ઞાની ગુરુઓ પ્રત્યક્ષ ફળદાતા મહાતીર્થો છે. ભૂતકાળમાં થઈ ગયેલા દેવ અને ગુરુઓ કરતાં વર્તમાનમાં વર્તતા દેવ અને ગુરુરૂપ તીર્થની સેવા કરવામાં અનંતગુણી આત્મવિશુદ્ધિ છે. ગુરુ અને દેવની સેવા કરવામાં સર્વ તીર્થોની સેવાનું ફળ થાય છે.

નિમિત્તતીર્થ અને ઉપાદાનતીર્થ, વ્યવહારતીર્થ તથા નિશ્ચયતીર્થ, સદ્ભુત આત્મતીર્થ અને અસદ્ભૂત જડપુણ્યાદિ તીર્થનું જ્ઞાન મેં અનેક ઋષિઓને તથા નંદિવર્ધન, શ્વેતરૂપા, સત્યરૂપા, પ્રિયદર્શના વગેરેને આપ્યું છે અને તમને આપું છું.

સત્યજ્ઞાન અને ઉપાધિરહિત વિશુદ્ધાનંદની પ્રાપ્તિ એ જ સત્ય સદ્ભૂત તીર્થ છે અને તેનો તીર્થંકરો પ્રકાશ કરે છે. સર્વ વિશ્વની સાથે મૈત્રીભાવ ધારણ કરવો તે મૈત્રીતીર્થ છે.

સર્વ વિશ્વ પર કરુણાભાવ ધારણ કરવો તે કરુણાતીર્થ છે.

વિશ્વના સર્વ જીવોમાં ગુણ જોવા તે ગુણદૃષ્ટિતીર્થ છે.

વિશ્વના સર્વ જીવો પર આત્મદૃષ્ટિ ધારવી તે આત્મદૃષ્ટિતીર્થ છે.

દુર્ગુણોને જીતવા, વિકારોને જીતવા, દુર્ગુણરૂપ વિકારવાસના-વાળા મનને વશ કરવું તે જૈનતીર્થ છે.

સમ્યકત્વની પ્રાપ્તિ થાય એવા સર્વ ઉપાયોને સેવવા તે સમ્યકત્વતીર્થની સેવા—યાત્રા છે.

સમાજની સેવા કરવી તે સમાજતીર્થસેવા છે.

નાસ્તિક કુતીર્થોને આસ્તિક સુતીર્થ કરવાની પ્રવૃત્તિમાં જ્ઞાનીઓ

વિના બાળ જીવોએ પડવું નહીં. સૌએ પોતાની શક્તિ વગેરેની તુલના કરી તીર્થસેવા અને તીર્થયાત્રામાં પ્રવૃત્તિ કરવી. આજીવિકાદિ કારણોની દૃષ્ટિએ દેશ, રાજ્ય, ભૂમિ, વ્યાપાર, અન્ન, ક્ષાત્રબળ, ક્ષેત્ર વગેરેનું રક્ષણ કરવું તે પણ તીર્થયાત્રા છે. વ્યાવહારિક તીર્થયાત્રામાં સમાજના સંબંધે જે આત્મભોગ આપવો પડે તે અધિકારદશાએ આપવો. જે કાળે જે જે તીર્થોની ઉપયોગિતાની ઘણી જરૂર હોય તે કાળે તે તે તીર્થોની વિશેષ પ્રકારે સેવા કરવી. સમાનધર્મીઓની સેવાભક્તિમાં મારી સેવાભક્તિ જેવી બુદ્ધિ તથા પ્રવૃત્તિ ધારણ કરવી. ઉપકારી ગુરુમાં અને મારામાં અભેદભાવ તથા એકતા અનુભવવી.

સર્વ પ્રકારનું દૈહિક, વાચિક, માનસિક તથા આત્મિક બળ પ્રગટાવવું એ બળતીર્થયાત્રા છે.

આત્માની પૂર્ણ જ્ઞાનદશા થયા બાદ પણ જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી ઉપદેશાદિક સત્કર્મરૂપ તીર્થનો પ્રકાશ કરવો.

ભવ્યાત્માઓ ! જંગમ અને સ્થાવર તીર્થોની યાત્રા કરો. તમે સર્વે યાત્રિકો છો. આગળ વધો.

**ઇન્દ્રાદિએ કરેલી સ્તુતિ :**

ઇન્દ્રાદિ: પરમાત્મમહાવીર દેવ ! અમો તમને નમીએ છીએ, પૂજીએ છીએ. આપે જે ઉપદેશ આપ્યો તે હૃદયમાં ધારણ કરીએ છીએ. આપે અનેક પ્રકારના ઉપદેશો આપ્યા. તે પ્રમાણે વર્તીને ભવ્યાત્માઓ જેમ જેમ આત્મમહાવીરનો અનુભવ કરે છે તેમ તેમ આગળ અનુક્રમે જ્ઞાનપ્રકાશ ખીલતો જાય છે. શાસ્ત્રવાચન તથા શ્રવણ કરતાં આત્મવીરવિશુદ્ધિથી જે જ્ઞાનપ્રકાશ ખીલે છે તેનાથી ઉત્તરોત્તર આનુક્રમિક ઉન્નતિ થયા કરે છે.

હે પ્રભો ! આપે અમારા પર અનંતગણો ઉપકાર કર્યો છે. આપ પરમેશ્વરના સ્વરૂપને, ઉપદેશને તથા ચારિત્ર્યને જેઓ માનતા

નથી તથા તે પ્રમાણે યથાશક્તિ વર્તતા નથી તેઓ રાક્ષસ, દુષ્ટ મનુષ્યો છે. તેઓ સાથેનો સંબંધ કોઈ રીતે કલ્યાણ કરનાર નથી.

આપનામાં જેને પૂર્ણ વિશ્વાસ છે તે ધર્મી છે. અમો સર્વે ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ સદા આપની આજ્ઞા પ્રમાણે સ્વાધિકારે વર્તીએ છીએ.

આપની આજ્ઞા પ્રમાણે વર્તવાથી મહામારી, દુષ્કાળ વગેરે રોગ, દુઃખ વગેરેનો પ્રાદુર્ભાવ થતો નથી.

આપની આજ્ઞા પ્રમાણે વર્તનારા ખંડ, દેશ, સમાજ, સંઘ, રાજ્યમાં અનુકૂલ વૃષ્ટિ થાય છે અને અનેક રોગોની શાંતિ થાય છે. આપની આજ્ઞા પ્રમાણે વર્તનારા આત્માઓ સર્વ પ્રકારની વિપત્તિઓનો નાશ કરે છે અને તે દુષ્ટ, દુર્જન, નાસ્તિક મનુષ્યોના માયાપ્રપંચમાંથી મુક્ત થાય છે.

આપના ત્યાગથી ભરતાદિ દેશોમાં ત્યાગનું સ્વરૂપ પ્રવર્તશે અને કરોડો લોકોનું કલ્યાણ થશે. ભારતમાં ધર્મમાં થયેલી મલિનતાનો નાશ થશે.

આપ પ્રભુનું સ્વરૂપ અનંત અને અલક્ષ્ય છે. તેનો અનંતમો ભાગ છદ્મસ્થ જીવોને લક્ષ્યમાં—પરોક્ષજ્ઞાનમાં આવે છે.

આપના જૈનધર્મથી સર્વ વિશ્વ પવિત્ર થશે. ત્રણે ભુવનમાં હવેથી આપના મહાવીર નામનો જયઘોષ સર્વ કાર્યપ્રવૃત્તિના આરંભમાં અને અન્તમાં પ્રવર્તશે. આપના સિંહ લાંછન વડે અંકિત તથા સૂર્યચન્દ્રાંકિત પંચમનુષ્યજાતિ તથા પંચપરમેષ્ઠિવર્ણાંકિત ધ્વજાને જૈનો સર્વ ઉત્સવોમાં ફરકાવશે અને તે વડે સારાં કાર્યોને શોભાવશે. આપના નામની ચતુર્વિધ જૈનશાસનના જયની સૂચિત ધ્વજાને સર્વ જૈનો દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, ગૃહો, ઉત્સવો વગેરેમાં અલંકૃત કરશે. ધર્મયુદ્ધમાં જૈનો આપની ધ્વજા ફરકાવશે. આપના પંચકલ્યાણક ઉત્સવોમાં દેશ, કોમ, સમાજ, રાજ્યાદિ

કલ્યાણાર્થે આપના નામની ધ્વજાનો મહોત્સવ પ્રવર્તશે અને આપના નામના વાવટા નીચે સર્વ પ્રકારના જૈનો એકત્ર થઈ આત્મભોગ આપશે અને સર્વ લોકોના કલ્યાણાર્થે રાજ્યાદિકની વ્યવસ્થા કરશે. લગ્ન, રાજ્યાદિ પ્રસંગોમાં આપના નામની ધ્વજા અને વાવટા નીચે સર્વ જૈનો એકરૂપ બની પ્રવર્તશે અને મનુષ્યની રક્ત, પીત, શ્વેત, કૃષ્ણ અને નીલ એવી પાંચ જાતિઓ ભેગી મળી સર્વના એક સરખા જીવનની વ્યવસ્થા પ્રવર્તાવશે.

આપનું નામ સ્મરણ તથા આપના સાકાર–નિરાકાર આદિ અનેક સ્વરૂપની પ્રેમ–શ્રદ્ધા–ભક્તિ કરનારા અને આપની આજ્ઞા પ્રમાણે વર્તનારા જૈનો સર્વ વિશ્વમાં પવિત્ર બનશે અને તેઓનો આપની અદૃષ્ટ કૃપા વડે ઉદ્ધાર થશે.

જૈનધર્મપ્રવર્તક આચાર્યો વગેરેને હું અનેક પ્રકારની સહાય કરીશ અને તેઓમાં અવતરી તેઓનાં મનોમાં આપના જ્ઞાનનો અંકુશ કરીશ. તેથી તેઓ આપની ભક્તિનો તથા જ્ઞાનનો પ્રચાર કરી શકશે.

આપ સર્વ જીવોને તેમની શુભેચ્છા પ્રમાણે ધર્મની પ્રેરણા કરો છો. આપની અનંત શક્તિનો કોઈ પાર પામી શકે તેમ નથી. આપ ત્યાગાવસ્થામાં લોકોની સ્થૂલ દૃષ્ટિએ અનેક ઉપસર્ગ–પરિષહ સહન કરનારા જણાશે અને તેથી લોકો આપના તે ગુણોનું અનુકરણ કરશે. શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુતઃ આપ ચાર પ્રકારના આશ્રમથી અને ઉપસર્ગ–પરિષહથી રહિત છો. આંતરદૃષ્ટિથી આપ જન્મ–મૃત્યુ આદિ પર્યાયથી રહિત છો. આપ ત્રણે કાળમાં અનંતજ્ઞાનાદિ સત્–સામર્થ્યપર્યાયવંત છો. આપ જાતિ–લિંગ–વચન–રહિત છો. આપના સાકાર સ્વરૂપની પૂજા–ભક્તિ–ધ્યાન ધરીને, ભક્ત લોકો આપના નિરાકાર સ્વરૂપનું અવલંબન કરી નિરાકાર મહાવીરસ્વરૂપને પામે છે અને પોતે પરબ્રહ્મસ્વરૂપમય બને છે.

પશુઓ અને પંખીઓ તથા મનુષ્યોનું કલ્યાણ કરનારાઓને

હું અનેક વખતે અનેક રૂપોથી સહાય આપું છું અને ચતુર્વિધ દેવો અને દેવીઓ પણ એવા જૈનોને સહાય આપે છે.

જે આત્માઓ સ્વાશ્રયી બને છે અને કોઈની સહાય વગેરેની ઇચ્છા વિના આત્મભોગ આપી સ્વ-પરનું કલ્યાણ કરે છે તેઓ ખરેખરા વીર જૈનો છે.

જેઓ દેહ અને પ્રાણોનો ઉત્સર્ગ કરવામાં જરામાત્ર ખચકાતા નથી અને અનંત જીવનમાં વિશ્વાસ રાખી આત્મોત્સર્ગ કરે છે તેઓ સત્ય જૈન છે.

સર્વ જાતિના જૈનો આપની શ્રદ્ધાભક્તિથી વ્યાવહારિક અને ધાર્મિક ઉન્નતિને પામે છે અને પામશે.

હે પ્રભો! આપની સેવાભક્તિમાં અને વિશ્વના જીવોની સેવાભક્તિમાં એકતા–અભેદતા છે.

આપ પરમેશ્વર મહાવીરપ્રભુ દેવ સર્વ વિશ્વનું કલ્યાણ કરો. સર્વ જીવોને શાંતિ આપો. આપની શ્રદ્ધા–પ્રીતિમાં તન્મય બનેલાઓને આપ સર્વ પ્રકારની શુદ્ધ પ્રેરણા કરો. આપના સર્વ ઉપદેશો અને બોધો મહાવીરગીતા, મહાવીરવેદ, મહાવીરોપનિષત્, મહાવીરાગમ વગેરે નામથી આપની પાછળ પ્રસિદ્ધ થશે. આપના સ્વરૂપની પેઠે તેઓની શ્રદ્ધાને ધારણ કરી તે પ્રમાણે વર્તનાર અલ્પ કાળમાં પૂર્ણ બ્રહ્મરૂપ, સ્વતંત્ર અને મુક્ત બનશે. આપે ગૃહસ્થાવાસમાં અનેક ઋષિ, મુનિ, તપસ્વી, બ્રહ્માદિ વર્ગને જે અનેક પ્રકારના ઉપદેશો આપ્યા છે તે ભવિષ્યમાં આપની કૃપાથી પ્રસિદ્ધ થશે. હાલ સુધી બ્રાહ્મી લિપિમાં પ્રવર્તતા નિગમોમાં અને આગમોમાં જે જે તત્ત્વોનો પ્રકાશ કરવામાં નથી આવ્યો તેનો આપ પ્રકાશ કરી સર્વ તત્ત્વજ્ઞાનનો આપ પ્રકાશ કરનારા થયા છો અને ત્યાગાવસ્થામાં પૂર્ણપણે થશો.

**વસિષ્ઠ ઋષિએ કરેલી સ્તુતિ :**

પ્રભો મહાવીરદેવ! અમો સર્વ ઋષિઓ આપને વંદીએ

છીએ, પૂજીએ છીએ.

શુદ્ધ બ્રહ્મ તે આપ છો. સર્વ વૃત્તિઓમાં અને સર્વ વૃત્તિઓની પેલી પાર પણ આપ છો. દેહધ્યાસ ત્યજીને જે મનમાં જાય છે અને મનને છોડીને જે આત્મામાં જાય છે તે આપોઆપ પરબ્રહ્મ મહાવીર બને છે.

પૂર્વે થયેલા શ્રીરામે તથા શ્રીકૃષ્ણે શુદ્ધાત્મમહાવીરરૂપ આપને ધ્યાયા હતા.

સર્વ જીવો જે જે મનો વડે જ્ઞાન પ્રકાશ કરે છે તે જ્ઞાન-પ્રકાશરૂપ આપ છો. સર્વ વેદો અને ઉપનિષદો શુદ્ધ બ્રહ્મરૂપ આપ મહાવીરપ્રભુની સ્તુતિ કરે છે.

ઘટના નામરૂપની ઉપાધિથી મૃત્તિકા (માટી) જુદી છે, તેમ નામરૂપાદિથી આત્મમહાવીરરૂપ આપ જુદા છો. સર્વ મનુષ્યો અને દેવોના હૃદયમાં આપ અધ્યાત્મમહાવીર છો. દિલના પ્યારા એવા આપ દિલમાં છો, પણ બાહ્ય ચક્ષુથી આપ દેખાતા નથી. આપ સર્વ વિશ્વનાં એક સરખા આત્મજ્યોતિથી પ્રકાશી રહ્યા છો.

જડ પદાર્થોમાં સુખની આશાએ આસક્ત થયેલાઓ ઝાંઝવા-નાં જળમાં મૃગલાં ફસાય છે તેમ ભ્રમથી ફસાઈ દુઃખી થાય છે. ધુમાડાના બાચકા ભરવા જતાં જેમ બાચકા ભરાતા નથી, તેમ જડ પદાર્થોમાં અહંત્વ-મમત્વના ભારથી બંધાયેલાઓને કદાપિ સત્ય સુખ મળ્યું નથી અને મળનાર નથી.

હે પ્રભો ! આપ તે અમો છીએ. આપની દૃષ્ટિ તે અમારી દૃષ્ટિ છે. આપ નામ-રૂપ–જાતિ–લિંગાદિ રહિત અશરીરી છો. આપનું નિરાકાર સ્વરૂપ જેઓ અનુભવે છે તે આપરૂપ પોતાને અનુભવે છે. આપ સર્વ પ્રકારની અવસ્થાથી રહિત છો. નામરૂપાદિ ઉપાધિ-ઓમાં આપ એક જ શરીરસૃષ્ટિમાં તથા સમષ્ટિસૃષ્ટિમાં નિરુપાધિ-રૂપ છો. આપનામાં જેઓ લયલીન થઈ સમાધિભાવને પામ્યા છે તે

મરજીવા તથા અમરજીવા છે.

આ વિશ્વમાં જૈનધર્મ અનાદિકાળથી આપના સત્યસ્વરૂપમય પ્રકાશે છે અને અનંત કાળ પર્યન્ત પ્રકાશશે. આપના બાહ્યાંતર જૈનધર્મબળથી પૃથ્વી સ્થિર છે, ચંદ્રસૂર્યાદિ ગ્રહો પ્રકાશે છે. વાયુ બરાબર વાય છે, આકાશ બરાબર અવકાશ આપ્યા કરે છે. સર્વભૂતોના સ્વામી આપને વિશ્વના જીવો અનેક ભાષામાં અનેક નામોથી બોલે છે અને અનેક બાહ્યાંતરરૂપે દેખે છે.

સર્વ શક્તિઓ, કે જે તિરોભાવ અને આવિર્ભાવરૂપ છે, તે પોતે આપ છો. આપ સત્તાએ સર્વત્ર એક પરબ્રહ્મ મહાવીર છો અને વ્યક્તિદૃષ્ટિએ ભિન્ન ભિન્ન છો. સર્વ પ્રકારનું સત્ય તે આપનું સ્વરૂપ છે. નામરૂપનો મોહાધ્યાસ છંડીને અને આપના સ્વરૂપમાં નિર્વિકલ્પ સમાધિ પામીને જેઓ અનંતજ્ઞાનમય થાય છે તે સત્તાને શક્તિરૂપે વ્યક્ત કરે છે.

આપની આજ્ઞા પ્રમાણે જૈનધર્મનો પ્રચાર કરીશ, અને જૈનધર્મ સેવીશ. આપને નમું છું.

## ૮. બોધામૃત

દેવલ ઋષિ: નરનારાયણ, અત્રિ, અંગિરા, વાયુ, ભરતાદિ ઋષિઓ! અહો આજ ભારતદેશાદિ દેશોમાં પરમાત્મમહાવીરની ત્યાગદીક્ષાનો મહોત્સવ થઈ રહ્યો છે! આજ વિશ્વોદ્ધાર થવાનો પ્રકાશ ઝળહળી રહ્યો છે.

સર્વે ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ, ચતુર્વિધ નિકાયના અસંખ્ય દેવો અને દેવીઓ અત્રે આવ્યાં છે. આકાશમાં તલ જેટલી જગ્યા ખાલી નથી.

ભારતાદિ સર્વ દેશના રાજાઓ અને પ્રજાઓ અત્રે મહોત્સવમાં આવ્યાં છે.

નંદિવર્ધન રાજાએ ચંદ્રપ્રભા શિબિકા તૈયાર કરી છે. દેવો, રાજાઓ, ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ પ્રભુને નવરાવી ચંદ્રપ્રભા પાલખીમાં બેસાડે છે. ક્ષત્રિયકુંડ નગરમાં તલ પડે તેટલી જગ્યા ખાલી નથી. શ્રી વર્ધમાન મહાવીર પ્રભુ પાલખીમાં બેસે છે. પાલખીને નંદિવર્ધન વગેરે રાજાઓ અને ઇન્દ્રો તેમ જ દેવો ઉપાડે છે. ઋષિઓ, બ્રાહ્મણો પ્રભુના નામનો જયઘોષ કરે છે.

જુઓ! ઇન્દ્રાણીઓ અને દેવીઓની પાછળ દેવી યશોદા તથા પ્રિયદર્શના ચાલે છે. ઇન્દ્રાણીઓ, દેવીઓ અને માનવ સ્ત્રીઓ

પ્રભુના ત્યાગનાં ગીતો ગાય છે.

જુઓ ! આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થાય છે. નગરની મધ્યમાં થઈ મહોત્સવપૂર્વક સર્વ દેવો અને મનુષ્યો ચાલે છે.

જુઓ ! પ્રભુ મહાવીર દેવ પાલખીમાં શાંત બેઠા છે. તેમની પાછળ પાલખીમાં કુલમહત્તરાઓ બેઠી છે.

જુઓ ! શ્રી વર્ધમાન પ્રભુની આગળ ચતુરંગી સેના ચાલે છે. નર, નારી અને બાળકો સર્વે પ્રભુમહાવીરને પ્રણામ કરે છે, વંદે છે, સ્તવે છે અને ચક્ષુમાંથી અશ્રુ ઢાળે છે.

જુઓ ! પ્રભુ સર્વના પ્રણામોને ઝીલે છે. નગરજનોને હવે વિયોગનું અત્યંત દુઃખ થાય છે. ક્ષત્રિયકુંડ નગરની મધ્યમાં થઈ ઈશાનખૂણામાં જ્ઞાતવનખંડ બાગમાં અશોકવૃક્ષની નીચે પાલખી સ્થાપન કરી. સાંવત્સરિક દાન દઈ હવે પ્રભુ સર્વ વિશ્વને જ્ઞાનદાન દેવા ત્યાગી બને છે. તેમણે અલંકારો, વસ્ત્રો વગેરેનો ત્યાગ કર્યો.

જુઓ ! તેમની પત્ની તેમને નમી શુભાશિષો વદે છે.

જુઓ ! તેમની પુત્રી તેમને નમી, પ્રભુને પાછા આવી ઉપદેશ દેવાની વિનંતિ કરે છે.

જુઓ ! નંદિવર્ધન વગેરે સર્વ દેશોના રાજાઓ પ્રભુને નમે છે.

આજે માગશર વદિ દશમના ત્રણ વાગ્યાનો સમય છે. હવે પ્રભુ મહાવીર દેવ વન તરફ જવા ઉત્સુક થયા છે, પણ નંદિવર્ધન ગળગળા થઈ શોક કરે છે. અહો ! પ્રભુના શરીરનો વિયોગ પણ કોને ખમાય ?

શ્રી નંદિવર્ધન વગેરેની તથા ઇન્દ્રોની વિજ્ઞપ્તિથી પ્રભુ વનમાં પગ મૂકતાં પહેલાં બોધામૃતો કથે છે.

આપણે પણ શાંતચિત્તે ચાલો પ્રભુ વીરનો બોધ સાંભળીએ.

**ભગવાન મહાવીરનો ઉપદેશ :**

પ્રભુ મહાવીરદેવ ! સર્વ દેવો, દેવીઓ, પુરુષો અને સ્ત્રીઓ તમારું કલ્યાણ થાઓ.

ત્યાગાવસ્થામાં સાડા બાર વર્ષ ગાળ્યા પછી વિશ્વમાં જાહેર રીતે સર્વત્ર ફરી તીર્થ સ્થાપીશ

તમો શોક ન કરો. આત્મપ્રેમમાંથી મોહમાં ઊતરી શોક ન કરો. વિશ્વના કલ્યાણ માટે મારો ત્યાગ છે.

પોતાના માટે ભેગું કરેલું અન્ન, ધન, વસ્ત્ર વગેરેનો અન્ય જીવોના ભોગાર્થે મનુષ્યો જ્યારે ત્યાગ કરે છે ત્યારે તે ત્યાગમાર્ગમાં પગ મૂકવા સમર્થ બને છે. ગ્રહણ કરતાં ત્યાગની અનંતગુણી મહત્તા છે. દેવો અને મનુષ્યો ! જે જે વસ્તુઓ તમે પરિગ્રહ તરીકે ભેગી કરી હોય તેની મમતનો ત્યાગ કરો અને ધનાદિક સર્વ વસ્તુઓનો અન્યોના ભલા માટે વ્યય કરો.

મેરુ પર્વત જેટલા અન્નના ધનના ઢગલા અને કરી મમતાથી મરો નહીં. ધનાદિક વસ્તુઓ કોઈની થઈ નથી અને કોઈની ભવિષ્યમાં થનારી નથી. જે વસ્તુઓ સર્વ જીવોના જીવનનિર્વાહમાં એકસરખી રીતે ઉપયોગી થઈ પડે છે તે અન્નાદિકનો તમો સંગ્રહ કરી લેશો તો તેથી અસંખ્ય લોકોના જીવનનો ઘાત કરનારા બનશો અને ત્યાગમાર્ગના પગથિયે ચઢી શકશો નહીં.

આ બધું જે સુંદર દશ્ય દેખાય છે તેનું કારણ તમારો આત્મા છે. તમારા આત્માની પ્રિયતાએ જડ વસ્તુ પ્રિય લાગે છે, માટે આત્મવીરમાં સર્વ પ્રિયતા અને મહત્તા છે, એવો વિશ્વાસ ધારણ કરી સર્વ લોકોના ભલા માટે ધનાદિકનો ત્યાગ કરો. બાહ્ય જડ વસ્તુઓનો વિવેકથી ત્યાગ કરો.

ભૂખ્યાં લોકોને અન્નાદિક આપો અને અન્નાદિકની મમતાનો ત્યાગ કરી ઉદાર બનો. સર્વ જીવોનાં અશ્રુઓ લૂછો, તેઓના આર્તસ્વરોને શાંત કરો. દુઃખીઓના કકળાટને શાંત કરો. સર્વ જીવોને દુઃખ આપવાની કલેશ–ક્રોધાદિક બુદ્ધિનો ત્યાગ કરો. હજારો, લાખો, કરોડો લોકોનાં રક્ત ચૂસીને બળવાન અને સુખી થવાની આશા કે

તૃષ્ણાનો ત્યાગ કરો. અપરાધી જીવો પર પશુબલ વાપરવાની વૃત્તિનો ત્યાગ કરો. કોઈને દુઃખ અને કલેશ આપીને તમો તેઓને પોતાના તથા પોતાના તાબેદાર બનાવવાની ક્ષુદ્ર પાપબુદ્ધિનો ત્યાગ કરો. તમે જે જે પ્રિય ગણતા હો તેનો અન્ય જીવોના ભલા માટે આત્મભોગ આપો, ત્યાગ કરો.

અન્ય જડવસ્તુઓમાં અહંતા-મમતાવૃત્તિ ધારણ કરીને તમે સંસારસમુદ્રમાં ભારે થયા છો, માટે તરી શકતા નથી. ક્ષણિક જડ વસ્તુઓની અહંતા–મમતાનો ત્યાગ કરી, તેઓમાં વિવેકબુદ્ધિથી કર્મયોગી બની પ્રવર્તો. સર્વત્ર અશુદ્ધ બુદ્ધિનો ત્યાગ કરો.

ત્યાગમાર્ગ:

ત્યાગમાર્ગમાં ક્રમે ક્રમે પ્રવેશ થાય છે. બાહ્ય ત્યાગપૂર્વક આંતરત્યાગની સિદ્ધિ થાય છે. હઠત્યાગ કરતાં સહજ ત્યાગની અનંતગુણી મહત્તા છે. અમૃતત્વ માટે ત્યાગ છે.

જે જે આવરણોથી જ્ઞાનાદિ ગુણો આચ્છાદિત થયા હોય તે તે આવરણોનો ત્યાગ કરવાથી પરબ્રહ્મ પૂર્ણદશાનો આવિર્ભાવ થાય છે. જે જે નામરૂપાદિના મમત્વનું ગ્રહણ કર્યું હોય તેનો ત્યાગ કરો.

વિશ્વનું કલ્યાણ કરવામાં જે જે ભીતિ આદિ વૃત્તિઓ પ્રગટતી હોય તેઓના ત્યાગમાં પરબ્રહ્મ મહાવીરના જીવનનો અનંત સત્ય પ્રકાશ છે. દેશ, કોમ, રાજ્ય, સમાજ, પ્રજાસંઘ, ધર્માદિનો ઉદ્ધાર થાય એવા ધર્મમાં અનેક પ્રિય વસ્તુઓના ભોગ અને સ્વાર્થનો ત્યાગ કર્યા વિના આત્મશુદ્ધતા પ્રાપ્ત થતી નથી.

ત્યાગની કહેણી કથવામાત્રથી કંઈ કલ્યાણ થતું નથી. ત્યાગની રહેણીમાં જે જે અંશે રહેવાય તેટલું આત્મજીવન પ્રગટેલું જાણવું.

બહિર્મુખ મનને આત્માભિમુખ કરવામાં અનંત લબ્ધિઓનો પ્રકાશ થાય છે. જ્ઞાનાવરણીયાદિ ગ્રહણ કરેલાં સર્વ જડ

આવરણોને આત્મોપયોગથી જેઓ ત્યાગે છે તેઓ પરમાત્મા બને છે.

ક્ષમા, આર્જવ, માર્દવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, નિષ્કામતા અને બ્રહ્મભાવ એ દશ ત્યાગમાર્ગનાં પગથિયાં છે. બાર ભાવનાઓથી ત્યાગમાર્ગમાં પ્રવેશ થાય છે.

જેને આત્મા વિના અન્ય જડ વસ્તુનું મમત્વભાવે ગ્રહણ નથી તેને ત્યાગ છે અને જેને ગ્રહણ છે તેને ત્યાગ નથી.

સર્વ જીવોની ભક્તિ કરનારા કર્મયોગીઓએ ત્યાગમાર્ગના ગુણો પ્રકટાવવા જોઇએ.

ગૃહસ્થદશા અને ત્યાગદશાના આદર્શોવાળું જીવન પ્રાપ્ત કરવાથી અંતરાત્માઓ શુદ્ધાત્મનિર્વાણપદને પામે છે.

ગૃહસ્થોને આદર્શ ગૃહસ્થજીવન મેં ગૃહસ્થદશાને આચરી જણાવ્યું છે અને હવે ત્યાગીઓને ત્યાગદશાનું આદર્શ જીવન જણાવીશ.

ત્યાગમાં પ્રથમ મોહ, કામ અને વાસનાઓનું મરણ છે. જેઓ જીવતાં બાહ્ય મોહાદિ ભાવોથી મરતા નથી તેઓ ત્યાગનું ખરું અધ્યાત્મસ્વરૂપ અનુભવી શકતા નથી. સર્વ ઔદયિક વૃત્તિઓને ઉપશમાવવામાં ત્યાગ છે. ત્યાગનાં અસંખ્ય પગથિયાં પર આરોહવાથી મારા સ્વરૂપને લોકો પામે છે.

કોઈ આત્મા કોઈ ઊંચે પગથિયે હોય છે તો કોઈ તેથી નીચે પગથિયે હોય છે. તેમાં ઉચ્ચનીચનો ભેદ ત્યાગવાથી સર્વ લોકોનું પણ કલ્યાણ સાધી શકાય.

**ક્ષણિકતા :**

કર્મયોગે સંસારમાં જીવો અનંતકાળથી પરિભ્રમણ કરે છે. અનેક શરીરો ગ્રહ્યાં અને મૂક્યાં છે, પણ અજ્ઞાન અને હજી સુધી સત્ય શાંતિ પામતા નથી. અનેક

ભવોમાં અનેક શરીરો પર મોહ રાખ્યો. તથા અનેક નામો ધારણ કર્યાં, પણ તેથી આત્મા કર્મસંબંધથી મુક્ત થયો નહીં.

હાલ વર્તમાનકાળમાં જે જે શરીર, પ્રાણ, રૂપ અને નામના મોહમાં આત્માઓ મૂંઝાયા છે તેના મમત્વનો ત્યાગ કર્યા વિના, જ્ઞાનપૂર્વક કર્તવ્ય કર્મો કર્યા વિના કોઈ કાળે આત્માઓ પૂર્ણ મુક્ત થવાના નથી.

માટે ભવ્યાત્માઓ ! તમો જે ત્યાગ કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરો અને શુદ્ધાત્મપૂર્ણમહાવીરપ્રભુ, કે જે હૃદયમાં છે અને શરીરમાં છે, તેને પૂર્ણ પ્રેમથી ગ્રહણ કરો.

આત્મા તે જ પરમસત્ય છે. પૌદ્ગલિક પદાર્થો કોઈના થયા નથી અને થવાના નથી. આયુષ્યનો ભરોસો નથી. દુનિયાના સર્વ પદાર્થોનું રૂપાન્તરે પરિવર્તન થયા કરે છે. આ વિશ્વમાં કોઈ એક રૂપે રહ્યું નથી અને રહેવાનું નથી.

આયુષ્ય વીજળીના ઝબકારા જેવું ક્ષણિક છે, જળના તરંગની પેઠે યૌવન છે. અનેક ઉપઘાતો અને ઘાતોથી આયુષ્ય ભયવાળું છે મરતી વખતે જીવોની સાથે તન, ધન, પૃથ્વી વગેરે કંઈ જતું નથી. જે શરીર બળવાન દેખાય છે તે પણ વૃદ્ધાવસ્થામાં નિર્બળ થઈ જાય છે. વાસના, ઇચ્છા, તૃષ્ણાના સાગરનો કોઈ પાર પામ્યું નથી. કોઈનું ધાર્યું થતું નથી.

કર્માધીન જીવો શરીર છોડીને પરભવમાં રોતારખડતા ચાલ્યા જાય છે અને સગાંવહલાં બેઘડી શોક કરીને પોતે પણ સંસાર-સમુદ્રના પ્રવાહમાં તણાયાં કરે છે.

આ વિશ્વમાં કોઈનું અભિમાન છાજ્યું નથી અને કોઈને છાજવાનું નથી. કર્યાં કર્મ ભોગવ્યા વિના કોઈનો છૂટકો થયો નથી અને થવાનો નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ઇન્દ્રાદિકો કર્માનુસારે પ્રવર્ત્યા કરે છે.

આ વિશ્વમાં કોઈપણ પૌદ્ગલિક જડ પદાર્થનો મોહ કરવા યોગ્ય નથી.

આત્માઓ! તમારું સચ્ચિદાનંદ સ્વરૂપ સંભારો. જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ આત્માઓ! તમારા સ્વરૂપનો ખ્યાલ કરો. અને પ્રકૃતિના ઉત્તરોત્તર આનુક્રમિક ગ્રહણ–ત્યાગના નિયમ પ્રમાણે ત્યાગ વહો. પ્રકૃતિરૂપ સર્વ કર્મ મન–શરીરાદિના ઉત્તરોત્તર ઉત્તમોત્તમ ગ્રહણમાં આગળ વધો અને પાછળની પ્રકૃતિનો અનાસક્તિએ ત્યાગ કરો.

ગ્રહણ–ત્યાગ :

જડ વસ્તુઓના રાગથી પાછો દ્વેષ પ્રગટશે. જડ વસ્તુઓ તમારે માટે મરી જવાની નથી. જડ વસ્તુઓ પોતાનો ભોગ–ઉપભોગ કોણ કરે છે તે જાણી શકતી નથી.

સ્વાર્થમાં અંધ બનેલા મનુષ્યો મારું–તારું, ભેદ–ખેદ વગેરે કરીને અને અનેક પ્રકારનાં પાપકર્મો કરીને નીચ યોનિમાં જાય છે. ક્રોધાદિક કષાયોના ત્યાગ વિના ગમે તે આશ્રમમાં અને ગમે તે અવસ્થામાં સત્ય શાંતિ કોઈને મળી નથી અને કોઈને મળનાર નથી. કોઈપણ પદાર્થમાં આસક્ત થયેલા મનને આત્મજ્ઞાન વિના નિરાસક્ત કરી શકાતું નથી.

સાંસારિક પદાર્થોના ભોગો જ જીવોને દુઃખ, અસારતા, ક્ષણિકતા જણાવીને શુદ્ધાત્મા તરફ રાગ કરાવે છે અને જીવો ભોગોમાંથી પસાર થઈ આત્મયોગો તરફ વળે છે. જેઓ જ્ઞાનીઓ છે તેઓ સાંસારિક પદાર્થોના ભોગોમાંથી જલદી યોગો તરફ વળે છે, તેથી તેઓની વિદ્યુતવેગની પેઠે પ્રગતિ થાય છે.

ભોગો ભોગવવામાં રોગ–મૃત્યુ એ વિષ છે. તેના પરથી આસક્તિ ટળતાં ત્યાગરૂપ અમૃતત્વ મળે છે. આખી દુનિયાના સર્વ રુચિકર પદાર્થોનો અનંત ભવમાં અનંતીવાર ભોગોપભોગ કરવામાં આવે

હોય તેથી અનંત સત્ય સુખ કોઈને મળ્યું નથી અને મળનાર નથી. મનુષ્યો અને દેવો જ્યારે જડ પદાર્થોમાં સુખ નથી એવો અનુભવ પામે છે ત્યારે તેઓ આત્મજ્ઞાનરૂપ નિવૃત્તિમાર્ગમાં વળે છે અને આત્માનું સત્ય સુખ મેળવે છે.

તમારા સ્વાર્થથી અન્ય લોકોને દુઃખના માર્ગમાં પાડો નહીં. જડ પદાર્થો પર અહંત્વ–મમત્વ ધારણ કરીને વારંવાર જડ-કર્મ ગ્રહી જન્મમરણ કરવું યોગ્ય નથી. તમારી ભૂલોને જાતે તપાસો અને સર્વ દોષોનું મૂલ અહંતા–મમતા જાણી તેને પરિહરો.

જડમાં રાગ અને વૈરાગ્ય છે. મનમાં રાગ અને મનમાં વૈરાગ્ય છે. મનથી ગ્રહણ અને મનથી ત્યાગ છે. અશુદ્ધ રાગને ટાળનાર શુદ્ધ રાગ યાને શુદ્ધ વૈરાગ્ય છે. શુદ્ધ વૈરાગ્યની પેલી પાર શુદ્ધાત્મમહાવીરસ્વરૂપમાં ગ્રહણ–ત્યાગ, રાગ–વૈરાગ્ય, વ્રત–અવ્રત કશું કંઈ નથી.

જ્યાં સુધી ગ્રહણ–ત્યાગ છે ત્યાં સુધી વિકલ્પ-સંકલ્પ છે. વિકલ્પ–સંકલ્પ પણ ગ્રહણ–ત્યાગના ઉત્તરોત્તર ક્રમિક વિવેકથી ઉત્તમોત્તમ બની છેવટે નિર્વિકલ્પદશા થતાં ટળી જાય છે.

ભવ્યાત્માઓ! ઉત્તરોત્તર આત્મવિશુદ્ધિને ગ્રહો અને અશુદ્ધતાનો ત્યાગ કરો અને ધનાદિક જડપદાર્થોને સર્વ લોકોના બાહ્ય જીવનના ઉપયોગાર્થે ત્યાગો.

ચેતો :

જડ વસ્તુઓમાં રાગદ્વેષાદિથી ન મૂંઝાઓ. મનુષ્યો વગેરે સર્વ આત્માઓ ઉપર નિષ્કામ પ્રેમ ધારણ કરો. તેઓના દોષો તરફ ઉપેક્ષા રાખો તથા તેઓને ગુણો શીખવો. શરીર છે ત્યાં સુધી જડ વસ્તુઓ વિના ચાલવાનું નથી, પરંતુ જડ વસ્તુઓના મોહનો ત્યાગ કરો. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી મૂંઝાઓ નહીં. સત્ય વૈરાગ્યથી ઉદાસભાવને દૂર હટાવો.

જેઓને જે જે જ્ઞાનાદિ યોગોમાં રસ પડતો હોય તેમાં મશગૂલ રહો. વાસના અને તૃષ્ણાના ત્યાગ વિના બાહ્ય ત્યાગથી ખુશ ન થાઓ. દુઃખીઓને દિલાસો આપો. પોતાના પર આવી પડેલી વિપત્તિઓ અને ઉપસર્ગોનાં દુઃખો સહ્યા વિના કોઈને જ્ઞાનીની દશા પ્રાપ્ત થતી નથી.

જળવાળી ભૂમિને ખોદવાથી જેમ જળ નીકળે છે તેમ અનેક વિપત્તિઓ, પરિષહો, આળો, કલંકોના આઘાતોને આત્મભાવે સહન કરવાથી આત્માની શુદ્ધતા પ્રગટ થાય છે. જ્ઞાનીઓ અને ત્યાગીઓ સાતાવેદનીયકર્મ કરતાં અસાતાવેદનીયકર્મને સમભાવે ભોગવી આત્મોન્નતિમાં આગળ વધે છે. આધ્યાત્મિક ઉન્નતિ વિનાની બાહ્ય ધનાદિકની ઉન્નતિ ખરેખર ધૂમકેતુ ગ્રહના પૂંછડા જેવી ક્ષણિક છે. માટે આત્માના ગુણોની પ્રાપ્તિમાં આત્મભોગ આપો.

સ્થૂલ પૌદ્ગલિક જડ વિશ્વમાં શુભાશુભભાવ જ્યારે તમને ભાસશે નહીં ત્યારે તમો સ્થૂલ વિશ્વમાં કર્મથી લેપાવાના નથી. નામરૂપનો નાશ છે. નામ અને દેહાદિરૂપ પર જે મોહ રાખો છો તે મિથ્યા ભ્રાન્તિ છે. માટે મિથ્યા ભ્રાન્તિઓને પરિહરો.

તમારું તે તમારી પાસે છે. તમે તે હું છું અને હું તે તમો છો—એવું અકથ્ય અનુભવી દ્વિધાભાવ અને ભેદભાવને ભૂલી જાઓ. કાયાનો ગર્વ ન રાખો. પાણીના પરપોટા જેવી કાયાનો વિનાશ થતાં વાર લાગતી નથી. વારંવાર પ્રભુપદ—પરમપદ પામવાની સામગ્રી મળનાર નથી. હવે ચેતો. જરા માત્ર પ્રમાદ ન કરો. વિષયોની વાસના વિના સર્વાત્માઓની સાથે સંબંધમાં આવો અને તેઓને મારા ઉપદેશનો બોધ આપી પવિત્ર કરો.

ચેતન પોતાના જ્ઞાનથી પવિત્ર થાય છે. પરમાત્માની સાથે આત્માનો યોગ કરો. આત્મા તે જ પરમાત્મા છે. તમે સર્વે પરમાત્માસ્વરૂપ છો. જડ દ્રવ્યના સંબંધથી ઉત્તરોત્તર પ્રકૃતિના

આલંબન દ્વારા પ્રકૃતિરહિત શુદ્ધાત્મમહાવીરાદ્વૈત પરબ્રહ્મ બનો.

આત્મશુદ્ધિ :

મનુષ્યો વગેરેનાં શરીરો, મનો વગેરે યદ્યપિ ક્ષણિક અને પ્રકૃતિકાર્ય છે, તોપણ તેઓની પ્રાપ્તિ, તેઓની ઉન્નતિ અને રક્ષા વડે તેઓના આલંબનસાધનથી મુક્તિમાર્ગમાં ગમન કરાય છે.

ભવ્યાત્માઓ ! શરીરોની ઉપયોગિતા સમજો અને આત્મોન્નતિ માટે શરીરો પર આસક્તિ ન રાખો. જડ પ્રકૃતિની સહાય વિના આત્માની સ્વતંત્ર મુક્તતા થતી નથી.

જેને જે અધિકારે જે ત્યાગની જરૂર છે તેને તે થકી આત્મોન્નતિ છે. અધિકાર વિનાના ત્યાગથી પતિત થવું પડે છે. કોઈએ પોતાની શક્તિ પ્રમાણે ત્યાગમાર્ગ ગ્રહણ કર્યો હોય તેમાં સહાયક બનો.

અનાદિકાળથી આત્માઓ અને જડ દ્રવ્યો છે. બન્નેની શક્તિ અનંત છે. જડ વીરશક્તિ અને ચેતન વીરશક્તિનો વિવેક કરો. જડ શક્તિઓથી સત્યાનંદ મળતો નથી; આત્મશક્તિઓથી પરમાનંદ મળે છે. બાળકો, બાલિકાઓ, પુરુષો અને સ્ત્રીઓ સર્વોપાધિવાળાં દુઃખોની નિવૃત્તિરૂપ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

જેઓના આત્માઓ શુદ્ધ, સ્વતંત્ર, ત્યાગી બની શકે છે તેઓ વિશ્વના લોકોનું ઉત્તરોત્તર વિશેષ કલ્યાણ કરી શકે છે. જેઓએ શરીર કરતાં મન સુધાર્યું છે તેઓ પોતાનું તથા વિશ્વનું વિશેષ પ્રમાણમાં કલ્યાણ કરી શકે છે. જેઓએ મનને સુધારી આત્માની વિશેષ શુદ્ધિ પ્રાપ્ત કરી છે તેઓ વિશ્વના લોકોનું ઘણું કલ્યાણ કરી શકે છે.

શરીર કરતાં વાણીની, વાણી કરતાં મનની અને મન કરતાં આત્માની વિશુદ્ધોન્નતિ પોતાની તથા વિશ્વની પ્રગતિમાં અનંતગુણી ઉપયોગી છે.

ગામ, પુર, નગર, વન, નદી, પર્વત, દ્વીપ આદિ સ્થળોમાં રહેલા ત્યાગીઓ ફલાદિકથી જીવનનિર્વાહ ચલાવીને અને જ્ઞાન, યોગ, ભક્તિ આદિથી આત્મવિશુદ્ધિ કરીને મહાત્માઓ બની તેમ જ સર્વ પ્રવૃત્તિમાં સ્વતંત્ર બની વિશ્વનું કલ્યાણ કરે છે. ત્યાગીઓ પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે પ્રવૃત્તિ–નિવૃત્તિ, ગ્રહણ–ત્યાગ કરીને વિશ્વના લોકોને આત્મસુખનો લાભ આપી શકે છે.

આત્મસુખ પ્રાપ્ત કર્યા વિના કોઈ મનુષ્ય ઠરીને ઠામે બેસી શકતો નથી. પોતનું બૂરું કરનાર વિશ્વનું અશુભ કરવામાં ભાગી બને છે અને પોતાના આત્માની શુદ્ધિ કરનાર મહાત્મા સ્વયં વિશ્વ-કલ્યાણમાં ભાગી બને છે.

મનુષ્યો! દેવો! જાગ્રત થાઓ. ઊઠો. આત્મોન્નતિ કરો. સર્વ આત્માઓ હળીમળીને ચાલો અને પરસ્પર સહાય આપો.

સત્ય બોધ :

તમો તમારી ઉન્નતિ કરો. તમો અન્યાત્માઓની નિંદામાં ન પડો. અન્યો કરતાં પોતાને શ્રેષ્ઠ કે ઉત્તમ માનવાનો અહંકાર ન કરો. તમારામાં જે કંઈ સારું હશે તેનો પ્રકાશ થયા વિના રહેવાનો નથી. સત્યનો જય છે અને અસત્યનો છેવટે પરાજય છે, એવો વિશ્વાસ રાખી પ્રવર્તો.

તમો સર્વે એક સંઘાત્મા થઈને પ્રવર્તો અને એકબીજાના ભલામાં પ્રવર્તો. આત્માનું મૃત્યુ નથી અને આત્માનો જન્મ નથી. શરીરો તો વસ્ત્રની પેઠે બદલાય છે, એમ માની નિર્ભય બની બાહ્ય જીવને જીવો.

અત્યંત આસક્તિ એ જ સર્વ વિનાશનું મૂળ છે. બળવાનને દયા–ક્ષમા ઘટે છે. અશક્ત મનુષ્ય દયા–ક્ષમા કરી શકતો નથી. સમભાવની વિચારભાવનાથી આત્માની પુષ્ટિ કરો. વિશ્વના સર્વ જીવોને તમો સત્ય હૃદયથી ચાહો અને ચાહવામાં અનેક દુઃખોને

વેહશો એટલે સર્વ વિશ્વ તમને ચાહવા માંડશે.

પહેલાં તમો સારું કરી બતાવો એટલે લોકો સારું કરતાં શીખશે. જીવો અનુકરણશીલ છે. સારા બનો એટલે લોકો તમારું અનુકરણ કરી સારા બનશે. વાતો કરવાથી મહત્તા નથી. કરી બતાવો. શું કરવા માંગો છો એમ બોલવા કરતાં શું કરી શકયા અને શું કરી શકશો એમ પૂછો. બોલવા કરતાં કરી બતાવવું અનંતગણું શ્રેષ્ઠ છે. બોલતાં અને વિચારતાં કંઈ વાર લાગતી નથી, પરંતુ તે પ્રમાણે કરવામાં વાર લાગે છે, માટે ચારિત્ર્યની અનંતગુણી મહત્તા છે. કહેણી કરતાં રહેણીની અનંતગુણી મહત્તા છે.

જે મનુષ્ય જેનો અર્થી છે તે માટે તે પ્રયત્ન કરે છે. જેટલું જે સમજવાને લાયક હોય તેને તેટલું સમજાવો. જેટલું જે કરવાને લાયક હોય તેણે તેટલું કરવું. મારીને ધર્મ ન કરાવો, પણ સમજાવીને તેની ઇચ્છાનુસારે ધર્મ કરવામાં સહાયક બનો.

આ વિશ્વશાળામાં સર્વ જીવો અજ્ઞાનાવસ્થામાં વિદ્યાર્થી છે. તેઓને ભૂલ થતી દેખાડો અને નાના પ્રિય બાળકની પેઠે તેઓને સમજાવો, પણ ધિક્કારો નહીં. કોઈના આત્માને ધિક્કારવાથી તેની ઉન્નતિ કરી શકાતી નથી, પણ તેના આત્મામાં અનુભવજ્ઞાન કરાવ્યાથી તેઓની ઉન્નતિ કરી શકાય છે. આત્માઓ એકદમ મારા સર્વ સિદ્ધાંતો સાંભળી લે વાંચી લે તેથી તેઓ એકદમ સર્વ દુર્ગુણો અને દોષોને છંડી શકતા નથી તેમ જ એકદમ સંપૂર્ણ બની શકતા નથી. તેનું કારણ તેઓ પર આવેલાં મોહાદિ આવરણોની તરતમતા છે. માટે લોકોને શ્રવણ અને વાચન કરતાં જેટલું અનુભવજ્ઞાન થશે અને કર્મયોગે જેટલા પાકશે તે પ્રમાણે અનુક્રમે પ્રગતિમાર્ગથી તેઓ આગળ વધશે.

અતિશ્રવણથી કર્ણેન્દ્રિયની શક્તિ ઘટે છે. અતિવાચન વગેરેથી ચક્ષુ ઇન્દ્રિયની શક્તિ ઘટે છે. અતિધારણાથી વિચારણા અને તર્કશક્તિ આગળ વધી શકતી નથી. શરીર અને ઇન્દ્રિયનાં કર્મો

કરતાં જે જે શરીર અને ઇન્દ્રિયોના દોષો કરેલા હોય છે તે એ જ દેહથી અને ઇન્દ્રિયથી કર્મવિપાકો દર્શાવે છે તેનો ખ્યાલ કરો.

બીજાઓ શું કરે છે તેની નિંદા, ચર્ચા કે ટીકા ન કરો, પણ તમારું સર્વે તેઓને દેખવા દો. જો તમારું રુચશે તો તેઓ ગ્રહણ કરશે અને ગ્રહણ ન કરે તો તેઓનો ઉન્નતિક્રમ જુદા પ્રકારનો છે એમ સમજી સંતોષ ધારણ કરો.

મારા સર્વ ઉપદેશોની અપેક્ષાઓના સર્વ આશયોને અનેક દષ્ટિઓની અપેક્ષાએ સમજી એકવાક્યતા–એકતા–અવિરોધતા અનુભવી પ્રવર્તો. મારું ત્યાગજીવન બાહ્ય વ્યવહારની દષ્ટિએ વિશ્વના લોકોની ઉન્નતિમાં ઉપયોગી છે. બાકી શુદ્ધ નૈશ્ચયિક દષ્ટિએ તથા શુદ્ધ દ્રવ્યાર્થિક સત્તાદષ્ટિએ ગ્રહણ અગર ત્યાગ નથી. લોકસંગ્રહની દષ્ટિએ મારા વ્યાવહારિક વર્તનનો આદર્શ છે. અનેક જન્મોના ધર્માભ્યાસ વડે જીવો પરમાત્મમહાવીરપદને પામે છે. તમારું કર્તવ્ય કરો.

નિઃસંગ થાઓ :

સર્વ બાહ્ય વિષયોમાં નિઃસંગ રહો. જડ વસ્તુઓના પરિગ્રહમાં અને સર્વ જીવોના સંબંધોમાં નિઃસંગ રહો. બહારથી બહારની રીતે વર્તો અને અન્તરથી આન્તરદષ્ટિએ વર્તો. ઉત્સર્ગધર્મકાળમાં ઉત્સર્ગદષ્ટિએ વર્તો અને વ્યષ્ટિ–સમષ્ટિની દષ્ટિએ આપત્કાળમાં આપદ્ધર્મની મુખ્યતાએ વર્તો.

જે કાળે જે જે આપત્તિઓ આવેલી હોય તેઓ જે જે ઉપયોગથી હટે તે તે પ્રમાણે વર્તો. શુભ કર્મોદય વખતે સત્યયુગ છે અને અશુભ કર્મોદય વખતે સંકટ, આપત્તિ, દુઃખ વગેરેના યોગથી કલિયુગ છે. દુષ્ટ, પ્રપંચી અસુર રાક્ષસોની સાથે યુદ્ધમાં કલિયુગના આપત્તિધર્મ પ્રમાણે વર્તો અને આત્મામાં નિઃસંગપણાની ભાવના ભાવી આત્મયોગે વર્તો.

આત્મોપયોગથી અંતરમાં નિઃસંગપણાની ભાવના વર્તે છે

અને તેથી શરીર–ઇંદ્રિયોની સાથે પદાર્થોનો થયેલો સંગ બાધા કરવા કે કર્મબંધ કરવા શક્તિમાન થતો નથી. અજ્ઞાન કે ભ્રાન્તિ એ જ સંગ છે અને એના અભાવે આત્મા નિઃસંગ છે. સર્વ વસ્તુઓની વચ્ચોવચ્ચ રહેલ આત્મા સર્વ વસ્તુઓનો વિવેકપૂર્વક વ્યવહાર કરતાં નિઃસંગ છે.

મોહ તે જ લેપ અને તે જ સંગ છે. જ્યાં આત્મદૃષ્ટિનો ઉપયોગ છે ત્યાં નિઃસંગતા છે. એકવાર આત્માનો ઉપયોગ કર્યા બાદ સર્વ વસ્તુઓમાં મનન થાય છે અને જ્યારે સંગદશા થવાનો વખત આવે છે ત્યારે નિઃસંગતાનો ઉપયોગ જાગ્રત થાય છે. સર્વ વસ્તુઓનો લૌકિક દૃષ્ટિએ વિવેક કરીને જેઓ આસક્તિ વિના વિચરે છે તેઓ ખાતાં, પીતાં, જાગતાં, ઊંઘતાં, હસતાં, રોતાં, સુખમાં, દુઃખમાં નિઃસંગી રહે છે અને કલિના આપદ્ધર્મ પ્રમાણે યુદ્ધાદિ કર્મોમાં નિઃસંગ રહે છે. જેટલી આત્મજ્ઞાનદશા તે પ્રમાણે નિઃસંગદશા રહ્યા કરે છે. ગુરુકૃપાએ નિઃસંગત્વ પ્રાપ્ત થાય છે. નિઃસંગતા પ્રાપ્ત કરવાની જેના હૃદયમાં રુચિ પ્રગટે છે તે નિઃસંગ બની શકે છે. ગૃહસ્થ–ત્યાગાદિ સર્વાવસ્થાઓમાં નિઃસંગદશા પ્રગટે છે અને તેથી બાહ્યોપાધિઓમાં પણ આત્મામાં નિરુપાધિદશાનો—મુક્તદશાનો—અનુભવની સ્વતંત્રતાનો ખ્યાલ આવે છે.

ભવ્યાત્માઓ ! નિઃસંગ બનો. સર્વ પ્રકારની ઉપાધિઓથી આત્માને નિર્મળ, અસંગ અને સ્વતંત્ર અનુભવો. આત્માના અજ્ઞાનથી બંધન છે અને આત્મજ્ઞાનથી મુક્તિ છે. તેથી મુક્ત દશા કે નિઃસંગદશા પામવા માટે કોઈની ખુશામત કરવાની કે કોઈનો ભય પામવાની જરૂર નથી.

સર્વ ક્રોધાદિ વૃત્તિઓની જાળને ધરનાર મોહરૂપ જાલંધરને હણવા માટે આત્મોપયોગરૂપ જાલંધરબંધ કરો, કે જેથી જાલંધરરૂપ મોહ–દૈત્યનો ક્ષણમાં વિનાશ થશે. અજ્ઞાન એ જ વિશ્વરૂપ દાનવ છે. ચેતનારૂપે જે આત્મા છે તે અજ્ઞાનથી જડ વિશ્વરૂપને

પોતાનું રૂપ માની લે છે. તેનો આત્મજ્ઞાનરૂપ વિષ્ણુ નાશ કરે છે. માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરો.

કામરૂપ વૃત્ર દૈત્યનો વૈરાગ્યરૂપ વિષ્ણુદેવ નાશ કરે છે, માટે કામરૂપ વૃત્રાસુરનો વૈરાગ્ય વડે નાશ કરો.

મિથ્યાત્વમોહનીયની ત્રિપ્રકૃતિરૂપ પુરવાળા ત્રિપુરાસુરનો સમ્યગ્દર્શનરૂપ મહાદેવ હૃદયાવકાશમાં રહીને નાશ કરે છે, માટે તેનો અન્તરમાં અનુભવ કરી નિઃસંગ બનો.

મિથ્યાત્વમોહરૂપ નમુચિ પ્રધાનનો સમ્યગ્જ્ઞાનરૂપ વિષ્ણુ બનીને નાશ કરો.

ઉત્પાદ–વ્યય–ધ્રુવ એ ત્રણ પાદવાળો આત્મા રત્નત્રયીરૂપ ત્રિપાદથી વિષ્ણુ બની વર્તે છે.

અસંખ્ય મોહભાવના પરિણામરૂપ દૈત્યોનો નાશ કરનાર શુદ્ધાત્મા એ જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરાદિ અસંખ્ય દેવોનો સ્વામી પરબ્રહ્મ મહાવીર દેવ છે. તે જ તમે પોતે છો, એમ જાણી નિઃસંગ થાઓ.

ભવિષ્ય :

જૈન સાધુઓ અને સાધ્વીઓની સેવા કરો. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુના શાસનવર્તી સાધુઓ અને સાધ્વીઓને વંદો, પૂજો, સ્તવો.

આ આરામાં પ્રથમ તીર્થંકર પ્રજાપતિ બ્રહ્મા શ્રી ઋષભદેવ ભગવાન થયા. તેમને જ કાશ્યપ ઋષીશ્વર જાણવા. તેમના પછી અજિતનાથ, સંભવનાથ, અભિનંદન, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભુ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિનાથ અને ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ થયા.

મારા અને શ્રી પાર્શ્વનાથ વચ્ચે અઢીસો વર્ષનું આંતરું જાણવું. બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિનાથના સમયમાં કૃષ્ણ અને બળદેવ તથા પાંચ પાંડવો અને કૌરવો થયા. શ્રી મુનિસુવ્રત તીર્થંકરના સમયમાં રામ અને રાવણ થયા.

શ્રી અરિષ્ટનેમિનાથ અને પાર્શ્વનાથના આંતરામાં ભરતરાજાના સમયથી ચાલ્યા આવેલા વેદોમાં મિશ્રતા થઈ. મારા પછી જૈનધર્મમાં બાહ્ય વેષક્રિયાદિ ભેદોથી અનેક મતો થશે અને નાસ્તિકો ઘણા પ્રકટશે, તોપણ જૈનધર્મ અખંડ રીતે પ્રવર્ત્યા કરશે. કોઈ કોઈ વખત અસુર લોકોનું સામ્રાજ્ય વધશે, પણ પાછું સુર એવા લોકોના બળથી એ નષ્ટ થશે. મારા શાસનમાં સર્વ લોકો આત્મજ્ઞાન પામી વિશ્વના લોકોને સત્ય સામ્રાજ્યમાં લાવશે.

આત્મા અને જડ એમ બે તત્ત્વો અનાદિકાળથી છે અને તે બે અનંત છે. જડ અને ચેતન એ બે દ્રવ્યોના પર્યાયોના સંઘર્ષણ અને એ બેના સંબંધથી આ જગત છે.

મારા દેહના વિલય પછી અઢીહજાર વર્ષ ગયા બાદ ઇન્દ્રાદિક દેવો મારા ભક્તોનાં હૃદયોમાં અવતરીને જૈનધર્મના સર્વ સંપ્રદાયોમાં અને શાખાઓમાં અભેદભાવ સ્થાપન કરશે. તેથી જૈનો સામાન્ય વ્રતાચાર, વેષાનુષ્ઠાન, ક્રિયા–તિથિ–શાસ્ત્રના મતાંતરોમાં પરસ્પર મધ્યસ્થ બનશે. તેઓ વેષ-ક્રિયા-તિથિભેદ, પર્વભેદ, ચારિત્રભેદ આદિ બાહ્ય મતભેદોમાં વિશેષ કંઈ દેખશે નહીં અને મારા શુદ્ધાત્મસ્વરૂપની ભક્તિ, જ્ઞાન, ઉપાસના વગેરેમાં સાધ્યદૃષ્ટિથી વર્તશે. અનેક વેષ, આચાર અને ક્રિયાદિ બાહ્ય ભેદોવાળા પણ મારી સાથે અભેદથી વર્તનારા સાધુઓ તથા સાધ્વીઓ, શ્રાવકો તથા શ્રાવિકાઓની સેવાભક્તિ કરશે અને ચતુર્વિધ મહાસંઘ–મહાસામ્રાજ્ય ઉત્તરોત્તર સારી રીતે ચાલશે.

મારા ભક્તો મારી સેવાભક્તિમાં એકનિષ્ઠાવાળા થશે અને તેઓ નાસ્તિકો વગેરેથી તથા દેવોની પરીક્ષાથી પણ ચલાયમાન

થશે નહીં. જ્યારે હું સમવસરણમાં બેસી આજથી સાડાબાર વર્ષ પછી ચતુર્વિધ સંઘના મહાસામ્રાજ્યની સ્થાપના કરીશ ત્યારે ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, સુધર્મા વગેરે અગિયાર ગણધરોને સ્થાપીશ. તેઓ દ્વાદશાંગીની રચના કરશે. ગૃહસ્થોના સંસ્કારો, પૂજા, મંદિર, મંત્રાદિક સૂક્તોવાળા નિગમોની રચના કરશે. ગણધરો ચતુર્દશ પૂર્વની રચના કરશે. ચાર અનુયોગની રચના થશે. સ્થવિરો પ્રકરણ, પયન્ના વગેરેની રચના કરશે. તીર્થંકરોના ઇતિહાસનાં પૂર્વનાં પુરાણોના સારવાળાં પુરાણોને મુનિઓ રચશે. સૂત્રગ્રન્થો, આગમગ્રન્થો વગેરે શાસ્ત્રો બ્રાહ્મી આદિ લિપિઓમાં લખાશે અને શાસ્ત્રોમાં મતભેદ પ્રગટશે ત્યારે આચાર્યાદિનાં હૃદયોમાં ઇન્દ્રાદિકો અવતરી અને શાસનભેદ ટાળી આત્મારૂપ જૈનધર્મમાં લોકોને દાખલ કરશે.

**સર્વોપાધિ રહિત આત્મવીરદશા :**

આત્મા સત્ છે. તે જ ચિત્ અને આનંદરૂપ છે. તે જ હું મહાવીર અને તમે છો. સર્વ વિશ્વ છે. આત્માની સ્વતંત્રતા એ જ ખરી સ્વતંત્રતા છે. આત્મા વિના એકલા જડની ઉપાસના, પૂજા કરનારા અને તેથી સ્વતંત્રતા માનનારા અજ્ઞાની જીવો જડ છે. આત્માની સ્વતંત્રતામાં સર્વ વિશ્વની સ્વતંત્રતા સમાય છે. પંચભૂતોનું સામ્રાજ્ય ગમે તેટલું ઉત્તમ હોય તોપણ તે આત્મસામ્રાજ્ય આગળ તો તૃણવત્ છે.

ભક્તિ, જ્ઞાન, સેવા, ઉપાસના, કર્માદિ સર્વ યોગોનું મૂળ આત્મા છે. આત્મા તરફ લક્ષ્ય રાખી વેષ-ક્રિયાદિ બાહ્ય મતાંતરોની મમતા, વાસના, પક્ષપાત છોડો અને આત્મામાં લગની લગાવો. શરીર અને પ્રાણાદિ કરતાં આત્માને પૂર્ણ પ્રિય માનો.

આત્મા સર્વ ગુણોરૂપ છે. સત્યમાં રમનાર આત્મા સત્યરૂપ સુધા છે.

સત્ આત્મા અને અસત્ જડ વસ્તુ એ બેમાં રમવાની સ્થિતિ તે દ્વાપર યુગ છે.

આત્મા, મન અને શરીર ત્રણમાં રમવાની સ્થિતિ તે ત્રેતાયુગ છે.

આત્મા, મન, શરીર અને બાહ્ય ભોગોમાં રમવાની કલેશ, મૃત્યુ કે દુઃખદશા તે કલિયુગ છે.

મનુષ્યો એક અવતારમાં ચારે યુગોને પસાર કરે છે. એક મનુષ્ય રાતદિવસમાં ષટ્ આરાઓનો અનુભવ કરે છે.

આત્મજ્ઞાન વડે પરમાત્મદશામાં રમણતા અને પરમાનંદની પ્રાપ્તિ તે સુષમસુષમકાળ જાણવો.

જીવન્મુક્તદશાના આનંદને પામવા પછીનો કાળ તે સુખ-કાલનો (સુષમ) આરક જાણવો.

સુખદુઃખ બન્નેનો ભોગ તે સુખદુઃખરૂપ (સુષમદુષમ) ત્રીજો આરો જાણવો. આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી એ આરામાં શાતા અને અશાતા બન્ને વેદવાં પડે છે.

દુઃખસુખ ( દુષમસુષમ ) નામના ચોથા આરામાં આત્મા મુખ્યતાએ દુઃખ વેદે છે અને ગૌણતાએ સુખ વેદે છે.

જ્યાં દુઃખ અવસ્થા જ ભોગવવી પડે છે તે દુઃખ (દુષમ) નામનો પાંચમો આરો છે. આત્માની અજ્ઞાન અને મોહાવસ્થાની સ્થિતિ તે પંચમારક છે.

જ્યાં દુઃખો ઉપર પાછાં દુઃખો જ ભોગવવાં પડે છે એવી મહામોહ અજ્ઞાનાવસ્થાને દુઃખદુઃખ (દુષમદુષમ)રૂપ છઠ્ઠો આરો જાણવો.

અજ્ઞાન અને મોહવાસનાઓ જેમ જેમ ટળે છે તેમ તેમ દુઃખ ટળે છે અને આત્મસુખનો અનુભવ થતો જાય છે અને તેમ

તેમ આત્મામાં ઉત્તમોત્તમ આરાની સ્થિતિ અનુભવાય છે અને છેવટે શુદ્ધાત્મપરબ્રહ્મમહાવીર સ્વરૂપ પામતાં સર્વ આરાઓની પેલી પારની નિરાકાર અનંત જ્યોતિની પ્રાપ્તિ થાય છે.

આત્મામાં આત્માના જ્ઞાનાદિ ગુણોનો સર્ગ થયા બાદ અજ્ઞાન અને મોહાદિનો સર્વથા ક્ષાયિકભાવે પ્રલય થાય છે, તેથી પુનઃ બાહ્ય જન્મમરણાદિ સર્ગ–લયની કદાપિ પ્રાપ્તિ થતી નથી.

વેષ, ક્રિયા, આચાર, વ્યવહાર આદિના કાયદાઓ અને નિયમોમાં ગૂંચવાયેલ તેમ જ મોહ પામેલ મનુષ્ય આત્મજ્ઞાન વિના સંસારમાં અનેક જન્મો લીધા કરે છે. આત્માની સ્વતંત્રતામાં ચૌદ રાજલોકની શહેનશાહી રહેલી છે. બાહ્ય સુખ માટે અનેક પ્રકારની પરતંત્રતા અને કાયદા–કાનૂનથી સાક્ષાત્ પરતંત્રતા કે ગુલામી વેઠનારા પુરુષો અને સ્ત્રીઓને સત્ય સુખ-શાંતિની ગંધ પણ અનુભવમાં આવતી નથી.

તમારાં નામરૂપને ભૂલી જાઓ અને તે એવાં ભૂલી જાઓ કે મારાં નામરૂપની જ્યોતિ વિના બીજું તમને કશું યાદ ન આવે આ પ્રમાણે મારામાં લીન બની મારામાં સર્વ વિચારો, આચારો અને પ્રવૃત્તિઓનું અર્પણ કરો કે જેથી અહંતા કે મમતા ન પ્રગટે અને સર્વાવસ્થામાં નિર્લેપ રહી શકો.

મનુષ્યો ! દેવો ! મારા ઉપદેશ પ્રમાણે ચાલો. બાહ્ય દુનિયામાં મરેલા મડદાની પેઠે માન-અપમાન સુખ-દુઃખ, લાભ-અલાભથી રહિતપણે વર્તો એટલે તમારા આત્માઓમાં મહા પરમ જ્યોતિ પ્રગટશે. અને તેથી દેશ, કાળ, નામ અને રૂપાદિથી અનવચ્છિન્ન અર્થાત્ અમર્યાદિત પરબ્રહ્મમહાવીર સ્વરૂપનો સાક્ષાત્કાર કરી કૃતકૃત્ય બનશો. ઉપદેશ શ્રવણ કરી તે પ્રમાણે વર્તો.

**પિંડમાં બ્રહ્માંડનો અનુભવ કરો :**

પિંડ અને ચૌદ રાજલોકરૂપ બ્રહ્માંડનો અનુભવ કરો. ચૌદ રાજલોકની જેટલી રચના છે તેટલી મનુષ્યશરીરની રચના છે.

ચૌદ રાજલોકમાં જેટલી વસ્તુઓ છે તેટલી મનુષ્યશરીરમાં છે.

મનુષ્યશરીરમાં નાભિથી સાત રાજલોક ઉપર છે અને સાત રાજલોક નીચે છે. મનુષ્ય શરીરમાં નાભિથી ઉપર ત્રણ ચક્ર છે. અને નાભિથી નીચે ત્રણ ચક્ર છે. ચૌદ રાજલોકમાં જેવી તીરછી નાડી છે તેવી મનુષ્ય શરીરમાં ગુદાથી મસ્તક પર્યન્ત ગયેલા મેરુદંડમાં સુષુમણા નામની તીરછી નાડી છે. નાભિથી ઉપર દિવ્ય બાર દેવલોકની આધ્યાત્મિક રચના છે. ગળાના ભાગમાં નવ ગ્રૈવેયક-ની રચના છે અને બે ભમરોની વચમાંથી ત્રિવેણી–ત્રિપુટી છે. ત્યાંથી પાંચ અનુત્તર વિમાનો આવે છે. નાભિથી નીચે સાત નરકો-ના સાત રાજલોક છે.

શરીરની રચના પ્રમાણે ચૌદ રાજલોકની રચના છે. શરીરમાં નવગ્રહો છે, સાત સમુદ્રો છે. જેટલાં દ્રવ્યશરીરો છે તેટલાં બહાર ચૌદ રાજલોકમાં છે. માટે જ પિંડના જ્ઞાનથી અને આત્મજ્ઞાનથી બ્રહ્માંડ-નું જ્ઞાન થાય છે.

પિંડમાં જે સૂક્ષ્મ છે તે બહાર બ્રહ્માંડમાં કેટલુંક સ્થૂલ છે પિંડનો ઉત્પાદ–વ્યય છે અને દ્રવ્યપણે પિંડદ્રવ્યનું ધ્રુવત્વ છે, તેમ ચૌદ રાજલોકમાં સર્વ દ્રવ્યોના પર્યાયોમાં ઉત્પાદ–વ્યય થયા કરે છે અને દ્રવ્યરૂપે તો ધ્રુવત્વ છે.

પિંડમાંનાં જડ અને આત્મદ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ કારક ઔદયિકભાવે તથા પારિણામિક-ભાવે વર્તે છે, તેમ ચૌદ રાજલોકમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ ષટ્કારક વર્ત્યા કરે છે.

મનુષ્યશરીરમાં રહેલું આત્મદ્રવ્ય નિત્ય છે. મનુષ્યશરીરમાં રહેલ આત્મા જેમ પર્યાય દૃષ્ટિએ અનિત્ય છે, તેમ ચૌદ રાજલોકના આત્માઓના જે જ્ઞાનાદિ પર્યાયો છે તે જ્ઞેય તથા જ્ઞાનના પરિણામના ફેરફારની અપેક્ષાએ અનિત્ય છે.

ચૌદ રાજલોકમાં જેનું અસ્તિત્વ નથી તેનું મનુષ્યપિંડનું અસ્તિત્વ નથી.

ઉપચરિત–વ્યવહારદૃષ્ટિએ આત્મારૂપ ઈશ્વર મનુષ્યશરીરનો કર્તા છે અને કર્મની દૃષ્ટિએ જોઈએ તો શરીરનો કર્તા કર્મ છે, તેમ ચૌદ રાજલોકમાં જડ અને આત્મા એ બે તત્ત્વોનો ઔદયિકભાવ તથા બન્ને ભિન્ન છતાં નયદૃષ્ટિએ જડ–ચેતન સર્વ સંઘદૃષ્ટિએ કર્તાહર્તા છે, પરંતુ શુદ્ધ દ્રવ્યસત્તાએ સ્વસ્વ દ્રવ્યના કર્તા સ્વસ્વ દ્રવ્ય છે તથા કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં દ્રવ્યદૃષ્ટિએ પરિણમતું નથી.

આત્મા અનંતજ્ઞાન અને જ્ઞેય ધર્મોનો પ્રકાશક છે, તેથી જ્ઞાનદૃષ્ટિએ જ્ઞેય સૃષ્ટિનો કર્તાહર્તા આત્મા છે. આત્મા પોતાનો પ્રકાશ કરે છે અને અન્ય જડ વસ્તુઓનો પણ પ્રકાશ કરે છે, તેથી સ્વપર-પ્રકાશક એવો આત્મા છે. પિંડ અને બ્રહ્માંડની સર્વ વ્યવસ્થા એક સરખી છે, તેથી જેઓ સ્વાત્માની શુદ્ધતા કરે છે તેઓ અન્યોની શુદ્ધતા કરી શકે છે.

શરીરસૃષ્ટિની ઉત્પત્તિના હેતુ જે જે ઉપાદાન અને નિમિત્ત કારણો છે તે તે ઉપાદાન અને નિમિત્ત એ બન્ને કારણોનો જે સમૂહ છે તે બ્રહ્માંડ છે, માટે તેને કર્તાહર્તા તરીકે જાણવો.

મનુષ્યશરીર પ્રતિ કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ જેમ કર્તાહર્તામાં હેતુઓ છે, તેમ વિરાટ શરીરરૂપ ચૌદ રાજલોકની ઉત્પત્તિ અને વ્યયમાં પાંચ કારણો જાણવાં.

જે જે રાજલોકનું જ્ઞાન કરવું હોય તે તે રાજલોક માટે પિંડમાં પણ તે તે સ્થાનકમાં ધ્યાન ધરવું. પિંડ અને બ્રહ્માંડની સમાનતા અને એકતાનું ધ્યાન ધરવાથી ચૌદ રાજલોકનું જ્ઞાન થાય છે.

શરીરનાં બાર, આઠ અને સોળ સ્થાનકોમાં ધારણા, ધ્યાન અને સમાધિરૂપ સંયમ કરવાથી અનેક બાબતોનું જ્ઞાન થાય છે અને

પિંડ તેમ જ બ્રહ્માંડમાં આત્મવીરનું ધ્યાન ધરવાથી લોકનું તથા અલોકનું જ્ઞાન થાય છે.

પદસ્થ, પિંડસ્થ અને રૂપાતીત ધ્યાન ધરવાથી આત્મવીર તે પરમાત્મમહાવીર સર્વજ્ઞ થાય છે.

ભવ્યાત્માઓ ! મારું સ્વરૂપ ઓળખો અને ધ્યાન ધરીને કેવલજ્ઞાન પામો.

રાગદ્વેષનો ક્ષય કરો :

રાગદ્વેષવાળી સર્વ વૃત્તિઓનો, અધ્યવસાયોનો, પરિણામોનો ઉપશમ કરો, ક્ષયોપશમ કરો અને તેઓનો સર્વથા ક્ષય કરી વીતરાગ પરમાત્મા બનો. રાગદ્વેષવાળી વૃત્તિઓનો કરવા માટે આત્મ-સ્વરૂપમાં ઉપયોગ રાખો. આત્માથી ભિન્ન રાગદ્વેષની વૃત્તિઓ પર રાગ અને દ્વેષ ન કરતાં અને આત્મામાં જ આત્મસ્વભાવે પૂર્ણ પ્રેમથી પરિણમતાં સ્વયમેવ રાગદ્વેષવૃત્તિઓનો નાશ થાય છે.

રાગદ્વેષપોષક મન છે. તેને આત્મામાં રોકવાથી રાગદ્વેષની વૃત્તિઓ શાંત બની ક્ષયતાને પામે છે. જેમ જેમ રાગદ્વેષવૃત્તિઓનાં આવરણો ક્ષય પામે છે તેમ તેમ આત્માનું જ્ઞાન વિશેષ અને વિશેષ તરતમયોગે પ્રકાશ પામે છે. જેમ જેમ રાગદ્વેષની વૃત્તિઓ ક્ષીણ થતી જાય છે તેમ તેમ જૈનોમાં જિનત્વ પ્રગટતું જાય છે, તેમ તેમ જિનાત્મા સર્વ વિશ્વો પર ઉચ્ચ સામ્રાજ્ય ભોગવવા તથા સર્વના જીવોને વીતરાગ જિનદશા તરફ આકર્ષવા સમર્થ થાય છે.

આત્માઓ ! જિન બનો, વીતરાગ બનો. તમે જે જે અંશે જિન થશો તે તે અંશે વિશ્વોપયોગી થશો.

જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો પર કાબૂ રાખો, મન અને બુદ્ધિ પર કાબૂ રાખો,

રાગદ્વેષની વૃત્તિઓ જ સંસાર છે અને તે જ સૂક્ષ્મ કે

ઉપાદાન કર્મ છે. રાગદ્વેષની વૃત્તિઓને જેમ જેમ ક્ષીણ કરશો તેમ તેમ આત્માનુભવમાં ઊંડા ઊતરશો. રાગ વા દ્વેષની વૃત્તિ જાગ્રત થાય કે તે સાથે આત્મોપયોગથી વૃત્તિઓને દાબો અને શુદ્ધોપયોગના બળે આત્મામાં મનને રમાડો એટલે મનમાં રાગદ્વેષની વૃત્તિઓ પ્રગટી શકશે નહીં.

વિશ્વની ભૌતિક શહેનશાહીને લીંટ સમાન જાણો. ભૌતિક સત્તાના સામ્રાજ્યને હલાહલ વિષ સમાન જાણો. રાગદ્વેષના વૃત્તિઓ ખરાબ છે એવા બોલવામાત્રથી રાગદ્વેષનો ક્ષય થતો નથી. રાગદ્વેષનાં પરિણામોથી અનંત જન્મો ધારણ કર્યા અને અનંત જન્મોમાં અનંત જીવોને રાગદ્વેષની પરિણતિથી દુઃખી કર્યા તેનું રહસ્ય વિચારો રાગદ્વેષવૃત્તિઓ એ જ લેપ છે અને એ જ ગ્રન્થિ તથા સંગ છે. તેના અભાવે આત્મા નિર્લેપ નિઃસંગ અને નિર્ગ્રંથ છે.

વીતરાગ આત્માઓ આ વિશ્વમાં સર્વ લોકોથી મહાન અને પુજય છે. રાગદ્વેષને જીતનારા જિનો છે, અને રાગદ્વેષને જીતનારાઓના ભક્તો જૈનો છે. જૈનોની મુક્તિ માટે જે જે કર્મો, વિચારો કે સાધનોનું અનુષ્ઠાન અને આત્મપરિણમન ઇત્યાદિ કરાય છે તે સર્વ જૈનધર્મ છે.

યુવાવસ્થામાં આત્માની શુદ્ધતા કરો. રાગદ્વેષની વૃત્તિઓને અશુભમાંથી શુભમાં વાળો અને ઉપયોગમાં આત્માની શુદ્ધતાની રમણતા કરતાં શુભ રાગદ્વેષનો પણ સર્વથા ક્ષય થશે. પૂર્વે થયેલા સર્વ તીર્થંકરોના અનુયાયી જૈનોએ રાગદ્વેષની વૃત્તિઓને હટાવી વિશ્વના જીવોની ઉન્નતિ કરી છે.

રાગદ્વેષથી મલિન મનવાળાઓ પાસે જેટલી સત્તા, શક્તિ, ધન, વિદ્યા અને બળ હોય છે તેનો રાગદ્વેષ વડે બૂરામાં ઉપયોગ થાય છે. એવા રાગદ્વેષવાળા જડ જેવા લોકોની સંગતિને પરિહરો. રાગદ્વેષથી ભરેલા જડ જેવા લોકો પોતાની સર્વ શક્તિઓનો દુરુપયોગ કરે છે. રાગદ્વેષનો જય કરનારા જૈનો તમે જિનો બનો.

ધર્મધ્યાનના ચાર અને શુક્લધ્યાનના ચાર પાયાની ભાવના ભાવો અને પશ્ચાત્ એ ચાર પાયાનું ધ્યાન ધરો. સર્વ કર્તવ્ય-કર્મો કરો અને રાગદ્વેષની વૃત્તિઓને આત્મોપયોગથી જીતો. રાગ-દ્વેષનો જય કરવાથી દિવસ કે રાત્રીમાં ગમે ત્યારે મુક્ત થશો. વેષ, ક્રિયાનુષ્ઠાન, શાસ્ત્રરાગ આદિ બાહ્યમાં ન મૂંઝાતાં ગમે તે વેષે ગમે તે કર્મ કરતાં આત્માની શુદ્ધતાનો ઉપયોગ ધારણ કરો. આત્મામાં રમણતા કરો. મતભેદ, વિવાદ અને ખંડનમંડનથી તથા સર્વ ભાષા અને સર્વ શબ્દોના પાંડિત્યના અહંકારથી વિરામ પામી સત્ય સરળ હૃદયવાળા જૈન બનો અને જિન બની પૂર્ણ સ્વતંત્ર-રૂપે પ્રકાશો.

મારી પાછળ આવો :

દેવો અને મનુષ્યો ! મારી પાછળ આવો. અંધકારથી મારા તરફ પ્રકાશમાં આવો. મોહમાંથી નીકળી મારા તરફ અમોહમાં આવો. જન્મમરણમાંથી નીકળી અજન્મ અમરદશા તરફ આવો. મારા માર્ગમાં વિચરો અને ઉન્માર્ગની પ્રવૃત્તિનો અને અશુભ વિચારોનો ત્યાગ કરો. સર્વ ઔદયિક નામરૂપનો મોહાધ્યાસ ભૂલી જાવ અને શુદ્ધાત્મોપયોગમાં સદા રમો. મર્યાદિત દૃષ્ટિની પેલી તરફ અનંત-દૃષ્ટિ છે અને તે જ મારી દૃષ્ટિ છે. તે દૃષ્ટિથી સત્ય દેખો. અનંત અસ્તિ-નાસ્તિધર્મવાળું મારું સ્વરૂપ ઓળખો અને તે પ્રાપ્ત કરો. આત્માનું જડ વિષયોમાં જે પરિણમન થયું છે તેનું પરાવર્તન કરીને આત્મામાં તેનું પરિણમન કરો.

મારી પાછળ આવતાં તમારે આડી કે વિષમ દૃષ્ટિ ન કરવી. તમો મારી પાછળ સમભાવદૃષ્ટિથી ચાલ્યા આવો. મારી પાછળ પ્રકાશ તરફ આવતાં હજારો લાખો કરોડો જડ અને ક્ષણિક વિષયોના સુખની લાલચોથી વાટમાં વિસામો કરી વિરામ ન પામો. મારી પાછળ તમો સર્વ ભયોથી રહિત થઈ અને નિર્ભય બની ચાલ્યા આવો. તમો અષ્ટસિદ્ધિઓના દર્શનથી જરામાત્ર

લોભ ન પામો. મારી પાછળ ભક્તિ, જ્ઞાન, ઉપાસના, કર્મયોગી બની ચાલ્યા આવો. મારા માર્ગમાં ચાલનારા અનેક આત્માઓ છે. કોઈ કોઈનાથી આગળ છે અને કોઈ કોઈનાથી પાછળ છે. તેઓની ટીકા કે ચર્ચા કરવાનો તમારો અધિકાર નથી. તમો તમારી તરફનું લક્ષ રાખી આગળ ચાલતા આવો.

મારી પાછળ આવવામાં તમોએ જે જે દેહાદિ જડ વસ્તુઓમાં અહંત્વ–મમત્વ માન્યું હોય અને દેહજીવનને જીવન માન્યું હોય તે ભૂલી જાઓ, તેની મૂર્છા ઉતારો. મારી પાછળ આવતાં મારા વિના અન્ય કોઈ પર દૃષ્ટિ ન નાંખો. મારી પાછળ આવવામાં મારા વિના અન્ય કશામાં ચિત્ત ન રાખો અને શુદ્ધાત્મસ્વરૂપ વિના અન્ય સ્વરૂપને ન દેખો. સર્વત્ર બાહ્ય–અંતર જ્યાં જ્યાં તમારી વૃત્તિ કે દૃષ્ટિ જાય ત્યાં ત્યાં શુદ્ધાત્મસ્વરૂપને જ ફક્ત દેખો. બાકી બીજું બધું ભૂલી જાઓ.

મારી તરફ આવવા માટે પૂર્ણ ઉત્સાહી બનો અને સર્વ જડભાવમાં નિઃસંગ બનો. સર્વ પૌદ્ગલિક અનંત જ્યોતિઓની પેલી પાર જે ચિદાનંદજ્યોતિ છે તે જ મારી અને તમારી જ્યોતિ છે. તે જ મારું અને તમારું એક અને અભિન્ન પરમસ્વરૂપ છે, એમ પૂર્ણ નિશ્ચય કરી તે તરફ આવો અને તેમાં સર્વ વૃત્તિઓનો લય કરો. જે જ્ઞાનમાં સર્વ જ્ઞેયોની સૃષ્ટિ જ્ઞેયપરિણામે પરિણમે છે તેનું કારણ પૂર્ણ જ્ઞાન છે. તેમાં તમે લીન થાઓ. તે સર્વ જ્ઞાનસૃષ્ટિનું અસાધારણ કારણ છે.

જેમાં વિશેષતઃ રતિ કરવા લાયક નથી એવા વિષયોના રાગથી દૂર રહો. મારી તરફ આવવાના અસંખ્ય નાનામોટા માર્ગો છે. તેમાં સ્વાધિકારે અને ભવિતવ્યતાએ વહેતાં એકબીજાના માર્ગનું ખંડન ન કરો. તમે જે માર્ગેથી મારી તરફ આવો છો તેના કરતાં અન્ય અસંખ્ય માર્ગોથી આત્માઓ મારી તરફ આવે છે.

અસંખ્ય માર્ગોથી મારી તરફ અવાય છે. એકેક માર્ગથી

અનંત જીવો શુદ્ધાત્મપદને પામ્યા છે. એક માર્ગમાં પણ બાહ્ય વેષ, ક્રિયા અને મનના પરિણામના ભેદવાળા અસંખ્ય જીવો ગમન કરે છે અને છેવટે શુદ્ધાત્મભાવે પરિણમી સૌ એકસરખા સમાન સિદ્ધ બને છે.

અમારી સાથે આવનારાઓ પૂર્ણ વિશ્વાસ અને પ્રેમથી આવો. મન–વાણી–કાયા પર પ્રકાશ પાડનારા આત્માની સાહજિક પ્રેરણાથી અમારી પાછળ આવો. દુનિયાની ગાડરિયા રીત છોડીને અમારી પાછળ આવો. જડ સુખ કરતાં આત્મસુખ પર પૂર્ણ શ્રદ્ધા ધારણ કરીને અમારી પાછળ આવો. સર્વ પ્રકારની આસક્તિ વિના જ્ઞાનયોગીઓ અને કર્મયોગીઓ બની અમારી પાછળ આવો. બળીને ભસ્મ થઈ અમારી પાછળ આવો. શરીરમાં હોવા છતાં શરીરના મમત્વભાવથી રહિત બની અમારી પાછળ આવો.

તમો જેવા ભાવે મને ભજશો તેવા ભાવે માર્ગમાં તમને મળીશ. મારા માટે પ્રાણ ખોનારાઓને મારા પ્રાણ મળશે. મારા માટે બાહ્યનું સર્વ ભૂલનારાઓને અંતરનું સર્વ મળશે.

ઉત્તરોત્તર આત્મવીર પાસે જવામાં વચમાં કોઈ સ્થાને વિસામો કરશો, તો તેટલો વખત નકામો જશે અશક્ત જીવો માગમાં વિસામો લઈને મારી તરફ આવે છે. સર્વ બાજુઓથી મારી તરફ આવનારાઓ યાત્રિકો છે અને તેઓનો કાળક્ષેત્રાદિ ઉપાધિભેદે આસન્ન કે દૂરતર ભેદ તે વસ્તુતઃ ભેદ છે જ નહીં.

જૈનધર્મના માર્ગમાં ચાલનારાઓ તમો પરસ્પર એકબીજાનો હસ્ત પકડી, એકબીજાને સહાય આપી આગળ ચાલો. મારી પાસે આવનારાઓ તમો મારામય બની જાઓ અને સર્વ વિશ્વને મારામય દેખી આગળ ચાલો અને તમારી પાછળ વહેનારાઓને બોલાવો.

મન–વાણી–કાયા તમારા આત્માની પાછળ ચાલે એવી રીતે મુસાફરી કરો. મારી પાછળ ચાલનારા ચતુર્વિધ જૈનો અપ્રમત્ત અને સાવધાન રહો. મારી પાછળ ચાલનારાઓ તમો નાસ્તિકો વગેરેના

ભમાવ્યાથી આડાઅવળા ન જાઓ. મારી પાછળ ચાલનારા તમો કષાય–લૂંટારાઓનો વિશ્વાસ ન રાખો, વિષયરૂપ વૃક્ષોનાં વિષફળ ન ખાઓ.

મારા માર્ગમાં ચાલનારાઓ તમો શૂરતા, ઉદ્યમ, સાહસ, ધૈર્ય, જ્ઞાન, ખંત, ચીવટ, સંતોષ, ખબરદારી, ચતુરાઈ, વિશુદ્ધ પ્રેમ, પ્રામાણિકતા, ધ્યાન, એકલક્ષ્યતા આદિ ગુણોને ધારણ કરી આગળ વહો. ઊઠો, જાગ્રત થાઓ અને પૂર્ણ વિશ્વાસથી મારી તરફ દષ્ટિ ફેરવી ગમન કરો.

મારા પર જેટલો શ્રદ્ધાપ્રેમ છે તે પ્રમાણમાં હું તમારો સહાયક છું. જેવા રૂપે દેખવા ઇચ્છશો તેવા રૂપે હું તમારી આગળ દેખાઈશ. જેવા રૂપે મળવા માગશો તેવા રૂપે હું મળીશ. મારી પાછળ આવનારાઓ! તમારા ધ્યેયરૂપ હું બની તમને માર્ગમાં ચાલવાની શક્તિ આપું છું, પણ કર્મોદયથી તમને દુઃખો અને સંકટો પડે તેથી અવિશ્વાસી બની પાછા ન ફરો.

મારા માટે જેટલા વહેલા મરશો તેટલા વહેલા મને મળશો અને જીવશો. મારામાં મન રાખીને આવનારા ગૃહસ્થો અને ત્યાગીઓને હું પોતે આત્મા જ મનમાં સત્ય સ્ફુરણાઓ પ્રગટાવીને આગળ ચલાવીશ. તમો છો તે હું જ આત્મા છું—એવા ભાવે હું તમારા રૂપ બની બોલું છું અને તમને શુદ્ધાત્મરૂપ હું છું તેનો છેવટનો ખ્યાલ આપું છું.

મારામાં તમને એકીભાવે રસનાર શુદ્ધ પ્રેમરસ છે.

શરીરધારી ચેતન એ બ્રહ્માંડ છે. એવાં અનંત બ્રહ્માંડો ચારે બાજુઓથી મારા તરફ ગમન કરે છે અને મારા તરફ આવે છે. મારા શુદ્ધાત્મપરબ્રહ્મરૂપમાં રંગાઈને મારી પાસે આવો. ચતુર્દશ ગુણસ્થાનકક્રમારોહી થઈ મારી પાસે આવો અને મારા સમ બનો.

ત્યાગાવસ્થામાં સાડાબાર વર્ષ પછી તમો મારી પાસે આવશો. ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવસ્થામાં મારા શુદ્ધાત્માને એક જાણો. તમારું કલ્યાણ થાઓ! શાંતિ, સુખ પામો!

★

## ૯. પ્રભુના કુટુંબીઓ વગેરેએ કરેલી સ્તુતિ

નંદિવર્ધન ભૂપ : પ્રભો મહાવીરદેવ ! આપનો ઉપદેશ મારા હૃદયમાં પરિણામ પામ્યો છે. આપ આત્મદષ્ટિએ તો બહિરંતર સર્વત્ર મારી પાસે છો, પરંતુ આપનું સાકાર પ્રભુ સ્વરૂપ દૂર જતાં એક ક્ષણ પણ કોટિ વર્ષ સમ લાગે છે.

હવે પ્રભો ! વાતવાતમાં, ખાતાંપીતાં, સર્વ કાર્યમાં ‘ વીર વીર ’ કહીને કોને બોલાવીશ ? કોની આગળ મારા હૃદયની વાતો કહીશ ? આપની એક ક્ષણમાત્રની સંગતિમાં જે સુખ રહ્યું છે તે ત્રણ ભુવનના રાજ્યની પ્રાપ્તિમાં નથી. હું સ્વર્ગલોકાદિકને ઇચ્છતો નથી, હું તો આપની સંગતિને જ ઇચ્છું છું.

હે પ્રભો ! અમારે તો એક આપનો આધાર છે. કોઈ વખત મને સંભારશો. આપના ભક્ત પાસે, પ્રભો ! કૃપા કરીને પધારશો. મારી પ્રાર્થના છે કે આપની તરફના સંદેશા મોકલાવતા રહેશો.

હે પ્રભો ! હું શું કહું ? મારા હૃદયને આપ જાણો છો. ભક્તિના પ્રેર્યા પ્રભો ! વિશ્વોદ્ધાર કરતા કરતા અત્રે પધારશો.

*

શ્રી યશોદાદેવી : પરબ્રહ્મ, વહાલમ, પ્રિયતમ, પ્રભો ! આપનાં દર્શન, સેવા, ભક્તિ વિના હું કશું કંઈ ઇચ્છતી નથી. આપનું શરીર ગમે ત્યાં હો, તોપણ આપ મારા હૃદયમાં છો.

સ્વામીનાથ! આપના કર્તવ્યમાં આપ વિજય મેળવો. ભારત, આર્યદેશાદિકનો ઉદ્ધાર કરો.

તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણથી રહિત આપ ત્રિગુણી બ્રહ્મા વિષ્ણુ, મહેશ્વરાદિ, વ્યષ્ટિ અને સમષ્ટિ સર્વ દેવો અને દેવીઓના પ્રભુ છો. તેઓ આપનું ધ્યાન ધરે છે. આપ સત્તારૂપ શુદ્ધાત્મ મહાવીર દેવ છો. આપના અનંતમા ભાગે અનંતકોટિ બ્રહ્માંડો છે. આપની જ્ઞાનાજ્ઞા પ્રમાણે સર્વ વિશ્વચક્ર પ્રવર્તે છે.

આપના કાર્યમાં મંગલ હો. આપનાથી હું અનન્ય અને એક-સ્વરૂપ છું. આપનો ઉપયોગ એ જ મારે આધાર છે. આપનું શરણુ હો. આપ પરમાત્માનો એક ક્ષણ વિયોગ ન રહો. હું આપની કૃપા વિના કશું ઇચ્છતી નથી. કૃપા કરી અત્ર સાકાર દેહસ્વરૂપે પધારશો.

હું આપને નમું છું, વન્દુ છું અને સ્તવું છું.

*

સત્યરૂપા : સત્તા–વ્યક્તિ–જ્ઞાનાદિસ્વરૂપ મહાવીરદેવ પ્રભો ! આપને વંદન, નમન હો.

આપનો જે માટે અવતાર થયો છે તે કાર્ય પૂર્ણ કરો. સર્વ વિશ્વનો ઉદ્ધાર કરવા આપ પ્રભુ સમર્થ છો.

આપે આજ સુધી ગૃહસ્થાવાસમાં ધર્મોદ્ધારનાં અનેક કાર્યો કર્યાં છે. આપ ગમે ત્યાં જાઓ, પણ અમારી પાસે છો એવી રીતે જોવાની આપે જ્ઞાનદૃષ્ટિ મને તથા શ્રીમતી યશોદાને આપી છે. બાહ્યાંતરરૂપે આપ પાસે જ છો, તેથી શોક પ્રગટી શકતો નથી.

પ્રભો ! કૃપા કરીને અત્ર પધારશો અને અમને ત્યાગાવસ્થા-નો લાભ આપશો.

ત્યાગાવસ્થામાં બારવર્ષ પર્યન્ત યોગાભ્યાસ, ધ્યાન, સમાધિ વગેરે યોગોને ત્યાગીઓ સાધે તે માટે આપ ત્યાગીઓને બાર

વર્ષ મૌન સમાધિ સાધવાનું અનુકરણ કરી બતાવશો અને પશ્ચાત્ ઉપદેશાદિ ધર્મપ્રવૃત્તિ સેવશો. બાર વર્ષમાં આપ જ્યારે ખપ પડશે ત્યારે અલ્પ પ્રમાણમાં ઉપદેશ દેવાનું કાર્ય કરશો.

ભાષાસમિતિની ગૌણતા અને વચનગુપ્તિની મુખ્યતાએ મૌન બની આપ વિશ્વમાં વિચરશો. પશ્ચાત્ આપ અહીં પધારશો. આપની સંગતિ વિના કશું ઇચ્છવા યોગ્ય નથી.

આપને વન્દન, નમન હો.

*

પ્રિયદર્શના : પ્રભુ સર્વ તીર્થેશ્વર જનક મહાવીરદેવ ! આપને વંદન, નમસ્કાર હો.

પ્રભો ! આપ દૂર વનમાં જાઓ છો તેથી મારું હૃદય ફાટું-ફાટું થઈ જાય છે, મૂર્છા આવે છે. બે આંખે શ્રાવણ ભાદરવો વહે છે. આપના સમાગમ વિના સર્વ દિશાઓ શૂન્ય દેખાય છે.

આપનું મુખ પુનઃ દેખીશ ત્યારે આનંદ પામીશ. આપને શું કાર્ય બાકી છે કે વનમાં જાઓ છો ? આપ પરબ્રહ્મ છો. આપની આજ્ઞા પ્રમાણે પ્રકૃતિ વર્તે છે. આપ વિના મુક્તિ, સ્વર્ગ વગેરે કાંઈ હું બીજું ઇચ્છતી નથી. આપનાં મન, વાણી, કાયા અને આત્મા સર્વ પ્રભુરૂપ છે.

હે પ્રભો ! મારા સામું એકવાર કૃપા લાવી દેખો અને પાછા આવવાનો દિલાસો આપો. હું આપની નજીક છું. માટે આપની પાસે મને રાખશો.

ભૂપતિ નંદિવર્ધન, શ્રી સત્યરૂપા અને મારી માતા યશોદા-દેવી તથા હું ઘરમાં આપની ગૃહસ્થાવાસની અનેક અવસ્થાઓની છબીઓને પૂજીશું, સ્તવીશું. આપને મંગલ થાઓ.

*

મામા ચેટક રાજા : પ્રિય વર્ધમાન મહાવીર દેવ ! આપને

નમું છું, પૂજું છું, સ્તવું છું.

પ્રભો! આપ પરમેશ્વર છો. આપની અનંત કલાઓ છે. આપનું અનંત સ્વરૂપ લક્ષમાં આવી શકે તેમ નથી. ઉપશમદૃષ્ટિએ દેખનારાઓને આપ ઉપશમસ્વરૂપ છો, ક્ષયોપશમદૃષ્ટિએ આપ ક્ષયોપશમ સ્વરૂપ અને ક્ષાયિકદૃષ્ટિએ દેખનારાઓને આપ ક્ષાયિકદૃષ્ટિ સત્તાસ્વરૂપ છો. ઔદયિક દૃષ્ટિએ દેખનારાઓને આપ સાકાર ઔદયિક સ્વરૂપ છો અને પારિણામિક દૃષ્ટિએ દેખનારાને આપ આત્મજીવનરૂપ છો. અસંખ્ય દૃષ્ટિએ આપ અસંખ્યદૃષ્ટિ સ્વરૂપ છો.

આપના શાસનવર્તી લોકો આપને પોતાના ભાવ પ્રમાણે પામશે.

આપની જ્ઞાનધારા સર્વ જીવો પર પડશે તેથી જીવોની શુદ્ધિ થશે. પરા અને પશ્યંતીમાં આપના શુદ્ધાત્મમહાવીરસ્વરૂપનો ખ્યાલ આવે છે. ત્રિપુટીથી ઉપર પ્રાણવાયુ ચઢતાં યોગીઓને અશુદ્ધ ભાવ આવતો નથી. આપનું શરણ હો!

આપનાં ગુણગાન ગાવામાં જ મારું કલ્યાણ છે અને આપના ચરિત્રને સાંભળવામાં તથા કહેવામાં મને મુક્તિનો અનુભવ થાય છે. આપનો જાપ જપવાથી મને આપનો સાક્ષાત્કાર થાય છે. આપના વિના હું કશું કંઈ ઇચ્છતો નથી. આપના પર વિશુદ્ધ પ્રેમ પ્રગટ્યો છે. શ્રીમતી યશોદાને આપનો આધાર છે. વહેલા વહેલા કૃપા કરી દર્શન દેશો. આપની ઉન્નતિ થાઓ.

પ્રેમભાવે વંદું છું, નમું છું, સ્તવું છું. આપ જે કંઈ કાર્ય કરો છો તે સદા અમને પ્રિય લાગે છે. આપનું કલ્યાણ થાઓ. આપની કૃપાથી અમારું કલ્યાણ થાઓ.

*

બૃહસ્પતિ ઋષિ : પ્રભો મહાવીર પરમાત્મન્! આપને નમું છું, વન્દું છું, પૂજું છું.

આપે ગૃહસ્થાવાસમાં અનેક ચમત્કારો કર્યા છે. આપે

આંધળાઓને આંખો આપી. બોબડાઓને બોલતા કર્યા. બહેરાઓને સાંભળતા કર્યા. અપંગોને પગ આપ્યા. પક્ષાઘાતના રોગીઓને નીરોગ કર્યા. વંધ્યાઓને સંતાનો આપ્યાં. વૃદ્ધોને જુવાન બનાવ્યા. અલ્પ ભોજનથી લાખો કરોડો મનુષ્યોને જમાડ્યા. અનીતિવાળાઓને નીતિવાળા કર્યા. ગાંડાઓને ડાહ્યા કર્યા. મોહભાવથી મરેલાઓને જ્ઞાનામૃત પાઈ જીવતા કર્યા. કુપાત્રોને સુપાત્ર કર્યા. જેણે જે ઇચ્છયું, તેને તે આપ્યું.

આપે આપનું વિરાટ સ્વરૂપ દેખાડી લોકોને શ્રદ્ધાવન્ત કર્યા. ગૃહસ્થાવાસમાં જ આપે ભારતાદિ દેશોમાં વિશ્વોદ્ધારનો સંદેશ સર્વત્ર પ્રચાર્યો.

આપને ભજતાં જેઓ ગાંડા થશે તે આપને પામશે. આપને નહીં ઓળખનારા એવા દેવ. મનુષ્ય કે તિર્યંચથી આપને ઔપચારિક દૃષ્ટિએ ઉપસર્ગ થશે અને તેથી લોકો આપની અલૌકિક ક્ષમા, ઉદારતા, મહત્તાનો ખ્યાલ કરશે. જેની જેવી રુચિ હશે તે રુચિએ આપને અવલંબી આપનું પદ પામશે.

બ્રહ્માંડવર્તી સર્વ દેવો અને દેવીઓ વગેરેનું અસંખ્ય સાગરોપમ વર્ષ સુધી ભજન કરતાં મુક્તિપદ ન મળે તે જ મુક્તિપદ આપના શુદ્ધાત્મસ્વરૂપનું સ્મરણ-મનન કરતાં બે ઘડીમાં મળશે, એવો નિશ્ચય છે માટે આપનું શરણુ સર્વદા હો.

પંચમ આરામાં આપનું શાસન પ્રવર્તશે. આપનો જેઓ જાપ કરશે, ભજન, સ્મરણ, મનન કરશે, તેઓ સાગરોપમ વર્ષનું ફળ એક જન્મમાં અને તેમાં પણ ઉત્કૃષ્ટ યોગે અંતર્મુહૂર્તમાં પામશે.

આપ શુદ્ધ દ્રવ્યસત્તારૂપ મહાવીરપ્રભુને નારાયણ, કશ્યપ, વસિષ્ઠ, વ્યાસ, દેવલ, પંચશિખ, કપિલ, મનુ, અત્રિ આદિ સર્વ ઋષિઓ, કે જે આપની સામે ઊભા રહી આપને જોઈ રહ્યા છે. તે આપને નમે છે, વન્દે છે, પૂજે છે, સ્તવે છે અને સત્ય, વ્યાપક

અને શુદ્ધાત્મસાધન એવા જૈનધર્મરૂપ આપના સ્વરૂપને આરાધે છે. આપ વિશ્વોદ્ધાર કરો. સ્વયંભૂ! આપનું શરણ સ્વીકારું છું.

## યાદી

શુદ્ધાત્મમહાવીર દેવ! યાદી, તુજ કરી દિલમાં ઘણી,
ધ્યાને થયો તું ધ્યેય ને, ભાસ્યો હૃદયમાં જગધણી;
યાદી પ્રભો! તુજ પળપળે, બીજું ન રુચે તુજ વિના,
જય જય પ્રભો! મહાવીર જિન, શુદ્ધાત્મ છો સોહામણા. ૧

યાદી બળે પ્રત્યક્ષ થૈ, દર્શન કરાવ્યાં તેં વિભો!
સાકાર–નિરાકારરૂપે, દર્શને દેખ્યા પ્રભો!
દર્શન આપો આપનાં, નિશ્ચયનયે નિજ દૃષ્ટિથી,
પ્રત્યક્ષ દેખે યાદી શું? પરોક્ષ દૃષ્ટિ સૃષ્ટિથી. ૨

સહુ જાતનાં શાસ્ત્રો તણી, વાચનપ્રવૃત્તિ નહીં રહી,
પ્રત્યક્ષમાં સંદેહ શો, પ્રત્યક્ષ દર્શનથી સહી;
પ્રત્યક્ષ આપોઆપ મહાવીર, સર્વભાવે પેખિયા,
પ્રત્યક્ષ મહાવીર જગધણી, સહુ રૂપથી જગ દેખિયા. ૩

ત્રણ કાળના સહુ જીવનાં, નામો જ રૂપો તેહ છે,
શ્રી વીર પ્રભુનાં નામ ને રૂપો જ આત્મિક એહ છે;
જે ભાવથી વીર સેવિયા, તે ભાવથી મુજને મળ્યા,
જેની જ જેવી દૃષ્ટિ, તેને તે જ રૂપે જગ ફળ્યા. ૪

મહાવીર પ્રભુને ધ્યાવતાં, મહાવીરરૂપે ભાસિયો,
પ્રત્યક્ષમાં યાદી નહીં, આપો જ આપ પ્રકાશિયો;
પ્રત્યક્ષ દીઠા જ્યોતિના, સાગર પ્રભુ વ્યાપક સદા,
તલભાર ભ્રમણા નહીં રહી, આત્મપ્રભુને નિરખતાં. ૫
ગાવું જ આપોઆપને, ધ્યાવું જ આપોઆપને,
યાદી જ આપોઆપની, ભૂલ્યો જ મોહ વિલાપને;
માનવજીવનમાં આત્મનું, જીવન મઝાનું અનુભવ્યું,
પરોક્ષ યાદી એ સહી, આત્મિક સુખને ભોગવ્યું. ૬

પ્રત્યક્ષ અનુભવજ્ઞાન ને, દર્શન થકી મૃત્યુ ટળ્યું,
આવિર્ભાવે અમરતા, સ્વાતંત્ર્યપદ પટમાં મળ્યું;
સાક્ષી ન બીજાની રહી, આપો જ આપ પ્રકાશતાં,
તર્કો ટળ્યા સંશય સહુ, અનુભવ ભજે જ વિલાસનાં. ૭

લૌકિક સંજ્ઞાઓ ટળી, નિજ આત્મસંજ્ઞા નહીં હવે,
દિશિ દેખાડે શાસ્ત્રગણ પણ, શાસ્ત્રસંજ્ઞા નહીં હવે;
તુજ યાદીમાં જે હેતુઓ, ઉપકાર તેઓનો થયો,
ગુર્વાદિના અવલંબને, શુદ્ધાત્મભાવે ઊભરયો. ૮

પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવ, શુદ્ધાત્મા-મહાવીર એકતા,
એ આત્મસત્તાએ લહી, રસ: પામતાં થૈ લીનતા;
પરબ્રહ્મ આનંદરસ લહ્યો, બાકી ન બીજો રસ રહ્યો,
બુદ્ધ્યબ્ધિ આપોઆપ, પૂર્ણાનંદનો રસિયો થયો. ૯



## ૧૦. ત્યાગ–સંયમનું સ્વરૂપ

યશોદા : પરમદેવ મહાવીર પ્રભો ! આપ ત્યાગ–સંયમમાં આરૂઢ થવાના છો, તો હવે કૃપા કરીને ત્યાગ–સંયમનું સ્વરૂપ સમજાવશો.

શ્રી મહાવીર દેવ : યશોદા દેવી ! આ વિશ્વમાં ત્યાગ સમાન કોઈ ઉત્તમ ધર્મ નથી. મન, વાણી, કાયા, ધન, સત્તા વગેરેનો પરમાર્થમાં ત્યાગ કરવો તે ત્યાગ છે. માનસિક પરિણામની અપેક્ષાએ ત્યાગના અસંખ્ય ભેદ છે. જે જડ વસ્તુઓ આત્માની નથી તેઓમાંથી આત્મબુદ્ધિનો ત્યાગ કરવો તથા જડ વસ્તુઓમાં થતા અહંત્વ–મમત્વનો ત્યાગ થવો તે ત્યાગમાર્ગ યાને ચારિત્રમાર્ગ છે. જેમ જેમ ત્યાગ થતો જાય છે તેમ તેમ આત્માનાં આનંદ, સુખ અને આત્મબળ વિકાસ પામે છે.

દરેક જડ ચીજની ઉપયોગિતા અને આવશ્યકતા જેટલી વધારવી હોય તેટલી વધે છે અને જેટલી ઘટાડવી હોય તેટલી ઘટે છે. જડ વસ્તુઓનો સુખને માટે સંગ્રહ કરવામાં આવે છે અને એ સંગ્રહને માટે આશા–લોભમાં મશગૂલ બની અનેક જાતનાં માનસિક, વાચિક અને કાયિક પાપ કરવામાં આવે છે. તેથી ઊલટી દુ:ખની પરંપરામાં વૃદ્ધિ થાય છે અને સત્ય સુખ મળતું નથી. તેથી મૃત્યુસમયે જીવો પશ્ચાત્તાપ કરી હાથ ઘસે છે.

આત્મજ્ઞાન થાય છે ત્યારે ત્યાગની ઉપયોગિતા સમજાય છે. આત્મા જ્યારે આત્માના સ્વરૂપમાં પરિણમે છે ત્યારે સ્વયમેવ ત્યાગ થઈ શકે છે. તે સાહજિક નૈશ્ચયિક ત્યાગ છે. મનમાં પ્રગટતા કામ, ક્રોધ, લોભ, માન, માયા, મત્સર આદિ દુર્ગુણોનો ત્યાગ કરવાથી ત્યાગમાર્ગની સિદ્ધિ થાય છે. જેમ જેમ સંયમ દૃઢ થતો જાય છે તેમ તેમ ત્યાગમાર્ગમાં વિશેષ અભિક્રમ થતો જાય છે. સંયમ ત્યાગને ખીલવે છે અને ત્યાગથી સંયમ ખીલે છે. જડ વસ્તુઓમાં રાગ અને દ્વેષભાવે પરિણમ્યાથી સંસાર છે. અને જડ વસ્તુઓમાં રાગ અને દ્વેષભાવે ન પરિણમવું તે ત્યાગ કે મોક્ષ છે.

ભવ્યાત્માઓ જડ વસ્તુઓમાં અહંત્વ—મમત્વભાવથી મુક્ત થાય છે ત્યારે તેઓ રાગદ્વેષરૂપ દ્વંદ્વથી અતીત થઈ શુદ્ધાત્મ એક અદ્વૈતરૂપે થઈ રહે છે. તેઓ રાગદ્વેષના દ્વૈત વિના અદ્વૈત બની, મનમાં ઊપજતા ભેદભાવને દૂર કરી આત્મામાં સર્વત્ર અભેદભાવે પરિણમે છે. મન, ઇન્દ્રિયો, શરીર, પ્રાણ એ સર્વે આત્મોન્નતિનાં સાધનો છે, પણ તેમાં મમત્વ અને અહંભાવના ત્યાગરૂપ ત્યાગ હોય છે તો આત્મા કોઈપણ સ્થાને પ્રતિબદ્ધ થતો નથી. અને તેને વિશ્વમાં કોઈ પરતંત્ર કરવા સમર્થ થતું નથી. તેના આત્માનો અનંતગુણ પ્રકાશ ઉત્તરોત્તર ખીલે છે. આત્માની ઉન્નતિમાં જે સ્વાર્થ સાધનરૂપ બને છે તે સ્વાર્થ નથી, પણ વસ્તુતઃ પરમાર્થ છે. એવા પરમાર્થરૂપ ત્યાગ માટે જે જે આત્મભોગો આપવા પડે તે ત્યાગ છે.

ત્યાગબળ સમાન કોઈ બળ નથી. દેશ, સંઘ, રાજ્યાદિકની ઉન્નતિમાં પણ દ્રવ્ય અને ભાવરૂપ ત્યાગ વિના એક પગલું પણ આગળ ભરી શકાતું નથી. ત્યાગ વિના આત્મશ્રદ્ધાબળ ખીલતું નથી. ત્યાગમાં સેવા, ભક્તિ, યજ્ઞાદિક સર્વ ધર્મો અને તેનાં કર્મો સમાય છે.

**વૈરાગ્ય :**

વૈરાગ્યથી ત્યાગમાર્ગમાં પ્રવેશ થાય છે. સાંસારિક જડ વસ્તુ-

એમાં મોહ હોય છે ત્યાં સુધી વૈરાગ્ય નથી. કોઈપણ જડ વસ્તુ પોતાની થઈ નથી અને થવાની નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિથી પ્રવર્તતાં કોઈને કદાપિ સત્ય સુખ મળ્યું નથી અને મળનાર નથી. વીજળીના ચમકારાની પેઠે જડ પદાર્થોની ક્ષણિકતા છે. સંધ્યા–રાગની પેઠે જડ ભોગો ક્ષણમાં ટળી જાય છે. હાથીના કાનની પેઠે લક્ષ્મી ચંચળ છે. તે લક્ષ્મીમાં વસ્તુતઃ લક્ષ્મીપણું નથી. જે જે પદાર્થો મોહક લાગે છે તે ફક્ત મનમાં પ્રગટેલા મોહથી મોહક લાગે છે. વસ્તુતઃ તે જડ પદાર્થો મોહક અને સુખદાતા નથી. ફક્ત તેમાં સુખની ભ્રાંતિથી જીવો ભ્રાન્ત બની મનુષ્યજન્મ હારી જાય છે.

સંસારના સર્વ જડ પદાર્થોમાં કિંચિત્ પણ સુખરૂપ સાર નથી. તેમાં સાર માનવો તે અજ્ઞાન મોહ છે. મહાદેવો, દાનવો, દેવેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ જડ વસ્તુરૂપ લક્ષ્મીના વૈભવથી સત્ય સુખ પામ્યા નથી અને પામશે નહીં. કોઈની સાથે જડ લક્ષ્મી, સત્તા, શરીર વગેરે ગયાં નથી. અહંતા, મમતા એ જ મોહ અર્થાત્ માયા છે. તેના કહેવા પ્રમાણે જે જીવો વર્તે છે તેઓ ચોરાસી લાખ જીવયોનિમાં વારંવાર જન્મ–મરણ પામ્યા કરે છે. જે શરીર પર મોહ થાય છે તે શરીર પાણીના પરપોટાની પેઠે નાશ પામે છે. જડ પદાર્થો અનેક ઉત્પાદ–વ્યયનાં પરિવર્તન પામ્યા કરે છે. સંસારમાં સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ પદાર્થો પરિવર્તનશીલ અને ક્ષણિક છે, તેમ તે જડ દ્રવ્યપણે ધ્રુવ છે.

અનાદિકાળથી આત્માઓ મોહના સંગે શરીરોને ગ્રહણ કરે છે અને મૂકે છે. સંસારમાં કોઈ કોઈનું શરણ નથી. પૂર્વે શ્રી ઋષભદેવના અઠ્ઠાણુ પુત્રોએ સંસારની અનિત્યતા સમજી ત્યાગમાર્ગ ગ્રહણ કર્યો હતો અને આત્માના અનંત સુખને પામ્યા હતા. સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ તથા સત્તરમા કુંથુનાથ અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથ ચક્રવર્તી હતા. તેઓ છ ખંડના ભોક્તા

હતા. તેઓએ જડ વસ્તુઓની અસારતા અને અનિત્યતા જાણી ત્યાગમાર્ગ ગ્રહણ કર્યો હતો, કરોડો મનુષ્યોને સંયમમાર્ગમાં ચઢાવ્યા હતા અને પોતે પરમાનન્દને પામ્યા હતા.

શરીરના રૂપસૌન્દર્યનો ભોગ કરતાં કોઈને તૃપ્તિ થઈ નથી અને ભવિષ્યમાં કોઈ ને થનાર નથી. ચામડીના ભોગથી કોઈને સત્ય સુખ થયું નથી અને થનાર નથી. પુરુષ અને સ્ત્રીનાં શરીરની ચામડીના રૂપમાં અનેક લોકો મોહ પામે છે અને તેમાં સુખની બુદ્ધિથી પરસ્પર પ્રેમ અને મેળને ધારણ કરે છે, પરંતુ ત્યાં વસ્તુતઃ સત્ય પ્રેમ, સત્ય સુખ અને સત્ય મેળ નથી. જડ વસ્તુઓના ભોગ માટે થતો પ્રેમ તે વિશુદ્ધ પ્રેમ નથી, પરંતુ કામમોહ છે. તેઓનો મેળ પણ સત્ય હોતો નથી. અનેક પ્રકારનાં રૂપમાં મોહ પામેલાઓ અજ્ઞાનરૂપ અંધકારમાં પ્રવેશ કરી અનેક પ્રકારનાં કષ્ટ અને દુઃખો પામ્યા છે, પામે છે અને પામશે. સ્પર્શસુખ માટે લોકો રાત્રિદિવસ મૈથુન અને કામપ્રવૃત્તિમાં ગૂંથાઈ, મારા બોધથી વિમુખ વર્તી અનેક પ્રકારનાં દુઃખો પામ્યા છે, પામે છે અને પામશે. વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં થયેલો રાવણરાજા પરસ્ત્રીસંગના મોહથી મહા દુઃખ પામ્યો હતો.

વૈરાગ્યથી ત્યાગની સિદ્ધિ થાય છે, વૈરાગ્યથી સંયમની સિદ્ધિ થાય છે અને વૈરાગ્યથી શુદ્ધ પ્રેમ તેમ જ વિશિષ્ટ ભક્તિની સિદ્ધિ થાય છે. વૈરાગ્યબળે અન્યાય, અનીતિ, દુષ્ટ કામ, જુલ્મ આદિ પાપકર્મોનો નાશ થાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી ત્યાગમાર્ગમાં મૃત્યુ પામતાં લેશમાત્ર ભીતિ પ્રગટતી નથી. સર્વ પ્રકારના અશુદ્ધ રાગદ્વેષના અભાવ વડે વૈરાગ્યભાવનો પ્રગટભાવ થાય છે. સર્વ પ્રકારની અશુભ આસક્તિઓનો નાશ કરનાર જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. આ વિશ્વમાં નિરાસક્તપણે સર્વ કર્તવ્યકર્મો કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવામાં વૈરાગ્યની અત્યંત જરૂર છે. સર્વ પ્રકારના રાગાદિ કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય કરનાર તથા જડ વસ્તુથી

ભિન્ન સર્વાત્માઓ પર વિશુદ્ધ પ્રેમ પ્રગટાવનાર વૈરાગ્ય છે. મોહક વસ્તુઓના અત્યંત સંબંધમાં આવવા છતાં તેમાં રાગ ન પ્રગટે એવી ભાવનાને વૈરાગ્ય જાણો.

વૈરાગ્યબળે દેહવીર્યની અને બ્રહ્મચર્યની રક્ષા થાય છે, તથા આત્મા ઇન્દ્રિયો અને મનનો ગુલામ કદાપિ બની શકતો નથી. વૈરાગ્યબળે અને મારી શ્રદ્ધાબળે ગમે તેવો પાપી મનુષ્ય ક્ષણમાં મારા સ્વરૂપને ઓળખે છે અને આત્માની શુદ્ધતાને પ્રાપ્ત કરે છે. પૌદ્ગલિકભાવવાળી અષ્ટ સિદ્ધિઓ, નવ નિધિઓ અને અનંત રૂપવતી દેવાંગનાઓમાં પણ વૈરાગી લોકો મોહ પામી આસક્ત બનતા નથી. સ્વપ્નમાં અનેક પ્રકારના પદાર્થો દેખાય છે, પણ તે જેવા ક્ષણિક છે તેવા સર્વે મળેલા જડ પદાર્થો ક્ષણિક છે. તેમાં મૂંઝાવાથી જરામાત્ર પણ આત્માનો વિકાસ થતો નથી. ઊલટું, જ્ઞાનાદિ આવરણોની વૃદ્ધિ થાય છે. જે જે પદાર્થો પર આ ભવમાં મોહ પ્રગટે છે તેનું કારણ પૂર્વભવની તે તે પદાર્થોની આસક્તિ છે.

દારૂ, માંસ, પરદારસેવા, વેશ્યા, જુગાર, ચોરી વગેરે વ્યસનોમાં અજ્ઞાની લોકો ફસાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યબળથી દુષ્ટ વ્યસનોનો નાશ થાય છે. દુષ્ટ વ્યસનો, દુર્ગુણો અને પાપકર્મોથી આત્માને પાછો હટાવનાર વૈરાગ્ય છે. લક્ષ્મી વગેરે જે જે પદાર્થો ભેગા કરવામાં આવે છે તે પદાર્થો છેવટે પોતાના થતા નથી અને તે તે પદાર્થો ત્યાગીને છેવટે આત્મા અન્યગતિમાં કર્માનુસારે જાય છે. કર્યાં કર્મો ભોગવ્યા વિના જીવોનો છૂટકો થતો નથી. ધર્મ વિના પરભવમાં કોઈ શરણ થતું નથી. તેતર પક્ષીને જેમ બાજ ઝડપી લે છે તેમ મૃત્યુકાળરૂપ બાજ આયુષ્ય પૂર્ણ થતાં જીવને ઝડપી લે છે. તે વખતે સગાંવહાલાં કોઈ શરણ કરવાને લાયક રહેતાં નથી. મૃત્યુકાલ આવતાં ઇન્દ્રાદિક દેવોનું લેશમાત્ર જોર ચાલતું નથી. બકરીને સિંહ ઘસડી જાય છે તે વખતે બકરીની જેવી અવસ્થા થાય છે તેવી મૃત્યુકાલરૂપ સિંહથી જીવોની અવસ્થા થાય છે.

સંસારમાં કોઈ કોઈનું શરણ નથી. પોતે પુણ્ય-પાપ કર્મો કર્યાં હોય છે તે પોતાને ભોગવવાં પડે છે, તેમાં અન્ય જીવ ભાગીદાર બની શકતો નથી. છતાં મોહી લોકો અન્ય જીવો માટે અનેક પ્રકારનાં પાપકર્મો કરે છે અને તેનું દુઃખરૂપ ફળ પોતે એકલા ભોગવે છે. જે જેવાં કર્મ કરે છે તે તેવાં કર્મફળ ભોગવે છે. અનેક ભવોમાં કરેલાં પુણ્યપાપ કર્મોનો ઉદય આ ભવમાં ભોગવવો પડે છે. સંસારમાં મરતી વખતે માતા આદિ પણ શરણ રાખવા સમર્થ થતાં નથી. મૃત્યુ પશ્ચાત્ સુંદર સુગંધી શરીરની માટી થઈ જાય છે અને તે માટીમાંથી બીજા અનેક પર્યાયો થાય છે. માટે સંસારમાં કોઈ શરણ નથી, એવું જાણી જેઓ ધર્મ કરે છે અને મારું શરણ કરે છે તેઓનો હું ઉદ્ધાર કરું છું.

સંસારમાં જીવો અનેક અવતારો કરે છે. ચોરાસી લક્ષ જીવયોનિમાં એકેક જીવે અનંતીવાર જન્મ લીધા અને મોહયોગે લેશે.

સંસારમાં એક જીવ અનેક જીવોની સાથે માતા, પિતા, પુત્ર, સ્ત્રી વગેરેના સંબંધે ગોઠવાય છે. પિતા મરીને પુત્ર થાય છે અને પુત્ર મરીને મા થાય છે અને મા મરીને પુત્ર-પુત્રી થાય છે. પતિ મરીને પત્ની થાય છે અને પત્ની મરીને પતિ થાય છે. સંસારમાં સર્વ જીવોની સાથે અનંતીવાર સગપણ કર્યાં, પણ તેથી સર્વ દુઃખનો નાશ થયો નહીં.

દેવો અને દેવીઓ મરીને મનુષ્યગતિમાં તથા તિર્યંચ ગતિમાં અવતરે છે અને મનુષ્ય તથા તિર્યંચો મરીને દેવ, માનવ, તિર્યંચ અને નારક એ ચારે ગતિમાં અવતરે છે. નારકીના જીવો નરકમાંથી મરીને માનવ તથા તિર્યંચગતિમાં અવતરે છે. અનાદિકાળથી ચતુર્ગતિરૂપ સંસાર વહ્યા કરે છે અને અનંતકાળ પર્યંત વહેશે. સંસારનો પાર કદી આવ્યો નથી અને ભવિષ્યમાં આવશે નહીં. ફક્ત જે લોકો સંસારનું એવું સ્વરૂપ વિચારીને જૈનધર્મની આરાધના કરશે અને મારી આજ્ઞારૂપ જૈનધર્મનો સ્વીકાર કરશે તેઓ સંસારનો

પાર પામીને અનંત સુખના ભોક્તા બનશે.

જન્મ, જરા અને મૃત્યુના દુઃખથી સંસારસાગર ભરેલ છે. વૈરાગ્ય પ્રાપ્ત કર્યા વિના સંસારસાગર પર તરી શકાતું નથી. સંસારમાં માયા છે અને તેમાં અનેક પ્રકારનાં દુઃખો રહેલાં છે. કરોડો ઉપાયો કરવામાં આવે તોપણ સંસારમાં કોઈને સુખ મળનાર નથી. જ્યાં સુધી મન અને ઇન્દ્રિયોને સુખની લાલચ, ઇચ્છા, વાસના છે, ત્યાં સુધી સંસાર છે. રાગદ્વેષવાળું મન તે સંસાર છે અને રાગદ્વેષથી રહિત મન તે જ મોક્ષ છે. સંસારમાં અહંતા અને મમતા એ જ મહાબંધન છે.

જે શરીર મહા બળવાન દેખાય છે તે પણ તેમાંથી આત્મા ગયા પછી દુર્ગંધી બની જાય છે. જે પૃથ્વી કે માટી પર બેસવામાં આવે છે તે માટી પૂર્વે અસંખ્ય જીવોના શરીરરૂપે હતી અને તેમાંથી ભવિષ્યમાં અનંત જીવોનાં શરીરો બનશે. સંસારમાં સર્વ પદાર્થો અનેકરૂપે ફર્યા કરે છે. ચન્દ્ર, સૂર્યાદિ ગ્રહો પણ અનેક પર્યાય–પરિવર્તનોને પામ્યા છે અને પામશે. માટે કોઈ જડ પદાર્થમાં અહંતા–મમતા રાખવી એ કેવલ ભ્રાન્તિ છે. સંસારમાં અનંત જાતના ફેરફારો થયા છે, થાય છે અને થશે, એવો સંસારનો સ્વભાવ છે. માટે તેમાં મૂંઝાવું ન જોઈએ.

તારો અને મારો અનેક ભવોમાં અનેક વખત સંબંધ થયો છે, એમ શ્રી યશોદાદેવી ! જાણ.

સંસારમાં જે મનુષ્યો મારા સ્વરૂપમાં મન રાખીને અનાસક્તપણે વિચરે છે તેઓ જળમાં કમલની પેઠે ન્યારા રહે છે. તેઓ સંસારમાંથી મુક્ત, સિદ્ધ, બુદ્ધ થાય છે. ઘાંચીની ઘાણીના વૃષભ (બળદ)ની પેઠે જેઓ અંધ બનીને વહ્યા કરે છે અને દેવ, ગુરુ, ધર્મનું અવલંબન કરતા નથી તેઓ સંસારનાં પરિભ્રમણોનો અંત લાવી શકતા નથી. ઝાંઝવાના જળની પેઠે સંસારમાં સત્ય સુખની આશા રાખવી વ્યર્થ છે. અનંતીવાર ભોગો ભોગવવા છતાં સંસારમાં

કોઈને સત્ય સુખ મળતું નથી અને મળનાર નથી. દેહના ભોગો ભોગવતાં શરીર, ઇન્દ્રિય અને મનનો નાશ થાય છે, છતાં ખરી શાંતિ મળતી નથી. એવા માયિક ઇન્દ્રજાળવત્ સંસારમાં જેઓ સુખની આશા કે મમતા રાખે છે તેઓ ભૂલેલા છે. તેઓ પર સત્ય વૈરાગીઓ કરુણાથી દેખે છે. અસાર સંસારના માયિક, ક્ષણિક સુખો પરથી વિષ્ટાની પેઠે અરુચિ થાય છે ત્યારે વૈરાગ્યથી ત્યાગમાર્ગમાં પ્રવેશ કરી શકાય છે.

ખીલેલાં પુષ્પો કરમાઈ જેમ ધૂળમાં મળી જાય છે તેમ બાલ્યાવસ્થા અને યુવાવસ્થા જલના તરંગની પેઠે વૃદ્ધાવસ્થાના તરંગરૂપે પરિણામ પામીને અન્તે નષ્ટ થાય છે. યુવાવસ્થાનો ગર્વ કરવો નકામો છે, કારણ કે યુવાવસ્થાની પાછળ વૃદ્ધાવસ્થા આવ્યા વિના રહેતી નથી. કઈ વખતે સંસારમાં મૃત્યુ થશે તેને જીવો જાણી શકતા નથી. સંસારમાં થયેલાં સગાંસંબંધીઓ, પુત્રો અને પુત્રીઓ અન્તે મરણને શરણ થાય છે. જે સગાને માટે લોકો રડે છે તેઓને મૃત્યુ હસે છે, કારણ કે મરનારની પેઠે રોનારાને પણ પરભવની વાટ લેવી પડે છે. જેઓના મરણ માટે સગાંઓ શોક કરે છે તેઓ શોક કરવાથી પરભવમાંથી પાછા આવતા નથી, અને તેઓ જો અન્ય શરીર લઈને સગાંઓની નજીકમાં આવે છે તો તેથી સગાંઓને શાંતિ થતી નથી.

ક્રોધ, માન, માયા, લોભ, કામ, વાસના, ઈર્ષ્યાથી વારંવાર સંસારમાં અનેકવાર જન્મો લેવા પડે છે. એકેક ઇન્દ્રિયના વશમાં પડીને જીવો મૃત્યુના વશમાં થાય છે, તો જે જીવો પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં રાગબુદ્ધિ ધારણ કરે છે તે મોહના તાબે બની અનેક અવતારો પામે તેમાં કંઈ આશ્ચર્ય નથી. મોહના તાબે થવું તે સંસાર છે અને મોહથી મુક્ત થવું તે મોક્ષ છે. સંસારમાં રહીને જે મારામાં આત્મભાવ ધારણ કરીને વર્તે છે તે છેવટે પરમાત્મપદને પામે છે. જેઓ ક્રોધાદિ કષાયોનો ત્યાગ અને સંયમ-

કરી શકે છે તેઓ ખરા ત્યાગીઓ છે. જેઓ તામસિક ત્યાગને ધારણ કરે છે તેઓ અધમ ત્યાગીઓ છે, જેઓ રાજસિક ત્યાગને ધારણ કરે છે તેઓ મધ્યમ ત્યાગીઓ છે અને જેઓ સાત્વિક ત્યાગને ધારણ કરે છે તેઓ ઉત્તમ ત્યાગીઓ છે.

મારા ત્યાગસ્વરૂપના જેઓ પ્રેમી બને છે તેઓ પર મારી વૈરાગ્યશક્તિનો વાસ થાય છે. શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર ભરત ચક્રવર્તી સંસારમાં પરમ વૈરાગી બની અને એ પ્રમાણે વર્તી રાજ્યનું પાલન કરતા હતા. તેથી શુદ્ધાત્મભાવરૂપ આદર્શમાં આત્મસ્વરૂપ અવલોકી કેવળજ્ઞાન પામ્યા અને લાખો કરોડો મનુષ્યોને પ્રતિબોધી છેવટે પરમપદને પામ્યા.

સાંસારિક વસ્તુઓ પર થતો મિથ્યા મોહ ટળતાં આત્માને વળગેલાં અનેક મોહાદિ કર્મોનો નાશ થાય છે અને તેથી આત્મા પર પૂર્ણ પ્રેમ પ્રગટે છે તથા આત્મામાં અનંત સત્ય રહેલ છે તેનો અનુભવ થાય છે. તેથી આત્મા વિના અન્ય જડ લક્ષ્મી વગેરેમાં પૂર્વે જે મમતા, મોહ, આસક્તિ હતી તે પશ્ચાત્ રહેતી નથી. જડ લક્ષ્મી વગેરેનો દાનાદિક કરવામાં ઉદારભાવ ખીલે છે અને પરમાર્થમાં દેહાદિનો સહેજે ત્યાગ કરી શકાય છે, એમ હે શ્રીમતી યશોદાદેવી ! જાણ.

રાગથી જે જે પદાર્થો બંધનભૂત થાય તે તે પદાર્થો અગર સકલ વિશ્વ જ્યારે સત્ય વૈરાગ્ય પ્રગટે છે ત્યારે પ્રતિબંધનરૂપ થતાં નથી. પ્રથમાભ્યાસના વૈરાગ્યમાં વિષયો વિષ સમાન લાગે છે અને સકલ વિશ્વ એક કારાગૃહ સમાન લાગે છે. પરંતુ આત્મજ્ઞાનગર્ભિત પક્વ વૈરાગ્ય થયા પછી સમભાવરૂપ યોગ પ્રાપ્ત થાય છે ત્યારે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વિષભાવ તથા અમૃતભાવ, પ્રતિબંધભાવ તથા મુક્તભાવ રહેતો જ નથી. સર્વ વિશ્વ પર શુભ કે અશુભ ભાવ રહેતો નથી.

મારા ત્યાગી ભક્તો ! જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાન્તે એવી

દશાને પામે છે. સર્વ ત્યાગીઓને છેવટે મારી ભક્તિના બળે એવી દશા પ્રાપ્ત થાય છે. મારી આજ્ઞા પ્રમાણે વર્તનાર ત્યાગીઓને માયા નડતી નથી.

આ વિશ્વમાં આત્મા એકલો કર્મના યોગે જ્યાંત્યાં ચતુર્ગતિમાં અવતારો ગ્રહ્યા કરે છે. કર્મનો કર્તા આત્મા છે અને કર્મનો ભોક્તા એકલો આત્મા છે. જે જીવ જેવું કર્મ કરે છે તે તેવું કર્મફળ ભોગવે છે. અન્યો માટે કોઈ પાપકર્મ કરી લક્ષ્મી આદિ ભેગું કરે છે, પણ તે પાપકર્મ તો પોતે એકલો ભોગવે છે. આ ભવમાં જે કોઈ પુણ્ય કે પાપ કર્મ કરે છે તે પુણ્ય કે પાપનાં દલિકોને સાથે લઈ પરભવમાં તે અવતાર લે છે. સ્થૂલ શરીર છૂટયા બાદ આત્માની સાથે કાર્મણ શરીર (સૂક્ષ્મ શરીર) અને તેજસ શરીર બન્ને સાથે જાય છે. કાર્મણ શરીરના યોગે તે ગતિમાં પુણ્યપાપ ભોગવવા યોગ્ય સ્થૂલ શરીર ધારણ કરે છે અને તે ઔદારિક તથા વૈક્રિય દિવ્ય શરીર દ્વારા પુણ્યપાપફળરૂપ સુખદુઃખનો ભોક્તા આત્મા બને છે. સુખદુઃખરૂપ ફળને ભોગવવાની સાથે પુનઃ તે કાળે શુભાશુભ પરિણામ તથા શુભાશુભ કર્મ કરીને નવીન પુણ્ય–પાપનો બંધ કરી પાછો તે જન્મની પરંપરા વધારે છે. શુભાશુભ કર્મના યોગે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીરો ઉત્પન્ન થાય છે. તે પૈકી ગમે તે ત્રણ શરીરો તો ગમે તે અવતારમાં આત્મા ગ્રહણ કરે છે.

ઔદારિક શરીરની સાથે કાર્મણ અને તૈજસ શરીર હોય છે. વૈક્રિય શરીરની સાથે કાર્મણ અને તૈજસ શરીર હોય છે. એક અવતારથી બીજો અવતાર–જન્મ લેતાં વચ્ચે કાર્મણ અને તૈજસ શરીર બન્ને આત્માની સાથે હોય છે. આહારક શરીરની સાથે કાર્મણ અને તૈજસ શરીર હોય છે. જ્યાં સુધી કર્મનું બીજ હોય છે ત્યાં સુધી જન્મ ગ્રહવા પડે છે.

વ્યવહાર નયની દૃષ્ટિએ આત્મા કર્મનો કર્તા અને કર્મનો

ભોક્તા છે. લોકો આત્માનું સ્વરૂપ નથી જાણતા ત્યાં સુધી મોહથી મૂંઝાય છે અને મારા ઉપર વિશ્વાસ લાવતા નથી. તેથી તેઓનામાં આત્મબળ ખીલી શકતું. નથી આત્માની અનંત શક્તિઓ છે. અનંતશક્તિઓનો આત્મા મહાવીર છે. કામાદિ દુર્ગુણોનું બળ તે પશુબળ છે. આત્મજ્ઞાનાગ્નિમાં રાગદ્વેષરૂપ મન–પશુનો હોમ કરવામાં આવે છે ત્યારે આત્માની શુદ્ધતા ખીલી શકે છે. પોતાના અત્માને સર્વ પુદ્ગલથી ન્યારો ભાવવો અને સ્વાત્મા સમાન સર્વના આત્માઓને દેખવા અને પ્રવર્તવું. આત્મા વિનાની શરીરાદિ જડ વસ્તુઓ આત્માની ક્રમિક શુદ્ધતામાં સાધનભૂત ન બને તો તે કાળે તે ઉપાધિરૂપ બની સંસારમાં અનેક જન્મો લેવામાં ઉપાધિરૂપ થાય છે.

શરીર, મન, વાણી આદિનો આત્મોન્નતિમાં ઉપયોગ કરવો એ જ જૈનોનું મુખ્ય કર્તવ્ય છે. જે લોકો મારા પર પૂર્ણ શ્રદ્ધા રાખી મારા પ્રેમી બને છે અને નવતત્ત્વોની શ્રદ્ધા ધારે છે તે મારા જૈનો છે અને તેઓ મારી શક્તિઓને પામવા સમર્થ બને છે. મારામાં જેઓની પૂર્ણ શ્રદ્ધા છે તેઓની તે કાળથી પ્રારંભીને આત્મોન્નતિ થાય છે અને તેઓને શ્રદ્ધાભક્તિબળે મારી સહાય મળે છે.

શ્રીમતી યશોદાદેવી ! આત્માનું સ્વરૂપ જાણે છે તેઓ મારાથી અભેદભાવને ધારણ કરે છે. આત્મા એકલો કર્મ કરે છે અને કર્મ ભોગવે છે. તેમાં અન્ય સગાંસંબંધીઓ સુખદુઃખમાં ભાગ પડાવી શકતા નથી એવું જેઓ જાણે છે તેઓ પાપકર્મોથી પાછા હઠે છે અને ધર્મકર્મો કરવામાં પ્રવૃત્તિ કરે છે.

વિશ્વની જડ વસ્તુઓથી આત્મા ભિન્ન છે. આ જે સર્વ વિશ્વ છે તે આત્માના ઉપયોગાર્થે છે. સર્વ જડ વસ્તુઓના સંબંધથી આત્માનું અન્યપણું છે. આત્માથી સર્વ જડ વસ્તુઓ, શરીરો, લક્ષ્મી વગેરે ન્યારી છે. સગાંસંબંધીનાં દેખાતાં સર્વ શરીરો ન્યારાં છે. આત્માની સાથે સંબંધિત થયેલાં સર્વ શરીરો ન્યારાં

તેઓના સંયોગો અને વિયોગોમાં હર્ષ શોક કરવો મિથ્યા છે. જે શરીરો વસ્ત્રોની પેઠે ખપમાં આવે છે, મળે છે, તેઓનો વિનાશ ક્ષણમાં થાય છે. શરીરો વારંવાર વસ્ત્રની પેઠે આત્મા બદલ્યા કરે છે. તેમાં હર્ષ, શોક કે ભીતિ ધારણ કરવાની કંઈ જરૂર નથી, કર્મના કાયદા પ્રમાણે સગાં વગેરેનાં શરીરો તથા પોતાના આત્માનું શરીર ઊપજે છે અને વિણસે છે. એવાં ક્ષણિક શરીરોમાં અહંતા-મમતા કરવાની કંઈ જરૂર નથી.

શરીર, મન, વાણી અને ઇન્દ્રિયો વગેરે જુદાં છે, પરંતુ તેઓ આત્માના જ્ઞાનાદિ ગુણોના પ્રકાશ માટે ઉપયોગી છે. માટે તેઓનો સદુપયોગ કરી લેવો એ જરૂરનો છે. પરંતુ તેમાં મૂંઝાવું ન જોઈએ. આત્માના ગુણો ખીલવવામાં શરીરનો નાશ થાય તો પણ તેથી જરામાત્ર શોક કે ભય ન કરવો જોઈએ. દેશ, કોમ, સંઘ, જૈનધર્મ અને જૈનોના શ્રેયમાં આત્માની શક્તિઓ તથા જડ શરીર વગેરેની શક્તિઓનો ઉપયોગ કરવાથી આત્માની વીજળીવેગે પરમાત્મદશા પ્રગટ થાય છે. આત્માથી અન્ય જે જે જડ વસ્તુઓ છે તેઓનો પરિગ્રહ કરવાથી પોતાને તથા વિશ્વવર્તી અન્ય લોકોને કોઈપણ પ્રકારનો લાભ થતો નથી. આત્મા વિનાની જડ લક્ષ્મી વગેરે વસ્તુઓ પર જો મૂર્છા—મમતા નથી, તો તે જડ વસ્તુઓથી આત્મા કદાપિ બંધાતો નથી. મોહના પરિણામ વિના જડ વસ્તુઓ જો આત્માની ચારે બાજુએ ભરી હોય છે, તો તેથી આત્માને જરામાત્ર હાનિ થતી નથી. આત્મા જો મોહપરિણામથી રહિત થાય તો તેની શક્તિ આગળ જડ વસ્તુ તો ગુલામની પેઠે આજ્ઞાકારી-પણે વર્તે છે.

ત્રણે કાળમાં પુદ્ગલ દ્રવ્યના પર્યાયરૂપ જડ વસ્તુઓમાં સત્ય સુખ આપવાનો સ્વભાવ નથી. જડ વસ્તુઓના સંબંધે આત્મા ભ્રાન્તિથી લક્ષ્મી આદિ જડ વસ્તુઓ દ્વારા સુખદુઃખ મળે છે એમ માની લે છે, પરંતુ વસ્તુતઃ સમજવામાં આવે તો જડ

વસ્તુઓમાં ક્ષણિક સુખદુઃખ આપવાપણું પણ નથી. ફક્ત મનની ક્ષણિક સુખદુઃખની કલ્પનાથી લક્ષ્મી, શરીર આદિ સુખદુઃખ આપે છે, એમ ભ્રાન્તિ થાય છે. મનની કલ્પના જેમ જેમ બદલાય છે. તેમ તેમ શરીર લક્ષ્મી આદિ જડ પદાર્થોમાં પણ વારંવાર સુખ-દુઃખની કલ્પના બદલાય છે. જે જડ વસ્તુમાં સુખદાયક કલ્પના થાય છે તેમાં મનની કલ્પના વડે પ્રસંગે દુઃખની કલ્પના પણ થાય છે.

આ પ્રમાણે મોહના પરિણામ પર્યંત મનની સુખદુઃખની કલ્પના વારંવાર જ્યાંત્યાં બદલાયા કરે છે. આત્માથી ક્ષણિક સુખદુઃખની કલ્પનાઓ ભિન્ન છે અને તેમાં આત્માપણું નથી એમ જ્યારે નિશ્ચય થાય છે ત્યારે આત્મા પોતાનું સમભાવરૂપ સમતોલનપણું જાળવીને સર્વ કર્તવ્યકર્મો કરે છે અને મોહના ત્યાગે ત્યાગી બનીને મન અને ઇન્દ્રિયો પર વિજય મેળવી સંયમશક્તિથી મોક્ષમાર્ગમાં આગળ ધસે છે. માટે આત્માથી જડ વસ્તુઓ અન્ય છે. તેમાં નહીં મૂંઝાતા આત્માએ ત્યાગમાર્ગમાં આગળ વધવું જોઈએ.

શ્રી યશોદાદેવી ! સર્વાત્માઓને પોતાના આત્મા સમાન જાણ. સર્વાત્માઓ વસ્તુતઃ પવિત્ર છે, પરંતુ વ્યવહારદૃષ્ટિએ જેઓ દ્રવ્યભાવથી શુચિતાવાળા હોય છે તે પવિત્ર છે. કેટલાક આત્માઓ દ્રવ્યથી—સ્નાનાદિકથી પવિત્ર હોય છે અને કેટલાક ભાવથી પવિત્ર હોય છે. દ્રવ્યશુચિતા કરતાં ભાવશુચિતા અનંતગુણી ઉત્તમ છે. દ્રવ્ય-શુચિતા હોય ત્યાં ભાવશુચિતા હોય છે અને નથી પણ હોતી. જ્યાં ભાવશુચિતા હોય છે ત્યાં દ્રવ્યશુચિતા હોય તોપણ ભલે અને ન હોય તોપણ ભલે. સર્વ દુર્ગુણોવાળું મન તે ભાવથી અશુચિ છે. જે આત્માનું મન પવિત્ર છે તે પવિત્ર છે જ. તેવો આત્મા પોતાની ચરણરજથી અન્ય લોકોને પવિત્ર કરી શકે છે. જે આત્માનું મન પવિત્ર નથી, તે અપવિત્ર છે. અપવિત્ર આત્માઓ વ્યસન અને દુર્ગુણોથી પોતે પોતાની શુદ્ધતા કરી શકતા નથી અને અન્ય લોકોને પવિત્ર બનાવી શકતા નથી. શરીરનો મેલ નાશ

કરવાથી દ્રવ્યથી પવિત્ર થવાય છે. પવિત્ર આત્માથી વિશ્વ પવિત્ર થાય છે. શરીરમાં જે માત્રામાં શુચિભાવ હોય છે તે માત્રામાં નવદ્વાર વગેરેની અશુચિભાવના ભાવવાથી દેહરૂપ મોહ ટળે છે અને દુષ્ટ કામવાસનાનો નાશ થાય છે. જે પુરુષો અને સ્ત્રીઓ અજ્ઞાની અને સામાન્યદશાવાળાં હોય તેઓએ કામાદિ અશુચિ વિકારોનો નાશ કરવા અશુચિભાવના ભાવવી.

જ્યારે શરીરમાં શુચિત્વ અને અશુચિત્વની કલ્પના ન રહે, શરીર આ માત્ર પુદ્ગલ પર્યાયરૂપ દેખાય, તેમાં ભોગબુદ્ધિ ન રહે, ત્યારે બન્ને ભાવે પોતાની મેળે વિલય પામે છે અને ત્યારે આત્મા પરમ પવિત્ર શુદ્ધાત્મા મહાવીર બને છે. તેવા આત્માથી વિશ્વના સર્વ જીવો પવિત્ર બને છે. જ્યાં સુધી શુચિભાવના દેહમાં થાય છે ત્યાં સુધી અશુચિભાવના થાય છે. મન, વાણી અને કાયાને સદ્ગુણોથી અને પવિત્ર કર્મોથી પવિત્ર રાખ. અન્યાય, અનીતિ, જુલ્મ, વ્યસન, રાગદ્વેષના વિચારો અને કર્મોરૂપ અશુચિથી જેઓ મુક્ત બને છે, તેઓ પવિત્ર પ્રભુ છે. જેનું હૃદય પવિત્ર છે તેના હૃદયમાં સર્વ તીર્થો છે. હૃદયથી, વાણીથી અને કાયાથી જે પવિત્ર છે તે ઉચ્ચ અને મહાન છે. જે આત્મા સર્વત્ર બાહ્ય શુચિ અને અશુચિભાવથી મુક્ત થઈ આત્માને હલકો ગણતો નથી તે પવિત્ર છે. શુચિભાવના અને અશુચિભાવનાથી જેઓ ત્યાગી બનીને આત્મામાં જ શુચિત્વ માને છે તેઓ પરમ પવિત્ર છે. જડ પદાર્થોમાં શુચિત્વ અને અશુચિત્વભાવ ઔપચારિક છે. તે ભાવ જ્યારે જડ દેહાદિમાં થતો નથી ત્યારે ગમે તે મનુષ્ય આંતરદૃષ્ટિએ સત્ય ત્યાગી બને છે. તે સંસારસમુદ્ર તરે છે અને અન્ય લોકોને તારી શકે છે.

જેઓ મારા પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રીતિ ધારણ કરે છે તેઓ જેટલા વહેલા પરમ પવિત્ર બને છે તેટલું આ વિશ્વમાં અન્ય કોઈ કરોડો ઉપાયોથી પણ પવિત્ર બનતું નથી. જે લોકો પોતાના

આત્માને મહાવીરરૂપ માને છે અને મહાવીર નામનો સર્વથા જાપ જપે છે તેઓ ગમે તેવા અપવિત્ર દુષ્ટ પાપી હોય છે તોપણ પવિત્ર બને છે એમ નક્કી જાણ.

દેહના રૂપસૌંદર્યથી જેઓ કામાસક્તિને પ્રગટાવે છે અને વ્યભિચારાદિ દુષ્ટ કર્મોમાં પ્રવૃત્ત થાય છે, તેઓએ દેહની ઉત્પત્તિનો અને દેહનાં દ્વારોની મલિનતાનો વિચાર કરવો. તેઓએ આત્માની પૂર્ણ સુંદરતા અનુભવવા પ્રયત્ન કરવો. જડ દેહાદિ રૂપની સુંદરતામાં મૂંઝાઈને પાપમાર્ગમાં જેઓ પ્રવેશ કરતા નથી અને રૂપમોહનો જેઓ ત્યાગ કરે છે તેઓ મહા ત્યાગી બને છે.

મારા પર પૂર્ણ વિશ્વાસ, પ્રીતિ અને સર્વાર્પણ કરનારા જેટલા મહાત્યાગીઓ બની શકે છે અને જેટલા ઉદાર પરોપકારી સંત બની શકે છે તેટલા અન્ય બની શકતા નથી. દેહરૂપ દેવળમાં રહેનારા આત્મારૂપ મહાવીરમાં જે અનંત પવિત્રતા અનુભવે છે તેઓ પવિત્ર બને છે અને તેઓ રાગદ્વેષની સર્વ અશુચિનો ત્યાગ કરી સાત્ત્વિક ત્યાગી બને છે. જેઓ હૃદયની પવિત્રતા જાળવીને કર્મો કરે છે તેઓ કર્મોથી લેપાતા નથી. બાહ્ય જડ પદાર્થોમાંથી પવિત્ર અને અપવિત્ર ભાવનો ત્યાગ કરીને આત્માની પવિત્રતાનો સર્વ વિશ્વમાં પ્રકાશ કર.

શ્રીમતી યશોદાદેવી ! આત્માની, મનની અને કાયાની પવિત્રતામાં મેરુપર્વતની પેઠે અડગ થા. સર્વ વિશ્વને પવિત્ર કરવા પ્રયત્ન કર. અપવિત્રાત્માઓની સંગતિથી અશક્ત મનુષ્યો અપવિત્ર બને છે. પૂર્ણ પવિત્ર વીરાત્માઓ અપવિત્ર મનુષ્યોને પવિત્ર કરે છે. તમોગુણી, રજોગુણી અને સત્ત્વગુણી દેવો અને મનુષ્યો મારી ભક્તિથી પવિત્ર બને છે. તમોગુણી હરાદિક દેવો અને દેવીઓ, રજોગુણી બ્રહ્માદિક દેવો અને દેવીઓ, સત્ત્વગુણી વિષ્ણુ આદિ દેવો અને દેવીઓ, વૈમાનિક, ભુવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવો, ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો વગેરે

મારા શુદ્ધાત્મ પરબ્રહ્મ સ્વરૂપનું ધ્યાન ધરીને પવિત્ર બને છે.

મારા શુદ્ધાત્મ પરબ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન અને ધ્યાન કર્યા વિના આ વિશ્વમાં કોઈ પણ જીવ શુદ્ધ બ્રહ્મસ્વરૂપનો આવિર્ભાવ કરી શકતો નથી, એવું માનીને મારા સ્વરૂપમાં મનનો લય કરી પરમ પવિત્ર બન. શરીરનું રૂપ એ ખરું રૂપ નથી પણ આત્માનું રૂપ એ ખરું રૂપ છે, એમ જાણી આત્મશુચિતા અને મનઃશુચિતા પ્રાપ્ત કર. આત્માની પવિત્રતા સર્વ પ્રકારની અશુચિઓને શુચિઓના રૂપમાં ફેરવી શકે છે. અસંખ્ય દેવો અને દેવીઓ શુદ્ધાત્મ મહાવીર પરબ્રહ્મની શુચિતા તરફ લક્ષ્ય રાખે છે.

સર્વ કર્તવ્યકર્મો કરતી વખતે આત્માની શુચિતા તરફ લક્ષ્ય રાખવું. આત્મા તે જ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુરૂપ છે. આત્માની પૂર્ણ પવિત્રતા પ્રગટાવવા માટે જે જે કરવું ઘટે તે કર. જે શરીર ક્ષણમાં માટીનું છે અને માટીમાં મળી જાય છે તેમાં રૂપમોહ ધારણ કરવા સમાન કોઈ અન્ય મહા ભ્રમ નથી. શરીરના રૂપસૌન્દર્યમાં મોહ પામીને દુનિયામાં અજ્ઞાની જીવો અનેક પાપકર્મો કરે છે અને તેથી તેઓ ભયંકર દુર્ગતિમાં પડીને અનેક પ્રકારનાં દુઃખો વેઠે છે. અનંત પુણ્યોદયથી માનવ અવતાર મળે છે. માનવશરીરરૂપ દેવળમાં આવનાર આત્મા જો ધારે તો પરમાત્મા બની શકે છે. મનુષ્યાવતાર સમાન કોઈ અવતાર ઉત્તમ નથી. મનુષ્યશરીર દ્વારા આત્મા પરમ દેવ બને છે. દશ દૃષ્ટાન્તે દુર્લભ એવો મનુષ્યદેહ પામીને હે દેવી! પરમાત્મપદ પ્રાપ્ત કર. એક ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર!

પવિત્ર મન તે જ તીર્થ છે. પવિત્ર મનમાં સર્વ શુભ શક્તિઓ પ્રગટી નીકળે છે. પવિત્ર મનથી મુક્તિસુખનો માનવદેહમાં અનુભવ થાય છે. જેઓ હજારો લાલચો કે લાંચોથી અપવિત્ર નથી બનતા અને સત્ય એવા મને હૃદયમાં ધારણ કરે છે તેઓ સર્વ પ્રકારે મારા ભક્ત જૈનો છે. તેઓ અનેક દુઃખો અને સંકટો કદાપિ

પામે છે તોપણ તે સંકટ અને દુઃખો વડે જેટલા પરમાત્મપદ પામવાને સમર્થ થાય છે તેટલા અન્ય કશાથી મારા પદને પામવા લાયક થતા નથી. પવિત્ર હૃદયનું ફળ પરમાત્મપદની પ્રાપ્તિ છે. અનેક વિષયોના ભોગની લાલસાઓનો ત્યાગ કરવાથી અને અન્ય મનુષ્યોનું શ્રેય કરવાથી આત્માની શુદ્ધિ થાય છે. મનુષ્ય-અવતારમાં જેઓ મારા પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ ધારે છે અને મારી આજ્ઞાઓને માન આપવામાં સર્વસ્વનો ભોગ આપે છે તેઓની મુક્તિ થાય છે.

હે પવિત્ર દેવી ! ત્યાગમાર્ગમાં પ્રવેશવાથી મુક્તિનગરની સહેજે પ્રાપ્તિ થાય છે. ધડ પરથી શીર્ષ ઉતારી દેવાનો નિશ્ચય કરી જેઓ મારું શરણ કરે છે તેઓના પર મારી પૂર્ણ કૃપા ઊતરી છે એમ જાણ. મારું શરણ અંગીકાર કરનારાઓ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ કરે છે અને તેઓ ગમે તેવી અવસ્થામાં શુચિતાવાળા હોય છે. મારા વ્યાવહારિક તથા આંતર સ્વરૂપ પ્રતિ ગમન કરનારાઓનાં મનમાં અપવિત્રતા રહેતી નથી. તેઓના હાથે કદાપિ અજાણપણાથી પાપ થાય તો તેઓ તેનો પશ્ચાત્તાપ કરીને શુદ્ધ બને છે. તેઓનાં ધાર્મિક કૃત્યોનું ફળ થયા વિના રહેતું નથી. તેઓને મોહમાયા નડે છે તોપણ છેવટે તે પાછી હટી જાય છે, અને તે કર્માવરણરૂપ પડદારૂપે આડી આવેલી હોય છે તોપણ તે ખસી જાય છે. પવિત્ર રહેવા માટે જે લોકો અત્યંત ગરીબ અવસ્થાને પણ ઇન્દ્રાવસ્થા જેવી માને છે અને સ્મશાનમાં પડી રહીને મરણાંત દુઃખ વેઠી મારા સ્વરૂપમાં પ્રેમ રાખે છે, તેઓનો હું ઉદ્ધારક છું. મારા ઉપર વિશ્વાસ મૂકવાથી આગળનો માર્ગ ખુલ્લો થાય છે અને પ્રકાશ પ્રગટી નીકળે છે.

પરોપકારાર્થે જે લોકો જુલમી, અન્યાયી, અપ્રામાણિક, દુષ્ટ લોકોના સામે થતા નથી અને પ્રાણ અને દેહનો ભોગ આપવામાં પાછા હટે છે તથા સાધુઓ વગેરેનું દુષ્ટ લોકોથી રક્ષણ કરી શકતા નથી તેઓ ત્યાગમાર્ગમાં એક તસુ જેટલા પણ આગળ વધી

શકતા નથી. તેઓ દેહમોહના ત્યાગ વિના આત્મમહાવીરપદને પામી શકતા નથી. ગરીબ અને અશક્ત છતાં ન્યાયી એવા લોકો પર અન્યાયથી કે દુષ્ટબુદ્ધિથી જુલ્મ ગુજારનારાઓનું દુષ્ટ બળ તોડવામાં સર્વથા પ્રકારે જેઓ આત્મભોગ આપે છે તે ત્યાગીઓ છે. આખા વિશ્વ પર જુલ્મ ગુજારનાર રાગ, દ્વેષ, મોહ છે. તેઓ શત્રુઓ છે. એવા શત્રુઓને જેઓ હણે છે તેઓ અરિહંત—ઈશ્વર છે. તેઓ શુદ્ધબુદ્ધિથી પવિત્ર છે. તેઓ જે જે કાર્યો કરે છે તે પણ વિશ્વોપયોગી છે. દુષ્ટ પાપીઓનું તમોગુણી બળ તોડી પાડવા માટે પ્યારામાં પ્યારી વસ્તુઓનો ત્યાગ કરવો અને એવાં કાર્યો કરવામાં અલ્પ દોષ અને મહાધર્મ છે અને તે પરિણામે હિતાવહ છે એમ જેઓ નિશ્ચય કરીને કર્તવ્યકર્મો કરે છે તેઓ પરમાર્થદૃષ્ટિવાળા પવિત્ર છે. દરેક બાબતના દુર્ગુણો અપવિત્ર દુર્ગંધીવાળા છે અને સર્વ પ્રકારના ગુણો અને ન્યાયી આચારો દેશકાળાનુસારે પવિત્ર છે.

અપવિત્ર એવી વાણીને સત્યથી પવિત્ર કરવી. દુર્ગુણી એવા મનને સત્ય સદ્‌ગુણોથી પવિત્ર કરવું. અપવિત્ર કાયાને પવિત્ર આચારોથી પવિત્ર કરવી. પવિત્રતાની દૃષ્ટિએ જે જે કરવામાં આવે તે પવિત્ર છે. પવિત્રભાવથી આત્મા પવિત્ર છે. મન, વાણી, કાયાને અપવિત્ર કરનાર જે કંઈ હોય તે અશુચિ છે. અપેક્ષાએ અશુચિ પણ શુચિ છે અને શુચિ પણ અશુચિ છે. જડ વસ્તુઓમાં શુચિતા–અશુચિતાની કલ્પનાઓમાં પરિવર્તન થયા કરે છે. તેમાં જે સાપેક્ષભાવે વર્તી દ્રવ્ય અને ભાવ શુચિતાને ધારણ કરે છે તે પવિત્ર બને છે.

સંસારમાં અનેક જન્મો લેવાનું કારણ આસ્રવ છે. આત્માની સાથે કર્મનો સંબંધ કરાવનાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. મારામાં જે લોકોનું મન છે અને વ્યવહારથી અનાસક્તિએ પ્રવર્તે છે તેઓ મિથ્યાત્વાદિ આસ્રવથી બંધાતા નથી. જે લોકો આત્મામાં મન રાખીને દુનિયામાં કર્તવ્યકર્મો કરે છે

તેઓને મિથ્યાત્વબુદ્ધિ નડતી નથી. જે લોકો મારા ઉપદેશ પ્રમાણે આ લોક, પરલોક, સ્વર્ગ, નરક, પાપ, પુનર્જન્મ, કર્મ વગેરેને માને છે તેઓ મિથ્યાત્વબુદ્ધિનો નાશ કરે છે અને સમ્યગ્બુદ્ધિને પ્રાપ્ત કરે છે.

સર્વ તત્ત્વો, વિચારો અને કર્મો વગેરેનો જેઓ સાપેક્ષપણે સ્વીકાર કરે છે તેઓ મારા ઉપદેશો અને આજ્ઞાઓને સર્વ નયોની અપેક્ષાએ સમજે છે અને તેઓ દુનિયાનાં સર્વ ધર્મશાસ્ત્રો વગેરેમાં-થી સાપેક્ષ બુદ્ધિએ સત્ય ગ્રહણ કરી શકે છે. તેઓનાથી અજ્ઞાન દૂર રહે છે. તેઓ અનપેક્ષ મિથ્યાશાસ્ત્રોમાંથી પણ મારી કહેલી સમ્યક્ સાપેક્ષ બુદ્ધિદૃષ્ટિથી સત્ય તત્ત્વોને ગ્રહણ કરે છે. તેથી તેઓ સર્વવ્યાપક એવા મારા જૈનધર્મનો સર્વત્ર પ્રકાશ કરે છે અને અજ્ઞાની લોકોને જ્ઞાન આપવા માટે આત્મભોગ આપે છે.

મારામાં દેવબુદ્ધિ, ગુરુ પર ગુરુબુદ્ધિ અને જૈનધર્મ પર પૂર્ણ શ્રદ્ધાપ્રીતિ જેઓને થઈ છે તેઓ મહા જૈનો છે. તેઓ વિશ્વમાં મહાપ્રભુ બને છે અને અન્યોને જ્ઞાનીઓ બનાવે છે. મારામાં જેઓ વિરામ પામે છે તેઓને અવિરતવૃત્તિ કે વાસના નડતી નથી. મારામાં જેઓ વિશેષ પ્રકારે રતિ પામે છે તેઓ સર્વ કામ્ય વસ્તુઓની રતિથી રહિત થાય છે. મારા સ્વરૂપમાં પૂર્ણ રતિ, પ્રેમ, આનંદ પામે છે અને વિશેષ પ્રકારે મારામાં લયલીન બને છે તેઓને વિરત અને મારામાં આસક્ત ભક્ત જૈનો જાણવા. આત્મા વિના અન્ય જડ પદાર્થોમાં જેઓ વિરામ પામતા નથી અને સ્વાધિકારે જડ પદાર્થોને વ્યવહરે છે તેઓને અવિરતભાવ નડતો નથી. મારામાં જે વિરતિને ધારે છે તે વસ્તુતઃ આત્મામાં જ વિરતિને ધારે છે. તેઓ પશ્ચાત્ અવિરતિભાવવાળા રહી શકતા નથી. આત્મામાં જે જે અંશે તરતમયોગે વિરતિભાવ (વૈરાગ્યભાવ) ધારવામાં આવે છે તે તે અંશે અવિરતિભાવનો નાશ થાય છે. મારાથી જેઓ વિમુખ રહે છે તેઓ કામ, ક્રોધ, માન, માયા,

લોભાદિ કષાયોના તાબે રહે છે. અનીતિમય કષાયોને પ્રથમ નીતિમય કષાયોરૂપ કરવા અને પશ્ચાત્ ધાર્મિક કર્તવ્યોમાં પ્રશસ્ય કષાયોને કરવા. પશ્ચાત્ જેમ જેમ મારામાં પૂર્ણ લયલીનતા જામશે તેમ તેમ આત્મા અકષાયી થશે.

અનાદિકાળના કષાયના અધ્યવસાયો એકદમ દૂર ન થઈ શકે. જેઓ મારા ભક્તો અને અનુયાયીઓ બને છે તેઓ મારા વિશુદ્ધ સ્વરૂપમાં રમણતા કરીને છેવટે સર્વ કષાયોનો ક્ષાયિકભાવે નાશ કરે છે. નાશ પામેલા કષાયો પાછા કદાપિ ન પ્રગટે એવા ભાવને ક્ષાયિકભાવ જાણવો. અધર્મમાં વપરાયેલા કષાયોથી પાપકર્મની પ્રકૃતિઓનો બંધ થાય છે અને દેવ, ગુરુ કે ધર્માર્થે કરેલા કષાયોને શુભ કષાયો કહેવામાં આવે છે. તેથી પુણ્યપ્રકૃતિનો બંધ થાય છે. તેથી મનુષ્યગતિ કે દેવગતિનાં સુખોની પ્રાપ્તિ થાય છે. દેવ, ગુરુ, ધર્મ, આત્મા, સંઘ આદિથી સેવાભક્તિમાં પ્રસંગે જે રાગાદિ કષાયો પ્રગટે છે તે કષાયોથી શુભ સકામ યોગીપણું પ્રગટે છે અને તે દશા પછી મારી ભક્તિમાં તથા મારા આત્મજ્ઞાનમાં સ્થિર થવાથી છેવટે સમભાવ દશાએ નિષ્કામયોગીપણું પ્રગટે છે. તેથી સર્વ કર્મો કરતાં અબંધ અવસ્થા રહે છે. પૂર્વે જે તીર્થંકરો, ઈશ્વરો, ઋષીશ્વરો થયા, તેઓનાં સેવા, ભક્તિ, આરાધનાદિ સર્વે મારી સેવા, ભક્તિ, ઉપાસનામાં સમાઈ જાય છે. મન, વાણી અને કાયયોગનો આવશ્યક સર્વ કર્તવ્યકર્મો કરવામાં પ્રથમ સકામભાવે ઉપયોગ થાય છે અને પશ્ચાત્ મારામાં પૂર્ણ લીન થતાં અબંધક નિષ્કામભાવ વડે મન, વાણી, કાયાથી કર્મો થાય છે.

શુભાશુભ ભાવ પરિણામ વિના મન, વાણી, કાયાથી પોતાના માટે કે અન્ય જીવો માટે, દેવ ગુરુ અને ધર્માર્થે, સંઘ, રાજ્યાદિક અર્થે, પરમાર્થે જે જે પ્રવૃત્તિ થાય છે તેથી આત્મામાં આસ્રવનો સંબંધ રહેતો નથી. શુભાસ્રવ પુણ્યરૂપ છે અને અશુભાસ્રવ પાપરૂપ છે. મનથી શુભ વિચારો કરવાથી, વાણીથી પુણ્યનાં કૃત્ય

કરવાથી અને કાયાથી પુણ્ય કર્મ કરવાથી પુણ્યબંધ થાય છે અને તેથી વિપરીતપણે અધર્મમાં મન, વાણી, કાયાની પ્રવૃત્તિ કરવાથી પાપબંધ થાય છે.

આત્મસાક્ષીપણે વર્તી સર્વ પદાર્થોમાં અને કર્મોમાં શુદ્ધ બુદ્ધિ ધારણ કરવાથી સર્વ કર્મોમાં મન અબંધપણે વર્તે છે. શુભાશુભ પરિણામનો જે ત્યાગી બને છે તે વિશ્વના સર્વ જીવોની સાથે રહેવા છતાં અને સર્વ પદાર્થોના સંબંધમાં આવવા છતાં ત્યાગી બને છે. મન, વાણી, કાયાદિથી કર્તવ્યકાર્યો કરવાના ત્યાગમાત્રથી કોઈ ત્યાગી બની શકતું નથી, પરંતુ મનમાં ઊઠતી શુભાશુભ કામના અને વાસનાઓના ત્યાગથી આત્મા સત્ય ત્યાગી બની શકે છે. કામ્યવૃત્તિનો ત્યાગ થયા પછી કંઈ ત્યાગ કરવાનું રહેતું નથી. બાહ્ય પદાર્થો તો જડ છે. તે પોતાના નથી તો તેનો ત્યાગ પણ કરી શકાય નહીં. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી કંઈ ને કંઈ કર્તવ્યકર્મ તો થાય છે. તેથી ત્યાગદશામાં પ્રત્યવાય આવી શકતો નથી.

મન, વાણી અને કાયા તથા ઇન્દ્રિયો વગેરે સાધનો ખરેખર આત્માના જ્ઞાનાદિ ગુણોના પૂર્ણ વિકાસાર્થે મળેલાં છે. મન, વાણી, કાયા, કષાય, ઇન્દ્રિયો, વૃત્તિ વગેરેનો એક પ્રકૃતિ તરીકે નામાદેશ કરવામાં આવે છે. જેનો આત્મા જાગ્રત થયો છે અને અવળામાંથી પણ સવળું ગ્રહણ કરી શકે છે તેને પ્રકૃતિ ખરેખર પરમાત્મદશા પ્રાપ્ત કરાવવામાં સહાયકારક બને છે. મારામાં પૂર્ણ શ્રદ્ધા અને પ્રીતિ જેઓ ધારણ કરે છે તેઓને મારી પાસે અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપની નજીક આવવામાં પ્રકૃતિ જરા પણ નડતી નથી; ઊલટી સહાયકારક થાય છે. તેઓ અવળી પ્રકૃતિના સંબંધે આડાઅવળા થઈને અને ભયંકર માર્ગ પસાર કરીને છેવટે શુદ્ધાત્મા બને છે. મારામાં પૂર્ણ વિશ્વાસધારક લોકોનાં મન, વાણી, કાયા પવિત્ર બને છે. મારામાં પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ ધારણ કરનારાઓથી નિરાનંદ ઉદાસભાવ દૂર રહે છે.

શ્રીમતી યશોદાદેવી! મારા શુદ્ધાત્મસ્વરૂપને જેઓ જાણે છે તેઓ આસ્રવની સર્વ પ્રવૃત્તિઓને સંવરરૂપે અને નિર્જરારૂપે પરિણમાવવાને અબંધક બને છે. કર્મબંધનો હેતુ આસ્રવ પણ મારા ભક્ત જૈનોને સંવરરૂપે પરિણમે છે. સેવા અને ભક્તિથી આસ્રવનાં કાર્યો સંવર અર્થાત્ સંયમરૂપે પરિણમે છે. જેઓને શુદ્ધબુદ્ધિ પ્રગટી છે તેઓની પાસે આસ્રવપરિણામ આવી શકતો નથી. અને કદાપિ તેઓના મનમાં આસ્રવપરિણામ પ્રગટે તો તરત નષ્ટ થઈ જાય છે. બાહ્ય પદાર્થોમાં શુભાશુભ આસ્રવપણું નથી. આત્મા જો પવિત્ર છે, તો મન, વાણી, કાયાની શુભ નૈતિક, ધાર્મિક, વ્યાવહારિક કર્મપ્રવૃત્તિથી પણ આસ્રવ નથી. રાગદ્વેષપરિણામ આસ્રવ છે અને મનમાં પ્રગટતા રાગદ્વેષના પરિણામને ત્યાગવાથી ત્યાગમાર્ગમાં આરોહ થાય છે. ત્યાગમાર્ગમાં આરોહ થવાથી સર્વ વિષયોમાં થતી શુભાશુભ વૃત્તિઓનો નિરોધ થાય છે અને તે જ સંયમ–સંવર છે. આ પ્રમાણે જેઓ જાણે છે તેઓ સંયમી અને ત્યાગીઓ બને છે.

સાધુઓને, ત્યાગીઓને અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરે આપવાથી પુણ્ય થાય છે. ત્યાગીઓને નમસ્કાર કરવાથી, તેઓની સેવાભક્તિ કરવાથી પુણ્ય, સંવર અને નિર્જરાભાવની પ્રાપ્તિ થાય છે. સાધુ, ત્યાગીઓના રક્ષણથી આત્માઓ સર્વ કર્મથી વિમુક્ત થાય છે. ધર્મની રક્ષા કરવાથી સર્વ સંઘની અને પોતાની રક્ષા થાય છે. પાપના વિચારો અને પ્રવૃત્તિઓથી દેશ, કોમ, રાજ્ય, સમાજ, કુટુંબ વગેરેની પાયમાલી થાય છે.

સર્વ લોકો એકબીજાને સહાય કરે છે, તો તેથી તેઓ પુણ્ય બાંધે છે. ભૂખ્યાંને ભોજન આપવાથી, અન્ન આપવાથી અને તરસ્યાંને જળદાન કરવાથી પુણ્યબંધ થાય છે. રોગીઓને ઔષધ આપવાથી, પશુઓ અને પક્ષીઓનો રક્ષા કરવાથી પણ પુણ્યબંધ થાય છે અને મોક્ષાર્થીઓને નિર્જરા થાય છે. સમાજ, દેશ અને કુટુંબ,

રાજ્ય આદિની નીતિસર વ્યવસ્થા કરવાથી પુણ્યબંધ થાય છે. સાધુઓની, સતીઓની અને બાળાઓની રક્ષા કરવાથી મહાપુણ્યબંધ થાય છે. ગાયોની, બળદોની, ભેંસોની થતી હિંસા ખાસ અટકાવવાથી અને તેઓનું પાલન અને રક્ષણ કરવાથી પુણ્યબંધ થાય છે. દરેક મનુષ્યે પોતાને ઘેર ગાય પાળવી. ગૃહસ્થનું ઘર ગાયથી શોભે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના ઘેર ગાય હોય તો તેથી દેશ, રાજ્ય, સંઘ, સમાજ, કુટુંબનું શ્રેય થાય છે. સદ્‌વિદ્યાના પઠન–પાઠન વગેરેથી પુણ્ય થાય છે.

ક્ષાત્રધર્મ પ્રમાણે વર્તનારા ક્ષત્રિયો ન્યાય્ય ધર્મયુદ્ધકર્મથી પુણ્ય બાંધે છે અને સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે. તેથી ઊલટું અન્યાય અને અધર્મમાં ક્ષાત્રબળ વાપરવાથી પાપ બાંધે છે. અલ્પ પાપવાળાં અને બહુ પુણ્યવાળાં કર્મો કરવાથી પોતાને તથા દેશ, સંઘ, સમાજને લાભ થાય છે. મારી ભક્તિ કરનારા જૈનોની સર્વ પ્રકારે સેવા કરવાથી તથા ત્યાગીઓની સેવાભક્તિ કરવાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. દુષ્કાળ અને રોગાદિ પ્રસંગે અન્નાદિકનું દાન કરવાથી મોટું પુણ્ય થાય છે.

જેઓને પુણ્યની કામના રહી નથી અને જેઓની સર્વ જડ પદાર્થોમાંથી સુખની કામના ટળી ગઈ છે એવા ભક્તોએ સ્વાધિકારે પુણ્યનાં પારમાર્થિક કાર્યો કરવાં, પણ વાણી, કાયા, લક્ષ્મી, સત્તાને વાપર્યા વિના બેસી રહેવું નહીં. પોતાના પાડોશીઓને ધર્મી બનાવવા અને તેઓને સુખી કરવા પ્રયત્ન કરવો. શુભદાનો દેવાં. એથી પુણ્યબંધ થાય છે. પુણ્યબંધની ઇચ્છાવાળાઓને પુણ્યનાં કૃત્યોથી પુણ્ય થાય છે અને મોક્ષની ઇચ્છાવાળાઓને પુણ્યનાં કાર્યોથી સંવર અને નિર્જરા થાય છે અને છેવટે મુક્તદશા થાય છે.

શુભ કર્મ, શુભ વિચાર અને પારમાર્થિક કાર્ય કરવાથી પુણ્ય, સંવર નિર્જરા અને મુક્તિ થાય છે. રાજા નીતિ પ્રમાણે રાજ્ય કરે છે અને સર્વના ભલામાં આત્માની પેઠે પ્રવર્તે છે, તો

તેથી રાજા પુણ્ય, સંવર, નિર્જરા અને મુક્તિને પામે છે. તે જો અનીતિ આદિ અધર્માચરણથી ચાલે છે, તો પાપનો ભોક્તા બને છે. જુલ્મી, અન્યાયી, વ્યભિચારી, દુષ્ટ, પ્રજાપીડક, દુર્વ્યસની રાજાઓને ગાદી ઉપરથી ઉઠાડી દેવાથી અને તે સ્થાને નીતિમય જીવન જીવવાવાળા, પ્રજાપ્રેમી, ભક્ત પ્રજાનું આત્મવત્ રક્ષણ કરનાર અને વ્યસનરહિતને સ્થાપન કરવાથી પુણ્ય, સંવર અને ધર્મની ઉત્પત્તિ થાય છે અને દેશ, સંઘ, રાજ્યમાં શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ પ્રવર્તે છે.

અન્યાયથી પાપ થાય છે અને ન્યાયથી પુણ્ય છે. અસત્યથી પાપ થાય છે અને સત્યથી પુણ્ય અને મોક્ષ થાય છે. ચોરોને, વ્યભિચારીઓને શિક્ષા કરી તેઓને ધર્મમાં લાવવાથી પુણ્ય ધર્મ અને મુક્તિ થાય છે. નાસ્તિકોને મારા ભક્ત આસ્તિકો બનાવવાથી ધર્મ થાય છે અને અધર્મનો નાશ થાય છે. કોઈને અન્યાયથી સતાવ્યાથી, પીડયાથી, માર્યાથી પાપ થાય છે. જે પ્રધાનો લાંચ લે છે, રાજ્ય અને દેશનો દ્રોહ કરે છે, અનીતિમાર્ગમાં વિચરે છે અને પ્રજાની ઉન્નતિમાં ભાગ લેતા નથી તેઓ પાપી બને છે અને મરીને દુર્ગતિમાં અવતરે છે. જે કોટવાલો, સેનાધિપતિઓ વગેરે સત્તાધિકારીઓ અન્યાય, અધર્મ, જુલ્મ કરે છે તેઓ પાપભોક્તા બને છે.

જે વ્યાપારીઓ અસત્ય, ચોરી, વિશ્વાસઘાત, થાપણબદલ અને જૂઠી સાક્ષીઓ ભરવી વગેરે પાપકર્મો કરે છે તેઓ અલ્પ અને ક્ષણિક સુખની આશાએ માનવભવને હારી જાય છે. દેશ, સમાજ, સંઘ વગેરેની અન્યાય, જુલ્મ અને સ્વાર્થથી પાયમાલી કરવાથી પાપનો બંધ થાય છે. કેટલાંક પાપકર્મો તો આ ભવમાં જીવોને ફળ દેખાડે છે અને કેટલાંક પરભવમાં ફળ દેખાડે છે. અન્યાય કરવાથી કોઈનું છેવટે શ્રેય થતું નથી. પાપથી ક્ષય અને ધર્મથી જય થાય છે, તે પરિણામે લોકો દેખી શકે છે. કોઈના પર આળ દેવાથી પાપનો બંધ થાય છે. કોઈની ચાડીચુગલી કરવાથી

અને દ્રોહ કરવાથી પાપબંધ થાય છે. પરોપકારથી પુણ્ય છે અને અન્ય જીવોને પીડવાથી પાપ છે.

છતી શક્તિએ ધર્મી લોકો પર જુલમ, પીડા ગુજારતા હોય અને તે પ્રસંગે દેહાદિની મમતા રાખી ધર્મીઓને સહાયની ઉપેક્ષા કરવાથી પાપબંધ થાય છે તેમ જ છતી શક્તિઓનો નાશ થાય છે. જુલમીઓ, પાપીઓ, ચોરો, વ્યભિચારીઓને છતી શક્તિએ નહિ વારવાથી દેશ, પ્રજા, સંઘ, રાજ્યાદિકની હાનિ થાય છે તેમ જ ધર્મનો નાશ થવાથી અધર્મના ભાગી બની શકાય છે, એમ જેઓ મારા પર શ્રદ્ધા અને પ્રેમ ધારણ કરે છે તેઓ સારી રીતે જાણી યોગ્ય શુભ પ્રવૃત્તિથી પ્રવર્તે છે.

એકેન્દ્રિય જીવો કરતાં દ્વીન્દ્રિય જીવોની, દ્વીન્દ્રિય જીવો કરતાં ત્રીન્દ્રિય જીવોની અને ત્રીન્દ્રિય જીવો કરતાં ચતુરિન્દ્રિય જીવોની અને ચતુરિન્દ્રિય જીવો કરતાં પંચેન્દ્રિય જીવોની એમ ઉતરોત્તર જીવોની દયા કરતાં વિશેષ પુણ્યબંધ થાય છે. પંચેન્દ્રિય જીવોમાં પણ જલચર કરતાં સ્થલચર જીવોની, તે કરતાં પંખીઓની અને તે કરતાં પશુઓની દયા અને રક્ષા કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. અને તે પ્રમાણે તેઓની હિંસા કરવાથી ઉત્તરોત્તર વિશેષ પાપબંધ થાય છે.

દેવતાઓના કરતાં મનુષ્યાવતાર મહાન છે. મનુષ્યાવતારમાં આત્મા મુક્ત, પરમાત્મા, પરબ્રહ્મ મહાવીર બને છે. હિંસક પાપી દુષ્ટ જીવો કરતાં દયાળુ, ધર્મી, ભક્ત, સત્યવાદી મનુષ્યોનું અન્નાદિકથી રક્ષણ કરવામાં અનંતગણો પુણ્યબંધ છે અને તેથી સંવર અને નિર્જરા થાય છે. જેઓ દુનિયાનું ઘણું ભલું કરે છે તેવા મારા ભક્તોનું રક્ષણ, સેવા અને ભક્તિ કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય અને મહાનિર્જરા થાય છે, પરંતુ તેથી વિરુદ્ધ તેઓની હિંસા વગેરે કરવાથી પાપાનુબંધી પાપ અને નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ થાય છે.

સર્વાવતારોમાં મનુષ્યાવતાર મહાન છે. તે મનુષ્યોમાં પણ અધર્મબુદ્ધિવાળા મનુષ્યો કરતા ધર્મબુદ્ધિવાળા મારા ભક્તો મોટા છે. તેમાં પણ ગૃહસ્થ ભક્તો કરતાં ત્યાગીઓ અનંત ગુણ મહાન છે. તેમાં પણ સાધુઓ કરતાં ઉપાધ્યાયો અને આચાર્યો ઉત્તરોત્તર મહાન છે. તેઓની તે પ્રમાણે તરતમયોગે સેવાભક્તિ કરવાથી ઉત્તરોત્તર પુણ્યાનુબંધીપુણ્ય, સંવર, નિર્જરા અને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

મનુષ્યોની સેવા કરવાથી પુણ્ય છે અને તેઓનો તિરસ્કાર કરવાથી પાપ છે. અધર્મી, દુષ્ટ અને વ્યસની સ્ત્રીપુરુષોને જેઓ ધર્મમાર્ગમાં ચઢાવે છે અને તેઓને સદ્ગુણી બનાવે છે તેઓ વિશ્વવંદ્ય મહાપુરુષો છે. જેમ બને તેમ પાપી મનુષ્યોને મારી નહીં નાંખતાં તેઓને બોધશિક્ષા આપી ધર્મી બનાવવા. મનુષ્યાવતારમાં મનુષ્ય જેટલું ધર્મકાર્ય કરી શકે છે તેટલું અન્ય ભવોમાં ધર્મકાર્ય કરી શકાતું નથી. દુષ્ટ, ઘોર પાપીઓને પણ સુધારવાની તક આપી સુધારવા જોઈએ.

મનુષ્યભવનો એક ક્ષણ પણ પુનઃ પ્રાપ્ત થવો મહા દુર્લભ છે. પુનઃ પુનઃ મનુષ્યભવ મળી શકતો નથી. મનુષ્યાવતારની છેવટની બે ઘડીમાં પણ અનંત ભવનાં કર્મોનો ક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

મનુષ્યોને મારા ભક્ત, ધર્મી, સદ્ગુણી બનાવવા સમાન અન્ય કોઈ મહાન ધર્મકાર્ય વિશ્વમાં નથી, એમ શ્રીમતી યશોદાદેવી અવબોધ અને અધર્મી મનુષ્યોને ધર્મી બનાવવા આત્મવીર્ય ફોરવી પુરુષાર્થ કર !

મનુષ્યભવની એક ક્ષણમાત્ર પણ પ્રમાદમાં ન ગાળવી જોઈએ. મન, તન, વચન, લક્ષ્મી, સત્તા આદિ શક્તિઓનો ક્ષય કરનાર દારૂ વગેરે કેફી વસ્તુઓનો ત્યાગ કરવાથી પુણ્ય થાય છે. દારૂ

આદિ કેફી વસ્તુઓનું પાન કરવાથી પાપ અને અધર્મ થાય છે તેમ જ સાક્ષાત્ તથા પરંપરાએ દેશ, રાજ્ય, પ્રજા, કોમ, વિદ્યા વગેરેની પાયમાલી થાય છે. નશો જેનાથી ચઢે તેવી વસ્તુઓથી દૂર રહેવું એ જ મારા ભક્તોનું પરમ કર્તવ્ય છે.

ગુરુદ્રોહ, દેવદ્રોહ, મિત્રદ્રોહ, માતા–પિતા–સ્રીદ્રોહ વગેરે દ્રોહ કરવાથી પાપની પરંપરા વધ્યા કરે છે. જેઓ ધર્મના બહાને અને મારા નામના બહાના તળે રહીને લોકોનો દ્રોહ કરે છે અને લોકોનો તેમ જ ધર્મીઓનો નાશ કરે છે તેઓ નરકાદિ દુર્ગતિમાં જન્મો પામે છે.

મારું શરણુ જેઓએ ખરા ભાવથી અંગીકાર કર્યું છે અને કરશે તેઓની બુદ્ધિ શુદ્ધ થવાની જ. તેઓ પાપકર્મોનું પ્રતિક્રમણ કરીને પુણ્ય ધાર્મિક માર્ગો તરફ અવશ્ય આવવાના જ અને તેઓ મુક્તિપદ પ્રાપ્ત કરવાના જ, તેમાં જરામાત્ર શંકા રાખવી નહિ.

સર્વ પ્રકારના મહર્ષિઓની અને મહાત્માઓની સેવા કરવાથી પુણ્ય થાય છે. માતા, પિતા, વૃદ્ધ, બાલ, ગ્લાનની સેવા કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ઉપકારીની સેવા કરવાથી પુણ્ય થાય છે અને તેઓના ઉપકારને બદલે તેઓ પર અપકાર કરવાથી પાપ થાય છે. વિદ્યાગુરુ આદિ ગુરુઓનું માન, સન્માન, બહુમાન, સેવા, ભક્તિ કરવાથી અશુદ્ધ બુદ્ધિ, અજ્ઞાન, મોહ, વગેરે પાપોનો આ ભવમાં જ નાશ થાય છે. ગુરુ આદિ પૂજ્ય જનોનું અપમાન કરવાથી પાપ થાય છે. ઉપકારી જનોના ઉપકારો ગોપવવાથી મુક્તિમાર્ગમાં ગમન કરતાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે.

ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવાથી ગુરુના ભક્ત શિષ્યો મારી સહાયને પામે છે. પંચમ આરામાં ધર્મગુરુઓની સેવાભક્તિમાં મારી સેવાભક્તિ જાણવી. સુપાત્રે દાન દેવાથી પુણ્યબંધ તથા નિર્જરા થાય છે. જેઓને જે જે દાન કરવાની ઉપયોગિતા છે

તેઓને તે તે દાન કરવાથી આત્માની અત્યંત વિશુદ્ધિ થાય છે અને મમતા-મૂર્છાનો નાશ થાય છે. દાનનો પ્રતિબદલો લેવાની બુદ્ધિએ જેઓ દાન કરે છે તેઓ મોક્ષમાર્ગમાં હળવે હળવે જાય છે અને જેઓ દાન આપીને તેનો પ્રતિબદલો લેવા ઇચ્છતા નથી, ફક્ત દાન દેવાથી પોતાની ફરજ અદા થાય છે એમ જાણીને યોગ્ય વ્યક્તિને યોગ્ય દાન આપે છે તેઓ મોક્ષમાર્ગમાં વીજળીના વેગે ગમન કરે છે. જેઓ નિષ્કામબુદ્ધિએ દાન દે છે તેઓ મોક્ષ મેળવે છે.

ગૃહસ્થોને દાન સમાન કોઈ ધર્મ નથી. અભયદાન, સુપાત્ર-દાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન તથા જ્ઞાનદાન, અન્નદાન, વસ્ત્રદાન આદિ દાનોને સ્વાધિકારે કરવાથી પુણ્યબંધ, નિર્જરા અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

કુમરિકાઓનાં અને સતીઓનાં શિયળ ભંગ કરનારા દુષ્ટ લોકો-નો પરાજય કરવાથી ધર્મની અને મુક્તિની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મચર્ય અને વીર્યરક્ષા કરવા સમાન કોઈ મહાપુણ્ય નથી. આખી પૃથ્વીને સુવર્ણમંદિરોથી ભરી દેવામાં આવે તેના કરતાં બ્રહ્મચર્યવ્રત ધારણ કરવાથી અનંતગણો ધર્મ થાય છે. વીર્યની રક્ષા કરવાથી રોગ, વ્યાધિ, દુર્બુદ્ધિ, કામ વગેરેનો નાશ થાય છે અને ધર્મની રક્ષા થાય છે.

બાળકો અને બાલિકાઓ વીસ વર્ષ પર્યંત વીર્યની રક્ષારૂપ બ્રહ્મચર્ય પાળી શકે અને મૈથુન, હસ્તકર્માદિ દુષ્ટ ટેવોના તાબામાં ન આવે એવાં ગુરુકુલો વગેરે સર્વ સાધનોમાં ભાગ લેવાથી પુણ્ય, ધર્મ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. બાળકો અને બાલિકાએ વીશ વર્ષ પર્યંત બ્રહ્મચારી રહે એવાં સાધનોમાં છતી શક્તિએ ભાગ ન લેવાથી અને સ્વાધિકારે ન પ્રવર્ત્યાથી દેશ, કોમ, સંઘ, રાજ્ય, પ્રજામાં પાપનો પરંપરાએ પ્રચાર થાય છે.

જેઓની પાસે અન્નાદિક પરિગ્રહ ઘણો હોય છે અને અન્ય

લોકો પાસે અન્નાદિક હોતું નથી તેઓ ભૂખ વગેરેથી મરે છે. તે પ્રસંગે જો તેઓ ભૂખ્યાઓને અન્નાદિક આપતા નથી, તો તેઓ મારા ભક્તો ગણાવાને લાયક બની શકતા નથી. પોતાની પાસે અન્નાદિક છતાં પોતાને ઘેર આવેલાઓને અને માગનારાઓને જે આપતો નથી તે પાપમાર્ગમાં પ્રવેશ કરે છે, તે મોહનો તાબેદાર, ગુલામ બને છે અને મારો વિશ્વાસી રહેતો નથી, એમ હે શ્રીમતી યશોદાદેવી! જાણ.

શુભાશુભાસ્રવ સંબંધથી મન પણ શુભાશુભરૂપ કહેવાય છે. આત્મામાં જ્યારે મન લીન થાય છે ત્યારે શુભાશુભ પરિણામરૂપ આસ્રવનું ગ્રહણ થતું નથી. મારામાં મન રાખીને જેઓ સંસારમાં આજીવિકાદિ કર્મો કરે છે તેઓ સંસારમાં બંધાતા નથી.

જાતિ–અભિમાન, રૂપ–અભિમાન, વિદ્યા–અભિમાન બલાભિમાન, યૌવનનો અહંકાર, લક્ષ્મીનો અહંકાર, તપનો અહંકાર વગેરે અહંકારથી પાપપ્રકૃતિઓનો બંધ થાય છે, પરંતુ સર્વ પ્રકારના અહંકારનો ત્યાગ કરવાથી સંવર–સંયમની પ્રાપ્તિ થાય છે.

મહાસંઘ, દેવ, ગુરુ, ધર્મ વગેરે માટે પ્રાણાર્પણ કરવાથી, દેહનો ત્યાગ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. નામરૂપનો અહંકાર ત્યાગીને ગુરુની સેવા કરવાથી મુક્તિ થાય છે.

પુણ્ય સુવર્ણની બેડી સમાન છે અને લોહની બેડી સમાન પાપ છે. પુણ્યથી અનુકૂલ સંયોગોની પ્રાપ્તિ થાય છે. પુણ્યથી શુભ સાધનો મળે છે. પાપ તડકારૂપ છે અને પુણ્ય છાયા સમાન છે. પુણ્યથી શુભ શરીર મળે છે. પાપનાં કર્મોનો ત્યાગ કરીને પુણ્યકર્મો કરવાં અને પશ્ચાત સંવરની સેવના કરવી.

બાળજીવો ગૃહસ્થાવાસમાં પુણ્યકર્મોને કરે છે અને જ્ઞાનીઓ પણ પુણ્યકર્મો કરે છે, પરંતુ તેઓ પુણ્યફળરૂપ પૌદ્ગલિક સુખની ઇચ્છા રાખતા નથી. તેથી તેઓ સંવર અને નિર્જરાને

વિશેષતઃ પ્રાપ્ત કરે છે.

મારા ભક્તો કેટલાક તામસી પ્રકૃતિવાળા છે, કેટલાક રાજસી પ્રકૃતિવાળા છે અને કેટલાક સાત્વિક પ્રકૃતિવાળા છે. દુનિયામાં અનંત જીવો છે. દુનિયાના સર્વ જીવો પુણ્ય અને ધર્મક્રિયા કરનારા બની શકતા નથી. ત્રણ પ્રકૃતિમાંથી ગમે તે પ્રકૃતિની મુખ્યતાવાળા જીવો વર્તે છે. દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, શુદ્ધ પ્રેમ, મૈત્ર્યાદિ ભાવના, ક્ષમાદિ દશ ધર્મનો સાત્વિક પ્રકૃતિમાં સમાવેશ થાય છે. સત્ત્વ, રજસ અને તમસ પ્રકૃતિથી ભિન્ન એવું મારું શુદ્ધાત્મ બ્રહ્મસ્વરૂપ છે. એ સ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રથમ શુભાસ્રવરૂપ પુણ્ય-પ્રકૃતિનું અવલંબન લેવું પડે છે. પશ્ચાત્ સંવર અને નિર્જરાની આરાધનારૂપ સાત્વિકભાવનું અવલંબન લેવું પડે છે. પ્રાસાદ પર આરોહવા માટે પ્રથમ નિસરણી કે દાદરની જરૂર પડે છે. તે પ્રમાણે મુક્ત થવા માટે ભક્તોને શુભાસ્રવ સેવવો પડે છે. મન, વાણી અને કાયાનું અવલંબન લેવું પડે છે. પશ્ચાત્ પોતાની મેળે યમ, નિયમ આસનાદિકનું અવલંબન છૂટી જાય છે અને આત્મા સર્વ બાબતમાં કર્તવ્ય કરવામાં અગર ન કરવામાં સ્વતંત્ર બને છે. તેઓ પશ્ચાત્ મન, વાણી, કાયાનો પરમાર્થ માટે ઉપયોગ કરે છે.

શ્રીમતી યશોદાદેવી! શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ પૂર્વે સંવર-ભાવની પ્રાપ્તિ થાય છે. સંવરભાવ એ આસ્રવત્યાગરૂપ છે. જે જે અંશે આસ્રવનો ત્યાગ તે તે અંશે સંવર છે. બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથના શિષ્ય ગજસુકુમાલે સંવરભાવમાં રહીને ક્રોધાદિ કષાયોનો જય કરી મુક્તિની પ્રાપ્તિ કરી હતી. શ્રી શુક પરિવ્રાજકે સંવરભાવમાં રહીને મુક્તિની પ્રાપ્તિ કરી હતી. શ્રી મુનિસુવ્રત તીર્થંકરના ભક્ત વાલી સંવરભાવરૂપ ત્યાગાવસ્થાને પામી મુક્ત થયા હતા. શ્રી મુનિસુવ્રત તીર્થંકરના ભક્ત શ્રી રામચન્દ્રજીએ સંવર-સંયમ વડે શુદ્ધ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરી હતી. વીસમા તીર્થંકર પરમાત્મા શ્રી મુનિસુવ્રત પ્રભુના ભક્ત વસિષ્ઠ ઋષિએ

સંવરતત્ત્વરૂપ જૈનધર્મની આરાધના કરીને મુક્તદશા પ્રાપ્ત કરી હતી.

સર્વ કામાદિ વિષયવૃત્તિનો ત્યાગ તે જ સંવર છે. રાગદ્વેષના વિચારોનો ત્યાગ તે સંવર છે. મારામાં ધારણા, ધ્યાન અને સમાધિથી લીન થઈ જવું એ સંયમ છે અને સંયમ તે સંવર છે. પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ સંવરરૂપ સંયમ છે. સંયમથી અનંત પ્રકારની શક્તિઓ ખીલે છે. વિદેહી નમિ રાજર્ષિએ અને જનક રાજર્ષિએ તથા શ્રી નમિ તીર્થંકરના ભક્ત કાત્યાયન ઋષિએ તથા યાજ્ઞવલ્કય ઋષિએ સંવરભાવમાં રહીને અનેક ભવનાં આઠ કર્મો ખેરવીને મુક્તિની પ્રાપ્તિ કરી હતી. પ્રથમ તીર્થંકર આદિનાથ શ્રી ઋષભદેવ પ્રભુના સો પુત્રોએ છેવટે સંવરભાવમાં રહી મુક્તિપદ પ્રાપ્ત કર્યું હતું.

રાજયોગ, સહજયોગ, હઠયોગ, મંત્રયોગ, ધ્યાનયોગ વગેરેનો સંવરભાવમાં સમાવેશ થાય છે. નીતિ, પ્રામાણિકતા, સત્ય, દયા, અસ્તેય, બ્રહ્મચર્ય, નિરહંકારતા, વિકલ્પ--સંકલ્પનો ત્યાગ, નિષ્કામભાવથી પ્રવૃત્તિ, તપ, જપ, સંયમ, ચારિત્ર વગેરે સંવરતત્ત્વરૂપ છે, એમ શ્રીમતી યશોદાદેવી ! જાણ.

શ્રી સનકાદિ ઋષિઓ, કે જેઓ શ્રી નમિનાથના ભક્તો હતા, તેઓ સંવરતત્ત્વરૂપ જૈનધર્મને આરાધી મુક્ત થયા હતા. શ્રી કશ્યપ ઋષિ, કે જેઓ શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં થયા હતા, તે સંવરતત્ત્વને પામી ત્રિગુણાતીત વીતરાગ જિન થયા હતા. એમ અનેક ઋષિઓએ અને મુનિઓએ સંવરતત્ત્વની આરાધના કરીને સર્વજ્ઞદૃષ્ટિની પ્રાપ્તિ કરી હતી. તે જ રીતે અનેક સાધુઓ તથા સાધ્વીઓએ સંવરભાવમાં રહીને વીતરાગ સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું હતું.

આત્મજ્ઞાનની પ્રાપ્તિથી સંવરભાવમાં રહી શકાય છે અને તેથી અનેક—અનંત કર્મની નિર્જરા થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે, એમ શ્રીમતી યશોદાદેવી ! જાણ. મારા શુદ્ધાત્મસ્વરૂપમાં જેઓ

શ્રદ્ધા, પ્રેમથી મસ્ત બને છે તેઓ કાચી બે ઘડીમાં પરમાનંદનો અનુભવ કરે છે. મારા શુદ્ધાત્મસ્વરૂપના પ્રેમી મસ્ત લોકોને સંવર અને નિર્જરાની સહેજે એક ક્ષણમાં પ્રાપ્તિ થાય છે.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહો, સાધુધર્મ, ભાવના, ચારિત્ર વગેરે સર્વે સંવરના અનેક પર્યાયો છે. તેમાંથી એકેકનું અવલંબન કરીને પૂર્વે અસંખ્ય જીવો મુક્ત થયા છે, થાય છે અને ભવિષ્યમાં થશે. એકવીસમા તીર્થંકર વિદેહી શ્રી નમિનાથ થયા. તેમના શિષ્ય ત્યાગી બૃહસ્પતિ ઋષિએ સંવરરૂપ ત્યાગભાવ—જ્ઞાનને પામીને અનેક મનુષ્યોને બોધ આપી મુક્ત કર્યા હતા. તેથી વેદસૂક્તમાં તેમના શિષ્ય ઋષિઓએ તેમનું મંગલનામ ધારણ કર્યું છે. શ્રી બૃહસ્પતિ ઋષિએ જૈનધર્મનો વિશ્વમાં પ્રચાર કર્યો હતો. તે સદા મંગલકર્તા છે.

બાવીસમા તીર્થંકર ઈશ્વર શ્રી અરિષ્ટનેમિ પ્રભુએ ત્યાગી બની સર્વ વિશ્વમાં સર્વ ઋષિઓને સંવરભાવનો ઉપદેશ આપ્યો હતો.

જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વગેરે સર્વ યોગોનો પ્રકાશક હું પ્રગટ્યો છું. સર્વ તીર્થંકરોએ અને પૂર્વે થયેલા સર્વ ઋષિઓએ સર્વજ્ઞદૃષ્ટિથી ચોવીસમા તીર્થંકર પરમાત્મા મહાવીર તરીકે મારો સર્વ વિશ્વોદ્ધારક અવતાર થશે એમ ઋષિમુનિઓ, ઇન્દ્રો અને દેવોની આગળ કહ્યું હતું અને સર્વ અસંખ્યાત ધર્મ-સ્વરૂપ જૈનધર્મનો પ્રકાશક હું થઈશ, એમ જણાવ્યું હતું. મારો ઉપદેશ તે પૂર્વનાં સર્વ પુસ્તકો અને ભવિષ્યનાં સર્વ પુરાણો વગેરેનો સાર છે, એમ સત્ય જાણ.

શ્રી અરિષ્ટનેમિ ઘોર બ્રહ્મચારી તીર્થંકરે શ્રીકૃષ્ણની આગળ પ્રકાશ્યું હતું કે ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ થશે. તેઓ ત્યાગીઓના પ્રભુ—નાથ બનશે. કલિયુગમાં તેમના નામના જાપ, તેમના ઉપદેશ, તેમની ભક્તિથી સર્વ ભક્ત લોકોનો ઉદ્ધાર

થશે. તે પ્રમાણે ચોવીસમા તીર્થંકર તરીકે મારો મહેશ્વર અવતાર છે. તેથી હું જે સંવરભાવરૂપ જૈનધર્મ કહું છું તેની આરાધના કરીને અનેક જીવો વીતરાગ, જિન, પ્રભુપદને પ્રાપ્ત કરે છે, એમ નક્કી જાણ.

સંયમથી આત્માની અનેક–અનંત શક્તિઓનો પ્રકાશ થાય છે. તેનાથી ભાવતઃ અષ્ટ સિદ્ધિઓ અને નવનિધિયોની પ્રાપ્તિ થાય છે. મારા શુદ્ધ બ્રહ્મસ્વરૂપમાં મનને ગોપવીને જેઓ સંકલ્પ-વિકલ્પાતીત થાય છે તેઓ પ્રભુ તરીકે પોતાને અનુભવે છે અને પ્રભુપદની પ્રાપ્તિ કરે છે. મારામાં જેઓ પ્રેમશ્રદ્ધાથી લયલીન થાય છે અને પોતાના આત્માને મહાવીર તરીકે જેઓ અનુભવે છે તેઓને એક ક્ષણમાત્રમાં સંવર અને સંયમની પ્રાપ્તિ થાય છે, એમ નિશ્ચયતઃ જાણ.

પાંચમા આરામાં મારું શરણ સ્વીકારવાથી અને મારા નામના જાપમાત્રથી અનેક ઘોર પાપોના કરનારાઓ પણ સંવરભાવ અર્થાત્ સાત્ત્વિક ભાવને પામી શુદ્ધાત્મપદને અનુભવે છે અને ઘોર હત્યાઓનાં પાપોથી પણ વિમુખ થાય છે. શુદ્ધાત્મપરબ્રહ્મ એવા મારા સ્વરૂપના આશ્રયથી જે શક્તિ જીવોને મળે છે તેવી અન્ય કરોડો ઉપાયોથી મળતી નથી.

જોઈને ગમન કરવું તે ઈર્યાસમિતિ છે. બરાબર વિચાર કરીને બોલવું તે ભાષાસમિતિ છે. નિર્દોષ સાત્ત્વિક શુદ્ધ ભોજન લેવું તે એષણાસમિતિ છે. જે મૂકવું, ગ્રહવું તે બરાબર તપાસીને કરવું તે આદાનત્યાગસમિતિ છે. જે પરઠવવું તે બરાબર તપાસ કરીને પરઠવવું તે પારિષ્ઠાપનિકા સમિતિ છે. એ પાંચ સમિતિ પ્રમાણે પ્રવર્તવાથી આત્માની સન્મુખ મન થાય છે અને તેથી વ્યવહારસમાધિની પ્રાપ્તિ થાય છે. પાંચ સમિતિરૂપ યોગની પ્રાપ્તિ થયા પછી મનોગુપ્તિ, વચોગુપ્તિ અને કાયગુપ્તિરૂપ યોગની પ્રાપ્તિ થાય છે. કાયગુપ્તિ અને વચોગુપ્તિ એ બાહ્ય યોગસમાધિ-

રૂપ છે. તેનાથી આત્માની અનંત શક્તિઓનો વિકાસ થાય છે. મનોગુપ્તિ એ રાજયોગ સમાધિ છે. આત્મજ્ઞાન અને ધ્યાનબળે પરમસમાધિરૂપ મનોગુપ્તિની પ્રાપ્તિ થાય છે. તેથી સર્વ રાગ-દ્વેષનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે.

મન એવી રીતે ગોપવવું જોઈએ કે જેથી મનમાં ભય, શોક, દ્વેષ, ઈર્ષ્યા, કામ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે દોષો પ્રગટી શકે નહીં. મનોગુપ્તિ તે જ મહાસમાધિ છે. મનમાં આત્માની આજ્ઞા પ્રમાણે વિચારો પ્રગટે એવી રીતે મનોગુપ્તિ કરવી જોઈએ. મનમાંથી જેમ જેમ રાગદ્વેષના વિચારો પ્રગટતા બંધ થાય છે તેમ તેમ આત્મબળ વધે છે અને માનસિક પશુ-બળનો નાશ થાય છે મનમાં ખપ પડતા યોગ્ય વિચારો પ્રગટાવવામાં અને અશુદ્ધ દોષ અને પાપવાળા વિચારોને આવતા જ બંધ કરી દેવામાં ખરું યોદ્ધાપણું છે. મનમાં એક પણ ખરાબ વિચાર એક ક્ષણવાર સુધી પણ ન પ્રગટવા દેવો જોઈએ. મનમાંથી રાગદ્વેષના અને કામમૈથુનના અધર્મ્ય વિચારો ન પ્રગટાવવા દેવાથી મન, વાણી. કાયાનાં આરોગ્ય, આયુષ્ય, બલ, બુદ્ધિ, પરાક્રમ અને ધર્મની વૃદ્ધિ થાય છે.

મનના કરતાં આત્માની અનંતગુણી શક્તિ છે. આત્માનો કાબૂ મન પર થાય છે ત્યારે મનોગુપ્તિની સિદ્ધિ થાય છે અને મનોગુપ્તિની સિદ્ધિ થતાં કેવલજ્ઞાન-અનંતાનંદ પ્રગટે છે. મનને આત્માના તાબામાં રાખવું એ પરમ સંયમરૂપ ચારિત્ર છે. ઇન્દ્રિયોને વિષયો તરફ જતી વારવી તથા મનને મોહના તાબે ન થવા દેવું એવી રીતે વર્તવાથી સત્ય સંયમની પ્રાપ્તિ થાય છે. તેથી મનની વિશુદ્ધિ થતાં ભક્તો પોતાના આત્મારૂપ મહાવીર પ્રભુનાં દર્શન કરી શકે છે અને મહાવીર પ્રભુરૂપ બની શકે છે

વિશ્વમાં સર્વ મનુષ્યોને શુદ્ધાત્મમહાવીર પ્રભુરૂપ બનવાનો હક્ક છે અને તે મનોગુપ્તિથી સહેજે બની શકાય છે. મનોગુપ્તિથી

આત્મા પર લાગેલાં સર્વ આવરણોનો ક્ષય થાય છે અને નવીન જ્ઞાનાવરણાદિ કર્મોનો સંબંધ થતો નથી. સર્વ વિકલ્પોને મનમાં આવતાં વારવાથી મોહનો નાશ થતાં આત્મજ્યોતિનો પ્રકાશ થાય છે. શ્રીમતી યશોદાદેવી! આત્માને તાબે મનને કર, પણ મનના તાબે આત્માને ન રાખ. રાગદ્વેષરૂપ વૃત્તિવાળું મન છે એવો ઔપચારિક પરિભાષાએ વ્યવહાર જાણ.

મનોગુપ્તિથી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. અષ્ટાંગ યોગની આરાધનાનો સાર મનોગુપ્તિ છે. મારામાં જેઓને પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ છે અને મારા શુદ્ધાત્મસ્વરૂપમાં જેઓને લગની લાગી છે તેઓને સહેજે મનોગુપ્તિ રૂપ મહાયોગની સિદ્ધિ થાય છે. મનોવર્ગણાને વિચાર કરવાનો વેગ આપ્યાથી મનોવર્ગણા દ્વારા વિચારો થાય છે. તેમાં રાગદ્વેષની ભાવના ભળવાથી વિચારોમાં રાગદ્વેષાદિ કષાયોની અશુદ્ધતા ભળે છે અને તેથી નવીન કર્મોનું ગ્રહણ થાય છે. મનના વિચારોમાં રાગદ્વેષની પરિણતિ ન ભળે ત્યારે મનોગુપ્તિ સિદ્ધ થયેલી જાણવી.

મનોગુપ્તિના કારણભેદે અસંખ્ય ભેદ છે. મનને એવી રીતે આત્મામાં રસિક થઈને ગોપવી રાખવું કે જેથી રાગદ્વેષનો સંબંધ ન થાય. મનની એવી સ્થિતિને મનોગુપ્તિ કહે છે. જે જે અંશે મનને ગોપવાય તે તે અંશે મનોગુપ્તિ જાણવી. મનમાં રાગદ્વેષની પરિણતિ નથી ભળતી ત્યારે આત્મબળનો વિકાસ થવા માંડે છે અને ત્યારે પ્રાણાદિકના ઉત્પાદ–વિનાશમાં સમભાવ રહે છે.

મારા શુદ્ધ સ્વરૂપમાં જે ભક્તો મનને લયલીન કરે છે તેઓમાં આત્માની શક્તિઓનો વિકાસ થાય છે અને તેથી અનેક જાતની લબ્ધિઓ અને ચમત્કારો પ્રગટે છે. આત્માની વિશુદ્ધતા થતાં મારામાં અને તેઓમાં ભેદ રહેતો નથી. દરેક કામ્ય વસ્તુઓ તરફ જતા મનને ગોપવી તેને આત્મામાં ગોપવો. આત્માના સ્વરૂપમાં રમતા મનમાં સાત્ત્વિક શક્તિઓનું બળ ખીલે છે, એમ નક્કી જાણ.

સતી યશોદાદેવી! સર્વે આત્માઓની સાથે મન રહેલાં છે. વચ્ચેથી મનની ઉપાધિ દૂર થતાં સર્વે આત્માઓ જિનો અને પ્રભુ બને છે. મનમાં પ્રગટતા મોહને વારવો એ જ પરમ સમાધિ-દશા છે. હઠયોગબળે પ્રાણને બ્રહ્મરન્ધ્રમાં લઈ જવામાં આવે તે હઠયોગનું ફળ છે, પણ તેથી સદાકાળની શાંતિ થતી નથી, કારણ કે બ્રહ્મરન્ધ્રમાંથી પ્રાણ નીચે ઊતર્યા બાદ પૂર્વના જેવી મોહ-કામાદિકની બહિરાત્મદશા પાછી કાયમ રહે છે. તેથી મનમાં પ્રગટતા રાગદ્વેષાદિ સંકલ્પ-વિકલ્પોનો સર્વથા નાશ થતો નથી. માટે આત્મજ્ઞાન-બળે મનોગુપ્તિરૂપ સહજસમાધિની પ્રાપ્તિ કરવી જોઈએ અને તે પશ્ચાત્ મોહાદિ ઘાતિકર્મનો ક્ષય થતાં આત્મામાં અનાદિકાળથી તિરોભાવે રહેલું કેવળજ્ઞાન આવિર્ભાવને પામે છે. તેથી શુદ્ધાત્મા પોતે સર્વજ્ઞ બને છે. પછી તેને કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.

ઘરમાં અગર વનમાં, એકાંતમાં અગર વસતિ કે સમુદાયમાં મનોગુપ્તિ ધારણ કરવાથી અનેક કષાયોના વેગોને રોકી શકાય છે. તેથી ચિતા સમાન ચિંતાઓ દૂર થવાથી માનસિક રોગોથી જે શારીરિક રોગો થાય છે તે રહેતા નથી અને આયુષ્યનો ઘાત પણ એકદમ થતો નથી. રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પના ત્યાગીઓ આ વિશ્વમાં સર્વમાં પ્રભુતુલ્ય બને છે. તેઓ જે કાંઈ ધારે છે તે કરી શકે એવા સામર્થ્યવાળા બને છે. પુદ્ગલદ્રવ્ય આદિ સર્વ સૃષ્ટિમાં તેઓ સ્વતંત્ર અને મુક્ત બની આયુષ્ય પર્યન્ત વિચરે છે. તેઓ શરીરમાં રહે છે ત્યાં સુધી સાકાર પ્રભુ તેમને જાણવા. એવા સાકાર પ્રભુઓ મન, વાણી, શરીરથી વિશ્વના જીવોનું ભલું કરે છે. તેઓ ઉપદેશ આપીને અનેક લોકોને તારે છે. પશ્ચાત્ શરીરનો ત્યાગ કરી નિરાકાર, નિરંજન, પ્રભુ, સિદ્ધ બને છે.

મનમાં પ્રગટતી અયોગ્ય અશુભ વૃત્તિઓને તું હટાવ. તેથી તું શુદ્ધાત્મસ્વરૂપ બનીશ. આત્માની સાથે કર્મનો સંબંધ છે તેથી દ્વૈતભાવ અનુભવાય છે, પણ કર્મરૂપ પુદ્ગલદ્રવ્યનો

વિયોગ થતાં આત્મા પોતાના સ્વરૂપે એક અદ્વૈતરૂપે રહે છે. પ્રથમ કાયગુપ્તિ, પશ્ચાત્ વચોગુપ્તિ અને પશ્ચાત્ મનોગુપ્તિ સિદ્ધ થાય છે. મનમાં સારા વિચારો પ્રગટાવવા અને અશુભ વિચારોને દૂર કરવા. મનને સર્વ પૌદ્ગલિક કામનાઓથી રહિત કરતાં આત્માના પૂર્ણ સત્યનો અને પૂર્ણાનંદનો સાક્ષાત્કાર થાય છે. શાસ્ત્રવાસના, વિષયવાસના, લોકવાસના, કીર્તિવાસના અને નામરૂપની અહં-વાસનાનો પ્રગટતાંની સાથે તરત જ ક્ષય કરવાથી આત્માનું સત્યજ્ઞાન પ્રગટે છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને ક્ષય થતાં કેવળજ્ઞાનનો પ્રકાશ થાય છે. સર્વ પ્રકારના મતોમાં સ્યાદ્વાદજ્ઞાનદૃષ્ટિથી મધ્યસ્થ રહી આત્મામાં મનને ગોપવી, સંકલ્પ-વિકલ્પરહિત થતાં આત્માનો આત્માને સાક્ષાત્કાર થાય છે. ત્યારે આત્મા તે જ પોતાને અરિહંત, સિદ્ધ, પ્રભુ મહાવીરરૂપે અનુભવે છે. પોતે પોતાના ગુણપર્યાયનો કર્તા છે. પોતે જ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ છે એવો તે પ્રત્યક્ષ અનુભવ કરે છે. તેથી મનોવૃત્તિરૂપ દ્વૈતભાવ રહી શકતો નથી. મનોગુપ્તિથી સંવર-સંયમ સાધતાં અંતરાત્માની પ્રભુતા પ્રગટ થાય છે અને પશ્ચાત્ પરમાત્મપ્રભુરૂપ સ્વયં બને છે.

મારી ભક્તિ-ઉપાસના કરતાં અને મારામાં મન પરોવતાં મનની જેટલી વહેલી ગુપ્તિ થાય છે તેટલી બીજા કશાથી થતી નથી. મનથી અર્થાત્ રાગદ્વેષના સંકલ્પવિકલ્પથી મર્યા વિના કોઈ ભક્ત, જ્ઞાની, યોગી, સિદ્ધ બની શકતો નથી. રંક થવું પણ પોતાના હાથમાં છે અને પ્રભુ થવું પણ પોતાના હાથમાં છે. મનો-ગુપ્તિથી મોક્ષરૂપ પોતાનો આત્મા બને છે, એમ નિશ્ચય કરીને મનોગુપ્તિની સિદ્ધિ કરી પરમ પ્રભુ થા!

શરીરનું આરોગ્ય રાખવું, યથાયોગ્ય ભોજન લેવું અને ઇન્દ્રિયોની સ્વસ્થતા જાળવવી. પ્રાણાયામ વડે પ્રાણની પુષ્ટિ કરવી અને મનોગુપ્તિ વડે મનોબળ અને આત્મબળ જાળવવું. કાયમો

જેમ પ્રસંગ પડે શરીરના અવયવોને ગોપવે છે તેમ પ્રસંગ પડે મનને ગોપવવું, કે જેથી તેમાં મોહ-કામાદિ શત્રુઓ પેસી જાય નહીં.

મારા પર પૂર્ણ પ્રેમ, શ્રદ્ધાના ધારકો કષાયોના વેગનું ઉત્થાન થવાનો પ્રસંગ આવે છે કે તરત જ મનને મારામાં વાળી દે છે. તેથી તેઓ મોહાદિ શત્રુઓનો ઘાત કરે છે. ખાસ મનન કરવાના પ્રસંગ વિના મનને વિચાર કરવાનો વેગ આપવો નહીં. અતિશય વિચારો કરવાથી મગજ બગડે છે અને કામાદિના અત્યંત વિચારો કરવાથી મગજ તથા શરીર રોગી બને છે. પરિણામે આયુષ્યનો જલદી અંત આવે છે. કામવિકાર, ક્રોધ, દ્વેષ, મોહ વગેરેના વિચારોમાં જો મન ગૂંથાયેલું રહે છે તો તેથી કર્મબંધ, શરીરહાનિ અને અનેક વ્યસનોથી અનેક જન્મોને મનુષ્યો ધારણ કરી મહાદુઃખ પામે છે.

મગજમાં પ્રગટતી ઘણી ચિંતાઓનો અંત આણવા માટે કેટલાક દારૂ વગેરે કેફી પદાર્થોનું સેવન કરે છે. તેથી તેઓ શરીર અને મનની પાયમાલી કરી દુર્ગતિમાં અવતરે છે. જેઓ મનોવૃત્તિઓના ગુલામ છે તેઓ મોહાદિ શત્રુઓને હણી શકતા નથી. વીર્યહીન અને અશક્ત ગુલામો મનોગુપ્તિને ધારણ કરી શકતા નથી. જેઓ શૂરા, જ્ઞાની અને નિરાસક્ત છે તેઓ મનોગુપ્તિને ધારણ કરી શકે છે. જેઓ જડ પદાર્થોના પરિગ્રહમાં મમતાવાળા દાસ બનેલા છે તેઓ ઇન્દ્રો અને ચક્રવર્તીઓ છતાં મોહરૂપ દાસના દાસ છે. તેઓ મનોગુપ્તિથી સર્વ વિશ્વ પર સત્તા મેળવી શકાય છે એમ જાણી શકતા નથી.

મનોગુપ્તિના ધારકને આત્મામાં સર્વ તીર્થો અને મોક્ષ છે. તે પોતાનો ગુરુ અને દેવ છે. મનને વશ કરવાથી મોક્ષ છે અને મનને મોહવશ રાખવાથી સંસાર છે. જેઓ પોતાનું મન વશમાં રાખે છે તેઓને અન્ય સાધનની જરૂર નથી. સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં મનોગુપ્તિપ્રસંગે મનને ગોપવવું. મનમાંથી પ્રથમ અશુભ મોહાદિ

વિકારો દૂર કરવા, એવી મનોગુપ્તિ પ્રથમ સાધવી. પ્રથમાવસ્થામાં મનોગુપ્તિમાંથી અનેક વખત સ્ખલના થાય છે, પરંતુ અભ્યાસના દૃઢભાવથી અને પરમ પુરુષાર્થથી છેવટે મનોજય થાય છે. સાત્ત્વિક આહારપાન, સાત્ત્વિક સંતોનો સમાગમ, સાત્ત્વિક સ્થાન અને સાત્ત્વિક વૈરાગ્યથી મનોગુપ્તિ સિદ્ધ થાય છે. મારેલો રસેન્દ્ર જેમ અનેક રોગોને દૂર કરે છે અને શારીરિક બળ આપે છે તેમ મનોગુપ્તિથી સિદ્ધ થયેલું મન આત્મબળ પ્રગટાવવામાં સમર્થ બને છે અને અનેક ચમત્કારોનું સ્થાન બને છે. ત્યાગમાર્ગમાં મનોગુપ્તિ સિદ્ધ કર્યા વિના આગળ ચાલી શકાતું નથી. મનોગુપ્તિવાળો વચનગુપ્તિને સહેજે સિદ્ધ કરે છે. મનોગુપ્તિરૂપ સંયમ સિદ્ધ થતાં વચન ઉપર કાબૂ મેળવી શકાય છે. વચનગુપ્તિ સિદ્ધ થતાં વચનસિદ્ધિ થાય છે. મનોગુપ્તિરૂપ સિદ્ધિ પ્રાપ્ત થતાં અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. કાયગુપ્તિને આસનાદિકથી સિદ્ધ કરતાં પવનજય અને અનેક રોગોનો નાશ તથા શારીરિક બળની વૃદ્ધિ થાય છે.

વિચાર્યા વિના એક શબ્દ પણ મુખની બહાર કાઢવો નહીં. અનેક પ્રકારની કુકથાઓમાં, વિકથાઓમાં મૌન રહેવું. વાણીથી સત્ય, પથ્ય, હિતકારક, મિત બોલવું. દુર્જન પુરુષો અને સ્ત્રીઓથી વિપત્તિઓ આવી પડે તોપણ સત્ય અને ખપ જેટલું બોલવું. બાકીના વખતમાં વચોગુપ્તિ ધારણ કરવી. પ્રતિષ્ઠા, કીર્તિ, લાલચ, માન કે પૂજાની વૃત્તિએ મુખથી અસત્ય બોલવું નહીં. વાણીનો દુરુપયોગ કરતાં દેહ કે પ્રાણથી રહિત થવું શ્રેષ્ઠ માનવું. જૂઠી પ્રશંસા કે ખુશામત કરવી નહીં. જૂઠું બોલીને કોઈને છેતરવા નહીં. અસત્ય પાપમય વચનોનો ત્યાગ કરવાથી વચોગુપ્તિ સિદ્ધ થાય છે. વચોગુપ્તિ જેમ જેમ સિદ્ધ થતી જાય છે તેમ તેમ અન્ય મનુષ્યો પર બોલવાની સારી અસર થાય છે. સાપેક્ષ દૃષ્ટિએ સત્યવચન બોલનાર વચોગુપ્તિને પ્રાપ્ત કરી અને ત્યાગમાર્ગમાં આગળ વધી સર્વ પ્રકારનાં કર્મબંધનોથી મુક્ત થાય છે. કાયગુપ્તિથી અનેક

અશુભ કર્મોનો ત્યાગ થાય છે અને તેથી કાયસંયમની સિદ્ધિ થાય છે.

કાયાને અધર્મ પાપમય કાર્યોથી નિવૃત્ત કરીને ધાર્મિક પારમાર્થિક કાર્યોમાં વાપરવી તે કાયસંયમ અને શરીરની સેવા છે. ધાર્મિક કાર્યોમાં કાયાનો નાશ થવાથી ઉત્તરોત્તર આત્મશક્તિઓનો પૂર્ણ પ્રકાશ થાય એવાં શરીરો પેદા કરી શકાય છે.

અશુભ કર્મોથી શરીરને પાછું હટાવવું, અન્યોની હિંસા કરવામાં પ્રવૃત્ત થયેલા દેહને પાછો હટાવવો, ચોરીનાં કાર્યોથી શરીરને પાછું હટાવવું. વ્યભિચારાદિ પાપકર્મોથી શરીરને પાછું હટાવવું, અશુભ પાપકારક પ્રવૃત્તિઓથી પગને પાછા હટાવવા અને ધર્મ-કાર્યમાં વાપરવા તે પાદસંયમ પાદધર્મ છે. મહાત્માઓના પાદની સેવા કરવી. પેટમાં અભક્ષ્ય, અખાદ્ય, અપેય પદાર્થો ન પૂરવા તે ઉદરસંવર ઉદરસંયમ છે. હસ્ત વડે ધાર્મિક કાર્યો કરવાં, દાન દેવું અને શુભ પ્રવૃત્તિમાં, પોતાના પ્રામાણિક અને ન્યાયપૂર્ણ સ્વાર્થમાં હસ્તને વાપરવા તથા એ હસ્તોથી અશુભ પાપકાર્યો અને અશુભાસ્રવોના હેતુઓની પ્રવૃત્તિ ન સેવવી તે હસ્તસંયમ છે. ચક્ષુ-ઓ વડે ધર્મી મહાત્માઓનાં દર્શન કરવાં, દરેક પદાર્થને દેખી જ્ઞાન કરવું અને ચક્ષુનો સારામાં ઉપયોગ કરવો તથા મોહ-કામાદિ દોષો થાય એવા દશ્યોથી ચક્ષુને હટાવવી તે ચક્ષુઃસંયમ છે. કાનોનો શુભ સ્વાર્થમાં તથા પરમાર્થમાં વિવેકપુરસ્સર ઉપયોગ કરવો, અને જેનાથી અશુભ, અપ્રશસ્ય, રાગદ્વેષાદિ કષાયો પ્રગટે તેમાં ઉપયોગ ન કરવો તે કર્ણસંયમ છે. જેથી પાપ થાય એવા શબ્દોને શ્રવણ કરવા નહીં. જેનાથી કામાદિ ભોગની વાસનાઓ પ્રગટ થાય એવું દેખવું નહીં અને એવું સાંભળવું નહીં અને એવું ખાવુંપીવું નહીં તથા એવું વિચારવું નહીં. એ પ્રમાણે શુભાશુભ ઘ્રાણેન્દ્રિય-સંયમ જાણવો. જિહ્વાથી અનેક પદાર્થો ખાવામાં આવે, પણ તેમાં મૂંઝાવાનું ન થાય તે જિહ્વાસંયમ છે.

જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોથી કાર્યો કરવા, પણ તેમાં

આસક્તિ રાખવી નહીં. દરેક ઇન્દ્રિય પોતાની ફરજ બજાવે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું જ્ઞાન કરવામાં જ્ઞાનેન્દ્રિયો પ્રવૃત્તિ કરે છે, તેમાં રાગદ્વેષથી ન પ્રવર્તવાથી સમભાવરૂપ મહાયોગની દશા પ્રાપ્ત થાય છે. કોઈને પૂર્વભવનો સંયમપુરુષાર્થ હોય છે તો આ ભવમાં સહેજે સમભાવરૂપ મહાયોગદશા તેને પ્રાપ્ત થાય છે અને કોઈને પૂર્વજન્મોનો ધાર્મિક સંસ્કાર નથી હોતો તે સંયમમાર્ગમાં ધીમે ધીમે આગળ વધે છે.

કર્ણથી શુભાશુભ શબ્દો સાંભળવા પણ શુભાશુભ પરિણતિનો ત્યાગ કરવો તે કર્ણસંયમ છે. એ પ્રમાણે ચક્ષુ વગેરે અન્ય ઇન્દ્રિયોના વિષયોમાં શુભાશુભ મોહથી મૂંઝાયા વિના પ્રવર્તવું. કર્મેન્દ્રિયોથી જે કાર્યો થાય છે તેમાં આસક્તિ વિના પ્રવર્તવાથી ત્યાગી એવા કર્મયોગીની દશા પ્રાપ્ત થાય છે. વિષયોમાં જેને શુભાશુભ બુદ્ધિ નથી તેને વિષયો શુભાશુભપણે પરિણમીને તેની પ્રવૃત્તિ થવા છતાં બંધનરૂપ થતાં નથી. પાંચે ઇન્દ્રિયોનાં તથા કર્મેન્દ્રિયનાં કાર્યોમાં જેઓને શુભાશુભભાવ નથી તેઓની ચારે તરફ વિષયો છતાં તેઓ ઊંઘમાં, સ્વપ્નમાં અને ગાંડા થયા છતાં પણ બંધાતા નથી. સર્પના મુખમાંથી ઝેરી દાઢા કાઢી નાખ્યા બાદ સર્પ કોઈને કરડે છે તો તેથી વિષ ચઢતું નથી, તેમ પ્રારબ્ધ કર્મયોગે જેઓ અનેક પ્રકારના ભોગો ભોગવે છે તેઓ રાગદ્વેષ અને શુભાશુભ ભાવ વિનાના હોવાથી ભોગોમાં નિર્લેપ રહે છે. પૂર્વકર્મના ઉદયે ભોગોમાં પ્રવૃત્તિ થવા છતાં પણ એવા ભક્તો અંતરથી સુખપરિણામરૂપ મોહથી મૂંઝાતા નથી.

એવા મારા જ્ઞાની ભક્તો દ્રવ્ય-ભાવથી ત્યાગીઓ છે. તેઓ પારમાર્થિક કાર્યો કરે છે અને નથી પણ કરતા. તેઓને જેમ યોગ્ય લાગે છે તેમ કરે છે. સંયમ અને ત્યાગમાં છેવટે એકપણું છે અને તે બન્નેથી આત્મા ન્યારો છે એમ જાણીને જેઓ પ્રવર્તે છે તેઓ સ્વતંત્ર, મુક્ત, સિદ્ધ બને છે અને તેઓ બાહ્ય ત્યાગમાં અને

રણમાં મૂંઝાતા નથી.

સતી યશોદાદેવી ! એ પ્રમાણે જાણી વિવેકથી પ્રવર્ત.

દેહના વીર્યને જુવાનીમાં જેઓ જાળવી રાખે છે તેઓને દેહગુપ્ત (કાયગુપ્ત) જાણવા. કસરત કરીને નિયમિત યોગ્ય આહારવિહારથી શરીરની તંદુરસ્તી જાળવવાથી તથા શરીરબળ ન ઘટે એવી રીતે ઉદ્યમ કરવાથી શરીરવીર્યની રક્ષા થાય છે.

પચે તેટલું ખાવું અને અતિ નિદ્રા તથા અનિદ્રાથી રહિત થઈ શરીર જાળવવું. શરીરથી પરને પીડા ન થાય એવી રીતે સ્વાધિકારે પ્રવર્તવું. શરીરવીર્યનો દુષ્ટ અને સૃષ્ટિવિરુદ્ધ કર્મથી નાશ ન કરવો. રોગોથી શરીર બચે એવું શારીરિક જ્ઞાન પ્રાપ્ત કરીને પ્રવર્તવું. દીર્ઘાયુષ રહે એવા દરેક ઉપાય બાલ્યાવસ્થાથી પ્રારંભીને વર્તવું. મોજશોખથી શરીરવીર્યનો નાશ ન થાય એવી રીતે વર્તવું. શરીર પર શોક, ભય, મૃત્યુની લાગણી ન થાય એવી રીતે મારી ભક્તિમાં પ્રવર્તવું. અપ્રતિષ્ઠા, અપકીર્તિ વગેરેના ભયને લીધે ગિરિપાત કે વિષભક્ષણ વગેરે કુમરણથી મરવું નહીં. ધર્મ અને પરોપકારાર્થે શરીરની મમતાનો ત્યાગ કરી પ્રાસંગિક અને આવશ્યક એવાં નિત્ય-નૈમિત્તિક કાર્યો કરવાં. શરીરની વીર્ય અને રક્ત ધાતુનો ક્ષય થાય એવાં શોક, ચિંતા, ભયથી આત્માને ભિન્ન ભાવવો. શરીરનો મોહ ન રાખવો, પણ શરીરને આત્મોન્નતિ માટે જાળવવું અને તેનો દુરુપયોગ પ્રાણાન્તે પણ ન કરવો. એમ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી ઉત્સર્ગ અને અપવાદ માર્ગે પ્રવર્તી શરીરબળના રક્ષાર્થે તથા શરીરની ધર્મસાધના અને આત્માની ઉન્નતિ અર્થે શરીરગુપ્તિને યોગ્ય પ્રમાણમાં ધારણ કરવી. જેઓ શરીરનો મોહ રાખીને મૃત્યુ આદિ ભયથી ડરીને દુશ્મનોના તાબે ગુલામ જેવા બને છે અને અધર્મ્ય કર્મો કરે છે તેઓને શરીરનો વિક્રય કરનારા જાણવા.

શરીરનું આરોગ્ય રહે એવા સર્વ ઉપાયો આદરવા, અનેક

રોગોની અનેક દવાઓના જ્ઞાતા થવું અને અન્ય લોકોના હિતાર્થે ઔષધિઓ વગેરેનો ઉપયોગ કરવો. પંચભૂતની શુદ્ધિ જાળવવી. શુદ્ધ હવાના સેવનથી શરીર જાળવવું. શુદ્ધ જળ વાપરવું. એ પ્રમાણે પ્રવર્તવાથી શરીર અને મનનું આરોગ્ય જળવાય છે. જેઓ દુષ્ટ લાલસાઓને તાબે રહે છે અને શરીરના વીર્યનો નાશ કરે છે તેઓ રાજાઓ અને ચક્રવર્તીઓ છતાં ગુલામોના ગુલામ એવા પામરો છે. તેઓ મારા બોધનો તિરસ્કાર કરીને અનેક દુઃખના ભાજન બને છે. શરીરના જે જે અવયવોનો અત્યંત દુરુપયોગ કરવામાં આવે છે અને શરીરના જે જે અવયવોથી પરનો ઘાત કે પીડા કરવામાં આવે છે તે તે અવયવોમાં આ ભવમાં અને પર-ભવોમાં અનેક પ્રકારના રોગો પ્રગટી નીકળે છે તેમ જ મૃત્યુ વખતે તે તે અવયવોમાં ઘણું દુઃખ થાય છે. શરીરનું વીર્ય જાળવી-ને મનોવીર્યની વૃદ્ધિ કરવી અને મનોવીર્યની વૃદ્ધિ કરીને મનઃસંયમ દ્વારા આત્મવીર્ય પ્રગટાવવું.

શરીરાદિથી અશક્તોને આ વિશ્વમાં સ્વતંત્ર અને નિર્ભય-પણે જીવવાનો અધિકાર નથી. શરીરબળનો ક્ષય કરનારાઓ અન્ય દુષ્ટ હિંસક લોકોના બળથી જિતાય છે. તેથી તેઓ ધર્મથી વિમુખ બની અને દુષ્ટ ધર્મના આશ્રિત બની આર્યપણું ગુમાવે છે.

સ્વાધિકારે કર્તવ્યકર્મોમાં શરીરને વાપરવું અને પાપકર્મોથી નિવૃત્ત થવું, એ જ મારા ભક્તોનો કાયસંયમ છે. શરીરરૂપ નૌકાને અનીતિ, પાપ, કામનારૂપ વાયુ ખડકોમાં ન અથડાવી દે તેનો ખાસ ઉપયોગ રાખવો. જેઓ અપ્રશસ્ત ક્રોધાદિના આવેશથી કાયાનો અન્યાય, અનીતિ પાપકર્મમાં ઉપયોગ કરે છે તેઓ મહાદુઃખ પામે છે. ત્રણ ગુપ્તિને યથાયોગ્ય વખતે ધારણ કરનારા અને અન્યાય, જુલમ, હિંસાદિ પાપકર્મથી વિમુખ થનારા એવા મારા ભક્તો પર મારો પૂર્ણ પ્રેમ વર્તે છે અને તેઓને મારી સહાય મળે છે. તેઓને હું સ્મરણપ્રસંગે અનેક રૂપથી દર્શન આપું છું અને તેઓનો ઉદ્ધાર કરું છું.

આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે દેવકૃત, મનુષ્યકૃત અને તિર્યંચકૃત અનેક સાનુકૂલ તથા પ્રતિકૂલ ઉપસર્ગોનો પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં તે સહવા. અશક્તો ઉપસર્ગ સહવાના અધિકારી નથી, પણ શક્તિમન્તો ઉપસર્ગ સહવાના અધિકારી છે.

આત્માની શક્તિઓની વૃદ્ધિ માટે અને અન્યોને હાનિ ન પહોંચાડવા માટે ઉપસર્ગો સહવા. દેવો કદાપિ ધર્મ અને સંયમથી ચળાવવા માટે ઉપસર્ગો દ્વારા પરીક્ષા કરે અગર ખાસ ધર્મથી ચલાવવા પ્રયત્ન કરી અનેક પ્રકારની વિપત્તિઓમાં નાખે તોપણ સંયમધર્મથી ભ્રષ્ટ ન થવું, અને દેહ અને પ્રાણના વિયોગરૂપ મૃત્યુને પણ અમૃત સમું ગણી ભેટવા તત્પર થવું. રાજાઓ, ગણો અને ઉપરીઓના ઉપસર્ગથી પણ કદાપિ સંયમ અને ત્યાગધર્મથી ચલિત ન થતાં દેવો અને રાજાઓને પણ આત્મસંયમનું શિક્ષણ આપવા તત્પર રહેવું. સત્ય, સંયમ અને ત્યાગમાર્ગમાં વિચરતાં પ્રતિકૂલ મનુષ્યો અનેક ઉપસર્ગો કરે તે વખતે અધ્યાત્મબળથી મનની સમાનતા જાળવવી અને કર્તવ્યકર્મથી ભ્રષ્ટ ન થવું, તિર્યંચોના ઉપસર્ગો સહન કરીને સંયમમાં આગળ વધવું અને તિર્યંચોને વિવેકયુક્તિથી તાબે કરવાં. અધર્મીઓના બળથી ડરી જઈને આત્મબળની શ્રદ્ધાથી ચલાયમાન ન થવું અને અધર્મીઓને આત્મબળની શ્રદ્ધાનો ખ્યાલ આપવો. દુષ્ટ પાપીઓને દુષ્ટતાથી વિમુખ એવા સામા યોગ્ય ઉપાયો લેવામાં અધીર ન બનવું.

ધર્મ, દેશ, સંઘાદિના પરમાર્થે ક્ષુધા, તૃષા, ઉષ્ણતા, ઠંડક, ડાંસ, નિર્વસ્ત્ર વગેરે પરિષહોને સહન કરવાના પ્રસંગે અંશમાત્ર દૈન્ય, શોક કે ગ્લાનિભાવ ધારણ કરવો નહીં. વિશ્વના લોકોના કલ્યાણાર્થે ત્યાગ અને સંયમરૂપ સંવરભાવમાં વિચરતાં અનેક પરિષહો સહન કરવામાં જેટલું આત્મબલ ફેરવાય તેટલું ફેરવવું અને તેવા પ્રસંગને ઉત્સવ સમાન માનવો.

ત્યાગ અને સંયમમાર્ગમાં કાયર અને નપુંસકો ગણાય

કરી શકતા નથી. દેવોને ત્યાગ અને સંયમ દુર્લભ છે. આત્મધર્મમાં વિચરતાં દેવાંગનાઓને પણ નાકના મેલ સમાન તુચ્છ ગણવી, બાહ્ય લક્ષ્મીને ભૂંડની વિષ્ટા સમાન જાણવી તથા પરસ્ત્રીઓને મા સમાન જાણવી. ત્યાગમાર્ગમાં વિચરનારાઓએ મનમાં કોઈપણ પૌદ્‌ગલિક વસ્તુની મમતા રાખવી નહીં અને જેમ સંઘ અને ધર્માર્થે પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરતાં અત્યંત નિર્મમ બનવું જોઈએ. ત્યાગ અને સંયમધર્મમાં વિચરતાં ગમે તેવું સૂવાનું સ્થાન મળે તો પણ મારું સ્મરણ કરીને સૂઈ રહેવું. દુષ્ટ લોકોના આક્રોશો, ગાળો, તિરસ્કારોને પણ સમભાવથી સહેવાં અને યોગ્ય એવા ઉપાયો લેવા. ત્યાગ અને સંવરભાવમાં રહેતાં કદાપિ અનિવાર્ય વધનો પ્રસંગ આવી પડે તો તે સ્કંધક મુનિના શિષ્યોની પેઠે સહન કરવો. શ્રીકૃષ્ણના લઘુ બંધુ ગજસુકુમાલની પેઠે મરણોપસર્ગ પણ ઉત્સર્ગભાવે સહન કરવો, પણ આત્મધર્મથી ભ્રષ્ટ ન થવું. જેઓ સહન કરવાને અશક્ત હોય તેઓએ ઉપસર્ગ અને પરિષહ કરનારાઓના સામે ઊભા રહી દેહરક્ષણના ઉપાયોને લેવા. સર્વ પ્રકારના લોકો ત્યાગ અને સંયમમાર્ગમાં એકસરખા હોતા નથી. તેથી તેઓ જેમ ઘટે તેમ વર્તી શકે છે. તેઓ શુદ્ધ બુદ્ધિની મુખ્યતાએ સ્વતંત્રપણે વર્તે તેમાં મારી આજ્ઞા છે. ફક્ત આત્માની શુદ્ધતાનો ઉપાય ન ભુલાવો જોઈએ. ત્યાગીઓએ દેહાદિની રક્ષાર્થે અન્યોની યાચના કરવી તેમાં અપમાન થયેલું ન ગણવું અને તેમાં લજ્જા પણ ના ધારણ કરવી. સંયમમાર્ગમાં વિચરતાં અને લોકોને ધર્મમાર્ગમાં લાવતાં અજ્ઞાની લોકો અપમાન કરે તેથી મૂંઝાવું નહીં. તેઓનું બૂરું કરવું નહીં, પણ તેઓને ધર્મી બનાવવા ઘટે તે ઉપાયો લેવા.

વિશ્વના લોકો પર અનેક પ્રકારના ઉપકારો કરવા. યોગનાં આઠે અંગોનું લોકોને જ્ઞાન આપવું. અનેક પ્રકારનાં આસનો અને પ્રાણાયામથી શારીરિક આરોગ્ય અને બળની વૃદ્ધિ કરવી. યોગનો

અભ્યાસ સેવવામાં અનેક જાતની અડચણો અને સંકટો આવે તેઓનો પરાજય કરવો. યોગરૂપ સંવરની આરાધના કરતાં એકદમ ધારેલા લાભો ન મળે તો તેથી અધીર કે શંકાશીલ ન બનવું, પણ પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમથી અભ્યાસ સેવ્યા કરવો.

સંયમ, ત્યાગ અને યોગના માર્ગમાં વિચરતાં અનેક જાતના રોગો પ્રગટે તો તેમાં આ ભવ તથા પૂર્વભવનાં કર્મોનો ઉદય જાણી સંવરથી ભ્રષ્ટ ન થવું અને આગળ વધ્યા કરવું. ધર્મની આરાધના કરતાં સંયમ–સંવરમાં પરિણમતાં અનંત ભવોનાં ઘોર હત્યાદિક કર્મોનો નાશ થાય છે અને નિકાચિત કર્મોના વિપાકોની નિર્જરા થતાં અનેક પ્રકારના રોગો પણ ટળી જાય છે. કદાપિ પ્રગટેલા રોગો ન ટળે, તો તેની પણ મારો જ્ઞાની ભક્ત દરકાર કરતો નથી. એ તો એમ જાણે છે કે જ્યારે ત્યારે કર્મનો ઉદય ભોગવ્યા વિના છૂટકો નથી. માટે વર્તમાનમાં ઉદયમાં આવેલા રોગોને સહન કરી તે કર્મની નિર્જરા કરે છે. સનત્કુમાર ચક્રવર્તીને એકદમ સોળ રોગ થયા હતા. પૂર્વભવના નિકાચિત કર્મના ઉદયથી રોગો પ્રગટેલા જાણી સનત્કુમાર ચક્રવર્તીને વૈરાગ્ય થયો. તેણે મુનિપણું અંગીકાર કર્યું અને આત્મધ્યાન અને સમાધિ વડે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. સનત્કુમાર ચક્રવર્તી જ્યારે સાધુ થયા ત્યારે દેવોએ તેના રોગો ટાળવા કહ્યું, પણ સનત્કુમાર ઋષિએ દેવોની સહાય લેવાનું કબૂલ ના કર્યું અને સમભાવે રોગોને સહ્યા. સનત્કુમારની પેઠે મારા ભક્ત ગૃહસ્થ ત્યાગીઓએ રોગો થાય તો તે ટાળવા પ્રયત્ન કરવો અને તે રોગોને સહવા હોય તો સહીને કર્મોની નિર્જરા કરવી.

તૃણની ઝૂંપડીમાં રહેતાં અને તૃણના સંથારામાં સૂઈ રહેવાનો પ્રસંગ આવે તો તેમાં દીનતા, શોક, ગ્લાનિભાવ ધારવો નહીં. પુણ્યોદયથી અને પાપોદયથી શુભાશુભ કે સુખદુઃખકારક જે જે સંયોગો મળે તેમાં હર્ષ કે શોક ધારણ કર્યા વિના આત્માનંદમાં અલમસ્ત બની કર્તવ્યકાર્યો કરવાં. મળાદિ દૂર કરવાનાં સાધનો

મળે અગર જલ આદિ ન મળે અને તેથી શરીર મલવાળું થાય તો તેથી મનમાં ઓછું લાવવું નહીં.

મારા પર શ્રદ્ધા અને પ્રેમ મૂકયા બાદ અનેક પ્રતિકૂલ સંયોગોમાંથી પસાર થતાં આત્માની શુદ્ધિ થાય છે. તેમાં કંઈ ગુપ્ત રહસ્ય છે, એમ સમજી સંયમમાર્ગમાં મેરુ પેઠે સ્થિર અને ધીર રહેવું. સંયમમાર્ગમાં વિચરતાં અનેક પ્રકારે પ્રજ્ઞા ખીલી ઊઠે છે. તેથી પોતાના કરતાં અન્ય મનુષ્યોમાં અલ્પ જ્ઞાન દેખી અને પોતાનામાં પ્રજ્ઞાનો સાગર દેખી બુદ્ધિનો અહંકાર થતો વારવાથી આત્મામાં સર્વજ્ઞપણું ખીલે છે. પ્રજ્ઞાનો મદ કરવાથી જ્ઞાન ઉપર આવરણ આવે છે અને આગળનાં જ્ઞાનો પ્રગટતાં નથી.

મારા ભક્તોએ પ્રજ્ઞામદ ન કરવો.

શ્રીમતી યશોદાદેવી! જેમ જેમ બુદ્ધિ ખીલે છે તેમ તેમ અનેક ગુપ્ત રહસ્યો ખુલ્લાં થાય છે. જે ગુણો વડે લાયક બને છે તેનામાં જ્ઞાન ખીલતું જાય છે. એક મુનિને અવધિજ્ઞાન થયું. તેથી દેવલોકમાં ઇન્દ્રની સાથે ઇન્દ્રાણીઓએ કરેલો હાસ્ય-ક્લેશ દેખાયો. એક ઇન્દ્રાણીએ ઇન્દ્રના કપાળમાં લાત મારી તેથી મુનિ તે બનાવ દેખી હસી પડયા. એથી એ પરિણામ આવ્યું કે મુનિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે પર આવરણ આવ્યું. પરિણામે દેવલોક વગેરે દેખાતી વસ્તુઓ બંધ થઈ. માટે અહંકાર-ત્યાગ, લઘુતા, ગંભીરતા, સમભાવ વગેરેથી યોગ્યતા આવતાં ઉપરનાં ઉચ્ચ જ્ઞાનોનો પ્રકાશ થાય છે. દૂરની કે પાસેની સર્વ વસ્તુઓ પ્રત્યક્ષ દેખાય છતાં સમભાવ કાયમ રહે છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે. મારા ભક્તોએ અજ્ઞતાથી મૂંઝાવું ન જોઈએ. અજ્ઞાન જ્યારે ત્યારે પણ મારામાં સંયમ કરવાથી ટળ્યા વિના રહેવાનું નથી, એવા પૂર્ણ વિશ્વાસથી ત્યાગ અને સંયમમાં પ્રવર્તવું.

ક્ષમાગુણ :

મારા ગુણી ભક્તોનો વિનય કરનારાઓ સત્ય જ્ઞાનને પામે

છે. સર્વ શરીરધારક આત્માઓ સાથે સત્ય અને શુદ્ધ પ્રેમભાવથી વર્તવું. તેઓની સાથે રહેલાં મોહાદિ કર્મો સામે ન જોવું, પણ તેઓની આત્મસત્તા સામે દૃષ્ટિ દેવી. તેઓના આત્મામાં અને પોતાના આત્મામાં અભેદ–સત્તાદૃષ્ટિએ એકપણું જોવું અને સ્વાધિકારે જેટલું બને તેટલું તે પ્રમાણે વર્તવું.

પોતાનામાં અનેક પ્રકારની શક્તિઓ છતાં લઘુતા રાખવી અને અપરાધીઓને માફી આપી ધર્મક્ષમા ધારણ કરવી. મનુષ્યો વૈરી હોય પણ પોતાનામાં તેઓને નાશ કરવાની શક્તિ હોય તો પણ તેઓ બીજી વાર ગુનો ન કરે એવી ખાતરી થતાં તેઓને ક્ષમા આપવી. શઠ અને ધૂર્તોથી સાવધાન રહીને તેઓ પોતાનો ઘાત ન કરે એવી રીતે સાવચેતી રાખી તેઓને અપરાધોની માફી આપવી એ વૈરત્યાગરૂપ મહાત્યાગ છે. તેથી આત્માની વિશુદ્ધતા થાય છે.

શક્તિ છતાં સામાના અપકારો સહવા એ ક્ષમા છે. આત્માની કોઈ નિંદા કરે તો તે શક્તિ છતાં સહવી તથા તેનો યોગ્ય પ્રતિકાર પણ કરવો. સાધુઓનો નાશ કરનારા દુષ્ટ અધર્મીઓનો નાશ કરવો અને એમાં આત્મશક્તિ ફોરવવી એ સાધુઓની સેવા–ભક્તિ છે. ધર્મનો નાશ અને ધર્મની ગ્લાનિ થતી અટકાવતાં જે જે દુઃખો સહન કરવાં પડે તે સહન કરવાં અને ધર્મના શત્રુઓનું યથાયોગ્ય શાસન કરવું.

અંધ અજ્ઞાનપૂર્વક ક્ષમા તે ક્ષમા નથી, પણ ધર્મનો નાશ છે. અતિદયા, અંધદયા, અજ્ઞાનદયા તે દયા નથી. સ્વાધિકારે જેટલી દયા ક્ષમા ધારણ કરવી પડે તે ધારણ કરવી. જૈનોનો તથા જૈન-ધર્મનો નાશ થાય એવી ક્ષમા તે ક્ષમા નથી અને એવી દયા તે દયા નથી. ધર્મી મનુષ્યોનો નાશ થતો અટકાવવામાં સત્ય ત્યાગ છે અને તેથી સત્ય ક્ષમા પ્રગટી શકે છે. ઉપકારીઓના ઉપકારથી તેઓ જો અપકાર કરે તોપણ તે સહવા તે અપકારક્ષમા છે.

આત્માને આત્મસ્વરૂપે જાણી આત્મભાવમાં સમભાવે વર્તતાં શરીરાદિનો ઘાત થાય તેની પણ દરકાર ન થાય અને કોઈ જીવ શત્રુરૂપ ન જણાય, ત્યારે ધર્મક્ષમા પ્રગટે છે.

દુષ્ટ, અસુર, અન્યાયી, પાપપ્રકૃતિવાળા લોકોને ક્ષમા આપવાથી પાછા તેઓ લોકોને અનેક રીતે દુઃખી કરે. એવી રીતની ક્ષમા આપવી તે દેશ, કોમ, સંઘ, રાજ્ય, ધર્મ, શાંતિ અને આત્માના નાશ બરોબર છે. દુષ્ટોનું જોર વધે અને તેઓ ધર્મીઓનો નાશ કરે એવી રીતે ક્ષમાનો દુરુપયોગ કદી ન કરવો. ગૃહસ્થો અને ત્યાગીઓએ સ્વાધિકારે ક્ષમા ધારણ કરવી અને સ્વાધિકારે ઉત્સર્ગ કે અપવાદે વ્રત ધારણ કરવાં.

આત્મબળ આગળ મોહનું પશુબળ છેવટે નષ્ટ થઈ જાય છે. સર્વ શુભ તન, મન, ધન, સત્તા, વિદ્યા વગેરેનો સદુપયોગ કરવો. ગમ ખાવી અને કમ ખાવું, એવો મારો લોકો પ્રતિ ઉપદેશ છે. કોઈના બૂરામાં ઊભા ન રહેવું અને કોઈનું બૂરું કર્યું હોય તો તેની માફી મેળવવી અને તેના પર ગુણથી બદલો વાળવો તથા પશ્ચાત્તાપ કરી શુદ્ધ થવું એ જ મહાસંયમ છે. મન, વાણી, કાયા, ધન અને સત્તાથી કોઈને નુકસાન ન કરવું. અજાણપણે તથા ક્રોધાદિક કષાયોથી કોઈનું નુકસાન કર્યું હોય તો તેની માફી માગી તેનો બદલો વાળવો અને સાવચેતીથી સર્વ બાબતમાં વર્તવું. પોતાનાથી અલ્પ શક્તિવાળાઓને અપરાધોની ક્ષમા આપવી. જે ક્ષમા આપે છે તે અન્ય પાસેથી ક્ષમા લઈ શકે છે. જેવું દેવું તેવું લેવું, એવો ન્યાય સમજીને શ્રીમતી યશોદાદેવી ! ક્ષમારૂપ સંયમનું સેવન કર !

વૈરથી વૈરનો નાશ થતો નથી, પણ ક્ષમાથી વૈરનો નાશ થાય છે. દ્વેષથી દ્વેષ શમતો નથી, પણ સત્ય પ્રેમથી દ્વેષ શમે છે. ક્રોધથી ક્રોધનો નાશ થતો નથી, પણ ક્ષમાથી ક્રોધનો નાશ થાય

છે. ક્ષમાથી વૈરરૂપ પશુબલનો નાશ થાય છે. ક્ષમા વિના ત્યાગ-ધર્મ નથી. ક્ષમા વિના જે જે આત્મશક્તિ પ્રગટેલી હોય છે તેનો કુમાર્ગમાં નાશ થાય છે. ક્ષમા એ જ પરમ તપ અને પરમ યજ્ઞ છે. ક્ષમા એ જ મારી સેવા, ભક્તિ અને ઉપાસના છે. ક્ષમામાં સર્વ તીર્થોની સેવા છે. અધ્યાત્મશક્તિઓની પ્રાપ્તિમાં ક્ષમા વિના અધિકારી પાત્ર થવાતું નથી. જે સહન કરી શકતો નથી તે અશક્ત, નિર્બળ છે અને તે મારો પૂર્ણ વિશ્વાસુ પ્રેમી બનતો નથી. અન્ય મનુષ્યોનાં ક્રોધમય વચનો અને ક્રોધકારક નિંદા, હેલના, આરોપો વગેરે સહન કરી જે તેમના પર ક્ષમાભાવ ધારણ કરે છે તે મન, બુદ્ધિ, કાયા અને આત્મબળની શક્તિઓની વૃદ્ધિ કરી શકે છે, એને જાળવી શકે છે અને અન્ય લોકોને ત્યાગધર્મમાં દાખલ કરી શકે છે. ક્ષમા વડે જે વિભૂષિત થાય છે તે અન્ય લોકોને ક્ષમાશીલ કરે છે.

આત્માને જે સર્વ ગુણપર્યાયથી જાણે છે તે ક્ષમા ધારણ કરવા સમર્થ બને છે. ક્ષમા વિના કોઈ મહાવીર બની શકતો નથી. ક્ષમા ધારણ કરીને ક્રોધાદિ શત્રુઓને જીતવાથી આત્માની જ્ઞાનાદિ શક્તિઓ સ્ફુરે છે. ક્ષમાથી મારા શુદ્ધ સ્વરૂપનો લોકો અનુભવ કરી શકે છે. જે આત્માને શુદ્ધાત્મમહાવીરરૂપે અનુભવે છે તે પરમ શિવગતિને પામે છે. ક્ષમાની કહેણી કરતાં ક્ષમાની રહેણીમાં રહેવું તે અનંતગણું ઉત્તમ છે.

અહંકાર અને ક્રોધના આવેશોને વારવાથી ક્ષમાગુણ વધતો જાય છે. સાત્ત્વિક આહાર, પાન, જ્ઞાન, ધ્યાનથી ક્ષમાને પાત્ર બની શકાય છે. ક્ષમાથી જેટલો આત્માનો પ્રકાશ થાય છે તેટલો અન્ય કશાથી થતો નથી. ક્ષમાથી આત્મધર્મનું રક્ષણ થાય છે અને નવાં કર્મ બંધાતાં અટકી જાય છે. વસિષ્ઠ ઋષિના પુત્રોનો વિશ્વામિત્ર ઋષિએ ઘાત કર્યો હતો, પણ તેથી વસિષ્ઠ ઋષિ ક્રોધી બન્યા નહીં. વસિષ્ઠ ઋષિની ક્ષમાથી વિશ્વામિત્ર ઋષિ બોધ પામ્યા અને છેવટે

વિશ્વામિત્ર ઋષિ ક્ષમાભાવવાળા બન્યા.

ક્ષમાથી અહિંસાગુણ ખીલે છે અને તેથી સત્યમાં મનુષ્ય આગળ વધતો જાય છે. ક્ષમાવંત ઉદાર અને ત્યાગી બને છે. તેનો આત્મા સ્વર્ગ–સુખમય અને મોક્ષ–સુખમય બને છે. ક્ષમાવન્તને મારી સહાય મળે છે. જે લોકો કર્મનું સ્વરૂપ જાણે છે તેઓ સુખ-દુઃખમાં કર્મ જ હેતુભૂત છે અને અન્ય જીવો તો કર્મના અનુસારે સુખદુઃખ આપવામાં નિમિત્તભૂત થાય છે એમ જાણીને તેઓ પોતાના અહિતમાં–દુઃખમાં કર્મનો પરિણામ ચિંતવીને અન્ય પર વૈર કે દ્વેષભાવ ધારણ કરતા નથી અને પ્રતિકૂલ કરનારાઓ પર કરુણાદૃષ્ટિથી દેખે છે.

જેવો પોતાનો આત્મા કર્મથી સંબંધવાળો છે તેવા અન્યોના આત્માઓ પણ કર્મથી સંબંધવાળા છે. અન્ય જીવો કર્મવશ પોતાના તરફ શત્રુભાવ રાખે તો તેમાં મોહ જ હેતુભૂત છે. તેથી અન્ય લોકો પર દ્વેષાદિ ભાવ ન ધારણ કરતાં ક્ષમાભાવ ધારણ કરવા-ની જરૂર છે. પોતાનાં કર્મોદય જો શુભ હોય છે તો અન્ય લોકો દુઃખ દેવા નિમિત્તભૂત થઈ શકતા નથી. અશુભ કર્મનો ઉદય પ્રગટે છે તો જડ પદાર્થો અને જીવો તેવા દુઃખાદિ પ્રસંગોમાં નિમિત્ત-ભૂત બને છે. માટે આત્મા અને કર્મનું સ્વરૂપ વિચારીને અપરાધી-ઓ ઉપર ક્ષમાભાવ ધારણ કરવો.

પ્રતિહિંસા, પ્રત્યપકાર વગેરેથી મન જોકે જરા સંતોષ પામે છે, પણ તે સંતોષથી અપરાધી શત્રુઓની ભૂલ ભાંગતી નથી અને તેઓ ઊલટા વૈરાદિભાવથી કર્મ બાંધી અનેક જન્મો ધારણ કરે છે. તેથી મોહાદિ કષાયોનો ત્યાગ કરીને આત્માની પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરવામાં ક્રોધાદિ પ્રસંગે શ્રીમતી યશોદાદેવી ! ક્ષમાને ધારી પ્રવર્ત.

**સરળતા–આર્જવગુણ :**

ક્ષમાશીલ મહાત્માઓની સંગતિ કરવી. મારા ભક્ત સંતોની જેઓ દેશ, ધન, રાજ્ય, સત્તા, બાહ્ય વિદ્યા વગેરેને ત્યજી સંગતિ કરે

છે તેઓ મારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે અને અનેક પ્રકારના દંભનો ત્યાગ કરીને આર્જવરૂપ આર્યભાવને પામે છે અને પછી પરમ શુદ્ધ ભાવને પામે છે.

ત્યાગમાર્ગમાં નિર્દંભતાની પ્રથમ જરૂર છે. પ્રકૃતિનો તમોગુણી ભાવ અને રાજસિક ભાવનો ત્યાગ કરીને પછી સાત્ત્વિક ભાવમાં આવવું જોઈએ અને સાત્ત્વિક ભાવથી ભિન્ન એવા શુદ્ધાત્મ સ્વરૂપમાં નિષ્ઠા રાખવી જોઈએ. ત્રણ ગુણોમાં દોષ કે ગુણની ભાવનાથી, તેની કલ્પનાથી રહિત થઈ આત્મશુદ્ધતામાં રમવાથી પરમબ્રહ્મ મહાવીરરૂપ આપોઆપ થવાય છે.

તમસ્, રજસ્ અને સત્ત્વથી આત્મા ભિન્ન છે. પ્રકૃતિરૂપ સંસાર છે. પ્રકૃતિની ઇન્દ્રજાળમાં જ્યારે ગ્રહણ-ત્યાગ બુદ્ધિ નથી રહેતી અને પશ્ચાત્ પ્રારબ્ધ કર્મયોગે કર્મપ્રવૃત્તિ થાય છે, ત્યારે આત્મા જીવન્મુક્ત મહાવીર પ્રભુ બને છે. આત્મા વિના શરીર વગેરેમાં પૂર્ણાનન્દ નથી, એવો જ્યારે નિશ્ચય થાય છે ત્યારે અનેક પ્રકારની કપટવૃત્તિઓનો આપોઆપ વિલય થાય છે. વાસના, કીર્તિ, સ્વાર્થ, માન, પૂજા, મારું-તારું વગેરે માટે અનેક પ્રકારનાં કપટોની વૃત્તિઓ અને તેવી પ્રવૃત્તિઓ સેવાય છે. પરંતુ જ્યારે મોહાદિ વાસનાઓથી સત્ય સુખ મળતું નથી, એવો નિશ્ચય થાય છે ત્યારે આર્જવ-આર્યભાવરૂપ સાત્ત્વિકતાથી મન અને કાયાની પ્રવૃત્તિઓ ભિભરાઈ જાય છે અને લઘુ બાળકની પેઠે લોકો નિર્દોષતાને પામે છે અને તેઓ બાહ્યાંતર સરલ બને છે. એવા લોકોની આગળ બાહ્યાંતરભાવે હું સર્વત્ર દેખાઉં છું. તેઓથી મારું કશું છાનું રહેતું નથી. એવા સરળ મહાત્માઓ જે કંઈ કરે તે જૈનધર્મ જ છે. તેઓને નિંદા-સ્તુતિની દરકાર રહેતી નથી. તેઓ મારા વિના બીજા કશામાં ચિત્ત રાખતા નથી. તેઓને મારા વિના કશું કંઈ અન્ય પ્રિય હોતું નથી. તેવા ત્યાગી લોકો જ્યાં જ્યાં પ્રિયતા દેખે છે ત્યાં ત્યાં મારી ભાવનાની મૂર્તિ ખડી કરીને પ્રિયતા દેખે છે.

તેથી તેઓની રહેણીકહેણીને આત્મજ્ઞાનીઓ વિના બીજા પાર પામી શકતા નથી. એવા આર્યોની એક ક્ષણની સંગતિથી અનંતભવનાં પાપ ટળી જાય છે. તેવા આર્યો મારી સાથે મનોભાવની સાત્ત્વિક વૃત્તિઓથી અનેક પ્રકારે રમ્યા કરે છે. તેઓને ખાવાની, પીવાની અને ધાર્મિક ક્રિયાઓ કરવાની પણ દરકાર રહેતી નથી. મને આંતરસ્વરૂપથી મળેલા તેઓ ગમે તેવી અવસ્થામાં આનંદથી વર્તા કરે છે. તેઓ ઇન્દ્ર કે ચક્રવર્તીની સ્પૃહા રાખતા નથી. તેઓ મારી સાથે શુદ્ધ પ્રેમથી એકતાર થઈને રહે છે અને બહારથી જે રુચે તે કરે છે.

મન, વાણી, કાયાથી નિષ્કપટ, સરલ અર્થાત્ આર્ય થવું, એ જીવતાં પ્રભુરૂપ થવા જેવું છે. તેઓના શુદ્ધ બ્રહ્મ મહાવીર તેજની આગળ અન્ય પાપી લોકોનું હૃદય નમી પડે છે. મારી કૃપા જેઓ પર ઊતરે છે તેઓ આર્ય બને છે અને તેઓ સત્યને સત્યરૂપે કહી શકે છે. જીવન-મરણમાં, માન-અપમાનમાં જેઓ શુભાશુભ ભાવથી રહિત થયા છે તેઓને આર્જવભાવના ધારક જાણવા. તેઓને ઇન્દ્રો અને દેવો નમે છે. તેઓ જ આ વિશ્વમાં સદેહે મુક્તિસુખના અનુભવાસ્વાદથી મસ્ત બને છે. તેઓના આત્મા પરનાં આવરણો દૂર થાય છે તેથી તેઓ સર્વને દેખી શકે છે. જેમ જેમ તેઓ મારા કર્મ અર્થાત્ પ્રકૃતિરહિત આત્માના જ્ઞાનાનન્દ સ્વરૂપની સાથે પૂર્ણ રસિયા થાય છે તેમ તેમ તેઓ જાગ્રત, સ્વપ્ન અને તૂર્યાવસ્થામાં મારાં સ્વરૂપને અનુભવે છે. એવા સાત્ત્વિક અને સરળ ભક્તો તે જીવતા જિનો, વીતરાગો, અર્હન્તો, મહા બ્રહ્માઓ, મહા વિષ્ણુઓ, મહા હરો બને છે.

શ્રીમતી યશોદાદેવી! આવા સરળ આર્જવભાવમાં સર્વ તપ, જપ, તીર્થ, ધર્મ, ક્રિયાઓ આવી જાય છે, એમ જાણી આર્જવભાવને પામ!

નિરહંકાર-માર્દવ ગુણ :

સરળ લોકો પોતાની તરફ મારી શક્તિઓને ખેંચે છે.

સરળતા ધારણ કરવામાં અનેક સ્વાર્થોનો ત્યાગ કરવો પડે છે. નામરૂપના મોહથી સર્વથા વિના સરળતાની પ્રાપ્તિ થતી નથી. જેમ જેમ અભેદજ્ઞાનભાવ વધતો જાય છે તેમ તેમ સરળતા વધતી જાય છે અને તેથી મનમાં રહેલી અનેક પ્રકારની પાપવૃત્તિઓનો નાશ થાય છે. જ્યાં સરળતા છે ત્યાં પ્રકૃતિના ગુણોની અને દોષોની ભ્રાન્તિ વિલય પામે છે. સરળ મનુષ્યોને દુનિયાના અભિપ્રાયની જરૂર રહેતી નથી. ફક્ત તે મારી પ્રસન્નતા તરફ જુએ છે. જે જે સરળ બને છે તે અન્ય મનુષ્યોને માન, પૂજા, સ્વાર્થ, કીર્તિ, ધન, લોભાદિ કારણે છેતરતો નથી. પોતાની પ્રામાણિકતા વડે તૃણની ઝૂંપડીમાં તે સર્વાર્થસિદ્ધ વિમાનના સુખ કરતાં અનંતગુણુ સુખ ભોગવે છે.

દંભ વડે ઇન્દ્રની પદવી, માન, પૂજા, સુખ મળતું હોય તો તેને મારો ભક્ત ધિક્કારે છે. અસુર, દૈત્ય, મનુષ્યોને તે આર્જવ વડે વશ કરે છે. સાચી સરળતા પામીને મારા ભક્તો ધર્મયુદ્ધમાં શત્રુઓની સામા થાય છે. જ્યાં સરળતા છે ત્યાં મારી શ્રદ્ધા–પ્રીતિની પૂર્ણતા છે. સરળ ભક્ત મહાત્માઓને ઇન્દ્રો પૂજે છે. તેઓ વિશ્વમાં ભાવદેવો છે. નિર્દંભી મનુષ્યો દોષી હોય છે તોપણ તેઓ અલ્પકાલમાં મુક્તિપદને પામે છે. નિર્દંભી મનુષ્યોમાં વિશ્વાસ અને શુદ્ધ પ્રેમ હોય છે.

ત્યાગમાર્ગમાં દુષ્ટ વૃત્તિઓ અને અધર્મ્ય પાપકર્મોનો ત્યાગ કરવામાં ઋજુતાની પેઠે મૃદુતા(નિરહંકારપણા)ની પણ જરૂર છે. માનથી વિનયનો નાશ થાય છે. માનથી જ્ઞાનની વૃદ્ધિ થતી નથી. માનથી વિવેકબુદ્ધિનો નાશ થાય છે. અહંકારથી ઉત્તમ મહાત્માઓની સેવા થઈ શકતી નથી. અહંકારથી મનમાં અક્કડભાવ રહે છે અને તેથી પોતાના કરતાં અન્ય શ્રેષ્ઠ લાગતા નથી. વિદ્યાના અહંકારથી શાસ્ત્રજડ કે વિદ્યાજડ થયેલા લોકો આત્માની શુદ્ધતાને પામી શકતા નથી. દુર્યોધને અહંકારથી કપટ કરી પાંડવોનો નાશ કરવા

ધાર્યો, પણ તેમાં તે પોતે હાર્યો. અંતે અહંકારથી દુર્યોધનનો નાશ થયો. રાવણે અહંકારથી સીતા પાછી ન આપી. વૃદ્ધમુનિ અને ગુરુઓની હિતશિક્ષાનો રાવણે અહંકારથી સ્વીકાર કર્યો નહીં, તેથી યુદ્ધમાં તેનો નાશ થયો. માટે કોઈ જાતનો અહંકાર મનમાં ઉત્પન્ન થવા દેવો નહીં.

અપૂર્ણને અહંકાર ઉત્પન્ન થાય છે, પરંતુ આત્મામાં પૂર્ણતા છે એવો જે અનુભવ કરે છે તેને અહંકાર શું છે તેની પણ સમજણ પડતી નથી. જે જે વસ્તુઓનો અહંકાર કરવામાં આવે છે તે તે વસ્તુઓનો નાશ થાય છે. જાતિ, કુળ, રૂપ, સત્તા, પ્રભુતા, ધન, વિદ્યા, સિદ્ધિ, કુટુંબ, સંપ વગેરે કોઈ બાબતનો અહંકાર કરવાથી આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો પ્રકાશ થતો નથી. અહંકારથી હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, મૈથુન, વિશ્વાસઘાત, ક્લેશ, નિંદા, યુદ્ધ, ક્રોધ, કપટ વગેરે અનેક જાતની પક્ષવૃત્તિ અને પ્રવૃત્તિઓનું સેવન થાય છે. મનુષ્યો મારા તરફ ગમન કરી શકતા નથી, પરંતુ ભવભ્રમણરૂપ સંસારમાં ગમન કરે છે. જેમ જેમ આત્માને સર્વ સંસારપ્રપંચથી રહિત જાણવામાં આવે છે તેમ તેમ નામરૂપના અહંકારનો નાશ થાય છે અને ઉચ્ચનીચની કલ્પનાભ્રાન્તિ ભાગે છે. બાહુબલી ઋષિએ જ્યારે અહંકારનો ત્યાગ કર્યો ત્યારે તે કેવલજ્ઞાની અને જીવન્મુક્ત બન્યા.

'હું કર્તા, હું હર્તા' એવો મોહ પ્રકૃતિની પરિણતિ છે. તેનાથી જે આત્મા દૂર રહે છે તે પરબ્રહ્મ મહાવીરરૂપ થાય છે. વસ્તુઓ, કે જે જડ આકારો છે, તે ક્ષણિક છે. દેહ, યૌવન અને રૂપ ક્ષણિક છે. માટે કોઈ વસ્તુનો અહંકાર કરવો ઘટતો નથી.

સર્વ કર્તવ્યકર્મોને કરવાં, પણ નિરભિમાની દશાએ કરવાં જોઈએ. કોઈપણ દશામાં અભિમાન કરવાની જરૂર નથી. સર્વ લોકોને પોતાના આત્મા સરખા માનવા અને ઉચ્ચ–નીચ, વિદ્યા–

અવિદ્યા, રૂપ-અરૂપ આદિ ભેદો કર્મથી થયેલા જાણવા. પોતાના કરતાં અન્ય જીવોને હલકા ગણી તેઓનો તિરસ્કાર કરવો ન જોઈએ. અહંકારભાવનો ત્યાગ કરવાથી ત્યાગી કે સિદ્ધપણું છે. જેમ જેમ પ્રભુતા પ્રાપ્ત થાય છે તેમ તેમ મારા ભક્તોમાં લઘુતા આવે છે અને તેથી તેઓ અહંકારી મનુષ્યો કરતાં અનેકગણું વિશ્વનું શ્રેય સાધી શકે છે. અહંકારી મનુષ્યોમાં ક્ષમા હોતી નથી. અહંકારથી કામ, ભોગ, ક્રોધ, દ્રોહ, હિંસા વગેરે મહાપાપો થાય છે. અહંકાર જ્યાં પેઠો ત્યાં તે શાંતિ રહેવા દેતો નથી. અહંકારથી મનનું તથા કાયાનું સ્વાસ્થ્ય રહેતું નથી અને તેથી પૂજ્ય મહાત્માઓની હિતશિક્ષાનું પણ અવળું પરિણમન થાય છે.

પાપથી નિવૃત્ત થવા માટે માનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. દેવ, ગુરુ, સંઘ, ધર્માદિકની હેલના, અપમાન કે આશાતના કરનારાઓને યથાયોગ્ય શિક્ષા કરવામાં સર્વ શક્તિઓને ન્યાયપૂર્વક ફેરવવી અને તે વખતે પ્રશસ્ય માન, ક્રોધાદિક કષાયોની પરિણતિથી પુણ્યબંધ થાય છે એમ જાણવું. અપ્રશસ્ય અહંકારનો ત્યાગ કરીને પ્રશસ્ય માન આદરવું અને આગળની ઉત્તમદશા થતાં પ્રશસ્ય માનનો પણ છેવટે સહેજે ત્યાગ થાય છે. ઉત્તમધર્મી મનુષ્યોનું કોઈ અહંકારથી અપમાન કરે તો તેનું શાસન યોગ્ય રીતે કરવામાં અહંકારનો ત્યાગ થાય છે. અહંકારના ત્યાગથી અનેક પ્રકારના કષાયોનો નાશ થાય છે. મારામાં જેઓ મન ધારીને પ્રવર્તે છે તેઓને અહંકારરૂપ માયા કદાપિ નડતી નથી, પરંતુ જે અહંકારરૂપ માયા છે તે પોતે નિસરણીરૂપ બનીને આત્માને આગળ આરોહણ કરવામાં સહાયકારી બને છે. પ્રથમ તો મારા ભક્ત અહંકારી હોય છે, પરંતુ હળવે હળવે તેઓ અશુદ્ધ અહંકારાદિ કષાયોને શુભ કષાયાદિ રૂપમાં ફેરવી નાખે છે. પશ્ચાત્ શુદ્ધ કષાયરૂપમાં અને પશ્ચાત્ નિરહંકારદશામાં આત્મા પરિણમે છે. મારા ભક્તો સર્વ વિશ્વમાં, સર્વ જાતિમાં ઉત્પન્ન થાય છે અને અહંકારીઓના

અહંકારને ઉતારવા સર્વ પ્રકારે શક્તિશાળી બની મિથ્યાભિમાની પાપીઓ તરફથી થતી લોકોની આપત્તિઓને દૂર કરે છે.

દુષ્ટ અભિમાનીઓનો પરાજય કરવા દેહાદિકનો ત્યાગ કરવો જોઈએ. ત્યાગીઓએ નિરભિમાની બનીને ધાર્મિક કર્તવ્યકર્મો કરવાં, પણ ધાર્મિક કર્મોનો ત્યાગ ન કરવો જોઈએ. નિરભિમાની થવું એટલે કાયર થઈ જવું એવો વિપરીત અર્થ ન લેવો. ક્રોધાદિક કષાયોને દૂર કરવા, પરંતુ કર્તવ્યકાર્યોથી વિમુખ ન થવું. અહંકારરહિત થવું, પરંતુ અહંકારીઓના બળથી પરાજિત ન થવું. એવી શક્તિઓ વડે યુક્ત રહેવું.

અસત્યનું અભિમાન પ્રથમ તજવું અને સત્યનું અભિમાન ધારણ કરવું. મારા ભક્તોને જેટલો તેમને જોઈએ તેટલો અહંકાર થાય છે અને બાકીના અહંકારનો ત્યાગ થાય છે. અધર્મ્ય અહંકારનો ત્યાગ કરીને ત્યાગીઓ પ્રશસ્ય માની બની—સાત્ત્વિક માની બની છેવટે સાત્ત્વિક માનથી રહિત થઈને શુદ્ધાત્મસ્વરૂપને પામે છે, એમ સતી યશોદાદેવી ! અવબોધ.

સર્વ પ્રકારના અહંકારના ત્યાગથી સર્વથા આધ્યાત્મિક ત્યાગીપણું પ્રગટ થાય છે. એવા આધ્યાત્મિક ત્યાગીઓ વિશ્વમાં સર્વત્ર પારમાર્થિક કાર્યો કરે છે અને મારામાં મન રાખીને પરબ્રહ્મ મહાવીર સર્વજ્ઞ વીતરાગ બને છે.

સર્વે આત્માઓ અહંકારથી પરતંત્ર છે અને નિરહંકારભાવથી સ્વતંત્ર છે. અહંકારદશામાં ભય છે અને નિરહંકારદશામાં અભય છે. અહંકારદશા એ ઉપાધિ છે અને નિરહંકારદશામાં નિરુપાધિપણું છે. અભિમાનદશામાં નીચતા છે અને નિરભિમાનદશામાં ઉચ્ચતા છે. અહંકારમાં મરણ છે અને નિરહંકારદશામાં અમરતા છે. અભિમાનમાં સકામતા છે અને નિરહંકારદશામાં નિષ્કામતા છે. અહંકારથી પડતી છે અને નિરભિમાનદશાથી ચડતી

છે. અહંકાર એ જ અંધકાર છે, નિરહંકાર એ જ પ્રકાશ છે. અભિમાનમાં અશક્તપણું છે અને નિરહંકારદશાથી શક્તિપણું છે. નિરહંકારભાવથી સર્વ શક્તિઓનો પ્રકાશ થાય છે અને અભિમાનદશાથી મોહનું આવરણ પ્રગટે છે. આત્મા વિના અન્ય જડ વસ્તુઓમાં નિરહંકારી બનવું જોઈએ.

શ્રીમતી યશોદાદેવી ! આત્માને જ પરમ સારરૂપ માન અને રૂપાદિકનો અહંકાર તે અનાત્મભાવ છે એમ જાણી આત્મભાવમાં પ્રવર્ત. ઊંચી અને નીચી જાતોમાં એકસરખા શુદ્ધાત્મભાવને અનુભવ અને પારમાર્થિક કાર્યોને સ્વાશ્રયી બની કર.

**લોભત્યાગ–નિર્લોભતા ગુણ :**

દુઃખીઓનાં અશ્રુઓ લોહવા માટે જે સર્વ પ્રકારના લોભનો ત્યાગ કરીને પ્રવર્તે છે તેના હૃદયમાં શુદ્ધાત્મવીર પ્રભુરૂપ મારો પ્રકાશ થાય છે.

ભાષાજ્ઞાન, તર્ક, વાદવિવાદ અને બહારના લુખ્ખા ઠાઠમાઠથી હું કોઈને ભક્ત-સંત જાણતો નથી. જડ વિશ્વથી અનંતગણા મારા તેજને સર્વવ્યાપક માની જેઓ લોભવૃત્તિનો સર્વથા ત્યાગ કરે છે અને ભૂખ્યાંઓને અન્ન આપી ધર્મમાર્ગે ચડાવે છે, તરસ્યાંઓને પાણીની સગવડ કરી આપે છે, નિરાધારોને આશ્રય આપે છે તેઓનાં હૃદયમાં મારો ભક્તિવાસ હોય છે અને તેઓનો શરીર છૂટયા હું જલદી ઉદ્ધાર કરું છું.

નિર્લોભતાએ વિશ્વનું કલ્યાણ કરવાની ઇચ્છા અને પુરુષાર્થ જ્યાં છે ત્યાં જ મુક્તિનો પ્રકાશ થાય છે. જેઓ પોતાની પાસે રહેલા ધનનો ભલા માર્ગમાં લોભનો ત્યાગ કરીને ઉપયોગ કરે છે તેઓની ભલી વૃત્તિમાં મારી કૃપા જાણવી. જેઓ મારી પ્રાપ્તિ માટે રહે છે, પણ અન્ય જીવોનાં દુઃખો દેખીને રોતા નથી અને તેઓને પ્રાણસમર્પણ-સહાય આપતા નથી તેઓ ભલામાં સર્વ

લોભોનો ત્યાગ કર્યા વિના આત્માની શુદ્ધિ કરી શકતા નથી.

મારા સ્વરૂપનો પાર પામવા માટે મનમાંથી સર્વ જડ વસ્તુઓના લોભની વાસનાનો ત્યાગ થવો જોઈએ. પોતાના હૃદયમાં અપ્રશસ્ય અને અયોગ્ય લોભને જિવાડીને જેઓ મારા જીવને જીવવા માગે છે તેઓ પર મારી કૃપા ઊતરતી નથી. ભક્તિ, સેવા, પ્રાર્થના, શુદ્ધ પ્રેમ, પરમ પુરુષાર્થ એ જ મારી કૃપા છે.

લોભના ત્યાગની સાથે આત્મા હલકો થાય છે અને તેના પરથી વાસનાનો અનંત મણુ બોજો દૂર થાય છે. રાજ્ય, ધન, દેશ, ભૂમિ આદિનો અયોગ્ય લોભ કરીને લાખો મનુષ્યોને મારી નાખનારા અને ધનલોભથી અનેક પ્રકારની હત્યા, જૂઠ, વિશ્વાસઘાત, ચોરી, દ્રોહ, પ્રપંચ, ધૂર્તતા કરનારાઓનાં કાળાં મલિન હૃદયમાં નરકનાં દુઃખો પ્રગટે છે. એવા પાપી લોકો અંતે લોભથી દુઃખી થાય છે. મારી શ્રદ્ધા મૂકીને તેઓ લોભથી પાપો કરી નકામું અને ઉપયોગની બહારનું ધન, રાજ્ય વગેરે ભેગું કરી મહામૂઢતા પામે છે અને છેવટે તેઓ કર્યાં દુષ્ટ કર્મ પ્રમાણે ન્યાયથી દુર્ગતિ પામી, દુઃખી બની, રોઈ રોઈને આયુષ્ય ગાળે છે. પશ્ચાત્ તેઓ જો પશ્ચાત્તાપ પામી મારા સદુપદેશ પ્રમાણે વર્તે છે તો અન્તે પાછા સદ્ગતિ પામે છે.

પોતાની પાસે ઉપયોગ વિનાનો વિશેષ પરિગ્રહ હોય તે યોગ્ય રીતે જીવોના ભલામાં ખર્ચવો. પોતાની પાસે નકામું ધન સંગ્રહ કરવાથી અને નિર્ધન લોકોને સહાય ન કરવાથી લોભના પાપમાર્ગે ગમન થાય છે અને તેથી મારી દશાની પ્રાપ્તિ થતી નથી. મારું સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રકારની અશુભ લોભ-વૃત્તિઓને પ્રથમ દેશવટો આપવો જોઈએ. અન્યાય, અપ્રામાણિકતા જુલમ, કપટ, ધૂર્તતાથી કોઈની વસ્તુ લેવી ન જોઈએ. અને લોભી, દુષ્ટ પ્રવૃત્તિ ન કરવી જોઈએ. સર્વ લોકોનું ભલું થાય એવાં કાર્યોમાં ભાગ લેવામાં મારી સેવા સમજવી જોઈએ. સર્વ લોકોને

મારા સદુપદેશનું ભાન થાય એવી પ્રવૃત્તિમાં તન, મન, ધન અર્પણ કરવું જોઈએ અને શરીરથી જીવવાના લોભથી મુક્ત થવું જોઈએ. દુષ્ટ લોભથી મુક્ત થયા વિના મુક્તિનો અનુભવ કોઈ પામી શકતું નથી. તેના માટે બીજો કોઈ માર્ગ નથી.

પિંડપોષણ, કુટુંબપોષણ આદિ માટે આજીવિકાદિ સાધનોની જરૂર છે, પણ બિનજરૂરી લક્ષ્મીનો સદુપયોગ કરવા માટે નિર્લોભ બનવું જોઈએ. ધન, સત્તા, ભૂમિને મેળવવા માટે રાજાઓ, શેઠિયાઓ, યોદ્ધાઓ લોભથી અન્યાય કરી બીજાઓનું પડાવી લે છે. તેઓ મારા ઉપદેશ પ્રમાણે વર્ત્યા વિના અન્ય કરોડો ઉપાયોથી, અન્ય કરોડો દેવોને માન્યાથી પણ તેઓ મુક્ત થતા નથી.

લોભથી સર્વ પ્રકારનાં પાપો પ્રગટે છે. લોભથી વિશ્વમાં અશાંતિ પ્રવર્તે છે. લોકોને મારાથી વિમુખ કરનાર લોભ છે. દેશ, કોમ, સમાજ, સંઘ, ધર્મ, ભક્તિ, સેવા, જ્ઞાન, પ્રામાણિકતાથી વિમુખ કરનાર લોભ છે. જેઓ લોભના વશે સંઘનો અને મારો દ્રોહ કરે છે અને ધર્મનો તિરસ્કાર કરે છે તેઓને લોભ જ આડા પાપમાર્ગે ચડાવીને મારી નાખે છે. તેઓનું ખરાબ ખસ્ત (પાયમાલી) કરે છે. પશ્ચાત્ તેઓની આંખ ઊઘડે છે.

ઇચ્છારૂપ સ્વયંભૂરમણ સમુદ્રને કોઈ તરી શકનારા નથી. સમુદ્રમાં તરંગો પ્રગટ્યા વિના રહેતા નથી, તેમ મનમાં અનેક પ્રકારની ઇચ્છાઓ પ્રગટ્યા કરે છે. તેનો નાશ કર્યા વિના અંત આવતો નથી. આત્મજ્ઞાન અને સંતોષથી જેઓ મારામાં મન રાખે છે તેઓને દુષ્ટ લોભ કદી નડતો નથી.

બાહ્ય જડ વસ્તુઓની હાજતોને (જરૂરિયાતોને) વધારી પણ શકાય છે અને ઘટાડી પણ શકાય છે. જડ વસ્તુઓના સંબંધથી સુખ લેવાના લોભે આખી દુનિયાની ઊથલપાથલ કરવામાં આવે

અને સુખનાં અનેક સાધનો ઊભાં કરવામાં આવે, તોપણ અંતે કોઠી ધોયે કાદવની પેઠે તેમાંથી કોઈને નિત્ય સુખ મળ્યું નથી અને મળનાર પણ નથી.

મારા સ્વરૂપમાં વિશ્રામ પામ્યાથી લોકોની લોભથી મુક્તિ થાય છે અને થશે. લોભનો ત્યાગ કર્યાથી ત્યાગમાર્ગમાં પ્રવેશ કરી શુદ્ધાત્મબ્રહ્મરૂપ મહાવીરપદની પ્રાપ્તિ થાય છે. કોઈપણ વસ્તુ સદા નિત્ય નથી. જે જે દૃશ્ય વસ્તુઓ દેખાય છે તેના ભોક્તા અનંત જીવો થયા અને થશે, તોપણ તે વસ્તુઓ કોઈની થઈ નથી અને થવાની નથી, તો પછી તેઓ પર લોભ કરવાની જરૂર રહેતી નથી.

અજ્ઞાનથી લોભ પ્રગટે છે અને જ્ઞાનથી લોભવૃત્તિનો નાશ થાય છે. અન્ય લોકોની પાસેથી લોભથી વસ્તુઓ અન્યાય, સત્તાબળથી પડાવી લેવી અને અન્ય લોકોને દુઃખી કરવા એ જ અધર્મમાર્ગ છે. એવા અધર્મમાર્ગમાં ચાલનારાઓ જો મારા ઉપદેશથી પશ્ચાત્તાપ કરી દુષ્ટ લોભવૃત્તિનો ત્યાગ કરે છે તો તેઓ મારા ભક્તો બને છે અને તેઓ જ મારા ત્યાગીઓ પહાડોમાં, જંગલોમાં, શહેરોમાં, ગામોમાં, બેટોમાં ગમે ત્યાં રહેવા છતાં મારા હૃદયમાં વસનારા જાણવા.

સતી યશોદાદેવી! ત્યાગમાર્ગમાં નિર્લોભતા વિના એક તસુ માત્ર આગળ ચાલી શકાય તેમ નથી અને સર્વ કર્મો કરવા છતાં એવો ત્યાગ પામ્યા વિના કોઈ સદેહી જીવન્મુક્ત પ્રભુ બની શકતો નથી. લોભની પરિણતિની મુક્તિથી મનુષ્યદેહ છતાં અહીં જ મુક્તિસુખનો પ્રત્યક્ષ અનુભવ આવે છે. મારા ભક્તો એવા માર્ગમાં જીવતાં મરીને વિચરે છે. તેઓ સર્વ કર્મ કરવા છતાં પણ નિર્બંધ અને નિર્લેપ રહે છે. તે બાબતનો અનુભવ પોતાની મેળે તેઓને આવ્યા બાદ અન્ય લોકોના અભિપ્રાયની જરૂર રહેતી નથી.

લોભ છે તે અંધકાર છે અને આત્મા તે અનંત પ્રકાશ છે.

લોભરૂપ પ્રમાદને દૂર કરવો જોઈએ. લોભરૂપ પિશાચની તૃપ્તિ કોઈ કાળે થઈ નથી અને થવાની નથી. લોભરૂપ પિશાચને મનમાં એક ક્ષણમાત્ર પણ સ્થાન ન આપવું જોઈએ. રૂપના લોભથી અનેક પાપોનો આવિર્ભાવ થાય છે. જે પિંડમાં નિર્લોભ છે તે બ્રહ્માંડમાં નિર્લોભ છે. સર્વ કાર્યો કરતાં લોભ વિના લેપ લાગતો નથી.

લોભથી મન, વાણી, કાયાની શાંતિ રહેતી નથી. જેઓ સર્વ વિશ્વને આત્મરૂપ—મારારૂપ દેખે છે તેઓનાં હૃદયમાંથી સ્વયમેવ લોભ વિલય પામે છે. લોભનો અધ્યાસ ટળ્યા બાદ પરમ સંતોષ-સુખનો આસ્વાદ આવે છે.

લોભના બે ભેદ છે : પ્રશસ્ય લોભ અને અપ્રશસ્ય લોભ. અન્યાય, અનીતિ, જુલ્મ કે અધર્મબુદ્ધિથી જે તમોગુણી કે રજોગુણી લોભવૃત્તિ પ્રગટે છે તે અપ્રશસ્ય લોભ છે. દેવ, ગુરુ, સંઘ, ધર્મ, સાધુ, સંત, આજીવિકાવૃત્તિ, કુટુંબસેવા વગેરે માટે જે કર્તવ્ય-કર્મ પ્રવૃત્તિનો લોભ પ્રગટે છે તે પ્રશસ્ય લોભ છે.

પ્રથમ તો અપ્રશસ્ય લોભવૃત્તિનો ત્યાગ કરવો તે ત્યાગ છે. પશ્ચાત્ સાત્ત્વિક પ્રશસ્ય લોભનો તેની હદ સુધી તરતમયોગે શુભ પરિણામે સદ્ભાવ રહે છે અને આત્મામાં આત્માનું પૂર્ણ પરિણમન થતાં સ્વયમેવ લોભવૃત્તિ પાકી કેરીની પેઠે પાકીને ટળી જાય છે. ધર્મ કરવાનો, સંતની સેવા કરવાનો, ગુરુની સેવા કરવાનો, ધાર્મિક કાર્યો કરવાનો, આત્માના ચિંતવનનો, મારામાં પ્રેમ ધારણ કરવાનો, મારા ઉપદેશનો પ્રચાર કરવાનો લોભ તે પ્રશસ્ય સાત્ત્વિક લોભ છે. ગરીબોને સહાય કરવાનો અને તેઓને જૈનધર્મ શીખવવાનો, જુલ્મનો નાશ કરવાનો લોભ તે પ્રશસ્ય લોભ છે. સર્વ વિશ્વમાં મારી ભક્તિ ફેલાવવાનો લોભ અને દુષ્ટ, નાસ્તિક ધર્મોને ઉપશમા-વવાનો અને સર્વ વિશ્વમાં સર્વ સમાનતા–સ્વાતન્ત્ર્ય ફેલાવવાનો લોભ તે પ્રશસ્ય લોભ છે. દેશ, સંઘ, જન્મભૂમિ, ગુરુ, ધર્મી પુરુષોને સહાય કરવાનો લોભ તે પ્રશસ્ય લોભ છે. સ્વર્ગ, મનુષ્ય-

ભવ પામવા માટે ધર્મકર્મનો લોભ તે પ્રશસ્ય લોભ છે. માતા, પિતા, વૃદ્ધજનોની સેવાભક્તિનો લોભ તે પ્રશસ્ય અને આદરણીય લોભ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ પ્રાપ્ત કરવાનો લોભ, દુર્ગુણોનો ત્યાગ કરવાનો લોભ, સદ્‌ગુણોને પામવાનો લોભ, મન, વાણી, કાયાની શુદ્ધતાનો લોભ તે પ્રશસ્ય લોભ છે.

એવા પ્રશસ્ય ધાર્મિક, સ્વાર્થિક કે પારમાર્થિક લોભના વિચારો અને પ્રવૃત્તિઓથી પુણ્ય થાય છે. તેથી આત્માની શુદ્ધતાના માર્ગો ખુલ્લા થાય છે અને અપ્રશસ્ય લોભનો નાશ થાય છે.

અપ્રશસ્ય અધર્મ્ય લોભમાંથી પ્રશસ્ય ધર્મ્ય લોભમાં પ્રવેશ થાય છે અને તે પછી અનુક્રમે શુદ્ધ લોભમાં અને પશ્ચાત નિષ્કામ-ભાવની પ્રાપ્તિ થયા બાદ મુક્તિની સહેજે પ્રાપ્તિ થાય છે.

પ્રશસ્ય લોભથી ધર્મસાધનોમાં પ્રવૃત્તિ થાય છે અને અપ્રશસ્ય લોભથી નિવૃત્તિ થાય છે. મારું સ્વરૂપ ઓળખવાના લોભની પ્રથમ જરૂર પડે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાની સેવાભક્તિમાં પ્રશસ્ય લોભથી પ્રવૃત્ત થવાની જરૂર છે. સંત મહાત્માઓની પ્રશસ્ય લોભથી સેવાભક્તિ કરવી જોઈએ. શુભ લોભની પ્રથમ જરૂર છે. જડ વસ્તુઓના લોભની પણ અપેક્ષાએ પ્રારંભમાં જરૂર રહે છે. પશ્ચાત્ નિષ્કામદશાની પ્રાપ્તિ થાય છે. જડ વસ્તુઓ કરતાં દેહમાં રહેલા આત્માઓના પ્રેમનો લોભ કરવો જોઈએ, આત્માના લોભની આગળ જડ વસ્તુઓનો લોભ નિઃસાર છે.

આહાર, પાન, વસ્ત્રાદિક અને જન્મભૂમિ આદિનો પ્રશસ્ય લોભ પણ આત્મજ્ઞાનથી છેવટે આત્મામાં જ્ઞાનાદિ લોભરૂપે પરિણામ પામે છે. સતી યશોદાદેવી ! એ પ્રમાણે લોભનું સ્વરૂપ જાણીને, લોભનો ત્યાગ કરી સર્વત્ર નિઃસ્પૃહભાવથી પ્રવર્ત.

નિઃસ્પૃહભાવથી આત્માની મહત્તાનો ખ્યાલ આવે છે અને

જડમાં મહત્તા વા તુચ્છતા આદિ ભાવો સ્વપ્ન સમાન મિથ્યા અને ક્ષણિક છે તેનો અનુભવ થાય છે. લોભથી મુક્ત થયેલું મન સ્વતંત્ર અને મુક્ત બને છે. એને અન્ય મનુષ્યોના ગુલામ બનવું પડતું નથી તથા જડ વસ્તુઓના દાસ બનવું પડતું નથી. જડ વસ્તુઓની આશાથી કદાપિ શાંતિ મળતી નથી. ચક્રવર્તીઓ અને ઇન્દ્રો જેવા પણ જડ વસ્તુઓના લોભથી આત્માઓની મોટાઈ ને ભૂલી જાય છે, તો અન્ય મનુષ્યોનું તો શું કહેવું?

મનમાં પ્રગટતી અશુભ લાલચોને પગતળે ચગદી નાખ. લોભવૃત્તિને પ્રગટતાં તરત સંહાર. લોભીઓ વડે કચરાતા રિબાતા લોકોને સ્વતંત્ર કર અને જુલમી, ઘોર પાપી એવા લોભીઓને શિક્ષા આપી જૈનધર્મી બનાવ. જૈનોની સેવાભક્તિમાં આત્માને જોડવાથી દુષ્ટ લોભનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે. પોતાની પાસે જે કંઈ છે તે સર્વ વિશ્વોપયોગાર્થે છે એમ સત્ય સમજી ધનાદિકનો યોગ્ય રીતે વ્યય કરવાનું વિશ્વના લોકોને જણાવો.

જેઓ જડ ધન લક્ષ્મીના અત્યંત લોભી છે અને તેને જ પ્રિય અને સારરૂપ ગણે છે તેઓ મને પ્રિય અને સારરૂપ જાણી શકતા નથી. તેથી તેઓ વસ્તુતઃ જડવાદી નાસ્તિકો છે અને એવાઓને ભક્તિ વિના આત્માની પ્રભુતા પ્રાપ્ત થતી નથી. જડના પૂજારી લોભીજનો અનેક પ્રકારનાં પાપકર્મ કરે છે અને અનેક લોકોનાં જમીન, ધન, પશુ, સત્તા વગેરેને પોતાનાં કરવા મરી જવાથી પણ ડરતા નથી અને લોકોને મારી નાખવાથી પાછા ફરતા નથી. પરંતુ અન્તે તેઓ બૂરું દેખે છે અને દુર્ગતિના ભણકારા સાંભળી રુદન કરે છે. પણ તેઓને કર્યાં કર્મ ભોગવવાં પડે છે. તેઓ જો તેવી સ્થિતિમાં પણ મારું શરણ કરે છે, તો ઘણાં પાપકર્મથી મુક્ત થાય છે અને અંતે મારી સ્મૃતિના પ્રભાવે મારું સ્વરૂપ અનુભવે છે.

લોભનો વિનાશ કરવામાં ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર. નિઃસ્પૃહભાવથી વિશ્વના લોકો પર ધર્મની સારી અસર થાય છે.

નિઃસ્પૃહભાવ એ જ ત્યાગભાવ છે. મેરુપર્વત જેટલું ધન કે રત્નસમૂહ ભેગો થાય અથવા તે કોઈ આપે તોપણુ નિઃસ્પૃહભાવ રહે એટલે આત્મા સર્વ વિશ્વનો પ્રભુ બને છે. નિઃસ્પૃહી મનુષ્યો આ વિશ્વમાં જેટલો પરમાર્થ કરી શકે છે તેટલો વિશ્વમાં કોઈ પરમાર્થ કરી શકતું નથી. નિર્લોભી મનુષ્ય સત્ય ધર્મનો પ્રકાશ કરી શકે છે. આ વિશ્વમાં રાજાઓ, વ્યાપારીઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો વગેરે લોકો અનેક પ્રકારનાં પાપો, યુદ્ધો, લડાઈઓ, કલેશો કરી મરી ગયા અને મરે છે તથા મરશે, તેમ જ દુર્ગતિ અને દુઃખના ભોક્તા થયા છે તથા થશે. સર્વ પ્રકારની લોભવૃત્તિઓથી નિવૃત્તિ પામ અને હૃદયમાં મોક્ષસુખ અનુભવ. મુક્તિસુખ પામવાનો નિર્લોભતા પ્રાપ્ત કરવા સમાન અન્ય કોઈ તપ કે ધર્મમાર્ગ નથી.

સર્વ કર્મને સ્વાધિકારે કરવાં, પણ તેમાં લોભવૃત્તિ ન રાખવી. કર્મોમાં–કાર્યોમાં–વસ્તુઓમાં કામ્યવૃત્તિનો અભાવ થતાં અને આત્માની શુદ્ધિ અર્થે તેમ જ સંઘ, કોમ, સમાજ, રાજ્યાદિકની ઉન્નતિ અર્થે મન, વાણી, કાયાથી પ્રવૃત્તિ કરતાં જે જે કષ્ટ, વિપત્તિ, દુઃખ ભોગવાય અને જીવનમરણમાં સમભાવે વર્તાય તે જ સત્ય તપ છે અને એવા તપથી શુદ્ધાત્મરૂપ મહાવીરની પ્રાપ્તિ થાય છે.

અશુભ, અયોગ્ય, અધર્મ્ય, પાપી ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે. આત્માના ગુણોના વિકાસાર્થે મન, વાણી, કાયાની સર્વ શુભ પ્રવૃત્તિ તપરૂપ છે. દેશની શાંતિ અને ઉન્નતિ માટે મેં જે કર્તવ્યો બતાવ્યાં છે તે જૈનોને તપરૂપ છે. ચતુર્વિધ સંઘની વ્યાવહારિક તથા ધાર્મિક ઉન્નતિ અને શાંતિ માટે તન–મન–ધનનો, સુખનો, વિદ્યાનો, શક્તિનો ભોગ આપવો તે સંઘતપ છે. કુટુંબજાતિની ઉન્નતિ માટે દેહ, વાણી, મન, ધન વગેરેનો ત્યાગ કરવો તે કુટુંબતપ છે. જૈનોની ઉન્નતિ માટે, તેઓનાં સંકટ કે દુઃખ દૂર કરવા માટે વિદ્યા, ધન, મન, વાણી, તન, પ્રાણનો ભોગ આપવો તે જૈન તપ છે. ભૂખ્યાંઓને ખાવા આપવું અને તે માટે પોતે

ભૂખ્યા રહેવું તે અનશન તપ છે. ટાળી ન શકાય એવાં દુઃખોને સમભાવે સહવાં તે દુઃખતપ છે. સર્વ વિશ્વને સમભાવે દેખવું તે સમભાવ તપ છે. શરીરને વશમાં રાખવું, તેના પરથી દેહાધ્યાસવૃત્તિ ટાળવી અને તેનો સન્માર્ગમાં ઉપયોગ કરવો તે શરીર તપ છે. વાણીથી સત્ય, મિષ્ટ, પથ્ય બોલવું અને પોતાના માટે તથા અન્યના ભલા માટે વાણીનો સદુપયોગ કરવો તે વાણી તપ છે. સર્વ પ્રકારની વ્યાવહારિક અને ધાર્મિક આત્મશક્તિઓને પ્રગટાવવા માટે મન-વાણી-કાયાથી જે જે પ્રવૃત્તિ કરવી તે સર્વ તપ છે. મન-વાણી-કાયાની શક્તિઓને ક્ષીણ કરનાર જે જે અશુભ પ્રવૃત્તિવાળાં વ્યસનો અને કામવિકારો વગેરેનો ત્યાગ કરવો તે તપ છે. અન્યાયી, જુલમી, ઘાતક, દુષ્ટ લોકોને દંડવા અને તેઓને ચોરી, ખૂન વગેરેથી પાછા હઠાવવામાં જે જે કર્તવ્યો કરવામાં આત્મભોગ આપવો તે તપ છે.

શરીરના મલનો નાશ કરવા માટે ઉપવાસાદિક બાહ્ય તપ કરવાથી મનની શુદ્ધિ થાય છે. અત્યંત ભૂખ્યા પણ ન રહેવું અને શરીરમાં રોગો થાય એવો આહાર પણ ન કરવો એવું શારીરિક તપ જાણવું. અનેક અયોગ્ય લાલચોનો ત્યાગ કરવો અને પ્રામાણિકપણે વર્તવામાં અનેક કષ્ટો વેઠવાં તે પરમ તપ છે. આવા તપથી આત્માની પ્રાપ્તિ થાય છે,

આસક્તિઓનો ત્યાગ કરવો તે મહાતપ છે. સંઘની સેવામાં સર્વસ્વનો ત્યાગ કરવો તે મહાતપ છે. દેશ, રાજ્યનું ન્યાયનીતિથી પાલન કરવું તે તપ છે. વિશ્વાસઘાત, જૂઠ, જૂઠી સાક્ષી, ચોરી વગેરે પાપકર્મોનો ત્યાગ કરવો તે તપ છે. સર્વ પ્રસંગોમાં મનને પવિત્ર રાખી વર્તવું તે આત્મતપ છે. દુષ્ટ અને વિકારી શત્રુઓનો પરાજય કરવો તે શત્રુંજય તપ છે. દુષ્ટોથી ન છેતરાવું એવી રીતે વર્તવું તે અપ્રમત્ત તપ છે. મહાસંઘની સેવામાં સર્વ પ્રકારે દેહનો હોમ કરવો તે યજ્ઞ તપ છે. કોઈના પર અસત્ય

આરોપ ન ચઢાવવો અને કોઈની વૈરથી નિંદા ન કરવી તે અનિન્દા તપ છે. કોઈપણ ધર્મી મનુષ્યના રક્ષણ માટે દેહ, ધનનો ત્યાગ કરવો તે ધર્મી તપ છે. કન્યાઓના શિયલવ્રતના રક્ષણ માટે દુષ્ટ, અન્યાયી અને વ્યભિચારીઓ સાથે યુદ્ધ કરવું અને તેમાં પ્રાણનો ત્યાગ કરવો તે કન્યાશિયળરક્ષણ તપ છે. સ્ત્રીની કોઈ જોરજુલ્મીથી આબરૂ લેતો હોય તો તેનું શાસન કરવું તે સ્ત્રીશિયળરક્ષણ તપ છે. દેશને જીતવા માટે અન્યદેશી જુલ્મી અને ખૂની લોકોનાં ટોળાં આવે તો તેઓ સામે યુદ્ધમાં ઊતરવું તે દેશ-ધર્મ તપ છે. તેથી અનેક મનુષ્યોની હિંસા ટળે છે અને અધર્મનો નાશ થાય છે. આબરૂ કે લક્ષ્મીની લાલચ કરતાં જૈનધર્મ માટે અને સંઘ માટે જે કંઈ કરવું પડે તે કરવું તે ધર્મતપ છે પ્રામાણિકપણે મન-વાણી-કાયાથી પવિત્ર રહી દેશ, સંઘ, વર્ણ, ધર્મનાં કાર્યો કરવાં તે સત્ય ચારિત્ર તપ છે. સત્ય જૈનધર્મથી લાલચો, ભીતિઓ અને અનેક સ્વાર્થો આડે આવે છતાં અને મૃત્યુ થતાં ભ્રષ્ટ ન થવું અને સર્વ જૈનધર્મીઓના ભલા માટે જે કાળે, જે ક્ષેત્રે જે કંઈ કરવું ઘટે તે કરવું અને તેમાં દુઃખો સહન કરી વર્તવું તે જૈનધર્મપાલન તપ છે.

વિશ્વમાં અન્યાયનો ત્યાગ કરી ન્યાયપણે વર્તવું તે ન્યાય-તપ છે. સર્વ પ્રકારના જૂઠા ઢોંગોનો ત્યાગ કરવો તે સરલતારૂપ તપ છે. નીતિ પ્રમાણે વર્તવામાં જે સુખનો ત્યાગ કરવો પડે અને પ્રસંગે વિપત્તિઓ પણ સહવી પડે તે નીતિતપ છે. તપથી અનંત ભવનાં કરેલાં કર્મોનો ક્ષય થાય છે. નિકાચિત કર્મોનો પણ તપથી ક્ષય થાય છે. મારો ધર્મસંદેશો વિશ્વના સર્વ લોકોને સંભળાવવા-સમજાવવા દેશોદેશ પરિભ્રમણ કરવું પડે, લાખો લોકોના તિરસ્કાર સહવા પડે, દેહનો પણ નાશ થાય એવી સ્થિતિમાં આવવું પડે, ટાઢ, તાપ વગેરેનાં દુઃખો સહવાં પડે, તો તેથી ઉપદેશતપની સિદ્ધિ થાય છે. એવા ઉપદેશતપમાં પ્રવર્તતા મારા

ત્યાગી, સંયમી, સંતો મર્યા બાદ નિશ્ચયથી શુદ્ધાત્મમહાવીરપદને પામે છે.

જેઓ સર્વ પ્રકારની બૂરી વાસનાઓને મારી નાખે છે તેઓને વાસનાજય તપસ્વી જાણવા. સત્યની કહેણી કરતાં સત્યની રહેણીનું તપ મોટું છે. પ્રજાઓને અન્યાય, જુલમથી સતાવનારા ખૂની, ચોર, ધાડપાડુઓ, લૂંટારા, ઠગ લોકોને દંડવા કે તાડવા તે પ્રજારક્ષણ તપ છે.

મારી આજ્ઞા પ્રમાણે વિશ્વવર્તી દરેક પુરુષ, સ્ત્રી, બાળક અને બાલિકા પરસ્પર એકબીજાની સાથે આત્મભાવથી વર્તે તો સર્વ વિશ્વમાં ઐક્યભાવના રક્ષણરૂપ તપથી વિશ્વશાંતિના ભાગીદાર બની તે એકબીજાનું ભલું કરી શકે, પરંતુ તેમાં વચ્ચે આવનાર કે નડનાર અજ્ઞાન, મોહ, કામ, દુષ્ટ સ્વાર્થરૂપ જે શયતાન છે તેની સાથે ખરા ભાવથી યુદ્ધ કરવું જોઈએ. એકબીજાના થયેલા અપરાધોની ક્ષમા આપવારૂપ ક્ષમાતપ કરવું જોઈએ. એકબીજાનું અહિત થાય એવા ખરાબ વિચારો અને પ્રવૃત્તિઓને દાબમાં રાખવી જોઈએ.

દરેકમાં મને દેખી મારી સાથે જેવો ભાવ રાખવામાં આવે છે તેવો વિશ્વના સર્વ જીવોની સાથે પ્રેમભાવ રાખવો એ વિશ્વાત્મબંધુભાવ તપ છે. એ તપથી વિશ્વસેવામાં અને મારી સેવાભક્તિમાં એકસરખું તપનું ફળ છે. સર્વ જીવોમાં મારું સ્વરૂપ દેખીને વિશ્વના સર્વ જીવો સાથે મારા જેવો પ્રેમ રાખવાથી વ્યાપક પ્રેમતપની સિદ્ધિ થાય છે. વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમ રાખવો અને પોતાનો ઉદારભાવ પ્રગટાવવામાં અનેક સંકીર્ણ અને સ્વાર્થી વિચારોનો ત્યાગ કરવો એ કંઈ સામાન્ય તપ નથી, પણ મહાવ્યાપક તપ છે. એવાં તપ કરનારાઓનાં દર્શનથી, સંગતિથી અને તેઓની ચરણધૂલીને મસ્તકે ચઢાવવાથી અનંતભવોનાં કર્મોનો ક્ષય થાય છે.

સર્વ પ્રકારની વ્યાવહારિક તથા ધાર્મિક શક્તિઓ પ્રાપ્ત કરવી અને તેનો સદુપયોગ કરવો તે તપ છે. દુઃખી, ગરીબ,

નિર્ધન, અશક્ત, રોગીઓને બનતી સહાય માટે દેહાદિકથી ઉપકાર કરવો એ તપ છે. મારા ધ્યાનમાં મસ્ત રહેવું એ તપ છે. આઠ વર્ષથી પ્રારંભીને બાર વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય ધારી વિદ્યાભ્યાસ કરવો એ તપ છે. નિષ્કામભાવે સર્વ નિત્યનૈમિત્તિક કર્તવ્યકાર્યો કરવાં એ તપ છે. સત્ય, ધાર્મિક, પારમાર્થિક કાર્યો માટે પ્રિય વસ્તુ-ઓનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરવી તે તપ છે. ઔપચારિક ધર્મ માટે પ્રવર્તવું તે ઔપચારિક તપ છે. આત્માની ઠેઠ નજીકમાં મનનું ધારણ કરવું એવી અધ્યાત્મોપયોગવૃત્તિને અધ્યાત્મ ઉપધાન તપ કહે છે. ચંદ્રની પેઠે શીતલતા ધારી શાન્ત થવું તે ચંદ્ર તપ છે. સૂર્યની પેઠે આત્મજ્ઞાનથી પ્રકાશિત થવા આત્મોપયોગમાં રહેવું તે જ્ઞાન તપ છે. આત્મસુખ માટે આત્મમહાવીરમાં લયલીન બનવું તે આત્મસુખ તપ જાણવું. અનેક પ્રકારે સર્વ લોકોના શ્રેય માટે પ્રવર્તવું તે શ્રેયતપ જાણવું. આત્માને નિર્ભય સ્વતંત્ર અનુભવવો તે નિર્ભય તપ જાણવું. આત્માના સન્મુખ મન કરવું અને જડ પદાર્થોમાં ક્ષણિક સુખના રસિયા ન બનવું તે અભ્યંતર તપ જાણવું.

સર્વ જીવો પર ઉપકાર કરવો તે ઉપકાર તપ છે. ઇન્દ્રિયોની શક્તિઓ જે જે રીતે ક્ષીણ થતી હોય તે તે રીત કે પ્રવૃત્તિને અટકાવવી અને ઇન્દ્રિયો પર કાબૂ રાખવો તે ઇન્દ્રિયતપ છે. મારા નામનું મનમાં સ્મરણ કરવું તે જાપસ્મરણ તપ છે. ગરીબ, અંધ, પંગુ, નિરાધાર, જીવોને યથાયોગ્ય સહાય કરવી તે અનુકંપા છે અને તે માટે દુઃખો પડતાં સહેવાં તે અનુકંપા તપ છે.

તમોગુણી તપ અને રજોગુણી તપ કરતાં સાત્ત્વિક તપ અનંતગણુ ઉત્તમ છે અને આત્માની વહેલી પ્રાપ્તિ થાય છે. મારી કૃપા એ જ સાત્ત્વિક તપ છે. સાત્ત્વિક તપ, જ્ઞાન એ જ મારી કૃપારૂપ છે. જે લોકો મારા પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ રાખીને અન્ય લોકોના અપરાધોને જતા કરે છે તેઓને તેઓની ઉન્નતિ કરવામાં હું અણ-ધારી સહાય આપું છું અને તેઓ નથી ધારી શકતા તે માર્ગે

તેઓને સહાયક થાઉં છું.

સકામ તપ કરતાં નિષ્કામ તપ અનંતગુણુ ઉત્તમ છે. લોકો જેવા જેવા ભાવથી તપ કરે છે તેવા તેવા ભાવથી તેવા ફળને તેઓ પામે છે. મનોવૃત્તિઓનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ તપ છે. રસની લોલુપતાને જેમ બને તેમ ઓછી કરવી તે રસત્યાગ તપ છે. કાયાને દુઃખ પડે પણ કાયા દ્વારા ધાર્મિક કાર્યો કરવાં તે કાયક્લેશ તપ જાણવું. કાચબો જેમ મૃત્યુ કે ભય જેવા પ્રસંગે અંગોપાંગોને સંકોચી નાખે છે તેમ મોહ અને કામવિકારથી પ્રેરાઈને અયોગ્ય અધર્મ્ય રીતે વિષયો તરફ દોડતા મન તથા ઇન્દ્રિયોને સંકોચી લેવી, તાબામાં રાખવી અને આત્મામાં મનને લીન કરવું તે સંલીનતા તપ છે. મન, વાણી, કાયાની શુદ્ધિ માટે કૃત પાપકર્મોનાં અનેક પ્રકારનાં પ્રાયશ્ચિત્તો કરવાં તે પ્રાયશ્ચિત્ત તપ છે. ગુણી, ત્યાગી, ગુરુ, સાધુ, સૂરિ, ઉપાધ્યાય, ગ્લાન, લઘુ, વૃદ્ધ, જ્ઞાની, સંત આદિ ઉત્તમ મહાપુરુષોનો વિનય કરવો, તેઓને પગે લાગવું અને તેમનો ઉચિત વિનય કરવો તે વિનય તપ છે.

સર્વ ધર્મનું મૂળ વિનય તપ છે. વિનયથી વૈરીઓનાં વૈર નાશ પામે છે. વિનયથી સર્વ પ્રકારની વિદ્યા પ્રાપ્ત થાય છે. વિનયથી ગુપ્તવિદ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, પરંતુ તેવાં જ્ઞાન કે વિદ્યા બીજા ધન આદિના દાનથી મળતાં નથી. વિનયથી દેવ અને ગુરુની પ્રસન્નતા મેળવાય છે અને તેથી કાચી બે ઘડીમાં છેવટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વિનયથી અહંકારનો નાશ થાય છે. વિનયથી મારી પ્રાપ્તિ થાય છે. આદર-સત્કાર, બહુમાન, નમસ્કાર, પૂજ્યબુદ્ધિ, નમ્રતા, ગુણગાન, સેવાચાકરી વગેરે વિનય છે. વિનયથી દેવ-ગુરુ-સંતની કૃપા મેળવાય છે અને તેથી લાખો ભવે થનારી સિદ્ધિની તરત પ્રાપ્તિ થાય છે. વિનયથી વિવેકની પ્રાપ્તિ થાય છે, વિવેકથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેથી મોક્ષ થાય છે.

મન, વાણી, કાયાથી જેઓ મારા ભક્તોનો વિનય કરે છે

તેઓ વસ્તુતઃ મારો જ વિનય કરે છે. બાહ્યાભ્યંતર અનેક પ્રકારના વિનયથી જે જે ઉત્તમ અને શ્રેષ્ઠ ભક્તો હોય તેઓની સેવાચાકરી કરવી. દેવ-ગુરુના વૈયાવૃત્યથી અનંત પાપોનો ક્ષય થાય છે અને અનંત પુણ્યનો બંધ થાય છે તથા અનંત કર્મની નિર્જરા થાય છે. સાધુ, સાધ્વી વગેરે ચતુર્વિધ સંઘની સેવાચાકરી કરવાથી અલભ્ય અને દુષ્પ્રાપ્ય વસ્તુઓની વહેલી પ્રાપ્તિ થાય છે. માતા-પિતા અને વૃદ્ધજનોની સેવાચાકરી કરવી તે વૈયાવૃત્ય તપ છે. નિષ્કામ ભાવે સેવાચાકરી કરવાથી ભક્તિની પ્રાપ્તિ થાય છે.

સર્વ પ્રકારનાં તપમાંથી જેને જે રુચે તે તપ કરવાથી તે બ્રહ્મભાવને અર્થાત્ મુક્તિપદને પામે છે. સેવાથી જે કંઈ જ્ઞાન મળે છે તેનાથી આત્માની પૂર્ણ દશાનો પ્રકાશ થાય છે. સેવા કરવામાં આત્મભોગ આપવો પડે છે તેના કરતાં સેવા કરનારાઓ અનંતગણું ફળ પામી શકે છે.

ગુરુઓ અને સાધુઓની ભોજનાદિકથી સેવાચાકરી કરી તેઓની પ્રસન્નતા મેળવવી. મારી આજ્ઞા પ્રમાણે જે લોકો સાધુ વગેરેની વૈયાવચ્ચ કરે છે, મહાસંઘની વૈયાવચ્ચ કરે છે તેઓ અનંત પરમાનંદ પદ પ્રાપ્ત કરે છે.

આત્મબળની પ્રાપ્તિ થાય એવી સેવાચાકરી કરવામાં પ્રવૃત્ત થવું. આત્માની શક્તિઓ જેઓની પાસેથી મળે તેઓની સેવાચાકરી કરવી. જેના ધડ પર શીર્ષ ન હોય અર્થાત્ જેઓ મરજીવા બને છે તેઓ મારી સેવામાં તત્પર બની શકે છે. કૂતરાથી ભસવું અને આટો ફાકવો એ બે કાર્યો સાથે થઈ શકતાં નથી, તેમ મારી સેવાચાકરી કરવી અને જરામાત્ર મહેનત, થાક, આત્મભોગ ન વેઠવો એ બની શકે જ નહીં. વિશ્વના સર્વ જીવોમાં મને દેખીને જેઓ વિશ્વના સર્વ જીવોની સેવાચાકરી કરે છે તેઓ મારી જ સેવાચાકરીરૂપ તપ કરે છે

શ્રી મુનિસુવ્રતસ્વામી તીર્થંકર પ્રભુના ભક્ત શ્રવણ બ્રાહ્મણ થયા. તેમણે પોતાનાં માબાપની ઇચ્છાનુસાર સેવાચાકરી કરી, તેથી તે દેવયોનિને પામ્યા. શ્રી ઋષભદેવના પુત્ર બાહુબલીએ પૂર્વભવમાં પાંચસો સાધુઓની સેવાચાકરી કરી હતી તેથી તે બાહુબલીના અવતારમાં અત્યંત બળને પામ્યા. પરિણામે તેમણે ધર્મ્ય યુદ્ધમાં પોતાના ભાઈ ભરત ચક્રવર્તીને આકાશમાં દડાની માફક ઉછાળ્યા અને હરાવ્યા તથા તે જ ભવમાં વનમાં ઉગ્ર તપ તપી કેવળજ્ઞાન પામ્યા. શ્રી ભરત ચક્રવર્તીએ અનેક ઋષિમુનિઓની આહારથી સેવાચાકરી કરી તેથી તે વૈયાવૃત્યરૂપ તપના પ્રભાવે સર્વ કાર્યોમાં નિરાસક્ત અને અપ્રમત્ત રહી, આરીસાભવનમાં કેવળજ્ઞાન પામી અને કેવળી બની અનેક મનુષ્યોને તાર્યા.

સેવાચાકરીથી દુનિયામાં કોઈ મનુષ્ય દુઃખી રહેતો નથી. સાધુઓની, તપસ્વીઓની સેવાચાકરી કરવી. દુષ્ટ, અધર્મી અને નાસ્તિકો તરફથી થતી તેઓની હીલના, આશાતનાને દૂર કરવામાં ખરું સેવાભક્તિરૂપ તપ છે. મારા જૈનધર્મનું અનંત મહાસાગર જેટલું પેટ છે. તેમાં સર્વ પ્રકારના ધર્મો, અદ્વૈત અને દ્વૈતાદિ દૃષ્ટિઓનો સમાવેશ થાય છે. તેમાં સર્વ પ્રકારના ત્યાગી અને તપસ્વીઓ, કે જે મારા પ્રતિ પ્રેમશ્રદ્ધાથી વર્તે છે, તેઓનો સમાવેશ થાય છે. તેથી સર્વ પ્રકારના મારા તપસ્વીઓની સેવાચાકરીથી છેવટે શુદ્ધાત્મમહાવીર પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

વૈયાવૃત્ય તપના અનેક—લાખો ભેદો છે તેમાંથી જેને જે રુચે છે તે આરાધે છે. જેની જેટલી શક્તિ અને ભાવ તે પ્રમાણે તે વૈયાવૃત્ય તપને સેવી શુદ્ધાત્મમહાવીરપદને પામે છે. મારા વિશ્વાસથી લોકો જે કંઈ કરે અને વિચારે તે તપરૂપ છે. મારા ભક્તોનાં સદ્‌વિચારો અને કર્મો તપરૂપ છે. મારાં ઉપદેશેલાં હિતવચનોનું મનન, શ્રવણ, વાચન, નિદિધ્યાસન કરવું તે શ્રુતધ્યાન તપ છે. મારા ધર્મોપદેશની બહાર કોઈ ધર્મ રહેતો નથી. મારા ઉપદેશ-

વચનરૂપ ગ્રંથોનો સ્વાધ્યાય કરવાથી સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્રની પ્રાપ્તિ થાય છે. સર્વ પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિ માટે મારાં હિત વચનોનો સ્વાધ્યાય કરવો અને મારી શ્રુતિઓનો સ્વાધ્યાય કરનારાઓની સેવા, ભક્તિ, સ્તુતિ કરવી. તેથી શ્રુતિની પ્રાપ્તિ થાય છે અને અજ્ઞાન, મોહ, સંશય, વિતંડાવાદ, મિથ્યાવાદનો નાશ થાય છે. ત્યાગીઓએ ત્યાગ–વૈરાગ્યકારક શ્રુતિઓના સ્વાધ્યાયરૂપ તપ કરવું. મારી પશ્ચાત્ મારા ઉપદેશોથી લોકો મને પામી શકે છે. સ્વાધ્યાય તપથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કાયાના મમત્વનો અધ્યાસ ટાળવાથી બહિરાત્મભાવનો નાશ થાય છે. દેહાધ્યાસ ટળવાથી આત્માનો નિશ્ચય થાય છે.

મારા ભક્તોનાં વિચારો, વાણી અને દેહની સર્વ પ્રવૃત્તિઓ તપરૂપે પરિણમે છે. તેથી તેઓ અનંત કર્મને ખેરવી નાખે છે અને છેવટે તેઓ મારા જેવા બને છે. દેહના મમત્વનો ત્યાગ તે કાયોત્સર્ગ તપ છે. ધર્માર્થે દેહનો ભોગ આપવો અને દેહ છતાં દેહાતીત આત્મભાવે વર્તવું તે કાયોત્સર્ગ તપ ધ્યાન છે. દેહને અને મનને આત્મા ન માનવો અને દેહનો નાશ છતાં આત્મા નિત્ય હોય છે, એમ નિશ્ચય કરી દેહ દ્વારા આત્મજ્ઞાનનો પ્રકાશ કરવા દેહમાં રહેલા આત્મામાં લયલીન મસ્ત બની જવું, તે કાયોત્સર્ગ તપ છે.

એ તપથી દેહ છતાં દેહથી ભિન્ન આત્મમહાવીરદેવનો સાક્ષાત્કાર થાય છે. અનેક પ્રકારના પરસ્પર ભિન્ન મત, પંથ, આચારોમાં સહિષ્ણુતા રાખવી તે મતસહિષ્ણુતા તપ છે. અનેકાન્ત સ્યાદ્વાદજ્ઞાનમાં ઊંડા ઊતરવાથી જ્ઞાનીઓ એવા મતભેદસહનતા અને સાપેક્ષ અભેદજ્ઞાનરૂપ તપભાવને પામે છે અને તેથી તેઓ મારા જ્ઞાનનો સર્વ વિશ્વમાં પ્રચાર કરી શકે છે.

વિશ્વવર્તી સર્વ લોકોને મારા ધર્મનું જ્ઞાન આપવું. પુસ્તકોથી અને ઉપદેશોથી સર્વત્ર વિશ્વમાં મારા સત્ય વિચારોનો પ્રચાર

કરવો તે મહાસત્ય ધર્મ તપ છે. મારા ભક્ત સંત, ત્યાગી, ગૃહસ્થો લોકોને જે દુષ્ટ ધર્મીઓ પીડતા હોય અને મારા ઉપદેશનો પણ તિરસ્કાર કરતા હોય તેવાઓની સાથે ધર્મરક્ષણાર્થે જે કાળે, જે ક્ષેત્રે, જે જે બળ અને શક્તિઓથી વર્તવું પડે તે પ્રમાણે વર્તવું અને તેમાં સર્વ દેહાદિનો પણ ત્યાગ કરવો તે વૈયાવૃત્ય તપ છે અને તે કાયોત્સર્ગ તપ પણ છે. મારી પ્રાપ્તિ માટે ચક્રવર્તીઓ ચક્રવર્તીની ઋદ્ધિનો ત્યાગ કરતાં કે ચક્રવર્તીની ઋદ્ધિનો ભોગ ભોગવતાં જરામાત્ર આસક્તિ ન રાખે અને ત્યાગ કરવાના પ્રસંગે જરામાત્ર મનમાં આંચકો ન ખાય, ત્યારે તે પરિગ્રહી છતાં અપરિગ્રહી છે. ગૃહસ્થાવાસી છતાં તે અંતરથી ત્યાગી છે. ભરત ચક્રવર્તી તેવા પરિગ્રહી છતાં અપરિગ્રહી હતા અને સર્વ બંધનોમાં રહ્યા છતાં નિર્બંધ હતા. તેથી તેઓ ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાન પામ્યા હતા. પશ્ચાત્ અગારનો ત્યાગ કરી ત્યાગી બન્યા હતા.

ફક્ત લંગોટીમાં આસક્તિ રહેવાથી ત્યાગી છતાં પરિગ્રહી છે, તેથી મૂર્છા-મમતાના ત્યાગ સમાન આ વિશ્વમાં એકે મહાતપ નથી. મૂર્છારૂપ વિષ વિના વિશ્વના પદાર્થો કોઈ રીતે મનને સંસારમાં બાંધવા સમર્થ થતા નથી. જેની બે દાઢામાંથી વિષ નીકળી ગયું છે એવો સર્પ કોઈના પ્રાણનો નાશ કરી શકતો નથી, પછી તેના શરીર પર કાંચળી હોય તોપણ ભલે અને ન હોય તોપણ ભલે. નિર્વિષ સર્પ થયા બાદ તેનાથી ભય રહેતો નથી, તેમ આસક્તિ ટળી ગયા બાદ બાહ્ય ધનાદિક પદાર્થો હોય તોપણ ભલે અને ન હોય તોપણ ભલે. બાહ્ય ત્યાગ હોય તોપણ ભલે અને ન હોય તોપણ ભલે. તેથી આત્માની શુદ્ધતામાં કોઈનો પ્રતિબંધ નડતો નથી. તેથી દેહાધ્યાસ અને આસક્તિ વિના મનુષ્યો સર્વ વિશ્વમાં જ્યાં ત્યાં સર્વ કર્મોમાં તપને પામે છે. જે જે ભાવીભાવ બનવાના હોય છે તેમાં ગુપ્ત પ્રગતિનાં તત્ત્વો છે, એમ જે જાણી વર્તમાનમાં તથા ભવિષ્યમાં સમભાવે વર્તે છે તે આત્માની અપેક્ષાએ અસંત

એવી પ્રકૃતિથી પર એવા આત્મમહાવીરનો અનુભવ કરે છે. દેહમાં રહેલ આત્મા સત્સ્વરૂપ ભાસે છે ત્યારે કાયાની મમતાનો ઉત્સર્ગ—ત્યાગ થાય છે.

શૂર ભક્તો દેહમાં રહ્યા છતાં દેહાધ્યાસ–મમતાનો ઉત્સર્ગ કરી નાખે છે. તેથી પશ્ચાત્ દેહોત્સર્ગ જે સ્વભાવે આયુષ્ય-નાશથી થાય છે તેમાં શોક કે ભીતિ રહેતી નથી. ભય, લજ્જા, ખેદ અને દ્વેષાદિ પરિણામો વસ્તુતઃ કર્મપ્રકૃતિના પરિણામ છે. તેમાં આત્માનું સત્પણું નથી. તેથી તેને અસત્ દેખી આત્માની મહાવીરતા પ્રકાશવામાં જે લયલીન બને છે તે સર્વ પ્રકૃતિઓના ખેલોને ન્યારો રહી ખેલી શકે છે. જડ પ્રકૃતિ કરતાં આત્મમહાવીરની અનંતગુણી શક્તિ છે. આત્મવીરની આગળ સર્વ જડ વિશ્વ અસત્ અને સ્વપ્નની લીલા સમાન છે. તેનાં કાર્યોથી આત્મમહાવીર બંધાતો નથી. શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા ત્રણ કાળમાં શુદ્ધ છે. વ્યવહારનયની દૃષ્ટિએ કર્મપ્રકૃતિસંબંધી છે, ઔપચારિક અશુદ્ધતા છે. આત્મા જડ વિશ્વનો કર્તા બની તેને અનેક દેહાદિ પર્યાયોરૂપે ફેરવી શકે છે. તેથી જડ વિશ્વના પર્યાયોનો કર્તાહર્તા આત્મા છે.

જડ વિશ્વના પર્યાયોનો પરમાર્થભાવે ઉપયોગ કરનાર આત્મા વસ્તુતઃ જડ વિશ્વરૂપ પ્રકૃતિનો ઈશ્વર છે. મન, વાણી, કાયા અને ઇન્દ્રિયો વગેરે સૃષ્ટિ તેની બનાવેલી છે. તે આગળની દેહસૃષ્ટિ બનાવીને પૂર્વની દેહાદિ સૃષ્ટિનો વિલય કરે છે. આત્મા જડ વિશ્વના સર્વ પર્યાયોનો અનંતકાળથી અનંતવાર કર્તાહર્તા થયો છે અને થશે.

આત્મા વિના વિશ્વમાં અન્ય કોઈ પ્રભુ નથી. જે દેહમાં રહેલો આત્મા દેહાદિ સૃષ્ટિનો કર્તા છે તે જ વિશ્વના સર્વ જડ પર્યાયોનો નિમિત્તરૂપ કર્તા અને હર્તા છે. દેહાદિ સાકાર પર્યાયમાં રહેલ આત્મા સાકાર પરમાત્મા છે. સાકાર પરમાત્માથી વિશ્વના લોકો

પર જેટલો ઉપકાર થાય છે તેટલો નિરાકાર બ્રહ્મદેવથી થતો નથી. મનુષ્યોને તારવા માટે મનુષ્યશરીરમાં રહેલો આત્મા તે જ પરમાત્મા મહાવીર બને છે. હું વ્યક્ત શક્તિએ જેવો મહાવીર પ્રભુ છું તેવા સર્વાત્માઓ સત્તાએ મહાવીર છે અને વ્યક્ત શુદ્ધ પર્યાયોના આવિર્ભાવે—પ્રગટભાવે મહાવીરો બને છે. પરબ્રહ્મમહાવીરરૂપ સર્વ જીવોને અભેદભાવે દેખી જે કાયોત્સર્ગભાવને ધારણ કરે છે તે પ્રકૃતિરહિત શુદ્ધાત્મમહાવીરપ્રભુનો અનુભવ–સાક્ષાત્કાર કરે છે.

આત્મા અજ છે. અનાદિકાળથી આત્મા છે, તેથી તે અજ છે. તેનો જન્મ કે ઉત્પત્તિ નથી અને તેનો વિનાશ કે મૃત્યુ નથી. તેથી આત્મા અર્થાત્ ચેતન અવિનાશી છે. વિશ્વની સર્વ પ્રકૃતિઓને પોતાને તાબે રાખવાની આત્મામાં સત્તા છે. તેથી આત્મા વિશ્વપતિ છે. આત્માનું સ્વરૂપ જ્યાં સુધી બહિર્બુદ્ધિ છે ત્યાં સુધી અનેક શાસ્ત્રો, વિવાદો, તર્કો અને અનેક લક્ષણો બાંધીને કહેવામાં આવે તોપણ પ્રત્યક્ષ અનુભવ વિના અલક્ષ્ય છે. આત્માનાં અનેક અસંખ્ય લક્ષણો કે સ્વરૂપો તર્કથી કલ્પવામાં આવે તોપણ આત્મમહાવીરપ્રભુરૂપ મારો અંત આવતો નથી. તેથી તે અપેક્ષાએ મારું આત્મસ્વરૂપ અનંત છે

સર્વ દેહોમાં આત્માઓ વિલસે છે. સર્વ તીર્થંકરોનાં નામો એ આત્મમહાવીરનાં નામો છે. સર્વ દેવોનાં, ઋષિઓનાં, વાસુદેવોનાં, બલદેવોનાં નામોનો આત્મમહાવીરનામમાં સમાવેશ થાય છે. આત્માનો વીર મહાવીર નામનાં સમાવેશ થાય છે. અનંત સિદ્ધ પરમાત્માઓનો એક મહાવીર નામમાં સમાવેશ થાય છે. અસંખ્ય ઋષિઓ, ગણધરો, આચાર્યો, મુનિઓ ત્યાગીઓ થયા અને થશે. તેઓનો મહાવીર નામમાં સમાવેશ થયો છે અને થશે. અનંત ધર્મોના નામોનો મહાવીર નામમાં સમાવેશ થયો છે અને થશે. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર શક્તિઓનાં નામોનો મહાવીર નામમાં સમાવેશ થયો છે અને થશે. અનંત ઈશ્વરાવતારોનાં નામોનો પરબ્રહ્મ મહાવીર નામમાં સમાવેશ

થયો છે અને થશે. અનંત જડ દ્રવ્ય–પર્યાય શક્તિઓનાં નામોનો પણ વીર મહાવીર નામમાં સમાવેશ થયો છે, થાય છે અને થશે.

ચેતન, બ્રહ્મ, પરબ્રહ્મ, વિષ્ણુ, હરિ, હર વગેરે જે નામો ગુણવન્ત અને શક્તિવ્યાપક છે તે નામોનો મહાવીરના નામમાં અંતર્ભાવ થાય છે. તેથી આત્માને મહાવીરરૂપ નિશ્ચય કરીને જે મારા ભક્ત લોકો કાયોત્સર્ગ તપ કરે છે તેઓ સર્વ કર્મથી વિમુક્ત થાય છે અને થશે.

અનાદિકાળથી આત્મા જ મહાવીર–વીર છે. અનંતકાલીન આત્મા જ મહાવીર છે. તે અખંડ છે, અલખ છે. આત્મમહાવીરની શક્તિ આગળ જડ દુનિયા એક પરમાણુ જેટલી પણ નથી. એવા આત્મમહાવીરમાં અનંત પરમાનંદ ભરપૂર છે. તે પરમાનંદનો જે આસ્વાદ લે છે તે જીવતાં જીવન્મુક્ત બને છે અને તે માટે સંતો કાયોત્સર્ગ તપમાં રહીને મહાવીરનું ધ્યાન ધરે છે. હું મહાવીર છું અને સર્વ ચેતનવિશ્વ મહાવીરરૂપ છે—એમ જેઓ જાણીને મહાવીર વિના બીજું કશું કંઈ સારરૂપ દેખતા નથી તેઓને સંસારના આધિ–ઉપાધિરૂપ ત્રિવિધ તાપો નડી શકતા નથી અને તેઓ વિશ્વનો નાશ કરી શકતા નથી.

શ્રીમતી સતી યશોદા મહાદેવી ! એ પ્રમાણે કાયોત્સર્ગ-તપરૂપ મનને કરી આત્મરૂપ બન !

સત્પુરુષાર્થ :

શ્રીમતી યશોદાદેવી ! સત્પુરુષાર્થને સર્વ તપથી મહાતપ જાણ.

કર્મ પ્રમાણે બન્યા કરશે, એમ તમોગુણવૃત્તિને ધારણ કરી જેઓ બેસી રહે છે તેઓનો આત્મવીર પણ બેસી રહે છે. જેઓ સત્પુરુષાર્થથી ઊઠે છે, તેઓનો આત્મવીર પણ ઊઠે છે. જેઓ આલસ્યમાં અંતર્ભાવ પામનારી નિવૃત્તિને ધર્મ કહે છે તેઓનો આત્મવીર ઊંઘે છે.

હૃદયમાં રહેલા મહાવીરપ્રભુનો પુરુષાર્થથી સર્વત્ર પ્રકાશ કર. સત્પુરુષાર્થથી અસત્પુરુષાર્થનો ત્યાગ થાય છે. સત્પુરુષાર્થના જાગવાની સાથે સત્કર્મ પણ જાગે છે. જેનો પુરુષાર્થ ઊંઘે છે, તેનું કર્મ પણ ઊંઘે છે. સત્પુરુષાર્થ વિનાના મનુષ્યો વિશ્વમાં જીવી શકતા નથી અને અન્યને જિવાડી શકતા નથી. સત્પુરુષાર્થથી અનંત અશુભ કર્મોનો કાચી બે ઘડીમાં નાશ થાય છે. જેઓ કેફી વસ્તુઓનાં પીણાં પીને ઊંઘ્યા કરે છે તેઓ વિશ્વમાં આત્મકલ્યાણ કરવા સમર્થ થતા નથી,

ઉદ્યમ સમાન કોઈ વીર નથી. અશક્તોને અને નિરુદ્યમીઓને વિશ્વમાં સ્વતંત્ર શક્તિમંત થવાનો અધિકાર નથી. જે લોકો પુરુષાર્થ સામું પગલું ભરે છે તેઓ મારા સામું પગલું ભરે છે. જેઓ સત્પુરુષાર્થ પર વિશ્વાસ રાખે છે તેઓ મારા પર વિશ્વાસ રાખે છે. જે કંઈ ને કંઈ સત્પુરુષાર્થથી કાર્ય કરે છે તેઓને અન્ય દુષ્ટ લોકો પીડા કરી શકતા નથી. ગમે તેવા પ્રતિકૂલ સંયોગોમાં જેઓ હિંમતથી પુરુષાર્થ કરે છે તેઓ અન્તે સાધ્યને સાધે છે અને લાખો વિઘ્નોમાંથી પસાર થાય છે. સત્પુરુષાર્થ એ જ મારી કૃપા અને પ્રીતિ છે. તેને જે અવલંબે છે તેઓ મારી કૃપા, પ્રીતિ અને સહાયને અવલંબે છે અને તેથી તેઓ તૃણના જેવા હોય છે તોપણ મેરુ જેવા મોટા બને છે. પોતાનાં ધર્મ્ય સ્વાર્થિક કાર્યો કરવામાં અને અન્યોનાં કાર્યો કરવામાં સત્પુરુષાર્થનો ઉપયોગ કરે છે તેઓ દુઃખસાગરને તરી જાય છે. પુરુષાર્થથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે.

સત્પુરુષાર્થ કરતાં ખેદ, ભય, લજ્જા, ભીતિ, લોકાપવાદ વગેરે દુર્બળતાનો ત્યાગ કરવો અને દુર્ગુણ ટેવોનો નાશ કરવો. જેઓ પ્રામાણિકપણે સત્પુરુષાર્થ કરે છે તેઓ આગળ ને આગળ પ્રગતિમાર્ગમાં ચાલ્યા જાય છે. તેઓને કોઈ રોકવા સમર્થ થતું નથી.

મોક્ષાર્થે સ્વાધિકારે વર્ણાદિક કર્મોનો પુરુષાર્થ તપરૂપ છે.

પુરુષાર્થ કરતાં અનેક કષ્ટોને ઉત્સાહ અને અંતથી વેઠવાં તે તપ છે. પવિત્ર મનથી સત્પુરુષાર્થ કરતાં અનેક અશુભ કર્મોનો નાશ થાય છે. નિકાચિત કર્માવરણોનો સત્પુરુષાર્થથી નાશ થાય છે. શુભ કાર્યો, ઉપકારો કરવાં, તે સત્પુરુષાર્થ છે. ઉત્સાહ–આનંદથી સત્પુરુષાર્થ કર્યા કર. કર્મોના બંધમાં અને કર્મોના નાશમાં પુરુષાર્થ હેતુભૂત છે. પુણ્યકાર્યો કરવામાં સત્પુરુષાર્થ સમાન કોઈ મહાસાધન નથી. ઉદ્યમથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. ફક્ત મનોરથો કરવા માત્રથી કંઈ વળતું નથી. શુદ્ધ બુદ્ધિથી કરેલો પુરુષાર્થ પરિણામે આત્માની, સંઘની, દેશ, રાજ્ય, કુટુંબની ઉન્નતિ કરનારો થાય છે. આલસ્ય ઊધઈના સમાન છે. તે નવરા પડેલા શરીર અને મનને ફોલીને ખાઈ જાય છે. આલસ્ય સમાન કોઈ શત્રુ નથી અને સત્પુરુષાર્થ સમાન કોઈ મિત્ર નથી. જે લોકો ગરીબ લોકોના ભલા માટે પુરુષાર્થ કરે છે, દેશ, કોમ, સંઘ, જાતિ, ધર્મોપયોગી કાર્યો કરે છે, તેઓ વિશ્વોપયોગી છે. પોતાના સ્વાર્થ માટે અન્ય જીવોનો અને અજીવ જડ પદાર્થોનો ઉપગ્રહ (સહાય) લેવામાં આવે છે, તેવો સત્પુરુષાર્થથી અન્ય જીવોને ઉપગ્રહ આપવો એ તો એક લેવડદેવડ જેવી વાત છે. તેમાં કંઈ અહંકાર કરવા જેવું નથી. મનુષ્ય પોતાની ફરજ અદા કરે એવો સર્વ શુભ પ્રયત્ન તે સત્પુરુષાર્થ છે.

પવિત્ર નદીઓનું વહન સત્પુરુષાર્થ સૂચવે છે. મેઘનું વર્ષવું, વૃક્ષોને ફૂલ આવવાં, વાયુ કે અગ્નિનું નિયમિતપણે પ્રવર્તવું, સૂર્ય–ચંદ્રનાં વિમાનોનું વહેવું ઇત્યાદિ સર્વે કર્તવ્ય સત્પુરુષાર્થને સૂચવે છે. જૈનધર્મ સંબંધી સર્વ કાર્યો યથાશક્તિ કરવાં, તે સત્પુરુ–ષાર્થ છે. સર્વ જીવોના કલ્યાણમાં અલ્પદોષ અને મહાધર્મ થાય એવી રીતે પ્રવર્તવું તે સત્ય સત્પુરુષાર્થ છે.

સત્ય પુરુષાર્થથી ધર્મ છે અને અસત્ય પુરુષાર્થથી અધર્મ છે. સત્ય સમાન કોઈ વિશ્વમાં પવિત્ર નથી. સત્યથી અન્ય કોઈ બીજો ધર્મ નથી. મુક્તિ પામવા માટે સત્ય સમાન કોઈ માર્ગ

નથી. મન, વાણી, કાયાથી સત્ય આચરનાર શરીરથી ગમે તેવો ગંદો હોય તોપણ તે મહાપવિત્ર છે. જલથી ફક્ત શરીરનો મેલ નાશ પામે છે, પણ સત્યની પ્રવૃત્તિ વિના શરીર પવિત્ર થઈ શકતું નથી. અસત્યની પ્રવૃત્તિથી શરીર પવિત્ર થઈ શકતું નથી. શરીરથી પાપકર્મોને કરતાં ગંગા આદિ નદીઓથી શરીરના અણુઓની પવિત્રતા કરી શકાતી નથી. પવિત્ર નદીઓથી દેશ, કોમ, જીવ-સમૂહને ઘણો લાભ મળે છે, પણ જેઓ અસત્ય પાપમાર્ગમાં પ્રવર્તે છે તે તો દેશ, સંઘ, રાજ્યાદિકને ઊલટા હાનિ કરનારા થાય છે પાપકર્મોના ત્યાગ વિના, દારૂ, માંસ, વેશ્યાગમન, વ્યભિચાર, હિંસા-કર્મ વગેરેના ત્યાગ વિના શરીરની પવિત્રતા સિદ્ધ થતી નથી. અસત્યથી ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્રની પદવીઓ, ઋદ્ધિઓ, મેરુપર્વત જેટલા સુવર્ણ અને રત્નના ઢગ મળતા હોય તો તેને લાત મારવી અને તેના સામું પણ જોવું નહીં. સત્યથી તૃણની ઝૂંપડીમાં વાસ કરવાનો મળતો હોય તો તે પસંદ કરવો અને દાણા વીણી ખાઈને પણ જીવવું પસંદ કરવું.

કોઈના શરીરના રૂપમાં મોહ ન પામવો, પણ તેની સત્ય-પ્રવૃત્તિથી મોહ પામવો. સત્યવાદી મનુષ્યોની લાતો ખાવી સારી છે, પણ અસત્યવાદીઓએ આપેલું અમૃત, આદરસત્કાર ખરાબ છે. સત્યમાં મરવું અનંતગણું શ્રેષ્ઠ છે, પણ અસત્ય વર્તનથી જીવવું તે અનંતગણું ખરાબ છે. સત્ય વર્તન તે જ ખરું પ્રામાણ્ય છે. સત્ય વર્તનથી અસત્યનો નાશ થાય છે. તેથી પોતાને, સંઘને, કોમને, રાજ્યને અને કુટુંબ વગેરે સર્વને લાભ મળે છે અને પરંપરાએ અશાંતિનો નાશ થાય છે.

સત્યની કહેણી હોય પણ રહેણી ન હોય તો તેથી આત્મબળની પ્રાપ્તિ થતી નથી. અસત્યનો ત્યાગ કરવામાં અને સત્ય અંગીકાર કરવામાં કદાપિ જંગલોમાં વાસ થાય તો તેથી જરામાત્ર ડરવું નહીં. સત્ય એ પ્રકાશ છે અને અસત્ય ઘોર અંધકાર છે.

સત્યનો સૂર્ય સર્વત્ર પ્રકાશ જ આપ્યા કરે છે. કદાપિ તેને રાહુનું વિમાન—તમ (અંધકાર) નડે તો તેથી અસત્ય-રાહુથી સત્ય-સૂર્ય ઢંકાઈ જતો નથી, પણ પાછો પ્રકાશિત થાય છે. સત્ય જીવનથી જીવવું એ જ મારું જીવન છે. અસત્ય વિચારો અને અસદાચારોને નાકના મેલની પેઠે દૂર કરવામાં એક ક્ષણની પણ વાર લગાડવી નહીં. અસત્ય વર્તનના ક્ષણિક સુખથી જે લોકો મારી આજ્ઞાનો તિરસ્કાર કરે છે તેઓ મારાથી વિમુખ થાય છે અને મોહના સંગી બને છે.

સત્યથી રાજ્ય કરવું. સત્યથી વિદ્યાઓ ભણવી-ભણાવવી. સત્ય વર્તનથી ક્ષાત્રકર્મ કરવું. સત્યથી વૈશ્યકર્મો કરવાં. સત્યથી સેવાચાકરી કરવી. સત્યથી ખાવું અને પીવું. સત્યથી પવિત્ર થયેલાં સ્થાનોમાં વાસ કરવો. સત્ય કર્મો કરવાં. વાણીથી સત્ય બોલવું. સત્યથી લેવડદેવડ કરવી અને અસત્ય વર્તનવાળાઓથી લાખો લાલચોની પૂર્તિ થાય તોપણ તે લાલચોને લાત મારી સત્યના સંગી થવું. અસત્ય પ્રવૃત્તિથી મેળવેલી લક્ષ્મી સ્થિર રહેતી નથી. અસત્ય બોલી કે અસત્ય વર્તી કોઈનાં દેશ, ભૂમિ, રાજ્ય, ધન વગેરે ન પડાવી લેવાં. અસત્ય ધર્મથી દૂર રહેવું. પ્રાણાંતે પણ સગા, મિત્ર, પુત્ર, મા-બાપની વતી જૂઠી સાક્ષી ન પૂરવી. સત્ય વર્તનથી વર્તતાં સ્વર્ગ અને મુક્તિ છે અને અસત્ય વર્તનથી નરક-ગતિ છે. સત્ય વિનાનાં શાસ્ત્રો તે શસ્ત્રો છે. અસત્યવાદીઓથી દેશ, સમાજ, સંઘ, રાજ્ય, કુટુંબ, ધર્મને પરિણામે અત્યંત હાનિ પહોંચે છે. સત્ય મનુષ્યની સેવાભક્તિ એ જ મારી સેવાભક્તિ છે. અનેક દૃષ્ટિઓથી સત્યની વ્યાખ્યા જાણવી.

જે સત્યથી આત્માની અને સંઘની ઉન્નતિ થાય છે તે સત્ય છે. જે સત્ય બોલવાથી લાખોના પ્રાણો જાય અને પરિણામે સ્વ, પર, સંઘ, રાજ્ય, પ્રજા વગેરેને કશો લાભ ન થાય તે પરિણામે અસત્ય છે. સત્ય એ જ મારું બાહ્યાંતર સ્વરૂપ છે. જે મને અનેક

સત્ય દૃષ્ટિઓથી અપેક્ષાએ જાણે છે તે સત્યને પામે છે. સત્ એ વાસ્તવિક સત્ય છે અને અસત્ એ વસ્તુતઃ અસત્ય છે. મારો ઉપદેશ સત્યથી ભરપૂર છે.

જે લોકો મારા પર શ્રદ્ધા ધારણ કરી શકતા નથી અને મનમાં પ્રગટેલા મોહની ઇચ્છા પ્રમાણે પ્રવર્તે છે તેઓ ભલે ઇન્દ્ર કે ચક્રવર્તીઓ હોય, તો પણ તેઓ પરતંત્ર, અશક્ત, નાદાન, ગુલામો છે. સત્ય વર્તનવાળાઓને પગલે પગલે અસંખ્ય યજ્ઞો અને તીર્થોનું ફળ છે. સત્ય વર્તનમાં સર્વ તીર્થયાત્રાના ફળનો સમાવેશ થાય છે. સત્ય વર્તન એ જ પવિત્ર જૈનધર્મ છે. અસંખ્ય વેદો વગેરે શાસ્ત્રોનો સત્ય વર્તનમાં સમાવેશ થાય છે. જેઓ સત્ય વદે છે અને સત્ય વર્તનથી પ્રવર્તે છે તેઓને લાખો શાસ્ત્રો વાંચવાની વા શ્રવણ કરવાની જરૂર રહેતી નથી. અનેક ધર્મક્રિયાનુષ્ઠાનો કરવાની પણ જરૂર રહેતી નથી. સર્વ પ્રકારના અધર્મ્ય સ્વાર્થોનો સત્યની વેદી પર હોમ કર્યા વિના કોઈ મનુષ્ય સત્ય વર્તનથી વર્તી શકતો નથી. સત્યથી મન તે જ સ્વર્ગ કે મુક્તિરૂપ બને છે.

સત્ય વિનાની સ્મૃતિ તે સ્મૃતિઓ નથી. સત્ય વિનાનાં શાસ્ત્રો તે શાસ્ત્રો નથી. સત્ય વિનાનાં રાજ્યો તે રાજ્યો નથી. સત્ય વિનાનો રાજા તે રાજા નથી. સત્ય વિનાનો બ્રાહ્મણ તે બ્રાહ્મણ નથી. સત્ય વિનાના આચાર તે આચાર નથી. અસત્ય માર્ગથી પાછા હઠી સત્યમાર્ગમાં ચાલનારા લોકોને મારી સહાયતા મળે છે. જેઓ મારામાં સર્વસ્વનું અર્પણ કરીને જીવે છે તે સર્વ પ્રકારના સત્યના સંગી છે. મારું રક્ષણ કરનારા અને મારા નામનો જાપ જપનારા એવા મારા પર રાગી લોકો સત્યધર્મનું પાલન કરે છે. મારા કહેલાં એવાં દયાદિ ગુણો, સત્યાદિ વ્રતો અને તત્ત્વોમાં સર્વ પ્રકારના સત્યનો સમાવેશ થાય છે. અસંખ્ય સત્ય વિચારો છે અને અસંખ્ય સત્ય નયની સાપેક્ષિક દૃષ્ટિઓ છે. મારા સ્વરૂપનો જ્ઞાતા મારા સત્યને જાણે છે. સત્યના અનેક ભેદો છે. અનેક દૃષ્ટિઓથી સત્ય

સમજી શકાય છે. લાખો વર્ષ સુધી સત્યની વ્યાખ્યા કરવામાં આવે, તોપણ પૂર્ણ સત્યનું કથન કરી શકાય નહીં. જેમ જેમ અજ્ઞાનનો નાશ થાય છે તેમ તેમ મનુષ્યો સત્યને સમજતા થાય છે અને સત્યને યથાશક્તિ પાળનારા થાય છે.

અસત્ય પ્રવૃત્તિથી અધર્મ થાય છે. અસત્યથી થયેલો જય તે ક્ષણસ્થાયી છે. અસત્યથી કોઈને છેતરવો તે હિંસા છે. ક્રોધ, માન, માયા, લોભ, કામ, ઈર્ષ્યા, ક્ષુધા વગેરેથી અસત્ય વર્તન ચલાવનાર પોતાનો ઘાત કરે છે અને અન્ય લોકોનો ઘાત કરે છે. અસત્ય શાસ્ત્રોને માનનારા અને અસત્ય કાર્ય કરનારા પોતે પાપના ખાડામાં પડે છે અને સ્વસંબંધીઓને પાપના ખાડામાં નાખે છે.

ઔપચારિક સત્ય અને સદ્‌ભૂત સત્યને જાણી યોગ્ય કાળે યોગ્ય સત્ય આદરવું. સત્યના સંગી થવું, પણ અસત્યના સંગી થવું નહીં. સત્યથી એક પગલું પણ પાછું ન હટવું. ઉત્સર્ગ અને અપવાદથી સત્ય બોલવું. સત્ય પણ અપેક્ષાએ અસત્ય છે અને અસત્ય પણ અપેક્ષાએ સત્ય છે. સત્યની અને અસત્યની અપેક્ષાઓ જાણવી. અન્ય જીવોનું અહિત ન થાય એવી રીતે વર્તવું. આત્માની સર્વથા સર્વદા પ્રગતિ થાય એવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વર્તવું તે સત્ય વર્તન છે. મન, વાણી, કાયાથી સત્ય પ્રવૃત્તિ કરવી તે સત્ય તપ છે. સત્ આત્મા છે અને અસત્ માયા છે—એમ આત્માપેક્ષાએ જાણી પરમસત્ય આત્મમહાવીરને ઓળખ અને પ્રાપ્ત કર.

સત્યના આધારે પૃથ્વી સ્થિર રહી છે. સત્યના પ્રતાપે વાયુ વાય છે, અગ્નિ ઊર્ધ્વ બળે છે. સત્યના પ્રતાપે સૂર્ય અને ચંદ્ર નિયમિત ગતિ કરે છે. સર્વ સત્યનો આધાર હું છું. મારાથી સત્યનો પ્રકાશ થાય છે. સત્યના પ્રતાપે વિશ્વમાં શાંતિ પ્રવર્તે છે. સત્યના પ્રતાપે ધર્મ સ્થિર રહે છે. સત્યથી જીવો જીવે છે અને

અસત્યથી મરે છે. મારી શ્રદ્ધાભક્તિવાળા ભક્તો સર્વથા સત્ય એવા મારા ધર્મથી સર્વશક્તિમંત બને છે. શ્રીમતી યશોદાદેવી! સત્યથી આત્મધર્મ આરાધ.

શૌચ-ધર્મ :

સત્ય સમાન વિશ્વમાં કોઈ સત્ય શૌચ નથી. દેહના શૌચ કરતાં મનનું શૌચ અનંતગુણ શ્રેષ્ઠ છે. મનના શૌચ કરતાં આત્મ-શૌચ અનંતગુણ શ્રેષ્ઠ છે.

જે મનમાં પાપ છે તે મન શૌચથી રહિત છે. દ્રવ્ય મળના ત્યાગથી શૌચપણું તો મત્સ્ય (માછલાં), કચ્છપ (કાચબો) વગેરે પણ પામી શકે છે, પણ સત્ય શૌચ તો ન્યાય વિના પ્રાપ્ત થઈ શકતું નથી. જેના મનમાં દ્રોહ, ઈર્ષ્યા, વૈર પ્રગટતું નથી તેનું મન પવિત્ર છે. કાગડો જેમ ચાંદાં દેખે છે તેમ જે પારકાના દોષોને દેખ્યા કરે છે અને બોલ્યા કરે છે તેઓ અપવિત્ર છે. શ્રી નેમિનાથ તીર્થંકરના વખતમાં શ્રીકૃષ્ણ વાસુદેવ થયા. તેમનામાં અન્ય લોકોનું સારું દેખવાની દૃષ્ટિ ખીલી હતી અને અન્ય લોકોના દોષો દેખવાની વૃત્તિ વિલય પામી હતી તેથી તે ક્ષાયિક સમ્યકત્વને પામ્યા હતા. શ્રીકૃષ્ણે સડેલા કૂતરાના ઉજ્જવલ દાંત વખાણ્યા હતા. તેથી કૃષ્ણ પર દેવતાઓ રાગી બન્યા હતા. શ્રીકૃષ્ણ વાસુદેવનો સાધુઓ પર ઘણો રાગ હતો. શ્રી નેમિનાથના તે પરમ ભક્ત હતા. તે અન્તરાત્મ પદને પામ્યા હતા. તે દ્રવ્યભાવથી પવિત્ર બન્યા હતા. તે પ્રમાણે અનેક ઋષિમુનિઓએ ગુણાનુરાગરૂપ શુચિભાવને ધાર્યો હતો.

પારકા દોષ દેખવામાં અને કહેવામાં તો આખી દુનિયાના લોકો મશગૂલ છે. તેમાંથી જે પારકી નિંદા કરતો નથી તે પરમ શુચિ છે. નિંદા સમાન કોઈ અન્ય મલિનતા નથી. દ્વેષબુદ્ધિથી પારકામાં ન હોય એવા દોષોનો આરોપ થાય છે અને પરની મોટાઈ સહન થતી નથી. પરના પર આળ દેવા સમાન કોઈ અશુચિ-ભાવ નથી. જેવાં અન્ય લોકો પર આળ ચઢાવવામાં આવે છે તેવાં

કર્મ પ્રતિબદલા તરીકે ભોગવવાં પડે છે. બીજાનું બૂરું કરતાં પોતાનું બૂરું થાય છે. માટે અન્ય લોકોનું અહિત ન કરવાથી શુચિભાવ પ્રાપ્ત થાય છે. દોષદૃષ્ટિ જ્યાં સુધી મનમાં વર્તે છે ત્યાં સુધી મન અશુચિવાળું છે. અન્ય મનુષ્યોના છતા કે અછતા દોષો જોવાથી અને કહેવાથી પરંપરાએ અનેક દુર્ગુણોની પ્રાપ્તિ થાય છે અને સ્વપરની અત્યંત હિંસા થાય છે.

ત્રણ ગુણવાળી પ્રકૃતિમાં ગુણ અને દોષો સર્વે અસત્ કલ્પનાથી છે. જ્યારે કોઈ પર દૃષ્ટિ નાખવી ત્યારે પ્રકૃતિના ગુણોને પ્રકૃતિરૂપે દેખવા અને આત્માને આત્મારૂપે દેખવો. એ પ્રમાણે દેખવાથી પ્રકૃતિના ત્રણ ગુણોના દોષોથી કોઈ આત્માની નીચતા દેખવાનો પ્રસંગ આવશે નહીં અને પોતાના સંબંધમાં આવનારાઓને શુદ્ધ થવાનો વખત મળશે. પોતાના સંબંધમાં આવનારાઓનો સદ્ગુણો તરફ પ્રેમ પ્રગટે અને નિંદા કરવાનું મન ન થાય એવી રીતે વર્તવું તે શુચિ ધર્મનું લક્ષણ છે.

દોષદૃષ્ટિ અને ગુણદૃષ્ટિ બન્ને સાથે હોય છે ત્યાં સુધી પડવાનો મહા ભય રહે છે. દોષદૃષ્ટિ અને ગુણદષ્ટિ બન્ને જો પ્રકૃતિભાવવિશિષ્ટ હોય છે તો તેથી આત્માને ત્રિગુણાતીત દેખવામાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. તે વિઘ્નો નાશ કરવાને ખરા અન્તઃકરણથી હરરોજ લોકોએ મારી પ્રાર્થના કરવી અને પ્રકૃતિથી ભિન્ન સર્વત્ર દેહોમાં રહેલા અનંત નૂર અને આનંદમય આત્માઓને દેખવાની ભાવના કરવી. એ પ્રમાણે વર્તવાથી અને ઉત્સાહ, ખંત, પુરુષાર્થથી સત્યાત્મમહાવીર આપોઆપ પોતે પોતાને મળે છે, અને અનંત દુઃખનો ક્ષણિક સ્વપ્નની પેઠે નાશ થાય છે. મનની મલિનતા ટળાવવા પ્રયત્ન કરવાથી અશુચિનો ત્યાગ થાય છે. મનનો મેલ ટળતાં મનોદ્રવ્ય ઉજ્જવલ શુકલ લેશ્યાના અધ્યવસાયથી, પરમ શુચિરૂપ બને છે અને તેથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને છેવટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

શ્રીમતી યશોદાદેવી ! મારા પર શ્રદ્ધા રાખવાથી અને મારી આજ્ઞા પ્રમાણે વર્તવાથી પરમ શૌચરૂપ જિનધર્મની પ્રાપ્તિ થાય છે. તેથી જૈનો સ્વયં જિનો, અર્હન્તો, જીવન્મુક્તો, વૈદેહીઓ તરીકે પ્રગટ થઈ વિશ્વનું કલ્યાણ કરે છે.

**અપરિગ્રહ–અકિંચન ધર્મ :**

જે આત્મરૂપ નથી તે આત્મદૃષ્ટિએ દેખતાં અસત છે. સુવર્ણ વગેરે અનેક પ્રકારના વિત્તમાં અસત્‌પણું છે. પરભવમાં જતાં મૃત્યુની સાથે જર અને જમીન જતાં નથી. આજીવિકાની દૃષ્ટિએ તેની જરૂર છે, પરંતુ તે વિના ચાલી શકે છે. ત્યાગીઓને ત્યાગમાર્ગમાં ધન છતાં ધનનો મોહ મહાવિઘ્નરૂપ છે. શરીરને અન્નવસ્ત્રની જરૂર પડે છે, પરંતુ ધનના પરિગ્રહ વિના ત્યાગમાર્ગમાં ચાલી શકે તેમ છે. પરિગ્રહ છતાં જેના મનમાં મમતા નથી અને ધનાદિક પરિગ્રહ જતાં જેના મનમાં તલભાર ક્ષણમાત્ર પણ શોક વેદાતો નથી તે સર્વ વિશ્વનો પરિગ્રહ કરે છે તોપણ અપરિગ્રહી છે

જેની પાસે જે પરિગ્રહ છે તે પોતાના માટે ન્યાયસર વાપરવા માટે છે અને અન્ય લોકોના દુઃખ નિવારણાર્થે વાપરવા રાખેલ છે. તે તો ફક્ત એક વહીવટ કરનાર રાજાના ભંડારી જેવો છે. જેને ધનાદિક પરિગ્રહ છોડતાં આંચકો આવતો નથી અને જે અન્ય લોકોને સહાય કરવામાં દાન કરે છે તેને મમતા નડતી નથી. શરીર ઉપર અને ઇન્દ્રિયો પર મૂર્છા-મમતા જેને નથી તે બાહ્ય પરિગ્રહી છતાં અપરિગ્રહી છે.

જે સંસારમાં ગૃહસ્થાવાસમાં રહે છે પણ મને પોતાનું સર્વસ્વાર્પણ કરીને રહે છે અને મારામાં મન રાખીને મારી તરફથી વહીવટ કરવાની પેઠે ભાવ રાખીને પ્રવર્તે છે તેને પરિગ્રહ વા અપરિગ્રહ જેવું કશું કંઈ હોતું નથી.

રત્નનો મેરુપર્વત જેટલો ઢગલો કરીને તે પર જેને બેસાડવામાં આવે તેને જો તે મૃત્તિકારૂપ ભાસે અને તેથી રાગ-મમતા-આનંદ ન થાય, તો તેને રાગ અને ત્યાગ એ બે મનના ધર્મ નષ્ટ થયેલા જાણવા. આત્મજ્ઞાનીઓ મનના રાગ અને ત્યાગથી ન્યારા હોય છે. તેથી તેઓ જ્ઞાનથી યોગ્ય લાગે તેમ પ્રવર્ત્યા કરે છે. આજીવિકાદિના સાધનોની મારા ગૃહસ્થ ત્યાગી ભક્તોને જરૂર છે, પણ તેમાં મૂંઝાતા નથી અને તેઓ સ્વાધિકારે પ્રવર્ત્યા કરે છે. મારા ગૃહસ્થ અને ત્યાગી ભક્તો મારો ઉદ્દેશ ધ્યાનમાં રાખી અસત્ એવા ધન, વાસ વગેરેમાં મૂંઝાયા વિના શુદ્ધ પ્રેમથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી યોગ્ય સ્વાધિકારે પ્રવર્તે એ જ તેઓને મારી આજ્ઞા છે. ગૃહસ્થો અને ત્યાગીઓ મૂંઝાયા વિના જેટલી પોતાની દશા હોય તે પ્રમાણમાં યથાભાવ અને યથાશક્તિથી સ્વતંત્રપણે વર્તે છે અને ભવિષ્યમાં વર્તશે તેમાં મારી આજ્ઞા અને શ્રદ્ધા-પ્રીતિ છે એમ જાણ.

જ્ઞાન વડે મુનિપણું હોય છે, પણ આત્મજ્ઞાન વિના જંગલમાં વાસ કરવાથી કે નગ્ન રહેવાથી ત્યાગીપણું પ્રાપ્ત થઈ શકતું નથી. ધ્યાનમાં રહેવા માટે તથા વિશ્વના લોકોને પ્રતિબોધવા માટે અપ્રતિબદ્ધ થઈ ફરવું તે જ્ઞાનીઓનો ત્યાગ છે. અને તે આપેક્ષિક ત્યાગ છે. આત્મજ્ઞાનીઓને રાગ અને ત્યાગ બન્ને નથી, પરંતુ અન્ય લોકો જ્ઞાનીઓની બાહરની અપ્રતિબંધદશા દેખીને તેમાં ત્યાગભાવના કલ્પે છે. તે વિશ્વના લોકોને જે અંશે ઉપયોગી થાય છે તે અંશે તે સાર્થક છે. આત્મામાં રાગ અને ત્યાગ બન્ને વસ્તુતઃ નિશ્ચયદૃષ્ટિથી નથી. તેથી બન્નેથી આત્માને ન્યારો અનુભવવો અને બન્નેમાંથી—આસક્તિ અને અહંવૃત્તિને ઉઠાવી લેવી. સાધ્યદૃષ્ટિએ અનાસક્તિએ અપરિગ્રહદૃષ્ટિએ વર્તવું એ જ મારા ભક્ત ગૃહસ્થોને ઉપદેશ છે, એમ શ્રીમતી યશોદા મહાદેવી ! જાણ.

જ્યાં જ્ઞાન છે ત્યાં સહેજે મોહનો ત્યાગ છે. મોહનો ત્યાગ એ જ વાસ્તવિક ત્યાગ છે. બાહ્ય ત્યાગ અને મનઃત્યાગના અસંખ્ય ભેદ છે અને બાહ્યોપાધિના ત્યાગના તેમ જ મનોવૃત્તિમાં રહેલા મોહના ત્યાગના તરતમયોગે અસંખ્ય પ્રકારના ત્યાગીઓ છે.

શુભાર્થે પરિગ્રહ કરવો અને શુભ માર્ગમાં વાપરવો તે શુભ પરિગ્રહ છે. પાપથી પરિગ્રહ કરવો તે પાપપરિગ્રહ છે અને પાપ-માર્ગે વાપરવો તે અશુભ પાપ પરિગ્રહ છે. કુટુંબાદિક માટે દેશ, રાજ્ય, ભૂમિ, વ્યાપાર, ધન, અન્નાદિકના સંગ્રહની ઉપયોગિતા છે, પણ તેમાં આસક્તિ ન રાખવી અને તેનો પોતાના માટે તથા અન્ય લોકો માટે દુરુપયોગ ન કરવો.

દુનિયામાં જે કર્યા વિના ચાલતું નથી તે કરવું પડે છે, પરંતુ તેમાં નિરાસક્તિએ વર્તવું. બાહ્ય ત્યાગ તથા આંતર ત્યાગ જો બલાત્કારથી, હઠથી, આત્મરુચિ વિના થાય છે તો તેથી પતિત થવાનું થાય છે. માટે આમ્રફલ જેમ પાકીને હેઠે પડે છે તેમ જ્ઞાનથી મન પાકયાથી સ્વયમેવ સત્ય ત્યાગ પ્રગટે છે.

અપ્રશસ્ય ત્યાગ કરતાં પ્રશસ્ય ત્યાગ અનંતગુણ શ્રેષ્ઠ છે. અપ્રશસ્ય પરિગ્રહ કરતાં પ્રશસ્ય પરિગ્રહ અનંતગુણ શ્રેષ્ઠ છે. પરિ-ગ્રહમાં અપરિગ્રહબુદ્ધિ થતાં પરિગ્રહ રહેતો નથી. ધર્મી, જ્ઞાની, ભક્તો પરિગ્રહનો સદુપયોગ કરે છે, માટે તેઓની પાસે પરિગ્રહ સારા માટે છે. અજ્ઞાની, અધર્મી, હિંસક, અભક્ત, દુષ્ટ, પાપીઓની પાસે જે પરિગ્રહ છે તે બૂરા પાપકાર્ય માટે થાય છે. માટે તેઓની પાસે પરિગ્રહ બૂરો છે. જેને પરિગ્રહથી મોહ, કામ, ક્રોધાદિ કષાયો પ્રગટતા નથી તેને પરિગ્રહ નડતો નથી અને તે પરિગ્રહથી દેશ, સંઘ, રાજ્ય, કુટુંબ, વર્ણનું શ્રેય સાધી શકે છે.

જેને વિત્તાદિક પર અત્યંત રાગ છે તે મારો રાગી થઈ શકતો નથી. જે વિત્તાદિકને ન્યાય અને પ્રામાણિકતાથી સંગ્રહે છે

અને વિત્તાદિકને ક્ષણિક સમજે છે તે મારા પર—આત્મા પર પ્રેમ અને શ્રદ્ધા ધારણ કરી શકે છે. વિત્તાદિક પર સ્વપ્નમાં પણ રાગ ન થાય ત્યારે ત્યાગમાર્ગમાં સિદ્ધપણું પ્રાપ્ત થાય છે.

પરિગ્રહની વસ્તુતઃ અસારતા છે. પરિગ્રહ માટે મોહી મનુષ્યો મરી જાય છે, પરંતુ ધનાદિક પરિગ્રહ તો મોહી મનુષ્યો માટે મરતો નથી અને તેઓના સાથે જતો નથી. પરિગ્રહની મમતાએ જીવો એકબીજાનાં ખૂન કરે છે અને માતાપિતાદિકના પણ વૈરી બને છે. શ્રીકૃષ્ણ વાસુદેવે પાંડવો અને કૌરવોનું સમાધાન કરવા માટે દુર્યોધનને છેવટે પાંચ ગામ આપવા સમજાવ્યો, પરંતુ દુર્યોધને રાજ્યપરિગ્રહની મમતાથી કૃષ્ણ અને વાસુદેવનું કહ્યું માન્યું નહીં. તેથી પાંડવો અને કૌરવોનું મહાયુદ્ધ થયું. તેમાં કૌરવોનો ક્ષય થયો. પરિગ્રહની મમતાથી જીવો અન્યાયો, જુલમો, ખૂનો, યુદ્ધો અને દ્રોહ કરી પાપકર્મથી ભારે થાય છે. લોકો પરિગ્રહવૃદ્ધિની મમતાથી અનેક પાપસ્થાનકોને સેવે છે અને બ્રહ્મહત્યાદિ પાપો કરવાથી અત્યંત પાપનો બંધ કરી દુર્ગતિમાં જાય છે. ભરત રાજા અને બાહુબલિનું દેશપરિગ્રહ માટે—રાજ્યપરિગ્રહ માટે યુદ્ધ થયું. શ્રી ઋષભદેવ પ્રભુના અઠ્ઠાણુ પુત્રોનું ભરત રાજાએ રાજ્યગ્રહણ કર્યું. એ અઠ્ઠાણુ પુત્રો શ્રી ઋષભદેવ પ્રભુ પાસે ફરિયાદ કરવા ગયા અને પ્રભુના ઉપદેશથી ત્યાગી બન્યા. મૈથુનસંજ્ઞા પરિગ્રહ-મોહ અને ધનસંજ્ઞા પરિગ્રહ મોહથી જીવો અધર્મ્ય અને અન્યાય પાપમાર્ગમાં પ્રવૃત્તિ કરી ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે.

ધનના મોહથી દુનિયામાં સર્વ જાતનાં પાપો થાય છે. એવું એકે પાપ નથી કે જે ધનના મોહથી ન થાય. અવિવેક અને અન્યાયથી લક્ષ્મી ભેગી કરવા કરતાં મૃત્યુને શરણ થવું ઘણું સારું છે. મોહ સમાન કોઈ દુશ્મન નથી. મનમાં મોહ પ્રગટયાની સાથે અનેક દુર્ગુણરૂપ શત્રુઓ મનમાં પ્રવેશ કરે છે. કોઈના પર જુલમ કરીને, ચોરી કરીને, વિશ્વાસઘાત કરીને યા અન્ય બીજી રીતે

અનીતિ કરીને પરિગ્રહસંચય કરવો એ મારાથી લાખો કરોડો યોજન દૂર જવા બરોબર છે. અન્યાય, જુલ્મ, અનીતિ, દુષ્ટ સત્તાબળથી અન્ય લોકોનું ધન પડાવી લેનારાઓને યથાયોગ્ય શિક્ષા કરવામાં ત્યાગધર્મ છે, કારણ કે તેવા જુલ્મી ઘાતકીઓની સામે થવામાં દેહનો પણ પરમાર્થ માટે ત્યાગ કરવામાં આવે છે. દુષ્ટ સ્વાર્થબુદ્ધિના ત્યાગથી ત્યાગમાર્ગમાં પ્રવેશાય છે. અનેક દુષ્ટ અપરિમિત લાલચોના વશમાં થવાથી લોકો અધર્મી અને પાપી બને છે અને દુષ્ટ અપરિમિત અધર્મ્ય ઇચ્છાઓના નાશથી ત્યાગી સંયમી બને છે. પરિગ્રહ અર્થાત્ મમતાની બુદ્ધિ વિના અને અયોગ્ય ધનસંગ્રહની બુદ્ધિ વિના ધનાદિ છતાં આંતરત્યાગની પ્રાપ્તિ થાય.

ત્યાગમાર્ગ :

ત્યાગમાર્ગનો અપરિગ્રહોપદેશ ગૃહસ્થો માટે નથી. કેટલાક ગૃહસ્થો પરિગ્રહપરિમાણવ્રત ધારણ કરી શકે છે અને કેટલાક મારી શ્રદ્ધા, પ્રીતિ, ભક્તિવાળા હોવા છતાં પરિગ્રહપરિમાણવ્રતને ધારણ કરી શકતા નથી.

ગૃહસ્થ જૈનો વ્રતની અપેક્ષાએ વ્યવહારથી પાંચ અણુવ્રત ધારણ કરી શકે છે. સાગરના એક બિંદુ સમાન અણુવ્રત છે તથા ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત પણ એક અણુ જેટલાં તેઓ પાળી શકે છે, છતાં આંતરભાવભક્તિથી ગૃહસ્થાવાસમાં પણ મુક્તિની પ્રાપ્તિ કરી શકે છે.

ગૃહસ્થાવાસમાં અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ત્યાગદશામાં નિવૃત્તિ વિશેષ મળે છે. ત્યાગીઓ અધ્યવસાય, આચાર અને વેષના ભેદે અનેક પ્રકારના હોય છે. મારી પ્રાપ્તિ માટે ત્યાગનો મુખ્ય ઉદ્દેશ છે. મારા નામનો જપયજ્ઞ કરનારા અને મારાં ધ્યાન, જ્ઞાન, ઉપાસના, ભક્તિ કરનારા જે જે અંશે અસદ્વિચાર અને અસત્પ્રવૃત્તિનો ત્યાગ કરે છે, વિશ્વના જીવોના શ્રેય માટે મન, વાણી,

કાયાનો જે જે અંશે ભોગ આપે છે તથા સત્તા, લક્ષ્મી, બળનો જે જે અંશે ભોગ આપે છે તે તે અંશે ત્યાગી છે.

ગુણો વિના વેષ કે આચારમાત્રથી સત્યત્યાગની પ્રાપ્તિ થતી નથી. જે જે અંશે ઉપાધિ ન વેદાય અને આત્માના જ્ઞાનાનંદની પ્રાપ્તિમાં ઊભી થનારી અડચણોને દૂર કરાય તે તે અંશે ત્યાગ છે. પોતાના આત્માના પ્રકાશ માટે અને અન્ય લોકોની આત્મિકોન્નતિ અર્થે જે જે આત્મભોગ આપવામાં આવે તે ત્યાગ છે. દુર્ગુણોનો ત્યાગ તે ત્યાગ છે. આત્મા વિના અન્ય જડ વસ્તુઓમાં ઉપયોગથી ખપ પ્રમાણે નિરાસક્તિએ વર્તવું તે ત્યાગ છે. અપકૃત્ય કર્મનો ત્યાગ તે ત્યાગ છે. દોષદૃષ્ટિ અને નિંદાનો ત્યાગ તે ત્યાગ છે. અસદ્ધર્મનો ત્યાગ તે ત્યાગ છે. શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ તે ત્યાગ છે. જે કાળે, જે ક્ષેત્રે મારા સંઘાદિક માટે જે જે વસ્તુઓનો ત્યાગ કરવો પડે તે ત્યાગ છે. હાનિકારક દુષ્ટ રૂઢિબંધનોનો ત્યાગ તે ત્યાગ છે. સર્વ પ્રકારનાં સંબંધમાં આત્મસાક્ષીએ નિર્લેપપણે વર્તવું તે ત્યાગ છે. અશુભભાવનો ત્યાગ તે ત્યાગ છે. મારામાં સર્વસ્વાર્પણભાવ કરીને વર્તવું તેના જેવો અન્ય કોઈ મહાત્યાગ નથી.

જેઓ જીવવું, મરવું આદિ સર્વ ભાવોને મારામાં આરોપીને મારા અનન્ય ભક્ત બને છે તે ગૃહસ્થો અને ત્યાગીઓ મારા જેવા મહાપ્રભુ બને છે તથા છેવટે તેઓ મારાથી અભેદભાવને પામે છે. લોકો જે જે સાંસારિક કામનાઓની સિદ્ધિ માટે મને ભજે છે તે તે લોકોની તે તે કામનાઓ સફળ થાય છે. સકામભાવનું મને આરોપિત સ્વાર્પણ કરીને મને જેઓ ભજે છે તેઓ તેઓના સ્વાધિકારે સર્વ કર્મો કરવા છતાં આંતરત્યાગને પામે છે. મારી સેવા–ભક્તિ–ઉપાસનામાં ત્યાગધર્મ પ્રગટતો જાય છે. મારા ઉપદેશેલા ધર્મનો પ્રચાર કરવામાં ગૃહસ્થાવાસનો ત્યાગ કરનારા ભક્તો અનંતગણું કાર્ય કરી શકે છે અને તેથી ગમે તેવા દોષોનો

પણ છેવટે ત્યાગ કરવામાં મારી સહાયતાને પામે છે. મારા કહ્યા પ્રમાણે સ્વાધિકારે વર્તવામાં જેઓ ખરા ભાવથી પ્રવર્તે છે અને અન્યોને સ્વાધિકારે પ્રવર્તાવે છે તેઓ ઘણો ત્યાગ કરી શકે છે. મારો જૈનધર્મ ફેલાવવામાં સર્વ પ્રકારે પ્રવર્તતાં ત્યાગ જ છે. સર્વ જીવોના ભલા માટે મારું જ્ઞાન વિશ્વમાં ફેલાવવા જે જે કાળે, ક્ષેત્રે અને જે જે રીતિએ પ્રવર્તવું તે ત્યાગ છે. સંકુચિત અને હાનિકર વિચારોમાંથી વિશાળ, ઉત્તમ, ઉજ્જવલ વિચારોથી અને સદાચારોથી પ્રવર્તવું તે મહાત્યાગ છે. કષાયપરિણુતિનો ત્યાગ તે ત્યાગ છે. દુષ્ટ નાસ્તિકની સંગતિનો ત્યાગ તે બાળ જીવો માટે ત્યાગ છે. અશુદ્ધ ભાવનો ત્યાગ તે સત્ય ત્યાગ છે.

એ પ્રમાણે શ્રીમતી યશોદા મહાદેવી ! ત્યાગનું સ્વરૂપ જાણ.

ગૃહસ્થોને વેષ-ક્રિયારૂપ બાહ્ય ત્યાગમાં પંચ મહાવ્રતરૂપ ત્યાગનો અધિકાર નથી. ગૃહસ્થોને ભક્તિ-ઉપાસનાનો તથા કર્મયોગનો અધિકાર છે. તેથી વિપરીતપણે વર્તતાં ગૃહસ્થો દેશ, રાજ્ય, પ્રજા, સંઘ, ધર્મ, લક્ષ્મી, સત્તા, બળથી હીન થઈ, અધર્મી કે અન્યધર્મી સંઘોના બળ તળે કચરાઈ જઈ પરંપરાએ અંતે ગુલામી, સત્ત્વહીનતા, ધર્મહીનતા, વર્ણસંકરતા અને નાસ્તિકતાને પામે છે.

ત્યાગ અને સંયમશક્તિવિશિષ્ટ ત્યાગીઓ દેશ, સંઘ, રાજ્ય, ભૂમિ, ન્યાય અને ધર્મનું રક્ષણ કરે છે અને ધર્મને પરંપરાએ ટકાવી રાખે છે. તેઓ ધર્મ્યમાર્ગથી આજીવિકાદિમાં સ્વતંત્રપણે વર્તે છે. તેથી તેઓ સ્વતંત્ર જીવન ગાળી શકે છે. ત્યાગીઓ તમોગુણી, રજોગુણી અને સાત્ત્વિકગુણી વૃત્તિ-પ્રવૃત્તિવાળા હોય છે તેથી તેઓનું જ્ઞાન પણ ત્રણ ગુણવાળી વૃત્તિના પરિણામવાળું હોય છે. ગૃહસ્થો [illegible] ગુણવાળા [illegible] નથી [illegible] નથી તેમાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ [illegible] સદા રહેવાની. [illegible] ત્યાગીઓ પણ [illegible] પ્રકૃતિ કે ગુણાતીત થયા નથી અને થનાર નથી. તેમાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ રહેવાની.

ત્યાગીઓ જિનકલ્પ, સ્થવિરકલ્પ આદિ અનેક કલ્પ, આચાર, વિચાર, વેષાદિકથી અનેક પ્રકારના હોય છે. કેટલાક જ્ઞાનીઓ, કેટલાક યોગીઓ, કેટલાક ધ્યાનીઓ, કેટલાક ભક્તિમંતો કેટલાક ઉપકાર કરનારાઓ, કેટલાક સેવા અને વૈયાવૃત્ય કરનારાઓ, કેટલાક દેશોદેશ વિચરનારાઓ, કેટલાક મુખ્યતાએ તપસ્વીઓ, કેટલાક ઉપાસના કરનારાઓ વગેરે અનેક પ્રકારના હોય છે. તેઓ મારી શ્રદ્ધા, પ્રેમ અને જ્ઞાનથી મુક્ત થાય છે, પરંતુ વેષ, ક્રિયા કે આચારના ભેદથી અગર વિરોધી મતાગ્રહથી કંઈ એકબીજાથી ભેદી, અહંકારી બની મુક્ત શુદ્ધ થતા નથી અને એકબીજાને ધિક્કારી, દોષિત ગણી માન, પૂજા, કીર્તિ, સ્વાર્થથી ખરા ત્યાગી બનતા નથી. વેષ-ક્રિયાથી મુક્તિ નથી, પરંતુ જ્ઞાન, શ્રદ્ધા, પ્રેમ અને સ્વાધિકારે કર્તવ્ય અને સ્વપરને ઉપયોગી કાર્યો કરવાથી મુક્તિ છે. નહીં સમજાય એવી પ્રાર્થનાઓવાળાં કાવ્યો ગાવાથી મુક્તિ થતી નથી અને જેનું તાત્પર્ય નહીં સમજાય અને જેમાં રસ ન પડે એવી ક્રિયા કરવાથી આત્મશુદ્ધિ થતી નથી. સમજ્યા વિના વેષ પહેરવાથી યા ક્રિયાકાંડમાં પ્રવૃત્ત થવાથી આત્મશુદ્ધિ થતી નથી અને કામાદિ વાસનાઓનો નાશ થતો નથી.

આત્મજ્ઞાન અને ભક્તિ પામ્યા વિના લોકો શક્તિ, બુદ્ધિ, બળ, સત્તા, લક્ષ્મી, રાજ્ય, દેશ કે સંઘની વ્યવસ્થાનો દુરુપયોગ કરે છે. સત્ય ત્યાગી એવા જ્ઞાનીઓ સર્વ શક્તિઓનો સદુપયોગ કરે છે. જ્ઞાનીઓના હાથમાં સત્તાબળ જોઈએ, પરંતુ અજ્ઞાનીના હાથમાં સત્તાબળ ન જોઈએ. સર્વ પ્રકારના ત્યાગીઓ મારું સ્વરૂપ જલદી પામે છે. તેઓ વિશ્વમાં અનંતગુણ ઉપકાર કરે છે. સર્વ પ્રકારના ધનરહિત અને મૈથુનસંજ્ઞાવિરહિત એવા ત્યાગીઓ અલ્પકાળમાં શુદ્ધાત્મમહાવીરને પામે છે. જે લોકો સર્વ પ્રકારની મોહવાસનાથી રહિત થઈ એકસરખા એકવીસ દિવસ મારું સ્વરૂપ ચિંતવે છે તેઓ અવશ્ય મારા સ્વરૂપનો અનુભવ કર્યા વિના અને મારા ભાવને પામ્યા વિના રહેતા નથી. તેઓ મારા શુદ્ધ સ્વરૂપના

ભાવનો સાક્ષાત્કાર કરે છે. તેઓ સર્વ વિશ્વમાં શુદ્ધાત્મમહાવીર-ભાવના સત્યાનંદથી ઊભરાઈ જાય છે.

શ્રીમતી યશોદાદેવી ! જે લોકો તારી આગળ હું જે કથું છું તે પ્રમાણે મારા સ્વરૂપમાં મન રાખશે તેની મારા કહ્યા પ્રમાણે ભાવદશા જરૂર થશે. જે લોકો પૂર્વભવના સંસ્કારીઓ છે તેઓને ત્રણ દિવસમાં આત્માનુભવ આવશે તથા જેઓ મારા પૂર્વજન્માવતારોના સ્નેહીઓ છે તેઓને એક રાત્રિદિવસમાં મારો ભાવ પ્રગટ થશે. કેટલાકોને મને દેખતાં આત્મભાવ કે પ્રભુમય જીવનભાવ પ્રગટે છે અને પ્રગટશે. કેટલાક લોકોને પૂર્વભવના સંસ્કારથી મારી વાણી સાંભળતાં જ ત્યાગભાવ અને ત્યાગપ્રવૃત્તિ પ્રગટશે. કેટલાક મારી સાથે વિશ્વોદ્ધાર કરવા સ્વર્ગમાંથી અહીં પુરુષ કે સ્ત્રી તરીકે જન્મ્યા છે. તેઓ મારી સાથે ધર્મોદ્ધારની પ્રવૃત્તિમાં જોડાશે.

દેવભૂમિ ભારતમાં હાલ મારી સાથે અનેક ભક્તોએ જન્મ લીધો છે. તેઓ મારી આજ્ઞા થતાં જ મારી સાથે ધર્મોદ્ધારના કાર્યમાં જોડાશે. જળ વિનાની માછલી જેમ તરફડે છે તેમ વિશ્વના લોકો મારી સહાય માટે તરફડે છે. યજ્ઞાદિ હિંસામાં માર્યા જતાં પશુઓ અને પંખીઓ મારી સહાય માટે તરફડે છે. ઘણાંઓને મેં સહાય આપી શાંત કર્યા છે મેં ત્યાગ અંગીકાર કરી ભારતાદિ દેશોમાં દયા, સત્ય, પ્રેમ, શ્રદ્ધાદિ સદ્ગુણોની જ્યોતિનો પ્રકાશ કરીશ. કેટલાક દેવ તરીકે ગણાતા તમોગુણી, રજોગુણી અને સત્ત્વગુણી દેવો જે જે કાર્યો કરે છે તે સર્વે મારા કાર્યની આગળ પશુબળ સમાન છે. આત્માના બળ વિના દેહ કે પ્રકૃતિબળથી થયેલાં કાર્યોમાં પશુબળની મુખ્યતા રહેલી છે.

રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણની પેલી પાર શુદ્ધ પરબ્રહ્મમહાવીરરૂપ હું છું અને સર્વ જીવોને પરબ્રહ્મમહાવીરસત્તા-શક્તિની પ્રાપ્તિ કરાવવા માટે મારો અવતાર તીર્થંકરરૂપે છે. વાસુદેવો, બળદેવો, રામો, વીરો, યક્ષો, યોગિનીઓ, સોળ મહાદેવીઓ,

રુદ્રો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો અને દેવીઓ, નરનારાયણ અને સનકાદિક ઋષિઓ, સર્વ વેદો વગેરે સર્વ વિશ્વ મારી સ્તુતિ–ભક્તિ કર્યા કરે છે. મારી બ્રહ્મસત્તામાં સર્વ ગ્રહો, દેવો, દેવીઓ, મનુષ્યો તેમ જ અન્ય જીવ વગેરેની સત્તાનો લય થઈ સમાવેશ થાય છે. મારી સત્તાથી વિશ્વના સર્વ ચેતનોની ચૈતન્યસત્તા જુદી નથી, એકરૂપ છે. તેથી સત્તાસ્વરૂપે સર્વ વિશ્વમાં હું એક છું. મારી આગળ સર્વ લોકો એક અણુ સમાન છે એટલી મારી શક્તિ છે. મારા અનંત સ્વરૂપનો કોઈ પાર પામી શકતું નથી. ચંદ્ર અને સૂર્ય વગેરે મારી સ્તુતિ ગાયા કરે છે અને મારી આજ્ઞા પ્રમાણે વર્ત્યા કરે છે. મનુષ્યદેહમાં રહેલ એવા મને પરબ્રહ્મ પરમેશ્વર મહાવીરરૂપે જાણી ઇન્દ્રો વગેરે સર્વ દેવો મારી સેવામાં હાજર રહે છે.

ધર્મનો સર્વ વિશ્વમાં પ્રાદુર્ભાવ કરવા માટે અહિંસા અને સત્યથી હું વિશ્વોદ્ધાર કરું છું અને કરીશ. આત્માનું અનંત બળ છે. આત્માની આગળ કોઈ મહાન નથી. ઇન્દ્રિયો, દેહ, મન વગેરેનો હલન, ચલન, મનનાદિ વ્યાપાર આત્માથી પ્રવર્તે છે. કર્મપ્રકૃતિના સંયોગસંબંધવિશિષ્ટ એવાં બહિરાત્મ દેવો, દેવીઓ, મનુષ્યો તથા અંતરાત્મ દેવો, દેવીઓ, મનુષ્યો વગેરે સર્વે અનંત આત્માઓનો હું ઉપરી પરમાત્મા પરબ્રહ્મ મહાવીરદેવ છું. તેઓની પ્રગતિ કરનાર, પાલન કરનાર હું છું. તેઓ સર્વે મારી સત્તાનું અને તીર્થંકરાવતારરૂપ વ્યક્તિનું ધ્યાન ધરનારા મારા ભક્તો છે, એમ અવબોધ. દેવો, દેવીઓ અને માનવો મારી સત્તાની સાથે અભેદભાવે—એકરૂપે પોતાને અનુભવીને મારી સાથે શુદ્ધાત્મભાવે યોગ કરે છે તથા મારા દેહરૂપ સાકાર વ્યક્તિની સાથે શુદ્ધ પ્રેમજ્ઞાનથી જોડાય છે અને નામરૂપની અહંતાને ભૂલી આત્મસત્તામાં રહેલ શુદ્ધાત્મમહાવીરશક્તિઓને પ્રગટાવે છે, ત્યારે તેઓ સત્ય ભક્તો અને ત્યાગીઓ બની સર્વ લોકોનું શ્રેય કરવા મન, વાણી, કાયાનો સત્ય ઉપયોગી એવો ઉપયોગ કરી શકે છે. જે લોકો મને

મનમાં ઉતારે છે તેઓ ભક્ત બને છે. પછીથી તેઓ મન, વાણી, કાયાથી જે કંઈ કરે છે તે ધર્માર્થે થાય છે. તેઓ અલ્પદોષ અને બહુ ધર્મલાભ થાય એવી રીતે સર્વ કર્મો વિવેકથી કરવાને શક્તિમંત થાય છે. માટે મારામાં એક ચિદાનંદરસસ્વરૂપે પરિણમેલા લોકો સર્વત્ર સર્વદા સર્વ બાબતોમાં વાસ્તવિક ત્યાગથી સર્વ કર્મ કરવા છતાં આત્માને પરમાત્મભાવે અનુભવે છે.

મન ઉપર સંયમ નથી તેઓ પરતંત્ર અને બદ્ધ છે. જે લોકો અરસપરસ ક્લેશ, ટંટા, વૈર કરે છે અને કર્મપ્રકૃતિની અહંતા કે કર્તાબુદ્ધિનો પોતાનામાં આરોપ કરી અહંકારથી વર્તે છે, તેઓ વિશ્વમાં કર્તવ્યકર્મો કરવાને લાયક થતા નથી. તેઓ ઘણા દોષો સેવે છે, ઘણી હાનિ કરે છે અને અલ્પ ધર્મલાભ મેળવે છે. જેઓ ઘરમાં ક્લેશ, કુસંપ, ફૂટફાટ કરે છે તેઓ ઘરની પડતી કરે છે. જેઓ મારો જાપ કરે છે પણ મારા કહ્યા પ્રમાણે સ્વાધિકારે પ્રવર્તતા નથી તેઓ આગળ વધી શકતા નથી. જેઓ મારા પર શ્રદ્ધા અને પ્રેમ રાખતા નથી અને મારું નામ દેતા નથી અને મારા ભક્તોને નાસ્તિકતામાં દોરે છે તેઓ વર્તમાનમાં પડતીનાં બીજો વાવીને ભવિષ્યમાં અનેક આવરણોથી ઢંકાય છે. તેથી તેઓ શરીરમાં રહેલ એવા આત્મમહાવીરની કૃપાને પાત્ર બની શકતા નથી.

જેઓ મને જેવી જેવી મનોવૃત્તિથી આરાધે છે, પૂજે છે, તેઓ તેવા બને છે. ત્યાગી એવા મારા સંતોના આશીર્વાદો એ જ મારા આશીર્વાદો છે. જેઓ પોતાનું પેટ ભરે છે અને આંખે દેખાતા ભૂખ્યા ટળવળતા લોકો માટે મનમાં કંઈ દયા લાવતા નથી અને શક્તિ છતાં તેમને કંઈ આપતા નથી, તેઓ મારી પ્રાર્થના કરીને વધારે લક્ષ્મી શું વિચાર કરીને માગે છે? જેઓ ધન, સત્તા, બળનો સ્વ-પરાર્થે સદુપયોગ કરે છે તેઓ મારી તરફ ગમન કરે છે. આત્માથી પરાર્થી યોજન દૂર રહેલા એવા લોકો જ્યારથી મારા પર શ્રદ્ધા અને પ્રીતિ ધારવા માંડે છે ત્યારથી શુદ્ધાત્મમહાવીર એવા

મારી સન્મુખ સર્વ પ્રકારે, સર્વ દિશાઓથી, બાહ્યથી તથા અંતરથી આવતા જાય છે. મારા માટે જેઓ અનેક પ્રકારનાં દુઃખો સહે છે તેઓને અવશ્ય તેનું ફળ મળે છે. લોકો મારી તરફ વળીને પછી પાછા ફરવા છતાં પણ છેવટે મારી તરફ જ વળ્યા કરે છે.

શ્રી કૃષ્ણે તથા શ્રી રામે મારી પરબ્રહ્મસત્તાનું ધ્યાન ધરી અન્તરાત્મપદ પ્રાપ્ત કર્યું હતું અને તેઓએ જૈનધર્મનો પ્રચાર કર્યો હતો. શ્રી રામે મારી પરબ્રહ્મસત્તાનું ધ્યાન ધર્યું હતું અને બ્રહ્મસત્તારૂપ મહાવીર પ્રભુમાં એક ચિદાનંદરસ્વરૂપે પરિણમ્યા હતા. તેથી તે પરબ્રહ્મ વ્યક્તિરૂપ બન્યા હતા. એમ પૂર્વે અનંત ઋષિ-મુનિઓ મારી સત્તાનું ધ્યાન ધરી મુક્ત અને સિદ્ધ થયા છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે એમ નિશ્ચય જાણ.

પુદ્ગલ સાકાર દ્રવ્ય છે. તેના પર્યાયોનાં સર્વ શરીરો બને છે. અનંત જીવોએ અનંતી વાર અનંત પુદ્ગલપર્યાયોને અનેક અનંત શરીરરૂપે પરિણમાવ્યા. માટીમાંથી અનેક પર્યાય પદાર્થો બનાવેલા. તે પાછા માટીમાં મળી જાય છે, તેમ પુદ્ગલ દ્રવ્યમાંથી પર્યાયરૂપે ઊઠેલાં સર્વ શરીરો, દ્રવ્યેન્દ્રિયો, દ્રવ્ય મન વગેરે સ્થૂળ કે સૂક્ષ્મ સાકાર પદાર્થો પુનઃ પુનઃ ઉત્પાદ અને વ્યય પામીને પુદ્ગલ દ્રવ્યમાં શમી જાય છે. પુદ્ગલ દ્રવ્યના પર્યાયોને વસ્તુતઃ પુદ્ગલ દ્રવ્ય ઉપાદાનપણે બનાવે છે અને વિણસાવે છે અને મૂળ દ્રવ્યરૂપે નિત્ય રહે છે. ઔપચારિક નયદૃષ્ટિએ શરીરાદિ અને કર્મ વગેરે પુદ્ગલ પર્યાયોનો કર્તાહર્તા આત્મા છે. શરીર ભાવ કર્મપ્રકૃતિના ઉપચારે આત્મા પિંડસૃષ્ટિનો કર્તાહર્તા છે. સર્વાત્મસંઘરૂપ વૈરાટ આત્મા અપેક્ષાએ સર્વ વિશ્વનો કર્તાહર્તા છે. પુદ્ગલની લીલાસૃષ્ટિ પુદ્ગલમાં વિશ્રામ પામે છે. તેનો વસ્તુતઃ આત્મા સંબંધી નથી અને તેથી તેનો કર્તાહર્તા વસ્તુતઃ આત્મમહાવીર નથી. તેથી આત્માની અપેક્ષાએ સ્થૂળ-સૂક્ષ્મ પુદ્ગલવિશ્વ અસત્ છે. આત્માની અપેક્ષાએ અસત્ જડ વિશ્વથી આત્મારૂપ ભાવ થતો નથી અને આત્માની

અપેક્ષાએ આત્મા ભાવરૂપ છે. તેનાથી પુદ્ગલદ્રવ્ય અપેક્ષાએ અસત્ છે. તેનો ઉત્પાદ થતો નથી. આત્માની અસ્તિતાએ સર્વ વિશ્વનું અસ્તિત્વ જણાય છે. આત્મા ન હોય તો જડ પદાર્થોનું છતાપણું જણાતું નથી. માટે આત્મા સર્વ વિશ્વમાં શ્રેષ્ઠ કર્તા, હર્તા તથા અકર્તા છે.

કાચમાં પ્રતિબિંબિત થયેલી અનેક વસ્તુઓ જેમ કાચ કે આરીસારૂપ નથી, તેમ આત્મામાં ભાસતી અનેક જડ વસ્તુઓ આત્મારૂપ નથી. એ જ રીતે મોહથી મનાયેલી જે જે જડ વસ્તુઓ પોતાની લાગે છે તે પોતાની નથી.

આત્મા એ જ સત્તાવ્યક્તિથી મહાવીર છે. તે સર્વ વિશ્વનો ઉપયોગ કરે છે તથા વિશ્વના પદાર્થોનો કર્તાહર્તા બને છે, પરંતુ ત્રણ ગુણવાળી પ્રકૃતિથી પર થતાં એ વિશ્વનો કર્તાહર્તા રહેતો નથી. પ્રકૃતિસહિત બ્રહ્મમહાવીર સબલ બ્રહ્મમહાવીર રૂપ છે અને પ્રકૃતિનો આરોપ એટલે કે તેનો અધ્યાસ ટળતાં શુદ્ધ બ્રહ્મમહાવીર છે.

આત્મમહાવીરની સત્તામાં સર્વ વિશ્વસત્તાનો અંતર્ભાવ થાય છે. સંગ્રહનય સત્તાદૃષ્ટિએ સર્વ દ્રવ્યો સત્ છે. ચૈતન્યસત્તાદૃષ્ટિએ સર્વે આત્માઓ ચૈતન્યસત્તારૂપ છે. તે અપેક્ષાએ સત્તાથી વ્યક્તિરૂપ અનેક આત્માઓ એકાત્મરૂપ છે. નૈગમનયની ઔપચારિક દૃષ્ટિએ તથા વ્યવહારનયની ઔપચારિક દૃષ્ટિએ જડ-ચેતન મિશ્ર વિશ્વના પર્યાયોના કર્તાહર્તા આત્મમહાવીર છે અને શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ, આરોપિતથી ભિન્ન અનૌપચારિક સદ્ભૂતદૃષ્ટિએ, ભાવે, ઔપચારિક નયથી ભિન્ન રીતિએ અન્યથા કર્તારૂપ આત્મમહાવીર પ્રભુ છે. એમ પરસ્પર ભિન્ન પુદ્ગલપ્રકૃતિભાવે અને આત્મામાં આરોપિત અને અનારોપિત કર્તાપણું અને અકર્તાપણું જે મારામાં જાણે છે તે સમ્યગ્જ્ઞાની ભક્ત બને છે. તે કદાપિ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થતો નથી. તે ક્ષણમાં શુદ્ધાત્મમહાવીરપ્રભુપદ પામે છે.

સત્તા અને વ્યક્તિથી જે મને જાણે છે તે સર્વ વિશ્વને જાણે

છે અને તે પોતાને જાણે છે. અનાદિકાળથી આત્મા અને જડ દ્રવ્યો છે. આત્મા પોતાનું સ્વરૂપ બદલી જડરૂપ થતો નથી. અને આત્માના સંબંધમાં આવનાર જડ દ્રવ્ય કંઈ પોતે પ્રકૃતિભાવનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ બનતું નથી. આત્માના સંબંધમાં આવતું જે મન, વાણી, દેહાદિ જડ વિશ્વ છે તે ઉપયોગીપણાની દૃષ્ટિએ આત્મવીર સમાન પૂજાપાત્ર કે સેવાપાત્ર બને છે, છતાં જે લોકો આત્માને શુદ્ધ નિશ્ચયથી કોઈનો સંબંધ અને ત્યાગ નથી એમ માને છે અને વ્યવહારથી ઔપચારિક ભાવે સંબંધ કે ત્યાગના સાક્ષી બને છે અને કર્તવ્યકર્મો કરે છે તે સર્વ જડ વિશ્વના ઈશ્વર, મહાદેવ, મહાવીર બને છે.

આત્મામાં સર્વ નય, દૃષ્ટિ અને મતોને સાપેક્ષાએ સ્વીકારીને જે મારામાં સર્વ પ્રિય જડ પદાર્થોનું અર્પણ કરીને વર્તે છે તે સર્વથાભાવે મારાથી એકભાવે અને પ્રભુમય જીવન જીવે છે. તે કર્મ અને દેહાદિના પશુબળને પોતાના તાબે કરી, સર્વ વાસનાવૃત્તિઓ જીતી જિન અને મોટામાં મોટો વીર બને છે. શ્રીમતી મહાદેવી યશોદા! તું એ પ્રમાણે જાણ અને પરસ્પર વિરોધી વચનો જેનાં દેખાતાં હોય એવાં મિથ્યા શ્રુતશાસ્ત્રોને સમ્યગ્દૃષ્ટિરૂપે પરિણમાવ અને વિશ્વના લોકોને સર્વનયસાપેક્ષ સમ્યગ્જ્ઞાનનો બોધ આપ તેમ જ આત્મમહાવીરના શુદ્ધોપયોગમાં લયલીન થઈ શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ કર.

માબાપ અને શિક્ષકો જેમ બાળકોને અનુકરણ કરીને અનુકરણ શિક્ષણ આપે છે, ગાવડીએ ચાલીને ગાવડીએ ચાલવાનું શીખવે છે, આસનો વગેરેને અનુકરણ કરી શીખવે છે, તેમ હું બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, ગૃહસ્થાવસ્થા અને ત્યાગાવસ્થામાં અનુકરણ જેવી પ્રવૃત્તિને, સર્વાવસ્થાઓના આદર્શોને રજૂ કરી વિશ્વના લોકોને તે તે અવસ્થાના આદર્શભૂત બનાવું છું. વિશ્વ આગળ સંયમ-ત્યાગથી વ્યવહારનયદૃષ્ટિએ હું મારી ત્યાગાદર્શ યોગેન્દ્રદશા રજૂ કરીશ

અને વિશ્વને ત્યાગાદર્શ તરફ ખેંચી વિશ્વોન્નતિ કરીશ.

શુદ્ધ નિશ્ચયનયદષ્ટિએ હું સર્વ પ્રકારના બાલ્યાવસ્થા, યુવાવસ્થા, ગૃહસ્થાવસ્થા, ત્યાગાવસ્થા આદિ ઔપચારિક આદર્શ, મિશ્ર કે અસદ્ભુત આદર્શોથી રહિત છું. શુદ્ધ નિશ્ચયનયથી પ્રકૃતિ સંબંધની સર્વ અવસ્થાઓ અને નવરસોના આદર્શથી હું ભિન્ન છું. પ્રકૃતિના સંબંધે જે જે અવસ્થાઓના આદર્શો છે અને જે શુદ્ધાત્મમહાવીર થવામાં આલંબનભૂત ઉપયોગી છે તે તે આદર્શોને અનુક્રમે મેં શીખવ્યા છે અને વિશ્વના લોકોને હવે છેવટે ત્યાગાદર્શ શીખવીશ. પણ વસ્તુતઃ સાત્ત્વિક પ્રકૃતિ જેવી ત્યાગાવસ્થાથી પણ હું ભિન્ન છું અને સર્વથી ન્યારો છું, એમ અપેક્ષાએ જાણ.

લોકોને સર્વાવસ્થામાંથી અનુક્રમે શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવા પસાર થવું પડે છે. તે તે લોકો તે તે ભાવે અને તે તે અવસ્થાએ ઔપચારિક અને અનૌપચારિક મહાવીરભાવને પામીને આગળ વધ્યા કરે છે. મન, ઇન્દ્રિય, દેહાદિ સર્વ જડ વિશ્વથી અનંતગુણ મહાન એવા આત્મમહાવીરદેવમાં શ્રદ્ધા અને પ્રીતિ રાખીને પશ્ચાત્ બુદ્ધિ જે માર્ગ બતાવે તે માર્ગે ઉન્નતિ છે એવી નિયતિથી પ્રવર્ત્યા કર.

પ્રારબ્ધ કર્મ એ નિયતિરૂપ છે અને તેમાં જે સમભાવે વર્તે છે તેઓ મારા ત્યાગમાર્ગથી સ્ખલિત થતા નથી. મારા ત્યાગમાર્ગમાં મરણ તે આત્માના પ્રકાશ માટે પૂર્વાવસ્થામાંથી ઉત્તરાવસ્થામાં જવારૂપ છે. ગૃહસ્થમાર્ગ કરતાં ત્યાગમાર્ગમાં પુનરુજ્જીવન, સ્વતંત્રતા વિશેષ પ્રકારે ખીલે છે. વિશ્વ માટે આત્માની સર્વ શક્તિઓને ખુલ્લી મૂકવી તે ત્યાગમાર્ગ છે. સર્વ જીવોને ખાવાપીવાની સગવડ કરી આપવી. ભૂખ્યાંઓને ખવરાવી ખાવું. છતી શક્તિએ કોઈની યોગ્ય પ્રાર્થનાનો ભંગ ન કરવો. ગુપ્તદાન આપવામાં અપ્રમત્ત રહેવું. સર્વ મનુષ્યોનો સંગ છતાં અંતરથી મોહસંગથી અસંગ રહેવું તે ત્યાગમાર્ગમાં પ્રવેશ

કરવાની પાત્રતા છે. ગરીબ અને દુઃખીઓની દયા કરવી અને ગરીબ લોકોની સ્વતંત્રતા પર તરાપ મારનારાઓને સમજાવી શુભ માર્ગમાં આણવા. અન્નદાન અને વસ્ત્રદાન વગેરેથી ત્યાગીઓની સેવાભક્તિ કરવી. અજ્ઞ જંગલી લોકોને મારા વિચારોનો બોધ આપવો. આજીવિકા વગેરેથી સ્વધર્મી બંધુઓની સેવા કરવી. ચતુર્વિધ મહાસંઘની સર્વ પ્રકારની બાહ્યાંતરોન્નતિ માટે પોતાનું સર્વ ત્યાગ કરવું તે ત્યાગમાર્ગ છે.

કુટુંબદ્રોહ ન કરવો. ઇન્દ્રની પદવી મળતી હોય તોપણ જૈનધર્મીઓનો દ્રોહ ન કરવો. પોતાના સર્વસ્વનો નાશ થતો હોય તોપણ જૈનોનો દ્રોહ ન કરવો. જૈનો માટે સર્વ લક્ષ્મી કે પ્રાણાદિકનો પણ હોમ કરવો.

મારા પર પૂર્ણ શ્રદ્ધા–પ્રેમના ધારકોમાં અને મારામાં અભેદભાવથી વર્તવું અને ભેદકારક વિચારો તથા તેવી ભેદકારક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે ત્યાગમાર્ગ છે. મારું શરણ સ્વીકાર્યા વિના કોઈની મુક્તિ થતી નથી. મારું શરણ સ્વીકારનારા લોકો જંગમ તીર્થો છે. તેઓની સંગતિ કરવી અને અસત્ સંગતિનો ત્યાગ કરવો તે ત્યાગ છે. ધર્મીઓની સાથે પોતાનો એકસંપ રહે એવી રીતે વર્તવામાં જે દુષ્ટ વૃત્તિઓ વિઘ્નરૂપ થતી હોય તેઓને રોકવી તે સંયમ છે. મારી સાથે એકતાનતા, એકરસતા, એકતા થવામાં જે વૃત્તિઓ આડે આવતી હોય તેઓનો રોધ કરવો તે સંયમ છે.

મારી સાથે મળવાની સાથે સર્વ ભિન્ન ભિન્ન માર્ગો પણ એક ઠેકાણે એકઠા થાય છે એમ અનુભવ આવે છે ત્યારે મારા ભક્તો અસંખ્ય ભિન્ન ભિન્ન માર્ગમાં વહેવા છતાં પરસ્પરમાં મારા નામરૂપની એકતા દેખે છે અને પરસ્પર ભિન્ન એવા માર્ગભેદને ભૂલી, અભેદરૂપે પરસ્પર આત્માને મળી, સંપી, સર્વ કર્તવ્યકર્મો કરે છે. વિશ્વના સર્વ લોકો મારી સાથે એકતાનો અનુભવ કરીને ઐક્ય પામે છે અને તેથી ભેદભાવનો ત્યાગ કરે છે.

જ્યાંત્યાં મને સર્વ જીવોનાં હૃદયોમાં આત્મમહાવીર દેખ અને સર્વની સાથે આત્મમહાવીરભાવના વર્તનથી પ્રવર્ત, એટલે હું વિશ્વદેવી સર્વશક્તિમતી બ્રહ્માણીરૂપે સર્વત્ર પ્રકાશ કરીશ. એ જ તારી મન, વાણી, કાયાનો ત્યાગમાર્ગ અને અભેદજ્ઞાનકર્મ-માર્ગ છે. મને અનંત પૂર્ણ નૂરમય સર્વત્ર દેખવાની સાથે ત્યાગ-માર્ગ ખુલ્લો થઈ જાય છે. કાષ્ઠમાં અગ્નિ પ્રગટ થાય છે તેમ સર્વત્ર મારું ધ્યાન કરવાથી સર્વ લોકો મને સર્વ વિશ્વમાં અને પોતાનાં હૃદયમાં આત્મમહાવીરરૂપે દેખે છે, જાણે છે.



## ૧૧. શ્રીમતી યશોદા મહાદેવીએ પ્રભુને કરેલું ઉદ્‌બોધન

શ્રીમતી યશોદા મહાદેવી : પૂર્ણ પરબ્રહ્મમહાવીર પ્રભો ! આપને નમું છું, સ્તવું છું અને પર્યુપાસું છું. આપે અસંખ્ય બાહ્યાંતર ત્યાગના ભેદોનું સંક્ષેપમાં સર્વ ભેદોના સારરૂપે વર્ણન કરી ત્યાગનું યથાર્થ સ્વરૂપ દર્શાવ્યું છે. તેથી આપ પ્રભુએ મારા પર અનંતગુણો ઉપકાર કર્યો છે.

વિશ્વમાં સર્વ સત્યધર્મનો પ્રકાશ કરવા માટે સર્વે ઈશ્વરી અવતારોમાં સૂર્ય સમાન આપ મહાવતારી છો, એમ ચોસઠ ઇન્દ્રો વગેરે દેવો અને દેવીઓએ મને કથ્યું છે. વૈદેહી દશા પામેલી શ્રી ત્રિશલામહાદેવીના પેટે અવતાર લેનારા, સર્વ વિશ્વ પર આત્મસત્તા ચલાવનારા આપશ્રી મહાવીર પ્રભુની વિશ્વમાં કોઈ સ્પર્ધા કરી શકે તેમ નથી. અનાદિકાળથી અસંખ્ય વેદો આપની સત્તાને વર્ણવે છે અને આપની બ્રહ્મસત્તાનો મહિમા ગાય છે. ત્રણ વેદ તો શું, પણ અનાદિકાલીન તિરોભાવીય-આવિર્ભાવીય અસંખ્ય વેદોની શ્રુતિઓ આપની સત્તાનો મહિમા ગાઈ રહી છે અને ભવિષ્યમાં ગાશે. આપના ઈશ્વરી અવતાર થયાથી આપના હૃદયમાં અને મુખમાં સર્વ વેદો, સર્વ ધર્મશાસ્ત્રો અને તેથી પણ અવાચ્ય એવા અવધિ, મનઃપર્યવ જ્ઞાન વગેરેના આપ સાગર બન્યા છો. આપના મુખમાંથી જે શબ્દો અને સૂક્તો નીકળે છે તે તિરોભાવીય વેદોમાંના જ્ઞાનનો પ્રકાશ

કરે છે અને વર્તમાનમાં વર્તતા સર્વ વેદોનું રહસ્ય તથા તેમનો સર્વ સાર આપના શબ્દોથી પ્રકાશિત થાય છે. તેથી આપ સર્વ ગુણપર્યાયની પૂર્ણ કલારૂપ, પૂર્ણાવતારરૂપ છો. પૂર્ણાવતારી એવા સર્વ તીર્થંશની પાસે ચોસઠ ઇન્દ્રો આવે છે. આપનું સ્વરૂપ સુરગુરુ પણ કરોડો વર્ષે કરોડો જિહ્વાથી વર્ણવી શકે તેમ નથી. વેદો વગેરે શાસ્ત્રો પણ આપનું એક અંશ જેટલું વર્ણન કરી શકે તેમ છે. એવા આપ પ્રભુનું શરણ થાઓ. આપ મને સર્વથા પ્રિયદેવરૂપ શરણ્ય ભગવંત વિભુ છો.

ત્યાગ અને સંયમનું આપે જે સ્વરૂપ દર્શાવ્યું તે સ્વાધિકારે સર્વ પ્રકારના ત્યાગીઓને પ્રાપ્ત કરવા યોગ્ય છે. આપના જ્ઞાનના પ્રકાશથી ત્યાગનું પુનરુજ્જીવન થાય છે અને સર્વથા સર્વ વિશ્વમાં થશે. આપના જ્ઞાનાદિ અનેક પર્યાયોનું સ્વરૂપ વર્ણવી શકાય તેમ નથી. આપ દ્રવ્ય વ્યક્તિએ એક છો અને જ્ઞાનાદિ અનંત ગુણપર્યાયોરૂપે અનેક છો. આપ જ્ઞાનની અપેક્ષાએ વિશ્વવ્યાપક વિભુ છો. જ્ઞાનપ્રકાશ કરવાની અપેક્ષાએ આપ સૂર્ય–ચંદ્રાદિની સર્વ જ્યોતિઓના જ્યોતિરૂપ છો. આપની સાથે હું અધ્યાત્મભક્તિએ એકરસરૂપે પરિણમીને વર્તું છું અને તેથી આપને પરાભક્તિમાં અભેદપણે અંતરમાં અનુભવું છું. મારા હૃદય પર બાહ્ય સુખ-દુઃખના સંયોગોની અસર થતી નથી અને પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન આત્મા તે જ શુદ્ધાત્મમહાવીર પ્રભુ છે, એવો અનુભવ કરું છું અને પરમાનંદમાં મગ્ન બની જાઉં છું. તેથી આપ મારાથી એક અંશમાત્ર પણ દૂર નથી જણાતા. હું આપના ઉપયોગ વિના એક ક્ષણમાત્ર પણ રહેતી નથી તેથી આપનો એક ક્ષણમાત્રનો વિયોગ પણ સહન કરતી નથી. એવા પરમ વિશુદ્ધ પ્રેમે આપની આનન્દ ભાવનાથી ઉપાસિકા બની છું. એ સર્વ આપની કૃપાનું ફળ છે. આપની કૃપા અને આપના પૂર્ણ પ્રેમ વિના બીજું કશું ઇચ્છતી નથી.

શરીરોથી મળવું તે ક્ષણિક મિલન છે, પણ આત્માથી આત્માનું મિલન તે અનંત નિત્ય મિલન છે. સતીની ગતિ વસ્તુતઃ પતિના આત્મા સાથે એક થઈ, નામરૂપનો મોહભેદ ટાળી અભેદભાવથી મળવામાં છે. સતીનો પતિની સાથે અવ્યભિચારી શુદ્ધ આત્મિક પ્રેમ હોય છે. પ્રભો ! આપ સર્વાવસ્થાના શિક્ષણ એટલે કે રહેણીના આદર્શ પ્રભુ છો. આપ વિશ્વોદ્ધાર કરવા અવતર્યા છો અને હું આપની આજ્ઞારૂપ ધર્મ પ્રમાણે વર્તવા સદા તૈયાર છું.

આપ વિશ્વના સર્વ લોકોને એકસરખી શક્તિવાળા સર્વે છે એમ જણાવો છો. આપની શક્તિ અપરંપાર છે. પરતંત્રતા અને ગુલામીમાં જકડી રાખનારાં મત, પંથો, રાજ્યો, કાયદાઓ, રૂઢિઓ અને તેવા સર્વ અધ્યાસોથી લોકો સ્વતંત્ર અને મુક્ત બને એવા ઉપાયો દર્શાવો છો. દુનિયાના સર્વ જીવોને એકસરખું રુચતું નથી અને તે એકસરખા આચારવિચારવાળા બની જતા પણ નથી. જેઓ પૂર્વભવોના સંસ્કારીઓ છે, તેઓ આપની હિતશિક્ષાને હૃદયમાં ઉતારી આપના સ્વતંત્ર શક્તિમય માર્ગે વિચરે છે. સર્વ પ્રકારની બાહ્ય અને આધ્યાત્મિક શક્તિસ્વરૂપ એવા આપને જેઓ મન, વાણી, કાયામાં ઉતારે છે તેઓ આપ સરખા બને છે. જેઓ આપ પરમેશ્વર મહાવીરદેવને ઊંચે આકાશમાં રહેલા માને છે તેઓ આપને ઊંચે ગયા વિના પામી શકતા નથી, પણ આપને જેઓ સર્વત્ર પ્રાણીઓમાં આત્મમહાવીરરૂપે દેખે છે તેઓ સ્વશરીરમાં આત્મમહાવીરની શક્તિઓને પ્રગટાવે છે. આત્મમહાવીરરૂપ જેઓ બનવા ધારે છે તેઓ પ્રથમ નાત, જાત, સ્ત્રી, પુરુષ, દેશ, કોમના ભેદભાવોને ભૂલી જાય છે. તેઓ પૂર્વની દુષ્ટ ભાવનાઓને ભૂલી જાય છે, સ્વાશ્રયી બને છે અને જડ પદાર્થોની લાલચ ધરી કોઈને દાસ બની કરગરતા નથી. આત્મબળથી જે જોઈએ તે તેઓ મેળવે છે અને કોઈનો ભય રાખતા નથી તેમ જ કોઈની સહાય લેવા ઇચ્છતા નથી. તેઓ દાસત્વ પમાડનારા રીતરિવાજોના વાડામાં બકરાંની પેઠે પુરાતા નથી.

આપ જે વખતે વૈદેહી અન્તરાત્મશક્તિસ્વરૂપવાળી ત્રિશલા દેવીના ગર્ભમાં પરમાત્મરૂપે અવતર્યા હતા તે વખતે શ્રી ત્રિશલા માતાને ઇન્દ્રાણીનાં કુંડલો પહેરવાનો સાતમા માસે મનોરથ થયો હતો. ગુણાનુરાગશ્રવણશૃંગારરૂપ તે કુંડલો હતાં. ઈન્દ્રને આ બાબતની જાણ થઈ. તેણે ઇન્દ્રાણીનાં કુંડલોનું દાન કરવાનું કહ્યું. પરંતુ આપે ગર્ભમાં રહ્યા છતાં તે વાત માની નહીં. જિન બનીને કુંડલો લેવાં, પણ દીન બનીને કુંડલો લેવાં એ ભિક્ષુકનું કાર્ય છે, પરંતુ પ્રભુનું કાર્ય નથી. આપે ઇન્દ્ર અને ઇન્દ્રાણીના દેવોના સૈન્ય સાથે યુદ્ધ કર્યું અને ઇન્દ્ર–ઇન્દ્રાણીનો પરાજય કરી કુંડલો લીધાં અને માતાને પહેરાવ્યાં. સ્વાશ્રયશક્તિ એ જ આપ મહાવીર પ્રભુ છો.

જે કાળે અને જે ક્ષેત્રે જે જે શક્તિઓ અને ગુણોની પ્રવૃત્તિઓની દેશ, સંઘ, રાજ્યાદિકને જરૂર છે તે કાળે અને તે ક્ષેત્રે આપને તે શક્તિઓરૂપ જાણીને તે ભાવે જે સેવે છે તે કાળદેશાનુસારે મહાવીર થાય છે. દયા, સત્ય, પ્રેમ, ઔદાર્ય, શૂરત્વ, પરાક્રમ, નીતિ, દાન, ક્ષમા, સરલતા, નિર્લોભતા વગેરે ગુણો પૈકી જે કાળે જેના ઉપયોગની જરૂર છે તેમ જે સમજી, તે ગુણને સાધનરૂપ સમજી, સ્વપરાર્થે તેનો ઉપયોગ કરે છે તે જ પ્રભુમહાવીરપદ પામે છે અને વિશ્વના લોકોને આપસ્વરૂપ બનાવી શકે છે.

દુષ્ટ શત્રુઓનો નાશ કરવો તે આપની રુદ્રશક્તિ છે. સદ્‌ગુણોનું અને સદાચારોનું પાલન કરવું તે આપની વિષ્ણુશક્તિ છે. સર્વ ધર્મશક્તિઓની સૃષ્ટિઓની ઉત્પત્તિ કરવી તે આપની બ્રહ્માશક્તિ છે. આપ અનંત જીવનમય પ્રભુ છો.

સિંધુ દેશના મહાપ્રતાપી સમરવીર રાજાની પુત્રી અને ઉદયનની હું ભગિની છું. મારી માતા મહાદેવી છે. ગુણસમુદ્ર એ જ અધ્યાત્મસૃષ્ટિમાં સિંધુદેશ છે. સમર અર્થાત્ યુદ્ધમાં વીર અર્થાત્ વિવેકજ્ઞાન તે જ સમરવીર નૃપ છે અને તેની પુત્રી યશોદા અર્થાત્ મોહરૂપ શત્રુસૈન્યની સાથે યુદ્ધ કરવાથી મળેલી આત્માની આનંદ-

દશા તે જ યશની દેનાર હું યશોદા છું. આપ મારા પરમાત્મમહાવીર પ્રભુ છો. આત્મશક્તિઓનો ઉદય તે જ ઉદયન–ઉદાયી ભાઈ છે. આનંદ–મંગલમૂર્તિરૂપ આપના નંદિવર્ધન ભાઈ છે. એ પ્રમાણે અધ્યાત્મજ્ઞાનની અપેક્ષાએ આપણું જે અધ્યાત્મકુટુંબ દિવ્ય સૃષ્ટિમાં છે તે જ સ્થૂલ સૃષ્ટિમાં સર્વત્ર વિજયવંત વર્તે છે, એવું જાણીને જે લોકો આપના તરફ મન ફેરવે છે તેઓ મનથી આપને મનન કરી શરીરમાં રહેલ આત્મમહાવીર પ્રભુનો પ્રકાશ કરે છે.

મનના સર્વ ગુણો સાધનરૂપ છે. જે કાળે અને જે ક્ષેત્રમાં કે દેશમાં જેની જરૂર છે તેનો ઉપયોગ કરવો અને અન્ય ગુણોને ગૌણ કરવા એ જ આપના માર્ગમાં સંચરવાની યુક્તિ છે. અપેક્ષાએ ગુણો તે અવગુણો છે અને અવગુણો તે ગુણો છે. ધર્મ તે અપેક્ષાએ અધર્મ છે અને અધર્મ તે અપેક્ષાએ ધર્મ છે. વ્રતો તે અપેક્ષાએ અવ્રતો છે અને અવ્રતો તે અપેક્ષાએ વ્રતો છે. નીતિ તે અપેક્ષાએ અનીતિ છે અને અનીતિ તે અપેક્ષાએ નીતિ છે.

આત્મમહાવીરોને જે કાળે, જે ક્ષેત્રે, જે કંઈ યોગ્ય શક્તિરૂપ લાગે તે ગુણ છે. આત્માના શુદ્ધ ધર્મ જ્ઞાનાનંદ સિવાય મન, વાણી, કાયામાં માણસ ગુણોની અને દુર્ગુણોની કલ્પના દેશ, કાળ, વર્ણ આદિ અનુસારે કર્યા કરે છે તથા ધર્મ, અધર્મ, પુણ્ય, પાપની કલ્પના કર્યા કરે છે—એવું આપે જે ગુપ્ત રહસ્ય સમજાવ્યું છે તે પરબ્રહ્મ મહાવીર એવા આપ વિના અન્ય કોઈ જણાવી શકે તેમ નથી. આપે અનેક દૃષ્ટિબિંદુઓની અપેક્ષાએ અર્થાત્ નયોની અપેક્ષાએ તેમ જણાવ્યું છે. આપે જ્ઞાની ગુરૂએ આત્મા તે સંવરરૂપે પરિણમે છે એમ મને જણાવ્યું છે, જ્ઞાની કોઈ વખતે પાપપુણ્યથી પાપ-પુણ્ય કર્મ કરતો છતો પણ બંધાતો નથી. જ્ઞાનશક્તિની આગળ કર્માંકુર લાગ રહી શકતું નથી. જેઓ સ્વાધિકારે સર્વ ધર્મ કરતો એમ જાણી બેસી રહે કે તેઓ ઉપયોગરૂપ આત્મા સાક્ષીરૂપે મન, વાણી, કાયામાં અટવાઈ શકતા નથી અને અધ્યાત્મમહાનંદ

પામી શકતા નથી. જે બાહ્ય સુખ–દુઃખ ભોગવતા છતાં સિંહની પેઠે એકલો પરાક્રમી અને નિર્દોષ બાળકની પેઠે આત્માનંદીપણે વર્તે છે તે આત્મમહાવીર પ્રભુનો ભક્ત શિષ્ય છે.

આપનું નામ જ સર્વ શક્તિઓને પ્રગટાવવા માટે સંકેત-રૂપ છે. આપનું જન્મસ્થાન ક્ષત્રિયકુંડ નગર એ જ આત્મિક શક્તિઓના કુંડરૂપ છે. તેમાં જન્મ લેવાથી ક્ષાત્ર શક્તિઓનો સમૂહ પ્રગટે છે. રક્ષાની પ્રાર્થના કરવા કરતાં અન્યોની રક્ષા કરવી એમાં જ વીરનું વીરત્વ છે. આત્મમહાવીરમાં જે ઇચ્છવામાં આવે તે સર્વ છે. જેવી જેની ભાવના અને પુરુષાર્થ હોય છે તેવા રૂપે આપ મહાવીર પ્રભુ તેને મળો છો. આપ સર્વને સત્ય સ્વતંત્રતાના માર્ગમાં લઈ જાઓ છો. કાયર, અવિશ્વાસી, પ્રેમશૂન્ય લોકો આપના માર્ગમાં વિચરવા શક્તિમંત થતા નથી. સ્ત્રી–પુરુષોમાં ઉચ્ચતા–નીચતાના ભેદ વિના એકતાના પ્રબોધક આપ છો. શક્તિ, દયાદિ ગુણહીન જે જૂના વિચારો છે અને પ્રાચીન શાસ્ત્રો, કે જેઓની ભાષા વર્તમાનમાં ઘણા ભાગે અપરિચિત છે અને અનેક અસત્ય મિશ્રણથી જે મિશ્રિત થયેલાં છે અને જે શાસ્ત્રોમાં મોટા ભાગે સત્ય ઢંકાઈ ગયું છે, તેમની ઉપેક્ષા કરી આપ આપની સર્વજ્ઞતાના પ્રતાપે નવીન ધર્મશાસ્ત્ર, વેદસૃષ્ટિ ઉત્પન્ન કરો છો અને કરશો. સર્વ લોકોની સ્વતંત્રતા અને સમાનતા પ્રગટાવવાના ઉપાયો આપ બતાવો છો અને બતાવશો. આપ જીવનસૂત્રોને પ્રગટ કરો છો અને કરશો. આત્મામાંથી જે કાળે જે યોગ્ય વિચાર કે કર્મપ્રવૃત્તિ પ્રગટાવવાની હોય છે તે આપ પ્રગટાવો છો અને પ્રગટાવશો. એ પ્રમાણે સર્વાત્માઓને મહાવીરપ્રભુપણું અંતરમાં પ્રગટાવો છો અને ભવિષ્યમાં પ્રગટાવશો, કે જેથી સર્વાત્મમહાવીરો પોતાની મેળે ધર્મ–કર્મ, સત્ય–અસત્યાદિનો વિવેક કરી, વર્તી, સ્વાશ્રયપણે મહાવીરો થાય છે અને થશે. તેઓ આત્મામાં જ્ઞાન–ધ્યાનયોગે મહાવીરપણું સ્ફુરાવી મુક્તતા અનુભવે છે અને અનુભવશે. આજ

સર્વ વિશ્વના આધાર છો. આપને જેઓ દિલમાં ઉતારે છે તેઓ સર્વ વિશ્વમાં સ્વતંત્ર બુદ્ધિ અને પ્રવૃત્તિથી પ્રભુમહાવીરપદને પામે છે અને પામશે.

આપને જન્મ્યાની સાથે મેરુપર્વત પર ઇન્દ્રો વગેરે દેવો લઈ ગયા હતા. અને મેરુપર્વતની શિલા પર તીર્થજલના કળશો ભરીને ઇન્દ્રોએ સ્નાન કરાવ્યું હતું. ઇન્દ્રના મનમાં તે વખતે આપ તીર્થજલાભિષેકને સહન કરી શકશો કે કેમ તે બાબતની લઘુ શરીર દેખી શંકા આવી હતી, પરંતુ આપે તે શંકાને અવધિજ્ઞાનથી જાણી અને જમણા પગનો અંગૂઠો મેરુપર્વત પર મૂકી આત્મબળ પ્રગટ કર્યું. તેની સાથે કોઈ કાળે કંપાયમાન નહીં થયેલો એવો મેરુપર્વત કંપવા લાગ્યો. શિખરો કંપી તૂટી પડવા લાગ્યાં. સર્વ સમુદ્રો જળથી ઉછળવા લાગ્યા. કેટલાક પર્વતો ફાટી ગયા. વિશ્વના જીવો ક્ષોભ પામી ત્રાસથી કંપવા લાગ્યા. આવો અચાનક ઉત્પાત દેખી ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને ઉત્પાતનું મૂળ કારણ દેખ્યું તો શ્રી મહાવીર આપ જણાયા. તેથી ઇન્દ્રે પોતાની ભૂલ દેખી આપ મહાવીરપ્રભુને ખમાવ્યા અને શ્રી ત્રિશલા ક્ષત્રિયાણી વૈદેહી રાણી પાસે આણી મૂક્યા. છપ્પન દિક્કુમારિકાઓએ સૂતિકાગૃહ રચી આપની ભક્તિ કરી.

સ્થૂલ વિશ્વમાં આપ પ્રભુએ એ પ્રમાણે જન્મતાંની સાથે પર બ્રહ્મત્વ અને પ્રભુત્વ દર્શાવ્યું તેમ જ અધ્યાત્મજ્ઞાનમય સૂક્ષ્મ દિવ્ય સૃષ્ટિમાં આપે અનંત શક્તિના પ્રાદુર્ભાવરૂપ એવા જન્મની સાથે બાહ્ય શક્તિઓના સમૂહરૂપ મેરુપર્વત પર પગ મૂક્યો અને તેને કંપાવી દીધો. બાહ્ય શક્તિઓના સ્વામી ઇન્દ્ર છે. ક્ષમા–દયારૂપ જળ છે. તેથી આપ ક્રીડા કરો છો. આત્માની સાથે સાધનરૂપ રહેલા મનમાં વૈરાગ્ય, ત્યાગ, ભક્તિ અને વિવેકરૂપ ચાર દિશાઓ અને સેવા, નીતિ, સત્સંગતિ, શ્રવણભાવ, સદ્વિચાર અને સત્કાર્યપ્રવૃત્તિરૂપ છ વિદિશાઓની શુભ વૃત્તિઓ જે છપ્પન છે તે દિક્કુમારિકાઓ

છે. તેઓએ આપ તીર્થંકર ઈશ્વરાવતાર પ્રભુની પ્રસૂતિગૃહ વગેરે રચી ભક્તિ કરેલી.

શરીરના બરડામાં જે મેરુદંડ છે તે મેરુપર્વત છે. મનની સાત્ત્વિક શક્તિઓ તે છપ્પન દિક્કુમારિકાઓ છે. નાભિપ્રદેશનો ભાગ તે મનુષ્યલોક છે અને નાભિથી ઉપર હૃદયકમલથી આરંભી બ્રહ્મરન્ધ્ર પ્રદેશ સુધીના ભાગમાં પિંડના બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને મસ્તકના ભાગમાં પાંચ અનુત્તર વિમાન છે. બ્રહ્મરન્ધ્રના ઉપરનો ભાગ સર્વથા પ્રકારે સિદ્ધ થવાની સિદ્ધશિલા છે. નાભિથી નીચેના ભાગોમાં ભવનપતિ દેવો, વ્યંતર–વાણવ્યંતર દેવો, કે જે અધ્યવસાયો રૂપ છે, તે રહે છે અને તેની નીચે સાત નરકસ્થાન છે. નાભિપ્રદેશરૂપ મનુષ્યલોકમાં આપને જન્મતાંની સાથે શુભ અને ઉચ્ચ ભાવોરૂપ ઇન્દ્રો આપને મેરુદંડના મેરુપર્વત પર—સુષુમ્ણા નાડીના મેરુદંડરૂપ મેરુપર્વત પર લઈ જાય છે અને ત્યાં આપને પવિત્ર વિચારરૂપ જળના અભિષેકથી નવરાવે છે. આપે મેરુપર્વતને આત્મશક્તિબળે કંપાવ્યો ઇત્યાદિ અધ્યાત્મસૃષ્ટિમાં આપ મહાવીરપ્રભુએ એ પ્રમાણે આત્મબળે ઇન્દ્રોને પોતાની પ્રભુતાનો ખ્યાલ કરાવ્યો. તેથી સ્થૂલ વિશ્વમાં અને અધ્યાત્મ વિશ્વમાં આપ સમાન કોઈ મહાપ્રભુ મહાવીરદેવ નથી. પોતાની જેવી શક્તિઓ છે તેવી સર્વ જીવોમાં તિરોભાવે રહેલી શક્તિઓનું ભાન કરાવી સર્વને આપ એકસરખા શુદ્ધાત્મસ્વરૂપ કરવા પ્રતિબોધો છો એ કંઈ સામાન્ય વાત નથી. આપની આવી મહાવીરપ્રભુતાથી સર્વ વિશ્વમાં મહાવીર પ્રભુતાનો રસ રેડાયો છે અને રેડાશે. તેથી આપે સર્વ વિશ્વમાં નવીન વીરમય શક્તિઓનો પ્રવાહ વહેવરાવ્યો છે. તેમાં વિશ્વના સર્વ જીવો પવિત્ર વીર થાય છે અને થશે. તે અનંત શક્તિઓના પ્રવાહનો લાભ લેવાને સર્વ જીવો એકસરખા હકદાર છે.

**પ્રિય પ્રભો મહાવીર દેવ ! આપે વૈદેહી અને સર્વશક્તિજનની શ્રી ત્રિશલાના ઉદરમાં જન્મ લીધો. આપ છ માસથી અધિકના થયા ત્યારે આપના મનમાં માતૃભક્તિથી એવો સંકલ્પ સ્ફુર્યો કે**

મારા હલનચલનથી માતાને દુઃખ, પીડા, અશાતા થાય છે તે કેમ થવા દઉં?—એમ વિચાર કરી આપ એક ખૂણામાં સ્થિર રહ્યા. તેથી શ્રી ત્રિશલા ક્ષત્રિયાણી રાણીના મનમાં શંકા થઈ: 'અરે! પૂર્વે મારો ગર્ભ હાલતો હતો, સ્પંદતો હતો અને હાલ સ્પંદતો નથી. અરે! શું મારા ગર્ભનું કોઈએ અપહરણ કર્યું છે? વા મરણ પામ્યો?' વૈદેહી શ્રી ત્રિશલા રાણી ત્યારે ઘણો શોક કરવા લાગ્યાં: 'અહો! જ્યારથી મારા ઉદરમાં ત્રિભુવનપતિએ વાસ કર્યો છે ત્યારથી મારો આત્મા અત્યંત આનંદોલ્લાસમાં વર્ત્યા કરે છે. મારો ગર્ભ હાલતોચાલતો નથી તેનું શું કારણ હશે? શું પૂર્વભવમાં માતાઓથી બાળકોના વિયોગ કરાવ્યા હશે? વા શોક્યોના દ્વેષથી કામણટૂમણ, મંત્રૌષધિથી ગર્ભ પડાવ્યા હશે? અથવા પૂર્વ-ભવમાં નાનાં બાળકોને મારી નંખાવ્યાં હશે? અથવા ગર્ભવતી સ્ત્રીઓના ગર્ભને ત્રાસ થાય એવાં કર્મ કર્યાં હશે! અથવા કોઈ સ્ત્રીનાં લઘુ બાળકોનું હરણ કરાવ્યું હશે? અથવા બાળકોને મારી નાખ્યાં હશે? અથવા મારી નંખાવ્યાં હશે? અરે! શું મેં ગર્ભવતી સ્ત્રીઓને મારી નંખાવી હશે? અથવા પશુઓની સ્ત્રીઓનાં બચ્ચાંઓનો વિયોગ કર્યો હશે કે કરાવ્યો હશે? અથવા પશુ બચ્ચાંઓને જન્મતાં જ મારી નાખ્યાં હશે? અથવા પંખીઓનાં બચ્ચાંવાળા માળાઓને તોડી નાખ્યા હશે? અથવા પંખીઓનાં બચ્ચાંઓનો માતાથી વિયોગ કરાવ્યો હશે અથવા મારી નાખ્યાં હશે? અથવા સાધુસંતોની નિંદા-હેલના કરી હશે? મેં પૂર્વજન્મોમાં કયું પાપ કર્યું તે ઉદયમાં આવ્યું હશે?' એ પ્રમાણે શોકસાગરમાં નિમગ્ન થયેલી ત્રિશલા રાણી સંતાપ કરે છે. તે વખતે તેમની સખીઓ પાસે આવી પૂછવા લાગી કે, 'શ્રીમતી ત્રિશલારાણી! અત્યારે કેમ શોક કરો છો? આપના ઘેર પ્રભુ જન્મવાના છે અને આપ શોક કેમ કરો છો? આપના ગર્ભને તો કુશળ છે ને?' સખીઓને શ્રી ત્રિશલારાણીજી કહેવા લાગ્યાં કે, 'જો ગર્ભને કુશળ હોય તો પછી મારે અકુશળ બીજું કયું છે? મારો ગર્ભ પૂર્વે હાલતો હતો અને હવે હાલતો

નથી તેથી શોક થાય છે.'

સખીઓને એ પ્રમાણે કહેવાથી રાજભવનમાં અને આખા નગરમાં શોકની વાત ફેલાઈ ગઈ અને તેથી નાચ, ઉત્સવ, ગાન-તાન, વાજાં વાગવાં વગેરે સર્વ બંધ થઈ ગયાં. આખા નગરમાં ઉદાસીનતા છવાઈ ગઈ. આખું નગર નિરાનંદમય થઈ ગયું. આ વખતે આપ એક દેશમાં સ્થિર રહ્યા હતા, પણ અવધિજ્ઞાનથી માતાના મનની વાત જાણી લીધી. આપ વિચારવા લાગ્યા કે 'અહો, મેં મારી માતાની ભક્તિ નિમિત્તે કાયગુપ્તિ કરી હતી, પરંતુ માતાએ મારો ઉદ્દેશ નહિ જાણ્યો તેથી માતાને ઊલટો શોક થયો.' આપે મનમાં વિચાર કર્યો કે 'મારી માતાનો મારા પર અત્યંત પ્રેમ છે તથા પિતાનો પણ મારા પર અત્યંત પ્રેમ છે. તેથી માત-પિતા જીવતાં હોય ત્યાં સુધી ગૃહ છોડી અનગારવ્રતરૂપ ત્યાગાવસ્થા નહીં સ્વીકારું.' પ્રિય પ્રભો! આપ માતાનાં પ્રેમ-વાત્સલ્ય-ભક્તિથી ઉદરમાં હાલવા લાગ્યા. તેથી આપથી માતાનો સંશય ટળ્યો અને તે વાતની રાજભવનમાં તથા નગરમાં જાણ થતાં સર્વત્ર ઉત્સવ, મહોત્સવ, નાટારંભ થવા લાગ્યા. સર્વત્ર હર્ષોલ્લાસ વધવા લાગ્યો. વૃદ્ધ સ્ત્રીઓએ શાંતિક, તુષ્ટિક, પૌષ્ટિક કર્મ કર્યાં અને આપનાં સ્તવનો ગાવા લાગી.

પ્રિયદેવ મહાવીર પ્રભો! આપે માતાપિતા પર પ્રેમની પરાકાષ્ઠા બતાવી. આપની માતૃપિતૃભક્તિને અનંતવાર ધન્યવાદ ઘટે છે. કલિયુગમાં માતાપિતાની ભક્તિ માટે આપનું દૃષ્ટાંત બસ છે. પ્રભુ મહાવીરદેવ! આપે આજ સુધીનાં આપનાં સર્વ જીવન-વૃત્તાંતો મને જણાવ્યાં છે. આપે આપની માતાને પરમ સંતોષ આપ્યો. એ આપ પ્રભુનું અત્યંત પ્રેમથી વહન કરવા લાગી. તે વખતે વૈદેહી ત્રિશલા માતાને વૃદ્ધ પંડિતાઓ નીચે પ્રમાણે શિખામણો આપવા લાગી. જોકે સર્વ શક્તિમતી વિદુષી વૈદેહી ત્રિશલા-દેવી સર્વ બાબતોને જાણતાં હતાં, તો પણ તેઓ ગંભીર બનીને

વૃદ્ધ પંડિતાઓની શિખામણો સાંભળવા લાગી.

**વૃદ્ધાઓની ત્રિશલાદેવીને શિખામણ :**

હે વૈદેહી ત્રિશલા દેવી ! તું હળવે હળવે ચાલ. મનમાં કોઈપણ જાતના શોકનો વિચાર ન લાવ. શોક કરવાથી ગર્ભ પર શોકની અસર થાય છે. ઝડપથી ન ચાલ. શ્રીમતી ત્રિશલાદેવી ગર્ભનું સારી રીતે પરિપાલન કરવા લાગી. અત્યંત શીત, અત્યંત ઉષ્ણ, અતિ કડવા, અતિ તીખા, અત્યંત લૂખા, સડેલા, બગડેલા, વિષમિશ્રિત થયેલા, અતિ ખારા, અત્યંત ખાટા, અતિ મીઠા, અતિ સ્નિગ્ધ, કુત્સિત, અત્યંત શુષ્ક, અત્યંત આર્દ્ર પદાર્થોનું વર્જન કરી શ્રીમતી ત્રિશલારાણી આહારભોજન કરવા લાગી. તથા સ્વચ્છ આરોગ્યવર્ધક જળનું પાન કરવા લાગી. આકાશમાં ઊંચે ચઢવાનો ત્યાગ કરવા લાગી. સુગંધી પુષ્પોની માળા ધારણ કરવા લાગી. ગર્ભને ત્રાસ થાય એવી કોઈપણ પ્રવૃત્તિ કરવા ન લાગી. સુગંધી ચૂર્ણવાસનું ગ્રહણ કરવા લાગી.

અતિ શીતલ પદાર્થથી વાયુ થાય છે. અત્યંત પિત્તકારક પદાર્થો ખાવાથી પિત્ત થાય છે. વાયુવાળા પદાર્થો ખાવાથી ગર્ભ કુબ્જ, અન્ધ, જડ અને વામન થાય છે. અત્યંત પિત્તકારક પદાર્થો ખાવાથી ગર્ભ સ્ખલે છે, પિંગલ થાય છે. કફવાળા પદાર્થો ખાવાથી કોઢ આદિ રોગવાળો થાય છે. અતિ લવણ ખાવાથી નેત્રશક્તિનો ક્ષય થાય છે. અતિ શીત ભોજન લેવાથી વાયુનો પ્રકોપ કરે છે. અત્યંત ઉષ્ણ ભોજન ખાવાથી બળનો ક્ષય થાય છે. હદ બહાર ભોજન કરતાં જીવિતવ્યનો ક્ષય થાય છે.

ગર્ભ રહ્યા બાદ મૈથુનકર્મનું વર્જન કરવાનું કહ્યું છે તે ઠેઠ બાળક ધાવણનો ત્યાગ કરે ત્યાં સુધી જાણવું. ગર્ભ રહ્યા બાદ અને વૃદ્ધિ પામ્યા પછી યાનમાં ન બેસવું, વાહનમાં ન બેસવું, અત્યંત ચાલવું નહીં. ચાલતાં પડી જવાથી ગર્ભને આઘાત પહોંચે છે માટે ધીમે ધીમે ચાલવું. ગર્ભની વૃદ્ધિ થયા બાદ ઊલટપુલટ

ગુલાંટો કે ચકરીઓ ન ખાવી. અત્યંત વેગથી ન દોડવું. શરીરને અભિઘાત લાગવા ન દેવો. વિષમ આસને ન બેસવું. ગર્ભ રહ્યા બાદ ઉપવાસ ન કરવા. મૂત્ર અને ઝાડાનો વેગ ન રોકવો મૂત્ર અને વિષ્ટાના વેગને રોકવાથી નેત્રની શક્તિ વિનાશ પામે છે અને અન્ય આયુક્ષયકારક રોગો પ્રકટે છે. મધુમેહી, ક્ષયરોગી, કોઢી, રક્તપિત્તિયા વગેરે રોગીઓની પેશાબ કરેલી જગ્યા પર પેશાબ ન કરવો. સાત્ત્વિક દેવ–દેવીઓનાં દર્શનકારક ચિત્રો જોવાં. પોતાના પતિનું દર્શન કરવું. અતિ ભોજન ન કરવું. કોઈ પદાર્થ પર અતિ રાગ ન કરવો. અતિ શોક ન કરવો. મનની સમાનતા જાળવવી. જુલાબ ન લેવા. અતિ ક્ષારવાળા પદાર્થો તથા અતિ ગરમી કરનારા પદાર્થો ન ખાવા. વમન ન કરવું. હીંડોળામાં હીંચવું નહીં. સંધ્યા વખતે હસવું નહીં કે રોવું નહીં. અજીર્ણ થાય એવું ખાવું નહીં. દરેક ઋતુમાં ખાવા યોગ્ય પદાર્થો ખાવા અને ત્યાગ કરવા યોગ્ય પદાર્થો ત્યાગ કરવા. પીવા યોગ્ય પાણી પીવું.

દિવસના વખતમાં ગર્ભવતી સ્ત્રી સૂઈ રહે છે તો તેનું સંતાન ઊંઘણશી થાય છે. આંખોમાં કાજળ આંજવાથી અંધાપાવાળાં સંતાન થાય છે. વિષમાસને બેસવાથી તથા સૂઈ રહેવાથી સંતાનોનાં અંગમાં ખોડખાંપણ થાય છે. ગર્ભવતી સ્ત્રીના અત્યંત રુદનથી સંતાનની દૃષ્ટિ વિકૃત થાય છે. ઘણું સ્નાન–લેપન કર્યાથી સંતાન દુઃશીલ થાય છે. તૈલાભ્યંગથી કુષ્ઠી થાય છે. નખ કપાવવાથી કુનખી થાય છે. અત્યન્ત દોડવાથી સંતાન ચંચલ થાય છે. ગર્ભવતી અત્યન્ત હસે છે તો સંતાન શ્યામદંતયુક્ત થાય છે અને ઓષ્ઠ પણ કાળા થાય છે. ગર્ભવતી સ્ત્રી અત્યન્ત બોલબોલ કરે છે તો સંતાન બકવાદી અને બહુપ્રલાપી થાય છે. ગર્ભવતી સ્ત્રી અત્યન્ત શ્રવણ કરે છે તો સન્તાન બધિર થાય છે. ગર્ભવતી સ્ત્રી ઘણો વાયુ ખાય છે તો સંતાન ઉન્મત્ત થાય છે. ગર્ભવતી સ્ત્રી અત્યન્ત પરિશ્રમ લે છે તો સંતાન નબળું થાય છે. ગર્ભવતી શૂરાઓની અને યુદ્ધની વાતો સાંભળે છે તો તેના સંતાનમાં શૂરાતન

આવે છે. ગર્ભવતી સ્ત્રી ભક્ત–મહાત્માઓની વાર્તાઓ સાંભળે છે તો તેના સંતાનમાં ભક્તદશા પ્રગટે છે. ગર્ભવતી સ્ત્રીઓના દોહલાઓ પૂર્ણ કરવામાં આવે છે તો તેઓનાં સંતાનો ધારેલાં કાર્યોની સિદ્ધિ કરે છે.

ગર્ભવતી સ્ત્રીએ અત્યંત ક્રોધ, અત્યંત માન, અત્યંત હઠ, અત્યંત લોભ ન કરવો જોઈએ તથા ક્લેશ–ઝઘડો ન કરવો જોઈએ. ગર્ભવતી સ્ત્રી જો પતિની સાથે ક્લેશકંકાસ કરે છે તો તેનાં સંતાનોમાં પિતૃમાતૃભક્તિ પ્રગટતી નથી. ગર્ભવતી સ્ત્રી એકલા સ્વાર્થના વિચારોમાં નિમગ્ન રહે છે તો તેનાં સંતાનો એકલપેટાં થાય છે. ગર્ભવતી સ્ત્રી વ્યભિચાર કે લંપટપણાના અત્યંત વિચારો કરે છે તો તેનાં સંતાનોમાં વ્યભિચારપણું પ્રગટે છે. ગર્ભવતી સ્ત્રીના શુભાશુભ વિચારોની ગર્ભ પર અસર થાય છે. ગર્ભવતી સ્ત્રી જે પ્રમાણમાં ઉદાસ હોય છે તે પ્રમાણમાં ગર્ભ ઉપર ઉદાસપણાની અસર થાય છે. માતાપિતા જેવાં હોય છે તેની તે પ્રમાણમાં ગર્ભ ઉપર અસર થાય છે. ગર્ભવતી સ્ત્રી કે પિતા જેવા રોગવાળાં હોય છે તેની અસર જન્મનાર બાળક પર થાય છે અને તેથી વંશપરંપરાએ આવનારા એવા રોગોવાળાં સંતાનો બને છે.

ગર્ભવતી સ્ત્રીએ યોગ્ય પ્રમાણમાં ખાવું તથા કોઈની સાથે ક્લેશ કરવો નહીં અને સ્વતંત્ર તેમ જ નિર્ભય રહેવું. ગર્ભવતી સ્ત્રીએ ભયાનક તથા રોગ–શોકકારક સ્થાનોનો ત્યાગ કરવો. ગર્ભવતી સ્ત્રીએ દેવ–ગુરુનું સ્મરણ કરવું, સાધુ–સંતોની ભોજનાદિકથી ભક્તિ કરવી તથા ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરવું. ગર્ભવતી સ્ત્રીએ કોઈની નિંદા કરવી નહીં. તેણે ખુલ્લા આકાશમાં સૂવું નહીં તથા પદાર્થો પર અત્યંત આસક્તિ રાખવી નહીં. ગર્ભવતી સ્ત્રીએ જૈનધર્મની શ્રદ્ધા રાખવી અને મિથ્યાબુદ્ધિનો ત્યાગ કરવો. ગર્ભવતી સ્ત્રીએ પ્રભુના નામનો જાપ જપવો અને વહેમી વિચારોને દૂર કરવા. ગર્ભવતી સ્ત્રીએ ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી અને મનને પોતાના

કબજામાં રાખવું. ગર્ભવતી સ્ત્રીએ સત્ય બોલવું અને મનને આનંદ ઊપજે એવી રીતે સર્વ બાબતોમાં વર્તવું.

અતિમાદક કેફી પદાર્થોના ભક્ષણથી સંતાનો દારૂ વગેરે કેફી પદાર્થોના વ્યસની બને છે. ગર્ભવતી સ્ત્રીએ માંસાદિક અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ ન કરવું. ગર્ભવતી સ્ત્રીએ ધર્મવતી ગુણી સ્ત્રીઓની સંગતમાં રહેવું. ગર્ભવતી સ્ત્રીએ અટ્ટહાસ્ય ન કરવું. ગર્ભવતી સ્ત્રીએ સત્ય બોલવું અને મન-વાણી-કાયાની પવિત્રતા જાળવવી. ગર્ભવતી સ્ત્રીએ નિયમસર નિદ્રા લેવી અને મનમાં આત્માની શુદ્ધતાના વિચારો કરવા.

આ પ્રમાણે ઉપદેશ તે વૃદ્ધા નારીઓ દેવા લાગી અને તે પ્રમાણે સર્વથા શ્રીમતી ત્રિશલારાણી વર્તવા લાગી.

**ભગવાન મહાવીરનો જન્મ :**

ઉચ્ચ ગ્રહો થયે છતે ચૈત્ર સુદિ તેરસની મધ્યરાત્રિએ આપ પરમાત્મા પ્રિયેશ્વર મહાવીરનો જન્મ થયો અને તેથી વિશ્વ શાન્તિના શ્વાસોચ્છ્વાસ લેવા લાગ્યું. ત્રણે ભુવનમાં આપના પ્રભુ-અવતારથી આનંદ વર્તી રહ્યો. નારકોના જીવો પણ ઘડી શાન્તિ પામ્યા. દેવેન્દ્રોએ ભેગા થઈ આપનો મેરુપર્વત પર જન્માભિષેક કર્યો અને છપ્પન દિક્કુમારિકાઓએ પ્રસૂતિગૃહ બનાવી પ્રસૂતિ-કાર્ય કર્યું. સમ્યક્ત્વજ્ઞાની સિદ્ધાર્થ રાજાએ પોતાના નગરમાં દસ દિવસ મહોત્સવ કર્યો. પોતાના રાજ્યમાં તથા ઋષિઓના આદેશથી ભારતદેશમાં સર્વત્ર આનંદમહોત્સવ થવા લાગ્યા. પ્રિય પ્રભો ! આપનું માતપિતાએ સર્વ પ્રકારે સર્વ શક્તિઓ અને ઋદ્ધિઓથી વૃદ્ધિ પામવાથી તેમ જ રાજ્યવૈભવથી વૃદ્ધિ પામવાથી દસમા દિવસે સર્વ લોકોને જમાડી 'વર્ધમાન' નામ પાડ્યું.

હે પ્રભો ! સર્વ ઇન્દ્રો અને દેવોએ તેમ જ સૂર્ય, ચંદ્ર, યક્ષ, મહાદેવીઓએ મને જણાવ્યું છે આપના સ્મરણથી જે ગર્ભ-

વતી સ્ત્રીઓ દુઃખી થતી હશે તેઓના ગર્ભનો છુટકારો થશે અને તેઓને પિશાચાદિકનો છળ કે ભય થશે નહીં. જે ગર્ભવતી સ્ત્રીઓ કળિયુગમાં આપની પૂજા અને ભક્તિભાવના કરશે તેઓને પ્રસવ થતાં મૃત્યુ વગેરેનાં દુઃખો નડશે નહીં. જે ગર્ભવતી સ્ત્રીઓ ગર્ભ રહ્યા પછી આપના નામનો જાપ જપશે અને આપનું ચરિત્ર સાંભળશે, વાંચશે અને તેનું મનન કરશે તેઓ રૂડા વીર પુત્રોને જન્મ આપનારી થશે. આપનાં નામસ્મરણ, ગુણકીર્તન અને ધ્યાનથી ગર્ભવતી સ્ત્રીઓ અનેક સંકટ અને દુઃખોથી મુક્ત થાય છે અને થશે. ગર્ભવતી સ્ત્રીઓ આપના ગુણોમાં ઊંડા ઊતરીને આપના પદને પામે છે. જે ગર્ભવતી સ્ત્રીઓ આપની શ્રદ્ધાભક્તિ ધારણ કરે છે અને બાળક જન્મ્યા બાદ આપના ભક્તવર્ગને યથાશક્તિ જમાડે છે અને આપનો ઉત્સવ કરે છે તે ફરીથી સંકટ પામતી નથી.

પ્રિય પ્રભો મહાવીરદેવ ! આપના જન્મથી સકલ વિશ્વમાં મહાવીરચૈતન્ય વિલસવા લાગ્યું છે અને સર્વત્ર મનુષ્યોમાં આત્મમહાવીરશક્તિઓની જાગૃતિનો ઘોષ થવા લાગ્યો છે. આપના બોધ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને ત્યાગીઓ વર્તવા લાગ્યા છે. પરબ્રહ્મમહાવીર પ્રભુ સ્વામિન્ ! આપે માતાના પેટમાં રહ્યા છતાં માતા પ્રતિ કેવી રીતે વર્તવું તે વિશ્વના લોકોને જેવી રીતે જણાવ્યું છે એવી રીતે કોઈપણ ઈશ્વરાવતારે જણાવ્યું નથી.

**ભગવાન મહાવીરની બાળક્રીડા :**

આપ પાંચ વર્ષના થયા ત્યારે અનેક બાળકો સાથે નિર્દોષ રમત રમતા હતા અને હજારો બાળકોને આપના પ્રેમી બનાવ્યા છે. નાના બાળકોએ આપનું પરમેશ્વરત્વ સાક્ષાત્ અનુભવ્યું છે. આપનો સહવાસ છોડીને આપના બાળગોઠિયાઓને પોતાને ઘેર ખાવા જવું પણ ગમતું નહોતું. આપના બાળગોઠિયાઓને આપ પ્રભુએ રમતના ક્રીડારસમાં અનેક જાતનું એટલું બધું શિક્ષણ આપ્યું છે કે જેથી તેઓનાં હૃદયમાં આપ ઊતરી ગયા અને જ્યાંત્યાં બસ આપને જ જોવા

લાગ્યા અને એક ક્ષણ પણ જુદા રહેવા ન લાગ્યા. તેઓ સ્વતંત્ર શુદ્ધ દશાને યોગ્ય થયા. પ્રભો ! આપ બાળકોના ભેગા બાળકો જેવા બની રહ્યા એ એક આશ્ચર્ય છે. બાળકોની સાથે જેઓ બાળક જેવા બને છે તેવા ઈશ્વરી અવતારો બાળકોને ઉચ્ચ કરી શકે છે. આપનું બાલ્યાવસ્થાનું જીવન ખરેખર ઇન્દ્રોના ઇન્દ્રોને પણ પ્રાપ્ત થવું દુર્લભ છે. આપ પ્રભુએ સ્વબોહિયાઓને રમતગમતમાં સ્વર્ગમય જીવનવાળા બનાવી દીધા અને તેઓએ આપ પરમેશ્વરને ઓળખી લીધા. બાળકોની ઉન્નતિમાં દેશ, કોમ, પ્રજા, સંઘ,રાજ્ય આદિની ઉન્નતિ સમાયેલી છે એમ આપે રહેણીથી વિશ્વને આદર્શ ચારિત જણાવી આપ્યું.

પ્રભો ! આપ ચોમાસાની ઋતુમાં પાંચ વર્ષના હતા ત્યારે અનેક બાળકો સાથે આમલકી ક્રીડાની રમત રમતા હતા. તે વખતે પ્રથમ દેવલોકમાં સુધર્મેન્દ્રે સર્વ દેવો અને દેવીઓની આગળ આપના આત્મબળથી પ્રશંસા કરી : 'પશુઓમાં બળવાન સિંહ છે. સિંહ કરતાં અષ્ટાપદ જાનવર વિશેષ બળવાન છે. તેના કરતાં બળદેવ વિશેષ બળવાન છે. બળદેવ અને પ્રતિવાસુદેવ કરતાં ચક્રવર્તી અસંખ્યગણો બળવાન છે. ચક્રવર્તી કરતાં વ્યન્તરદેવ, તેના કરતાં ભવનપતિ દેવો, તેના કરતાં જ્યોતિષી દેવો અને જ્યોતિષી દેવો કરતાં વૈમાનિક દેવો અત્યન્ત બળવંત છે. ભવનપતિ વગેરે દેવો પૃથ્વીનું છત્ર કરવાને અને મેરુપર્વતનો દંડ કરવાને શક્તિમન્ત છે. દેવો કરતાં ઇન્દ્રો અનંતગણા બળવાન છે..તેઓ વિશ્વની ચપટી કરીને આકાશમાં ઉડાડી દેવા શક્તિમંત છે. ઇન્દ્રો કરતાં પણ તીર્થંકર પરમાત્મા પ્રભુ અનંતાનંત અપરંપાર શક્તિમાન છે. તેમની શક્તિ આગળ દેવો અને ઇન્દ્રોની શક્તિ એ એક પરમાણુ જેટલી છે, ત્યારે પ્રભુ મહાવીર પરમાત્માની શક્તિ સર્વ વિશ્વ અને સર્વ દેવો કરતાં અનંતગણી છે. હે દેવો અને દેવીઓ ! સાંભળો. પ્રભુ મહાવીર ભારતદેશમાં ક્ષત્રિયકુંડ નગરની બહાર વડ,

પીપળા, આંબલીઓ પર ચડવાની રમત રમે છે. અહો ! અનંત શક્તિમય પ્રભુ છતાં બાળકો સાથે બાલ્યાવસ્થામાં કેવી રીતે ગંભીર ભાવથી રમે છે અને આનંદરસ ભોગવે છે.'

આ પ્રમાણે ઇન્દ્રે કરેલી આપની પ્રશંસા સાંભળીને આપની શક્તિનો અવિશ્વાસી એક દેવ આપની પરીક્ષા લેવા આવ્યો અને બાળક બની સર્વ બાળકો ભેગો રમવા લાગ્યો. તે હાર્યો અને આપનો દાવ આવ્યો તેથી આપ તેના સ્કંધ ઉપર ચઢ્યા. તે વખતે દેવે પોતાનું શરીર એટલું બધું વધાર્યું કે તેનું શરીર સૂર્યના વિમાનને અડવા લાગ્યું. આપે તેનું અવધિજ્ઞાનથી સ્વરૂપ જાણી લીધું અને તેને નિઃસંશય કરવા સારું તેના મસ્તક પર એક મુક્કી લગાવી દીધી. તેથી દેવે શરીર સંકેલી લીધું અને મચ્છર જેટલું શરીર બનાવી દીધું. તે દેવ આપને મેરુપર્વત જેટલા શરીરવાળા દેખવા લાગ્યો. જ્યાં જ્યાં દેખે ત્યાં ત્યાં આપ વિના બીજું કાંઈ તેને દેખાવા ન લાગ્યું. તે ભયથી કંપવા લાગ્યો અને આપની પરબ્રહ્મ મહાવીર પ્રભુ તરીકે પ્રશંસા કરવા લાગ્યો. આપનું શરણ અંગીકાર કરીને તે આપનો ભક્ત બન્યો. આપે તેને નિર્ભય ભક્ત કર્યો.

પછી એ દેવે મોટા પચાસ હાથ લાંબા સીસમના પાટડા જેટલું લાંબું સર્પનું રૂપ ધારણ કર્યું અને આંબલીના વૃક્ષના થડે વીંટાઈ વળ્યો. અન્ય બાળકો એવા મોટા સર્પને અને તેની જિહ્વાના લબકારા, ફુત્કાર અને અગ્નિના તણખા જેમાંથી નીકળે છે એવી આંખો દેખી નાસી ગયા. આપ પ્રભુએ તેવા મોટા સર્પનું પૂંછડું ઝાલીને ખેંચી આકાશમાં મેરુપર્વત જેટલો ઊંચો ઉછાળી દીધો અને બાળકોને બોલાવી સર્વને નિર્ભય બનાવી રમવા લાગ્યા. તેથી ઇન્દ્રોએ અને દેવોએ આપનું 'મહાવીર' એવું નામ સ્થાપન કર્યું. આપની પ્રભુતા બાલ્યાવસ્થાની ક્રીડાઓથી સર્વ બ્રહ્માંડોમાં વિસ્તાર પામી.

શ્રી ત્રિશલાદેવીના મુખથી આપની પરમેશ્વરી ક્રીડાનું વર્ણન સાંભળ્યું હતું અને બાલ્યાવસ્થામાં મેં અનેક ઋષિ-મુનિ-

ગૃહસ્થાવર્ગના મુખથી એવી વાત સાંભળી હતી. સર્વ વિશ્વના પ્રભુ આપ છો. પ્રભો પ્રિયતમ! આપની બાલ્યાવસ્થાનું જે બાળકો ધ્યાન ધરે છે અને આપની બાલ્યાવસ્થાને જે બાળકો મન-વાણી-કાયામાં ઉતારે છે તેઓ આપની કૃપાને પાત્ર બને છે અને બનશે. પ્રભો! આપે બાલ્યાવસ્થામાં અનંત શક્તિમય છતાં જે ગંભીરતા ધારણ કરીને બાળકોની આગળ બાલ્યાવસ્થાનું આદર્શ જીવન રજૂ કર્યું છે તેવું કોઈએ પૂર્વે કર્યું નથી અને ભવિષ્યમાં કોઈ કરશે નહીં.

**ભગવાન મહાવીરનો વિદ્યાભ્યાસ :**

પ્રભુ દેવ સર્વવિશ્વપતે! મારા અન્તર્યામી! આપ જ્યારે આઠ વર્ષના થયા ત્યારે આપનાં માતાપિતાના મનમાં આપને શાળામાં અભ્યાસ કરવા મૂકવા વિચાર થયો. પૂર્વના પાર્શ્વનાથ આદિ તીર્થંકરોનાં મંદિરોમાં મહોત્સવો થવા લાગ્યા. આપ પ્રભુએ આ બધું જાણતાં છતાં માતાપિતાને એમ ન કહ્યું કે હું સર્વજ્ઞ છું. મહોત્સવપૂર્વક, મહાસવારીપૂર્વક, અનેક બાળકોને અનેક જાતનાં વિદ્યા સંબંધી ઉપકરણો આપવાપૂર્વક, અનેક પ્રકારની સુખડીઓ વહેંચવાપૂર્વક આપ પ્રભુને હાથી પર બેસાડવામાં આવ્યા. ચારે પ્રકારનું લાખો મનુષ્યોનું સૈન્ય ચાલવા લાગ્યું. નગરશેઠો, મંત્રીઓ, કોટવાળો, ઋષિઓ, ક્ષત્રિયો, વૈશ્યો, બ્રાહ્મણો આપની પાછળ શ્રી સિદ્ધાર્થ રાજાની સાથે ચાલવા લાગ્યા. આપ સર્વ જાણતા છતાં મૌન રહ્યા. વિદ્યાધામ એવા ગુરુકુળ પાસે વરઘોડો—સવારી ઊતરી. આપને વિદ્યાગુરુની પાસે બેસાડવાની તૈયારી કરવામાં આવે છે એટલામાં ઇન્દ્રનું ઇન્દ્રાસન કંપવા લાગ્યું. તેથી ઇન્દ્રે અવધિજ્ઞાનથી સર્વ વૃત્તાન્ત જાણી લીધો અને તે એક ક્ષણમાં બ્રાહ્મણનું રૂપ લઈ, આપની સમક્ષ આવીને સર્વ લોકોને તથા વિદ્યાગુરુને કહેવા લાગ્યો કે 'અહો! આ વિશ્વપ્રભુ મહાવીર વિભુ, જે સર્વ વિશ્વના સર્વ પદાર્થોને જાણનાર સર્વજ્ઞ છે, છતાં અહો! આ વિદ્યાગુરુની પાસે ભણવા આવ્યા છે તે મહા આશ્ચર્ય અને કૌતુક છે.'

સર્વને ઇન્દ્રના બ્રાહ્મણાકૃતિરૂપના મુખથી આવું સાંભળતાં આશ્ચર્યનો પાર રહ્યો નહીં. વિદ્યાગુરુના મનમાં જે જે વિદ્યાઓ સંબંધી સંશયો હતા તે ઇન્દ્રે આપને પૂછ્યા. આપે તેના ઉત્તર આપ્યા. ગણિત, જ્યોતિષ, શબ્દશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને સર્વ વેદમંત્રો સંબંધી જે જે સંશયો પૂછ્યા તે સર્વના ઉત્તર આપે કહ્યા. તેથી વિદ્યાગુરુ વગેરે સર્વ વિદ્વાનો, બ્રાહ્મણો, ઋષિઓ આપને નમી પડ્યા. દુનિયાનાં સર્વ શાસ્ત્રોનો આપ ઉચ્ચાર કરવા લાગ્યા. સર્વ વેદોના મંત્રો, ઇન્દ્રના કહેવા પ્રમાણે તેના પર કૃપા કરી, બોલી ગયા. યોગમાર્ગનાં અનેક ગુપ્ત રહસ્યોના ઉત્તર આપ્યા. આત્મજ્ઞાન સંબંધી સર્વ પ્રશ્નોના ઉત્તર આપ્યા. તેથી મનુષ્યો અને દેવોએ આપની સર્વજ્ઞ મહાવીર પરમાત્માવતાર તરીકે પ્રશંસા કરી. વિદ્યાગુરુએ ચરણમાં પડી અજ્ઞાનપણે થયેલી આ આશાતનાની માફી માગી. ઇન્દ્રે સર્વ લોકોની આગળ આપ પોતે પ્રભુ પરમાત્મા છો એવું જાહેર કર્યું. તેથી સિદ્ધાર્થ રાજા શરમાઈ ગયા. આપ પોતે પ્રભુ સર્વજ્ઞ છો એવી તેમણે શ્રદ્ધા ધારણ કરી અને પોતાની ભૂલ થઈ તેથી પસ્તાવા લાગ્યા. આપ સર્વજ્ઞ છતાં શાળામાં જતાં આટલા બધા ગંભીર રહ્યા, પોતાની સર્વજ્ઞતા ન જણાવી—એ કોઈ સામાન્ય બાબત ન સમજાય. આવી જ્ઞાનની અવસ્થામાં ગંભીરતા ધારણ કરનાર આપ જ છો. આપે વિશ્વના લોકોને ગંભીરતાનું શિક્ષણ આપવાનું વર્તન બતાવ્યું છે.

**ભગવાન મહાવીરની મહત્તા :**

આપ પ્રિય પ્રભુએ પોતાના નિર્ધન સહચરોને ધનવંત અને જ્ઞાનવંત બનાવ્યા. અનેક રાજપુત્રોને સર્વ પ્રકારની રાજકીય નીતિઓનું શિક્ષણ આપ્યું. આપ પ્રભુએ રોગીઓને નીરોગી બનાવ્યા, અંધાઓને આંખો આપી, પંગુઓને પગ આપ્યા, બોબડાઓને બોલતાં કર્યાં, બહેરાઓને સાંભળતા કર્યા, નાક વિનાઓને નાક આપ્યાં, અશક્તોને શક્તિઓ આપી, લાખો મનુષ્યોને આત્મા-

મૃતપાનથી સજીવન કર્યા, ગાંડાઓને ડહ્યા કર્યા. આપ પ્રભુએ જે જે ચમત્કારો કર્યા તેઓનો ગણતાં પાર આવે તેમ નથી. આપ પ્રભુએ આપના આત્માઓને વિશ્વદર્શન કરાવી આપના પરમભક્ત કર્યા. આપ એક હજાર ને આઠ સુલક્ષણથી લક્ષિત દેહવાળા છો. આપ ચક્રવર્તી થવાના છો એવી દૈવજ્ઞોની વાણીથી અનેક દેશના રાજપુત્રો આપની સેવામાં હાજર થયા હતા. તેઓને આપે પ્રભુ-અવતાર તરીકે પોતાનો પરિચય કરાવ્યો અને તેઓએ સર્વત્ર અનેકરૂપે આપનાં દર્શન કર્યાં. આપે વિશ્વના સર્વ લોકોને યાત્રાનો બોધ આપવા નિમિત્તે આ પૃથ્વીની સપાટી પર આવેલા વિશ્વના સર્વ ખંડો પર પગલાં કર્યાં.

આપ ઈશ્વરે હિમાલયમાં અનેક ઋષિઓને ગુપ્ત આધ્યાત્મિક જ્ઞાન આપ્યું. શ્રી ગંગાનદીના જળ પર ચાલીને આપ ગંગાની પાર ગયા. ગંગા, બ્રહ્મપુત્રા, યમુના તથા સરસ્વતી નદીઓને પોતાના ચરણકમળથી પવિત્ર તીર્થરૂપ બનાવી તથા સિંધુ નદીને સ્પર્શી પવિત્ર બનાવી. પવિત્ર કૈલાસપર્વત પર ગમન કરી અને ત્યાંના સિદ્ધ, દેવો, ઋષિઓ વગેરેને આપે દર્શન આપ્યાં તથા તેઓને તત્ત્વજ્ઞાન આપ્યું. આપે ઉત્તરકુરુદેશના વાસીઓને બોધ આપ્યો. મેરુપર્વત પર ગમન કરી અને ત્યાં અનેક સિદ્ધર્ષિઓને દર્શન કરાવી પાવન કર્યા. ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ, પૂર્વ એમ ચારે તરફના ખંડોમાં આપે આત્મબળે ગમન કર્યું. આપ અનેક સમુદ્રો પર ચાલી પાર ગયા, અનેક નદીઓને ઊતરી ગયા, અનેક પર્વતો ઉપર આરોહણ કર્યું. સર્વ પ્રકારના વર્ણવાળા લોકોને આત્મજ્ઞાનથી જાગ્રત કર્યા. વિશ્વમાં સર્વ વિદ્યાઓ અને કળાઓનું આપ પ્રભુએ શિક્ષણ આપ્યું. આપ પ્રભુને સર્વ કષાયોની અસર થતી નથી. વિશ્વપ્રકૃતિની શક્તિઓ આપની આજ્ઞાનુસારે વર્તે છે. આપ પ્રકૃતિના સ્વામી છો.

આપની દૃષ્ટિ જેઓના પર પડે છે તેઓ આપનું પ્રભુ-

સ્વરૂપ પરિપૂર્ણ અવલોકી શકે છે. આપના સમાગમથી સંશયાત્માઓના સંશયોનો નાશ થાય છે. આપે લાખો ભક્તોને અનેક પર્યાયાવસ્થાએ દર્શન કરાવ્યાં છે. સર્વાવસ્થામાં એક ચૈતન્યસત્તાસાગરરૂપ આપ વ્યાપક છો. ચૈતન્યસત્તાસાગરના મહાવ્યક્તિતરંગરૂપ આપનો સાકારાવતાર છે અને અનંત પરબ્રહ્મ જ્યોતિરૂપ આપ નિરાકારરૂપે અનંત છો. આપના પરબ્રહ્મસત્તાસાગરમાં આપ આપના ગુણપર્યાયવંત સાકાર અસંખ્યાવતાર હેતુ સંબંધિ થયા, તેથી આપ પોતે ઈશ્વર—દેવના અનંત લઘુ–મહત્તમ અવતારરૂપ છો અને હાલ સર્વ અવતારોમાં શ્રેષ્ઠ ઈશ્વરાવતારરૂપ છો. આપની પુણ્યરૂપ ઔદયિક લીલામાં આપ નિર્લેપ છો. આપ પ્રારબ્ધકર્મના નિર્લેપપણે ભોક્તા છો.

પુદ્ગલાદિ દ્રવ્યના પર્યાયો, અનેક પરમાણુ પુદ્ગલ પર્યાયો પંચભૂતરૂપ પુદ્ગલ, આકાશતત્ત્વ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ, રાગદ્વેષની પરિણતિ, મન તેમ જ શુભાશુભ બુદ્ધિ ઈત્યાદિ સર્વે—જે આત્માઓથી વસ્તુતઃ ભિન્ન છે તે સર્વે—પ્રકૃતિ અર્થાત્ માયા, પરિભાષાએ, કહેવાય છે. તે માયા સર્વ જીવોને અનેક પ્રકારના અવતારો લેવાનું સ્થાન અર્થાત્ મહાયોનિ છે એમ આપે પ્રકાશ્યું છે. તે માયા–પ્રકૃતિના સર્વ ખેલ આપ ખેલો છો અને છતાં તેથી ન્યારા છો. આપ તે માયા–પ્રકૃતિને સાધનરૂપે વિવેકથી વાપરવાનું સર્વ જીવોને પ્રતિબોધો છો. આપની પાસે વિશ્વપ્રકૃતિ એક દાસીની પેઠે વર્તે છે. વિશ્વની માયા–પ્રકૃતિના જે ગુલામ બને છે અને તેની શોધમાં જે ઉદ્યમ કરે છે તેને માયા પોતાના ખેલમાં ખેંચી લે છે અને તેને વિશ્વમાં ભમાવે છે. માયામાં અપેક્ષાએ સર્વ જડ પદાર્થોનો સમાવેશ થાય છે. તેમાં આસક્તિ એ જ વસ્તુતઃ ઉપાદાન માયા છે; બાકી જડ પદાર્થો માયારૂપ નથી. તે તો માયાના નિમિત્તભૂત હોવાથી ઉપચારે માયારૂપ કહેવાય છે, એમ આપે પ્રકાશ્યું છે.

માયા અર્થાત્ મોહપરિણતિ કરતાં આત્માની શક્તિ અનંતગુણી છે. સૂર્યને વાદળાં ઢાંકે છે, પણ સૂર્યની આગળ વાદળોનું કશું કાંઈ ચાલતું નથી. સૂર્યના પ્રકાશની આગળ અંધકારનું જોર ચાલતું નથી, તેમ આત્માની આગળ માયાનું જોર ચાલતું નથી. આત્મમહાવીર આપની તાબેદાર પ્રકૃતિ છે. હે પ્રભો! આપનો મહિમા અપરંપાર છે. આપની કુદરતનો કોઈ પાર પામી શકે તેમ નથી. જડ પદાર્થોના પરસ્પરના પર્યાયોના સંબંધોથી અનેક શક્તિઓ ઉત્પન્ન થાય છે અને તેથી વિશ્વમાં મનુષ્યો જડ પર્યાયોને અનેકરૂપે પરિણમાવીને પોતાના ખપમાં લે છે. અનેક જડ પદાર્થો સંબંધી આપે જ્ઞાન આપ્યું છે અને તે જડજ્ઞાન તરીકે પ્રસિદ્ધ થયેલ છે. વિશ્વના લોકો જડનું જ્ઞાન કરીને છેવટે આત્મમહાવીરના પ્રકાશમાં પ્રવેશે છે. સર્વ જડ વસ્તુઓના ગુણ-પર્યાયોનો શોધક આત્મા છે એમ આપે પ્રકાશ્યું છે અને આત્મામાં અનંત સુખ છે એમ પરિપૂર્ણ અનુભવબોધ આપ્યો છે.

આપ દુષ્ટોનો પરાજય અને નાશ કરો છો અને ધર્મીઓનું રક્ષણ કરો છો. આપ પ્રભુની સાથે પર્વતો પર, જંગલોમાં, વનોમાં, સર્વત્ર સહચરી બની છું. જંગલોમાં અને પર્વતોમાં આપ પ્રભુની પાસે સિંહો આવીને આપને નમ્યા છે તે હું જાણું છું. તે સિંહોનો તથા મહાસર્પોનો પણ આપે પ્રેમભાવથી ઉદ્ધાર કર્યો છે અને તેઓને દેવરૂપમાં ફેરવી દીધા છે. તેથી આપની પૂર્ણ ઈશ્વરી શક્તિનું દર્શન થયું છે. આપનાં દર્શન થતાં જ પાપીઓ પાપવૃત્તિથી મુક્ત થાય છે. સત્ત્વગુણના સમૂહરૂપ વિષ્ણુના આપ મહાવિષ્ણુ છો. રજોગુણવૃત્તિના વિરાટસ્વરૂપ બ્રહ્માના આપ મહાબ્રહ્મા છો. તમોગુણસંઘરૂપ મહાદેવાવતારના આપ મહાદેવ છો. તે સર્વથી આપ અનંત પરમશક્તિરૂપ મહાવીરદેવ છો. આપ સર્વ ગુણોથી અને અનંત પર્યાયોથી અનંત છો. આપના સ્વરૂપની આદિ નથી. આપ એકાનેકરૂપ છો. આપના ભક્તોને શુદ્ધાત્મમહાવીરપદ પ્રાપ્ત

કરવામાં અને વિશ્વમાં સર્વ જીવો પર ઉપકાર કરવામાં મન–વાણી–કાયા, ક્રોધ–માન–માયા–લોભાદિ કષાયો અને પ્રવૃત્તિઓ ધર્મરૂપ, પ્રશસ્ય સાધનરૂપ, સંવરરૂપ અને નિર્જરામાં હેતુભૂત સર્વ કાલમાં થયા કરે છે, એમ આપે મને બોધ આપ્યો છે. કલિકાલમાં અર્થાત્ પંચમ આરામાં આપની શ્રદ્ધા અને પ્રેમશક્તિના બળે ભક્ત મનુષ્યોનો ઉદ્ધાર થશે.

આપ પ્રભુએ ભારત આદિ સર્વ દેશોમાં વર–વધૂના ધર્મ અને લગ્નનાં સ્વરૂપ સમજાવ્યાં છે. તેથી અનેક દુષ્ટ પાપપ્રવૃત્તિઓ બંધ પડી છે, અનેક અધર્માત્મક દુષ્ટ રિવાજોનો નાશ થયો છે.

હે પ્રભો ! આપના સ્વરૂપમાં લયલીન થયેલ એવા ભક્તો, યોગીઓ અને તપસ્વીઓને પચાસ લબ્ધિઓ અને મોટી અઠ્ઠાવીશ લબ્ધિઓ પ્રગટે છે. આપ પરમાત્મ મહાવીરદેવના પૂર્ણ શ્રદ્ધાળુ અને પ્રેમી ત્યાગીઓને આઠ પ્રકારની ઋદ્ધિ પ્રગટે છે : (૧) બુદ્ધિ ઋદ્ધિ, (૨) ક્રિયા ઋદ્ધિ, (૩) વિક્રિયા ઋદ્ધિ, (૪) તપ ઋદ્ધિ, (૫) બલ ઋદ્ધિ, (૬) ઔષધ ઋદ્ધિ, (૭) રસ ઋદ્ધિ અને (૮) ક્ષેત્ર ઋદ્ધિ. એ આઠે ઋદ્ધિઓના સર્વે મળી આપે ચોસઠ ભેદ મને જણાવ્યા છે. આપનું ધ્યાન ધરનારાઓ નવ પ્રકારની આત્મિક ઋદ્ધિને પામે છે.

પરમપ્રિય પ્રભો દેવ ! આપે યુવકોને યુવાવસ્થામાં કેવી રીતે વર્તવું તેનો સમ્યક્ બોધ આપ્યો છે. પરમપ્રિય પ્રભો ! આપે બાલિકાઓને, યુવતીઓને, વૃદ્ધાઓને ધાર્મિક બોધ આપીને આપની ભક્તિવાળાં કર્યાં છે. સર્વ પ્રજાસંઘ સર્વત્ર એક સમાનભાવે વર્તે અને એકબીજા પર વૈર લેવા ન તલપે એવો બોધ આપ્યો છે. આપ પ્રભુએ વ્યભિચારીઓનો ભારતદેશમાંથી સર્વથા નાશ થાય એવો બોધ આપ્યો છે. આપ વિભુએ ચોરોને ચૌરકર્મથી નિવૃત્ત કર્યા છે. આપ પ્રભુએ રાજાઓને ધર્મનીતિમય કરીને આપના ભક્ત બનાવ્યા છે. અધર્મસૃષ્ટિના સંહારકર્તા અને ધર્મસૃષ્ટિના કર્તા આપ છો. આપના ધર્મને જેઓ પાળે છે

અને ધર્મ પાળવામાં જેઓ રક્ત રહે છે તેઓને આપ આપના સમાન કરો છો.

હે સર્વજ્ઞ વિભો એકેશ્વર ! આપે સર્વ વિશ્વમાં ન્યાયધર્મ પ્રવર્તાવ્યો છે. સર્વ જીવો પર આપનો એકસરખો સમાન ભાવ છે, પરંતુ આપના પર જે જીવો શ્રદ્ધા-પ્રેમ ધારણ કરે છે તેઓ શિવપદ પામે છે અને જેઓ આપનું નામ પણ લેતા નથી, આપના પર શ્રદ્ધા-પ્રીતિ ધારણ કરતા નથી, ધર્મનું આરાધન કરતા નથી એવા નાસ્તિકો શિવપદ ન પામે તેમાં તેઓની ભૂલ છે. મરતાં પહેલાં બે ઘડી પણ જેઓ આપનું નામસ્મરણ કરે છે અને આપના પર શ્રદ્ધા-પ્રીતિ ધરી આપનું શરણ સ્વીકારે છે તેઓનો આપ ઉદ્ધાર કરો છો અને તેઓનાં સર્વ પાપ ધોઈ નાખો છો. સમુદ્રમાં મળનારી નદીઓ જેમ પોતાનાં નામ-રૂપ-રસનો ત્યાગ કરીને સાગરપતિને મળી તદ્રૂપ બને છે, પછી તેનાથી જુદી થતી નથી, તેમ જે જે ખંડ, દેશ અને વર્ણના લોકો પોતાનાં નામ, રૂપ, સત્તા, લક્ષ્મી વગેરેને આપમાં હોમી આપ સ્વરૂપ બને છે અને પછીથી નામ, કીર્તિ, સત્તા, લક્ષ્મીનો અંશમાત્ર મોહ થવા દેતા નથી તેઓ ગૃહસ્થ હોય કે ત્યાગી હોય, પરંતુ તેઓ સર્વથા પ્રભુપદ પામે છે. આપને પ્રભુ માનીને જે લોકો પ્રારબ્ધાનુસાર વર્તે છે તેઓ આપના જ છે.

પરબ્રહ્મ મહાવીર પ્રભો ! આપે ત્યાગ અને સંયમનું સ્વરૂપ જણાવીને મારામાં અનંત જ્ઞાનના પ્રકાશની ઝાંખી કરાવી છે. આપના ધ્યાનમાં લીન થયેલા ત્યાગીઓ અનેક પ્રકારના છે. ત્યાગીઓ, સાધુઓ, શ્રમણો, પરમહંસો, પરિવ્રાજકો, યોગીઓ, બ્રહ્મચારીઓ અનગારો, ભિક્ષુઓ, આર્યો, જિનકલ્પીઓ, વૈરાગીઓ, સ્થવિર-કલ્પીઓ, અપ્રતિબદ્ધો, સંતો, પ્રત્યેકબુદ્ધો, મુનિઓ, તપસ્વીઓ, મુક્તો, મહંતો આદિ અનેક નામધારકો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર આપ પરમબ્રહ્મ મહાવીરદેવનું ધ્યાન ધરી અને ભક્તિ

કરી અને આપને હૃદયમાં રાખી વર્તમાનમાં તથા ભવિષ્યના કલિયુગમાં વેશાચારમાં પરિવર્તન કરવા છતાં જે કાળે અને જે દેશે જેમ કરવા યોગ્ય લાગે તે કરે અને વિવેકબુદ્ધિ આગળ કરી સ્વતંત્રપણે વર્તે, એ જ આપની આજ્ઞા છે.

આપ પરમાત્મા પ્રભુએ લોકોને સ્વાશ્રયી બનાવ્યા અને બનાવો છો. વૈરનો બદલો નકામો વૈરથી ન લેવો, મનુષ્યને સુધારવાની તક આપવી અને પોતાની ભૂલો પોતે દેખી સુધરે, એવું વર્તન રાખવા માટે વિશ્વમાં ધર્મોપદેશ દીધો. મનુષ્યાત્મા સર્વ વિશ્વપતિ છે અને તે આત્મગુણો પ્રગટાવી પરમાત્મા બને છે, એમ પરમસત્ય આપે જાહેર કર્યું તેથી મનુષ્યો અનેક દુર્ગુણોથી મુક્ત થઈ આત્મશક્તિઓ પ્રગટાવવા પ્રયત્નશીલ થયા છે. આપે શ્રી ચંડપ્રદ્યોત રાજાને, શ્રી નન્દિવર્ધનને તથા શ્રી શ્રેણિકરાજાને નમૂનેદાર ઉત્તમ નીતિએ રાજ્યતંત્ર ચલાવવાનો ઉપદેશ આપ્યો છે અને તે પ્રમાણે તેઓ વર્તવા લાગ્યા છે. આપના ભક્ત એવા ગૃહસ્થ ગુરુઓ આપની ભક્તિપુર્વક વર્તવા લાગ્યા છે અને સર્વત્ર સૂર્યના પ્રકાશની પેઠે આપના નામની જયઘોષણા થઈ રહી છે, તે કોણ નથી જાણતું ? રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના ધર્મની પેલી પાર સત્ય, નિત્ય, અખંડ, પૂર્ણ, ચિદાનંદ આત્મધર્મ છે—એવા આપ સ્વયંપ્રકાશી છો. તેથી આપની અલક્ષ્ય દશાને જે અનુભવે છે તે જ આપને પાર પામી શકે છે.

અસ્તિ–નાસ્તિમય આત્માના અનંત ગુણ–પર્યાયોની અનંત સૃષ્ટિઓના ઉત્પાદક, સંહારક અને સત્તાએ ધ્રુવાત્મક કે નિત્ય એવા આપ છો. આપના અનંત અસ્તિ–નાસ્તિરૂપ ગુણપર્યાયોની અનંત સૃષ્ટિઓ આપમાં ક્ષણે ક્ષણે ઉત્પાદ–વ્યય–ધ્રુવતાને પામ્યા કરે છે.

હે પ્રભો દેવાધિદેવ ! આપે વિશ્વધર્મનો ઉદ્ધાર કરવા માટે તીર્થંકરદેહ ધાર્યો છે. આપના તીર્થંકર–અર્હંત્–પરમાત્માવતારથી કરોડો અને અબજો લોકોનો વ્યાવહારિક અને ધાર્મિક

ઉદ્ધાર થયો છે અને થશે. આપની સરસ્વતીસ્વરૂપ પ્રિયદર્શના પુત્રીમાં આપનું જ્ઞાન ઊંડું ઊતરી ગયું છે અને તે ભવિષ્યમાં આપની સાથે વિશ્વોદ્ધારના કૃત્યમાં સામેલ થશે. શ્રી સ્વયંભૂ પ્રભો ! આપ વિશ્વના સર્વ જીવો પર કૃપા કરી તેઓને ઉદ્ધરો. આપ પ્રભો ! પરમત્યાગનો આદર્શ રજૂ કરીને વિશ્વના લોકોનું કલ્યાણ કરો.

આપના વિના અન્ય કંઈ હું ઇચ્છતી નથી અને દેખતી નથી. મારી મન-વાણી-કાયાની પ્રવૃત્તિ એ જ આપની પૂજા છે. મારું હૃદય તે આપનું ધ્યાન છે. મારા સર્વ વિચારો તે આપની પૂજારૂપ બનો. મારાં મન-વાણી-કાયા તે આપને સર્વથા અને સર્વદા સ્વાર્પણ છે. કાનો આપને શ્રવણ કરવા માટે હો, આંખો આપને જોવા માટે હો, જિહ્વા આપના ગુણ ગાવા માટે હો, નાસિકા આપની ગુણ-સુગંધી લેવા માટે હો, હૃદય આપનું સ્મરણ કરવા માટે હો, પેટ આપની ભક્તિ માટે જીવનક્રિયાર્થ હો, હાથ અને પાદ આપની સેવાભક્તિ માટે હો, આત્મા આપ પ્રભુ-મય જીવને જીવવા માટે હો. આપનું સર્વ તે મારું છે અને મારું સર્વ તે આપનું છે. આપની પરાભક્તિમાં જીવન જાય. મારા દિલમાં આપ સદા એક અખંડ ઉપયોગરસથી રસીલા દેખાવ છો. આપની આજ્ઞામાં ધર્મ છે. આપ ત્યાગનો આદર્શ બતાવી અધર્મમાં રાચી-માચી રહેલા લોકોને ધર્મમાર્ગમાં વાળો. આવતી કાલે માગશર વદી દસમે આપનો ત્યાગદીક્ષામહોત્સવ છે. દેવલોકોમાંથી ઇન્દ્રો, દેવો અને દેવીઓ પધારવાનાં છે. ચોસઠ ઇન્દ્રો પધારવાના છે. આપના કાર્યમાં આપ પોતે જ મંગલભૂત થાઓ. આપના સંગમાં રહીને હું અધ્યાત્મ પરમરસને આસ્વાદી કૃતાર્થ થઈ છું.. હું આપને વંદું છું, સ્તવું છું.

## ૧૨. પ્રભુ મહાવીરદેવની આશિષ

પ્રભુ મહાવીરદેવ : શ્રીમતી યશોદાદેવી ! તારી પરાભક્તિ છે અને તું મારી સંગતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પામી છે. તું ભૂતકાલીન અને વર્તમાનકાલીન સર્વ શાસ્ત્રોમાં પંડિતા છે. તારામાં મારા ધ્યાનના પ્રતાપે અનેક લબ્ધિઓ ખીલી છે. સર્વ વિશ્વ તારા તાબે છે. ભવિષ્યમાં જે બાળાઓ અને સ્ત્રીઓ તારાં પૂજન, સેવાભક્તિ, ધ્યાન, પ્રાર્થના કરશે તેઓ આર્ય સતીઓ થશે અને તેઓ પોતાની ઇચ્છિત સર્વ શક્તિઓ પામશે. ભવિષ્યમાં મારા નામની સાથે તારા નામનો જે જાપ જપશે તેઓને તું દર્શન આપીશ અને તેઓની ઉન્નતિ થશે, એવો હું આજ રાત્રિથી વિશ્વમાં આશીર્વાદમંત્ર સ્થાપન કરું છું. તારા પવિત્ર જીવનનાં ગાન જેઓ ગાશે તેઓ સર્વ પ્રકારે સુખી થશે. તારું નામ અને શક્તિ વિશ્વમાં અમર રહેશે. અનેક સતીઓને તું સંકટસમયમાં સ્મર્યાથી તરત સહાયક થઈશ. તારા નામનો જાપ જપનારી અને તારા અનેક ગુણોનું અનુકરણ કરનારી સ્ત્રીઓને ગર્ભકાળે દુઃખ પડશે નહીં અને તેઓના શિયળ વ્રતનું રક્ષણ થશે.

મારા નામની સાથે તારું નામ જોડાશે. તારામાં પ્રેમ શ્રદ્ધા રાખનારા લોકોમાં પ્રેમભક્તિ ખીલી નીકળશે અને ગુપ્તપણે તેઓને સહાય મળ્યા કરશે. આસો માસમાં તારું ગાન કરનારી સ્ત્રીઓ

આનંદમંગલ પામશે. જેઓ મને યાદ કરે છે અને મારા માટે હૃદયમાં તલસે છે તેઓનાં હૃદયમાં મારી મૂર્તિ ખડી થાય છે. મારી સર્વાવસ્થાઓ પૈકી જે જે અવસ્થાનું લોકો ધ્યાનસંયમ કરે છે તે તે અવસ્થાની શક્તિઓ તેઓમાં પરિણમે છે. સર્વ અવસ્થાઓના આદર્શોને મેં લોકસંગ્રહાર્થે વિશ્વમાં બનાવ્યા છે અને ત્યાગાવસ્થાનો સર્વથી મહાન આદર્શ આવતી કાલથી સ્વીકારવામાં આવશે. વિશ્વમાં જે કાળે, જે ખંડે કે દેશે જે જે શક્તિઓની જરૂર પડે છે તેવા આદર્શરૂપ અવતારો જે જે થયા છે અને થશે તે સર્વ મારી સત્તાના ધ્યાનબળથી લોકોના જાણ. અનંત વિશ્વસાગરમાં સર્વ તરંગો સમાન અસંખ્ય અવતારો—ઇશ્વર થયા છે અને થશે. તેમાં સર્વથી મહાન મારો આ અવતાર સર્વ પ્રકારની અવસ્થાના આદર્શોથી પૂર્ણ સિદ્ધ બુદ્ધ થવા માટે છે. સર્વ ઇન્દ્રો, દેવો અને દેવીઓ તીર્થંકરાવતારમાં મારી સેવામાં હાજર રહે છે અને મારી સેવાભક્તિથી તેઓ છેવટે સિદ્ધ, બુદ્ધ, પરમજિન, વીતરાગ બને છે.

શ્રીમતી મહાસતી યશોદાદેવી ! બાળકો અને બાલિકાઓને મારા બોધ પ્રમાણે શિક્ષણ આપ. બાળકોની જિજ્ઞાસાવૃત્તિને પોષ. તેઓને સત્ય સમજાવ અને સત્યથી જીવે એવી રીતે તેઓના આત્માઓમાં ઊતરી જા. બાળકો ચક્રવર્તીઓ કરતાં પણ મહાન, સ્વતંત્ર, નિર્ભય નમ્ર અને છતાં સ્પષ્ટવક્તા બને એવું શિક્ષણ આપ. આત્મોન્નતિ, ધર્મોન્નતિ, રાજ્યોન્નતિ આદિ શક્તિઓનાં બીજ બાળક અને બાલિકાઓમાં જે રહેલાં છે તેને વિકસાવ. બાળક અને બાલિકાઓની ઉન્નતિ માટે અને મારી ભક્તિ સમજાવવા માટે તારાથી થાય તે કર. ભારતદેશની સ્ત્રીઓમાં જ્ઞાનાગ્નિ ચેતાવ. વિનયવંતી પ્રિયાદર્શનાને સર્વ પ્રકારની જ્ઞાનાદિ શક્તિઓના સાગરરૂપ બનાવ. બાલિકાઓમાં મહાસતીઓનાં જીવન રેડ. પોતાનો આત્મા અન્યમાં રેડયાથી અન્ય પોતાના જેવા બને છે.

જ્ઞાન સમાન કોઈ પવિત્ર નથી. સત્ય પ્રેમ સમાન કોઈ

મહાન આકર્ષક નથી. બાહ્ય જ્ઞાનમાં શુષ્કતા અને અહંકાર આવવાનો સંભવ છે, પરંતુ સત્ય પ્રેમ–ભક્તિ–સેવાની સાથે મળેલા કે પ્રગટેલા જ્ઞાનમાં શુષ્કતા રહેતી નથી. અજ્ઞાન સર્વ દોષોનું મૂળ છે અને જ્ઞાનથી સર્વ દોષોનો નાશ થાય છે. ભક્તિ–ઉપાસનાથી હૃદયની શુદ્ધતા થાય છે અને તેથી સ્થિર શુદ્ધ જ્ઞાન પ્રગટે છે. સ્ત્રીવર્ગમાં પ્રેમની શુદ્ધતા પ્રગટે છે ત્યારે તે મહાદેવીઓનો શોભા પામે છે. સ્ત્રીઓમાં, બાળાઓમાં અવ્યભિચારી પ્રેમની સ્થિરતા હોય છે તો જ તેઓ પત્ની બની સતીઓ બને છે. કુમારિકાઓ ઉત્તમ જ્ઞાનને પામે છે તો જ તેઓ મારી ભક્તિના બળે ગૃહને સ્વર્ગ સમાન બનાવે છે. બાળકોની પેઠે બાળાઓમાં સર્વ પ્રકારનું શિક્ષણ લેવાની યોગ્યતા છે. મારા ભક્ત બનો પુરુષો અને સ્ત્રીઓ એકસરખી રીતે મોક્ષ પામવાના અધિકારી બને છે. માતાઓનો તિરસ્કાર કરીને કોઈ મારો સત્ય ભક્ત બની શકતો નથી.

સ્ત્રીનાં આભૂષણો

સ્ત્રીઓને અવ્યભિચારી પ્રેમ અને શિયળવ્રત સમાન કોઈ શૃંગાર તથા ધર્મ નથી. શરીરરૂપની સુંદરતા કરતાં શિયળની સુંદરતા અનંતગણી છે. યૌવનવય જાળવવા માટે જે સ્ત્રીઓ મનને તાબામાં રાખે છે અને જેથી મન વ્યભિચાર તરફ ન જાય એવી રીતે વર્તે છે તેઓ ઉત્તમ, જ્ઞાની, શક્ત, ભક્ત, વીરોને જન્મ આપે છે અને તેઓ મારી કૃપાને પાત્ર બને છે. સ્ત્રીઓને પત્નીવ્રતરૂપ ઉત્તમ સાડી છે; ટેક–નેક–આબરૂ જાળવીને વર્તવું તે નાકનું આભૂષણ છે; દેવ–ગુરુ–પતિ–ધર્મની નિંદા નહીં સુણવારૂપ અને દેવ–ગુરુ–પતિ–ધર્મનું જ્ઞાન સાંભળારૂપ કર્ણભૂષણ છે; વિષય–વાસનારૂપ કામને બાંધવારૂપ કેશકલાપનું આભૂષણ છે; મારી આજ્ઞા મસ્તક પર ધારણ કરીને વર્તવારૂપ મસ્તકતિલક છે; મારું સ્વરૂપ પામવારૂપ હૃદયનું આભૂષણ છે, મારી ભક્તિરૂપ કંઠનો હાર છે; પત્નીના ગુણોને પ્રાપ્ત કરી વર્તવારૂપ તથા દેવ–ગુરુની ભક્તિરૂપ

હસ્તાભૂષણ છે, દાન દેવારૂપ આંગળીઓનાં આભૂષણચિહ્ન છે; પતિઓની સેવારૂપ પાદનાં આભુષણ છે. મારા શુદ્ધાત્મમહાવીરસ્વરૂપનું ચિંતન કરવા માટે મન છે. મારા ગુણ ગાવા માટે અને સત્ય બોલવા માટે તથા વ્યભિચારી લંપટોને ધિક્કારવા માટે જિહ્વા છે. સર્વ પ્રકારનાં શુભ સ્વાર્થિક અને પારમાર્થિક કાર્યો કરવા માટે દેહ છે. શિયળવ્રતના સાચવવારૂપ ચોળી છે. શિયળવ્રતના રક્ષાર્થે મૃત્યુને સ્વીકારવારૂપ કટિમેખલા છે. સહુમાં સારું જોવા માટે આંખ છે. મારી નવધા ભક્તિ કરવા માટે અને પરપુરુષથી શિયળની રક્ષા કરવારૂપ નવવાડરૂપ નવસેરો હાર છે. બાહ્ય શોભા કરતાં અંતરના ગુણોની અને કર્તવ્યકાર્યની પ્રવૃત્તિરૂપ શોભા મહાન છે—એમ સ્ત્રીવર્ગને જણાવ.

શરીરના રૂપનો મોહ ન કરવો. શરીરથી કોઈનું બૂરું ન કરવાની પ્રતિજ્ઞારૂપ ચૂંદડી છે. મારા વિના વિશ્વમાં અન્ય કોઈ પ્રાપ્તવ્ય નથી એમ જાણી જે બાળાઓ અને સ્ત્રીઓ નીતિસર ચાલે છે, સત્ય બોલે છે, સ્વાધિકારે યથાશક્તિ દયા પાળે છે, મારો બોધ વાંચે છે કે શ્રવણ કરે છે, ચોરીકર્મનો ત્યાગ કરે છે, ઘરનાં કામકાજ કરે છે, આડોશીપાડોશીઓનું ભલું કરે છે અને બૂરું કરવાનો ત્યાગ કરે છે, વ્યભિચારકર્મને કરોડો ગાઉથી દૂર પરિહરે છે તથા સુંદર પરપુરુષનાં કામી વચનોથી, રૂપથી, ધનથી, સત્તાથી, ભયથી જે પ્રાણનો નાશ કરીને શિયળવ્રત પાળે છે તેઓ અવશ્ય મુક્તિપદ પામે છે. તેઓને ખરી કટોકટીના પ્રસંગે હું સહાય કરું છું. જે સ્ત્રીઓ પતિના કઠોર શબ્દોને સહન કરે છે અને ગમ ખાય છે તેઓ પતિવ્રતધારિણી બને છે. જે સ્ત્રીઓ પોતાનાં પતિઓને ગાળો ભાંડી સતાવતી નથી અને પતિઓને સર્વ બાબતમાં સહાય કરે છે તથા વિપત્તિઓમાં અને દુઃખમાં સહચરી બની આશ્વાસન આપે છે તેઓ સતીઓ બને છે. તેથી સ્ત્રીઓનાં હૃદયોમાં મારો વાસ છે. તેઓનાં યોગક્ષેમ-મંગલોને હું વહું છું.

સ્ત્રીઓનાં અને પુરુષોનાં શરીરો પરસ્પર એકબીજાના આત્માની ઉન્નતિમાં સહાયતાર્થે છે. તેઓનો દુરુપયોગ કરવો એ જ મારી આજ્ઞાનો ભંગ છે. જે ખંડ, દેશ, કોમ અને જાતિની સ્ત્રીઓ મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે, મારા પર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ ધારે છે, કુટુંબનું પ્રતિપાલન કરે છે, બાળકોને શિક્ષણ આપે છે, બાળકોને ભય આપતી નથી, તેઓને નાઉમેદ બનાવતી નથી, પશુઓ અને પંખીઓને સંભાળે છે, રાક્ષસોની સામે પ્રસંગ પડે લડે છે અને ધર્મનું રક્ષણ કરે છે, મારા ધર્મનો પ્રચાર કરે છે, દુષ્ટોના તાબામાં ફસાતી નથી. પતિની સાથે નીતિ-પ્રેમથી વર્તે છે અને પોતાના પતિ સિવાય અન્ય પુરુષોને ભ્રાતા, પિતા, પુત્ર સમાન માને છે તેઓનાં હૃદયોમાં, ઘરોમાં, કુટુંબોમાં, કોમોમાં, દેશોમાં, ખંડોમાં હું મહાવીરશક્તિના આવિર્ભાવે પ્રગટ છું અને ભવિષ્યમાં પ્રગટ હોઈશ.

જે સ્ત્રીઓ અતિથિઓ, ત્યાગીઓ અને ગુરુઓનો સત્કાર કરે છે, જે સ્ત્રીઓ પોતાના પતિઓને વ્યસનો અને દુર્ગુણોથી અનેક ઉપાયો કરી પાછા હટાવે છે અને મારી ભક્તિના ભૂખ્યા બનાવે છે તે મારી ખરી ભક્તાણીઓ છે. જે બાળાઓ અને સ્ત્રીઓ અનેક નાસ્તિક, ધૂર્ત અને પાખંડી લોકોની દુષ્ટ અને મિથ્યા બુદ્ધિથી અંજાતી નથી, ભરમાતી નથી, મારા પર ધારણ કરેલી શ્રદ્ધા, પ્રીતિ તેમ જ નેક-ટેકમાં જરામાત્ર પણ ન્યૂનતા આવવા દેતી નથી, ઊલટી શ્રદ્ધા-ભક્તિ-સદાચાર-નીતિ-પરોપકારમાં આગળ વધે છે અને મારા સ્વરૂપમાં લયલીન બને છે તેઓ મહાસતીઓ, આર્યાઓ, સાધ્વીઓ, યોગિનીઓ, ઉપાસિકાઓ, દેવીઓ બને છે અને છેવટે મુક્ત, વીતરાગ અને અનંત જીવનવાળી બને છે.

જે સ્ત્રીઓ વારાંગના, વેશ્યા, ગણિકાઓના ધંધા કરે છે તેઓ દેશ, સંઘ, સમાજ અને રાજ્યની શક્તિઓનો નાશ કરે છે અને તેથી તેઓની અધોગતિ થાય છે. વેશ્યાવૃત્તિથી દેશમાં અને

દેશમાં વ્યભિચારની વૃદ્ધિ થાય છે અને તેથી સતીઓને ઘણું સહન કરવું પડે છે. મારી ભક્તાણી સ્ત્રીઓ વેશ્યાવૃત્તિનો પ્રાણાન્તે પણ સ્વીકાર કરતી નથી અને પ્રાણ કરતાં પણ સતીત્વને અનંતગુણ શ્રેષ્ઠ માને છે. મારી બાળાઓ જેવી તે વ્યભિચારી સ્ત્રી-પુરુષોની સંગતિ કરતી નથી. મારી ભક્તિવાળી ચારે વર્ણ-કર્મ-ગુણવાળી બાળાઓ વિદ્યા-જ્ઞાન-ગુણ-કર્મથી મારી આજ્ઞા પ્રમાણે સર્વ પ્રકારની શક્તિઓ મેળવે છે. મારી ગુણવંતી બાળાઓ અયોગ્ય લગ્ન, વરવિક્રય, કન્યાવિક્રય, પરતંત્ર લગ્ન, અપહરણ લગ્ન, ભય લગ્ન, દાસ લગ્ન, દુષ્ટ લગ્ન, અસમાન લગ્ન, વૃદ્ધ લગ્ન, સ્વેચ્છાશૂન્ય લગ્ન વગેરે વર્જ્ય લગ્નોનો ત્યાગ કરે છે અને સ્વયંવર લગ્ન વગેરે દેશકાલાનુસાર યોગ્ય અને માન્ય લગ્નનો સ્વીકાર કરે છે. તે પતિની સાથે સદ્‌ગુણોથી સંપી, સમતા રાખી પ્રવર્તે છે. જે બાળાઓ મારા પર પૂર્ણ શ્રદ્ધા-પ્રીતિ ધારણ કરીને ગંભીરતા, ન્યાય, સત્ય, પ્રામાણિકતા, ઉત્સાહ, ખંત, વિશ્વાસ, શુદ્ધ પ્રેમ, પુરુષાર્થ અને ધીરજથી સર્વ વિદ્યાઓનો અભ્યાસ કરે છે તેઓ દેશ, સમાજ, સંઘ, રાજ્ય, આત્મા, ધર્મ આદિ સર્વ બાબતોમાં આગેવાનીભર્યો ભાગ ભોગવે છે.

મારી ભક્તિ કરનારી એવી કુમારિકાઓ મારા ભક્ત અનેક્ષા અને ગુરુ તથા વૃદ્ધોની સમક્ષ જેમણે મારો જૈનધર્મ સ્વીકાર્યો છે તેઓની સાથે ગુણ-કર્મ-ધર્મ-વય-સ્વભાવ-સમાનતાએ ધર્મ્ય લગ્ન કરે છે અને મારા ભક્ત નથી એવા ચક્રવર્તીની સાથે લગ્ન પ્રાણાન્તે પણ કરતી નથી. માબાપ વગેરેની આજ્ઞા થાય તોપણ જે મારો ભક્ત નથી અને મારો જૈન નથી તેની સાથે લગ્ન કરતી નથી તે મારા પદને પામે છે. મારી ભક્તાણીઓ અધર્મમાર્ગમાં પગલું પણ ભરતી નથી. જે સ્ત્રીઓ મારા ધર્મને યથાશક્તિ સ્વીકારે છે, છેવટે ન બને તો મારા નામનો જાપ કરે છે અને મારી શ્રદ્ધા રાખે છે તેઓનો હું ઉદ્ધાર કરું છું.

પુરુષ સમાન સ્ત્રી પણ ધાર્મિક બાબતમાં એકસરખી યોગ્યતા ધરાવવાવાળી છે. સ્ત્રીઓનું દાસત્વ અને અપમાન જ્યાં હોય છે ત્યાં દાનવીરો, ક્ષાત્રવીરો, જ્ઞાનવીરો અવતાર લઈ શકતા નથી. મારી ભક્તાણીઓના ઉદરમાં સર્વ પ્રકારના ઉત્તમ વીરો પ્રગટી નીકળે છે. મારી ભક્તાણીઓ દેશ, સંઘ, રાજ્ય, ધર્મ વગેરે પર પડેલાં પરતંત્રતાનાં બંધનોનો છેદ કરી નાખે છે અને સર્વ લોકો એકસરખી રીતે સ્વતંત્રતાએ વર્તી સ્વ–પરને સહાય કરે એવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે. જે દેશમાં અને કોમમાં મારી ભક્તાણીઓ પૂજાય છે, સન્માનિત થાય છે તે ઘર, રાજ્ય, દેશ, કોમ અને સંઘમાં જીવતી સર્વ શક્તિઓ વર્તે છે અને વર્તશે. મારા જૈનો કોઈપણ સ્ત્રીની લાજ કોઈ લૂંટતો હોય તો તે વખતે પ્રાણ સમર્પણ કરી તેની લજ્જાની રક્ષા કર્યા વિના રહેતા નથી.

શ્રીમતી યશોદાદેવી ! તું સર્વ સ્ત્રીઓને શુદ્ધાત્મમહાવીરના સામ્રાજ્યમાં લાવ અને તેઓને જિવાડ. મારા બોધને જ્યારથી હૃદયમાં ઉતારીને તે પ્રમાણે બને તેટલું વર્તવામાં આવે છે ત્યારથી જાગ્રત અમર જીવન મળતું જાય છે,

મારામાં શ્રદ્ધા–પ્રેમ વિનાની, જડ વસ્તુઓમાં મોહથી આસક્ત થયેલી અને તેથી ઘરમાં પતિ વગેરેની સાથે ક્લેશ, ટંટા, વૈર, યુદ્ધ, દ્રોહ વગેરે કરનારી સ્ત્રીઓ મોહના તાબે રહે છે અને તેઓ મર્યા પછી નીચ યોનિમાં જન્મ લે છે. મારી ભકતાણીઓ જૂઠું બોલતી નથી અને બાળકોને જૂઠું બોલવા માટે પ્રેરણા કરતી નથી. તે કોઈથી ભય પામતી નથી અને દુષ્ટ વ્યભિચારીઓને શિક્ષા કર્યા વિના રહેતી નથી. તેઓ પ્રસંગ પડયે મરવામાં લેશમાત્ર સંકોચાતી નથી. મારી ભકતાણીઓ કોઈના પર આળ ચઢાવતી નથી અને અજાણ્યે કોઈનો ગુનો કર્યો હોય તો તેની પાસે માફી માગે છે.

પવિત્ર મનથી સ્ત્રીઓ મુક્તિ પામે છે. જે સ્ત્રીઓ મોજમજા

અને ટાપટીપ વગેરેથી સુખની આશા રાખે છે તે સ્ત્રીઓ દેહ અને મનની શકિતઓનો વિનાશ કરે છે. અનેક પ્રકારના ભોગોથી રોગ પ્રગટી નીકળે છે. જે સ્ત્રીઓ મન, વાણી, કાયાને વશમાં રાખે છે અને તેના પર મોહનું સામ્રાજ્ય થવા દેતી નથી તે સ્ત્રીઓ દેશ, સંઘ, રાજ્ય, જૈનધર્મ અને કુટુંબ તેમ જ ઘરની દેવીઓ છે.

સ્ત્રીઓએ વિદ્યા, ક્ષાત્રકર્મ, વ્યાપાર, સેવા આદિથી મારા સંઘની અને શાસનની ઉન્નતિમાં ભાગ લેવો. દેશની ગુલામગીરી થવા ન દેવી અને દુષ્ટ, પાપી, રાક્ષસ, અધર્મી, ક્રૂર અને ખૂની-ઓના હાથમાં દેશ, ભૂમિ, રાજ્ય, સત્તા, લક્ષ્મી વગેરે ન જવા દેવાં. તેમાં સર્વ દેશની મારી બાળાઓ અને સ્ત્રીઓએ યથાશક્તિ ભાગ લેવો અને આત્મભોગ આપવામાં પાછું ન પડવું. ગરીબોને સહાય કરવી, પાપીઓને શિક્ષા કરવામાં ભાગ લેવો અને અસત્ય પક્ષનો ત્યાગ કરવો—એ જ મારા પર શ્રદ્ધા-પ્રેમ રાખનારી સ્ત્રીઓને હિતશિક્ષા છે.

સ્ત્રી ઘરની દેવી છે. તે બાળકોને ઉછેરનારી છે. સ્ત્રીઓ જ્યાં અજ્ઞાન છે, મોહી છે, વહેમી છે, ત્યાં લોકોની ઉન્નતિ નથી. સ્ત્રીઓએ નકામાં બેસી ગપ્પાં મારવાં નહીં અને કોઈપણ ઉદ્યોગમાં મચી રહેવું. સ્ત્રીઓએ સંતોનો બોધ સાંભળવો. બાળકોની આગળ મારા સર્વાવસ્થાનાં ચરિતનું ગાન કરવું. સગાંઓને સહાય કરવી. સુપાત્રે દાન દેવું. દેવ-ગુરુની નિંદા કે હેલના કરનારાઓને બોધ આપી મારા ભક્ત બનાવવા. મારા ધર્મનો સર્વ વિશ્વમાં પ્રચાર થાય તેટલા માટે સર્વસ્વ અર્પણ કરીને પ્રવર્તવું. મારા ધર્મના પ્રચાર માટે સર્વસ્વનો ત્યાગ કરવો. સ્ત્રીઓએ મારી ભક્તિમાં મશ-ગૂલ રહેવું. જેવા જેવા ભાવે બાલિકાઓ અને સ્ત્રીઓ મને ભજે છે તેઓને તેવા ભાવે હું મળું છું. જેઓનું મન મારામાં છે તેઓ સર્વથા ઉદ્યોગી, ઉત્સાહી, વિવેકી બને છે. મુખથી સત્ય બોલવામાં ક્રોધ-માન-માયા-લોભ-કીર્તિ-ધન-સત્તાનો ત્યાગ કરવો

પડે છે, તેથી સત્ય બોલનાર સ્ત્રીઓ અને પુરુષો ત્યાગીઓ છે. મારી ભક્તાણીઓ ગુરુની સેવાભક્તિ કરે છે, માબાપની સેવાભક્તિ કરે છે, વૃદ્ધોની સેવાભક્તિ કરે છે અને રોગીઓને નીરોગી બનાવવા યથાશક્તિ સહાય કરે છે. મારી ભક્તાણીઓ સુખદુઃખમાં સમભાવે વર્તે છે, ગુણોને ધારણ કરે છે અને અવગુણોનો ત્યાગ કરે છે. તેઓ સર્વ શક્તિઓનો સદુપયોગ કરે છે, મારાતારાપણાના ક્ષુદ્ર ભેદોનો ત્યાગ કરે છે અને ઉદારભાવથી મન–વાણી–કાયાથી પ્રવર્તે છે. એવી ભક્તાણીઓનો હું ઉદ્ધાર કરું છું.

જે સ્ત્રીઓ સર્વ પ્રકારની વિદ્યાઓમાં કુશળ છે તે મારી ભક્તિનો સર્વત્ર પ્રચાર કરી શકે છે. અધર્મ્ય, અશુભ અને અયોગ્ય વિષયરાગથી રહિત અને જડ વસ્તુઓનો વિવેકપુરસ્કાર સંગ્રહ કરનારી શ્રાવિકાઓ અને ઉપાસિકાઓ મારા સ્વરૂપને પામે છે. મહાસતી યશોદાદેવી ! સ્ત્રીઓ અને પુરુષોને, બાળકો અને બાલિકાઓને સત્ય વિશુદ્ધ ઉત્તમ ધાર્મિક પ્રેમભક્તિમાં લઈ જનારી અને તારી રચેલી 'પ્રેમગીતા' કલિયુગમાં સર્વ લોકોને જલદી પવિત્ર અને આત્માને વિશુદ્ધ કરનારી થશે, એવો મારો આશીર્વાદ છે. શ્રીનંદિવર્ધને ઉપદેશેલી સર્વ નીતિઓની સ્મૃતિઓ અનેકરૂપે વિશ્વમાં પ્રચાર પામશે. સ્ત્રીઓએ નાસ્તિક, દુષ્ટ, મહાપાપી એવા ધૂર્તોની વાતો પર વિશ્વાસ ન મૂકવો જોઈએ અને તેઓથી સાવચેત રહી ચાલવું જોઈએ, એમ વ્યાવહારિક નીતિ સમજાવ. શ્રાવિકાઓએ સર્વ જૈનધર્મશાસ્ત્રો, કે જે મારા મુખથી હાલમાં પ્રકાશિત થયા છે અને ભવિષ્યમાં થશે તેઓનું સમ્યગ્દષ્ટિપૂર્વક અધ્યયન કરવું જોઈએ.

મેં ગૃહસ્થોને ગૃહસ્થાવાસમાં કર્તવ્ય અને જ્ઞાતવ્ય જે જે ઉપદેશ આપ્યા છે તે નિગમ, વેદ, શાસ્ત્રરૂપ જાણ અને તે વિના અન્ય કોઈ વેદ કે નિગમ નથી એમ શ્રદ્ધા ધારણ કર. ત્યાગાવસ્થામાં જે જે બોધ આપવામાં આવશે તથા ત્યાગ–સંયમ સંબંધી હાલમાં જે જે ઉપદેશ આપ્યો છે તે આગમસિદ્ધાન્તરૂપ જાણ.

મેં ગૃહસ્થાવાસમાં સર્વ પ્રકારના વર્ણના અને સર્વ દેશોના લોકો માટે જે જે ઉપદેશો આપ્યા છે તેની બહાર કોઈ વેદ, પુરાણ આદિ શાસ્ત્ર નથી. ત્યાગાવસ્થાનો ધર્મ લોકોત્તર જૈનધર્મ છે. ત્યાગાવસ્થાના એ શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ ઔપચારિક ધર્મ છે. શુદ્ધ નિશ્ચયદૃષ્ટિરૂપ જે હું છું તેના અનુકરણરૂપ વ્યાવહારિક ત્યાગાવસ્થા નૈમિત્તિક ધર્મરૂપ છે.

બાળકોને બાલ્યાવસ્થાથી પ્રારંભીને તેઓની કહેણીરહેણીમાં સદ્‌વૃત્તિ પોષવી. સદ્‌વૃત્તિથી જેટલી સર્વની ઉન્નતિ થાય છે તેટલી અન્ય કશાથી થતી નથી. ભાષાજ્ઞાન, વિદ્યા, સત્તા, કાયબળ, લક્ષ્મી વગેરે જ્યાં હોય ત્યાં સદ્‌વૃત્તિ હોય એવો નિયમ નથી. શૂરતાની સાથે પણ સદ્‌વૃત્તિનો અવિનાભાવસંબંધ નથી. મારી શ્રદ્ધાભક્તિથી સદ્‌વૃત્તિ પ્રગટે છે એમ જાણ. અમુક કુળ કે વર્ણની સાથે સદ્‌વૃત્તિનો સંબંધ નથી. ગમે તે કુળ કે વર્ણવાળો મારી શ્રદ્ધાભક્તિથી સદ્‌વૃત્તિ અને સદ્‌વર્તનવાળો થઈ શકે છે. માટે સર્વ બાળકોને જન્મતાંની સાથે સદ્‌વર્તન અને સદ્‌વૃત્તિનો લાભ મળવો જોઈએ. સત્સંગથી મનુષ્ય પશુમાંથી દેવ થઈ શકે છે. માટે બાળકો અને બાલિકાઓ મારા ભક્તોની સંગતિ કરે અને ધર્મમાર્ગમાં વિચરે એવું જણાવ. બાલ્યાવસ્થામાં બાળકો પર ધર્મના સંસ્કારોની સારી છાપ પડે છે. બાળકોને સુધારવાં એટલે વિશ્વને સુધારવું એમ જાણ.

મારી ત્યાગાવસ્થામાં તારે ગૃહસ્થાવાસમાં સર્વ લોકોને ધાર્મિક શિક્ષણથી ધાર્મિક બનાવવા પ્રયત્ન કરવો; મૃત્યુ બાદ આત્માની સ્થિતિનું સ્વરૂપ સમજાવવું. આત્માની ભાવના ભાવવી અને અનાત્મરૂપ વસ્તુઓમાં થતો રાગદ્વેષ દૂર હટાવવો. શરીરોમાં રહેલા આત્માઓમાં જે રુચિ થાય છે તે આત્મિક પ્રેમ છે.

દાનનો મહિમા :

શ્રીમતી યશોદાદેવી ! મેં વાર્ષિક દાન આપીને ભારતના લોકોને સંતુષ્ટ કર્યા છે. પ્રતિદિન એક કરોડ સાઠ લાખ સોનૈયાનું

અને અન્ન, વસ્ત્ર વગેરેનું દાન એક વર્ષ પર્યન્ત આપવાથી ત્યાગ-માર્ગની સિદ્ધિ થાય છે. દાન વિના ગૃહસ્થધર્મની સિદ્ધિ થતી નથી. જે દાન કરે છે તે જ મારો આશ્રવ કરે છે. દાન વિના શુદ્ધાત્મમહાવીરની પ્રાપ્તિ થતી નથી. દાનથી ત્યાગીપદ પ્રાપ્ત થાય છે. જે સર્વ ધનાદિક વસ્તુઓનો સંગ્રહ કરે છે અને અન્ય લોકોને દાન આપતો નથી તે મારા ધર્મમાં એક તસુમાત્ર પણ ગતિ કરી શકતો નથી. સુપાત્રને દાન દેવાથી અનંતગણું ફળ સામું મળે છે, ઇત્યાદિ દાનનું માહાત્મ્ય સ્થાપવા માટે મેં વાર્ષિક દાન આદિ દાનોથી વિશ્વના લોકોને મારા તરફ આવવાનો માર્ગ પ્રકાશિત કર્યો છે. લોકો મારા વર્તનને અનુસરી ઉપયોગી અનેક પ્રકારનાં દાનો કરશે તો તેઓ મારા પદને પામશે.

શ્રીમતી યશોદાદેવી! લોકોને દાનનો બોધ આપ. જડ અને જીવોના સર્વ પ્રકારના દાનથી જીવો જીવી શકે છે. એક ક્ષણમાત્ર પણ જાણતાં કે અજાણતાં કોઈ દાન લીધા વિના જીવી શકતું નથી. બાહ્ય ધનાદિક દાનો કરતાં આત્મસ્વરૂપનું દાન અનંતગણું ઉત્તમ છે. આત્મજ્ઞાનનું દાન તે જ અભયદાન છે. સાધુઓને અને સાધ્વીઓને આપેલું દાન અનંતગણું ફળ આપે છે. શ્રીમતી યશોદાદેવી! તું સર્વ પ્રકારનાં આધ્યાત્મિક તથા અન્નાદિક બાહ્ય દાન દે અને વિશ્વ પાસે દેવરાવ.

**ત્યાગનું સ્વરૂપ :**

ત્યાગાવસ્થા એ મનુષ્યમાં દ્વિજભાવ—પુનરુજ્જીવન—આત્મ-જીવન છે. મન—વાણી—કાયા વડે આત્માનો આત્મામાં પ્રવેશવાનો માર્ગ તે ત્યાગમાર્ગ છે. સર્વ પ્રકારની ઉપાધિઓથી જે જે અંશે મુક્ત થવું તે તે અંશે ત્યાગધર્મ છે. ગૃહસ્થ અને ત્યાગધર્મ એ બે જૈન-ધર્મ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બંને સાપેક્ષાએ આત્મોન્નતિ આદિ માટે જૈનધર્મ છે. જે જે દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવ પ્રમાણે મારા ગૃહસ્થ કે ત્યાગીઓનું વર્તન કદાપિ અપવાદમાર્ગે કે ઉત્સર્ગમાર્ગે

હોય તોપણ તે જૈનધર્મ છે. મારા ગૃહસ્થોનું અને ત્યાગીઓનું તેમના માટે, કુટુંબ માટે, સમાજ માટે, ચતુર્વિધ સંઘ માટે, રાજ્ય માટે જે જે દેશકાલાનુસારી વર્તન થાય છે અને થશે, તેઓ દેશકાલાનુસારે મન-વાણી-કાયાની જે જે પ્રવૃત્તિઓ કરશે અને કરાવશે, જે જે રાજ્યાદિક વ્યવસ્થાઓ, નીતિઓ, કાયદાઓ ઘડશે અને ઘડાવશે તે સર્વ અસંખ્ય ભેદવાળો જૈનધર્મ છે.

સમુદ્રમાં અસંખ્ય તરંગો ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે. તે જેમ સમુદ્રરૂપ છે તેમ આત્માના જ્ઞાનાદિક ગુણ, મનના શુભ વિચાર, વાણીનો શુભ ઉપયોગ, કાયાની શુભ પ્રવૃત્તિ, જે સ્વાર્થ કે પરાર્થ માટે થયાં છે, થાય છે અને થશે, તે અસંખ્ય ભેદોએ આન્તર-બાહ્ય જૈનધર્મ છે. મારું શરણ લીધા બાદ સર્વ જીવોમાં જૈનધર્મનો પ્રગટભાવ થાય છે.

શ્રીમતી યશોદાદેવી ! મારા પર એકસરખી શ્રદ્ધા-પ્રીતિના ધારક હોય તે જ જૈનો છે. મારી શ્રદ્ધા કર્યા વિના કોઇપણ મનુષ્ય ભક્ત, ધર્મી બની શકતો નથી. યશોદાદેવી ! મારાથી સત્ય ત્યાગ-માર્ગનો પ્રકાશ થવાનો છે. નિઃસંગ ત્યાગીઓથી ગૃહસ્થો ધર્મમાં અપ્રમાદી રહે છે. જ્યાં ત્યાગીઓ છે ત્યાં મારો સત્ય જૈનધર્મ છે. ત્યાગથી આત્માની શુદ્ધિ થાય છે. ત્યાગથી શાન્તિ મળે છે. ત્યાગથી અનેક પ્રકારની વિષયવાસનાઓનો નાશ થાય છે. ત્યાગીઓની પાસે હું આત્મમહાવીરભાવે હાજરાહજૂર છું. મારું નામ લેવાની સાથે, સ્મરણ કરવાની સાથે આત્મમહાવીરનો ભાવ પ્રગટે છે. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ અનંત ગુણો, પર્યાયો, શક્તિઓ છે. તે ઉપરથી મોહભાવનો નાશ થતાં, મોહનો ત્યાગ થતાં, કર્માવરણો હટી જાય છે. ત્યાગદશાથી આત્માની અનંત શક્તિઓ ખીલે છે. ત્યાગીઓ જે પ્રમાણમાં વીતરાગો, જિનો, અર્હંતો બને છે તે પ્રમાણમાં ગૃહસ્થો બનતા નથી. આવતીકાલથી મારા ત્યાગમય જીવનનો આરંભ થશે.

★

## ૧૩. ત્યાગદીક્ષા મહોત્સવ

સત્યરૂપા : વાસિષ્ઠ ઋષિ ! તમે વખતસર પ્રભુ પરબ્રહ્મ મહાવીરદેવના ત્યાગદીક્ષા પ્રસંગે આવી પહોંચ્યા નહિ. તમે સન્ધ્યા વખતે આવી પહોંચ્યા. હવે રાત્રિ થવા આવી છે. પ્રભુ તો ત્યાગ-દીક્ષા અંગીકાર કરી નગરની બહાર વનમાં ચાલ્યા ગયા છે, પરંતુ તમારા પૂછવાથી ત્યાગદીક્ષા મહોત્સવનું વર્ણન કરું છું તે લક્ષ દઈ સાંભળો.

**દીક્ષા મહોત્સવનું વર્ણન :**

માગસર વદિ દશમના પ્રાતઃકાળથી આરંભી વૈમાનિક અને જ્યોતિષી ઇન્દ્રો આકાશમાં વિમાનો રાખી હેઠા ઊતરવા લાગ્યા. તેઓની સાથે અસંખ્ય દેવો અને દેવીઓ હતાં. તે સર્વે શ્રી પ્રભુ મહાવીરદેવ પાસે આવી, તેમને વંદન નમન કરી તેમના નામનો જયઘોષ કરવા લાગ્યાં. ભવનપતિ અને વ્યન્તરના સર્વે ઇન્દ્રોએ પોતપોતાના પરિવારનાં દેવો અને દેવીઓ સહિત પરમેશ્વર મહા-વીરદેવ પાસે આવી, વંદન–નમન–પૂજન કરી જયઘોષ કર્યો. ચોસઠ ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, દેવો, દેવીઓ અને રાજાઓ વગેરેએ પ્રભુને સ્નાત્રકલશોથી સ્નાન કરાવ્યું. દેરાસરોમાં તીર્થંકરોની પ્રતિમાઓ આગળ અનેક સ્તોત્રોનાં ગાન થવા લાગ્યાં. ક્ષત્રિયકુંડનગરમાં નન્દિ-વર્ધન રાજાએ મહોત્સવ આરંભ્યો. દેશપરદેશથી અનેક રાજાઓ,

પ્રધાનો, મુનિઓ, ઋષિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો આવ્યા. પ્રભુના મામા ચેટક, જે વિશાલાનગરી અને તેની આજુબાજુના દેશના રાજા હતા તે, આવી પહોંચ્યા અને તેમની સાથે લાખો મનુષ્યો આવ્યા. શ્રી રાજગૃહી નગરીથી મહારાજા શ્રેણિક પોતાના સર્વ લક્ષ પરિવારસહિત આવી પહોંચ્યા. દક્ષિણ કર્ણાટક દેશમાંથી દક્ષિણના રાજા દીક્ષામહોત્સવમાં ભાગ લેવા પોતાના પરિવારસહિત આવી પહોંચ્યા. સિન્ધુદેશના અધિષ્ઠાતા રાજા ઉદાયી પોતાની સેના વગેરે સાથે આવી પહોંચ્યા. બ્રહ્મદેશના રાજા પૂર્ણભદ્ર પોતાના પરિવારસહિત આવ્યા. ચીન અને મહાચીનના રાજાઓ સપરિવાર આવી પહોંચ્યા. હિમોત્તરદેશના રાજા સપરિવાર આવી પહોંચ્યા. હિમાલયાદિ પર્વતો, નદીઓ, દ્વીપો અને વનોમાંથી અનેક ઋષિઓ આવી પહોંચ્યા. ક્ષત્રિયકુંડનગર અને તેનાં ઉદ્યાનો મનુષ્યોથી ભરાઈ ગયાં. શ્રી નન્દિવર્ધન રાજાએ સર્વ લોકોને વ્યવસ્થાપૂર્વક જમાડયા અને મધ્યાહ્નકાલ પછી પ્રભુ મહાવીરને ચન્દ્રપ્રભા શિબિકામાં બેસાડયા. આકાશમાં દેવોનાં એટલાં બધાં વિમાનો હતાં કે જેથી સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પડવા ન લાગ્યો. દેવો અને દેવીઓથી આકાશ છવાઈ ગયું.

પ્રિય શ્રી નન્દિવર્ધનની પ્રાર્થનાથી પરબ્રહ્મ મહાવીર હસતા ચહેરે ચન્દ્રપ્રભા શિબિકામાં બેઠા. તે વખતે ઇન્દ્રોએ, દેવોએ, દેવીઓએ, પુરુષોએ અને સ્ત્રીઓએ પ્રભુના નામનો જયજયકાર ઘોષ કર્યો. તેથી પૃથ્વી અને આકાશ ગાજી ઊઠેલાં જણાયાં. દેવીઓ અને સ્ત્રીઓ પ્રભુ મહાવીર દેવની ભક્તિનાં અનેક પ્રકારનાં ગાયનો ગાવા લાગી. રંભાઓ અનેક પ્રકારના નાચો નાચવા લાગી. ઋષિઓ અનેક પ્રકારે પરમેશ્વર મહાવીરદેવની સ્તુતિ કરવા લાગ્યા. નવગ્રહો શ્રી મહાવીરપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. સર્વ યક્ષો અને યક્ષિણીઓ પરબ્રહ્મ મહાવીરનાં સ્તોત્રો ગાવા લાગ્યાં. રુદ્રો શ્રી મહાવીરની સ્તુતિ કરવા લાગ્યા. વીરો, યોગિનીઓ, સોળ મહાદેવીઓ, મહામાતૃકાઓ,

વેદો શ્રી મહાદેવની ભક્તિના શ્વાસોચ્છ્વાસ લેવા લાગ્યાં. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણીનો ઉલ્લાસભાવ વિશ્વવ્યાપક બન્યો. યમ, વરુણ, કુબેર આદિ દેવો અને ક્ષેત્રપાલો પૂર્ણ પ્રેમથી પ્રભુનાં દર્શન કરી સ્વજન્મ સફળ માનવા લાગ્યા અને સર્વ દેવોની સાથે પ્રભુની આજ્ઞા મસ્તકે ચઢાવી ચાલવા લાગ્યા. સર્વ પ્રકારના વૈદ્યો શ્રી મહાદેવની સ્તુતિ કરવા લાગ્યા. બત્રીસ પ્રકારનાં દેવ સંબંધી અને મનુષ્ય સંબંધી વાજિંત્રો વાગવા લાગ્યાં. સર્વત્ર વિશ્વમાં અને નરકમાં ઉદ્યોત થવા લાગ્યો.

શ્રી મહાવીરદેવની આગળ શસ્ત્રધારકો ચાલવા લાગ્યા. તેમની આગળ કુન્તધારકો, ખડ્ગધારકો, ઘોડેસવારો, હાથીઓ અને તે પર માનવો, તેની આગળ રથો ચાલવા લાગ્યા. રથોમાં બાળકો અને બાલિકાઓ બેઠેલાં હતાં. રથોની આગળ અતિરથીઓ, સેનાનીઓ, તેની આગળ નોબતોવાળાઓ, ભંભા વાજિંત્રવાળાઓ, તેની આગળ સૂર્ય–ચંદ્રના ચિહ્નવાળી મહાધ્વજા, તેની આગળ એક હજાર ધ્વજાવાળો ઇન્દ્રધ્વજ, તેની આગળ સિંહલાંછવવાળો પરબ્રહ્મ મહાવીર પ્રભુના નામનો મહાવીર ધ્વજ, તેની આગળ અષ્ટ મંગળ ચાલવા લાગ્યા. આકાશમાં ઇન્દ્રોની સેના પણ એ પ્રમાણે ચાલવા લાગી.

પ્રભુ મહાવીરદેવને ચંદ્રશિબિકામાં પધરાવ્યાની સાથે કુલવૃદ્ધા મહત્તરા સ્ત્રીઓ તેમાં એક બાજુએ બેઠી. બીજી અનેક દેવીઓ દર્પણ, વીંઝણો વગેરે ઉપકરણો લઈને બેઠી. પ્રભુની પાછળ સર્વે ઇન્દ્રો અનુક્રમે ચાલવા લાગ્યા. ઇન્દ્રોની પાછળ દેવો અને તેમની પાછળ શ્રી ચેટક, નંદિવર્ધન, શ્રેણિક, વત્સ, બાહુ, સુબાહુ, ઉદય, જીવક વગેરે રાજાઓ તથા ઋષિઓ વગેરે સર્વ વર્ણી, સર્વખંડીય અને સર્વદેશીય મનુષ્યો ચાલવા લાગ્યા. તેમની પાછળ ઇન્દ્રાણીઓ, દેવીઓ, અસુરીઓ, રાણીઓ ઋષિપત્નીઓ, બ્રાહ્મણીઓ, ક્ષત્રાણીઓ, વૈશ્ય સ્ત્રીઓ અને શૂદ્રિકાઓ વગેરે સ્ત્રીઓ ચાલવા લાગી. સર્વના હૃદયમાં, આંખમાં, કાનમાં અને જીભ પર પ્રભુ મહાવીર વસી રહ્યા.

હતા. શ્રીમતી મહાદેવી યશોદાદેવી નામણુદીવો ઝાલી ચાલતાં હતાં અને હું પણ પ્રિયદર્શનાને સાથે લઈ ચાલતી હતી. સિદ્ધાર્થ રાજાનાં સર્વે સગાંઓ ચાલતાં હતાં

ક્ષત્રિયકુંડ નગરના મધ્ય ભાગમાં થઈને, ચૌટા વચ્ચોવચ્ચ બજારમાં થઈ ઈશાનકોણ તરફ વરઘોડો ચાલ્યો. ગોખમાં બેઠેલી સ્ત્રીઓ પરબ્રહ્મ મહાવીર દેવને દેખીને વંદન–નમસ્કાર કરવા લાગી, પ્રણામ કરવા લાગી તથા જય-વિજય શબ્દોથી પ્રભુને વધાવવા લાગી. લાખો મનુષ્યો પ્રભુને આંખોથી જોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે 'અહો ! પ્રભુ ! હવે પાછા ક્યારે મળશો ? પ્રભો મહાવીરદેવ ! અમને તમો દર્શન દેતા રહેશો. તમારો વિયોગ અમને બિલકુલ સહ્યો જતો નથી. તમારું મુખ દેખ્યા વિના અમે જીવી શકીએ તેમ નથી. માટે પ્રભો ! વહેલાં વહેલાં અહીંયાં કૃપા કરી પધારજો. અમને તમે જ એક પરમપ્રિય છો.' આ પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓ અશ્રુઓથી ઊભરાઈ ગયેલી આંખોથી ગદ્ગદ સ્વરે પ્રભુને વીનવવા લાગ્યાં. બાળકો અને બાલિકાઓ અત્યન્ત પ્રેમથી પ્રભુ મહાવીરદેવને ઊંચે સ્વરેથી કહેવા લાગ્યાં કે 'વહાલા અમારા દેવ ! તમો અમારી પાસે રહો. અમને બાળકોને મૂકીને તમે એકલા ચાલ્યા ન જાવ.' કેટલાંક બાળકો રુદન કરવા લાગ્યાં અને પ્રભુને ક્ષત્રિયકુંડ નગરમાં જ પોતાની પાસે રહેવા વિનંતી કરવા લાગ્યાં. કેટલાંક બાળકો અને બાલિકાઓ પોતાનાં માતાપિતાને કહેવા લાગ્યાં કે 'પ્રભુ મહાવીરદેવને ન જવા દો. જો પ્રભુ જશે તો અમે ખાઈશું નહીં.' શ્રી મહાવીરદેવના ગોઠિયાઓ જ્ઞાની હતા, તોપણ આ દીક્ષાપ્રસંગે તેઓ પ્રભુનો વિરહ થતો દેખી અંતરમાં એકદમ રુદન કરવા લાગ્યા. તે વખતે તેમને ચાલવાનું અને પોતે કોણ છે તેનું પણ ભાન રહ્યું નહીં.

પ્રભુ શિબિકામાં બેઠા બેઠા સર્વ લોકોના પ્રણામ ઝીલતા હતા. પ્રભુની પાસે બેઠેલી વૃદ્ધ મહત્તરાઓ પ્રભુનાં અને પ્રભુના

કુળનાં વખાણ કરવા લાગી અને કહેવા લાગી કે 'હે દેવાધિદેવ ! તમો વિશ્વમાં સર્વત્ર મોહરાજાનો પરાજય કરો અને ક્ષણમાત્ર પ્રમાદ કર્યા વિના સર્વજ્ઞપણાથી સર્વ લોકોને ધર્મમાં સ્થિર કરો અને અધર્મનો નાશ કરો.' પ્રભુના કુળમાં વૃદ્ધ એવા પુરુષો અત્યંત પ્રેમભક્તિથી પ્રભુને કહેવા લાગ્યા કે 'હે વૈદેહદિન્ન, જ્ઞાતકુલભાનુ, મહાવીર પ્રભુ ! તમો વિશ્વમાં ધર્મનો પ્રકાશ કરો અને અધર્મનો નાશ કરો. સર્વ વિશ્વમાં જ્ઞાનનો પ્રકાશ કરો. સર્વ પ્રકારના મિથ્યા પાખંડોને દૂર કરો. વિશ્વમાં પ્રસરેલી નાસ્તિકતાનો નાશ કરો. સર્વ પ્રકારના દુશ્મનો પર જય થાય એવો બોધ પ્રચારો.' 'જય જય શ્રી મહાવીર દેવ' એમ પ્રભુના નામનો વિજયઘોષ કરવા લાગ્યા. ઇન્દ્રો પ્રભુ મહાવીરદેવની પાલખીને વારાફરતી ઉપાડવા લાગ્યા અને વીંજણો કરવા લાગ્યા તથા પ્રભુનો મહિમા ગાવા લાગ્યા. દેવતાઓ પંચવર્ણ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા તથા ધનાદિકની વૃષ્ટિ કરવા લાગ્યા. કુળમહત્તરિકાઓ શિબિકામાં પ્રભુના ગુણો ગાવા લાગી. શ્રીમતી યશોદાદેવી વગેરે રાણીઓ, દેવીઓ એકસરખા સ્વરે શ્રી મહાવીરદેવનો મહિમા ગાવા લાગી. તેમના રાગની મધુરતાથી ખેંચાઈ વનમાંથી હરણો મહોત્સવના વરઘોડામાં દાખલ થઈ આનંદી બન્યાં. પ્રભુના મહોત્સવમાં પાર વિનાની શોભા બની રહી.

વરઘોડામાં ગોવાળિયાઓ દેશપરદેશથી આવેલા. તેઓએ એવી તો વેણુ વગાડી કે તેના રાગથી આકર્ષાઈને હજારો લાખો ગાયો ત્યાં આવીને ખડી થઈ શ્રી મહાવીરનાં દર્શન કરવા લાગી. અનેક પ્રકારની દિવ્ય મોરલીના સ્વરથી મહાપ્રચંડ કાયવાળા ફણીધરો આવવા લાગ્યા અને પ્રભુ મહાવીરનાં દર્શન કરવા લાગ્યા. તેઓને કોઈએ ઈજા કરી નહીં અને કોઈને તેઓએ ઈજા કરી નહીં, એવો અદ્ભુત પ્રેમ છવાઈ ગયો. અનેક પ્રકારના દિવ્ય અને માનુષી વાજિંત્રોના સ્વરથી સ્થૂલ-સૂક્ષ્મ સૃષ્ટિમાં આનંદરસ વિકસવા લાગ્યો.

એ પ્રમાણે મહોત્સવપૂર્વક ગાજતે વાજતે ઇન્દ્રોએ પ્રભુને ક્ષત્રિયકુંડ નગરના ઈશાન કોણમાં આવેલું જ્ઞાતખંડવન, કે જે પાંચ યોજનનું હતું, તેમાં અશોકવૃક્ષની નીચે મણિ–રત્નાદિકથી વિભૂષિત કરેલી પૃથ્વી પર પ્રભુને પધરાવ્યા. પ્રભુ પરબ્રહ્મ મહાવીરદેવ ચન્દ્રપ્રભા શિબિકામાંથી હેઠા ઊતર્યા કે તરત જ દેવોએ અને મનુષ્યોએ પ્રભુના નામનો મહા જયઘોષ કર્યો. કુળમહત્તરિકાઓ અને દેવીઓ શિબિકામાંથી હેઠે ઊતરી. પ્રભુની આગળ ઇન્દ્રાણીઓ, દેવીઓ, શ્રી યશોદા મહારાણી અને મેં વગેરેએ મંગલચિહ્નો, અષ્ટમંગલ વગેરેનું આલેખન કર્યું. સર્વે ઇન્દ્રો અને દેવોએ પ્રભુનું પૂજન કર્યું અને પ્રભુના ચરણકમળને તીર્થોદકથી પ્રક્ષાળી તે જલામૃતનું સર્વ રાજાઓએ, દેવોએ પાન કર્યું. શ્રી મહાવીરદેવે સર્વ આભરણો અને પુષ્પની માળાઓ વગેરેને હેઠા ઉતાર્યાં. તે વખતે સમગ્ર લોકોએ પ્રભુને પોતાના હૃદયમાં દીઠા અને તેઓ પ્રભુમય ભાવનાવાળા બની ગયા. શ્રી મહાવીર પ્રભુએ કુળમહત્તરિકાઓ, કે જે પટશાટક વગેરે લઈને બેઠી હતી, તેઓને ઘરેણાં આપ્યાં. શ્રી નન્દિવર્ધન રાજાએ પ્રભુના ત્યાગમુહૂર્તની સર્વ લોકોને તૈયારી જણાવી. ઇન્દ્રદેવે સર્વ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં તે બંધ કરવાનો હુકમ આપ્યો. તે દિવસનું નામ 'સુવ્રત દિવસ' હતું. માગસર વદી દશમીએ વિજય મુહૂર્તમાં પંચમૌષ્ટિક લોચ કરી, બે ઉપવાસ કરી પ્રભુએ ત્યાગદીક્ષા ગ્રહણ કરી. શુદ્ધ નિશ્ચયથી ત્યાગી છતાં વ્યવહારથી લોકોને ત્યાગાદર્શ શીખવવા મહાત્યાગી બન્યા. તે વખતે ઇન્દ્રો અને દેવો પ્રભુને વંદી પૂજી તેમના નામનો જય મહાવિજય ઘોષ કરવા લાગ્યા. શ્રીમતી યશોદા દેવીએ પ્રભુની આગળ આરતી મંગલદીવો કર્યો.

શ્રી પ્રભુની પુત્રી પ્રિયદર્શનાએ નમન વંદન કરી પ્રભુને વીનવ્યા કે 'હે પ્રભો! તમો અમારી સંભાળ લેશો. આપ અમારા હૃદયથી દૂર ન થશો.' પ્રિયદર્શનાની વિજ્ઞપ્તિથી સર્વ લોકોનાં ચક્ષુમાં આંસુ આવી ગયાં. ઇન્દ્ર મહારાજાએ ત્યાં થતો કોલાહલ

બંધ કર્યો અને પ્રભુને નમન વંદન કરી હિતશિક્ષા સાંભળાવવા વિજ્ઞપ્તિ કરી. પ્રભુ એ વખતે ઊભા હતા અને સર્વ લોકો તેમની આગળ બે હાથ જોડી ઊભા રહેલા હતા. સર્વ દેવો અને મનુષ્યોને, ઘણા દૂર છતાં, તેમની આંખ આગળ પ્રભુ દેખાતા હતા. સાશુનયને સર્વ મનુષ્યો પ્રભુ મહાવીરદેવની હિતશિક્ષા શ્રવણ કરતા હતા.

હે વસિષ્ઠ ઋષિના પુત્ર વાસિષ્ઠ! તમારા પિતા વસિષ્ઠ ઋષિ, કે જે દેવલોકમાં હતા તે પણ દેવવેશે ઉપદેશ સાંભળવા આવ્યા હતા. તેમ જ દેવલોકમાં દેવ બનેલા એવા વિશ્વામિત્ર, અદ્રિ, નારાયણ, દત્તાત્રેય, જાલંધર, કોદ્દાલ, અથર્વ, શામ, યાજ્ઞવલ્ક્ય, અત્રિ, ધન્વન્તરિ, અર્ચિ, દેવલ, જાબાલિ, કાશ્યપ, શુક, અસિત, ભારદ્વાજ, અગ્નિવેશ્યાયન, હારિત, કૌંડિન્ય, વત્સ, પાયનસ, ગાદર, વાલ્મીક, બૃહસ્પતિ, વિશ્વામિત્ર, ગૌતમ, ઐલાપત્ય, વ્યાઘ્રાપત્ય, કૌશિક, ઉત્કૌશિક, કુત્સ, કર્મ વગેરે દેવો, તેમના વંશજ ઋષિઓ કે જે મૃત્યુ પામીને દેવલોકમાં અર્થાત્ વૈકુંઠ—અચ્યુત દેવલોકમાં દેવો થયા હતા તે, પ્રભુ પરમેશ્વર મહાવીરદેવના ત્યાગમહોત્સવમાં આવ્યા હતા. તેઓ પ્રભુનાં હિતવચનો શ્રવણ કરવા લાગ્યા. તે વખતે પ્રભુનું અપાર તેજ સર્વને જણાતું હતું.

વિરાટ દર્શન :

પ્રભુ મહાવીરદેવે સર્વ દેવો અને મનુષ્યોને કહ્યું : 'તમે આંખો મીંચી ચિત્ત એકાગ્ર કરો અને મારામાં મન પરોવી દો. પછી હૃદયચક્ષુથી મને દેખો.' એ પ્રમાણે સર્વ ઇન્દ્રોએ, દેવોએ અને મનુષ્યોએ આંખો મીંચી પ્રભુ મહાવીરનું ધ્યાન ધર્યું કે તરત સર્વના હૃદયમાં સત્તાવ્યક્તિએ પ્રભુમહાવીર દેખાવા લાગ્યા. તેમના વિના અન્ય કશું કંઈ દેખાવા ન લાગ્યું. તેઓ પોતાનાં નામરૂપનું ભાન ભૂલી ગયાં. હું પણ પ્રભુ વિના અન્ય કશું કંઈ દેખવા ન લાગી, અને હું પોતાને ભૂલી ગઈ, એમ હે વસિષ્ઠઋષિવંશજ

વાસિષ્ઠ ઋષિ ! જાણો.

પ્રભુના અનંત તેજમાં વિશ્વ એક પરમાણુ જેટલું સાકાર દેખાવા લાગ્યું, એમ સર્વ લોકોને અનુભવ થયો. પા કલાક પછી પ્રભુએ સર્વને આંખો ઉઘાડવાનો હુકમ કર્યો. સર્વ લોકોએ પ્રભુના અને અનંત આત્મસ્વરૂપનાં દર્શન કર્યાં તેથી સર્વ લોકોના આનંદનો પાર રહ્યો નહીં. સર્વ લોકોએ આંખો ઉઘાડી પ્રભુના સ્થૂળ અનંત પુણ્યમય શરીરને દેખ્યું અને સાષ્ટાંગ દંડવત્ કરી પ્રભુને નમવા—વંદવા લાગ્યા અને પ્રભુ મહાવીરદેવનું શરણુ સ્વીકારવા લાગ્યા. સર્વ ઋષિઓ, કે જે દેવલોકમાં દેવો થયા હતા અને જેઓ હિમાલયાદિ પર્વતો પર ઋષિવેષથી પરિભ્રમણ કરતા હતા, તેઓ પ્રભુના પૂર્ણ અનંત ગુણપર્યાયમય ઈશ્વરાવતારનું પૂર્ણ શ્રદ્ધાન ધારણ કરવા લાગ્યા અને શાંતપણે પ્રભુનો હિતોપદેશ શ્રવણ કરવા લાગ્યા. તે વખતે એટલી બધી શાંતતા છવાઈ હતી કે પુષ્પનું ખરવું પણ સંભળાયા વિના રહે નહીં. બે હાથ જોડીને એકાગ્ર ચિત્તે અને પૂર્ણ પ્રેમોલ્લાસથી દેવો અને મનુષ્યો તથા હું આ પ્રમાણે સદુપદેશ શ્રવણ કરવા લાગ્યાં.

**પ્રભુ મહાવીરનો ઉપદેશ :**

દેવો અને મનુષ્યો ! તમે જૈનધર્મમાં તત્પર રહો. અનાદિ-કાળથી જૈનધર્મ પ્રવર્ત્યા કરે છે અને અનંતકાળ પર્યન્ત જૈનધર્મ પ્રવર્ત્યા કરશે. મારા અવતારથી આરંભીને જે જે ઉપદેશ, તત્ત્વ-જ્ઞાન, સત્પ્રવૃત્તિ મેં જણાવ્યાં છે તેમાં સર્વ ધર્મોનો સમાવેશ થાય છે. વાયુ, અંગિરા, ભરત, અગ્નિ. કાશ્યપ આદિ ઋષિઓનાં તત્ત્વજ્ઞાનો, ઉપદેશો અને અન્ય વેદાદિ પુસ્તકો તેમ જ વસિષ્ઠ, ભૃગુ, યાજ્ઞવલ્કય, કણ્વ, મુંડક, જાબાલ વગેરે સર્વ ઋષિઓની મારી સત્તાત્મક સ્તુતિઓ વગેરેનો મારા ઉપદેશમાં સમાવેશ થાય છે. તે સંસ્કૃત તથા વર્તમાન દેશી ભાષામાં ગૂંથાશે. તેથી તે જ સત્ય જ્ઞાનરૂપ માનવું અને પૂર્વનું સર્વ રદ કરવું. જે કોઈ

ધર્મશાસ્ત્ર હોય તેમાંથી સમ્યક્ ગ્રહણ કરવું, પણ મારું કથેલું તથા હાલમાં અને પછીથી જે તત્ત્વજ્ઞાન પ્રગટશે તે સર્વ પૂર્ણ શ્રદ્ધાથી સત્ય માનવું અને તે પ્રમાણે વર્તવા યથાશક્તિ પ્રયત્ન કરવો. મારો પ્રવર્તાવેલો ધર્મ તેજ આર્ય સત્ય ધર્મ અર્થાત્ જૈનધર્મ છે. પૂર્વે એ પ્રમાણે સર્વ તીર્થંકરોએ પોતપોતાના શાસનકાળમાં જૈનધર્મ પ્રવર્તાવ્યો હતો. તમોગુણી, રજોગુણી અને સત્ત્વગુણી જૈનો સર્વ વર્ણમાં અને વર્ણાતીત પણ મારી આજ્ઞા પ્રમાણે યથાશક્તિ વર્તીને મોક્ષ પામે છે અને પામશે.

શ્રી નેમિનાથ અને પાર્શ્વનાથ તીર્થંકરના મધ્યકાળમાં થયેલ વસિષ્ઠ આદિ ઋષિઓ, કે જે હાલ દેવો થઈને મારી પાસે આવ્યા છે, તેઓએ કેટલાંક સૂક્તો અને સંહિતાઓ રચ્યાં છે, પણ તેઓના અર્થમાં પાછળથી મિશ્રતા થવાથી હવે પછી મારી વાણીથી જે ઉપદેશ થશે તેમાં જ સંપૂર્ણ સત્ય સમાયું છે અને સમાશે. માટે હવે પૂર્વતીર્થંકરો અને તેમના ભક્તો એવા ઋષિઓ વગેરેનું સર્વ જ્ઞાન મારા જ્ઞાનમાં સમાય છે એમ જાણો.

પૂર્વના સર્વ ઋષિઓએ મારી સ્તુતિ કરી છે અને મારું ધ્યાન ધરીને શોધો કરી છે. મારી પરબ્રહ્મ સત્તાનું ધ્યાન ધરીને અનેક ઋષિઓ મુક્ત થયા છે, કે જેઓનાં નામ પૂર્વનાં શાસ્ત્રોમાં પણ નથી. પ્રાચીન ભૂતકાળનો સર્વ ઇતિહાસ મારા જ્ઞાનથી વિશ્વમાં પ્રગટ થશે. દુનિયાનાં સર્વ દર્શનો, સર્વ ધર્મો અને પંથો જુદા જુદા દેશોમાં પ્રગટેલાં તે સર્વ અપેક્ષાએ મારાથી પ્રકાશિત અને પ્રકાશ કરવામાં આવશે એવા અનાદિકાલીન જૈનધર્મમાં અન્તર્ભાવ પામ્યાં છે, પામે છે અને પામશે એમ જાણો.

જૈનધર્મની યથાશક્તિ આરાધના કરવામાં સર્વ દર્શન–મત–પંથોની આરાધના આવી જાય છે. તેથી અન્ય કોઈ ધર્મ પાળવા યોગ્ય નથી અને તે પ્રવર્તાવવા યોગ્ય નથી. જૈનધર્મની બહાર કોઈ ધર્મ નથી. જે મારા કહેલા જૈનધર્મમાં નથી તે અન્ય કોઈ ઠેકાણે

નથી. મારા તત્ત્વજ્ઞાનની બહાર કોઈ તત્ત્વજ્ઞાન નથી. જેટલાં વિજ્ઞાનો છે અને પ્રકાશિત થશે તે સર્વ મારાથી પ્રકાશેલાં જાણો. દુનિયામાં અનેક પ્રકારની શક્તિઓ, ચમત્કારો છે તે આત્મવીરના આધારે છે એમ જાણો. સત્યથી સદા પ્રવર્તો અને અસત્યથી પાછા ફરો. સત્યરૂપ હું છું અને અસત્ મોહમાયા છે એમ જાણો. મારા જૈનધર્મરૂપ સાગરમાંથી તરંગરૂપે ઊઠેલા (ઉત્પન્ન થયેલા) અનેક શાખારૂપ ધર્મો જાણો.

સર્વ લોકો મારા સ્વરૂપ તરફ લક્ષ દો અને સર્વ બંધનોથી મુક્ત થાઓ. એક વસ્તુના સ્વરૂપને અનેક દૃષ્ટિઓથી અને સ્યાદ્વાદરૂપ સમ્યગ્જ્ઞાનથી સર્વ બાબતોને તપાસો. અનેક અપેક્ષાઓથી સત્યનો નિર્ણય કરો. અજ્ઞાન–મોહથી ભ્રમિત ન બનો. આત્મા વિનાની સર્વ જડ વસ્તુઓમાં મોહથી બદ્ધ ન થાઓ. સર્વ જડ વસ્તુઓ પ્રતિ થતા મમતા–મોહને દૂર કરો, અને અનંત સુખ છે એવો દૃઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગ ધારણ કરો. રાગદ્વેષ વિના આત્માને આત્મસ્વરૂપે સંભારવો અને અનુભવવો એ જ શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગથી આત્મામાં અનાદિકાળથી તિરોભાવે રહેલા અનંત સુખનો આવિર્ભાવ થાય છે.

દેવો અને મનુષ્યો ! તમો સર્વે સત્ય પ્રેમથી વર્તો. દુનિયામાંથી સારું ગ્રહો. આત્મા પર સર્વ દૃષ્ટાંતોને સવળાં કરી ઉતારો. કરસ્પર્શમાં મસ્ત થયેલ હાથી હસ્તિની માટે ખાડા–કાદવ કંઈ પણ દેખતો નથી એવો તેનો પ્રેમ છે, તેમ જેઓ આત્મમહાવીરપ્રભુ પર પૂર્ણ પ્રેમી બને છે અને પ્રભુપ્રાપ્તિ માટે શરીરનો નાશ થાય તોપણ જે શરીરની પરવા કરતા નથી તેઓ મને પામે છે અને જન્મ–જરા–મૃત્યુના દુઃખથી મુક્ત થાય છે.

માછલાંઓ લોટ વગેરે ભક્ષ્ય પદાર્થોની લાલચે પારધીઓ વગેરેના પંજામાં સપડાય છે. ભક્ષ્ય પદાર્થ ખાતાં તેઓની જીભ પર કાંટા વાગે છે અને તેથી તેઓ જિહ્વારસની લાલચે પ્રાણ ખોવે

છે, તોપણ તેઓ ભક્ષ્યપ્રેમ અને જિહ્વારસરાગને ત્યાગતાં નથી. તેમ જેઓ શુદ્ધાત્મ પરબ્રહ્મ પ્રેમરસમાં એટલા બધા રસીલા બને છે કે જેથી શરીરનો નાશ થાય, ધન, સત્તા આદિનો નાશ થાય તોપણ તેની પરવા કરતા નથી અને દેહ કે પ્રાણથી મરવામાં પોતાની મસ્ત દશાને ચૂકતા નથી તેઓ મને પામે છે.

ભ્રમરો ગંધના ઘણા લાલચુઓ હોય છે. સરોવરના કમળમાં ગંધના રાગથી એટલા બધા ચોંટી જાય છે કે તે સૂર્યાસ્તને પણ જાણી શકતા નથી. સૂર્યાસ્ત થતાં કમળો બિડાય છે ત્યારે તે કમળોમાં ચૂંચૂં કરતા રહે છે. રાત્રિમાં હાથીઓ સરોવરમાં પડી કમળોને તોડી-કચરી નાખે છે તેના ભેગા ભમરાઓનો પણ નાશ થાય છે, છતાં તેઓ પોતાની ટેવ છોડતા નથી. ભમરાઓની પેઠે જેઓ આત્મમહાવીરના ગુણોની સુગંધીમાં મસ્ત બને છે અને કાળનો ભય ગણતા નથી; ધન, સત્તા, કુટુંબ, દેહનું ભાન પણ ભૂલી જાય છે; ટાઢ, તાપાદિનાં દુઃખોને પણ જેઓ હિસાબમાં ગણતા નથી; પ્રતિષ્ઠા, કીર્તિ, નામરૂપનો મોહ જેઓ ભૂલી જાય છે અને મારામાં એટલા બધા આસક્ત બની જાય છે કે જેથી તેઓ બાહ્યમાં ત્યાગ કે ગ્રહણનું ભાન ધારી શકતા નથી એવા મસ્ત ભક્તો છેવટે મોહાદિ કર્માવરણોને હટાવી સર્વજ્ઞપદ પામે છે.

ચોમાસાની ઋતુમાં ઘણાં પતંગિયાં થાય છે. દીપકનો પ્રકાશ, તાપણી વગેરેનો પ્રકાશ દેખીને તે તરફ ઊડે છે અને આજુબાજુનો વિચાર કર્યા વિના તેમાં પોતાની કાયાનો હોમ કરે છે અને દેહને ભસ્મરૂપ બનાવે છે. તેમના એવા ચક્ષુ ઇન્દ્રિયના વિષયરાગની પેઠે મારા ભક્તો, સંતો, ફકીરો મારા માટે દેહ-વિષય-ઇન્દ્રિય-મનનો હોમ કરે છે અને મારા સ્વરૂપમાં લીન થવા માટે પછી શું થશે, કુટુંબ વગેરેનું શું થશે વગેરે બાબતોનો કંઈ પણ વિચાર કરતા નથી. ઇન્દ્રિયોના સુખની લાલચનો હોમ કરવામાં જરામાત્ર આનાકાની કરતા નથી. જડની અહંતા અને મમતારૂપ સૂક્ષ્મ દેહને મારા અગ્નિ-

સમાન રૂપમાં બાળીને ભસ્મ કરી અને મારા સ્વરૂપમાં લીન બની શુદ્ધાત્મમહાવીરપદને પામે છે.

વનમાં ફરતાં હરણોની દશા દેખો. તેઓ મોરલી કે વેણુ વગાડનારાઓની પાસે જાય છે. તેઓ તે વખતે જરામાત્ર મૃત્યુના ભયનો વિચાર કરતાં નથી. પારધીઓ તેમને મારી નાખે છે તો પણ ગાનરાગનો—શ્રવણેન્દ્રિયના વિષયરાગનો ત્યાગ કરતાં નથી. ગાયન સાંભળવામાં મશગૂલ થયેલાં એવાં મૃગલાં સુખેથી મરે છે તેમ જેઓ મારા શુદ્ધાત્મસ્વરૂપનું માહાત્મ્ય સાંભળવામાં પ્રાણનો હિસાબ ગણતા નથી, મારા જ્યોતિસ્વરૂપને દેખી પતંગિયાંની પેઠે આવીને હોમાય છે અને મરતાં મરતાં પણ મને સાંભળવા–દેખવામાં જ જેઓનો પૂર્ણ પ્રેમ છે, પૂર્ણ મસ્તી છે તેઓ મને જ પામે છે. તેઓ રાજ્ય, વૈકુંઠ, ધન, પુત્ર, સ્ત્રી આદિને ભૂલી જાય છે. ઇન્દ્રની અપ્સરાઓ પણ જેઓને કૃષ્ણવર્ણી ભૂંડણીઓ જેવી લાગે છે, ધૂળમાં અને રત્નમાં જેને એકસરખો ભાવ છે, આત્મમહાવીરનું સ્વરૂપ સાંભળવામાં જેઓ મહાવ્યસની હરણ અને નાગના જેવા એકરસિયા બન્યા હોય છે તેઓ પરબ્રહ્મ સ્વરૂપને પામે છે.

નદીઓ સમુદ્રમાં મળીને, પોતાનાં નામો અને રૂપો (આકારો)-નો ત્યાગ કરીને સાગરરૂપ બની જાય છે, તેમ તમો તમારાં નામો અને રૂપોમાં મને દેખો અને જુદાં નામરૂપનો ત્યાગ કરીને મારા-રૂપ બની જાઓ. શરીર એ મારું રહેવાનું સ્થાન છે અને હું શુદ્ધાત્મ અક્ષર બ્રહ્મ અનંત નૂરસાગર છું એમ અંતરમાં અનુભવો.

ત્રણ પ્રકારના પદાર્થોનું વિશ્વ છે: નામરૂપ પદાર્થો, જ્ઞાન-રૂપ પદાર્થો, જ્ઞેયરૂપ પદાર્થો. તેમાં જ્ઞાનરૂપ આત્મામાં નામ પણ જ્ઞેયરૂપ છે. નામ અને જડ–ચેતનમય વિશ્વ એ સર્વ જ્ઞાનાત્મામાં ભાસે છે. જ્ઞાનાત્મરૂપ પોતાને ધારો અને નામરૂપ મોહથી નિવૃત્ત થાઓ. સાગરમાં જલનું એક બિંદુ ભળીને સાગરરૂપ થાય છે, અમર થાય છે, તેમ તમે આત્માના અનંત જ્ઞાનાનંદ રૂપમાં ભળીને

અનંતરૂપ થાઓ. તિરોભાવે તમો અનંત છો અને આવિર્ભાવે અનંતગુણપર્યાયરૂપ પોતાને અનુભવો.

**આત્મતત્ત્વનો ઉપદેશ :**

દૂધમાંથી ઘૃત કાઢવા માટે દૂધનું દહીં કરીને તેને મથી (વલોવી) માખણ કાઢવામાં આવે છે અને માખણને તાવી જળ બાળીને ઘૃત કાઢવામાં આવે છે. તે પ્રમાણે દેહમાં રહેલા આત્માને મન–વાણી–કાયાથી જુદો પાડો અને તેમાંથી માખણરૂપ અંતરાત્મા પ્રગટ કરો અને તે અંતરાત્મારૂપ માખણનું પરમાત્મરૂપ ઘી કરો. ઘાસમાં ઘી છે. ઘાસના ઉત્પત્તિકારણ જળ, અગ્નિ, પૃથ્વી, બીજમાં ઘી છે, પણ તે સત્તાએ બહુ દૂર છે. ઘાસ કરતાં ગાયમાં ઘૃત પાસે છે. ગાય કરતાં દૂધમાં, દૂધ કરતાં દહીંમાં અને દહીં કરતાં માખણમાં ઘી પાસે છે. તેમ સર્વત્ર એ પ્રમાણે સાધનો વડે દૂર–દૂરતરથી તેમ જ આસન્ન–આસન્નતર ધ્યાન–અનુભવથી મને (શુદ્ધાત્માને) પામો.

આત્મશક્તિ વિના અગ્નિ બળે નહીં, વાયુ વાય નહીં, પૃથ્વી સ્થિર રહે નહીં, જલ દ્રવે નહી, સૂર્યવિમાન ગતિ કરે નહીં. એમ આત્મરૂપ મને આત્મસત્તાએ અંતરમાં અનુભવો એટલે આત્મસત્તાથી તમારા સર્વમાં મને અનુભવશો. સર્વ વિશ્વમાં અને વિશ્વની બહાર બ્રહ્મસત્તારૂપ હું છું એમ અનુભવો.

મારામાં ઉત્પાદ–વ્યય ક્ષણે ક્ષણે થયા કરે છે. ગુણપર્યાઓના ઉત્પાદ તે જ મારું બ્રહ્મારૂપ છે. જ્ઞાનાદિ ગુણ–પર્યાયોનો વ્યય તેમ જ સર્વ જ્ઞેયોનો જ્ઞાનમાં ઉત્પાદ પછી વ્યય તે મારું હર રૂપ છે અને સર્વનું મૂળરૂપે હોવું (તે) સત્પણું—ધ્રૌવ્યત્વ એ મારું વ્યાપક વિષ્ણુરૂપ છે. તેથી એ ત્રણ શક્તિવિશિષ્ટ એવો હું પોતે એક રૂપ અને ઉત્પાદ–વ્યયની અપેક્ષાએ અનેક રૂપ છું. જે દેહથી મને તમે દેખો છો તે દેહ તો સાકાર છે. જ્ઞાનાત્મારૂપ હું અનંત અપાર તેજોમય છું, તેથી તે રૂપથી જે મને જાણે છે તે સર્વને જાણે છે

અને પોતાને પણ જાણે છે. મારામાં જેઓ પૂર્ણ પ્રેમ ધારણ કરે છે અને તે માટે જ્ઞાનાગ્નિને હૃદયાધારમાં પ્રજ્વલિત કરીને તેમાં મોહપશુને હોમે છે તેઓ મારા આત્મરૂપને પામે છે, પરંતુ શાસ્ત્રોને પકડી રાખવાથી ચા વાતો કરવામાત્રથી કંઈ વળતું નથી. મારામાં જેઓ પ્રેમ ધારણ કરે છે તેઓના હૃદયમાં હું છું એમ તમે સર્વે જાણો.

મારા ધર્મના આચારોમાં અને પ્રવૃત્તિઓમાં દેશકાળાનુસારે જેઓને જેમ ઘટે તેમ યોગ્ય ફેરફારો કરે છે અને ધર્માચારવાળાં શાસ્ત્રોને પણ મારા મહાભક્ત સૂરિઓ દેશકાલાનુસારે યોગ્ય સ્વરૂપમાં ફેરવી શકે છે. સર્વ વિશ્વનું શ્રેય કરે, સમાજને અવનતિમાં પડતાં બચાવે અને સર્વ જીવોને ઉન્નતિના માર્ગ પર ચઢાવે, સર્વ વિશ્વમાં જ્ઞાનરૂપે મારો અનુભવ કરાવે, ખોટાનો નાશ કરે અને સત્યને ધારી રાખે તે જ મારો સર્વ જીવોના ગુણકર્મ સ્વાધિકારે ભિન્ન ભિન્ન અસંખ્ય શાખાયુક્ત જૈનધર્મ છે.

સર્વ દ્રવ્યમય વિશ્વનો જ્ઞેયપરિણામે મારામાં ક્ષણે ક્ષણે ઉત્પાદ–વ્યય થયા કરે છે એમ જે સ્યાદ્વાદદષ્ટિએ અનુભવે છે તે જ આત્મદષ્ટિથી મને દેખે છે અને તે જ પ્રભુ બને છે.

એકબીજામાં પ્રેમથી મને દેખો અને ભિન્નતા, સ્વાર્થનો ત્યાગ કરો. જે કંઈ થાય છે તેમાં આનંદથી વર્તો તો જે કંઈ થશે તેમાં આનંદ દેખશો. જ્યાં જ્યાં શક્તિઓ છે ત્યાં મારું શક્તિસ્વરૂપ છે, એમ અભેદાપેક્ષાએ જાણો. જે કંઈ દુઃખરૂપ છે, જડરૂપ છે તે અનાત્મરૂપ જાણો. એક તસુમાત્ર પણ હું ભક્તિવાળા હૃદયથી દૂર નથી. અસત્‌થી સત્યની ઉત્પત્તિ નથી અને સત્યથી અસત્‌ની ઉત્પત્તિ નથી. મિથ્યા હુંપણાનો ત્યાગ તે ત્યાગ છે અને તેવી દશામાં રહીને પશ્ચાત્ વર્તવું તે ત્યાગાશ્રમ છે.

માતાના ઉદરથી જન્મ તે એક જન્મ છે અને મારો અનુભવ કરી જૈન બનવું તે દ્વિજ અર્થાત્ બીજી વાર આત્મભાવે જન્મવું

છે. મનનું આત્માની પાસે સ્થિર થવું અને રાગદ્વેષના વિકલ્પ–સંકલ્પરહિત થવું તે અધ્યાત્મ ઉપનિષદ છે અને એવા પ્રકારનો બોધ આપતું શાસ્ત્ર તે શબ્દોપનિષદ છે. આત્માની સત્ય જ્ઞાનની સ્ફુરણાઓને સાંભળવી તે શ્રુતિ છે અને શુદ્ધાત્મજ્ઞાન તે શરીરમાં રહેલ જીવતો જ્ઞાનવેદ છે અને એવી દશા પમાડનારાં મારાં હિતવચનો તે શાસ્ત્ર–વેદો છે. પૂર્વના તીર્થંકરો, મુનિઓનાં ચરિતો પુરાણ, એ ઇતિહાસ છે. સર્વ તીર્થંકરોના ઉપદેશો તે તે કાળમાં શાસ્ત્રવેદો હતા અને ઇતિહાસો તે પુરાણો હતા.

અધ્યાત્મદૃષ્ટિએ શરીરમાં રહેલ આત્મા તે જ પરબ્રહ્મ મહાવીર છે અને તેના મુખ્ય ગુણો તે ઇન્દ્રો, નવગ્રહ, દશ દિક્પાલ, રુદ્ર, વસુ, આદિત્ય, પ્રજાપતિરૂપ છે અને આત્માની શુભ શક્તિઓ તે દેવીઓ છે. શુભ માનસિક વિચારો તે આધ્યાત્મિક મનુષ્યો છે અને શુભ માનસિક વૃત્તિઓ તે માનુષી સ્ત્રીઓ છે. આત્માના પ્રકાશથી સર્વ વિશ્વ પ્રકાશે છે, માટે આત્માને જાણો.

શરીરની માંહ્ય ચૌદ વિભાગોમાં અધ્યાત્મદૃષ્ટિએ ચૌદ રાજલોકની કલ્પના જાણો અને તેની બહાર સર્વાકાશમાં અલોકાકાશની અપેક્ષાએ ઔપચારિક સ્થાપના કરીને દેહસૃષ્ટિ દ્વારા લોકાલોકનો અનુભવ કરો. મનની મનન દશા સુધી આવવાથી આત્મા મનુષ્ય થાય છે અને મનની પેલી પાર અનંત આત્મા પોતે પોતાને અનુભવે છે ત્યારે તે મનોમહાવીર મટીને આત્મમહાવીર થાય છે. મનોમહાવીર બનતાં સુધી પ્રકૃતિ સહચારિણી તરીકે સાથે કાર્ય કરે છે અને આત્મમહાવીર પ્રભુ બન્યા પછી પ્રકૃતિ પોતે તાબેદાર બની, આત્માના હુકમને અનુસરી કાર્ય કરે છે. પશ્ચાત્ પરામાં જે કંઈ ભાસે છે તે સત્ય જ ભાસે છે. પછીથી અસત્યનું મિશ્રણ થઈ શકતું નથી. ત્યાગીઓ આત્મમહાવીરો બનવાનો પુરુષાર્થ કરે છે. તેઓ આત્માને સાક્ષીરૂપ બનાવીને પ્રવર્તે છે. તેથી તેઓ પુણ્યપાપ કર્મથી નિર્લેપ રહે છે.

ગાયો વગડામાં ચરવા જાય છે, પરંતુ તેઓનું લક્ષ્ય તો પોતાનાં વાછરડાં પર હોય છે એમ જેઓ વર્ણાદિક સ્વાધિકારે કર્તવ્યકાર્યો કરે છે પરંતુ લક્ષ્ય તો મારું હોય છે તેઓ આત્મ-મહાવીર બને છે. નટ જેમ વાંસ પર અનેક પ્રકારના ખેલ કરે છે પણ તે તેનું લક્ષ્ય ભૂલતો નથી તેમ તમો પ્રારબ્ધકર્માનુસારે સર્વ કર્તવ્યકર્મોના ખેલ કરો, નટની પેઠે વ્યવહારબાજી રમો, પણ લક્ષ્ય ન ભૂલો.

આત્મદ્રવ્ય સત્તાએ સદા એક નિત્ય અખંડ છે. દ્રવ્યાર્થિક નય-દૃષ્ટિએ આત્મસત્તાના શુભાશુભ પર્યાયરૂપ અવતારો નથી. પર્યાયા-ર્થિક નયદૃષ્ટિએ શુભાશુભ પર્યાયના શુભાશુભ અવતારો છે અને શુદ્ધપર્યાયનો આવિર્ભાવ તે પરમાત્મપદ અર્થાત્ મહાવીરદેવ વ્યક્તિ છે. સત્તાની અપેક્ષાએ મારા અવતારો નથી, પરંતુ શુભાશુભ ઔપચારિક વ્યવહારપર્યાયે અવતારો છે. અનંત પુણ્યના પ્રાદુર્ભાવ પર્યાયે તીર્થંકર અવતાર છે, પરંતુ મારા શુદ્ધ નિશ્ચય સ્વરૂપની અપેક્ષાએ અને સત્તાની અપેક્ષાએ સર્વાવતારો ઔપચારિક છે—એમ પરસ્પર નયસાપેક્ષાએ જાણીને મારું શુદ્ધ નૈશ્ચયિક સ્વરૂપ જેવું છે તેવું હૃદયમાં ધારણ કરો અને ઔપચારિક વ્યવહારમાં આસક્ત નહિ થતાં શુદ્ધ બુદ્ધિથી જેમ યોગ્ય લાગે તેમ વર્તો એવી તમને મારી સદાકાલ સ્વતંત્ર આજ્ઞા છે.

શુદ્ધ નૈશ્ચયિક આત્મમહાવીર સામ્રાજ્ય સદા નિત્ય, અખંડ, પૂર્ણાનંદરૂપ છે. તેમાં મનોવૃત્તિને એકરૂપ કરી નાખો એટલે તમો શુદ્ધાત્માના પૂર્ણાનંદની ઝાંખી અનુભવશો. ઔપચારિક વિશ્વનું બાહ્ય ક્ષણિક સામ્રાજ્ય એ વસ્તુતઃ સદા સત્ય સામ્રાજ્ય નથી. તેથી તેને ક્ષણિક સ્વપ્નની પેઠે માની આત્મસામ્રાજ્યમાં તમારો ઉપયોગ રાખો.

શુદ્ધાત્મમહાવીરના સામ્રાજ્યમાં જન્મ-જરા-મરણની ઉપાધિ નથી. ભર નિદ્રામાં જેમ વિશ્વનું ભાન રહેતું નથી, તેમ શુદ્ધાત્મ-

મહાવીર સ્વરૂપમાં લયલીન થતાં બાહ્ય વિશ્વ અને તેની ઇન્દ્રજાળરૂપ કલ્પના એ સર્વ ભુલાઈ જાય છે એમ અનુભવ કરો અને શરીર-મન–વાણી વગેરેથી શુદ્ધાત્મ પરબ્રહ્મને ન્યારો અનુભવો એટલે તમે સર્વ દુઃખથી વિમુક્ત, સિદ્ધ, બુદ્ધ થશો. શુદ્ધાત્મમહાવીરમાં મન ઊંડું ઊતરતાં બાહ્ય વિશ્વના વ્યવહારની શુભાશુભ કલ્પનાઓની સંજ્ઞાઓ કાયમ રહેતી નથી. એવી દશામાં જે મારા ભક્તો આવે છે તેઓ અલમસ્ત, અવધૂત, સર્વશક્તિધામ બને છે. તેઓ સર્વ દશામાં હરતાં-ફરતાં, ખાતાં-પીતાં, ઊઠતાં–બેસતાં આનંદી રહે છે. તેમના પર શુભાશુભ કષાયાદિ વૃત્તોની અસર કંઈક રહે છે અને ઠેઠ ઊંડા ઊતરતાં બિલકુલ રહેતી નથી, છતાં કેટલાક લોકો બાહ્ય કર્તવ્યોને પ્રારબ્ધયોગે કરે છે પણ અંતરથી કરતા નથી. તેમની એવી સ્થિતિને ભાગ્યે જ કોઈ જાણી શકે છે. કેટલીક વખત તો તેઓ પોતાની ખરી સ્થિતિને છુપાવે છે.

**આત્માની સાથે કર્મનો સંબંધ :**

આત્માની સાથ કર્મનો સંશ્લેષિત સંબંધ છે અને તે અસદ્‌ભૂત સંબંધ છે. આત્માનો સ્વકીય જ્ઞાન અને આનંદ સાથે સદ્‌ભૂત અનૌપચારિક સંબંધ છે. ઔપચારિક અસદ્‌ભૂત સંબંધમાં તેવી દૃષ્ટિએ વર્તવું અને સદ્‌ભૂત એવા આત્માના પર્યાયોમાં સદ્‌ભૂત ઉપયોગ રાખીને વર્તવાથી શુદ્ધાત્મમહાવીરભાવનો પ્રગટભાવ થાય છે એમ જાણો.

જડભાવની ઇચ્છાથી જેઓ મને ભજે છે તેઓ જડ વસ્તુઓને પામે છે અને જડ વસ્તુઓની પ્રાપ્તિ થતાં તેઓ મારા વિશ્વાસુ બની આત્મસામ્રાજ્ય માટે છેવટે મને અનુક્રમે ભજનારા થાય છે.

તમોગુણીઓ મને તમોગુણની પ્રધાનતાએ ભજીને તમોગુણી શક્તિ, વૈભવ, સુખાદિને પામે છે. પશ્ચાત્ તેઓ અનુક્રમે રજોગુણી-

વૃત્તિની મુખ્યતાએ ભજે છે અને રજોગુણી વૈભવ, શક્તિ, બુદ્ધિ, સુખ પામી છેવટે મારા પર પૂર્ણ વિશ્વાસી બને છે. પશ્ચાત્ સત્ત્વગુણી વૃત્તિથી ભજે છે અને સાત્ત્વિક શક્તિ, વૈભવ, સુખાદિને પામી મારું નિર્વૃતિસ્વરૂપ ઓળખીને તેમાં ઉપયોગ રાખે છે અને છેવટે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણથી રહિત થઈ શુદ્ધાત્મસ્વરૂપને પામે છે. પ્રકૃતિના ગુણોમાંથી પસાર થવા માટે ખાસ કાળજી રાખો અને વચમાં આવતા સર્વ વિક્ષેપોને પાછા હટાવો અને આગળ વધો.

માયાપ્રકૃતિરૂપ જડમાં આત્માનું પ્રતિબિંબ પડે છે, પરંતુ તે સત્ય નથી, માટે માયિક જડવસ્તુઓમાં આત્માને ન શોધો. જડ વસ્તુઓને જડરૂપ માનીને તેઓને જીવોના ઉપયોગમાં આવે તેટલા કામ પૂરતી શોધો, પરંતુ તે વસ્તુઓમાં મૂંઝાઓ નહીં. જડવસ્તુઓમાં મારી સ્થાપના કરો અને મને જોવાની ભાવના અનેક અવસ્થાઓ વડે ભાવો, જેથી જડ વસ્તુઓને ઠેકાણે તમે મને દેખી મારા સમાન બની શકો.

શુદ્ધનિશ્ચયથી આત્માનો કોઈ જડદ્રવ્યરૂપ વસ્તુઓની સાથે સંગ નથી, તેથી આત્માને નિઃસંગ અનુભવો. બાહ્ય સર્વ પદાર્થોના સંગને વસ્તુતઃ અસત્ માની કોઈમાં મન થકી બંધાઓ નહીં. પ્રકૃતિનો આત્માઓની સાથે સંબંધ છે. પ્રકૃતિ પોતાની શક્તિ પ્રમાણે જીવોને ખેંચી જ્યાં જોડવા જેવું હોય છે ત્યાં જોડે છે. તેથી તે જીવોને નાથ ઘાલેલા પશુઓને તેના માલિકો જ્યાં લઈ જવાં હોય ત્યાં લઈ જાય છે તેમ વર્તે છે. બલાત્કારે પ્રકૃતિની ગુપ્ત શક્તિથી જીવોને ન કરવા ધારેલ કર્મો કરવાનો પ્રસંગ આવે છે. તેવા વખતે જીવો મારું સ્વરૂપ સ્મરે છે તો તેઓ અંતરથી નિષ્કામ વર્તે છે અને પ્રકૃતિના બળના પ્રવાહમાં તણાતા છેવટે કાંઠે આવે છે. પ્રકૃતિના બળપ્રવાહમાં જેઓ તણાય છે પણ તે છતાં મારી શ્રદ્ધા–પ્રીતિથી જેઓ મારું ભજન કરે છે તેઓનું અનુક્રમે આત્મ-બળ ખીલતું રહે છે અને છેવટે પ્રકૃતિ તેઓને અનુકૂળ થઈ પડે છે,

એમાં જરામાત્ર સંશય નથી.

મોટા જથ્થામાં ભેગો થયેલો પારો પોતાની આગળ પાછળ રહેલા પારદનાં નાનાં બિંદુઓને આકર્ષે છે અને લોહચુંબક જેમ સોય વગેરેને આકર્ષે છે, તેમ આત્મા પોતાના મનના શુભાશુભ પરિણામના બળથી શુભ પુદ્‌ગલરૂપ પુણ્યને અને અશુભ પુદ્‌ગલરૂપ પાપને આકર્ષે છે અને તે વડે સુખદુઃખના સંયોગોને અનુસરે છે. શુભાશુભ વિચાર વડે સર્વ પ્રકારની શરીરાદિ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. સૂક્ષ્મ વિચારો જ સ્થૂળ દેહસૃષ્ટિના ઉત્પાદક છે તેમ જ અનેક સ્થૂળ પૌદ્‌ગલિક કાર્યોના બ્રહ્મા અર્થાત્ કર્તા છે. શુભાશુભ વિચાર કરનારું મન જ્યારે આત્મા સંમુખ થાય છે ત્યારે શુભાશુભ વિચાર બંધ પડવાની સાથે શુદ્ધાત્મમહાવીર ચિદાનંદ પ્રકાશ ખીલતો જાય છે અને તે સંપૂર્ણપણે ખીલવો તે જ મુક્તિ છે. એવી મુક્તિ આત્મામાં જ છે. આત્માની બહાર મુક્તિ શોધવાની નથી.

જેટલા વિચાર તેટલા જન્મ અને તેટલાં મરણ. શુભાશુભ પરિણામ તે જ સંસાર છે. સૂર્યવિકાસી કમળ જેમ સૂર્યના સામું રહે છે, સૂર્ય વિના તે વિકાસ પામતું નથી, સૂર્ય ઘણો જ દૂર હોવા છતાં સૂર્યની સાથે તેનો વિકાસવારૂપ પ્રેમ છે, તેમ તમો દેવો અને મનુષ્યો મારી સાથે એવો પ્રેમસંબંધ પ્રગટાવો. એ પ્રેમસંબંધ પ્રગટાવતાંની સાથે તમે પ્રકાશી થશો. કમળનો સૂર્યનાં કિરણોની સાથે જેવો સંબંધ છે, કુમુદિનીનો ચંદ્રપ્રકાશની સાથે જેવો પ્રેમસંબંધ છે, મીનનો જળની સાથે જેવો પ્રેમસંબંધ છે, તેવો પ્રેમસંબંધ મારી સાથે રાખવાની સાથે તમો સહેજે ત્યાગી થશો.

જડના પૂજારીઓ જડને પામે છે અને ચેતનવીરના પૂજારીઓ સહેજે ચેતનવીરને પામે છે. મને જેવા રૂપે જાણી–માનીને ભજશો તેવા તમે થશો અને તેવું પામશો. જેવું તમારું મન તેવા તમે છો. પાંચ ઇન્દ્રિયોના ઘોડાઓને સંયમરૂપ લગામથી વશ

કરો. મનરૂપ સારથિને પોતાની આજ્ઞા પ્રમાણે ચલાવો અને દરરોજ આગળ પ્રકાશમાં ગમન કરો. ધ્રુવના તારાની પેઠે સર્વ જડ વિશ્વમાં પોતાની ઉત્તરતા દેખી તે તરફ જાઓ.

તમે તમારા આત્માની સત્ય બુદ્ધિથી કર્તવ્યકર્મો કરો. ગુણ-કર્માનુસારે બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો કર્મો કરવા છતાં મારામાં મન રાખીને મારા શુદ્ધાત્મસ્વરૂપને પામે છે અને સંસાર-સમુદ્રને તરી જાય છે. રાગદ્વેષ વિના સંસારસાગરની ઉપર સહેજે તરી, આસક્તિ વિના સર્વ પદાર્થોના ઉપરી થઈ ઉપર રહેવાય છે એમ જાણો. આસક્તિથી સર્વ પદાર્થોની નીચે રહેવાય છે. *આત્મરૂપ બનીને સર્વ વિશ્વને પોતાની સત્તા નીચે ચલાવો.*

**મનને વશ કરો :**

મન–વાણી–કાયા પર શુભાશુભ અસર કરનારી મોહસત્તાને દૂર કરી નાખો. આસક્તિરૂપ પનોતીને પગ તળે દબાવી દો. મનરૂપ પશુના ઉપરી બની પશુપતિ થાઓ. મનરૂપ વૃષભને વશ કરી, આત્માની કાંતિ પામી સત્ય ઋષભ બનો. મનરૂપ હાથીને વશ કરી અજિત બનો. મનરૂપ ઘોડાને વશ કરી તે પર સવારી કરો. મનરૂપ વાનરને વશ કરી આત્માની આજ્ઞા પ્રમાણે ચલાવો. મનરૂપ ક્રૌંચ પક્ષીને વશ કરી તેના પર સવારી કરો. મનને કમળ જેવું નિર્લેપ બનાવી પદ્મદેવ (પદ્મપ્રભુ) બનો. મનરૂપ મકરને વશ કરી તેની પકડને દૂર કરો. મનરૂપ મૃગને પાંચ ઇન્દ્રિયરૂપ ક્ષેત્રમાં ચરતું બંધ કરી તેને વશ કરો. મનરૂપ ગરુડ પર સવારી કરો. મનરૂપ સિંહને વશ કરો તેને પોતાની આજ્ઞા પ્રમાણે ચલાવો. મનરૂપ સર્પની રાગદ્વેષરૂપ બે દાઢાઓને ખેંચી કાઢી તેને વશ કરો. મન-રૂપ પાડાને પોતાના વશ કરો. આત્મારૂપ ક્ષેત્રમાં ધર્મરૂપ મેઘની વૃષ્ટિ કરો. તેમાં આત્માના ગુણોરૂપ બીજો વાવો અને તેનાં ફળ ગ્રહો.

સર્વ વિશ્વમાં અશાંતિ, યુદ્ધ, કલેશ, પાપ કરનાર મોહ છે.

મોહનું સ્થાન મન છે. મનમાં મારું સ્વરૂપ ચિંતવતાં ક્રોડો ગાઉ દૂર મોહ નાસી જાય છે. મનને આત્મમહાવીરમાં જોડો. મનને આત્મામાં જોડતાં પહેલાં દુનિયામાં થતી શુભાશુભ બુદ્ધિને દૂર કરો. આત્માની સાથે મનને જોડવું તે યોગ છે. મનને આત્માની સાથે જોડવું તે ક્રિયા છે. મનને આત્મમહાવીરની સાથે જોડવું તે ભક્તિ છે. મનને આત્માની સાથે જોડવું છે ઉપાસના છે. આત્મમહાવીરમાં મનને જોડતાં રસ પડે તે પ્રેમ છે. મનરૂપ પારાને મારતાં આત્મા તે જ પરમાત્મરૂપ સુવર્ણ બને છે. મનને આત્માની સાથે જોડતાં મન તે જ બ્રહ્મા બને છે. મનને આત્મમહાવીરની સાથે જોડવું તે જ આત્મમહાવીરની કૃપા છે. મન જે જે ચિંતવે છે તે તે તેને મળે છે. મનરૂપ હંસ પર સવારી કરી સ્વર્ગમાં જવાય છે. મનમાં સત્ય વિવેક પ્રગટાવીને કર્તવ્યકર્મો કરતાં પુણ્યપાપનો લેપ લાગશે નહીં. ગ્રહણ અને ત્યાગ એ બે મનના ધર્મ છે. આત્મામાં ગ્રહણ કે ત્યાગ નથી. ગ્રહણ કે ત્યાગ વિના સમભાવે રહેવું મન તે જ મુક્તિ છે. એવી મુક્તિનો અનુભવ કરો.

આત્મામાં સર્વે ભર્યું છે. આત્મામાં જે જે ભર્યું છે તે અન્યોને આપવામાં મન-વાણી-કાયાનો ઉપયોગ કરો. સર્વ જીવોને અરસપરસ એકબીજાને આપવા કે લેવાદેવા માટે મન-વાણી-કાયાનો ઉપયોગ છે. પરસ્પર એકબીજાના હૃદયની સાથે હૃદય મેળવો. મનની સાથે મન મેળવો. વાણીની સાથે વાણી મેળવો. એકબીજાના હાથ ઝાલીને ચાલો. સાથે મળીને ચાલો. સાથે બેસો, સાથે ઊઠો. આગળ ચાલનારાઓ પાછળ રહેલાઓ સામું જુઓ અને પાછળ રહેલાઓ આગળ ચાલનારાઓ પ્રતિ લક્ષ રાખી ચાલો. તમો પરસ્પર એકબીજાના ઉપગ્રહ માટે છો અને જાણે-અજાણે વપરાઓ છો. પરસ્પર એકબીજાના આત્માને પોતાનો આત્મા માનો. શુદ્ધ પ્રેમથી સર્વે એકાત્મરૂપે જોડાઓ. નિત્ય-નૈમિત્તિક કર્તવ્યકર્મો કરી તમો મને દેખો અને ઘણું સહી, ઉદાર બની વિશ્વવ્યાપક આત્મસ્વરૂપી બનો.

સંઘની ઉન્નતિ અને એકતા માટે બને તેટલા સ્વાર્થો, માન, પૂજા, કીર્તિ, ધન, સત્તા, ભેદો અને સંકુચિત દૃષ્ટિઓનો ત્યાગ કરો. પરસ્પર એકબીજાનું અશુભ ઇચ્છવું તે મારો દ્રોહ કરવા સમાન છે. મારા સંઘની શક્તિઓનો નાશ થાય એવાં કાર્યોમાં ભાગ લેવો તે મારો દ્રોહ છે. મારા પર જેઓને નિંદા કે દૂષણબુદ્ધિ છે તેઓને કોઈપણ એવો દેવ નથી કે જે શરણે રાખી શકે. મારા ધર્મનો દ્રોહ કરનારનું કોઈ શરણ નથી એમ નક્કી જાણો.

કર્મના યોગે જીવો ચતુર્ગતિરૂપ સંસારમાં પુનર્જન્મો ધારણ કરે છે. મારા શરણે આવેલાઓ અપુનર્બંધક થાય છે અને તેઓ અપુનર્બંધક ગુણસ્થાનને પામે છે. મારી ભક્તિમાં જેઓને આનંદરસ પ્રગટે છે તેઓ જ્ઞાની બને છે. જીવતાં મનથી મરીને આત્મભાવે આત્માનું પ્રગટવું તે ત્યાગ છે અને તે ભક્તિ તથા જ્ઞાન છે.

જેઓને નામરૂપમાં અહં-મમત્વવૃત્તિ નથી અને જેઓ સર્વ કર્મો કરવા છતાં સાક્ષી થઈને વર્તે છે તેઓ અપેક્ષાએ ધર્માર્થે સર્વ લોકને હણે છે છતાં અહિંસક છે. દુષ્ટ લોકોને શિક્ષા આપવામાં અનેક રીતે સહવું પડે છે તે ત્યાગ છે. આત્માના સ્વરૂપમાં ઊંડાઊતરી જવું અને બાહ્ય વ્યાવહારિક પ્રવૃત્તિઓ, કે જે પ્રવૃત્તિધર્મ તરીકે છે તેને સ્વાધિકારે આદરતાં અંતરમાં ત્યાગ પ્રગટે છે. વિશ્વમાં મન-વાણી-કાયાના અસંખ્ય ભેદે અસંખ્ય પ્રકારનો સાપેક્ષિક ત્યાગ છે. દેશ, કાળ, ભાવને અનુસરી સર્વ દેશો, ખંડોમાં ત્યાગમાં પરિવર્તનો થયા કરે છે અને થશે.

ત્યાગમાર્ગમાં ઉપયોગી પરિવર્તનો જો નથી થતાં તો ત્યાગમાર્ગ એકદેશી, નિર્જીવ, નિરુપયોગી અને અરુચિકર બની જાય છે. વય, વાણી, આજીવિકાનાં કર્મો, લોકાચારની પરિસ્થિતિ, શરીરબળ, ભાવ, વર્ણાદિકની અપેક્ષાએ ત્યાગીઓ અનેક પ્રકારના વેષ-સતાચારે જુદા હોવા છતાં જેઓ મારા અનુયાયીઓ છે તેઓને

બાહ્ય નિમિત્તભેદની જુદાઈ નડતી નથી અને તેઓ મારા શુદ્ધાત્મમહાવીર સ્વરૂપને પામે છે તેમાં જરામાત્ર સંશય નથી અને ભવિષ્યમાં કોઈએ સંશય રાખવો નહીં.

સર્વથા પ્રકારે જેઓ શુદ્ધાત્મમહાવીરદેવના રાગી છે એવા ત્યાગીઓ વેષાચારની અનેક પ્રકારની ભિન્નતામાં કંઈ સત્ય જોતા નથી, છતાં વ્યવહારની ઉપયોગિતાએ સર્વ કદાગ્રહરહિત થઈ કર્તવ્યકર્મો કરે છે અને સર્વ સંશયોથી રહિત થાય છે. બાહ્ય ત્યાગ કરતાં આંતર ત્યાગની અનંતગુણી કિંમત છે. વેષ-ક્રિયાવાળા ત્યાગ કરતાં દુર્ગુણત્યાગથી થયેલા ત્યાગની અનંતગુણી કિંમત છે. જે કાળે, જે દેશે, જે સમયમાં, જે ત્યાગની ઉપયોગિતા છે તેની અનંતગુણી કિંમત છે. અંધ પરંપરાવાળા ત્યાગની ગાડરિયા પ્રવાહ જેટલી કિંમત છે. આદર્શ પુરુષો વિના ત્યાગમાર્ગની ઉપયોગિતા જણાતી નથી. માન, પૂજા, કીર્તિ, આજીવિકાદિની લાલસાઓએ કરી ત્યાગમાર્ગમાં પ્રવેશ કરવાથી ત્યાગી બની શકાતું નથી. સાધ્ય કે લક્ષ્ય વિનાનો ત્યાગ તે ત્યાગ નથી. અમુક વેષાચારપરંપરામાં ગુણો વિના સજીવન ત્યાગ નથી, જે જે અંશે દુષ્ટ અસમ્યગ્ કષાયોનો ત્યાગ તે તે અંશે ત્યાગ છે.

સર્વ પ્રકારના મેઘો જેમ પૃથ્વી પર વરસે છે તેમ સર્વ પ્રકારના ત્યાગધર્મો મારા પ્રતિ ગમન કરે છે. તેજ રીતે સર્વ પ્રકારના ગૃહસ્થ આદિ ધર્મો પણ મારા પ્રતિ ગમન કરે છે. આત્મમહાવીર એવા મારા પ્રતિ સર્વ ભિન્ન ભિન્ન દર્શનો, મતો, પંથો ગતિ કરે છે અને પોતપોતાની ગતિથી મારા પ્રતિ થોડાઘણા અંશે આવે છે. માટે સર્વ વિશ્વ માટે હું પ્રાપ્ય છું એમ સત્ય જાણો.

વિશાળ હૃદય કરો. દોષી જીવોનો તિરસ્કાર ન કરો અને મારી મહેરબાની ઇચ્છતા હો અને ગુનાઓ માફ કરવા મને તમો વીનવતા હો તો સૌથી પહેલાં તમે દોષીઓને ધિક્કારો નહીં, પણ દોષીઓ તરફ પ્રેમદૃષ્ટિ રાખી તેઓના દોષો ટળે એમ પ્રવૃત્તિ

કરો. તેઓ પર મહેરબાની કરો. તેઓને અપરાધોની માફી આપો. તેઓને નિર્ભય કરો એટલે મારા તરફથી તમે કૃપા, ઉદારતા, નિર્ભયતા પામ્યા જ એમ જાણો.

તમો દુનિયાના જીવો પ્રતિ જેવા ઉદાર દિલના થશો તેવો હું તમારા પ્રતિ થઈશ. 'કરશો તેવું પામશો', 'વાવશો તેવું લણશો', 'જેવી કૃતિ તેવી પ્રતિકૃતિ', 'જેવા તમે તેવી તમારી છાયા.' તમે જો વિશ્વમાં ભલા થશો તો વિશ્વ તમારા પ્રતિ ભલું થશે. સારાનું ફળ છેવટે સારું આવે છે. અમૃતવૃક્ષોનું ફળ અમૃત છે અને વિષવૃક્ષોનું ફળ વિષ છે. દુનિયાના સામું ન જુઓ, પણ પોતાનાં કર્તવ્ય સામું જુઓ. જેવાં કર્મો કર્યાં હોય તેવાં ભોગવવાં પડે છે તેથી કર્મ ઉદય આવતાં તટસ્થપણે ભોગવો અને નવીન કર્મો ન બંધાય એવી રીતે વર્તો.

કર્મસંબંધી છતાં તમે પોતે કર્મ નથી. સર્વ જીવો કર્મ અનુસારે સુખદુઃખ પામે છે. હું કોઈને કર્મ લગાડતો નથી કે કર્મફળ ભોગવાવતો નથી તેમ જીવોની સાથે કર્મનો સંયોગ કરાવી આપતો નથી, છતાં અજ્ઞાની જીવો ઈશ્વરને જીવોના કર્મસંયોગના કર્તા અને સુખદુઃખદાતા માને છે તે આરોપિત—ઔપચારિક દૃષ્ટિએ જાણવું. મને અર્થાત્ પરમેશ્વરને જીવોની સાથે કર્મસંયોગના કર્તા–હર્તા, સુખ દુઃખદાતા વગેરે તરીકે માનનારા અને એવાં શાસ્ત્ર બનાવનારા લોકો બાળજીવો છે એમ જાણવું. તેઓ તેવાં અજ્ઞાન અને બાળદશામાં મને કર્તાહર્તા માની, મારા પર શ્રદ્ધા–પ્રેમ ધારણ કરી, પાપથી નિવૃત્ત થઈ અને ધર્મમાં પ્રવૃત્ત થઈ, આત્મતત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી, છેવટે તેઓ ઔપચારિક ભક્તિથી પાકી, મારા સ્વરૂપના જ્ઞાનીઓ બની આગળ આવે છે અને શુદ્ધાત્મમહાવીરને પામે છે.

જે અવસ્થામાં જેવા પ્રકારનાં જ્ઞાન, ભક્તિ અને ઉપાસના પ્રગટવાનાં હોય છે તે કાળે તેવાં જ્ઞાન, ભક્તિ અને ઉપાસના પ્રગટે છે. તેથી તમો જ્ઞાન–ભક્તિભેદે કાળ, વય, દશાદિનો વિચાર કરી

મધ્યસ્થ બનો અને અજ્ઞાની બાળજીવોને તેમના માર્ગમાં શંકિત કરી ચલાયમાન ન કરો. પોતાના જેવા સર્વ લોકો બની જાય એવું કદી બન્યું નથી અને બનનાર નથી. માટે જે જે બાબતો મળે તેમાં મળીને ચાલો. જેમાં મેળ ન આવે ત્યાં મધ્યસ્થ બનો, પણ કોઈને ત્રાસ ન આપો અને કોઈ પર દ્વેષ ન રાખો.

જેમ જેમ તમે જ્ઞાન–પ્રકાશમાં આગળ વધો છો તેમ તેમ પૂર્વે થયેલી પોતાની ભૂલોને સમજી શકો છો અને તેવી રીતે બીજાઓની ભૂલો થાય છે એવું જાણી ઉદાર બનો છો અને બનશો. જેમ જેમ ભૂલોનો ત્યાગ કરો છો તેમ તેમ અનુભવત્યાગી બનો છો. અનુભવથી જે સ્વભાવે ત્યાગ પ્રગટે છે તે આત્માની શુદ્ધતા કરે છે. મારામાં ભિન્નતું કર્તાહર્તાપણું છે એવું જે બાળભક્તો માને છે તે ઉપચારમાત્ર છે અને તેવા ભાવથી રચાયેલા ગ્રન્થો વર્ણનમાત્ર—ઉપચારમાત્ર છે. છતાં તેવી દશા કે તેવી દૃષ્ટિ હોય ત્યાં સુધી મારામાં કર્તાહર્તાદિનો નૈગમ તથા વ્યવહારે આરોપ કરીને વર્તનારા લોકો અધર્મથી પાછા હટી, ધર્મ કરી, મારા પ્રતિ ગમન કરી જ્ઞાનીઓ બને છે.

અનંતસાગર જેવું મારું અગાધ અકલ્પ્ય અલક્ષ્ય સ્વરૂપ છે. સર્વ નયોની દૃષ્ટિવાળાઓ મારા પ્રતિ આવે છે. અસંખ્ય દર્શનદૃષ્ટિઓવાળા મારા સ્વરૂપ એવા અનંત દર્શનને પામી શાંત થાય છે. અસંખ્ય દર્શનદૃષ્ટિઓ પરસ્પર ભિન્ન હોવા છતાં તે તે દૃષ્ટિવાળા એવા મારા નામના જાપ કરનારાઓ અને અસંખ્ય દૃષ્ટિભેદમાં મારા સ્વરૂપનો અપેક્ષાએ અભેદ માની પ્રવર્તનારા એવા જૈનધર્મીઓ ગમે તે દૃષ્ટિએ કે ક્રિયાએ પ્રવર્તવા છતાં ગમે તે દેશ, ખંડ, કાળમાં પરસ્પર લોકોમાં મને શુદ્ધાત્મમહાવીરસ્વરૂપે નિહાળીને સ્વયં શુદ્ધાત્મમહાવીર બને છે. તેથી દેવો અને મનુષ્યો ! એવું જાણી પ્રથમ જૈન બની પછી શુદ્ધાત્મમહાવીર જિન બનો.

પ્રવૃત્તિમાં જૈનધર્મ છે તેમ નિવૃત્તિમાં જૈનધર્મ છે યોગ્ય દૃષ્ટિ-

પ્રવૃત્તિ તે જૈનધર્મ છે. અસંખ્ય દષ્ટિઓનાં અસંખ્ય દર્શન-સંપ્રદાયો અને તેમના અનુયાયીઓ સર્વે મારા અનંતસ્વરૂપમાં સમાઈ જાય છે અને મનના સંબંધે ઊઠેલી દષ્ટિઓ પણ મન લય થતાંની સાથે શુદ્ધાત્મમહાવીર થતાં લય પામી જાય છે. મારામાં મન મૂકવાની સાથે તમે સર્વે મુક્ત છો એવો અનુભવ કરી શકશો.

ત્યાગનું સ્વરૂપ :

સર્વ દેવળોમાં, દેવળો બહાર, ઘરમાં, વનમાં, ઊંચે-નીચે જ્યાં જુઓ ત્યાં મારું સ્વરૂપ જુઓ અને મારામાં રસિયા બનો એટલે તમે સર્વ કરવાને અગર ન કરવાને સ્વતંત્ર છો. પરતંત્રતા, ભય એ બંધન છે અને સ્વતંત્રતા, નિર્ભયતા એ જ મુક્તિ છે. મનમાંથી પાપ ટળતાં બાહ્યમાં પણ સ્વતંત્રતા અનુભવાય છે. આત્માની વ્યાપકતા અનુભવો. આત્માના વિશ્વાસી બનો. આત્માનું જ્ઞાન સર્વત્ર પ્રસારો. આત્મમહાવીરરૂપે હું તમને ઉપદેશ આપું છું અને આત્મા વિના અન્ય સર્વ પર થતા મોહને વારવારૂપ ત્યાગધર્મ પ્રગટાવું છું. એવા ત્યાગધર્મને અંગીકાર કરવાથી જ લોકોમાંથી અશાંતિ, અસત્ય, ચોરી, વ્યભિચાર, હિંસા, કલેશ, યુદ્ધ, મારામારી, કાપાકાપી, ખૂન, અવિશ્વાસ, અપ્રામાણિકતા, અનીતિ, જુલમ, દ્રોહ, અન્યાય વગેરે દોષોનો નાશ થાય છે અને વિશ્વમાં સત્ય પ્રેમ, સત્ય વિવેક, દયા, કરુણા, જ્ઞાન, ભક્તિ, કર્મયોગરૂપ જૈનધર્મ અને જિનધર્મરૂપ મારું સામ્રાજ્ય પ્રગટે છે. તેથી સર્વ જીવોને સુખશાંતિ મળે છે. માટે હે દેવો અને મનુષ્યો! એવા સત્ય ત્યાગમાર્ગને હું વ્યવહારથી ઉદ્ધરું છું અને તે તરફ સર્વ લોકોનું મન આકર્ષું છું. પ્રવૃત્તિમાં ત્યાગ છે અને ત્યાગમાં પ્રવૃત્તિ છે. નિવૃત્તિમાં ત્યાગ છે અને ત્યાગમાં નિવૃત્તિ છે.

તમોગુણી નિવૃત્તિરૂપ પ્રવ્રજ્યામાં સત્ય ત્યાગ નથી. સ્વાધિકારે ત્યાગ અને પ્રવૃત્તિ બન્ને એકરૂપ છે અને અપેક્ષાએ જુદાં છે. તે સર્વ લોકોની રુચિ અનુસારે ઉપયોગીપણું તથા અરુચિ એ અનુ-

પયોગીપણું છે.

ત્યાગધર્મની કોઈ કાળ-દેશમાં મુખ્યતા થાય છે તો કોઈ કાળ-દેશમાં ગૌણતા થાય છે, છતાં તે સ્વાધિકારે સેવ્ય છે. ભિન્ન ભિન્ન વૃત્તિવાળા લોકો પોતાના હૃદયમાં આત્મપરમેશ્વર મહાવીરને ભિન્ન ભિન્ન દૃષ્ટિઓના ભિન્ન ભિન્ન સ્વરૂપે છદ્મસ્થાવસ્થામાં અનુભવીને, મનમાંથી મોહ કાઢી સર્વજ્ઞ બને છે ત્યારે છદ્મસ્થાવસ્થાની સર્વ ભિન્ન ભિન્ન વૃત્તિઓ મોહાવરણાદિ આવરણોના યોગે હતી એમ જાણી તે તે અવસ્થાઓની ભેદવૃત્તિઓની મહામાયાની લીલાથી અતીત થયેલા પોતાને જાણી પરમાનંદ માને છે. તેઓ પરસ્પર ભિન્ન અને ભેદવૃત્તિવાળા લોકોને અભેદ આત્મમહાવીરસ્વરૂપ જણાવે છે અને લોકોને આત્મમહાવીર સામ્રાજ્ય જ મુક્ત સામ્રાજ્ય છે એમ જણાવી પોતાની ફરજ અદા કરે છે.

હે દેવો અને મનુષ્યો! તમે સર્વે પરસ્પર ભિન્ન વૃત્તિઓમાં ઢંકાયેલી આત્મમહાવીરની અભેદતાને દેખો. તેવી અભેદતાએ વર્તો, આત્મસામ્રાજ્ય પ્રાપ્ત કરો અને સર્વ પ્રકારના સંશયરહિત થાઓ. સંશય એ જ મૃત્યુ છે અને નિઃશંકતા એ જ જીવન છે, માટે મૃત્યુથી પાછા હટી સજીવન થાઓ. આત્માની છાયા વિશ્વ છે. મહાવીર એ જ સર્વ જીવોનો—સર્વાત્માઓનો પ્રભુ પરમાત્મા છે અને તે જ હું છું. હું સર્વ બહિરાત્માઓનો અને અન્તરાત્માઓનો સ્વામી મહાવીર અર્થાત્ પરમાત્મા છું. મારા આધીન સર્વ વિશ્વ છે.

એક વાર 'મહાવીરદેવ' એવો એકવીસ રાત્રિદિવસ જેઓ જાપ જપે છે અને મારામાં જ મન રાખે છે તે ત્યાગમાર્ગનો ગૃહાવાસમાં પણ મુસાફર બને છે. શુષ્ક રૂઢિઓ અને શુષ્ક ક્રિયાકાંડો, ધર્મના નામે ચાલતાં ફક્ત રૂઢિવાળાં કર્માનુષ્ઠાનો કે જેમાં રસ, જ્ઞાન વગેરેનો લોકોને અનુભવ થતો નથી, તેઓ કરોડો વર્ષનાં પ્રાચીન હોય તોપણ અર્થહીન થવાથી ત્યાજ્ય છે. જન્મની ભાષા

વિનાની મૃત ભાષા, કે જેમાં વપરાતા બોધને અમુક વર્ગ જ સમજી શકે છે અને જે તેનો સ્વાર્થદૃષ્ટિએ મનમાનતો અર્થ કરીને બાલજીવોને સ્વેચ્છાપૂર્વક દોરે છે તેમ જ અર્થજ્ઞાનશૂન્ય ગાડરિયાં જેવાં બનાવે છે, એવી પ્રાચીન ભાષાવાળા ગ્રન્થોના ત્યાગથી અને એવી એકદેશી શક્તિહીન રૂઢિઓના ત્યાગથી ત્યાગીઓ મારા ભક્ત અને રાગી બને છે.

જીર્ણ થયેલી વસ્તુઓને જીર્ણ વસ્ત્રની પેઠે ત્યાગવી પડે છે. ઉત્તર ધર્મની અપેક્ષાએ પૂર્વાચરિત ધર્મ, કે જે આચરવાની જરૂર નથી, તે જીર્ણ છે. જેમાં આત્માને રસ પડતો નથી અને જેનો ઉપયોગ નથી એવી રૂઢિની પ્રવૃત્તિઓ જે જે જીર્ણ થયેલી હોય છે તે ત્યાજ્ય કરવા પુરુષાર્થ કરવો.

જ્યાં જીવની ઉપયોગી ધર્મશક્તિઓ છે ત્યાં હું છું. ત્યાં ગુપ્ત ત્યાગ અને આવિર્ભાવ ત્યાગ છે. જે ત્યાગરૂપ ધર્મ છે તે અન્ય લોકોને તેઓની અપેક્ષાએ અધર્મ છે. સર્વ લોકોને માટે એકસરખો ત્યાગધર્મ હોઈ શકતો નથી. ધર્મ તે જ અપેક્ષાએ અધર્મ છે અને અધર્મ તે જ અપેક્ષાએ ધર્મ છે.

પ્રકૃતિના સંબંધે ધર્મ અને અધર્મ જે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ કહેવાય છે તે અન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અધર્મ-ધર્મરૂપે ફર્યા કરે છે. સ્વાધિકારે જે ત્યાગ છે તે પરાધિકારે અત્યાગ છે એમ જાણો અને પરસ્પરના હિત તેમ જ આત્મશુદ્ધિ માટે પ્રવૃત્તો.

જ્ઞાન, ભક્તિ કે કર્મમાં પ્રવર્તતાં પ્રથમાભ્યાસમાં ઘણા દોષો, મધ્યમાં દોષો અને છેવટે અલ્પ દોષો અને પશ્ચાત્ દોષરહિત અવસ્થા થાય છે. કોઈપણ અવસ્થા બિલકુલ દોષોરહિત હોતી નથી, છતાં તે તે જ્ઞાન-ભક્તિ આદિથી પ્રવર્તતા કે પ્રગટતા દોષોને ત્યાગવા તે ત્યાગધર્મ છે.

નાનું બાળક ચાલતાં શીખે છે ત્યારે પ્રથમાભ્યાસમાં એક દિવસમાં પચ્ચીસ વખત પડે છે, છતાં તે ચાલવાનો પ્રયત્ન કર્યા કરે છે. ચાલવાની સાથે પડવાનું તો હોય છે, છતાં પુરુષાર્થથી અને શક્તિથી છેવટે કાર્યની સિદ્ધિ થાય છે. તેમ દરેક બાબતમાં ગતિ કરવાની સાથે સ્ખલન હોય છે. મોટાને મોટા દોષો અને નાનાને નાના દોષો; પરંતુ તે વિના આગળ કોઈ ગતિ કરી શકતું નથી. પડ્યાથી પાછું તે કરતાં વિશેષ ઉત્સાહથી જે આગળ ચાલે છે તે સ્ખલનરૂપ દોષોના ત્યાગથી ત્યાગી બની શકે છે.

ગ્રહણ અને ત્યાગ એ બંને ભાવથી વિરામ પામવું એ જ મનની મુક્તિ છે. ગ્રહણપરિણામ અને ત્યાગપરિણામ એ બન્ને જાતના પરિણામથી આત્માને ન્યારો અનુભવવો એ જ સર્વત્ર વિશ્વમાં સ્વતંત્ર જીવન્મુક્ત દશા છે. તે દશાને તમે પામો.

આત્માની સાથે રહેલી કર્મપ્રકૃતિમાં અપેક્ષાએ દોષો અને ગુણોની ભાવના છે. દોષો તે અપેક્ષાએ ગુણો છે અને ગુણો તે અપેક્ષાએ દોષો છે. આત્માની સાથે તમોગુણી, રજોગુણીઅને સત્ત્વગુણી પ્રકૃતિ અનેક પ્રકારની માયિક લીલાથી ખેલ્યા કરે છે. તેમાં વિવેકબુદ્ધિથી જોવું અને વિવેકબુદ્ધિથી વર્તવું. રજોગુણી, તમોગુણી અને સત્ત્વગુણી વૃત્તિઓનો અને તેથી થતી પ્રવૃત્તિઓનો જેઓ આત્મામાં આરોપ કરતા નથી અને આત્મમહાવીરને શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિથી જેઓ ત્રણ ગુણથી ભિન્ન દેખે છે તેઓ આત્માને આત્મરૂપે અને પુદ્ગલ કર્મપ્રકૃતિને પ્રકૃતિરૂપે દેખે છે. પરિણામે સર્વ કર્તવ્ય પ્રવૃત્તિઓમાં તેઓ નિર્લેપ, અબંધ અને નિઃસંગપણે વર્તે છે.

તમસ્, રજસ્, સત્ત્વમાં ગુણ અને દોષ એ ભાવના સાથે પ્રવર્તે છે. પુદ્ગલને પુદ્ગલરૂપ જાણ્યા પછી તથા આત્માને આત્મારૂપ જાણ્યા પછી ગુણ અને દોષની દૃષ્ટિ રહેતી નથી. તેથી આત્મા જે કાંઈ કરે છે તે સારું કરે છે. જે કંઈ થાય છે અને થશે તે સારું છે એવો નૈસર્ગિક ભાવ રહે છે.

આત્મમહાવીરમાં સ્વાભાવિક અનંત ગુણપર્યાયો છે એમ જે અનુભવ કરે છે તેને ગ્રહવાનું અને ત્યાગવાનું રહેતું નથી. તેને આત્મામાં સર્વથા પૂર્ણતા અનુભવાય છે તેથી તેને અસંતોષ રહેતો નથી તથા મન, વાણી, કાયાની સત્પ્રવૃત્તિમાં સંકોચ રહેતો નથી. તેનામાં જે કંઈ છે તે સાહજિક છે એમ તે જાણે છે.

દેવો અને મનુષ્યો! તમારા આત્માઓ અસ્તિ–નાસ્તિ અનંતગુણપર્યાવથી પૂર્ણ છે. તિરોભાવીય પૂર્ણતા તે જ મિથ્યા ભ્રમ દૂર થતાં આવિર્ભાવીય પૂર્ણતારૂપ પ્રકાશે છે. આત્મગુણોના આવિર્ભાવની સાથે ઔદયિક ભાવની પરિણતિનો ત્યાગ થાય છે. આવિર્ભાવની પૂર્ણતાની સાથે ત્યાગભાવની પૂર્ણતા રહે છે. અવગુણોનો ત્યાગ એ ત્યાગભાવ છે અને સદ્‌ગુણોની પ્રાપ્તિ તે ગ્રહણભાવ છે. જડભાવની મમતાના ગ્રહણનો ત્યાગ તે ત્યાગભાવ છે.

ઉત્તરોત્તર માર્ગનું અવલંબન અને પૂર્વપૂર્વના માર્ગનો ત્યાગ તે ત્યાગમાર્ગ છે. આત્માની સર્વ પ્રકારની શક્તિઓ વધે અને તે માટે જે ગ્રહવું પડે તે ગ્રહણમાર્ગ અને પૂર્વે જે ગ્રહણ કરેલું પણ તે ત્યાજ્ય હોય તે ત્યાગવું તે ત્યાગમાર્ગ જાણવો. સત્‌નું ગ્રહણ અને અસત્‌ની મમતાનો ત્યાગ તે ત્યાગ છે. ગ્રહણવૃત્તિ જ્યારે નથી હોતી ત્યારે ત્યાગવૃત્તિ અને પ્રવૃત્તિ પણ નથી હોતી.

મન–વાણી–કાયાથી આયુષ્યપર્યંત વિવેકબુદ્ધિથી ગ્રહણ-ત્યાગ થયા કરે છે દેશ, રાજ્ય, સમાજ, સંઘ, નાત, કુટુંબ વગેરે સર્વત્ર વિશ્વમાં સર્વ જીવોની શુભાશુભ વૃત્તિથી ગ્રહણ–ત્યાગ થયા કરે છે. જ્યાં સુધી મન છે ત્યાં સુધી ઉત્તરોત્તર ગ્રહણ–ત્યાગ છે. તેમાં સ્વાધિકારે આત્મસાક્ષીએ વર્તો.

દોષદૃષ્ટિનો ત્યાગ કરો. કર્મોની સાથે દોષો રહેલા છે તે દોષો પણ ગુણો છે અને તે આત્મોન્નતિમાં હેતુભૂત છે, એમ અનુભવી આગળ વધો અને પાછળ રહેલાઓનો હાથ ઝાલી આગળ

ચઢાવો. એમ ચઢતાં કોઈ પડે તો તેની નિંદા કે હેલના ન કરો. તમો પણ તેવી સ્થિતિમાંથી પસાર થયા છો અને થશો.

તમો બીજાની ભૂલો માટે તેઓને ધિક્કારો નહીં. તમો પણ એક વખત તેવા હતા અને ભવિષ્યમાં એવી કદાપિ દશા આવે તો તે માટે સાવધ અને ઉપયોગી બનો. નિર્દોષ લઘુ બાળક પેઠે ગ્રહણ-ત્યાગમાં વર્તો અને અનાદિકાળના અશુભ મોહાભ્યાસની વૃત્તિઓનો ત્યાગ કરો.

શ્રવણ અને વાચન કરતાં મનન અનંતગણું ઉત્તમ છે. તેના કરતાં નિદિધ્યાસન અને તેથી આત્મપ્રવર્તન અનંતગણું ઉત્તમ જાણો. તમો તમારી રુચિ પ્રમાણે પ્રવર્તો, પણ અન્ય લોકોની રુચિનો તિરસ્કાર ન કરો, એ જ સારો જૈનધર્મ છે. અન્ય લોકોને સત્ય દેખાડો ને તેઓમાં રુચિ પ્રગટાવો. દોષોને માતા જેવા બની ધોવા તે ત્યાગમાર્ગ છે.

સાત્ત્વિક શક્તિઓથી ઊંચે ઊંચે ચઢવાનું થાય છે, પરંતુ તમોગુણી અને રજોગુણી શક્તિઓથી ઊંચે ચઢી શકાતું નથી. અહંત્વ-મમત્વના ત્યાગભાવથી હલકા થઈ ઊંચે ચઢો. મમત્વનો મહાન બોજો લઈ ઊંચે ચઢતાં થાકી જશો અને પડી જશો. બુદ્ધિના અહંકારનો પણ ત્યાગ કરો અને આગળ વધો. હજારો વિઘ્નોનો નાશ કરી આગળ વધો. તમારી સામું આખું વિશ્વ પડે તો પણ તમો આત્મશ્રદ્ધાથી વિશ્વને ધ્રુજાવી આગળ વધો. સામાન્ય ક્ષુદ્ર બાબતોમાં બંધાઈ ન જાઓ અને અન્યને પોતાના વિચાર અને આચારોના પ્રતિબિંબ માત્ર ન બનાવો, કારણ કે તેથી રુચિ-સ્વાતંત્ર્યનો નાશ થાય છે અને અન્ય પોતાના માર્ગથી આગળ વધી શકતા નથી. સર્વ લોકોને પોતાનો ઇચ્છિત ધર્મ્ય સ્વાધિકાર માર્ગ લેવા દો. તેમાં સૂચનાઓ આપો, સલાહો આપો. પોતે સ્વાશ્રયી બનો તથા અન્યોને પોતાના પગ પર ઊભા રહેનાર સ્વાશ્રયી ખંતીલા ઉત્સાહી વીર બનાવો. જેવું જાણો તેવું કહો, યોગ્ય લાગે તે કરો,

અન્ય લોકોને તેમના ગુણકર્માનુસારે પ્રવર્તાવીને પકાવી આગળ ચઢાવો.

"મેં કર્યું, હું જ કરનાર છું" એવા અહંકૃતિભાવનો ત્યાગ કરો. જે થાય છે તે મારી જ્ઞાનાજ્ઞા પ્રમાણે થાય છે, એવો નિશ્ચય કરો. બોલવાનું હોય તેટલું બોલો અને નકામું જે બોલાય તેનો ત્યાગ કરો. તમારા મૌનથી લોકો જે શીખે છે અને પ્રવર્તે છે તેમાં અધિક સત્ત્વ રહેલું છે. પવિત્ર રહેણીથી રહેવું તે મૌન છે. ખપ જેટલું બોલવું અને વિચારીને બોલવું તે મૌન છે. મનમાં પ્રગટતા અનેક અશુભ વિચારોના સંકલ્પ-વિકલ્પોને દૂર કરવા તે માનસિક મૌન છે. મૌનપણું ધારવું તે મુનિપણું છે અને તે જ ઋષિપણું છે. તેથી અનેક શક્તિઓની વૃદ્ધિ અને તેનું રક્ષણ થાય છે.

મૌનપણામાં જેટલું મહત્ત્વ છે તેટલું બીજા કશામાં નથી. મૌનપણામાં ઉત્તરોત્તર આગળ વધો અને તેથી તમે અવશ્ય શીઘ્ર મહાવીર થશો. મૌનપણું ધારણ કરીને અનેક ઋષિઓ મુક્ત થયા છે, થાય છે અને થશે. મૌનપણું એ મહાસાત્ત્વિક ત્યાગ અર્થાત્ સંન્યાસ છે. તેની આગળ વિશ્વના લોકો નમી પડે છે.

દેવો અને મનુષ્યો! આત્મામાં તલ્લીન થાઓ. આત્મામાં કેવળજ્ઞાન પ્રગટાવવા માટે એકાંત અને નિર્જન સ્થાનમાં ધ્યાન-સમાધિથી આત્મમહાવીરમાં આરૂઢ થાઓ. મન વડે આત્માનું ચિંતન કરો. આત્માના સત્સ્વરૂપને ત્રણ કાળમાં નિત્ય અનુભવો. આત્મામાં જે અનંત જ્ઞાન, અનંત આનંદ છે એનો બાહ્ય સંકલ્પ-વિકલ્પ-રહિત થઈ અનુભવ કરો એટલે જડ વસ્તુઓથી સુખ પ્રાપ્ત થાય છે એવો જે અનાદિકાલીન અધ્યાસ છે તેનો નાશ થશે. આત્મા અજ છે. સબળ અર્થાત્ તમસ્, રજસ્ અને સત્ત્વ પ્રકૃતિ એવી ત્રિવિધ પ્રકૃતિવાળું બ્રહ્મ (યાને આત્મા) તે સબલ બ્રહ્મ છે. પ્રકૃતિ-રહિત ભાવવાળા બની શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ કરો. પ્રકૃતિના બળ-સહિત આત્માનું જ્ઞાન કરો અને પ્રકૃતિના બળરહિત આત્મબળનું જ્ઞાન કરો. તમો પોતાને જેવા ઇચ્છો તેવા કરી શકો તેમ છો.

મનમાં પોતાને જેવા ધારો તેવા બનવાની તમારામાં શક્તિ છે.

પ્રકૃતિની શક્તિ અનંત છે અને આત્માની શક્તિ પણ અનંત છે. આત્માની શક્તિઓના તાબે પ્રકૃતિની શક્તિઓને કરો એટલે તમે અધ્યાત્મમહાવીર બની શકશો. મળેલા અવતારમાં જેટલો બને તેટલો પુરુષાર્થ કરો અને સર્વ પ્રમાદોથી દૂર રહો એટલે ત્યાગમાર્ગમાં–આત્મામાં ઊંડા ઊતરશો. ત્યાગાવસ્થામાં આત્મા વીજળીવેગે આત્મશક્તિઓના પ્રકાશમાં આગળ વધે છે. તેમાં પુરુષોનો અને સ્ત્રીઓનો એકસરખો અધિકાર છે એમ જાણો.

ત્યાગશક્તિઓને પામો. ત્યાગની શક્તિઓ આગળ અન્ય શક્તિઓ નમે છે. જેના કુળમાં ત્યાગીઓ પ્રગટે છે તેનું કુળ વિશ્વમાં સર્વોત્તમ અને પવિત્ર બને છે. ત્યાગીઓ સમાન કોઈ પવિત્ર નથી. નિઃસ્પૃહ ત્યાગીઓને સર્વ વિશ્વ નમે છે. વૈરાગ્યથી ત્યાગીઓ વિશ્વમાં સૂર્યની પેઠે પ્રકાશે છે.

દેવો અને મનુષ્યો ! ત્યાગીઓની સંગતિ કરો અને તેમના જેવા પોતાના આત્માને કરો. જે દેશમાં, ખંડમાં, કોમમાં, ત્યાગીઓ છે ત્યાં જીવતું પ્રભુમય જીવન છે. ત્યાગીઓ સર્વત્ર અપ્રતિબદ્ધ છે અને સર્વ વિશ્વમાં જીવતી આત્મશક્તિઓનો પ્રચાર કરનારા છે. ગૃહસ્થોના ઘરના અતિથિ એ ત્યાગીઓ છે. ત્યાગીઓના ગુણો દેખો. તેઓની પૂજાસેવા કરો. તેઓમાં અને મારામાં અભેદતા જાણો. જીવતાં મુક્તિનું સુખ અનુભવનારા ત્યાગીઓ છે. પ્રભુમાં મસ્ત રહેનારા ત્યાગીઓ સર્વ આવરણોને દૂર કરી સર્વજ્ઞ વીતરાગ મહાવીર બને છે.

જે વસ્તુઓ પોતાની નથી તેઓને પોતાની ન માનો. ત્યાગીઓ જડ વસ્તુઓના ગ્રહણમાં અને ત્યાગમાં તટસ્થ બની પ્રવૃત્તિ કરે છે તેથી તેઓ ગૃહસ્થો કરતાં જડ વસ્તુઓના ગ્રહણ–ત્યાગમાં અનંતગુણ નિર્લેપી તથા અપ્રતિબદ્ધ રહે છે. વિશ્વની સર્વ ઋદ્ધિનો ત્યાગ કરતાં પ્રસંગે તેઓ ક્ષણમાત્રની પણ વાર લગાડતા

નથી. ત્યાગીઓનાં ગ્રહણ અને ત્યાગ વસ્તુતઃ વિશ્વના હિતાર્થે હોય છે. તેઓનું હિત તો પ્રથમથી થયું હોય છે. વિવેકબુદ્ધિ જ્યાં હોય છે ત્યાં ત્યાગસ્વભાવ થાય છે.

નિકાચિત પ્રારબ્ધ ભોગકર્મોને પણ શુભાશુભભાવના ત્યાગથી ત્યાગીઓ ભોગવે છે. તેથી તેઓ વસ્તુતઃ કર્મના ભોક્તા ગણાતા નથી. કર્મ ભોગવવા છતાં તે કર્મની દૃષ્ટિવાળા હોતા નથી, પણ આત્મદૃષ્ટિવાળા હોય છે. તેઓ વ્યવહાર છતાં અંતરથી શુદ્ધાત્મ-મહાવીરદૃષ્ટિથી વર્તે છે. ત્યાગીઓના ઉપદેશમાં ચમત્કારી અસર રહેલી હોય છે. તેઓ અનેક પ્રકારનાં તપ તપે છે. જ્યાં મોહીઓ ઘણા હોય છે ત્યાં ત્યાગીઓની જરૂર છે. ત્યાગીઓ વિનાનું વિશ્વ કદી વર્તતું નથી. ત્યાગના વિચાર અને આચારોમાં દેશકાલાનુસારે પરિવર્તનો થયાં છે, થાય છે અને ભવિષ્યમાં થયા કરશે. ત્યાગના અનેક માર્ગો પ્રગટે છે. તેમાં કેટલાક ઉત્સર્ગમાર્ગો હોય છે અને તેની સાથે જ અપવાદમાર્ગો હોય છે. સર્વે વ્રત, નિયમો ઉત્સર્ગ અને અપવાદવાળાં હોય છે. તેઓનું મુખ્ય સાધ્યબિંદુ આત્માની શુદ્ધિ કરવી એ જ છે.

આત્મમહાવીરની પ્રાપ્તિરૂપ સાધ્યોપયોગને જે માર્ગો પમાડતા નથી તે માર્ગો નથી. આત્માને માટે નિત્ય, નૈમિત્તિક, ઔપચારિક, વ્યાવહારિક, અનૌપચારિક, નૈશ્ચયિક વગેરે અસંખ્ય જ્ઞાનાદિ માર્ગો છે. તે સર્વે કંઈ એકના માટે હોતા નથી. જેના માટે જે નિયતિરૂપ નિર્માણ થયેલા છે તે માર્ગથી તે શુદ્ધાત્મમહાવીરપદને પામે છે. અને પામતાં વચ્ચે જે જે પ્રતિબંધો વેદાય તેનો ત્યાગ કરવો તે ત્યાગમાર્ગ છે.

એવા ત્યાગમાર્ગમાં વિચરતાં વચ્ચે આવનારા દુશ્મનોને જીતીને જિનો બનો. તમારા આત્મામાં પરમેશ્વરપણું છે. તમે સત્તાએ જિન છો, પરંતુ વ્યક્તિથી જિન બનો. જિનનું સ્વરૂપ જાણ્યા

પછી દીન ન બનો. તમે આત્મા છો, પણ જડ નથી. દેહવસ્ત્રમાં વીંટાયેલા તમે વસ્તુતઃ શુદ્ધાત્મમહાવીર છો—એવો ઉપયોગ એક ક્ષણમાત્ર ભૂલ્યા વિના પ્રવર્તો. આજ પર્યંત મેં આદર્શ ગૃહસ્થ-માર્ગ વ્યવહારે લોકસંગ્રહાર્થે આદરી બતાવ્યો છે અને હવે આજથી ત્યાગમાર્ગને સર્વ લોકોના હિતાર્થ અને આત્માર્થે આચરી બતાવીશ. તમારું કલ્યાણ થાઓ.



## ૧૪. ઇન્દ્રાદિએ કરેલી સ્તુતિ

આ પ્રમાણે ઉપદેશ દઈને શ્રી પરબ્રહ્મમહાવીરપ્રભુ મૌન રહ્યા ત્યારે હે વાસિષ્ઠ ઋષિ! દેવોએ અને મનુષ્યોએ પ્રભુમહાવીરના નામનો જયજયકાર ધ્વનિ કર્યો. તેથી સર્વ વિશ્વ ગાજી ઊઠ્યું. ત્યાગમાર્ગની પ્રભુએ અનેક વાતો કરી. પૂર્વકાલીન ત્રેવીસ તીર્થંકરોનાં ચરિતો સુણાવ્યાં.

ઇન્દ્રોએ શ્રી મહાવીરદેવને વંદન–નમન કરી સ્તુતિ કરી અને પ્રભુ મહાવીરદેવના ત્યાગની અત્યંત પ્રશંસા કરી. સર્વ લોકોને દેવાધિદેવ મહાવીરપ્રભુનું સ્વરૂપ જણાવ્યું તથા પ્રભુનું શરણ કરાવ્યું.

પ્રભુ મહાવીરના પરમ ભક્ત હે વાસિષ્ઠ ઋષિ! તમારા વંશના આદિપુરુષ ઋષિ વસિષ્ઠે શ્રી મહાવીરદેવ ચોવીસમા તીર્થંકર થવાના છે એમ પૂર્વે ઇન્દ્રની આગળ જણાવ્યું હતું. શ્રી મિત્ર ઋષિના વંશમાં થનાર મૈત્ર ઋષિએ પ્રભુ મહાવીરદેવની અતિ પ્રશંસા કરી હતી. તેમણે બાલ્યાવસ્થામાં શ્રી મહાવીરપ્રભુની પાસેથી અધ્યાત્મ જ્ઞાન મેળવ્યું હતું અને પ્રભુ મહાવીરના તે કેવી રીતે ભક્ત બન્યા હતા તે હકીકત નિવેદન કરી હતી. સર્વશ્રમણપતિ પ્રભુ હવે ઈશાન કોણ તરફ વિહાર કરવા લાગ્યા ત્યારે ઇન્દ્રે પ્રભુના શરીર પર દેવદૂષ્ય વસ્ત્ર ઓઢાડ્યું. એમને વંદી નમી વારંવાર તે પ્રભુને નિહાળવા લાગ્યા. સર્વ દેવો અને મનુષ્યો પ્રભુની આવી ત્યાગા-

વસ્થા દેખી પ્રભુને સાશ્રુનયને વીનવવા લાગ્યા કે, 'હે વિશ્વપતિ ! માલિક ! પુનઃ દર્શન દેશો. અમારા પર કૃપા રાખશો.' ઋષિઓ વીનવવા લાગ્યા કે 'અમને તમારો આધાર છે. તમારા જીવન વિના અમારું બીજું જીવન નથી. તમો અમારાં હૃદય અને આંખો છો.'

**મૈત્રેયે કરેલી સ્તુતિ :**

મૈત્રેય ઋષિ કહેવા લાગ્યા કે 'આ કાળમાં અને હવે પછીથી તમારા જેવો મહાન્ સર્વગુણનિધિ પૂર્ણેશ્વર બીજો કોઈ અવતાર થશે નહીં. પ્રભો ! કૃપા કરી વહેલાં દર્શન આપશો.' રાજાઓ વીનવવા લાગ્યા કે 'હે પ્રભો ! કરોડો જન્મ ગ્રહીને જેટલી આત્મોન્નતિ ન કરી શકીએ તેટલી તમારા એક ઘડીના સમાગમથી અમારી થઈ છે અને ભવિષ્યમાં થશે. આપની કાયા વડે અમે આપના આત્માને અનુભવવા ભાગ્યશાળી બન્યા છીએ. આપની કૃપાથી અમારાં દિવ્યચક્ષુ ઊઘડી ગયાં છે તેથી આપનું દિવ્યસ્વરૂપ દેખ્યું છે. આપે દિવ્યચક્ષુ આપીને અહીં સર્વ લોકોને આપનાં અનેક સાકાર વિશ્વસ્વરૂપો દેખાડ્યાં, તેથી આપ જ એક મહાદેવ છો, પ્રભુ છો, એમ સર્વ લોકોને નિશ્ચય થયો છે.'

**દેવોએ કરેલીસ્તુતિ :**

દેવો કહેવા લાગ્યા કે 'હે પ્રભો ! કલિયુગમાં આપના જે લોકો ભક્ત બનશે અને ત્રણ દિવસ તથા ઉત્કૃષ્ટ એકવીસ દિવસ સુધી રાત્રિદિવસ આપની જેઓ અખંડ ભક્તિ કરશે તેઓને સ્વપ્નમાં તથા ચાક્ષુષ પ્રત્યક્ષ આપનાં વિશ્વસ્વરૂપનાં દર્શન થશે. આપના ભક્તો કલિયુગમાં આપનાં સ્વપ્નમાં તથા ચક્ષુથી આપની અનેકાવસ્થાનાં દર્શન કરી શકશે. અમો સર્વે આપના ભક્તો છીએ. અમે આપની આજ્ઞા પ્રમાણે ચાલીએ છીએ અને ચાલીશું. આપના ઉપદેશથી શુદ્ધાત્મમહાવીરસ્વરૂપ પામવા પૂર્ણ નિશ્ચય થયો છે. હે પ્રભો ! આપનાં વારંવાર દર્શન થાઓ અને આપની કૃપા સદા અમારા પણ રહો. આપની ભક્તિ માટે અમારી સર્વ પ્રવૃત્તિ હો.

આપ વિના બીજું કશું કંઈ ઈચ્છવા યોગ્ય, ધ્યાવા યોગ્ય અને પામવા યોગ્ય નથી. ક્ષણિક સંસારમાં આત્મમહાવીર જ આપ નિત્ય અખંડ પૂર્ણાનંદી છો. આપના શરણમાં સર્વ ધર્મ છે. આપના પ્રેમમાં અમારું જીવન છે.'

**સૂર્યે કરેલી સ્તુતિ :**

શ્રી સૂર્ય વિશ્વચક્ષુ કહેવા લાગ્યા કે 'હે પ્રભો ! વિશ્વાધાર મહાવીરદેવ ! આપને નમન વંદન હો. આપની આજ્ઞા પ્રમાણે મારી મતિ અને ગતિ છે. આપની આજ્ઞાથી હું પ્રકાશું છું. આપની શ્રદ્ધાભક્તિવાળા મનુષ્યોને હું સહાય કરીને આપની સેવા બજાવું છું. આપના નામનું જેઓ ભજન કરશે, આપને જેઓ ગાશે અને ધ્યાન ધરશે તેઓને હું મદદ કરીશ. આપના ભક્તોની હું સેવા કરીશ. આપની સદા મારા પર કૃપા રહો એ જ ઇચ્છું છું.'

**યમે કરેલી સ્તુતિ :**

સૂર્યે સ્તુતિ કર્યા બાદ યમે પ્રભુની સ્તુતિ કરી અને કહ્યું કે 'આપની આજ્ઞા પ્રમાણે હું વર્તું છું અને વર્તીશ. આપનું મહાવીરનામે જાપ અને ભજન કરનારાઓને મરણકાળે સમાધિ રહે એવો પુરુષાર્થ સેવીશ. આપના મહાવીરનામનો હું જાપ કરું છું અને કરીશ. મારી ગતિ અને મતિ આપ છો. આપ સર્વ વિશ્વના પાલક છો. સર્વ જીવોનું ભવિષ્ય આપની જ્ઞાનશક્તિને આધીન છે. વિશ્વોદ્ધારના કૃત્યમાં આપ તત્પર થયા છો તેથી વિશ્વ પ્રફુલ્લિત બન્યું છે. આપને નમું છું, સ્તવું છું.'

**વરુણે કરેલી સ્તુતિ :**

વરુણે પણ પરમાત્મા મહાવીરદેવની અત્યંત સ્તુતિ કરી વંદન-પૂજન કર્યું અને કહ્યું કે 'હે શક્તિરૂપ પ્રભો ! આપ સર્વત્ર અનંત શક્તિરૂપ વિલસો છો. સર્વ પ્રકારની બાહ્યાંતર શક્તિઓને પામવી તે જ આપને પામ્યા જાણવું. આત્મશક્તિઓનો પ્રાદુર્ભાવ જેથી થાય તે ત્યાગ છે, એમ આપે બોધ આપ્યો છે. દીનતા, નબળાઈ,

ભય, અશક્તિમાં ત્યાગ નથી; આત્માર્પણમાં ત્યાગ છે. ગૃહસ્થોને ગૃહસ્થ કર્તવ્યકર્મોમાં ધર્મ છે અને ત્યાગીઓને અનેક પ્રકારના ત્યાગમાં ધર્મ છે. ગૃહસ્થો ગૃહસ્થધર્મથી મુક્તિ પામી શકતા નથી, પરંતુ ગૃહસ્થદશામાં ત્યાગીઓના વિચારોથી અને કર્મોથી મુક્તિ પામી શકે છે. ત્યાગીઓ પોતાના સ્વાધિકારે ગુણકર્મોથી મુક્ત થાય છે. સ્વાધિકારે ધર્મ છે, પણ પરાધિકારથી વર્તતાં ધર્મ નથી. આપે એ પ્રમાણે પ્રબોધીને સર્વ પ્રકારના ગુણકર્મવાળા ભિન્ન ભિન્ન અવસ્થાના અનેક ધર્મોને જણાવ્યા છે. જ્યાં શક્તિ છે ત્યાં આપ છો. જ્યાં આપ છો ત્યાં સર્વ જીવતી શક્તિઓ અને ગુણો છે. બાહ્યાંતર સર્વ શક્તિઓને આત્મામાં પ્રગટાવવી તે જ આપરૂપે થવાની કૂંચી છે.

'સત્ય, વિદ્યા, પરાક્રમ, પુરુષાર્થ, આત્મબળ, શારીરિક બળ, તપ, ખંત, ધૈર્ય, જ્ઞાન, ભક્તિ વગેરે ગુણરૂપ આપને જેઓ પામે છે તેઓ મહાવીર બને છે. ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવસ્થામાં જીવતી અનેક શક્તિઓને પામવી તે જ આપના ભક્ત લોકોનું કર્તવ્ય છે—એવો આપે ઉપદેશ આપ્યો છે તેથી આપ પ્રભુ મહાવીર નામથી પ્રસિદ્ધ થયા છો અને સર્વ વિશ્વને મહાવીર બનાવવા સર્વ પ્રકારનો ઉપદેશ આપો છો.

'પ્રભો ! આપની ગતિને આપ જ જાણી શકો છો. અમો આપના અનંત આશયોને જાણી શકવા સમર્થ નથી. આપ પ્રભુએ 'આત્મા તે જ પરમાત્મા યાને મહાવીર વર્ધમાન છે' એમ સર્વ વિશ્વમાં જાહેર કર્યું છે. આપની અસંખ્ય કળાઓને કોઈ પણ કળી શકે તેમ નથી. આપ જે કાળે અને જે દેશે જે કરો તે વિશ્વોદ્ધારાર્થે છે. ગુણકર્મથી મહાવીર બન્યા સિવાય કોઈ જીવ્યું નથી. દેશ, કોમ, સંઘ, રાજ્યાદિકમાં જે મહાવીરપણું પ્રાપ્ત કરે છે તે જ પ્રભુ બને છે. મન–વાણી–કાયાનું સામર્થ્ય જીવતું પ્રકાશવામાં આપનું મહાવીરપણું છે. આપની શક્તિઓના અંશે અંશમાં વીર-

પણું છે. આપનો હું દાસાનુદાસ છું. આપની સર્વ વ્યાવહારિક અને આધ્યાત્મિક શક્તિઓને પામવું તે જ આપનું ભક્તપણું છે, જૈનત્વ છે અને એમ વર્તવું તે જ જૈનધર્મ છે. બાકી રહેણી વિનાની શુષ્ક કહેણીથી આપના ભક્તો કોઈ બન્યા નથી અને બનનાર નથી.

'આપના નામના જાપ જપીને અને આપની શક્તિઓને પામીને અનંત મહાવીરજીવન પ્રાપ્ત કરી શકાય છે. કલિયુગમાં શ્રી મહાવીર ! આપરૂપ બનવા જેઓ પ્રયત્ન કરશે તેઓ જૈન ગણાશે. ગુલામ જેવી વૃત્તિવાળા, બાયલા, બીકણ, મરવાથી ભય પામી દુશ્મનોના તાબે થનારા, સર્વ પ્રકારની વિદ્યાકળારહિત, સંપરહિત, આપસ્વાર્થી, પરાક્રમથી રહિત અને આપના ઉપદેશના અવિશ્વાસી એવા મડદાલ જેવા પરાશ્રયી મનુષ્યો આપની સેવાભક્તિનું સ્વરૂપ જાણી શકતા નથી. આપ મરણિયા થયેલાઓને સહાય કરો છો. ઐક્યબળ તે જ આપનું આધ્યાત્મિક સ્વરૂપ છે, આપ ત્યાગની શક્તિઓને વિશ્વના લોકોમાં પ્રગટાવો. આપ જ સર્વ વિશ્વના સત્ય પ્રભુ છો. આપનું શરણ હો.' આમ સ્તુતિ કરીને વરુણ મૌન રહ્યા.

**કુબેરે કરેલી સ્તુતિ :**

શ્રી મહાવીરદેવની કુબેરે વંદન—નમનપૂર્વક સ્તુતિ કરી અને કહ્યું કે 'હે પરબ્રહ્મ પ્રભો ! આપે ગૃહસ્થાશ્રમ અને બ્રહ્મચર્યાશ્રમનું આદર્શ જીવન આચરી બતાવ્યું છે. જૈનોમાં પરસ્પર આપ સરખી માનબુદ્ધિ રાખવાનું કહ્યું અને જૈનો તથા જૈન ધર્મને માટે તન, મન, ધન, સત્તા, પુત્ર, પુત્રી, ઘરબાર સર્વનો હોમ કરવાનું દર્શાવ્યું.' કલિયુગના અનુસારે ગુણકર્મપ્રવૃત્તિ કરી ગૃહસ્થ જૈનોએ પ્રવર્તવું. કલિયુગમાં પાખંડધર્મીઓ મોહના તાબે થઈ જૈનધર્મીઓને—આર્યોને તાબે રાખવા જેવા પ્રયત્નો, કર્મો અને ઉપાયો કરે તે કાળે અને તે ક્ષેત્રે તેના કરતાં અનંત ગુણી યુક્તિ,

શક્તિ, વિદ્યા, સંપ રાખી પ્રવર્તવું અને પાખંડીઓની આસુરી શક્તિઓનો નાશ કરવો. તેઓના પક્ષમાં કદી ભળવું નહિ અને તેઓનો કદાપિ વિશ્વાસ ન રાખવો—એમ આપે ગૃહસ્થ જૈનો, કે જે ચાર વર્ણોના મનુષ્યો છે, તેઓને જણાવ્યું છે.

'આપનું નામ ભજનારા એવા ભક્ત જૈનોએ દુષ્ટોની સામા ઊભા રહેવું અને તેઓથી સદા સાવધ રહેવું. પોતાની કન્યાઓ પાખંડીઓને ન આપવી. તેઓની સાથે તેમના જેવી યુક્તિ, કળા અને શક્તિઓના ઉપાયોગથી વર્તવું. કળિયુગમાં કળિ અનુસારે જીવો પ્રગટ થવાના. તેઓની સાથે ગૃહસ્થ જૈનોએ સત્યયુગ સમાન શુભ્ર-કર્મનું વર્તન રાખવું એ ગૃહસ્થ જૈનોના નાશનું કારણ છે. માટે કલિયુગના અનુસારે પાખંડધર્મીઓની સાથે વર્તવું અને ત્યાગીઓએ પણ કળિયુગના અનુસારે પ્રવર્તવું.

પ્રભો મહાવીરદેવ! તમારાં વચનો પર જેઓને શ્રદ્ધા નથી અને આપ પરમેશ્વરને જેઓ માનતા નથી તેઓ નાસ્તિક છે. તેઓની સાથે સગપણ વગેરે સંબંધો રાખવા નહીં. કળિયુગમાં આપની ભક્તાણી એવી સ્ત્રીઓએ અન્ય પાખંડીઓ સાથે વિશ્વાસથી વર્તવું નહીં. પ્રભુ મહાવીરદેવના બોધ વિના પાખંડીઓના ઉપદેશને સત્ય માનવો નહીં. ધન, સ્ત્રી, સત્તા, રાજ્ય, ભૂમિ વગેરેનું ગૃહસ્થાવાસમાં રક્ષણ કરવું.

ગૃહસ્થ જૈનનોને ગૃહાવાસમાં જૈનધર્મ, જૈન મહાસંઘાદિકના રક્ષણાર્થે તેમ જ આજીવિકાદિ સાધનોના રક્ષણાર્થે કોઈપણ કર્મ કરવામાં કે ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો કરવામાં પુણ્ય છે—એમ કળિયુગ માટે આપે પ્રકાશ્યું છે. ત્યાગીઓને કળિયુગમાં જૈનધર્મના રક્ષણાર્થે દેશકાળની અપેક્ષાએ વર્તવામાં ક્રોધ, માન, માયા, લોભાદિક કષાયો થતાં ધર્મ અને પુણ્ય છે. જો તે પ્રમાણે કળિયુગમાં ત્યાગીઓ નહીં વર્તે તો તેઓ પાખંડીઓથી પરાભવ પામશે અને પોતાના અસ્તિત્વનો નાશ કરશે, કારણ કે તેઓ

આપની આજ્ઞાથી વિરુદ્ધ વર્તી જીવી શકે નહીં—એમ આપે ગૃહસ્થાવાસમાં ઉપદેશ આપ્યો છે અને તે સત્ય છે.

કલિયુગમાં જૈન મહાસંઘ, આર્યસંઘનું રક્ષણ કરવા માટે આપનો છેલ્લો પૂર્ણ પરમેશ્વરાવતાર છે. કલિયુગમાં સત્યયુગની પેઠે વર્તનારા ત્યાગીઓથી જૈનધર્મનો પ્રચાર થશે નહીં. જે કાળે, જે ક્ષેત્રે જેવી રીતે વર્તવું યોગ્ય લાગે તેમ વર્તવું. ગૃહસ્થોએ ગૃહસ્થદશામાં આજીવિકાદિક કર્મથી જીવવું, પણ ગૃહસ્થદશામાં ભીખ માંગીને ન જીવવું. કન્યાવિક્રય ન કરવો. અન્ય ધર્મીઓના ગુલામ ન બનવું. ગૃહસ્થ જૈનોએ પાખંડીઓના ઘર પાસે વસવું નહીં અને અસુરોને પોતાના ઘર પાસે રહેવા ઘર આપવું નહીં. દેવ, ગુરુ, ધર્મનું અપમાન સહેવું નહીં અને કળિયુગમાં પોતાના ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું. ગુરુની આજ્ઞા તે જ મારી આજ્ઞા માનવી.

કળિયુગમાં ગૃહસ્થો આપના નામ, જાપ અને ગુરુની ભક્તિ તથા સાધુની સેવાથી આપનું પદ પામશે, એમ આપે ફરમાવ્યું છે. કળિયુગમાં જૈનોની સેવાભક્તિમાં સર્વસ્વનું અર્પણ કરવું એ જ કળિયુગના જૈનોનું કર્તવ્ય છે, એમ આપે પ્રકાશ્યું છે.' એમ કુબેરે વંદન કરી કહ્યું.

નંદિવર્ધનની વિનંતિ :

હે વાસિષ્ઠ ઋષિ! દેવોએ પ્રભુની સ્તુતિ કરી તે પશ્ચાત્ શ્રી નંદિવર્ધન, કે જે મારા પ્રિયાત્મા પતિ છે, તેમણે પ્રભુને વંદન કર્યું અને અશ્રુપૂર્ણ નયને કહેવા લાગ્યા કે 'હે પ્રભો! હવે હું કોની સાથે વાર્તાલાપ કરીશ. સર્વ કાર્યોમાં વીર વીર કહીને હવે કોને બોલાવીશ. મીઠી સત્ય વાર્તાઓ કોની પાસેથી સાંભળીશ. દરેક કર્તવ્યમાં મને કોણ ઉત્સાહિત કરશે. કોની સાથે બેસીને ખાઈશ. હે પ્રિયાત્મ મહાવીર બંધો! આપની સંગતિ વિના સ્વર્ગમાં કે વૈકુંઠમાં સત્ય સુખ નથી. અનેક સ્વર્ગો પણ આપના વિના સ્મશાન જેવા છે. આપની સંગતિ વિના એક ક્ષણમાત્ર કોટિ વર્ષો સરખા

છે. હે પ્રભો ! આપ મારા પર કરુણા કરી વહેલા વહેલા પધારશો.' એમ બોલવાની સાથે તે રોઈ પડ્યા.

નંદિવર્ધનને ઉપદેશ :

પરમાત્મા મહાવીરદેવે શ્રી નંદિવર્ધનને સંબોધીને કહ્યું : પ્રિયબંધુ ! જરામાત્ર શોક ન કર. સંયોગ ત્યાં સ્થૂલમાં વિયોગ છે. તું મોહને દૂર કરી આત્મદૃષ્ટિથી મને અંદર બહાર સર્વત્ર દેખ. આત્મમહાવીરરૂપે તું પોતાને દેખ. તું તે હું અને હું તે તું સત્તાએ એક છીએ. મારું ચૈતન્ય સત્તાસ્વરૂપ વિરાટ સ્વરૂપમાં સર્વ વિશ્વને દેખ. જ્યારે તું અન્તરમાં દેખે છે ત્યારે હું તારી આગળ છું. જ્ઞાનસ્વરૂપે મારું સ્વરૂપ દેખીશ તો સર્વ વિશ્વને જ્ઞેયાકારે મારામાં દેખીશ તથા મને અને તને વિશ્વરૂપે અપેક્ષાએ દેખીશ.

મોહવૃત્તિ થાય છે ત્યારે તું મને તારાથી દૂર અને વિયોગી દેખે છે, માટે મોહવૃત્તિનો ત્યાગ કર. શરીરને તું મહાવીરરૂપે ન દેખ. શરીર સ્થૂલ અને પુદ્ગલ છે. તેમાં રહેલ હું વસ્તુતઃ તેનાથી ભિન્ન છું. હું અને તું પૂર્વે હતા, વર્તમાનમાં છીએ અને ભવિષ્યમાં હોઈશું. તે પ્રમાણે આ પાસે રહેલા દેવો અને મનુષ્યોના આત્માઓને ત્રણ કાળમાં નિત્ય જાણ.

દેહને બાળ, યુવા, અને વૃદ્ધાવસ્થા લાગુ પડે છે, પરંતુ આત્મા બાલ્ય, યુવા અને વૃદ્ધાવસ્થાથી રહિત છે. પાંચ જ્ઞાનેન્દ્રિયના વિષયો ક્ષણિક છે. શીત, ઉષ્ણ, સુખ, દુઃખ એ સર્વ બાહ્ય સંયોગ અને વિયોગની અપેક્ષાએ કર્મથી થતું હોવાથી ક્ષણિક છે. વસ્ત્રોની પેઠે દેવો અને મનુષ્યોનાં શરીરો બદલાય છે અને કર્માનુસારે નવાં આવ્યા કરે છે. બાહ્ય સુખદુઃખમાં સમભાવે વર્તવાથી પરમાત્મપદ મળે છે. વિનાશી એવા શરીરમાં મને અવિનાશી જાણ. વિનાશી શરીર અને કર્મનો કર્તા હું છું એમ જાણ. અવિનાશી આત્માનો કોઈ નાશ કરવા સમર્થ નથી. શરીરાદિ સર્વ જડ ભાવો નાશવંત અને ક્ષણિક છે, માટે તેઓના

સંયોગમાં અને વિયોગમાં નિર્મોહભાવથી વર્ત.

અંતવંત શરીરમાં પોતાને અનંત દેખ. શરીરના સંયોગથી આત્મવીરના વિયોગને જેઓ દેખે છે તે મને દેખી શકતા નથી. વસ્તુતઃ તેઓ મને પામી શકતા નથી. આત્મમહાવીર એવો હું અને તું દેહભાવથી દેખાતા નથી, પણ આત્મભાવથી દેખાઈએ છીએ. આત્મા એ જ હું મહાવીર છું. હું અજ છું, નિત્ય, અખંડ, અછેદી, નિરંજન, નિરાકાર છું અને અનંત ગુણપર્યાયમય છું. હું લોકાલોકજ્ઞાયક પ્રભુ છું—એમ તું પણ પોતાને દેખ એટલે શરીરથી દૂર વા પાસે છતાં શોક કે હર્ષ રહેશે નહીં.

આત્માનો નાશ ત્રણે કાળમાં થતો નથી. શરીર અને પ્રાણ મરે છે, પણ આત્મા મરતો નથી. શરીર જાડું પાતળું છે, પણ આત્મા જાડો પાતળો નથી. શરીરની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમ ને ત્યાગાશ્રમ છે, પરંતુ આત્માની અપેક્ષાએ ગૃહસ્થાશ્રમ કે ત્યાગાશ્રમ નથી. પુણ્યબંધની અપેક્ષાએ સ્વર્ગ છે અને પાપબંધોદયની અપેક્ષાએ નરક છે, પણ આત્મામાં વસ્તુતઃ પુણ્ય–પાપ કે સ્વર્ગ–નરક કંઈ નથી.

પાંચ પ્રકારના ભૂતો પૈકી એક વા પાંચે ભૂતોથી આત્માનો ઘાત થતો નથી. જડ ભૂતપર્યાયોથી જડ દેહાદિકનો સંયોગ અને વિયોગ થાય છે, પણ આત્માનો તેથી વસ્તુતઃ સંયોગવિયોગ થતો નથી—એમ જે દેખે છે તે મને દેખે છે અને તેને મારો વિયોગ થતો નથી. શરીરને અગ્નિ બાળે છે, પણ આત્માને અગ્નિ બાળતો નથી. પુદ્ગલ દેહની સ્થિતિ ક્ષણિક છે અને આત્મા અનાદિ અનંત વિભુ છે. તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણથી રહિત એવો જ્યારે આત્મા થાય છે ત્યારે તે ત્રિગુણાતીત અથવા નિર્ગુણ થાય છે.

આત્મા બહિરાત્મભાવ દૃષ્ટિથી અવ્યક્ત અને અચિંત્ય છે. આત્મા વસ્તુતઃ બાહ્ય વિકારોથી રહિત છે—એવો તને જ્યારે ઉપયોગ રહે છે ત્યારે તું મારો વિયોગ દેખી શકતો નથી અને હૃદયમાં પોતાના આત્મવીરને દેખી શકે છે. મનના શુભ ભાવોનાં

અનેક સ્વર્ગોમાં પણ શુદ્ધાત્મમહાવીરના દર્શન વિના શાંતિ કે આનંદ નથી. મારા શરીરને ત્યાગાવસ્થામાં દેખીને શોક ન કર, કારણ કે દેહ ગમે તે સ્થિતિમાં પણ જડ અને ક્ષણિક છે. તેનાથી આત્મા ન્યારા છે. માટે દેહોના અનેક પ્રકારના સંયોગોમાં અને વિયોગોમાં મને આત્મમહાવીરરૂપ એકસરખો અખંડ દેખ.

બહુરૂપી અનેક પ્રકારના વેષ લે છે, પણ તે સર્વ વેષોથી ન્યારો છે, તેમ દેહરૂપ વેષોથી મને ભિન્ન દેખ. પુણ્યથી શુભ શરીરો અને પાપથી અશુભ શરીરો પ્રગટે છે એમ જાણ. પુણ્ય અને પાપકર્મ વિના શુભાશુભ શરીરની ઉત્પત્તિ થતી નથી એમ જાણ. સ્થૂળ કે સૂક્ષ્મ દિવ્ય શરીરોનું કારણ પુણ્ય અને પાપ છે, માટે પુણ્ય-પાપને કારણશરીર જાણ અને રાગદ્વેષની પરિણતિને મહાકારણશરીર જાણ.

તૈજસ અને કાર્મણ શરીર તે જ લિંગશરીર છે એમ અપેક્ષાએ જાણ. સ્વપ્નાવસ્થાને અને શુભાશુભ વિચારોને અપેક્ષાએ છાયાશરીર જાણ. દેવોનાં શરીરોને દિવ્ય શરીર જાણ. સર્વ પ્રકારનાં શરીરોનો કર્તા તથા હર્તા આત્મા છે એમ જાણ. માટે શરીરના મેળથી મેળ ના જાણ અને શરીરના નાશથી નાશ ન જાણ.

મારું અને તારું એકસરખું સ્વરૂપ છે એમ જાણ. દેહ-દૃષ્ટિથી દેહને દેખે છે અને આત્મદૃષ્ટિથી આત્માને દેખે છે. મારા અને તારા પૂર્વે અસંખ્ય જન્મો થઈ ગયા છે એમ જાણ અને જન્મ-મૃત્યુમાં આત્માને અવિનાશી જાણ. આ વિશ્વમાં કોઈ પણ વસ્તુનો શોક કરવો અને કોઈ પણ જડવસ્તુના સંયોગથી હર્ષ કરવો યોગ્ય કે સત્ય નથી. મોહદૃષ્ટિને ભૂલવામાં આવે છે અર્થાત્ મોહદૃષ્ટિ દૂર થાય છે ત્યારે જડ વસ્તુઓના સંયોગો અને વિયોગોમાં હર્ષશોક થતો નથી. ઇન્દ્રજાલિક અનેક પ્રકારની કૃત્રિમ વસ્તુઓ પ્રગટાવે છે, પણ તેમાં તે હર્ષશોક પામતો નથી. તેમ જડ વસ્તુઓના અનેક આકારો બનાવવામાં અને તેઓના નાશમાં

તારે હર્ષ કે શોક ન કરવો જોઈએ. તારી સામે આ દેખાતા ઇન્દ્રોનું અને દેવોનું દેવત્વ કર્મકૃત છે, તેથી તેમાં ઇન્દ્રો હર્ષિત થતા નથી અને તેના વિયોગથી શોક પામતા નથી.

દેવો જાણે છે કે પુણ્યનો ક્ષય થતાં મૃત્યુલોકમાં અવતારો થશે. તેથી તેઓ દિવ્ય દેહના રૂપને પણ આત્માના ચિદાનંદરૂપ આગળ નાકના મેલ સમાન ગણે છે. તેથી તેઓ મારી સેવાભક્તિમાં મશગૂલ થયા છે અને આત્મજ્ઞાનમાં વિબુધ થયા છે. દેવલોકના પર્યાયો ફર્યા કરે છે. દરેક વસ્તુના ક્ષણે ક્ષણે પર્યાય બદલાય છે. માટે હે નંદિવર્ધન! સર્વ વિશ્વનાયક એવા આત્માને મહાવીર બનાવ અને અશુદ્ધ ભાવનો ત્યાગ કર. એ જ જ્ઞાનયોગ છે, એમ હૃદયમાં જાણ.

નંદિવર્ધન! સ્વકર્તવ્યધર્મથી કદાપિ ભ્રષ્ટ ન થવું. રાજાએ ન્યાયપૂર્વક પ્રજાનું રક્ષણ કરવું. પ્રજાના શ્રેયમાં તારું શ્રેય છે એમ જાણ. જુલ્મીઓને શિક્ષા કર. વર્ણધર્મને ગુણકર્માનુસારે મેં સર્જ્યા છે. પોતપોતાના ગુણકર્માનુસારે વર્તતી સર્વ વર્ણ અને પ્રજાઓ પ્રકૃતિના અનુસારે આત્મોન્નતિના માર્ગથી પતિત કે ભ્રષ્ટ થતી નથી. ભોગો ભોગવવાથી કામની શાંતિ થતી નથી, પરંતુ સમુદ્રમાં નદીઓનું જળ જવાથી જેમ સમુદ્રની વૃદ્ધિ થાય છે તેમ કામભોગો ભોગવવાથી કામની વૃદ્ધિ થાય છે. અનંત ભવ સુધી કામને ભોગવતાં કામની નષ્ટતા થતી નથી, માટે કામભોગોની ઇચ્છાઓને તાબે રાખ અને વૈરાગ્યજ્ઞાનથી તેનો ક્ષય કરી સ્વાધિકારે પ્રવર્ત.

રાજ્યને યોગ્ય કર્તવ્યકર્મો કરવાથી ધર્મી લોકોનું રક્ષણ થાય છે અને અધર્મીઓનું બળ નષ્ટ થાય છે. તેથી દેશમાં અને સંઘમાં શાંતિ રહે છે. વિદેશી લોકોની સવારીઓ સામે યુદ્ધ કર અને આર્ય જૈનોનું સામ્રાજ્ય રક્ષ. પાપ લાગશે એવા ભયથી સ્વાધિકાર કર્મોનો ત્યાગ ન કર. ધર્માર્થે રાજ્યશાસન કરવાથી અલ્પ દોષ અને મહાધર્મ છે. અન્યાય, અધર્મ, જુલ્મ, વ્યભિચાર, ચોરી વગેરે

પાપકર્મો કરનારાઓને ચાર પ્રકારની નીતિથી શાસન કર. જૈન મહાસંઘને મારું બહિરંતર સ્વરૂપ જાણુ અને ગરીબમાં ગરીબ, અશક્ત, ક્ષુધાર્ત જૈનની સારી પેઠે સેવા કર, ભક્તિ કર. જૈન મહાસંઘ અનાદિકાળથી પ્રવર્તે છે અને અનંતકાળ પર્યન્ત પ્રવર્તશે. જૈન મહાસંઘની ઉન્નતિમાં સર્વસ્વાર્પણ કર અને દીર્ઘ દૃષ્ટિથી પરિણામનો નિશ્ચય કરી પ્રવર્ત.

મારા ઉપદેશથી વિરુદ્ધ કોઈ પણ દેવ કે દેવીના ઉપદેશો હોય, માન્યતાઓ હોય તો તેનો પરિહાર કર તથા મારા સદુપદેશ વિરુદ્ધ કોઈ પણ ભૂતકાળનું શાસ્ત્ર હોય વા વર્તમાનમાં કોઈએ અસત્ય રચ્યું હોય તો તેનો પરિહાર કર.

જૈનોની સર્વથા ઉન્નતિ કરવામાં અલ્પ દોષ અને બહુ ધર્મ થાય તે તરફ લક્ષ્ય રાખીને પ્રવર્ત અને શંકારહિત થઈ કાર્ય કર. કાર્ય કર, પણ તેના ફળની ઇચ્છા ન રાખ. મારી શુભ શક્તિઓ પર વિશ્વાસ રાખ. ઇચ્છાની વિરુદ્ધ જે કંઈ થાય છે વા અણધાર્યું જે કંઈ થાય છે તેમાં શુભ રહસ્ય છે, એવો મારા પર વિશ્વાસ મૂકી પ્રવર્ત.

ગૃહસ્થદશામાં ત્યાગીઓની પ્રવૃત્તિનો અધિકાર નથી. વિવેકબુદ્ધિથી કર્તવ્યકર્મ કર એટલે ગૃહસ્થાવાસમાં આંતરત્યાગને પામીશ. સર્વ પ્રકારની મનની નબળાઈ ને દૂર કરી રાજ્યધર્મ ચલાવ. દુષ્ટ શત્રુઓના ગુપ્ત પ્રપંચોથી સાવધ રહી પ્રવર્ત. જાતે સર્વ રાજ્યકાર્યો પર લક્ષ રાખ અને પ્રજાઓને આત્માની પેઠે માની સંતોષ. પોતાની ગફલતથી કોઈનું બૂરું ન થાય અને પોતાની ગફલતનો કોઈ જૂઠો લાભ ન ખાટી જાય તેવો અપ્રમત્ત બન.

પરસ્ત્રીની જાળમાં ફસાઈ જનારાઓ સ્વ જૈનધર્મરૂપ કર્તવ્યકર્મથી ભ્રષ્ટ થાય છે. રાજ્યમદ, રાજ્યવૈભવ, સત્તાથી મોહ ન કર. સ્ત્રીઓના ધર્મનું સારી રીતે રક્ષણ કર. સ્ત્રીઓની આબરૂનું રક્ષણ

કરવું. પતિવ્રતા સ્ત્રીઓનું રક્ષણ કરવું. ગરીબ, સાધુસંતોનું રક્ષણ કરવું. એ જ મારો તારા યોગ્ય જૈનધર્મ છે. એનું બરાબર પાલન કર.

ધર્મ્ય યુદ્ધમાં પ્રાણનો ભય ન ગણ અને દેહ ટળતાં તું અમર છે એમ જાણ. દુષ્ટ અને પાપી રાજાઓને શિક્ષા કરી તેઓના સ્થાને ધર્મી સદ્ગુણીઓને સ્થાપ. રાજ્યાદિ વ્યવહારમાં કાચા કાનનો ન થા. નકામી હાજતોને ન વધાર અને એ પ્રમાણે સર્વ પ્રજાને પ્રવર્તાવ. સ્વબળ પર વિશ્વાસ રાખ. સત્યથી મૃત્યુ થતાં સ્વર્ગ ને મુક્તિ છે એમ જાણ.

કોઈપણ જાતના વ્યસનને તાબે ન થા અને લોકોને યથાયોગ્ય સહાય કર. સર્વવર્ણીય પ્રજાઓનો સેવક છું એમ માની રાજ્ય કર અને તેનું ફળ ન ઇચ્છ. મારા તરફથી તું સર્વ કર્તવ્યપ્રવૃત્તિ કરે છે એમ માની અહંકર્તૃત્વાદિ અભિમાનનો ત્યાગ કર. જૈન મહાસંઘ માટે આત્મબલિદાન કર અને તેની સેવામાં સર્વ યજ્ઞોનું ફળ માન. ન્યાય એ મારું સત્ય સ્વરૂપ છે, માટે ન્યાયથી રાજ્ય કર. નકામાં અધર્મયુદ્ધો થતાં અટકાવ અને અન્યધર્મી રાજાઓને જરૂરી સહાય આપ. દેશ, ભૂમિ, રાજ્ય, પ્રજા, ધર્મ, સંઘનું રક્ષણ કરવાથી તું મારા સમાન બનીશ. મોટી રાજાદિકની પદવીઓથી ભ્રષ્ટ થનારનો નિપાત પણ મોટો જાણ.

ચંચળ મનના અને વિશ્વાસઘાતક, દ્રોહી, વિધર્મી, ધૂર્ત મનુષ્યોના ઉપર ચરો (જાસૂસો) મૂકી તેઓનાં ગુપ્ત કર્મોની દેખરેખ રાખ, કે જેથી તેઓથી કોઈને હાનિ ન પહોંચે. ગુણીઓની કદર કર અને તેઓનો યોગ્ય સત્કાર કર. જ્ઞાની લોકોની સેવા કર. ત્યાગીઓને નમસ્કાર–વંદન કર અને તેઓની સેવા જેમ ઘટે તેમ કર. આશ્રિતોનું પાલન કર અને શરણે આવેલાઓનું રક્ષણ કરવામાં ક્ષાત્રધર્મરૂપ જૈનધર્મથી જરામાત્ર ઢીલો ન બન. લાંચ લેનારાઓનું અને પક્ષપાત કરી અધર્મ કરનારાઓનું દેશકાલાનુસાર શાસન કર. રાજશક્તિનો દુરુપયોગ ન કર. ક્ષત્રિયોને ક્ષાત્રગુણકર્માનુસારે પ્રવર્તાવવા અપ્રમત્ત થા. બ્રાહ્મણોને તેઓનાં ગુણકર્માનુસારે પ્રવર્તાવ,

વૈશ્યોને વૈશ્યોના ગુણકર્માનુસારે પ્રવર્તાવ અને શૂદ્રોને તેઓના ગુણકર્માનુસારે પ્રવર્તાવ અને તેઓને જે જે અડચણો પડતી હોય તે દૂર કર.

સર્વ પ્રજાના જીવનમાં પોતાનું જીવન છે એમ માન. પ્રજાઓના હિતનો તિરસ્કાર ન કર અને રાજશક્તિઓનો દુરુપયોગ ન કર. મારાં અનંત નામો અને અનેક રૂપોમાં મારું ભજન-સ્મરણ કરનારી સર્વ વર્ણની પ્રજાઓની ફરિયાદો સાંભળ અને યોગ્ય ન્યાય આપ. તેમાં જરામાત્ર પક્ષપાત ન કર. ન્યાયથી પ્રવર્ત અને અન્યાય બળનો નાશ કર. સર્વ કાર્યોના પ્રારંભમાં મારા નામનો જાપ કર અને સર્વ લોકોને તે પ્રમાણે જાપ કરવામાં પ્રવર્તાવ, કે જેથી સર્વ લોકોનું કલ્યાણ થાય અને તેઓને મારી સહાયતા થાય. તારી પાછળના રાજાઓને એ પ્રમાણે શિક્ષણ આપ કે જેથી તે આર્ય રાજાઓ વંશપરંપરાએ રાજ્ય કરી શકે; અન્યથા તેઓ પતિત થઈ શકે, એમ રાજ્યનીતિથી સમજાવ.

પ્રજાઓને ગુલામ બનાવનારા રાજાઓ ગુલામ થાય છે. પ્રજાઓને અજ્ઞાનમાં રાખનારા જ્ઞાનીઓ અને બ્રાહ્મણો પોતાના વંશજોને અજ્ઞાનના ખાડામાં નાખે છે. પરસ્પર એકબીજાની સહાય નહીં કરનારા સ્વાર્થીઓ અને વૈરનો બદલો વૈરથી લેવાની ધૂનવાળાઓ દેશ, રાજ્ય, સંઘ અને આર્ય જૈનધર્મના દ્રોહી બને છે અને તેઓ હજાર પ્રકારે વિનિપાતને પામે છે. પૃથ્વીની અને જળની શુદ્ધિનાં કર્મો પ્રવર્તાવ. વાયુની શુદ્ધિનાં કર્મો પ્રવર્તાવ. રોગ કરનારી હવાથી લોકો દૂર રહે એવા વૈદકીય તત્ત્વજ્ઞાનનો પ્રચાર કર. દેશની, રાજ્યની, ધર્મની અને જૈન મહાસંઘની પડતી ન થાય એવી દેશકાળાનુસાર નીતિઓ થઈ હતી, થાય છે અને થશે અને તે નીતિઓને તે તે દેશ કે કાળને જાણનારા પ્રગટાવી શકે એવો મારો આદેશ છે, જેથી મહાસંઘ સમયાનુસાર પ્રગતિ કરી શકે.

સર્વ જૈન પ્રજાના ચતુર્વિધ મહાસંઘની બાહ્યાંતર સર્વ શક્તિઓના રક્ષણ માટે જે કંઈ કર્મ દેશકાળાનુસારે સર્વ પ્રકારની

યુક્તિ અને કલાથી કરવાં પડે તે ધર્મરૂપ છે. રાજ્યમાં પ્રામાણિક સત્તાધિકારીઓ રાખ. ચારે વર્ણના સંઘને સર્વ પ્રકારની યુક્તિકલાથી કેળવ. કલિયુગમાં જૈનધર્મના વિરોધી શત્રુઓ સાથે તેમના જેવા સર્વ પ્રકારના યુદ્ધગુણકર્મથી લડીને, ધર્માર્થે અધર્મસાધનોનો પણ ઉપયોગ કરીને છેવટે જૈનધર્મીઓનો વિજય થાય અને આસુરી શક્તિઓનો પરાજય થાય એવી રીતે પ્રવર્તવા માટે મેં ગૃહસ્થાવાસમાં ઉપદેશ કર્યો છે. મોજશોખ અને ભોગવિલાસની અતિ પ્રવૃત્તિઓથી દેશ, ધર્મ, સંઘની પડતી થાય છે. ધર્મ વિનાની સર્વ ઋદ્ધિઓને અને સત્તાઓને લાત માર.

ધર્મરહિત રાજ્ય એ રાજ્ય નથી અને મારા સદુપદેશની પ્રવૃત્તિ વિનાનો સંઘ એ સંઘ નથી. વીર્યહીન થઈને જીવવું એ જીવન નથી. દુશ્મનોના સંકટથી જીવવા કરતાં જૈનોના હાથે મરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. એક તરફ જૈનધર્મીઓનો નાશ થવાનો પ્રસંગ કદાપિ પોતાના હાથે થતો હોય તો પોતાના પ્રાણનો નાશ કરવો, પણ બીજી તરફથી જૈનધર્મના વિરોધી શત્રુઓ તરફથી અતિ રૂપવંતી સ્ત્રી, રાજ્ય, લક્ષ્મી વગેરેની લાલચ મળતી હોય તો તેનો ધિક્કાર કરવો અને તરત પોતાના પ્રાણનો નાશ કરીને જૈનો અને જૈનધર્મનું રક્ષણ કરવું.

જૈનો સાથે ગમે તેવો વિરોધ થયો હોય તોપણ મારા પ્રેમ અને વિશ્વાસની ખાતર તે સહન કરવો, પણ જૈનોની પડતી થાય એવાં કર્મ ન કરવાં—તે જ મારા ભક્તોનું લક્ષણ છે, એમ ભારતમાં જાહેર કર. મારી આજ્ઞા પ્રમાણે વર્તનારા ધર્મીઓ છે. મારી આજ્ઞા પાળવા માટે જેઓ છેવટે મરે છે તેઓ અવશ્ય સ્વર્ગ પ્રાપ્ત કરે છે. મારી આજ્ઞા પ્રમાણે રાજ્ય ચલાવવું તે રાજયોગ છે. મારી આજ્ઞા પ્રમાણે મરવું તે મૃત્યુયોગ છે. મારા સદુપદેશને કુતર્કોથી જેઓ અસત્ય ઠરાવવા મથે છે અને મારા ભક્તોનો જેઓ દ્રોહ કરે છે તે પાખંડીઓ છે. તેઓ પતિત થાય છે. તેઓ સૂર્ય જેવા ચળકતા હોય છે તોપણ અંતે તેઓ કાળા કોયલા જેવા નિસ્તેજ

બને છે અને તેઓના વંશોનું અસ્તિત્વ રહેતું નથી. તેઓને કુતર્કોથી માયા ઠગે છે. મારી આજ્ઞા પ્રમાણે વર્ત અને સર્વ લોકોને મારી આજ્ઞા પ્રમાણે વર્તાવ.

મારાથી વિમુખ ચાલનારાઓને દુનિયામાં કોઈ એવો દેવ નથી કે જે શરણ રાખી શકે તથા દુનિયામાં કોઈપણ દેવ અગર દેવી મારા શરણ વિના જીવી શકતાં નથી. મારી આજ્ઞા પ્રમાણે પ્રવર્તવાથી દેવો અને દેવીઓ પણ જીવી શકે છે. જો આ ઇન્દ્રો, દેવો તથા દેવીઓ. તેઓનું રક્ષણ હું કરું છું. તેઓ મારાથી અમૃતની પ્રાપ્તિ કરી શકે છે.

નંદિવર્ધન ! સર્વ લોકોને ધર્મજીવનથી જિવાડવા માટે રાજ્ય છે, પણ અધર્મની વૃદ્ધિ કરવા માટે રાજ્ય નથી. વિશ્વમાં શાંતિ પ્રવર્તાવનાર રાજ્ય છે અને તેથી રાજ્યધર્મની જરૂર છે. રાજ્યધર્મ તે જૈનધર્મ છે એમ વ્યવહારથી જાણ. સત્ય રાજ્ય પ્રવર્તાવવાથી દુષ્કાળ, અકસ્માત, ભૂકંપ, રોગ, ઉત્પાતો, મહારોગો વગેરે થતા નથી અને સુકાળ, શાંતિ, સુમેળ, આરોગ્ય, સંપદા પ્રવર્તે છે. પ્રજાઓને અન્યાયથી સતાવનાર, નિર્દય રીતે પ્રજાનું ખૂન કરનાર, અનીતિથી પ્રવર્તનાર રાજા વગેરેને પદભ્રષ્ટ કરીને તેને સ્થાને મારા જૈનો ધર્મી રાજા વગેરેનું સ્થાપન કરે છે, પણ પાખંડીને ચલાવી લેતા નથી એમ જાણ.

પુરુષો અને સ્ત્રીઓ ધર્મરક્ષણાર્થે તે તે કાળદેશાનુસારે યુક્તિપ્રયુક્તિથી શસ્ત્રબળ, વિદ્યાબળ આદિથી પ્રવર્તે એવો ઉપદેશ આપ. મારી આજ્ઞાના અનાદરમાં મૃત્યુ છે. મારી અશ્રદ્ધામાં કાળનો વાસ છે. ગૃહસ્થ જૈન એવા પુરુષે અને સ્ત્રીએ દેશકાળાનુસાર આત્મરક્ષણાર્થે દરરોજ શસ્ત્ર વિના રહેવું નહીં, એવી મારી આજ્ઞાને સર્વત્ર જાહેર કર. સ્ત્રીઓ પોતાના પતિવ્રતને ધારણ કરે અને વર્ણસંકર પ્રજાની ઉત્પત્તિ ન થાય એવી રીતે રાજ્યધર્મ પ્રવર્તાવ. મારા પ્રરૂપિત જૈનધર્મથી વિમુખ થનારાઓ છેવટે કળિયુગમાં અન્યધર્મીઓના દાસ બનશે.

નંદિવર્ધન ! તમારો સૂર્યવંશ છે. ભરતવંશના તમે છો તેથી તમારા વંશજો ભારતના શાસક છે. તે વંશવાળાઓ મારા ઉપદેશ પ્રમાણે પ્રવર્તશે અને મારો જાપ જપશે ત્યાં સુધી તેઓ અજિત જૈનરાજ્યના ભોક્તા રહેશે. મારા ઉપદેશથી જ્યારે તેઓ વિમુખ થશે ત્યારે તેઓ રાજાના રંક થશે અને અન્ય પ્રજાઓના ગુલામો બનશે. પાછા જ્યારે તેઓ મારા ઉપદેશ પ્રમાણે ચાલશે ત્યારે તેઓમાં મહાવીરશક્તિઓનું નવું જીવન વહેશે અને તેઓ પરતંત્રતાના બંધનમાંથી મુક્ત થશે.

બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો જ્યારે મારી સેવાભક્તિથી વિમુખ થશે અને મારા ઉપદેશ પ્રમાણે નહીં વર્તશે, ત્યારે તેઓ દેશ, રાજ્ય, ધર્મ, ધનાદિક શક્તિઓથી પતિત થશે અને ગુલામ જેવું જીવન પ્રાપ્ત કરશે તથા તેઓમાં વીરત્વ રહેશે નહીં. પશ્ચાત જ્યારે તેઓ મારા નામનો જાપ જપશે, મારી સહાય માગશે અને વીર થવા પ્રાણસમર્પણ કરશે ત્યારે તેઓ સત્ય જૈનો બની વિશ્વમાં સ્વતંત્ર અને શક્તિમય જીવનથી જીવી શકશે અને અન્યોને જિવાડી શકશે તથા વિશ્વમાં સત્ય, સ્વતંત્રતા, સમાનતાનો પ્રચાર કરી શકશે.

નંદિવર્ધન રાજન્ ! પાપ, ભીતિ, ઉપાધિ વગેરે વિચારોથી જો તું રાજ્ય કરવાનો ત્યાગ કરીશ તો તેથી તારી યોગ્યતા વિના સાત્ત્વિક ત્યાગધર્મને પામી શકીશ નહીં. એટલે તેથી પણ ભ્રષ્ટ થઈશ અને સ્વરાજ્યધર્મથી પણ ભ્રષ્ટ થઈશ અને અન્ય લોકોને પણ પતિત કરીશ. તેથી જૈનધર્મના નાશમાં, જિનમંદિરોના નાશમાં નિમિત્ત બનીશ. તેથી ધર્મના બદલે અધર્મનો ભાગી બનીશ અને તારા સ્થાને પાપી રાજા બેસે તો તેથી વિશ્વમાં અધર્મનો પ્રચાર થાય, ઇત્યાદિ અનેક દોષોથી તું આચ્છાદિત થાય. માટે આસક્તિ વિના મારા ઉપદેશ પ્રમાણે રાજ્ય કર અને અધર્મનો નાશ કરી સર્વ વિશ્વમાં ધર્મ પ્રચાર. જેઓના હૃદયમાં હું છું તેઓને પાપ લાગતું નથી. તેઓ પાપકાર્યો પણ પુણ્યકાર્યરૂપે પરિણમાવે છે.

નંદિવર્ધન! મારા શરણે આવેલાઓને યમકાળનો ભય રહેતો નથી અને તેઓને યમકાળ પણ સેવક બની સહાય આપે છે. મારા ઉપદેશ પ્રમાણે વર્તનારાઓ અકાલરૂપ થાય છે અને તેઓ માયાને જીતે છે. મારામાં શ્રદ્ધા અને પ્રેમ ધારનારાઓને મોહ જીતી શકતો નથી.

નંદિવર્ધન! આત્મરાજ્યથી સર્વને શાંતિ આપ. સર્વ લોકોને આનંદ આપ. સર્વ જીવોની વિનંતિઓ તરફ લક્ષ આપ. ત્યાગીઓનો યથાયોગ્ય સત્કાર કર. ત્યાગીઓને ધર્મકાર્યમાં સહાય આપ. અધર્મ થતો દેખીને જેના મનમાં જુસ્સો આવતો નથી અને અધર્મીઓને પ્રાણ, લક્ષ્મી આદિના ભયથી વારતો નથી તે મારો ભક્ત નથી, એમ નંદિવર્ધન જાણ. સુખ કે મોજમજા ભોગવવા માટે રાજા થવાનું નથી, પણ પ્રજાની સેવા કરવા માટે રાજા થવાનું છે એમ જાણ.

સત્યથી રાજ્ય કર અને અસત્યનો પક્ષપાત ન કર. ખાનગી રીતે જાતે સર્વ પ્રજાનાં સુખદુઃખનું નિરીક્ષણ કર. જૈનોના હૃદયમાં મારો વાસ છે તેથી જૈનોની સેવાભક્તિમાં મારી સેવાભક્તિ જાણ. સર્વ જાતીય જૈનોમાં કોઈપણ જાતની નબળાઈ ન દાખલ થાય એવી રીતે રાજ્ય કર. ક્ષુદ્રબુદ્ધિને હૃદયમાં પેસવા ન દે. ગંભીરતાને કદી ન મૂક. મને હૃદયમાં રાખીને ન્યાય કર અને ન્યાયથી પ્રવર્ત.

દેશના લોકોને વિદ્યા, વ્યાપાર વગેરેમાં પડતી અડચણોને દૂર કર. સંપ વિના જય નથી. ફાટફૂટ સમાન અધર્મ નથી. વિશ્વાસઘાત કરનારાઓની દુર્ગતિ થાય છે. જેવા સાથે તેવા થઈ, તેઓનો પરાજય કરી, અધર્મનો નાશ કરી પાછા અસલ પર આવવું. લોઢું લોઢાથી કપાય છે. નીતિ સદા પરિવર્તન પામ્યા કરે છે.

દેશ, કાળ, શક્તિ, ઉત્સર્ગ અને અપવાદાદિ સંયોગોના અનુસારે કેટલીક નવી નીતિઓ થાય છે અને કેટલીક રાજક્રિયાદિ પ્રાચીન નીતિઓનો ત્યાગ થાય છે. જૈનોની ઉન્નતિ કરે તે દેશ–

કાળાનુસાર નીતિ છે. શાસ્ત્રની પેઠે નીતિ પણ વ્યાવહારિક પ્રવૃત્તિમાં સાધન છે. તેને દેશકાળાનુસારે ઘટે તેવા રૂપે કરીને જે વાપરે છે તે રાજ્યાદિ કાર્યોને કરી શકે છે. ત્રણ ગુણમાં નીતિનો અંતર્ભાવ થાય છે. જેનાથી ગભરામણ થાય એવા કાયદાઓ અને આચરણો તે નીતિરૂપ નથી. અધર્મી, દુષ્ટ, પ્રચંડ શત્રુઓને જે જે ઉપાયોથી, માર્ગોથી પરાજિત કરવામાં આવે તે નીતિ છે; પણ જે નીતિથી ધર્મી લોકોનું બળ હ્રાસ થાય અને અધર્મી કે વિધર્મી શત્રુઓનું કે લોકોનું જોર વધી જાય તે તે દેશમાં અને તે તે કાળમાં તે નીતિ નથી, પણ અનીતિ છે એમ જાણી નીતિશાસ્ત્રની રચના કર.

શત્રુઓનાં હિલચાલ સદા તપાસ અને સર્વ પ્રકારે સાવધાન થઈને પ્રવર્ત. રાજ્ય, પૃથ્વી, ધન અને લોભી લોકોનો વિશ્વાસ ન રાખ. લોભી રાજાઓ તેમ જ કામી સ્ત્રીઓની પ્રતિજ્ઞાઓનો વિશ્વાસ ન રાખ. અતિ મીઠું બોલનારાઓનું વર્તન ખાનગીમાં શું છે તે પર દેખરેખ અપાવ. વંશપરંપરાએ જે વૈરી જાત છે અને ધર્મભેદે જે વૈરી જાત છે તેઓનો વિશ્વાસ ન રાખ. મદારીઓ વાનરા પાસેથી જેમ કાર્ય લે છે તેમ યુક્તિથી તેઓ પાસેથી કામ લે અને સાવધાનપણાથી વર્ત.

રાજ્ય કરવું તે પણ એક મહાયોગ છે. સર્વ પ્રજાના નાયક કે રાજા બનીને પ્રમાદી થવાથી પ્રજાની પાયમાલી થાય છે. સર્વ ધર્મકાર્યમાં અપ્રમાદી બની પ્રવર્ત.

ઉત્સાહ, બળ, ધીરજ, વિશ્વાસ, સાહસ, સહનતા રાખીને, મગજનું સમતોલપણું ધારણ કરી પ્રવર્ત. જેઓને સહાય કરે તેઓના તરફથી પ્રતિફલ ન ઇચ્છ. ઉપકારનો બદલો લેવાની વાસનાથી પરોપકાર કરવાથી ધર્મમાર્ગમાં આગળ ચઢી શકાતું નથી. જે કંઈ કરે તે મને અર્પણ કરવાની ભાવનાથી કર, એટલે તેનું ફળ અનંતગણું પામીશ.

મારા ભક્ત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને ત્યાગી વગેરેના ભલા માટે ભાવથી જે એકગણું આપે છે તે પરાર્ધગણું; અનંત-

ગણું પામે છે. મારા ભક્તોના રક્ષણ માટે ગમે તેવા પાપીઓ હોય તોપણ તેઓ ધર્મયુદ્ધમાં મૃત્યુ પામી અવશ્ય સ્વર્ગમાં જાય છે અને તેઓનાં પાપ ધોવાઈ જાય છે.

જે લોકો મહાપાપી હોય છે પણ જો તેઓ છેવટે મારું શરણ અંગીકાર કરે છે અને એક પણ નાસ્તિકને મારો જૈન બનાવે છે, તો તેઓ માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થાય છે. એક નવા જૈનને બનાવતાં અનંત જીવોને અભયદાન આપ્યા જેટલું ફળ થાય છે. મારામાં એટલી બધી શક્તિ છે કે મારામાં જેઓ મન સમર્પે છે તેઓને કાચી બે ઘડીમાં હું મુક્તિ આપું છું.

નંદિવર્ધન! સંસારમાં રહેવા છતાં તું મારામાં મન રાખ. એટલે તું મારાથી અભેદ, અદૂર, પાસેનો પાસે પોતાને જણાઈશ. ચારે બાજુઓનાં મોહાવરણોને દૂર કરી આન્તરદષ્ટિથી મને દેખ એટલે તું પોતાને શુદ્ધાત્મ પરબ્રહ્મ મહાવીરરૂપે દેખીશ. આંખ મીંચ અને અંતરમાં દેખ.

**નંદિવર્ધનને થયેલ અનુભવ :**

પ્રિયતમ નંદિવર્ધને તેમ કર્યું અર્થાત્ આંખ મીંચી અંતર્દષ્ટિ કરી એટલે મનની પેલી પાર, ચિત્ત, બુદ્ધિ અને અહંકારની પેલી પાર અનુભવજ્ઞાનમય પોતાને મહાવીર પ્રભુ તરીકે દેખી ભેદભાવ ભૂલી ગયા અને અભેદજ્ઞાન પામી, પ્રભુમય બની, શ્રીમહાવીરપ્રભુને પ્રણામ કરી પ્રિયતમ નંદિવર્ધન કહેવા લાગ્યા : હે પ્રભો મહાવીરદેવ! વિશ્વદેવ! તમને પ્રણામ કરું છું. સત્તાથી હું, તમે અને વિશ્વના સર્વે જીવો એક છીએ. મારા સર્વ સંશયો દૂર થયા છે. આપના બોધથી મારું અજ્ઞાન નષ્ટ થયું છે. આપ સર્વદેવાધિદેવ છો. અનંત શક્તિમય આપ છો. આપનાથી સર્વ વિશ્વ જીવે છે.

હે પ્રભો! આપના બંધુ તરીકે પૂર્વે હતો. હવે તો આપ મારા પરમેશ્વર છો અને આપના શરણે હું આવ્યો છું. આપે અનેક પ્રકારનો જૈનધર્મનો વ્યાવહારિક અને ધાર્મિક ઉપદેશ દીધો, રાજ્ય કરવાની નીતિઓ સમજાવી અને મને અનંત જ્ઞાનપ્રકાશ

આપ્યો છે. આપના ગુણપર્યાયોનો પાર નથી. કળિયુગમાં આપના મહાવીર નામના જાપથી અને આપના ઉપદેશ પ્રમાણે વર્તવાથી સર્વ લોકોની ઉન્નતિ થશે અને એ પ્રમાણે નહીં માનવાથી તથા નહીં વર્તવાથી આર્યલોકોની અવનતિ થશે. અવનતિ પામ્યા પછી જ્યારે સૂર્યવંશાદિવાળા ક્ષત્રિયો, વાસિષ્ઠાદિ વંશી બ્રાહ્મણો, વૈશ્યો, શૂદ્રો, ત્યાગીઓ વગેરે આપના નામનો જાપ તથા આપની સેવાભક્તિ કરશે ત્યારે તેઓની ઉન્નતિ થશે તથા ઇન્દ્રો વગેરે દેવો આપની આજ્ઞા પ્રમાણે તેઓની ઉન્નતિ કરવા સહાયક બનશે, એમાં જરામાત્ર શંકા નથી.

જ્યારે મનુષ્યો, રાજાઓ દારૂ વગેરે વ્યસનોમાં આસક્ત થશે, પરસ્ત્રીઓના ફંદામાં ફસાશે, દેવ, ગુરુ, ધર્મની આરાધના ભૂલી જશે, આપના ઉપર લોકોની શ્રદ્ધા નહીં રહે, ત્યારે કળિયુગમાં વિશ્વના લોકોનો અધઃપાત થશે અને તેઓ જીવતાં નરકના દુઃખ ભોગવશે. પ્રભો ! આપની કૃપાથી હું મોહ જીતનાર થયો છું. સર્વ વિશ્વમાં આત્મમહાવીરનું સત્યપૂર્ણ સામ્રાજ્ય છે, એમ જાણું છું.

પ્રભો ! મારા પર કૃપા કરી વહેલા વહેલા અહીં પધારશો. હું આપના પ્રેમનો ભૂખ્યો છું અને તરસ્યો છું. આપ વિના વિશ્વમાં કશું કંઈ સાર નથી. છતાં આપમાં મસ્ત બની સ્વાધિકારે રાજ્યકર્મ કરીશ અને વિશ્વમાં જૈન ધર્મનો પ્રચાર કરીશ. આપને નમું છું, સ્તવું છું.

આ પ્રમાણે કહી નંદિવર્ધન સાશ્રુનયને મૌન રહ્યા. હે વાસિષ્ઠ ઋષિ ! ઇન્દ્રો વગેરે દેવો આકાશમાં ચાલ્યા ગયા. સર્વ લોકો પ્રભુને જોઈ રહ્યા. પ્રભુજીએ ઈશાન કોણ તરફ વનમાં વિહાર કર્યો. લોકો અશ્રુ સારતા પાછા વળ્યા.

હે વાસિષ્ઠ ઋષિ ! પ્રભુ મહાવીરદેવની આગળ શ્રી યશોદાદેવી અત્યંત શુદ્ધ અને અનન્ય પ્રેમભાવથી ગળગળાં થઈ ગયાં અને પ્રભુને પુનઃદર્શન દેવાની વિનંતિ કરી.

વાસિષ્ઠ ઋષિ ! આ પ્રમાણે પ્રભુનો દીક્ષામહોત્સવ, ઇન્દ્ર

વગેરેની સ્તુતિ, પ્રભુના પ્રબોધ વગેરે વૃત્તાંત તમને જણાવ્યાં. વાસિષ્ઠ ! તમો પરબ્રહ્મમહાવીરના નામનો ઉચ્ચાર કરો. પરબ્રહ્મપ્રભુએ મારી આંતરદૃષ્ટિ ઉઘાડી છે, તેથી હું સત્યરૂપ શ્રી મહાવીરદેવનું જેટલું સ્વરૂપ જાણું છું તેટલું બીજું કોઈ જાણી શકતું નથી પ્રભુ મહાવીરદેવના નામના સ્મરણમાત્રથી અનેક સંકટોનો નાશ થાય છે. દરિયાના મધ્યમાં, વનમાં, ગુફામાં પ્રભુ મહાવીરદેવનું સ્મરણ કરતાં અનેક શુભ તથા પ્રકટ અપ્રકટ સહાય મળે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર પણ પરબ્રહ્મ મહાવીર વિના એક ક્ષણમાત્ર જીવવાને સમર્થ નથી.

રાવણની સાથે રામે યુદ્ધ કર્યું ત્યારે પ્રભુ મહાવીરની સત્તાનું ધ્યાન ધરી રામે રાવણના શરીરનો નાશ કર્યો હતો નવ નારદોએ પરબ્રહ્મ મહાવીરની સત્તાનું ગાન કર્યું હતું અને તેથી તે મુક્ત થયા હતા. અગિયાર રુદ્રોએ મહાવીરસત્તાનું ધ્યાન ધરી શક્તિઓને મેળવી હતી. બાર ચક્રવર્તીઓએ, નવ વાસુદેવોએ અને નવ બળદેવોએ પરબ્રહ્મ મહાવીરની સત્તાનું ધ્યાન ધરી આત્મબળ મેળવ્યું હતું. દ્રૌપદીએ ધૃતરાષ્ટ્રની સભામાં પરબ્રહ્મ મહાવીરસત્તાનું સ્મરણ કરી, મદદ મેળવી પતિવ્રતાધર્મનું રક્ષણ કર્યું હતું. શ્રીકૃષ્ણે પરબ્રહ્મ મહાવીરસત્તાનું સ્મરણ કરી જરાસંધને હરાવ્યો હતો અને કૌરવોનો પરાજય કરવામાં અર્જુનના સારથિ બન્યા હતા. વસિષ્ઠ ઋષિએ પ્રભુ મહાવીરદેવ પરબ્રહ્મને બ્રહ્મસત્તાએ વર્ણવ્યા હતા અને ચોવીસમા મહાતીર્થંકર શ્રી મહાવીરદેવ થશે એમ કેવલીઓના મુખથી જાણીને શ્રી રામચંદ્રને મહાવીરનું ધ્યાન ધરવા ઉપદેશ આપ્યો હતો.

હે વાસિષ્ઠ ઋષિ ! તમારા પૂર્વજ વસિષ્ઠાદિ ઋષિઓએ અનાદિકાલથી વિદ્યમાન જૈનધર્મને સ્વાધિકારે સેવ્યો હતો અને તમે પણ પ્રભુ મહાવીરદેવના ભક્ત ઋષિ છો. શ્રી આદિનાથ, મહાબ્રહ્મા શ્રી ઋષભદેવના વંશજો જે જે યોગીઓ થયા તે સર્વે પરંપરાએ આત્માના દ્રષ્ટા હોવાથી ઋષિઓ કહેવાયા એ તમે સારી

રીતે જાણો છે. જેમ બીજમાંથી વડવૃક્ષ થાય છે, તેનો વિસ્તાર અનેક શાખાથી થાય છે, તેમ ઉત્સર્પિણી–અવસર્પિણીરૂપ એક કાળ-યુગમાં જૈનધર્મ પ્રગટ ચાલ્યા કરે છે.

અનાદિકાળથી સર્વ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ધર્માદિ અનેક ધર્મોના મૂલ એવા જૈનધર્માધારરૂપ આત્મા તે જ મહાવીર છે અને તે અનંત છે. અસંખ્ય વેદો શ્રી મહાવીરપ્રભુનાં જ્ઞાન–સત્તામાંથી પ્રગટ થયા હતા, થાય છે અને થશે, તોપણ તે મહાવીર-પ્રભુના જ્ઞાનના એક બિંદુરૂપ જાણો.

વશિષ્ઠ ઋષિ! ઊંચે, નીચે, અહિરંતર પરબ્રહ્મ મહાવીર દેવના ગુણપર્યાયોનું સત્પણું અવલોકો. હવે આજે વિશ્વમાં અનેક શક્તિઓનાં બીજો વિકસવા માંડ્યાં છે. પ્રભુ હવે વિશ્વોદ્ધાર કરે એ જ ઇચ્છું છું.

**વાસિષ્ઠ ઋષિનું કથન :**

વાસિષ્ઠ ઋષિ : મહાદેવી સત્યરૂપા! તમોએ પરમાત્મ મહાવીરદેવ સંબંધી જે જે વૃત્તાંતો કહ્યાં તે જાણ્યાં. તેમણે સત્યતાનું જે સ્વરૂપ કહ્યું તે પરમ સત્ય છે. અમારી વંશપરંપરામાં આદિનાથ પરમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી આરંભીને ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સુધીનો ઇતિહાસ મોજૂદ છે. સર્વ તીર્થંકરોએ પરમાત્મા મહાવીરપ્રભુ તીર્થંકર થવાના છે એમ જણાવ્યું છે. શ્રી મહાવીરપ્રભુએ મને અપૂર્વ તત્ત્વજ્ઞાન આપ્યું છે.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથના સમયમાં થયેલા ગર્ગ ઋષિએ વેદોમાં સૂક્તો રચી તેમાં અધ્યાત્મજ્ઞાન ભર્યું છે. તેમાં મહાકાશ્યપ ઋષભદેવ ભગવાનથી પ્રારંભીને શ્રી અરિષ્ટનેમિ પર્યંત પ્રભુઓની સ્તુતિ કરવામાં આવેલી છે. પરંતુ તેમાં હવે મિશ્રતા થઈ છે. ગૃહસ્થાશ્રમ અને ત્યાગાશ્રમની અવ્યવસ્થા થઈ છે. તે હવે આદર્શરૂપ થશે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિને સ્વાધિકારે સમજાવવામાં આવશે. હિંસામય યજ્ઞોને દૂર કરવામાં આવશે. જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર ફેલાશે

અને અજ્ઞાનનો નાશ થશે. સર્વ વર્ણોમાં આધ્યાત્મિક મહાવીર ચૈતન્ય પ્રકાશશે. સ્વાધિકારે સર્વે વર્ણો પ્રવૃત્તિ કરશે. વેદોના આધ્યાત્મિક જ્ઞાનને જીવતી ભાષામાં સર્વ વિશ્વમાં પ્રભુ મહાવીરદેવ પ્રકાશિત કરશે. હાલમાં વેદોમાં જે જ્ઞાન રહ્યું છે તેના કરતાં શ્રી મહાવીર પ્રભુ અનંતગણું પ્રકાશશે.

વેદોમાં આધ્યાત્મિક રૂપકમાં જ્ઞાનને સૂર્ય કહ્યો છે. આત્માને સૂર્ય વિરાટરૂપ કહ્યો છે. આત્માને સૂર્ય તથા વ્યાપક અર્થાત્ વિષ્ણુ તરીકે વર્ણવ્યો છે. જ્ઞાનને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. પરમાત્મા મહાવીરદેવને ઈશ તરીકે, વિષ્ણુ તરીકે પ્રકાશિત કર્યા છે. ધ્યાનને વાયુનું રૂપક આપ્યું છે. અનાદિ પરબ્રહ્મસત્તારૂપે મહાવીરપ્રભુને આકાશનું રૂપક આપ્યું છે. સર્વાત્મસત્તાશક્તિ વીરસત્તાને હિરણ્યગર્ભનું રૂપક આપ્યું છે. આત્મશાંતિને જળનું રૂપક આપ્યું છે. સર્વ શુભ શક્તિઓને યજ્ઞોનાં રૂપકો શ્રી ભરત રાજર્ષિએ આપ્યાં છે.

આત્મા અને કર્મની મિશ્રશક્તિ તે અદિતિ છે. કર્મપ્રકૃતિ તે મેઘ છે. આત્મવીરની ચૈતન્યશક્તિ તે વીજળી છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની શક્તિ તે વેદો છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ ગુણના ક્રમથી મુક્તિ મળે છે, માટે તેને ત્રિક્રમ કહે છે. આત્મમહાવીરના ત્રણ પાદ છે. આત્માને સૂર્યનું અર્થાત્ વિષ્ણુનું રૂપક આપ્યું છે. મનને ચંદ્રનું રૂપક આપ્યું છે. એ પ્રમાણે કાશ્યપ શ્રી ઋષભદેવના જ્ઞાની પુત્ર ભરતે આધ્યાત્મિક જ્ઞાનાદિ રૂપકોમાં વેદોમાં સૂર્યાદિ દેવોનું વર્ણન કર્યું છે. અજ્ઞાની લોકો હવે મૂલાર્થ સમજી શકવા સમર્થ નથી અને પંડિતો મનમાનતા અર્થ કરે છે, તેથી સત્ય જ્ઞાન ઢંકાઈ ગયું છે. તેનો પરમાત્મમહાવીર દેવ પ્રકાશ કરવાના છે. લકીરના ફકીર નહીં થતાં આત્મમહાવીરદેવના ઉપાસક થવું અને તેઓ જે જે બોધ આપે તેને ઝીલવા આર્ય જૈનોએ તૈયાર થવું, એમ સર્વ વિશ્વવર્તી લોકોને હુંલ

સમજાવું છું.

વિશ્વમાં ઊગતા સૂર્યને જેમ ઘુવડો તેમની અવળી દૃષ્ટિના પ્રતાપે દેખી શકતા નથી, તેમ સાક્ષાત્ પરમાત્મા મહાવીરદેવને નાસ્તિક, પાખંડી, અનાર્ય, અધર્મી લોકો ન ઓળખી શકે અને ન માની શકે તેમાં તેઓની મિથ્યાબુદ્ધિનો દોષ છે.

સૂર્યને ઊગતો દેખીને કાગડા કા કા કરે છે તેથી સૂર્ય ઊગતો બંધ થતો નથી, તેમ વિશ્વચક્ષુ પરમાત્મા મહાવીરને નાસ્તિકો ન ઓળખી શકે તેથી પ્રભુને કંઈ લેવાદેવા નથી. પ્રભુ તો તીર્થની સ્થાપના કરવાના અને ધર્મનો ઉદ્ધાર કરવાના. તેઓ જે માટે તીર્થંકર પ્રભુરૂપે અવતર્યા છે તે કાર્ય કરવાના, એવો પ્રભુનો સ્વભાવ છે. મહાસતી સત્યરૂપા ! હવે હું સ્વસ્થાનમાં જાઉં છું.

સત્યરૂપાએ પ્રણામ કર્યા.



## ૧૫. પ્રિયદર્શનાને હિતશિક્ષા

પ્રિયદર્શના : માતાજી, મારા પિતા પ્રભુ પરમેશ્વર વિશ્વમાં દિવ્ય જ્ઞાનનો પ્રકાશ કરવા અનગારી થયા. આપણે પણ પ્રભુના માર્ગે ચાલવું જોઈએ. આ સંબંધમાં માતાજી મને યોગ્ય સત્ય જણાવે.

શ્રીમતી યશોદાદેવીનો ઉત્તર :

શ્રીમતી યશોદા દેવી : સુપુત્રી સરસ્વતી પ્રિયદર્શના ! પ્રિય પરમેશ્વર જ્યારે પાછા અહીં આવશે અને તેઓ જે આજ્ઞા ફરમાવશે તે પ્રમાણે વર્તીશું. પ્રભુનો જે કાળે જે હુકમ થાય તે પ્રમાણે વર્તવામાં ધર્મ છે. પ્રભુની મરજી પ્રમાણે વર્તવું તે જ સેવાભક્તિ છે.

શ્રીમતી પ્રિયદર્શના પુત્રી ! તું પ્રભુને હૃદયમાં રાખી સર્વ કર્તવ્યકર્મ કર. ભોગાવલી કર્મની પ્રેરણાથી તારે ગૃહાવાસમાં લગ્ન કરવાં પડશે. પતિવ્રતા સ્ત્રીઓથી વિશ્વમાં જૈન ધર્મ શોભે છે. પ્રભુની કૃપાથી આત્માની સિદ્ધિ થાય છે. બાળાઓએ બ્રહ્મચર્યનું રક્ષણ કરવું અને દુષ્ટ વ્યભિચારીઓના કપટતંત્રથી સદા સાવધાન રહેવું. દુષ્ટ શત્રુઓનો નાશ કરવો. કામી વ્યભિચારીઓને શિક્ષા કરવા સદા શસ્ત્રસહિત રહેવું. બાળાઓને બ્રહ્મચર્યપાલનનો બોધ આપવો. પ્રભુ મહાવીરનું સદા નામ જપવું. પ્રભુ મહાવીરદેવનું ધ્યાન ધરવું અને તેમનાં ચિત્ર, મૂર્તિ વગેરે મૂર્તિઓનાં દર્શન કરવાં.

સવારમાં અને સાંજે બે વખત પ્રભુ મહાવીરદેવની મનમાં પ્રાર્થના કરવી અને મનની શુદ્ધતા ધારણ કરવી. વનમાં, નદીમાં, જંગલમાં, ઘરમાં વા બહાર, ગમે ત્યાં સવારે અને સાંજે પ્રભુની

બે ઘડી પર્યંત સ્તુતિ કરવી. પ્રભુના બોધનું એક હાથમાં ધર્મ-પુસ્તક રાખવું અને બીજા હાથમાં શસ્ત્ર રાખી વિશ્વમાં ગૃહાવાસમાં રહેવું. નવરાં બેઠાં કરતાં પ્રભુના નામના જાપની સાથે કોઈ પણ કાર્ય કર્યા કરવું. મનમાં ઉત્પન્ન થનારા મોહના સંકલ્પવિકલ્પોનો નાશ કરવો. મનમાં કોઈ અશુભ ભાવના પ્રગટ થતાં વારવી. અધર્મ તરફ જતા મનને વારવું. અશુદ્ધ પ્રેમ અને તેના કર્મથી સદા દૂર રહેવું. મારી રચેલી "પ્રેમગીતા" કે જેમાં પ્રેમનું સ્વરૂપ વર્ણવ્યું છે અને જેનો તેં અભ્યાસ કર્યો છે તેનું રહસ્ય સમજી સત્ય શુદ્ધ ધર્મ્ય પ્રેમથી પ્રવર્ત.

કામના વિકારોને વશ રાખવાથી જૈનધર્મને હૃદયમાં પ્રગટાવી શકાય છે અને આત્મા છેવટે જિન બને છે. આત્માની સાથે રહેલી ત્રણગુણવાળી કર્મપ્રકૃતિનો એકદમ ત્યાગ થઈ શકતો નથી. શનૈઃ શનૈઃ કર્મપ્રકૃતિને યથાયોગ્યતાએ જિતાય છે. ગૃહાવાસમાં ગૃહસ્થનાં કર્તવ્યકર્મો ઉત્સર્ગાપવાદથી સ્વાધિકારે કરવાં. અશક્તોને સહાય આપવી. સમાનધર્મીની સાથે લગ્ન કરવું. સર્વ પ્રાણીઓમાં આત્મપ્રભુ મહાવીરને જોવા. દુષ્ટ પાખંડીઓને શિક્ષા કરવી. સર્વત્ર પ્રભુ મહાવીરદેવના બોધરૂપ વેદનો પ્રચાર કરવો એ જ તને હિતશિક્ષા છે.

શારીરિક, માનસિક, વાચિક શક્તિઓની વૃદ્ધિ કરીને તેનો સદુપયોગ કર. સર્વ દુઃખનું મૂળ કારણ અજ્ઞાન છે. સર્વ નાશનું કારણ મોહ છે. સર્વ બળનો ક્ષય કરનાર કુસંપ છે. સર્વ ધર્મનો નાશ કરનાર અધર્મ્ય કામ છે. સર્વ જાતની નબળાઈનું મૂળ અશ્રદ્ધા છે. સર્વ પ્રકારની હાનિનું કારણ ખરેખર કર્તવ્યકર્મની અવ્યવસ્થા છે. સર્વ પ્રકારની અશાંતિનું કારણ નાસ્તિક બુદ્ધિ અને અધર્મ્ય લોભ છે. સર્વ પ્રકારની અનીતિનું મૂળ કુસંપ અને અસ્થિર બુદ્ધિ છે.

ક્લેશનું કારણ અસહનતા છે. જેમ જેમ મનોજય કરવામાં આવે છે તેમ તેમ પ્રભુ મહાવીરમય જીવન પ્રગટતું જાય છે. સ્ત્રીઓના ધર્મોને સ્ત્રીઓએ બરાબર બજાવવા જોઈએ અને ચતુર્વિધ

મહાસંઘની ઉન્નતિમાં જે કાળે અને જે દેશે જે કંઈ કરવું ઘટે તે કરવું. સદાચાર અને સદ્‌વિચારથી પવિત્ર રહેવું. પરપુરુષને કામની દૃષ્ટિથી સ્વપ્નમાં પણ પ્રાણાંતે ન જોવો. દુષ્ટ, ખરાબ વિચારોને મારી હઠાવવા. ગૃહસ્થાવાસમાં સમ્યકૃત્વનાં કર્મો કરવાં. અંશ થકી દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને મૂર્છાના ત્યાગરૂપ અણુવ્રત ધારણ કરવાં. અતિથિઓને વિવેકપૂર્વક દાન દેવાં. સર્વ પ્રકારનાં દાન યથાશક્તિ અને યોગ્ય કાળે દેવાં.

પ્રભુના ગુણો ગાવા, માગસર વદિ દશમીના દિવસને મહાપર્વ માની પ્રતિવર્ષે મહા મહોત્સવ કરવો. જે સ્ત્રીઓ પરબ્રહ્મ મહાવીરપ્રભુના ગૃહસ્થાદર્શનું સ્મરણ કરશે તેઓ ગૃહસ્થાવાસમાં પરમ પવિત્ર રહેશે, એવો પ્રભુએ સર્વલોકો પ્રતિ આશીર્વાદ દીધો છે. પ્રભુની બાલ્યાવસ્થાને તેમની મૂર્તિદ્વારા સંભારી જે સ્ત્રી અને પુરુષો બાલ્યાવસ્થાવાળા પ્રભુ મહાવીરદેવની ભક્તિ અને ધ્યાન કરશે તેઓને ત્યાં દૈવી સંપત્તિવાળાં બાળકો પ્રગટશે.

મારો અને પ્રભુનો જે દિવસમાં લગ્નોત્સવ થયો છે તે દિવસોમાં જે પ્રભુની તે અવસ્થાનાં ગીતો ગાશે, ભક્તિ કરશે પ્રભુના નામના જાપો જપશે તેઓનાં ઉત્તમ લગ્નો થશે અને તેઓનાં અનેક વિઘ્નોનો નાશ થશે. જે બાળકો અને બાલિકાઓ લગ્નમંડપમાં પરણતી વખતે પ્રભુની તથા મારી સ્થાપના કરશે અને પ્રભુ મહાવીરદેવના નામનો મંત્રજાપ કરશે તથા પરસ્પરમાં ઐક્ય ધારણ કરવા અમારી સાક્ષી હૃદયમાં રાખશે તેઓને ઐક્ય, લક્ષ્મી, સંતતિ, બુદ્ધિ, શુદ્ધ પ્રેમાનંદ વગેરે સંપત્તિની પ્રાપ્તિ થશે.

જે બાળકો પ્રભુની બાલ્યાવસ્થાની મર્દાનગીભરી ક્રીડાઓ કરશે તેઓ પ્રભુના આનંદી ક્રીડાજીવનને પામશે. જે યુવકો અને યુવતીઓ યુવાવસ્થાવાળા પ્રભુ મહાવીરદેવના ગુણકર્મોને અનુસરશે અને તેમનું મનન કરશે તેઓ યુવાવસ્થામાં પરાક્રમી, પવિત્ર અને મહાવીરમય જીવનથી જીવશે. પ્રભુની જે જે અવસ્થામાં જેઓ સંયમ કરશે તેઓ આ ભવ તથા પરભવમાં યોગબળના પ્રતાપથી તે તે અવસ્થાની

શક્તિઓને પામશે.

પ્રભુ મહાવીરદેવની ત્યાગાવસ્થામાં જેઓને વિશુદ્ધ પ્રેમ પ્રગટશે તેઓ સત્યત્યાગને પામશે, એવી પ્રભુની આશિષ છે અને તે ફળ્યા વિના રહેતી નથી. ફાલ્ગુન પૂર્ણિમાના દિવસે પ્રભુએ જ્ઞાનરૂપ અગ્નિમહોત્સવની ક્રીડા પ્રવર્તાવી હતી. તેથી તે દિવસોમાં જેઓ પ્રભુના વસંતોત્સવક્રીડાનો ઉત્સવ કરશે અને પ્રભુના જ્ઞાનનાં ગીતો ગાશે તેઓ સત્યાનંદ વીરતાની પ્રાપ્તિ કરશે.

શ્રી પ્રિયદર્શના પુત્રી! તું સાક્ષાત્ સરસ્વતી છે. પ્રભુદેવની પાસેથી તેં જે જ્ઞાન મેળવ્યું છે તેનો પાર આવી શકે તેમ નથી. તારા હૃદયમાં ઉત્તમ ધાર્મિક સંસ્કારો પડ્યા છે. શુદ્ધ પ્રેમ અને જ્ઞાનથી પ્રભુ મહાવીર પોતાની પાસે જ છે. તેથી આત્મમહાવીર-દેવનો વિયોગ છે જ ક્યાં? શરીર, મન, વાણી દ્વારા તેઓ વિશ્વમાં ત્યાગધર્મ પ્રચારે છે.

ગૃહસ્થધર્મથી મુક્તિ થાય છે અને ત્યાગધર્મથી મુક્તિ થાય છે. પુરુષની મુક્તિ થાય છે અને સ્ત્રીની પણ મુક્તિ થાય છે. પરબ્રહ્મ મહાવીરપ્રભુનું મન, વાણી અને કાયાથી જેઓ શરણ કરે છે તેઓ ઘરમાં અગર વનમાં મુક્તિ પામે છે. પ્રકૃતિને દેખ્યા છતાં 'હું કર્તા છું, ભોક્તા છું'' એવી બુદ્ધિથી પ્રકૃતિને ન દેખતાં પ્રભુમાં સર્વ દેખીને જે પ્રભુમાં પ્રકૃતિનું સર્વસ્વાર્પણ કરીને વર્તે છે તે પ્રકૃતિરૂપ જડ વિશ્વનો કર્તા, ભોક્તા, હર્તા હોવા છતાં કર્તા, ભોક્તા, હર્તા નથી. જ્ઞાનીને પ્રારબ્ધાનુસારે પ્રકૃતિનો સંબંધ છે. તેથી તે પ્રકૃતિના પ્રારબ્ધ ખેલ ખેલતો છતો બંધાતો નથી.

પ્રકૃતિનું હુંતુંપણું હૃદયમાં જેને નથી તે પ્રકૃતિનો ઈશ્વર બને છે. તે કર્મયોગી બને છે. તે વિશ્વમાં સ્વતંત્ર છે. પ્રકૃતિના ઉદયબળથી પ્રકૃતિનો ખેંચાયો જ્ઞાની મહાત્મા ખેંચાય છે, પરંતુ તેથી તે કર્મપ્રકૃતિનો દાસ બનતો નથી; કારણ કે તેને હૃદયથી અહંત્વભાવ રહેતો નથી અને ફક્ત સ્વાધિકારે વ્યવહારથી

લોકસંગ્રહની દૃષ્ટિએ અહંત્વવ્યવહાર કરે છે. તેથી તે મહાકાશ સમાન સર્વ વિશ્વનો આધાર બને છે.

શુદ્ધાત્મમહાવીરદેવના ભક્તો આસક્તિના ત્યાગથી ત્યાગી બનીને, ગૃહસ્થાશ્રમને લાયક બની ગૃહસ્થાશ્રમધર્મરૂપ ગૃહસ્થ જૈન-ધર્મનો વર્ણાનુસારે સ્વીકાર કરે છે અને પ્રજોત્પત્તિ થતાં રાગનો વૈરાગ્યરૂપ પાક થતાં છેવટે બાહ્યાંતર ત્યાગના અધિકારી બને છે. આંતરત્યાગની પરિણતિ થયા વિના વ્રત, વેષ, ક્રિયા, આચારરૂપ બાહ્ય ત્યાગથી સર્પના શરીર પરથી સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે છે તેટલો જ ફાયદો થાય છે; પણ સર્પ જેમ વિષથી રહિત નિર્વિષ થતો નથી તેમ આંતરત્યાગ વિના કોઈ બાહ્ય ત્યાગમાત્રથી મુક્ત થતો નથી.

સર્વ પ્રકારની વાસનાઓનો ત્યાગ કરો. ત્યાગ એવો થવો જોઈએ કે તેનો સ્વપ્નમાં પણ ખ્યાલ ન આવે. એવો આંતરત્યાગભાવ ન થાય ત્યાં સુધી ગૃહાવાસમાં રહીને કર્મો કરવાં અને મનને પકવવું, જેથી જેમ આમ્રવૃક્ષ પર કેરી પાકી સ્વયમેવ તૂટી જઈ ભોંય પર પડે તેમ સ્વયમેવ જ્ઞાન-ભક્તિ-કર્મથી મન પાકી જઈ પડે અને અહંવૃત્તિથી રહિત થઈ જાય અને જીવન્મુક્ત પરમપદ પામી શકે. આંતરત્યાગથી ઘરમાં અને વનમાં એકસરખી જીવન્મુક્તિ છે.

જ્ઞાન, ભક્તિ અને કર્મથી ધીમે ધીમે મન પાકે છે અને પશ્ચાત્ આત્મા જિનાર્હત્પદને અનુક્રમે ધીમે ધીમે પામતો જાય છે. સર્વ લોકોના ધર્મસંસ્કાર એકસરખા હોતા નથી અને એકસરખી ગુણવૃત્તિ હોતી નથી. પ્રભુ મહાવીરદેવની સાથે અનેક પૂર્વજન્મોના સંબંધથી ધર્મસંસ્કારથી ઘડાતી ઘડાતી અનુક્રમે આવી આત્મ-દશામાં આવી છું અને હવે પ્રભુ મહાવીરના જીવનથી જીવતી થઈ છું. હવે મને એક પ્રભુ જ દેખાય છે. તેમાં હું છું અને તે મારામાં છે. અમે બન્ને એકરૂપ અભેદે છીએ. એવા ભાવપરિણામથી શુદ્ધપરિણતિરૂપ યશોદા બની છું અને અધ્યાત્મમહાવીરપતિને એકરૂપ કરી ચૂકી છું. તેથી હવે હર્ષશોકથી મુક્ત થઈ મુક્તિરૂપ બની છું.

કલિયુગમાં ગૃહસ્થાવાસમાં અને ત્યાગાવાસમાં વીતરાગ ધર્મ નથી, પણ સરાગધર્મ છે. રાગધર્મમાં ભક્તિકર્મની મુખ્યતા છે. ભક્તિકર્મ અને સેવાથી આત્મા મુક્ત બને છે. વીતરાગધર્મમાં જ્ઞાનની મુખ્યતા છે અને તેનાથી આત્મામાં મુક્તતા પ્રગટે છે. કલિયુગમાં ત્યાગીઓ રાગધર્મથી જ્ઞાનયોગ, ભક્તિયોગ તથા કર્મયોગને સેવશે. ભક્તિ અને જ્ઞાન એક છે. કર્મ અને જ્ઞાન એક પરબ્રહ્મમહાવીરપદ આપનાર છે. પૂર્વભવના ધર્મસંસ્કારના બળથી સર્વ જીવો તરતમયોગે આત્મમહાવીરરૂપ મહાસૂર્ય તરફ આકર્ષાય છે. સૂર્યાદિનું આત્મમહાવીરભાવથી દર્શન કરવું. એ પ્રમાણે પ્રવર્તવાથી, શ્રીમતી પ્રિયદર્શના ! કલ્યાણ છે એમ પ્રભુએ ફરમાવ્યું છે.

શુદ્ધાત્મમહાવીરમય જીવનનો અનુભવ કર્યા પછી ભક્તિભાવ પ્રગટ થાય છે, અને એવો ભક્તિભાવ એકવાર પામ્યા પછી ગૃહસંસારમાં પ્રવેશ પામેલા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો પોતાનું પ્રભુમય જીવન ગાળે છે,

પ્રિયદર્શના ! એવી દશા પ્રાપ્ત કરીને હું આત્મોન્નતિના માર્ગમાં અભેદભાવની દૃષ્ટિવાળી બની છું. તું પણ શુદ્ધાત્મમહાવીરમય જીવનનો એકવાર અનુભવ કર કે જેથી તું પોતે પોતાને પ્રભુરૂપ અનુભવીશ. તું શુદ્ધ પરમાત્મા મહાવીરરૂપ વસ્તુતઃ સત્તાએ છે. એકવાર મહાવીરપ્રભુને અંતરથી જેઓ પ્રાપ્ત કરે છે તેઓ બદ્ધપણાની અને ત્યાગપણાની વૃત્તિથી મુક્ત બને છે.

આત્મામાં આનંદનો સાગર એટલો બધો પ્રગટે કે જે સર્વ વિશ્વમાં ન માય અને જેના પ્રગટવાથી દ્વિધાભાવ ભુલાય, ત્યારે જાણવું કે શુદ્ધાત્મમહાવીરભાવ પ્રગટ થયો છે. શુદ્ધાત્મમહાવીરભાવ પ્રગટ થયા પછી સર્વ પ્રકારની બાહ્ય કલ્પિત મર્યાદાઓમાં સ્વતંત્રપણું થઈ જાય છે અને પછી શુદ્ધાત્મમહાવીરરસથી જ્યાં દૃષ્ટિ પડે ત્યાં આનંદરસનાં ઝરણાં પ્રગટે છે. પશ્ચાત્ કર્મોદયબળે કર્મભોગની પ્રવૃત્તિમાં મન અને કાયાની પ્રવૃત્તિ થતાં મોહદૃષ્ટિ રહેતી નથી અને પ્રારબ્ધ કર્મોનો ભોગ પણ છેવટે છૂટી જાય છે.

પ્રભુ મહાવીરદેવના આશ્રિત સર્વવર્ણીય જૈનોમાં ભક્તિભાવ ખીલે છે અને તેઓ તે ભક્તિભાવની આગળ દુનિયામાં સર્વ પાપકર્મો કરે તે પણ કાચી ઘડીમાં ક્ષીણ થઈ જાય છે, એમ પ્રિયદર્શના જાણ.

પ્રભુ મહાવીરદેવના ભક્ત જૈનોની શ્રદ્ધાભક્તિમાં એટલું બધું બળ છે કે તેઓ જૈનો સર્વ વિશ્વને હણતા છતાં સર્વથા અહિંસક રહે છે. તેઓના આત્માઓનો કદી વિનાશ થતો નથી. મહાવીર પ્રભુની શ્રદ્ધાભક્તિ વિનાના લોકો જે જે પાપાસ્રવકાર્યોથી બંધાય છે તે તે પાપાસ્રવકાર્યોથી પ્રભુ મહાવીરના ભક્તો બંધાતા નથી, પરંતુ ઊલટા પુણ્ય, સંવર અને નિર્જરા તત્ત્વને પામે છે, એમ સાપેક્ષદૃષ્ટિથી જાણ અને સ્વાધિકારે પ્રવૃત્તિ કર.

પ્રભુમહાવીરસ્વરૂપવાળો હું છું અને પ્રભુ મારા સ્વરૂપવાળા છે. પ્રભુમાં હું છું અને મારામાં પ્રભુ છે. પ્રભુને જાણે છે તે મને જાણે છે અને મને જાણે છે તે પ્રભુને જાણે છે. પ્રભુને ભજે છે તે મને ભજે છે અને મને ભજે છે તે પ્રભુને ભજે છે. મારામાં અને પ્રભુમાં સત્તાએ અભેદપણું છે. શુદ્ધાત્મમહાવીરરૂપ જેણે અનુભવ્યું છે તેને જડ વિશ્વમાં સર્વ કાર્ય કરતાં બંધ થતો નથી અને તે પ્રાણ, ઇન્દ્રિય કે શરીરના ગ્રહણ-ત્યાગમાં મનથી લેપાતો નથી.

મનનો સ્વામી જે બને છે તે જડ વિશ્વનો પ્રભુ બને છે અને આત્મસામ્રાજ્યમાં તે આનંદરસિયો થઈ જાય છે. આત્મામાં મનોવૃત્તિને રમાવવાથી જડ સંબંધી રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પનો નાશ થાય છે. શુદ્ધાત્મમહાવીરમાં લયલીનતા થવા છતાં સ્વાધિકારે વ્યાવહારિક કાર્યો કરવાથી વિરામ ન પામવું જોઈએ. ગુણકર્માનુસારે સ્વાધિકારે બાહ્ય કાર્યો કરવાં, જેથી આત્માની દશા ક્યાં સુધી શુદ્ધ થઈ છે તેનો બરોબર અનુભવ આવે.

શુભાશુભ વિચાર વિના, શુભાશુભ રાગદ્વેષ વિના બાહ્ય પ્રવૃત્તિને સ્વાધિકારે કરાય એટલે સમજવું કે અધ્યાત્મમહાવીર પ્રભુ અંતરમાં પ્રગટ્યા છે. સંયોગુણી નિવૃત્તિથી વા શરીરથી બાહ્ય

પ્રવૃત્તિ કર્યા વિના જે શાંતતા દેખાય છે તે શારીરિક નિવૃત્તિ છે, પણ મનની તથા આત્માની નિવૃત્તિ નથી.

મનમાં ઉત્પન્ન થનાર રાગદ્વેષના સંકલ્પ-વિકલ્પની નિવૃત્તિ કરીને બાહ્ય ધાર્મિક અને વ્યાવહારિક આવશ્યક સામાજિક પ્રવૃત્તિ કરવાથી વિશ્વનું પરમાર્થ કરી શકાય છે. પ્રભુ એવા ત્યાગમાર્ગના આદર્શોને જણાવનાર છે. રાગદ્વેષના વિકલ્પ-સંકલ્પના લયની સાથે આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે અને આત્મમહાવીર સામ્રાજ્યની પ્રગટતા થાય છે.

ઉપાધિયોગે જે સુખ થાય છે તે વસ્તુતઃ સુખ નથી. આત્મામાં નિરુપાધિ આનંદરસનો અનુભવ થયા પછી બાહ્યમાં રસ પડતો નથી, છતાં પૂર્વકર્માનુસાર સ્વાધિકારે લોકસંગ્રહાર્થે બાહ્ય પ્રવૃત્તિ કે કર્મ કરવાં પડે છે. કેવળજ્ઞાન પ્રગટ્યા બાદ પણ આહારાદિકર્મ અને શારીરયોગે કર્મો કરવાં પડે છે અને વિશ્વના લોકોને સદુપદેશ આપવો પડે છે. પ્રભુ પોતે એવી રીતે વિશ્વસિદ્ધ નિત્યનિયમને માન આપીને સમવસરણમાં બેસી દેવો અને મનુષ્યોની પરિષદ આગળ દેશના દેશે અને વિશ્વમાં સત્ય જૈનધર્મની પ્રવૃત્તિઓને ઉદ્ધરશે.

સ્વર્ગમાં રહેલા દેવોએ મનુષ્યલોકમાં પ્રભુની સાથે રહેવા માટે અવતારો લીધા છે અને તેઓ ગણધરો, ત્યાગીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓરૂપે તીર્થસ્થાપનાસમયે બહાર પ્રગટ થઈ ધર્મકાર્યો કરશે. ધ્યાન અને સમાધિવડે તેઓ કેવળજ્ઞાનને પામશે અને સિદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, મુક્ત થશે.

વસિષ્ઠ, ગર્ગ, વિશ્વામિત્ર, અંગિરા, દેવલ, કાત્યાયન, બૃહસ્પતિ વગેરે ઋષિઓ, કે જેઓ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા છે, તેઓ પરમાત્મા મહાવીરદેવનો ઉપદેશ શ્રવણ કરવા આવશે અને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરશે તથા આત્મપ્રદેશોમાં ઊંડા ઊતરી જશે. વેદનાં સૂક્તોને ત્રણ વેદના વિભાગમાં ગોઠવનાર વેદવ્યાસ ઋષિ, કે જે સૂર્યવિમાનમાં દેવ તરીકે થયા છે, તેમણે પરમાત્મા

મહાવીરદેવનું શરણ અંગીકાર કર્યું છે. તે પ્રભુ મહાવીરના દર્શનમાત્રથી પરમાનંદને પામ્યા છે. શુકદેવે પણ શુદ્ધાત્મમહાવીર પ્રભુમાં પોતાનું મન ચોટાડ્યું છે અને પ્રભુ મહાવીરદેવના મુખથી પ્રગટ થયેલા વેદોમાં મન પરોવ્યું છે. એમ અનેક દેવરૂપ થયેલા ઋષિઓએ અને મુનિઓએ પ્રભુ મહાવીરદેવને પરમેશ્વરરૂપે અનુભવ્યા છે.

પ્રભુ આત્મરૂપે આપણી પાસે છે અને શરીર થકી પણ પાસે આવશે. તેઓ આત્મા અને કર્મનું એટલું બધું સૂક્ષ્મ સ્વરૂપ જણાવશે કે આજ સુધી કોઈએ તેવું કર્મનું અને આત્માનું સ્વરૂપ બતાવ્યું નથી. જ્ઞાનથી આત્માને અને કર્મને આબેહૂબ દેખાડશે.

પ્રિયદર્શના! જેવી શ્રદ્ધા આપણે કરીએ છીએ તેવાં આપણે બનીએ છીએ. જેવું ધ્યાન તેવો ધ્યાતા બને છે. સત્ય ન્યાયથી ચાલ. નમ્ર બન, પણ ગરીબ ન બન. ક્ષમા ધાર, પણ અશક્ત ન થા. ધર્મપાલનમાં સજ્જ થા. હિંસા, અસત્ય, વ્યભિચાર, ચોરી, વિશ્વાસઘાત વગેરે પાપકર્મો કરનારાઓને શિક્ષા કર અને તેઓને પવિત્ર કર.

જે કાળે જે દેશે જે જે આહારથી જિવાય તે તે આહાર ગ્રહણ કર અને આજીવિકાનાં કર્મોથી લોકો જીવે એવા ઉપાયો બતાવ. સર્વ જીવોને તું સદા આત્મા સરખા દેખ. સવારે અને સાંજે તું જ્યાં હો ત્યાં પ્રભુની પ્રાર્થના કર. પ્રભુ મહાવીર જે કરે છે, કરે છે તે સત્ય છે, એમ પૂર્ણ વિશ્વાસ રાખ. હવે આપણે પ્રભુમાં મન રાખીને આત્મમહાવીરના જીવનથી સંસારમાં રહી પ્રવર્તીશું.

બૃહસ્પતિ ઋષિએ પૂછેલો પ્રશ્ન:

બૃહસ્પતિ ઋષિ: રાજન્ નંદિવર્ધન! તમને પરમાત્મા મહાવીર દેવે જૈન મહાવીરસંઘની વ્યવસ્થા અને તેની સેવાભક્તિ સંબંધી કઈ કઈ નીતિઓ સમજાવી હતી, ચતુર્વિધસંઘનું માહાત્મ્ય કેવી રીતે સમજાવ્યું હતું, તે કૃપા કરીને કહેશો.

નંદિવર્ધનનો ઉત્તર :

નંદિવર્ધન : વેદસૂક્તપ્રકાશક બૃહસ્પતિ ઋષિ ! તમારી આગળ પ્રભુએ જેવું સંઘનું સ્વરૂપ પ્રકાશ્યું છે તેવું મારી આગળ પ્રકાશ્યું છે. મારી આગળ શ્રી પરબ્રહ્મ મહાવીરદેવે જૈન મહાસંઘની ઉન્નતિની ચાર પ્રકારની નીતિઓ પ્રકાશી છે.

**જૈન સંઘની ઉન્નતિની ચાર પ્રકારની નીતિઓ :**

જૈન મહાસંઘે આપત્કાળમાં આપદ્ધર્મની નીતિઓને અનુસરી કળિયુગમાં પ્રવર્તવું. મારું વિરાટસ્વરૂપ ખરેખર મહાસંઘ છે, એમ પ્રકાશ્યું હતું. એક સામાન્ય જૈનની રક્ષામાં સર્વ જૈનોએ ભાગ લેવો. એક જૈનને મદદ કરવામાં સર્વ ધર્મની આરાધના થાય છે. નમસ્કારમંત્ર ગણનારા અને હવે પછીથી મારા નામનો તથા ધર્મનો આશ્રય લેનારા સર્વ જાતીય જૈનોને જમાડવામાં મને જમાડવા જેટલો લાભ છે.

મારા ભક્ત જૈનોને કન્યાઓ આપવી. સર્વ પ્રકારના વિદ્યા, વ્યાપાર, ક્ષાત્રકર્માદિ લાભો પ્રથમ મારા જૈનોને આપવા. મારા જૈનોને વસ્ત્ર, પાત્ર, ધન, ધાન્ય, વસતિ વગેરેનો આશ્રય જેઓ આપે છે તેઓ તેથી અસંખ્યગણું સ્વર્ગમાં પામે છે. મારું નામ ભજનારા અને જૈનધર્મ માટે મરી મથનારા જૈનોની ઉન્નતિ માટે સર્વ પ્રકારે યત્ન કરવો. મારા ભક્ત બ્રાહ્મણ જૈનોને ક્ષત્રિયાદિ જૈનોએ સર્વ પ્રકારનું ઉપયોગી દાન દેવું. મારા ભક્ત ગૃહસ્થ જૈન એવા પુરુષોએ અને સ્ત્રીઓએ શરીરાદિકના રક્ષણ માટે શસ્ત્રાદિકને ધારણ કરવામાં ધર્મ માનવો. જૈન રાજાઓને યુદ્ધમાં સર્વ પ્રકારની સહાય આપવી અને જૈન રાજ્યનું રક્ષણ કરવું.

જૈનોએ એકબીજાને મારું નામ જપી અને બે હાથ ઊંચા કરી નમસ્કાર કરવા. જૈનોએ શરણાગતનું રક્ષણ કરવું. દરેક જૈનમાં મારો વ્યક્ત ભાવ છે, એમ નિશ્ચય કરી જૈનોના અપરાધોને મારા નામે ભૂલી જવા. જૈન કન્યાઓએ બાહ્ય લક્ષ્મી કે પ્રેમ

આદિથી અન્યધર્મીઓ સાથે કદાપિકાળે પ્રાણાંતે પણ લગ્ન ન કરવાં અને અન્યધર્મીઓ સાથે લગ્ન કરાવવામાં ઇન્દ્ર, માતા, પિતા વગેરેનો આદેશ હોય તોપણ તે માનવો નહીં. છેવટે પ્રાણ તજવા, પણ અન્યધર્મીઓ સાથે લગ્ન ન કરવાં. કુંવારા રહેવું, સાધ્વી થવું, પણ જૈન કન્યાઓએ વિધર્મીઓની સાથે લગ્ન ન કરવું.

વિધર્મીઓનાં સત્તાબળથી જો જૈનોના આચારમાં કે આહારમાં ફેરફાર થયો હોય તો તેઓએ એક ઉપવાસ કરી, મારા નામનો જાપ જપી પાછા જૈનધર્માચાર પાળવામાં દૃઢ રહેવું. મારું નામ જપવાથી સર્વ પાપોનો ક્ષય થાય છે. જૈનો પર આપત્તિ આવતાં સર્વ જૈનોએ સહાયક યોગો કરવો અને આપત્તિઓનો નાશ કરવો. જૈનોએ પરધર્મી સ્ત્રીઓમાં આસક્ત ન થવું. પોતાની સ્ત્રી વિના અન્ય સ્ત્રી સાથે મૈથુન ન કરવું અને પરધર્મી કન્યાઓને જૈનધર્મી બનાવ્યા વિના તેઓની સાથે લગ્ન ન કરવું. કલિયુગમાં આપત્કાળે આપદ્ધર્મ આચરીને જૈન રહેવું, પણ અન્યધર્મી ન બનવું. એક જૈનને કોઈ અન્યધર્મી મારતો હોય તો તે વખતે મારા ભક્તોએ તરત તે જૈનની મદદ માટે જવું.

જૈન કન્યાઓએ ગુણકર્માનુસારે યોગ્ય જૈનોને પતિઓ તરીકે પસંદ કરવા. જૈનધર્મી ગૃહસ્થ બ્રાહ્મણોએ જૈનમંત્ર દ્વારા લગ્ન કરાવવું. ચક્રવર્તી સરખા વિધર્મીઓને મૂકી ગરીબ જૈનની સાથે જૈનકન્યાઓએ ગુણકર્માનુસારે યોગ્ય વગે લગ્ન કરવું. વીર, જ્ઞાની એવા જૈન યુવકો સાથે જૈન કન્યાઓનાં લગ્ન કરવાં. વર-વિક્રય, ચેપી રોગ, કુલપરંપરાગત ગુપ્તરોગ વગેરે દોષોથી રહિત લગ્ન કરવું. પરસ્પરની ઇચ્છા, યોગ્યતા, પ્રેમ આદિથી સામ્ય અનુભવી લગ્ન કરવું. ગુરુ, વૃદ્ધ, પંચની સાક્ષીએ લગ્ન કરવું. પતિ અને પત્નીના ધર્મવર્તનની પ્રતિજ્ઞાઓ લઈ મારા નામના જાપપૂર્વક લગ્ન કરવું. આપત્કાળે આપદ્ધર્માનુસારે જૈનોએ લગ્ન કરવાં.

જૈન રાજા એવા સંઘમુખ્ય ગૃહસ્થ જૈને પરસ્પરમાં પડેલા

દરેક જાતના વાંધાનો મને હૃદયમાં રાખી નિકાલ કરવો. ગૃહસ્થ જૈનોએ મહાસંઘની ઉન્નતિ માટે ધન, વિદ્યા, સત્તાનો ભોગ આપવો. ભિન્ન ભિન્ન દેશોમાં રહેલા જૈનોએ પ્રસન્નતાપૂર્વક એકબીજાને અનેક રીતે સહાય આપવી. ત્યાગીઓની મેળાભક્તિ માટે એકબીજા દેશમાં જવા માટે સંઘો કાઢવા તથા તીર્થોની યાત્રાઓ કરવી. ભિન્ન ભિન્ન ખંડમાં રહેલા જૈન મહાસંઘની યાત્રાર્થે જવું અને પરસ્પર એકબીજાને મદદ કરવી તથા પરસ્પરમાં પડેલા વાંધાઓ અને તકરારોનો નિકાલ કરવો. સર્વ ખંડમાં જૈનોએ વસવાટ કરવો.

જૈનોના મહાસંઘમાં અને મનમાં એકસરખો અભેદભાવ ધારણ કરવો. જે જૈન સાચા નામનો જાપ જપે છે તેને જે કોઈ સ્પર્શે છે તે પવિત્ર થાય છે. જૈનના સ્પર્શમાત્રથી અપવિત્ર લોકો પણ પવિત્ર થાય છે. જૈન કોઈપણ અપવિત્ર વસ્તુના સ્પર્શાદિકથી અપવિત્ર થતા નથી. સારી પાકા જૈન મહાસંઘનો ઉપરી એવો એક સર્વ આચાર્યોનો મોટો આચાર્ય સ્થાપવો અને તે જેમ ફરમાવે તેમ વર્તવું. સર્વ પ્રકારે લાયક ત્યાગીને સર્વોપરિ મહાચાર્ય ધર્મગુરુ સ્થાપવો અને ગૃહસ્થ ગુરુને ગૃહસ્થ જૈનસંઘનો ઉપરી સ્થાપવો. ગૃહસ્થગુરુ બ્રાહ્મણોના ઉપરી દેશકાલાનુસારે વર્તનાર મહાત્યાગી આચાર્યોનો વડો આચાર્ય સ્થાપવો. ગૃહસ્થ મહાસંઘના પ્રમુખ તરીકે ગૃહસ્થ જૈન રાજા જ્યાં ત્યાં જાણવા.

આપત્કાળમાં ગૃહસ્થ જૈનોની અને ત્યાગીઓની પ્રવૃત્તિમાં વિપર્યાસ જાણવો. સ્થૂલ કર્મમાં, સ્થૂલ વિશ્વસામ્રાજ્યમાં આત્મ-પુરુષનું સામ્રાજ્ય પ્રવર્તે છે માટે સ્થૂલ વિશ્વવ્યવહારમાં પ્રકૃતિની મુખ્યતાએ વર્તવું. સામ, દામ, દંડ અને ભેદની નીતિથી જૈન રાજાએ રાજ્ય ચલાવવું તથા જૈનોએ ચાર પ્રકારની નીતિથી પ્રવર્તવું.

જમીન, લક્ષ્મી, રાજ્ય આદિના રક્ષણમાં પરસ્પર એકબીજાને સહાય આપીને જૈનોએ પ્રવર્તવું. રાજ્યાદિના રક્ષણાર્થે યોગ્ય સ્થાને કિલ્લા બાંધવા, દેશકાલાનુસારે શસ્ત્રાદિ યુદ્ધસામગ્રી

રાખવી તથા ગુપ્તચરો દ્વારા શત્રુની હિલચાલ જાણી લેવી. જૈન-રાજા વગેરે જૈનોએ પરસ્પરમાં યુદ્ધ ન કરવું. મહાસંઘદ્વારા તકરારોનો નિકાલ કરવો અને જૈનાચાર્યની આજ્ઞાનુસાર વર્તવું.

સર્વ ત્યાગીઓએ પોતપોતાના ઉપરીની આજ્ઞાનુસાર પ્રવર્તવું અને ત્યાગીઓના ઉપરીઓએ સર્વથી મહાન ઉપરીની આજ્ઞાનુસારે પ્રવર્તવું. ગૃહસ્થગુરુઓએ ગૃહસ્થોને ગૃહસ્થયોગ્ય ધર્મસંસ્કારો કરાવવા.ગૃહસ્થગુરુ અને ત્યાગી મહાધર્માચાર્ય તેમ જ મુખ્ય વૈશ્ય ક્ષત્રિય લોકોની સલાહ પ્રમાણે જૈન રાજાઓએ રાજ્ય ચલાવવું.

કળિયુગમાં વિધર્મીઓના રાજ્યાદિ શાસનકાળમાં આપદ્-ધર્માનુસારે વર્તી મહાસંઘે પોતાના ધર્મપ્રમુખની આજ્ઞાનુસારે વર્તવું અને સર્વ યુક્તિ અને કલાઓથી યુક્ત થઈ પ્રવર્તવું. તેઓએ જૈનધર્મની રક્ષા કરવામાં સર્વ પ્રકારની શક્તિઓનો વ્યય કરવો.

મહાસંઘની આજ્ઞા પ્રમાણે જૈન રાજાઓએ દેશકાલાનુસાર રાજ્યનીતિઓમાં ફેરફાર કરવો અને જૈન મહાસંઘની સર્વશક્તિઓનો નાશ ન થાય એવા ઉપાયોથી પ્રવર્તવું. જૈનોનું સર્વ કંઈ મહાસંઘ માટે છે. જૈન રાજાઓએ ધર્મ્યયુદ્ધ પ્રસંગે નિરપરાધીઓ પર જુલમ ન થાય એ તરફ ખાસ લક્ષ આપવું અને પરસ્પરમાં ફાટફૂટ ન થાય એવા ઉપાયોથી પ્રવર્તવું. જૈન રાજાઓએ વંશનું રક્ષણ કરવું અને વિધર્મીઓની કન્યાઓને પૂર્ણ જૈનધર્માભિમાની બનાવ્યા વિના ગ્રહણ ન કરવી. જૈનોએ જૈનરાજ્યનો નાશ ન થવા દેવો.

મારી નીતિ પ્રમાણે જૈનો અને જૈન રાજાઓ ચાલશે નહીં ત્યારે જૈન રાજાઓના હાથમાં રાજ્ય રહેશે નહીં. જૈન મહાસંઘ જ્યારે મારી ઉપદેશેલી સર્વ પ્રકારની નીતિ પ્રમાણે ચાલશે ત્યારે પુનઃ જૈન રાજ્યનો પ્રાદુર્ભાવ અવશ્ય થશે. ક્ષત્રિયોએ પોતાના ગુણકર્મા-નુસારે વર્તી જૈનધર્મ પાળવો. બ્રાહ્મણોએ પોતપોતાના ગુણકર્મા-નુસારે પ્રવર્તી જૈનધર્મ પાળવો અને પળાવવો. એ પ્રમાણે વૈશ્યોએ

અને શૂદ્રોએ પણ પોતપોતાના ગુણકર્માનુસારે પ્રવર્તવું. પોતાના પગ પર ઊભા રહેવું, સ્વાશ્રયી બનવું અને મોજશોખથી થતી હાનિને અટકાવવી.

બ્રાહ્મણાદિ જૈનોએ આજીવિકાદિનાં સાધનોને વિધર્મીઓના હસ્તે જતાં અટકાવવાં સર્વદા સર્વ પ્રકારની કળા અને ચાતુર્યશક્તિથી સાવધાન થઈ પ્રવર્તવું. બળવર્ધક કર્મો કરવાં. મારા ભક્તોના શત્રુઓને જૈનો બનાવવા આર્ય જૈનોએ પ્રયત્ન કરવો. જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરીને મરવું. એક નવા જૈનને બનાવતાં સર્વ પાપથી મુક્ત થઈને મનુષ્ય સ્વર્ગને પામે છે. જૈનોની ઉન્નતિ માટે મરવામાં સ્વર્ગની સિદ્ધિ છે. દેશ અને ખંડ અનુસારે આજીવિકા-પ્રવૃત્તિ ચલાવવી અને જીવવું.

કદાપિ દુષ્ટ શત્રુ કે પ્રતિપક્ષીઓના તાબે થવાનો વખત આવે તો તે વખતે સર્વ પ્રકારની કળાઓ કરી છૂટી જવું. તેમાં દોષ નથી, પણ ધર્મ છે. દુષ્ટ શત્રુઓના તાબે થવા કરતાં મરવું સારું છે. જૈનોએ મારા માટે જૈનોના ગમે તેવા પ્રસંગોમાં પણ દ્રોહ ન કરવો. જૈન બ્રાહ્મણોએ આપત્તિકાળમાં જૈનધર્મનો ત્યાગ ન કરવો અને આપત્તિકાળમાં બ્રાહ્મણોએ તથા ત્યાગીઓએ પણ આપદ્ધર્માનુસારે પ્રવર્તવું. જૈનોએ જૈન લોહીમાં વિધર્મી લોહીની મિશ્રતા ન કરવી. મોટા દોષો, કે જેથી ધર્મ, સંઘ અને રાજ્યની પડતી થાય, તે ન સેવવા. જૈનોએ સવારસાંજ એક કલાક મારી સ્તુતિ ખરા ભાવથી કરવી.

જૈન મહાસંઘની સેવાભક્તિ કરવાની પ્રતિજ્ઞા કરાવીને મહાસંઘે જૈન રાજાને અને જૈનાચાર્યને પટ્ટ પર સ્થાપવા અને પશ્ચાત્ તેઓની આજ્ઞા પ્રમાણે દેશકાલાનુસાર જૈનસંઘ નીતિઓમાં નવું ચૈતન્ય પ્રસરાવી પ્રવર્તવું. રાજાઓએ જૈન બ્રાહ્મણોને પુરોહિતો તરીકે સ્થાપવા અને પ્રધાન તરીકે જ્ઞાની વણિકને સ્થાપવો. સેનાપતિ તરીકે ક્ષત્રિયને સ્થાપવો. દેશ, રાજ્ય અને લક્ષ્મી કરતાં જૈનધર્મને અનંતગુણો પ્રિય ગણવો અને જૈનોને અનંતગુણા પ્રિય ગણવા.

જૈનો માટે જૈન રાજ્ય છે. તેઓની સેવા તે જ મારી સેવા છે અને તેઓનો દ્રોહ તે મારો જ દ્રોહ છે.

વર્ષમાં એક વખત જૈન મહાસંઘની પવિત્ર તીર્થમાં બેઠક ભરવી અને ત્યાં ધર્મગુરુઓનું પૂજન કરવું તથા મહાસંઘજમણ કરવું અને મહાસંઘની ઉન્નતિ થાય એવા મારા ઉપદેશોને આચારમાં મૂકવા પ્રયત્ન કરવો. જૈનોએ પરસ્પરમાં થયેલાં વેરઝેરને ભૂલી જવાં અને એકબીજામાં મને દેખવો.

જૈનોએ પરસ્પર જૈનોને લાભ મળે એવો સર્વ પ્રકારનો લેવડદેવડનો વ્યવહાર કરવો. જૈન મહાસંઘની સેવાભક્તિમાં આપદ્ધર્માનુસારે વર્તવામાં અલ્પદોષ અને મહાધર્મ છે, એમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર જૈનોએ જાણવું. જે કાળે, જે ક્ષેત્રે મારા ઉપદેશો પૈકી જે જે ઉપદેશો મુખ્ય કરવાના હોય તેને મુખ્ય કરવાની અને ગૌણ કરવાના હોય તેને ગૌણ કરવાની આજ્ઞા મારા ભક્ત જૈનાચાર્યોના હાથમાં છે, એવી ભવિષ્યના કળિયુગ માટે મારી આજ્ઞા છે. જૈન રાજ્યનાં સકળ અંગોને પુષ્ટ બનાવવાં. જે કાળે જે જૈન સામ્રાજ્યના અંગની પુષ્ટિ કરવાની જરૂર પડે તો તે સંઘશક્તિથી કરાવી. જૈનમહાસંઘ જે કાળે જે કાંઈ કરે તે મારી આજ્ઞા છે. જે કાળે જે દેશે જૈન મહાસંઘ જે જે સુધારા કરે તે મારી આજ્ઞાનુસાર જાણવા. કળિયુગમાં સર્વવર્ણીય જૈનોએ શસ્ત્રબદ્ધ રહેવું. કળિયુગમાં સર્વ વર્ણનાં ગુણકર્મોને એક મનુષ્ય આદરી શકે એ આપત્કાળધર્મ છે. સર્વ પ્રકારના બળથી કળિયુગમાં જૈનોએ જીવવું અને જેમ બને તેમ સર્વ પ્રકારના બળનો જૈન મહાસંઘાર્થે ઉપયોગ કરવો. જૈનોનો દ્રોહ કરનારાઓને આશ્રય ન આપવો, તેઓમાં ફાટફૂટ કરનારાઓને આશ્રય ન આપવો તથા તેઓનો વિશ્વાસ ન રાખવો.

વિશ્વના સર્વ ખંડોમાં જૈનોએ વસવું અને મારી ભક્તિ કરી જીવવું. ગૃહસ્થ જૈનોએ ગમે ત્યાં વસવું, પણ પોતાનો એક ઉપરી રાજા કે પ્રમુખ નીમવો. મારાં અસંખ્ય નામો અને રૂપો, જે

પ્રભુનામો અને રૂપો તરીકે વિશ્વમાં છે તે, સર્વનો કલિયુગમાં પરબ્રહ્મ મહાવીરના નામમાં અંતર્ભાવ થએલો જાણવો. મારા નામના કોઈએ જૂઠા સોગંદ ખાવા નહીં. કોઈનો પણ ન્યાય કરીને શિક્ષા કરવી. સર્વ જાતની વિદ્યા, કળા, હુન્નર, વ્યાપારાદિ પ્રવૃત્તિને ઉત્તેજન આપવું. પર્વતોની ગુફાઓ, નદીતટ, સમુદ્રતટ, દ્વીપ, જંગલ વગેરે જ્યાં મારા ભક્ત મુનિ-ઋષિઓ વસતા હોય ત્યાં જવું અને તેઓની સેવાભક્તિ કરવી. જેઓ મારું ધ્યાન ધરતા હોય તેઓની સેવા કરવી. મારા ભક્તોનાં સંકટો ટાળવાં.

સર્વ ગૃહસ્થ લોકોના પુત્રોને ત્રણ વર્ષ પર્યંત યુદ્ધનું શિક્ષણ આપવું અને પશ્ચાત્ વિદ્યાર્થીઓએ લગ્ન કરવાં. દરેક વર્ણીય ગૃહસ્થોએ યુદ્ધનાં દરેક જાતનાં શસ્ત્ર વાપરતાં શીખવું અને દરરોજ કસરત કરવી. દરેક જાતનું વ્યાવહારિક શિક્ષણ લેવું. સર્વ ખંડોની સાથે વ્યાપારવ્યવહાર ચલાવવો. સર્વ રાજ્યોની હિલચાલ જાણવી. જૈન વિદ્યાવંત બ્રાહ્મણોને ગુરુકુલોના ઉપરી નીમવા. મહાગુરુકુલો ચાલે એવો રાજ્ય તરફથી બંદોબસ્ત કરવો. જૈન સામ્રાજ્યની પ્રગતિ જેથી થાય અને સ્વાતંત્ર્ય તેમ જ સામાજિક બળને ક્ષતિ ન પહોંચે તેવા કાયદાઓને દેશકાળાનુસારે કાયદા જાણવા.

સર્વ પ્રજાની શાંતિ, સુખ, પ્રગતિ માટે રાજ્યસ્થાપનનો ઉદ્દેશ છે. સર્વ પ્રકારના સંઘની દરેક વ્યક્તિને પણ જૈન સામ્રાજ્યમાં સ્વાતંત્ર્ય મળે એ જ રાજ્યસ્થાપનનો ઉદ્દેશ છે. અન્ય પ્રજાવર્ગને ગુલામ બનાવવા માટે રાજ્ય નથી અને રાજા નથી. સર્વ પ્રજાસમૂહના બહુમતથી રાજાની સ્થાપનાં કરવી. મારા હુકમો પાળે તેવો જૈનોએ સંઘનો ઉપરી રાજા અને સંઘપતિ સ્થાપવો.

ગૃહસ્થાવાસીઓએ ધંધો કરીને આજીવિકા ચલાવવી. આજીવિકાનાં સાધનો વિના ગૃહસંસાર નભી શકતો નથી. સર્વ પ્રકારનાં વ્યસનો—જેથી પોતાના શરીરની, મનની, ધનની, કુટુંબની, જ્ઞાતિની, સંઘની, રાજ્યની અને દેશની પડતી થાય એવાં વ્યસનો—થી

દૂર રહેવું. એક કરતાં વધુ સ્ત્રીની સાથે લગ્ન કરવાં નહીં અને વંશરક્ષાદિ કારણે લગ્ન કરવું પડે તો મૂલગુરુ, મુખ્યાચાર્યની અને ત્યાગી આચાર્યની તથા પૂર્વની સ્ત્રીની ખાસ અનુમતિ હોય તો જ સંતાનાર્થે લગ્ન કરવું. સ્ત્રીઓની, બાળકોની અને વૃદ્ધોની રક્ષા કરવી. સર્વ વર્ણનાં બાળકોને સર્વ પ્રકારની કેળવણી આપવી. છાનાં-માનાં કોઈની સાથે લગ્ન ન કરવાં તેમ જ અયોગ્ય લગ્ન ન થવા દેવાં.

વિદ્યાબળ, ક્ષાત્રબળ અને વ્યાપારાદિ બળથી સંયુક્ત રહેવું. પ્રમાદી બની મંત્રભેદ, ગૃહભેદ, સંઘભેદ ન કરવો. સંઘભેદ કરાવનારાઓને યોગ્ય શિક્ષા કરવી. અન્યધર્મી દુષ્ટ લોકોથી સદા ચેતતા રહેવું. અને તેઓની શક્તિઓ કરતાં પોતાની શક્તિઓ વિશેષ પ્રગટાવવી, જેથી દુષ્ટોનો નાશ થાય અને ધર્મીઓનું રક્ષણ થાય.

નાનાં બાળક કંઈક સમજવા માંડે કે તરત તેઓને મારા ઉપદેશો જેટલા સમજે તેટલા સમજાવવા. તેઓમાં સર્વ પ્રકારનું બળ ખીલે એવા દેશકાલાનુસારે ઉપાયો યોજવા. ધન કરતાં, રાજ્ય કરતાં બાળકોની સર્વ પ્રકારની કેળવણી પર વિશેષ લક્ષ દેવું. બાળકો જ ભવિષ્યની ઉન્નતિનું મૂળ છે.

સર્વ ખંડ, સર્વ દેશ અને સર્વજાતિના લોકોને જૈન થવાનો અધિકાર છે. સમ્યકત્વસંસ્કારથી અન્ય વિધર્મીઓને જૈનધર્મી બનાવવા. જૈન સામ્રાજ્ય ચલાવનાર રાજા, સંઘપતિ, આચાર્યો વગેરેએ જે જે ગુપ્ત મંત્રો ચલાવવાના હોય તેઓનો કદાપિ મંત્રભેદ ન કરવો.

મહાસંઘ, મુખ્યાચાર્ય, સંઘપતિ અને જૈન રાજાઓએ કેટલીક ગુપ્ત બાબતોને ખાનગી રાખવી અને જાહેરમાં જેટલી બાબતો મૂકવા યોગ્ય હોય તેટલી મૂકવી. જૈન સામ્રાજ્ય પ્રવર્તાવતાં પ્રાણ, લક્ષ્મી વગેરેનો નાશ થતો હોય તો તેનો નાશ થવા દેવો, પણ સંઘની ઉન્નતિ કરતાં પાછા ન હટવું. રાજ્ય ચલાવવામાં ધર્મ છે, પણ અધર્મદૃષ્ટિ વિના અધર્મ નથી, ઇત્યાદિ અનેક શિક્ષાઓને શ્રી પ્રભુ મહાવીરદેવે પ્રકાશી છે. શ્રી બૃહસ્પતિ! તેવી શિક્ષાઓ તમને પ્રભુએ આપી છે.

બૃહસ્પતિ ઋષિનું કથન:

બૃહસ્પતિ ઋષિ: મહારાજ નંદિવર્ધન ! તમોએ પ્રભુની કથેલી નીતિ કહી તેવી નીતિ મને પણ કહી છે. જૈનોની ઉન્નતિ માટે જે કંઈ પ્રવૃત્તિ થાય છે તે નીતિ છે. ગૃહસ્થ લોકોને ગૃહસ્થને યોગ્ય નીતિઓ પ્રકાશી છે અને ત્યાગી ઋષિઓને તેઓને યોગ્ય નીતિઓ પ્રકાશી છે. તેમણે આજ્ઞા કરી છે કે ગૃહસ્થાચાર્યો મારી પાછળ દેશકાલાનુસારે કલિયુગમાં ગૃહસ્થને યોગ્ય નીતિઓ પ્રકાશશે અને ત્યાગી આચાર્યો ત્યાગીઓને યોગ્ય આચાર અને નીતિઓમાં ફેરફાર કર્યા કરશે, એમાં જરામાત્ર શંકા નથી. દેશકાલાનુસાર નીતિઓમાં પરિવર્તનો થયા કરે છે. રાજ્યનીતિઓમાં દેશકાલાનુસાર યોગ્ય પરિવર્તનો કરવાની પ્રભુએ આજ્ઞા આપી છે.

દેશ, કાળ સમાજ, રાજ્ય અને ધર્મની સ્થિતિ પર લક્ષ રાખીને આચાર્યો નીતિઓમાં પરિવર્તન કરે છે. નીતિઓ પ્રવર્તાવવાનાં રહસ્યો સમજવાં જોઈએ. નીતિઓના ઉદ્દેશોને સમજતાં પશ્ચાત્ પરિવર્તન કરવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સર્વ પ્રકારની નીતિઓમાં વ્યાવહારિક જૈનધર્મ છે તેથી તેઓને જે અનુસરે છે તે જૈનો છે.

પ્રથમ શ્રી ઋષભદેવ ભગવાને નીતિઓ પ્રગટાવી હતી. પશ્ચાત્ શ્રી ભરત રાજાએ, પશ્ચાત્ સગર રાજાએ, પશ્ચાત્ શ્રી શાંતિનાથે, પશ્ચાત્ શ્રી કુંથુનાથે, પશ્ચાત્ શ્રી અરનાથે, પશ્ચાત્ શ્રી મલ્લિનાથે, પશ્ચાત્ શ્રી મુનિસુવ્રત તીર્થંકરે તથા તેમના કાળમાં શ્રી રામચંદ્ર તથા પશ્ચાત્ વૈદેહી શ્રી નેમિનાથ પ્રભુના સમયમાં પાંડવમુખ્ય ધર્મરાજાએ પરિવર્તનો કરી નીતિઓ પ્રવર્તાવી. પશ્ચાત્ પૂર્ણાવતાર, અનંત ગુણપર્યાયરૂપ, કલાનાથ, પરબ્રહ્મ મહાવીર પ્રભુએ સર્વ નીતિઓનો પ્રકાશ કર્યો.

નંદિવર્ધન રાજન્ ! પરબ્રહ્મ શ્રી મહાવીરપ્રભુએ ચતુર્વિધ મહાસંઘની સ્થાપના અને તેની વૃદ્ધિની અનેક નીતિઓ પ્રકાશી

છે. સર્વ જાતના ઋષિઓ વડે શ્રી પરબ્રહ્મ મહાવીર પ્રભુ અનેક રૂપકો વડે સ્તવાય છે, પૂજાય છે, ગવાય છે. શુદ્ધાત્મમહાવીર પ્રભુ પર જે ઋષિઓની, ત્યાગીઓની, મહાત્માઓની અને ગૃહસ્થોની શ્રદ્ધા-પ્રીતિ છે તેઓ જૈનો છે. જેઓ પરબ્રહ્મ મહાવીર પ્રભુના ઉપદેશોને આચારોમાં મૂકવા પ્રવૃત્ત કરે છે તેઓ જૈન છે. જેઓ મહાવીર પ્રભુના સર્વ પ્રકારના ઉપદેશોને માન્ય કરે છે અને પરબ્રહ્મ મહાવીરના નામના જાપ જપે છે તેઓ જૈનો છે. પરબ્રહ્મ મહાવીરનું શરણ સ્વીકારનારા સર્વ લોકો જૈનો છે.

પ્રથમ જે લોકો શ્રદ્ધા-પ્રીતિથી શ્રી મહાવીરપ્રભુનું શરણ સ્વીકારે છે તેઓ જૈનો બને છે. પશ્ચાત્ યમ, નિયમ, ભક્તિ આદિથી વ્રતધારક જૈનો બને છે. પશ્ચાત્ ત્યાગી જૈનો બને છે અને પછી જૈનો તે જિનો બને છે. શરીરમાં રહેલ આત્માને જેઓ આત્મા તરીકે માને છે, પુનર્જન્મ, કર્મસંબંધ, મોક્ષને માને છે તે જૈનો છે અને તેઓનો સમૂહ તે જૈન મહાસંઘ છે. જેઓ દેહને જ માને છે, પણ તેમાં રહેલા આત્માને માનતા નથી, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ માનતા નથી, પરબ્રહ્મ મહાવીરને પ્રભુ તરીકે માનતા નથી તે નાસ્તિક, વિધર્મીઓ છે. તેઓના સામ્રાજ્ય કરતાં આર્ય જૈન મહાસંઘનું સામ્રાજ્ય અનંતગુણ શ્રેષ્ઠ છે.

જડવાદરૂપ દુષ્ટનો નાશ કરનાર પરબ્રહ્મ મહાવીરદેવ છે. જડવાદીઓની નીતિઓ કરતાં ચૈતન્યવાદી આર્ય જૈનોની નીતિઓ અનંતગુણી શ્રેષ્ઠ છે. જડવાદથી નાસ્તિક બુદ્ધિ પ્રગટે છે અને પાપકર્મમાં પ્રવૃત્તિ થાય છે. આદ્ય વ્યાસ ઋષિએ મહાવીર ઋષીન્દ્ર શ્રી નેમિનાથ તીર્થંકરના મુખથી સાંભળ્યું હતું કે છેલ્લા મહાવતાર પૂર્ણપ્રભુ મહાવીરદેવ પ્રગટશે. તે જડવાદનો નાશ કરશે અને જડવાદમાં પરિણામ પામેલા વેદોના અર્થોને અધ્યાત્મવાદમાં પરિણમાવશે. તેમનાં વચનો તે જ વેદના વેદ અને સત્ય જ્ઞાન તરીકે વિશ્વમાં સર્વત્ર પ્રકાશશે. શ્રી ગર્ગ ઋષિએ તથા ભૃગુ ઋષિએ પણ તે પ્રમાણે પ્રકાશ્યું હતું. તેઓએ આત્મમહાવીર પ્રભુનું ધ્યાન ધર્યું હતું.

જડવાદમાં નીતિઓનું અસ્તિત્વ રહેતું નથી. આત્મમહાવીરના સામ્રાજ્યને પામી નીતિઓની ઉપયોગિતા જીવતી રહે છે. શ્રી મહાવીર પ્રભુની અનેક નીતિઓ ભવિષ્યમાં અર્હંન્નીતિના નામે પ્રકાશશે તથા નિગમનીતિના નામે જીવતી રહેશે. શ્રી મહાવીરપ્રભુનો હૃદયમાં આવિર્ભાવ કરીને નીતિઓને ઘડનારા ગૃહસ્થ ત્યાગી જૈનાચાર્યો ભવિષ્યમાં જે જે થશે તેઓને પ્રભુ મહાવીરની નીતિઓના પ્રકાશક જાણવા.

પરબ્રહ્મ મહાવીરરૂપે જેઓ પોતાના આત્મા અને મનને ત્રણ કલાક પર્યન્ત પરિણમાવે છે તેઓનાં હૃદયોમાંથી જે કંઈ પ્રગટે છે તે શ્રીમહાવીરપ્રભુનો જ્ઞાનપ્રકાશ જાણવો. ભવિષ્યમાં ત્યાગી અને ગૃહસ્થ ભક્તો કલાકોના કલાકો સુધી પરબ્રહ્મ મહાવીરદેવમાં લયલીન થઈ જશે. પશ્ચાત્ આત્મમહાવીરના પ્રકાશથી જે કંઈ કહેશે તે તે દશામાં પ્રભુનું જ્ઞાન જાણવું. તેથી તે તે કાળે જૈન ધર્મગુરુઓ જે કંઈ પ્રકાશશે તે આત્મમહાવીર પ્રભુના પ્રકાશરૂપ જાણવું.

નીતિઓને સાધનરૂપે જાણવી. નીતિઓમાં પરિવર્તનો થયા કરે છે, તેથી તે સર્વથા નિત્ય નથી. ઔષધોની પેઠે નીતિઓનો ઉપયોગ જાણવો. મહાસંઘ જે જે કાળે જે જે નીતિઓને માન્ય કરે તે તે કાળે તે તે નીતિઓ પ્રવર્તાવવી, સુધારવી. ધર્મ મહાસાગરમાં નીતિઓરૂપ નદીઓ પ્રવેશે છે. કાળના અને દેશના પરિવર્તનની સાથે નીતિઓમાં પરિવર્તનો થાય છે અને મૂળ સ્વરૂપે ઉન્નતિકારકરૂપે ધ્રુવ રહે છે.

સર્વ પ્રકારની નીતિઓમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવતા જાણવી. ત્રણ પ્રકારની પ્રકૃતિના અનુસારે નીતિઓ પણ તમોગુણી, રજોગુણી અને સત્ત્વગુણી છે. પ્રકૃતિ જ્યાં સુધી છે ત્યાં સુધી નીતિ છે. જ્યાં સુધી પૃથ્વી છે, ચંદ્ર છે અને સૂર્ય છે ત્યાં સુધી નીતિઓ છે.

નીતિઓ વડે મહાસંઘનું બળ વધે છે. નીતિઓ વડે મનુષ્યો સભ્ય બને છે. નીતિઓ વડે લોકો મર્યાદામાં રહે છે અને એક-

બીજાની સાથે જોડાઈને ચાલે છે. માટે પ્રભુએ કહેલી નીતિઓનો તમારે રાજ્યમાં પ્રચાર કરવો. રાજ્યનીતિઓથી લક્ષ્મી સ્થિર થાય છે અને વિદ્યાની વૃદ્ધિ થાય છે. પ્રકૃતિની નિયમિત વ્યવસ્થા કરનાર નીતિઓ છે અને મન, વાણી, કાયાની શક્તિ વધારનાર નીતિઓ છે. તે નીતિઓને યાદ રાખી તેઓમાંથી ભવિષ્યના ઋષિઓ મનુ-નીતિઓની સ્મૃતિઓ પ્રગટાવશે.

પ્રભુ મહાવીરની આજ્ઞાઓ સમાન અન્ય કોઈની આજ્ઞાઓ મહાન નથી. પરબ્રહ્મ મહાવીર પરમેશ્વરની આજ્ઞા પાળતાં મરવાથી સ્વર્ગ અને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ચક્રવર્તીઓ અને ઇન્દ્રોની આજ્ઞાઓ જો મહેશ્વર મહાવીરદેવની આજ્ઞાઓથી ભિન્ન હોય તો જૈનોએ તે આજ્ઞાઓને મરતાં સુધી પણ ન માનવી એમાં જ જૈનોની પ્રગતિ છે.

પરબ્રહ્મ મહાવીરની સર્વ આજ્ઞાઓને સત્ય માનવી અને સ્વાધિકારે બને તેટલી આચારમાં મૂકવી. મોહના દાસ ન બનવું. કામના દાસ ન બનવું. વિષયો અને વૃત્તિઓને જેમ બને તેમ જીત-વામાં જૈનત્વ છે. પ્રભુ પર પ્રેમ અને શ્રદ્ધા રાખનારાં પશુપંખીઓ પણ જૈનત્વ પ્રાપ્ત કરે છે. અમુક વર્ણ વા લિંગમાં જૈનત્વ નથી, પણ પ્રભુ મહાવીરની સેવાભક્તિમાં જૈનત્વ રહ્યું છે.

રાજન્ નંદિવર્ધન! એ પ્રમાણે જેઓ સમજે છે અને આત્માની શક્તિઓ ખીલવવા પ્રયત્ન કરે છે તથા ભૂતકાલીન પાપકર્મોનો પશ્ચાત્તાપ કરે છે તેઓ પ્રભુપદને પામે છે. જે જૈનો જૈનોને દેખીને પરસ્પર એકબીજાને ભેટે છે અને વેરનો બદલો પ્રેમથી વાળે છે તથા આજીવિકાનાં સાધનોમાં મદદ કરે છે તેઓ ખરા જૈનો છે. જેઓ સ્ત્રી, ધન, સત્તા વગેરેની કરોડો લાલચોને લાત મારીને જૈનધર્મને મૃત્યુના ભયથી પણ મૂકતા નથી અને વંશપરંપરામાં જૈનધર્મને વહેવડાવવા સર્વસ્વનો ભોગ આપે છે તે જૈનો છે. એવા જૈનો કદાપિ નિર્ધનમાં નિર્ધન બનેલા હોય

તોપણ તે વિશ્વના શહેનશાહ એવા પ્રભુને વહાલા છે.

ગૃહસ્થ અને ત્યાગી સંઘની સેવાભક્તિમાં અને પ્રભુ મહાવીરની સેવાભક્તિમાં જેઓ અભેદતા સમજે છે એવા ગૃહસ્થો અને ત્યાગીઓના હૃદયમાં આત્મમહાવીરનો ઉપશમભાવે, ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે પ્રકાશ થાય છે. ચતુર્વિધ મહાસંઘમાં આધ્યાત્મિક શ્રદ્ધા, પ્રીતિ, ચારિત્રરૂપ મહાવીરનો વ્યક્ત ભાવ જ્યાં સુધી સૂર્યની પેઠે ઝળહળે છે ત્યાં સુધી વિધર્મી રાજ્ય કે કોમથી જૈન મહાસંઘનો કદાપિ પરાજય થતો નથી. જૈન મહાસંઘમાં દુર્ગુણો, દોષોરૂપી શત્રુઓ કે વિધર્મીઓ જ્યાં સુધી પ્રવેશે નહીં ત્યાં સુધી સર્વ પ્રકારથી બાહ્યાંતર ચઢતી વડે જૈન મહાસંઘ–સામ્રાજ્ય પ્રકાશે છે.

વ્યભિચાર, લાંચ, વિશ્વાસઘાત, પ્રપંચ, દારૂપાન, અધર્મ, હિંસા, દુષ્ટ કદાગ્રહ, ગુરુઓનું અપમાન, જૂઠા સ્વાર્થો, પરસ્ત્રીહરણ, પરસ્ત્રીમોહ, વેશ્યાસંબંધ, ગુરુ આદિનો દ્રોહ, સંઘદ્રોહ, દેવ-ગુરુ-ધર્મ પર અશ્રદ્ધા, અભક્તિ, નામર્દાઈ, વૈર, લોભ, મૃત્યુભય, પરાશ્રયતા, અભક્ષ્યભક્ષણ, અવિવેક, અનીતિ વગેરે શત્રુઓને મારી હટાવનારા અને પ્રભુમહાવીરરૂપે સર્વ સંઘને જોનારા જૈનો એ જ જીવતાંજાગતાં મહાતીર્થો છે. તેઓના દોષો ન દેખવા.

સંઘની આગળ નમ્ર બનવું અને મહાસંઘ તરફથી દેશ-કાળાનુસારે થયેલી આજ્ઞાઓ પાળવી એ જ પ્રભુ મહાવીર દેવની આજ્ઞા છે, એમ જેઓ પૂર્ણ શ્રદ્ધા–પ્રેમથી જાણે છે અને સ્વાધિકારે પ્રવર્તે છે તેઓ કાલાતીત છે. તેઓનો નાશ થતો નથી. શ્રીમહાવીર પ્રભુએ એમ અનેક ઉપદેશો આપ્યા છે અને હવે તેઓ ત્યાગાવસ્થામાં સર્વથા મહાસંઘતીર્થની સ્થાપના કરશે.

★



ૐ

# કાલ્પનિક
# અધ્યાત્મ
# મહાવીર

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧